ભુવનભાનુ

એન્સાઈકલોપીડિયા

દિવ્યદર્શન "પ્રવચન મહોદધિ"

શાંતસુધારસ અને ઋષિદત્તા-૨

ભાગ-૩૭



લેખક :પ.પૂ.આચાર્ય શ્રી ભુવનભાનુસૂરિ મ.સા.

ભુવનભાનુ એન્સાઈકલોપીડિયા

(દિવ્ય-દર્શન પ્રવચન મહોદધિ)
શાંતસુધારસ અને ઋષિદત્તા-૨

ભાગ-૩૭

:: પ્રવચનકાર ::
ન્યાય વિશારદ,
સેંકડો ભવ્યાત્માઓના રાહબર
પ.પૂ. આચાર્ય શ્રી વિજય
ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજા

::પ્રકાશક::
કુમારપાળભાઈ વી. શાહ
દિવ્યદર્શન ટ્રસ્ટ
૩૯, કલિકુંડ સોસાયટી,
કલિકુંડ-ધોળકા,
(અમદાવાદ)

ભુવનભાનુ એન્સાઈક્લોપીડિયા (ભાગ-૩૭)
દિવ્ય-દર્શન પ્રવચન મહોદધિ
શાંતસુધારસ અને ઋષિદત્તા-૨

:: શુભાશિષ ::

ગચ્છ ભૂષણ સુવિશાલ ગચ્છાધિપતિ આચાર્ય
શ્રી વિજય જયઘોષસૂરીશ્વરજી મહારાજા

:: પ્રેરક-માર્ગદર્શક ::

સંઘ શાસન કૌશલ્યાધાર પ.પૂ. આચાર્ય શ્રી વિજય જયસુંદરસૂરીશ્વરજી મહારાજા

:: સહાયક ::

સરળ સ્વભાવી પ.પૂ.પં.શ્રી પદ્મસેનવિજયજી મ.સા.

પ્રથમ આવૃત્તિ : ૨૫૦ **કિંમત : ૧૫૦/-**

વિમોચન : શ્રાવણ સુદ-૧૫, વિ.સં.૨૦૬૭, તા.૧૩-૮-૨૦૧૧,શનિવાર

:: પ્રાપ્તિસ્થાન ::

દિવ્યદર્શન ટ્રસ્ટ	દિવ્યદર્શન ટ્રસ્ટ	શ્રી ભુવનભાનુસૂરિ જૈન જ્ઞાન શાળા
૩૯, કલિકુંડ સોસાયટી, ધોળકા	૨૯/૩૦, વાસુપૂજ્ય બંગલો, સેટેલાઈટ, અમદાવાદ	૩૬, જ્ઞાનમંદિર સોસાયટી, નવકાર જૈન દેરાસર સામે, વાસણા, અમદાવાદ-૩૮૦૦૦૭
ડૉ. હેમંતભાઈ-અમદાવાદ (૦૭૯)-૨૬૬૩૦૦૦૬	ડૉ. સંજયભાઈ-સુરત ૯૮૨૫૧ ૨૧૪૫૫	મો. ૯૪૨૭૦ ૩૭૪૯૧ (રાહુલભાઈ)

શ્રેયસ્કર અંધેરી ગુજરાતી જૈન સંઘ
૧૦૬, એસ.વી.રોડ, ઈર્લા-પાર્લા (વેસ્ટ)
ફોન : ૨૬૭૧૯૩૫૭

ટાઈપ સેટીંગ - મુદ્રક
જય જિનેન્દ્ર ગ્રાફીક્સ (નીતિન શાહ - જય જિનેન્દ્ર)
૩૦, સ્વાતિ સોસાયટી, સેન્ટ ઝેવીયર્સ હાઈસ્કુલ રોડ,
નવરંગપુરા, અમદાવાદ-૧૪. મો. ૯૮૨૫૦ ૨૪૨૦૪
ફોન : (ઓ) ૨૫૬૨ ૧૬૨૩ (ઘર) ૨૬૫૬ ૨૭૯૫
E-mail : jayjinendra90@yahoo.com

:: પ્રકાશકીય ::

અપ્રમત્ત, મૈત્રીભાવના સ્વામી, અનાસક્ત યોગી **પ.પૂ.આ.શ્રી વિ. ભુવનભાનુસૂરીશ્વરજી** મહારાજાએ જીવોના રગેરગમાં જિનશાસનને વસાવવા, શાસન પ્રભાવનાના ઉત્કૃષ્ટ કાર્યો સાથે ચાંદનીના પ્રકાશમાં પણ, પોતાની નિદ્રાનો ત્યાગ કરી જે ચિંતનો લખેલા હતા તે દિવ્યદર્શન ટ્રસ્ટ વતી દિવ્યદર્શન સાપ્તાહિકમાં છપાયેલા હતા.

વર્તમાનકાળમાં સકલ સંઘના કલ્યાણ અર્થે **શ્રી ભુવનભાનુ સૂરિજન્મશતાબ્દીનું નિમિત્ત પામી** જેઓશ્રીની સતત કૃપા અમારા ટ્રસ્ટ ઉપર છે એવા સુવિશાલ ગચ્છાધિપતિ **પ.પૂ.આ.શ્રી વિ. જયઘોષસૂરીશ્વરજી મહારાજા**ના આશિષ પામી તેમના વિનીત પટ્ટધર **પ.પૂ.આ.શ્રી વિ. જયસુંદરસૂરીશ્વરજી મહારાજા**ના માર્ગદર્શન હેઠળ તે અમૂલ્ય ચિંતનો-પ્રવચનોનો રસથાળ **"ભુવનભાનુ એન્સાઈક્લોપીડિયા"**માં સંગૃહિત કરવાનું નક્કી કર્યું છે.

વર્ષોથી સ્વર્ગસ્થ પૂજ્યપાદ ગુરુદેવશ્રીની અનન્ય ભક્તિ-વૈયાવચ્ચ કરનાર **પ.પૂ.પં.શ્રી પદ્મસેનવિજયજી મ.સા.** તથા **પૂ.પં. શ્રી ગુણસુંદરવિજયજી મ.સા.** તથા **પૂ. મુનિ શ્રી જ્ઞાનશેખરવિજયજી મ.સા.** તથા **પૂ. મુનિ શ્રી મૃગાંકરત્નવિજયજી મ.સા.** એ પુર્નમુદ્રણ માટે પરિમાર્જન કરી આપ્યું તે બદલ તેઓશ્રીને ખૂબ ધન્યવાદ.

આ સેટના મુદ્રણમાં જ્ઞાનખાતાનું દ્રવ્ય વાપરી સુકૃતના સહભાગી બનેલા સંઘો તથા વ્યક્તિગત લાભ લઈ સંપતિનો સદુપયોગ કરવા બદલ તેઓના તથા ગ્રંથનું ટાઈપ સેટીંગ તથા મુદ્રણ કરનાર **જય જિનેન્દ્ર ગ્રાફીક્સ, અમદાવાદ (નીતીન શાહ-જય જિનેન્દ્ર)** ના અમે આભારી છીએ.

આ પુસ્તકમાં કોઈ પણ પ્રિન્ટિંગાદિ ભૂલ રહી ગયેલ હોય તો પ્રબુદ્ધજનો જણાવીને અનુગ્રહ કરશો.

કુમારપાળભાઈ વી. શાહ



:: સુકૃત અનુમોદન ::

સંઘશાસન કૌશલ્યાધાર પ.પૂ.આ.
શ્રી જયસુંદરસૂરીશ્વરજી મહારાજાની
પાવન પ્રેરણા થી
શ્રી ચિંતામણી પાર્શ્વનાથ જૈન સંઘ
સાંઘાણી એસ્ટેટ, ઘાટકોપર (વેસ્ટ)
પોતાના જ્ઞાનનિધિમાંથી
આ પુસ્તક પ્રકાશનનો
લાભ લીધેલ છે.
અનુમોદના

गुरुदेव के चरणों में

कोटि कोटि वंदन

नन्दुरबार

आर्शीवाद सदरक्षनिवार

वर्तमान तपोनिधि आचार्य भगवंत श्री

भुवन भानु सुरिश्वरजी महाराज साहब एक अद्वितिय शासन के हित चिंतक थे युवकों का उधार करने वाले थे आचार्य श्री के स्वहस्त से तैयार हुये हमारे गुरुदेव मेवाड देशोद्धारक आचार्य भगवंत श्री जितेन्द्र सुरिश्वरजी मसा को ऐसा तैयार किया कि पुरे राजस्थान मेवाड मालवा के प्रदेशों में विचरण करके जो जिन मंदिरों के और श्रावकों का भी उद्धार किया यह सब आचार्य भगवंत श्री भुवन भानु सुरिश्वरजी मसा की कृपा है. पूज्य आचार्य भगवंत का तेज चारों तरफ फैल रहा है. आचार्य के सामने कोई नहिं आ सकता है. आचार्य श्री निडर वक्ता थे. क्रिया कांड में एक दम चुस्त थे. पूरी मोडली डरती थी. आचार्य श्री ने तन मानस नहिं फानस नहिं साईकलन भी नहिं रखते थे. सूर्य के समान आचार्य श्री थे.

एक बार दिक्षा का आशिर्वाद लेने के लिये जलगांव गया। दिल खोल के आशिर्वाद दिया देवलोक से नित्य आशिर्वाद की वर्षा बरसावे येही आशा रखते है.

पं. पद्मभूषणविजयजी म.सा.

અઢી દ્વીપ વિચરતા - તિર્થંકરોના પરમ પવિત્ર શાસનને વંદન

ગુરુદેવ આત્મ-કમલ-વીર-દાન-પ્રેમ-ભુવનભાનુ-મહાપ્રભાવક ગુરુભ્યો નમઃ

મૃત્યુ-લાખિયા વર્તમાન અનંતી કાળથી જિનશાસન અખંડિત ચાલતું આવે છે. તેમાં વર્તમાનમાં ૧૪ લોકના મધ્યભાગમાં આવેલ ક્ષેત્રના હિતાર્થે ખંડમાં આ અવસર્પિણીના વર્તમાન ૨૪ તીર્થંકરો ભાવતીર્થ થયા. તેમાં વર્તમાન ચરમતીર્થપતિ પ્રભુ વીરે મહાવીરસ્વામીનું શાસન - ૨૬૦૦ વર્ષથી પ્રથમ અડતી પડતીના કાળમાનમાં અખંડ ચાલુ છે. આ વીરસ્તુતિના શાસનકાળમાં જિનશાસનના ગગનમાં ઘણા ગુરુ આચાર્યો. ઉપાધ્યાય ગુરુભગવંતો થઈ ગયા અને ભવિષ્યમાં થશે. હજારો હજારમાં અખંડ નવા થશે. તે જુદા જુદા ગુરુભગવંતો માંથી વર્તમાન કાળ મારા જન્મના સંવત ૨૦૦૩ના વર્ષ પહેલા ૧૮-૨૦ સદીમાં થઈ ગયેલા જિનશાસનની ધુરા વહન કરનારા પણ તે જ્યાંથી વર્તમાનમાં મારા (૬૬) વર્ષના જીવનપંથમાં જે ધુરંધર તીર્થંકરની તેરણછાંયે તીર્થંકર સમાન - પંચાચાર પાલક - સુહૃજ્જ-વાત્સલ્ય આચારો શોભતા જે ગુરુ ભગવંતો હાલ ગુરુદેવ - સિદ્ધાંત મહોદધિ પ્રેમસૂરીશ્વરજી એ હાલ ગુરુદેવ વર્ધમાન તપ આયંબિલ ઓળીના આરાધક - સંઘહિતચિંતક આચાર્ય ભગવંત ભુવનભાનુસૂરિજી. તેમને મન પંચ પરમેષ્ઠી પૂજકો પ્રત્યે ના પક્ષપાતી ને પક્ષપાતી ગુરુદેવ ભુવનભાનુસૂરિજી એ મને સંવત ૨૦૩૮ અદ્દાઇ ૨૦૩૮ અષાઢ સુદ ૧૨ ના શુભ દિને અમોઘ આશિષ આપ્યો. તેમનો સંવત ૨૦૪૭ સાલમાં કાળધર્મ પામ્યા. તે (૧૧) વર્ષના શ્રીમદ્ પર્યાયમાં મેં ગુરુદેવ પાસે પ્રત્યક્ષ નિકટમાં ૨૪-૨૪ કલાક રાત્રી-દિવસ પડખા સેવ્યા છે. તેથી તો પ્રેરણાવાના ભવ્ય રોપાણી કર્યા છે. ગુરુદેવ પ્રેમસૂરિજી ના ૩૦૦ શિષ્ય-પ્રશિષ્ય પરિવારમાં ધુરંધર જ્ઞાનવંત શિષ્યોના ગુરુપદને શોભાવતા ત્રિપુટી ગુરુવંદ્ય આ. રામચંદ્રસૂરિજી - આ. ભુવન ભાનુ સૂરિજી - ન્યાયવિશારદ પં. ભા ગુરુદેવ હતા. તેમાં શ્રેષ્ઠ જ્ઞાન જેવી વાણી તેવુ વચન - જેવુ ચિંતન તેવી ક્રિયારુચિ આર કષાયોના દુષ્ટ ભાવો ને મન-વચન-કાયાથી નાબૂદ કરનારા - ૩૩ વર્ષ અખંડ ગુરુનિશ્રાના ધારક - ગુરુ ગૌતમ જેવા વિનયના ભંડાર ગુરુદેવ ભુવનભાનુ સૂરિજી હતા. જેમને પોતાના પૂર્વ પર્યાયના દિક્ષા કાળમાં અખંડ ગુરુકૃપા - ગુરુકૃપા મારા ભવિષ્ય - વર્તમાન કાળના જિનશાસનમાં કઈ ઉત્તમ કાર્યો ના ઉત્થાન માટે કારણભૂત થઈ ગઈ.

દાદીમાં નિર્દોષ અહંતાના પ્રકાશમાં શાસ્ત્રોના પદાર્થોના ચિંતન કરતા અને લેખોનો ચુસ્ત લેખન કરીને, "દિવ્યદર્શન" માસીકમાં મોકલતા હતા.
તે હૃદયસ્પર્શી લેખો દ્વારા જિનશાસનના અજોડ રત્નો સમાન સાધુ-સાધ્વીજી ભગવંતો અને શ્રાવક-શ્રાવિકાના અદ્વિતીય સંઘમાં હોંશે હોંશે માનકના રાહે પંખાતા. વાંચતાં વાંચતાં જ્યારે યુવાનમાં વિચારોના ઘોડાપુર વહેતા અને યુવાનો વૈરાગ્યવાસિત ચિત્તવાળા થતા ત્યારે તેઓશ્રી તેમને સંયમ માર્ગે પ્રયાણ કરવા પ્રોત્સાહિત કરતા.
[વૈરાગ્યવાસિત યુવાનો
વૈરાગ્યના દિવ્ય ઝુકતો - જેથી સંસારના જેવું યુવાનનું આકર્ષણ
ક્ષણમાં ઓછું - ઓછું થઈ જતું. તેમના યુવહૃદયે પ્રેમસંસ્કૃતિના મન-વચન-કાયાની
કૃપાથી જિનશાસનમાં ભવિષ્યની અને વર્તમાનની યુવા પેઢીના ઉત્કૃષ્ટ-ઉજ્જવળ
ઘડતર-યુવાનો માટે ગીતાર્થાલોન જૈન ધાર્મિક શિક્ષણની રચના કરેલ
માં પ્રથમ પ્રોત્સાહિત ધોરણ માસીક પેકેટમાં ઘરઘરમાં પાઠશાળા શિક્ષણ
શરૂ થયેલ જ આજે (૫૭) વર્ષ દર્શક વર્તમાન સંયુક્ત હૃદયના
સાધુ-સાધ્વીજી ભગવંતો વગડો શિક્ષણની પધરામણી-ભાવભરી
યુવા શિક્ષિકાઓ ધર્મપ્રચાર માટે રહી છે. તેવા જિનશાસનમાં વર્તમાનકાળે
ઉપયોગી સંપર્ક-સંગઠન-સંગઠન-યુવા પેઢી તૈયાર થઈ છે
ઉપયોગી ફલશ્રુતિઓ આવા ઉત્તમ યુવહૃદયના ચિંતનો - સુવાક્યો
"યુવનવાડ ઝબ્બાઈ કુલો પાંડિયા" નામથી ૭૦ થી ૮૦ ભાગો
સાહિત્ય ગ્રંથ-પુસ્તક દ્વારા છપાઈ રહ્યા છે. તે નવી પેઢી માટે
ઈતિહાસ બની રહે. ભવિષ્યની યુવા પેઢીના ભાવોને માર્ગદર્શક બનશે

શ્રી. યુવહૃદય - પ્રેમ - યુવન વાડ શ્રેણિ - ૧૧૪ પદ્ધિયાનાદ
શ્રી ચંદ્રાવતી તીર્થના પ્રભાવક - નિર્દોષ યુવન મર્યાદા પુસ્તકોના
- પરમ પૂજ્ય કુમારશ્રમણ શ્રી મનોજ્ઞચંદ્રવિજયજી મ.ના અંતેવાસિ
પં. મુનિ કૈવલ્યબોધિવિજયનું મ.
સંવત ૨૦૬૬ શ્રાવણ વદિ ચોથ શુક્રવાર ૧૨ - યુવહૃદય
મીનલ ગાર્ડન્સ ભરતસંઘ મુલુંડ - મીનલ ગાર્ડન્સ

પૂ. મુનિ કૈવલ્યબોધિવિજયજી મ.સા.

:: અનુક્રમણિકા ::

ક્રમ	વર્ષ	અંક	વિષય	પે.નં.
૧.	૨૧	૩૦	બીજી **અશરણતાની** ભાવના	૧
૨.	૨૧	૩૦	જોગણી ને સજા	૪
૩.	૨૧	૩૧	ઋષિદત્તા ભ્રમ ભાંગે છે.	૧૩
૪.	૨૧	૩૨	કનકરથ પિતાને મળે છે.	૨૫
૫.	૨૧	૩૩	ત્રીજી **સંસાર-ભાવના**	૨૯
૬.	૨૧	૩૩	સિંહરથ-પુત્રજન્મ	૩૮
૭.	૨૧	૩૪	રાગ ત્રણ પ્રકારે, કામરાગ, સ્નેહ-રાગ, દૃષ્ટિરાગ	૪૮
૮.	૨૧	૩૮	રાગ રોકવા બીજી વિચારણા	૭૬
૯.	૨૧	૩૯	વિષયરાગની ખરાબી	૮૫
૧૦.	૨૧	૪૦	ઋષિદત્તાનો પૂર્વભવ : ગંગસેના રાજપુત્રી	૧૦૧
૧૧.	૨૧	૪૧	ગંગસેનાની ભવ્ય દીક્ષા	૧૦૮
૧૨.	૨૧	૪૨	તારક નિઃસંગદશા	૧૧૮
૧૩.	૨૧	૪૨	ઋષિદત્તાને જાતિસ્મરણ	૧૩૪
૧૪.	૨૧	૪૩	ગર્ભના કષ્ટ	૧૩૯
૧૫.	૨૧	૪૫	સંસાર કેવો	૧૫૩
૧૬.	૨૧	૪૭/૪૮	લોભી કાગડાની કથા	૧૮૦
૧૭.	૨૧	૪૭/૪૮	સંસારના પલટાતા રંગ : અમરકુમાર	૧૮૪
૧૮.	૨૧	૪૭/૪૮	આર્તધ્યાન-રૌદ્રધ્યાનનું, સ્વરૂપ	૧૯૩
૧૯.	૨૨	૧	સંસારની નાલેશીઓ	૧૯૯
૨૦.	૨૨	૨	અમરકુમાર	૨૧૧
૨૧.	૨૨	૩	ચાણક્યની સમાધિ	૨૨૬
૨૨.	૨૨	૫	ચાણક્યનું ઉમદા ચિંતન	૨૪૪
૨૩.	૨૨	૭	મણિકાન્તની કથા	૨૬૨
૨૪.	૨૨	૯	પરોપકાર કરતાં સ્વોપકાર મુખ્ય	૨૮૬
૨૫.	૨૨	૧૧	રાગ-દ્વેષાદિનાં જાલિમ ઝેર	૩૦૫
૨૬.	૨૨	૧૨	સત્ પ્રવૃત્તિનું મહત્ત્વ	૩૧૫
૨૭.	૨૨	૧૩	ઉકળાટ શમાવવાના ઉપાય	૩૨૫

શાંતસુધારસ અને ઋષિદત્તા ભાગ-૨

(ગતાંકથી ચાલુ)

'શાંતસુધારસ શાસ્ત્ર બીજી અશરણતાની ભાવનામાં અંતે કહે છે,-

"शरणमेकमनुसर चतुरंगम्, परिहर ममतासंगम् ।
विनय रचय शिवसौख्यनिधानम् शान्तसुधारसपानम् ॥
विनय ! विधीयतां रे श्री जिनधर्मः शरणम्"

હે આત્મન ! ચતુરંગ એટલે અરિહંત-સિદ્ધ-સાધુ અને સર્વજ્ઞકથિત ધર્મ; એકમાત્ર એમનું શરણું સ્વીકાર.

બીજુ કશું તને શરણ રક્ષણ નહિ આપે, માટે બીજા પર મમતાનો સંગ કરવો રહેવા દે. બીજાના આધારે રાગ-દ્વેષાદિ વિહ્વળતા-અશાંતિ કરવાનું પડતું મૂક.

જે અંતે શરણ-રક્ષણ ન આપે, એના પર શા રાગ કરવા ? શા સારુ એના ગમનાગમનમાં રાગવશ વિહ્વળ થવું ?

વિહ્વળતા મૂકી ઉપશાંત થા, શાંતસુધારસનું પાન કર, એ શિવસુખ-મોક્ષસુખનું નિધાન છે.

શાંતરસ સુધારસ છે. એમાં શિવસુખ છૂપાયેલું છે.

શાથી ? આમ, કે જેમ દૂધમાં ઘી છૂપાયું છે, તો દૂધને દહી માખણ વગેરેની પ્રકિયાથી સતેજ બનાવતા જવાથી અંતે ઘી પ્રગટ થાય છે, એમ શાંતસુધારસ યાને દુન્યવી પદાર્થના રાગ-દ્વેષના ત્યાગપૂર્વક ઉપશમભાવને વધુ ને વધુ સતેજ કરતા જવાથી અંતે પૂર્ણ વીતરાગભાવ આવીને ઊભો રહે; પછી તે ભવના અંતે નિશ્ચિત મોક્ષસુખ પ્રગટ થાય.

જૈનધર્મથી જ કેમ મોક્ષ :-

પરંતુ આ શાંતસુધારસનું પાન કરવા માટે શરણું જૈનધર્મનું કામ લાગે. કેમકે જૈનધર્મ જ એવા અરિહંત-સિદ્ધ-સાધુ અને ક્ષમાદિ સર્વજ્ઞોક્ત ધર્મ એ ચારનું લેવાનું શીખવે છે કે જે ચાર ઉપશમરસથી ભરેલા છે. એમને ધ્યાન પર લેવાથી અને એમને જ જીવનના આલંબન આદર્શ બનાવી નજર સામે રાખ્યા કરવાથી આપણામાં ઉપશમભાવ આવે, ઉપશમભાવ વધતો રહે; ને એ વધ્યે વીતરાગ થવાય, મોક્ષ પમાય.

નિયમ છે,- જેવું આલંબન-આદર્શ નજર સામે રહ્યા કરે, તેવી મનને પ્રેરણા

મળ્યા કરે. છોકરાની સામે વઢકણા માબાપનું આલંબન હોય તો છોકરાને એની જ પ્રેરણા મળવાની, ને એ પણ વઢકણા સ્વભાવનો ઘડાવાનો. માસ્તર મોજશોખી હો તો વિદ્યાર્થીને એનાં આલંબન મોજશોખનું મહત્ત્વ લાગવાનું, એના સંસ્કાર પડવાના, ગુરુ ખાવકલા હોય તો શિષ્ય પણ એમના આલંબને ખાવકલો તૈયાર થવાનો. એમ જ્યાં દેવ વીતરાગ નહિ. રાગી-દ્વેષી છે, ત્યાં ભક્તિને એમના આલંબનમાં ઉપશમ-ભાવનું મહત્ત્વ ક્યાંથી લાગે ? તો એ વિના મોક્ષ પણ શી રીતે થાય ?

જેવું આલંબન તેવી પ્રેરણા, આ ન્યાયે નજર સામે અરિહંત-સિદ્ધ વગેરે જો રમ્યા કરે તો એમનાથી ઉપશમભાવની પ્રેરણા મળ્યા કરે તો એનો ઉત્સાહ આવે. વિચારજો આવી પ્રેરણા દેનાર એકમાત્ર અલૌકિક જૈનશાસનની સગવડ છતે, અને જો અરિહંતાદિ ચારનાં શરણની છતી સગવડે, આ જો નહિ કરાય, અર્થાત એમને જ જીવન-આદર્શ, જીવન-આધાર, જીવન-આલંબન તરીકે નહિ સ્થપાય, વારેવારે નહિ અપનાવાય, તો પછી આથી બીજા કયા સારા જનમમાં એ થઈ શકવાનું ? તેમ સારો જનમ સારો યોગ પણ ક્યાંથી મળવાના ?

ઋષિદત્તા એ જ કહી રહી છે કે રુડા પ્રતાપ અરિહંત શ્રી ઋષભદેવ ભગવાનના કે અંતે આ સુખદ યોગ બની આવ્યો, મારે કલંક ટળ્યું, ને તમારે મારા પ્રત્યેની ભારે લાગણી કૃતાર્થ બની જોવા મળી ! માટે આપણે તો એકમાત્ર ભગવાનનું અને એમના ધર્મનું જ શરણું છે, આધાર છે.'

આ શરણું નિશ્ચિત હૃદયથી રાખવાનું, જેથી એમાં ચળ-વિચળતા ન થાય, મન એ શરણું પડતું મૂકી ભળતી-દુન્યવી વાત-વસ્તુને શરણભૂત ન માનવા જાય. માત્ર ધીરજ ધરવાની જરૂર છે.

ઠંડે કલેજે ભારે શ્રદ્ધા જોઈએ કે પ્રભુનું શરણું રાખ્યાથી સારું જ થઈ રહ્યું છે

પ્રભુનું શરણ શું સારું ?:-

પ્ર.- કર્મવશ ખરાબ થતું દેખાતું હોય ત્યાં પ્રભુનું શરણ રહી શું સારું થઈ રહ્યું મનાય ?

ઉ.- કર્મવશ ખરાબ થતું દેખાય ત્યાં પણ પ્રભુનું શરણું રાખ્યાથી સારું માનવાનું કે,

(૧) મનમાં પ્રભુના શરણભાવથી કેટલાંક કર્મ દબાય છે, તેથી વધારે ખરાબ થતું અટક્યું.

(૨) કર્મવશ થતી ખરાબીમાં ય જો પ્રભુનું શરણું છે. તો મનને હિંમત રહે છે, સમતાભાવ રહે છે, કર્મની ઓળખ રહેવાથી ખરાબીમાં કર્મકચરા ઓછા થતા આવવાનો આનંદ રહે છે, દુખિયારાપણું નથી લાગતું.

આ શું ઓછું સારું છે ? જેને મન પ્રભુનું એકમાત્ર શરણું નથી એ તો બિચારા કર્મનો માર ખાતાં દુખિયારા બન્યા રહે છે. રોતડ રહે છે, પોક મૂકે છે, શોક-ઉદ્વેગથી રિબાય છે. પ્રભુના શરણવાળાને એ પોક-રિબામણ નથી એ મહાન સારું તત્ત્વ છે.

(૩) વળી પ્રભુનું શરણ રાખ્યાથી મોટી રાજ્યસંપત્તિ શું, કે ધનનાં ઢગલા શું, મોટા પરિવાર શું, કે ભોગસામગ્રી શું, બધું જ નાશવંત પારકું અને જીવને આ વિરાટ વિશ્વમાં અનાથ, નિરાધાર, વિડંબિત બનાવનારું દેખાય છે. એકમાત્ર ભગવાનનું જ શરણું ન લેનાર અને દુનિયાભરનું શરણું લેનારને હકીકતમાં તો આ સંપત્તિ વગેરે અંતે નિરાધાર-નિઃશરણ બનાવનારા છે. પરંતુ અજ્ઞાનતા-મૂઢતા વશ એમાં એને શરણું દેખાય છે, એ ખરા આધારભૂત લો છો, કેમ જાણે 'એ બધા કાયમી બેસી રહી એને સુખ આપશે !' એમ લાગે છે ! તેથી અંતે પોક મૂકવી પડે છે ત્યારે તમે કહેવાના,-

પ્ર.- પંરતુ જ્યાં સુધી સંપત્તિ વગેરે અનુકૂળ બન્યું રહે ત્યાં સુધી તો એને સારું ને ?

ઉ.- ના, જેને ભગવાનનું શરણું નથી ખપતું એને,-

સંપત્તિ વગેરે બન્યું રહે એમાં માનસ-ગુલામી છે એ સારું નથી.

એ બધું એને જીવનનું અને સુખનું આધારભૂત લાગે છે; એ છે તો હું જીવતો છું, સુખી છું,' એમ મન એના પ્રત્યે ગુલામ જેવું રહે છે. તો ગુલામીમાં સારું શું ? ત્યારે જેણે શરણભૂત એ નહિ, પણ ભગવાન જ માન્યા, એ સંપત્તિ વગેરે રાખ્યા ને ભોગવ્યા છતાં મન એના પ્રત્યે ગુલામડું નહિ રહેવાનું. 'ભલે ને આ બધા ય હમણા સુખ દેખાડે, પણ આ બધા સંપત્તિ-સન્માદિ આપમતિ છે, યથેચ્છચારી છે, એમાં મારે શી નિરાત રાખવાની ? શી ગુલામી સેવવાની ?' એમ મન બાદશાહી રહે છે.

ભગવાનનું શરણું સ્વીકારવામાં આ સારું છે, કે સંપત્તિ આદિમાં ગુલામી માનસ નહિ, તેથી માનસિક બાદશાહીનું સુખ.

માનો ને કે બે શ્રેષ્ઠિ પુત્રોને શેઠિયાની બે રૂપાળી કન્યા પરણવા મળી. હવે એમાં એક જણ પત્નીનો ગુલામ બનીને રહે છે, 'આવી સુંદર પત્ની એટલે શી વાત માને છે. ત્યારે બીજો ભાઈ પત્ની પ્રત્યે બાદશાહ થઈને રહે છે. બોલો, બેમાં કોણ સારો લાગે ? કોણ ખરેખરો સુખી ? બીજો જ ને ? એજ રીતે ભગવાનનું જ એકમાત્ર શરણું રાખનારો સંપત્તિ આદિ પ્રત્યે ગુલામડું નહિ પણ બાદશાહી માનસ રાખી શકે છે; માટે એ ખરો સુખી છે. એને એ બાદશાહી માનસ એ જ સારું છે.

શાંતસુધારસશાસ્ત્ર બીજી અશરણતાની ભાવનામાં અંતે આ જ કહે છે કે અરિહંતાદિ ચારનું શરણું સ્વીકારો અને ભળતી વસ્તુનું શરણું પડતું મૂકી એના પ્રત્યેની મમતા રાગ આસક્તિ છોડો. એટલે એ મમતાદિના પાપે ઊભી થતી આકુળતા-વ્યાકુળતા, ચિંતા-સંતાપ, આતુરતા ઝંખના,...વગેરે અશાંતિ અશાંતરસ નહિ જાગે, અને શાંતસુધારસનાં પાન મળશે. એથી શિવસુખ અવશ્ય પ્રગટ થશે.

ઋષિદત્તા આ સમજે છે, તેથી એને વનમાં એકલી અટૂલી રહેવું પડ્યું છતાં એ શાંતસુધારસનાં પાન કરતી હતી, અને અહીં એટલે જ દુભાતા પતિને કહે છે, 'દુભાઓ શા સારુ ? પ્રભુનાં શરણથી મારે કશું બગડ્યું જ નહોતુ. ભગવાનના રુડા પ્રતાપે બધું સારું બની આવ્યું બસ, એકમાત્ર પ્રભુનું શરણું એ જ ખરેખરું છે. એ મળ્યું છે, તો કશી દુભાવાની જરૂર નથી.'

લોક પ્રશંસા અને સ્વાગત :-

કુમારને એથી આશ્વાસન મળ્યું. અહીં જ્યારે દેવોએ પુષ્પવૃષ્ટિ કરાતી ઋષિદત્તા લોકની સમક્ષ પ્રગટ થઈ ત્યારે લોકો એને વધાવતા અંદર અંદર બોલી રહ્યા છે કે, અહો ! કુમારની આ પહેલી પત્ની તો દેવસુંદરી જેવી છે. જાણે સ્વર્ગમાંથી અપ્સરા ઊતરી જોઈ લ્યો ! આની આગળ પેલી રુક્મિણી તો સુવર્ણની આગળ પિત્તળ જેવી જ લાગે છે ! ભાઈ ! કુમાર સાહેબનો આવી પત્ની માટે કેમ પક્ષપાત ન હોય ? કોણ પુરુષ આવી મધુર આકૃતિવાળી રૂપસંદરી ખાતર ન મરે...' આમ લોક પ્રશંસા કરી રહ્યું છે.

કુમારને પણ લાંબા ગાળે રૂપ અને લાવણ્યથી ભરેલી આ પત્ની જોવા મળવા પર નેત્ર એના ઉપર ઠરી ગયાં છે. ઋષિદત્તા પણ કમળ જેવા મુખવાળી પ્રેમથી એને જોઈ રહી છે. રાજા પણ જમાઈના પ્રાણભૂત એ ઋષિદત્તાને જોઈ હર્ષિત થઈ ગયો છે.

હવે રાજા, કુમાર અને ઋષિદત્તાને મોટા હાથીના હોદ્દે બેસાડી મહોત્સવપૂર્વક નગરમાં પ્રવેશ કરાવે છે. મહેલમાં લઈ જઈને ઋષિદત્તાને મહાન કિંમતી વસ્ત્રો અને ઝવેરાતનાં આભૂષણોથી ગૌરવ અને આગ્રહ પૂર્વક સત્કારે છે. ઋષિદત્તાને કલંક ઊતર્યું અને ગુણિયલ પતિની પુનઃપ્રાપ્તિ થઈ, એ જ મોટા અલંકાર લાગે છે, એટલે બાહ્ય બીજા દાગીનાની એને જરૂર નથી લાગતી, પરંતુ રાજાના અતિ આગ્રહે એ સ્વીકારવા પડે છે.

જોગણીને સજા :-

હવે રાજાની આગળ એના માણસોની પેલી સુલસા-જોગણીને લાવી ખડી કરી. રાજાને એને જોતાં જ ભારે ગુસ્સો ચડી ગયો. પૂછે છે, 'બોલ શું શું કરેલું ?'

પેલી માફીની આશાએ બધું કહી દે છે. ને ક્ષમા માગે છે. પણ રાજાના મનને થાય છે કે,'આવા દેવ-દેવી જેવા કનકરથ અને ઋષિદત્તાને આ પાપિણીએ ગોઝારી હત્યાઓ કરી મહા કલેશમાં નાખ્યા ? સ્ત્રી જાત છે એટલે વધ કરવા યોગ્ય નહિ તેથી માણસોને હુકમ કરે છે કે, 'આને હમણાં ને હમણાં લઈ જાઓ અહીંથી, એનાં નાક અને કાન કાપી નાખો, મોઢું કાળું કરો. અને ગધેડે ચડાવી આખા નગરમાં ફેરવી જંગલમાં કાઢી મૂકો.'

માણસો એ પ્રમાણે કરીને જ્યારે એને ગધેડા પર બેસાડી નગરમાં ફેરવી રહ્યા છે, ત્યારે એને જોઈ લોકોને પણ આકાશવાણીથી એના દુશ્ચારિત્રની ખબર પડી ગઈ હોવાથી ભારે ગુસ્સો ચડી ગયો છે, એટલે ઠામ ઠામ એને કોઈ સોટી ફટકારે છે, કોઈ એના પર ઢેફાં-કાંકરા ઠોકે છે, કોઈ પાસે જઈ મુઠ્ઠી ઠોકે છે. નગરમાં પગલે પગલે આ ત્રાસ-વિટબંણાને તિરસ્કાર વેઠતાં વેઠતાં જોગણીને કેટલું દુઃખ થતું હશે ? પોતાનાં દુષ્કૃત્યનું ફળ છે, પણ પામર જીવને દુષ્કૃત્ય કરતી વખતે આનો ખ્યાલ જ કયાં રહે છે કે મારે પછી આવી કોઈ સજા ભોગવવાની આવશે ત્યારે એ કેમ સહન થશે ?

પાપ આચરતાં સજાનો ખ્યાલ ખરો ?:-

બોલો, તમે કોઈ દુષ્કૃત્ય કરવામાં પડો, કોઈ જીવને ત્રાસ અપમાન તિરસ્કાર કરો, જૂઠ બોલો, વિષયાસક્ત બનો, અનીતિ-અન્યાય-વિશ્વાસઘાત કરો, ત્યારે એનાં ફળરૂપે આવનારી મહાસજાઓનો ખ્યાલ આવે ?

ઈન્દ્રિયોના ગોઝારા વિષયોમાં કે ધનની ગાઢ લગનમાં પડો યા ક્રોધાદિ કષાયમાં ચકચૂર બનો ત્યારે એનાં ફળરૂપની મોટી ભયંકર સજાનો ખ્યાલ આવે ખરો ? ના, એ વખતે તો અમારા જેવા કદાચ કોઈ ભાવી દુઃખદ ફળ યાદ કરાવે, તો ય મનને એમ થાય છે કે **'હશે, પડશે ત્યારે દેવાશે,'** શું રાખ દેવાશે ? સુલસા જોગણીને જે અત્યારે વિટંબણા અને ઘોર ત્રાસ ભોગવવા પડે છે એ શું એનાથી સહન થાય ? પડશે ત્યારે શું દેવાશે ? બોલવું સહેલું છે પણ જે વખતે દુઃખ આવી પડે, ત્યારે જીવ ઊંચો નીચો અને ભારે વ્યાકુળ દુખિયારો બની જાય છે, આંગળીના નખ નીચે નાનકડી ફાંસ પેઠી હોય, કે દાઢમાં કળતર ઊપડી હોય, તો ય એ સહન થતી નથી, તો ભારે દુઃખ-ત્રાસ-વિટંબણા શે સહન થાય ?

માટે જ જ્ઞાનીઓ કહે છે. 'વિષયોની રમત ભૂંડી છે. કષાયના ઉધમાત ભયંકર છે. એના વિપાકમાં આવી પડતા ત્રાસ-રિબામણ વેઠ્યા નથી જતા માટે વિષયોની રમત છોડો, કષાયના ઉધમાત ન કરો.

વિષય-કષાયના ત્યાગમાં સહવાનું ઓછું છે, નહિવત્ છે, પણ વિષય-કષાયના દારુણવિપાકમાં સહવાનું ભયંકર આવે છે.

ભોગમાં સુખ નહિ, ત્યાગમાં સુખ કેમ ?:-

ત્યારે, એમ સમજતા નહિ કે 'વિષયોના રંગરાગમાં પડેલો સુખી છે, ને વિષયોનો ત્યાગ કરી વ્રતનિયમમાં આવેલો દુખિયારો છે, શોષાઈ-કરમાઈ જઈ ઉદાસ રહે છે,'-આવું સમજશો નહિ આ સમજ ખોટી; ભોગીને વિહ્વળતા-આતુરતા છે, અને સુખમાં વાંધા આવવાનો ભય છે. એ બધા તો સુખમાં ઝેરનાં કણિયા છે, દૂધના કટોરામાં લૂણના કણ છે. ત્યાં નિર્ભેળ નીતરતો આનંદ શાનો મનાય ? ત્યારે, ત્યાગીને વ્રતનિયમવાળાને તો એમાંનુ કશું નહિ. એટલે ભારે આનંદ છે.

વિજય-વિજયા ક્યાં મસ્ત ?:-

બોલો, વિજય શેઠ વિજયા શેઠાણી પરણ્યા બરાબર નિર્મળ બ્રહ્મચર્ય પાળતા હતા ત્યારે એ શોષાઈ જતા હશે ? કે મસ્ત હશે ? શું બ્રહ્મચર્યના બદલે સંસારસુખના લહાવા લુંટતા હોત તો એમાં મસ્ત ગણાત ? મસ્તી ક્યાં અનુભવાય ? ભૂલતા નહિ, બ્રહ્મચર્ય પાળતાં જો મસ્ત બાદશાહ ન હોત અને સહેજ પણ દુખિયારા-ઉદાસ રહેતા હોત, તો માબાપે એ ક્યારે ય ઉદાસતા જોઈ પૂછ્યું હોત,- 'કેમ ઉદાસ દેખાઓ છો ?' પણ એવું બન્યું નથી. માબાપે એમને મસ્ત જીવન જીવતા જ જોયા છે, તેથી એ ભ્રમણામાં છે કે પુત્ર પુત્રવધુ સંસારસુખમાં લીલા-લહેરમાં છે. એમને એમના બ્રહ્મચર્યની ગંધ જ નથી આવી, ખબર જ પડી નથી. એ તો જ્યારે પરદેશથી જિનદાસ શ્રાવકે વિમળ કેવળી ભગવાન પાસેથી જાણી લાવીને આ માબાપને કહ્યું કે 'તમારા રત્ન જેવા દીકરો-વહુ તો પરણ્યા બરાબર નિર્મળ બ્રહ્મચર્ય પાળે છે,' ત્યારે એ સાંભળીને આશ્ચર્ય પામી ગયા, કે, 'હેં ? આ ઊગતા કનૈયા કુંવર-કુંવરી બ્રહ્મચારી ?'

તપ કરનારા શરીરે ભલે દૂબળા પડે, પણ મન એમના મસ્ત હોય છે, દુખિયારાં નહિ. મનમાં જરા ય કચવાટ નહિ કે 'હાય ! ખાવાનું રહી જાય છે ! ખાવામાં જે મઝા છે એ આ તપમાં નહિ;' આવો વિચાર જ નથી આવતો નહિતર

ફરી ફરીને હોંશે હોંશે તપ કરે નહિ. તો પૂછો,-

પ્ર.- ત્યાગમાં તો છોડવાનું છે, ત્યાં અનંતકાળના વિષયભોગના સુખના ટેવાયેલા જીવને સુખ શું ?

ઉ.- આના જવાબમાં સમજી રાખો કે,

ભોગ કરતાં ત્યાગમાં સુખ એટલા માટે, કે ઈંદ્રિયોની સુખ-શાતા કરતાં મનની શાતા કેઈગુણી ઊંચી છે.

વ્યવહારિક દાખલા :-

મન જો અશાતામાં હોય કશી ચિંતામાં શોકમાં હોય, તો ઈંદ્રિયોને શાતાકારી સારા વિષયસંપર્ક મળવા છતાં પણ જીવને ચેન નથી પડતું. સુખ નથી લાગતું; એવું દુનિયામાં ઘણું જોવા મળે છે.

શિખંડ-પૂરીના ભોજન પર બેઠા હો ને એ જ વખતે પરગામથી દીકરાને ડબલ ન્યૂમોનિયા લાગ્યાનો તાર આવે તો શિખંડના સુખ રહે ? કે સુકાઈ જાય ?

માનો કે શેઠ-શેઠાણીને બંગલો છે, મોટર છે, પાસે કેશ-રોકડ લાખો રૂપિયા છે, પરંતુ જો જુવાન જોધ સારો હોશિયાર વિનયી દીકરો ત્રણ દિવસના તાવમાં ઊપડી ગયો. તો હવે એ બધું અકારું લાગે છે.

અલબત્ત બગંલો રહેવાનો છોડી નથી દેવાતો, બંગલામાં રહેવું પડે છે, મોટર કાઢી નથી નખાતી, મોટરમાં બેસીને ફરવું પડે છે; એમ સ્વચ્છ પહેરવેશ, ફરનીચર, નોકરો, ઉમદા, ભોજન..બધું ભોગવાય છે, અરે ! વિષયસુખ પણ ભોગવાય છે, છતા ક્યાંય દિલને શાતા છે ? ચેન છે ? મઝા આવે છે ? ના, કશું જ નહિ; ત્યાં તો વહાલો ડાહ્યો હોંશિયાર છોકરો યાદ આવી આવીને દિલ સળગી રહ્યું હોય છે ત્યાં આ ઈંદ્રિયોના બહારના સુખ ગોઝારા લાગે છે. શું થયું આ ? ઈંદ્રિયોને શું સારા વિષયોથી શાતા નથી મળતી ? મળે છે પણ એને શું કરવાની ? મનની અશાતા મોટી છે.

કોઈ ભારે ચિંતા-શોક-ઉદ્વેગની માનસિક અશાતા હોય ત્યાં બાહ્ય વિષયોથી ઈંદ્રિયોને થતી શાતાની કિંમત નથી લાગતી.

એથી ઊલટું, કોઈ વાતની માનસિક શાતા ભરપૂર હોય ત્યાં ઈંદ્રિયોની અશાતાની કિંમત નથી લાગતી.

મન મોટી ચીજ છે. એ જો અશાતામાં-ઉદ્વેગમાં હોય તો એ જાણે વિષયોને ચેલેન્જ કરે છે કે 'તમે ગમે તેવા ઈંદ્રિયસુખકારી આવો ને, પણ જો જીવને ચેન પડવા દઉં, શાતા લાગવા દઉં, તો મારું નામ કાઢી નાખજો.' મતલબ, મન અશાતામાં છે તો બાહ્ય વિષયોથી જીવને ચેન ન પડે. ત્યારે મનની શાતા 'ચેલેન્જ

કરે એમ ઈંદ્રિયોની શાતા મનને ચેલેન્જ નથી કરી શકતી કે 'અમે બેઠા, મન ! તું ગમે તેવા ઉદ્વેગમાં પડે છતાં હું જીવને ચેનમાં રાખું.' ના, ઈંદ્રિયોની મન પર આ જોહુકમી નહિ. દેખાય જ છે કે કોઈકે ગોઠવેલું સારામાં સારું જમણ જમતા જીભને ભારે શાતા છે, પરંતુ એ જ વખતે કોઈ કાંઈક અપમાનનું બોલી નાખે, તો પેલી શાતા ઊભી છતાં જીવનું ચેન ઊડી જાય છે, જીવ આકુળવ્યાકુળ બની જાય છે ! કેમ ? મન ઉદ્વેગમાં પડ્યું, અશાતામાં પડ્યું.

મનની શાતા-અશાતાની કિંમત મોટી.

માટે જ મનને જો શાતા, તો ઈંદ્રિયોની અશાતાની કિંમત નહિ-સંતોષી ગરીબને જાતમહેનતનો સ્વતંત્ર અને અતિ અલ્પ પાપનો ધંધો જો મનને શાતા આપે છે, તો ઓછી આવકમાં ઈંદ્રિયોને પડતી બીજી અગવડ-અશાતાથી કશું દુઃખ નથી લાગતું. એને તો ઊલટું માનસિક ભારે ચિંતાથી અને અઢળક પાપથી રીબાતા મોટા શ્રીમંતોની દયા આવે છે.

લેબોરેટરીમાં રાત ને દિવસ રીસર્ચસંશોધન કરનારો એવાં ખાનપાન-રંગરાગ-મોજ કશું નથી ભોગવતો ઊલટું રીસર્ચ-ટેબલ આગળ ઊભો ઊભો ટાંટિયા દુખાડે છે ઠંડી-ગરમી ય સહે છે, ભૂખ-તરસ પણ ચલાવી લે છે. સંગીતના સૂરને બદલે કોઈ ઢોરના કર્કશ અવાજ બી સાંભળી લે છે, છતાં એ બધી અગવડતાને ઈંદ્રિય-અશાતામાં એને કશું દુઃખ લાગતું નથી; કેમકે મનને રીસર્ચ-સંશોધન થઈ રહ્યાનો ભારે આનંદ છે, ભારે શાતા છે.

મનની ભારે શાતા આગળ ઈંદ્રિયોની અશાતા ડુલ છે, કશી વિસાતમાં નહિ, *કશા લેખામાં નથી.*

માટે જ પેલા રીસર્ચવાળાની જેમ જ્ઞાનીનાં વચન પર શ્રદ્ધાવાળો વ્રતનિયમાદિ દ્વારા ત્યાગ કરે, તપસ્યા કરે, ક્ષમા-નમ્રતા રાખે, પરીસહ-ઉપસર્ગ સહે, એમાં એના મનને પરમ શાન્તિ છે, પરમ શાતા હોય છે. એમાં એને અંતરની રાગાદિ મલીન વૃતિઓનું અને પાપકર્મોનું સંશોધન થઈ રહ્યું દેખાય છે; ને એમ થવામાં આ અનંત કાળથી ભવચક્રમાં ભટકતા જીવને મળેલી મહામોઘેરી તક સફળ થતી દેખાય છે. પછી શું કામ મનને અશાતા થાય ? ત્યાં પછી ઈંદ્રિયોની અશાતા નગણ્ય બની જાય એમાં નવાઈ નથી.

પરદેશ સીઝનના બજારમાં ધંધાર્થે જનારો કેટલીય ભૂખ-તરસ, ટાઢ-તડકા વગેરેનાં કષ્ટ સહન કરી ઈંદ્રિયોની અશાતા અપનાવી રહ્યો હોય છે. છતાં સારી ધન કમાઈ પર મનની શાતા જોરદાર હોવાથી ઈંદ્રિયોની અશાતાને નગણ્ય ગણે છે. શરદી-ન્યૂમોનિયાનો દરદી પવન વિનાના ઓરડામાં રહી ઘામ સહે છે. મનગમતાં

ભોજન છોડી અણગમતું ખાય છે, પરંતુ આરોગ્ય પ્રાપ્ત થયે જવાની મનની શાતા આગળ ઇંદ્રિયોની અશાતા ચલાવી લે છે. એ બતાવે છે કે માનસિક સુખશાતા મોટી ચીજ છે. એ હોય ત્યાં બાહ્ય કષ્ટ છતાં મસ્તી હોય છે બાદશાહી હોય છે.

ત્યાગ સંયમ-પરીષહાદિમાં મન મસ્ત શી રીતે રખાય ?:-

એટલે વાત આ છે કે ઘોર પરીસહ સહે, ઉપસર્ગ સહે, સંયમ-બ્રહ્મચર્ય પાળે. ત્યાગ-તપસ્યા કરે, વ્રત-નિયમોમાં બંધાય, તથા મહાદાન દે, વગેરેમાં મનને આ ભારે શાતા હોય છે કે,

(૧) એમાં વિષયો પ્રત્યે ગુલામી માનસ નહિ, તેથી માનસિક બાદશાહી છે. વળી

(૨) અનંત-કલ્યાણકારી જિનાજ્ઞાનું આ ભવમાં સુંદર પાલન થઈ રહ્યું છે;

(૩) વિષયોની ગુલામીમાં ઊભી થતી વિહ્વળતા-ખણજ-ચિંતા-સંતાપ વગેરેથી બચાય છે,

(૪) પરલોક-ઉપયોગી પુણ્યસંચય એકત્રિત થઈ રહ્યો છે,

(૫) પરલોક બગાડનાર પાપોથી બચાય છે.

આ બધાનો ખ્યાલ મનને મસ્ત રાખે છે. ત્યાં બાહ્ય કષ્ટમાં દૂબળા પડાતું નથી, શોષાઈ-કરમાઈ જવાતું નથી. પછી મનની આ શાતા કેમ ન ઊભી કરવી ? શા સારુ બાહ્ય વિષયોના ગોઝારા સંગથી ઇંદ્રિયોની શાતાના ચટાકામાં તણાવું ?

વિષયોના સંગ ગોઝારા ? હા,

પરલોકના જાલિમ દુઃખ ઊભાં કરે અને પરલોકમાં ભયંકર પાપિષ્ઠ જીવન બનાવે માટે વિષયસંગ ગોઝારા ?

પેલી જોગણીને એનો ય વિચાર નહોતો. અને આ જનમમાં કદાચ આવી પડનાર મહાદુઃખનો ય વિચાર નહોતો. પરંતુ એને તો અહીં જ હવે રાજાના માણસો નાકકટ્ટી, કાનકટ્ટી કરીને ગધેડે ચડાવી નગરમાં ફેરવી રહ્યા છે, ત્યારે લોકો ટોણાં-મેણા, મુક્કી-દંડા-ઢેફા મારી રહ્યા છે. એમ કરતાં અંતે નગર બહાર લઈ જવાઈ એને જંગલમાં દેશનિકાલ થવું પડ્યું.

હવે આવ્યો રુક્મિણીનો વારો. એનો બાપ સુંદર પાણિ રાજા મહેલમાં જઈ એને બોલાવીને ફટકારે છે,- 'દુષ્ટા દીકરી ! તેં આ ધંધા કર્યા ? આપણા કુળને કલંકિત કર્યું ? આવી સારી એક મહાન કન્યા ઋષિદત્તાને જોગણી પાસે હત્યારી ઠરાવી ? કુમારને પરણવા માટે આ રાક્ષસી પ્રપંચ ભર્યો અધમાધમ રસ્તો લીધો ? લુચ્ચી ! તું પણ જોગણીના જેવી સજાને લાયક અને દેશવટો દેવા યોગ્ય છે. શું સમજે છે તારા મનમાં ? હમણાં તારાં ય નાક-કાન કપાવી મોઢું કાળું કરાવી ગધેડે

ચડાવીને નગર આખામાં ફેરવાવું છું અને પછી જંગલમાં કાઢી મુકાવું છું ! ધ્યાન રાખ પાપિણી !'

રુક્મિણી આ સજાની વાત સાંભળતાં ગભરાઈ ઊઠી, જોગણીની સજા સાંભળી છે. ગાત્ર ઢીલા થઈ ગયાં, ને અંગકંપવા લાગ્યું હમણા જ પિતા માણસોને બોલાવીને સોંપી દેશે એ ભયમાં તરત ઊઠીને પિતાને પગે પડી વિનવે છે,-

રુક્મિણીનો પશ્ચાત્તાપ :-

'બાપુ ! બાપુ ! માફ કરો, માફ કરો. આપ કહો છો એવી હું દુષ્ટા છું, પાપિણી છું, નાલાયક છું આનાં ફળ નરકગતિમાં તો મને કેવાંય મળશે. પરંતુ અહીં તો બાપુજી ! મને માફ કરો, મને માફ કરો, મને જીવવાની તક આપો, જેથી હું દુષ્કૃત્ય પાપનાં પ્રાયશ્ચિત્ત અને કાંઈક સારાં સુકૃત આચરી શકું. હું તમારી ગાય છું, મને બચાવો. આંધળા વિષયરસમાં સાંઢ બનેલી તેથી મેં ગોઝારાં કૃત્ય કરાવ્યાં...કિન્તુ એ કુમાર અને ઋષિદત્તાની મહાનુભાવતાએ હવે મારી સાંઢિયાગીરીને ઉતારી નાખી છે. એટલે પાછી એની એ તમારી ગાય છું. તમારા પગે પડી પ્રાર્થું છું કે મને માફ કરો, આ સજા ન કરો, અને સારું જીવન જીવવાની તક આપો. બસ, વધારે શું કહું ?'

હવે રાજા જુએ છે કે આણે વિષયાંધતામાં કૃત્ય તો ભયંકર કરી નાખ્યું, પરંતુ ગમે તેમ તો ય ઊંચા ખાનદાનની છે એટલે હવે એને સાચો પશ્ચાત્તાય થયો છે, અને જીવન સારું જીવવા ઈચ્છે છે, તો એને તક આપવી. એટલે એને કહે છે,-

રાજાની દીકરીને ધમકી :-

' જો, તું સારું જીવન જીવવા ઈચ્છે છે એટલે સજા માફ તો કરું છું. પરંતુ ધ્યાન રાખજે હવે કુમારના સંબંધની આશા રાખીશ નહિ. હું એમને જરાય એ માટે સમજાવવાનો નથી. તારે અહીં જ મહેલમાં પૂરાયા જિંદી ગાળવાની છે. એમાં જે કયાંય વિષયના ઉન્માદમાં સહેજ પણ આડુંઅવળું કર્યું છે, તો હું ભૂંડો છું એ સમજી લેજે. પછી આથી પણ ભયંકર સજા કરતાં નહિ અચકાઉં.' પૂછજો,-

પ્ર.- બાપને દીકરીની દયા ન આવે ?

ઉ.- દયા આવે, પણ ખોટી દયા ન આવે. રાજાએ જે ઋષિદત્તાની વિશેષતા જોઈ છે, એનો ગુણખજાનો જોયો છે, ઉપરાત એના દેવતાઈ સન્માન જોયાં છે, એની સામે એવી ગુણની ખાણ ઋષિદત્તાની પ્રત્યે દીકરીનું ગોઝારું કૃત્યું જાણ્યું છે, એ ઉપર દીકરીની શી દયા આવે ? એ જો કશી સજાનું ન બોલ્યો હોત, ને રુકિમણીને એમ જ પડી રહેવા દીધી હોત, તો રુકિમણી આ સારું જીવન જીવવાની કબૂલાત ક્યાં કરવાની હતી ? તેમજ હજી પણ ભારે સજાની તાકિદ ન આપે તો

ભવિષ્યને માટે રુક્મિણી સાવધાન રહેવાની જોરદાર તકેદારી શી રીતે રાખે ? માટે રાજાની આ નિર્દયતા નથી, સાચી દયા જ છે. અહીં રાજા જુએ છે કે,-

ભય વિના પ્રીત નહિ. અકાર્યની ભારે સજાનો માથે ભય હોય તો જ વિષયલોલુપી જીવો અકાર્ય કરતાં અટકે, અને સદ્‌આચારની પ્રીત રાખે, એને વળગ્યા રહે.

આજના છોકરા-છોકરીઓના ઉધમાત કેમ વધી ગયા છે ? કારણ કે એને માતા પિતા કે શિક્ષક તરફથી ભય નથી. માબાપ આજના એવા સત્વહીન કે રમકડાના મોહમાં આ રમકડાને હિતનું કહેતા ડરે પછી એ રમકડાને પોતાના હિતની શી પ્રીત થાય ? મા-બાપની ખોટી દયા છે કે સંતાનને ખોટા રસ્તે જતા ધમકાવવા નથી. રાજા એવી ખોટી દયામાં ન પડતાં રુક્મિણીને ધધડાવે છે કે, 'મહેલમાં એકલી અટુલી સીધી ચાલવું હોય તો રહે, નહિતર હમણાં જ દેશનિકાલ થઈ જા.' રુક્મિણીને બીજો છૂટકો નહોતો. બાપને પગે પડીને કહે છે,-

'બાપુજી ! હું ભયંકર પાપિણી છું પણ હવે આપની દયાથી અહીં જ સારું જીવન જીવીશ એની ખાતરી આપું છું. મારે હવે બીજી કાંઈ લાલસા નથી.'

રાજાને ઋષિદત્તા અને કુમાર માટે અથાગ માન ઊપજ્યું છે, તેથી રુક્મિણીને દબડાવ્યા પછી હવે કુમાર જ્યાં જવાની તૈયારી કરે છે ત્યાં એને અટકાવીને કહે છે,

'કુમાર ! એમ કાંઈ એકદમ અમને દુઃખિત મૂકીને જવાય ? મારી દીકરીનાં દુશ્ચરિતથી હું બહુ દુઃખિત છું, અને તમારા એકાએક જવાથી તો દુઃખ વધી જશે. માટે અહીં હમણાં રોકાઈ જાઓ. તમારા જેવા ગુણ સંપન્નોના સમાગમે મારા દિલને રાહત મળશે.'

રાજાનો બહુ આગ્રહ દેખી કનકરથ રાજકુમાર ત્યાં રોકાઈ જાય છે.

પ્ર.- રોકાવામાં ધિક્કાર નહિ ?

ઉ.- ના એ ઉમદા દિલનો છે એટલે જુએ છે કે, 'હમણાં ને હમણાં અહીંથી જવામાં રાજાને કદાચ લાગે કે રીસ ચડી છે. જ્યારે ખરેખર તો રાજા પ્રત્યે મારે રીસ જેવું કાંઈ છે જ નહિ. દીકરા-દીકરી કુલાંગાર પાકે એમાં બાપ શું કરે ? બાપનો શો ગુનો તે મારે એના પર રીસ કરવી ? ઊલટું એ બિચારો દીકરીના પાપથી દુઃખી છે, એમાં મારી રીસ સમજી વધુ દુઃખી થાય માટે મારે રોકાઈને એના મનને પ્રફુલ્લિત કરવું.'

આમ રાજકુમાર ત્યાં રોકાઈ રાજા સાથે ફોરા મનથી વાતચીત કરે છે, તત્ત્વગોષ્ઠી કરે છે; ને બીજી બાજુ ઋષિદત્તા પર વરસેલી આપદાને મન પર લઈ એના પર વિશેષ હેત સદ્‌ભાવ-ગુણાનુરાગ દેખાડી, એનું ય મન વધારે છે.

સજ્જનનાં જીવન જ આવાં કે બીજાનાં દુઃખમાં રાહત આપી એનાં મન વધારવા તરફ દૃષ્ટિ રહ્યા કરે.

ના, હું તો મારું જ ફોડી લઉં, બીજાને દુઃખમાં રાહત આપવા હું ક્યાં નવરો છું ? સૌ સૌનું ફોડી લે, હું મારું સંભાળું,' આ દૃષ્ટિ હોય ત્યાં સજ્જનતા શી આવી ? એવું જાતનું ફોડી લેવાનું તો કાગડા-કૂતરા ય કરે છે બીજાનું દુઃખ દેખી દિલ ન પીગળે ? પીગળેલા દિલમાં સામાને શક્ય હોય તો રાહત આપવાનું મન ન થાય ? પણ જીવનમાં આ દૃષ્ટિ જ ન બાંધી મૂકી હોય એટલે બીજાનાં દુઃખ જોઈ પીગળવાની અને એને રાહત આપવાનું મન થવાની વાતે ય શી ?

વિચારજો જીવને કઈ દૃષ્ટિ બાંધીને જુવો છો ? ઉમદા દૃષ્ટિ કે પશુસુલભ ક્ષુદ્ર સ્વાર્થમાત્રની દૃષ્ટિ ? સ્વાર્થમાત્રની દૃષ્ટિ તો એવી ભયંકર છે કે ક્યારેક કદાચ એવી દૃષ્ટિવાળો બીજાની મદદે જતો હોય, સેવાનું કામ કરતો હોય, તો ય એ જોશે કે, 'આમાં મને શું મળે ?' સંભળાય છે ને આજે કે દુષ્કાળ રાહતના માલમાંથી પણ ચાંઉ કરનારા છે ? મંદિર-ઉપાશ્રયમાં દાન કરીને ય જાતની અમર તકતી કાયમી નામ ત્યાં ખોસી ઘાલનારા છે ને ? 'લાવને બે પૈસા દેવા દે ને ? મારું નામ ત્યાં કાયમ માટે કોતરાઈ જાય છે ને ?' આ કેવી ક્ષુદ્ર દૃષ્ટિ ? **ઉમદા દૃષ્ટિવાળો તો એ જુએ કે મારે કશો સ્વાર્થ બદલામાં ન સાધતાં હું કેવળ શુદ્ધ નીતરતી સેવા સહાય-પરમાર્થ-પરોપકાર કમાઉં.'**

કનકરથ રાજકુમાર આ ઉમદા દૃષ્ટિથી કોઈ પણ જાતના સ્વાર્થ વિના સસરા રાજાના દિલને પ્રફુલ્લિત કરી રહ્યો છે, તેમજ બીજી બાજુ ઋષિદત્તાને પણ વિશેષ હેત-સદ્‌ભાવ દાખવી રહ્યો છે હવે આનો લાભ એકવાર ઋષિદત્તા ઉઠાવે છે, તે પણ ઉમદા દૃષ્ટિથી હોં.

પ્રસંગ એવો બને છે કે કુમાર ઋષિદત્તાને કહે છે 'દેવી ! તમારા મિલનથી બધું રુડું બની આવ્યું, પરંતુ મારા મિત્ર ગયા એ મોટી ખોટ પડી. દૈવની પાસે એ ગયા તે ગયા, પાછા ફરી આવ્યા જ નહિ. ખરેખર ! એમના જવાથી આ પૃથ્વી અંધકારમય બની ગઈ; કેમકે એ પરોપકાર-પરસેવામાં એ ઉદ્યમી હતા અને ગુણસંપત્તિના ધામ હતા. જગત માટે એ દીવા જેવા હતા. એમને જોઈને જગતને પરોપકાર અને ગુણસંપદાની પ્રેરણાનો પ્રકાશ મળતો હતો. આજે એ અદૃશ્ય થવાથી સાચે જ જગતને અંધારું થયું.'

કુમાર એમ જ સમજી રહ્યો છે કે, 'પેલા યોગિરાજે વિદ્યાના બળથી ઋષિદત્તાને અહીં હાજર તો કરી, પરંતુ પોતે અદૃશ્ય થઈ ગયા,' કુમારને અંશે ય ખ્યાલ નથી કે યોગિરાજ ખરેખર કોણ હતા ? પરંતુ હવે એને જ્યારે એમના

વિયોગનું દુઃખ લાગી રહ્યું છે ત્યારે ઋષિદત્તા એ દુઃખ ટાળવા ભ્રમ ભાંગે છે.

ઋષિદત્તા ભ્રમ ભાંગે છે :-

ઋષિદત્તા મહાસતી કહે છે- 'નાથ ! યોગિરાજ કોઈ જુદી વ્યક્તિ નહિ, પણ હું પોતે જ હતી; ને આ સ્ત્રીપણામાંથી પુરુષપણે રહી શકવા પાછળ માન્ત્રિક વનસ્પતિનો પ્રભાવ કામ કરી રહ્યો હતો. મોતની સજા પામીને હું મસાણમાં ખડી કરાઈ મારા પર શસ્ત્ર ઉગામાયા, એ જોતાં જ ગભરાટમાં મને મૂર્ચ્છા આવી ગઈ, ધબાક પડી નીચે; ને સદ્‌ભાગ્યે મારાઓ મને મરેલી સમજ્યા હશે, તે મને એમજ છોડીને ચાલી ગયા. ભાનમાં આવતા મેં પરિસ્થિતિ કલ્પી લીધી, પછી ચાલીને મૂળ આશ્રમે પહોંચી ગઈ. શીલની રક્ષાર્થે વનસ્પતિના ઉપયોગથી પુરુષવેશે એક યોગી તરીકે ત્યાં ભગવાન ઋષભદેવની ભક્તિ કરતી બેઠી પછી તો તમે આવ્યા, ને શું બન્યું તે જાણો જ છો.'

કનકરથ આ સાંભળતા સ્તબ્ધ થઈ જાય છે કે 'અહો ! ત્યારે આ પોતે જ યોગિરાજ ? ને યોગિરાજમાં જે વિશેષતાઓ જોઈ તે ખરેખર ઋષિદત્તામાં જ ભરેલી છે ? તો શું હું આટલું બધું ઉચ્ચ કોટિનું નારીરત્ન પામ્યો છું ?'

કુમાર કહે છે,-' ઓહો તમે પોતે જ યોગિરાજ ? તો તો તમારા જેવા મને જીવનસાથી મળવાથી મારા ભાગ્યની અવધિ નથી. ખરેખર હું ધન્ય બન્યો છું તમે ન હોત તો મારા પ્રાણ ક્યાં બચવાના હતા ? અને તમારા જેવા મહાન ગુણભંડાર સાથે છતાં મારે શી કમીના રહેવાની ?' કુમારનું હૃદય આભારના ધબકારા લઈ રહ્યું છે. એમાં આંખ ભીની થઈ જાય છે.

માંત્રિક વનસ્પતિ-ઔષધિના બળે સ્ત્રીમાંથી પુરુષ બનવાની વાત આજના અશ્રદ્ધાના યુગમાં કદાચ મગજમાં ન બેસે. પરંતુ વિદ્યા-મંત્રો અને જડીબુટ્ટીઓનો અચિંત્ય પ્રભાવ હોય છે એ એક હકીકત છે, ને ભારતના ખૂણે-ખાંચરે કોઈક કોઈક એવી એની જાણકારે અને પ્રભાવ દર્શાવનારી વ્યક્તિ સાંભળવા મળે પણ છે. છતાં આજની બીજી રીતરસમોથી સ્ત્રીપણું છૂપાવી રાખી એક યોગિપુરૂષ તરીકે કામચલાઉ દેખાવ રાખી સમય પસાર કરવાનું અશક્ય નથી. એના પર પછીથી ઋષિદત્તાના જીવનમાં બનેલી ઘટનાઓ બનવી અસંભવિત નથી. સ્ત્રીમાંથી પુરુષનું અંગ બને કે નહિ ? એ જોવા કરતાં જોવા જેવું આ છે કે ઋષિદત્તાએ યોગિરાજના વેશમાં કેટલી કમાલ કરી ? કેવી અસાધારણ ધીરજ અને કુનેહ દાખવી ?

અશ્રદ્ધાના ખોટા પ્રશ્ન કરવા કરતાં જીવનમાં શક્ય અને અત્યંત આદરવા જેવી બાબતો પર જ ધ્યાન દેવા જેવું છે, જેથી આપણા જીવનમાં કાંઈક પામી શકીએ.

'રામાયણના પ્રસંગો કાંઈ બનવાજોગ છે ? એ તો માત્ર કવિની કલ્પનાકથા

છે,-' એમ આજના અશ્રદ્ધાળુ માનસના રામાયણ પર અસત્યતાના આરોપ અંગે એક જૈનેતર વિદ્વાને લખેલું કે, 'માનો ને રામાયણની કથા કાલ્પનિક છે છતાં એ તો જુઓ કે એણે ભારતની પ્રજામાં પવિત્ર ઉચ્ચ સંસ્કૃતિ ઘડવામાં કેટલો બધો ફાળો આપ્યો છે ? આર્ય પ્રજાને આદર્શ પુત્ર, આદર્શ પત્ની, આદર્શ ભાઈ, આદર્શ સેવક, આદર્શ સ્વામી,...વગેરેનાં કેટલાં સુંદર કર્તવ્ય શિખવાડ્યા છે. આમાં શું ખોટું થયું ? રામાયણનો આ જબરદસ્ત ઉપકાર જોવાનું બાજુએ રાખી એમાં અતિ ટુંકી ને છીછરી બુદ્ધિનાં શક્ય-અશક્ય વગેરે ચેડાં કાઢવા સૂઝે છે ? શ્રદ્ધાળું તો જીવન-સુધાર માટે રામાયણથી ઘણું પામી જશે, પણ તમે ચેડાં કાઢીને તમારા જીવનમાં શું પામી જશો ? ને ભોળાને ઉભગાવીને શું પામવા દેશો ?'

ઋષિદત્તા જંગલમાં મૂકાયા પછી જે જે વર્તી છે, જે જે બોલી છે, એ ઘણું ઘણું શીખવી જાય છે. જીવનમાં પારગતતાનું મિથ્યા અભિમાન બાજુએ રાખી સારું શીખવાની જેને નમ્રતા સાથે તમન્ના છે એને તો બહુ બહુ શીખવા મળે છે. પરંતુ આજથી સો-એક વરસ પૂર્વે થયેલ કવિ મોહનવિજય કહે છે,

'પ્રભુ ! અંતરજામી જીવન પ્રાણાધાર જો,
વાયો રે નવિ જાણ્યો કળિયુગ વાયરો રે લો '

અર્થાત પ્રભુ ! આપ તો અમને અમારા અંતરમાં વસી જાઓ એવા પ્રાણના આધારરૂપ મળ્યા, કિન્તુ આપની આડે આજે કળિયુગના કલ્પનામાં ન આવે એવા વિષમ વાયરા વાઈ રહ્યા છે. વાયરા એવા કે જીવને કુતર્ક અને નિરર્થક ચિંતામાં જીવને એવો ચડાવી દે કે પરમાત્માની ઓળખ અને શુદ્ધ ઉપાસના કરી શકવાના મળેલા આ ઉત્તમોત્તમ ભવમાં ય એ કરવા તરફ મનનું ધ્યાન જ ન જવા દે.

જગતનું, ડહાપણ ડહોળવામાં અને મિથ્યાભિમાનની સનેપાતિયા પ્રવૃતિ કરવામાં પરમાત્માને ઓળખવા-ચિંતવવા-ધ્યાવવા તરફ લક્ષ જ શાનું જાય ? તો ઓળખ વિનાની ઉપાસના ય કેવી કેવી મુડદાલ ?

બોલો, પ્રભુને ઓળખો છો ? પ્રભુ એવા તે કેવા છે કે એમની ચાપલુસી આપણે કરવી જોઈએ ? પ્રભુમાં એવું તે શું છે કે એમને આપણે ભજવા જ જોઈએ ? પ્રભુમાં જે છે તે શું આપણા જીવનમાં ઉતારવા લાયક છે ? આવો બધો વિચાર કરવાની ફુરસદ જ નથી; કેમકે જગતનો વહીવંચો અને મિથ્યાભિમાની બન્યા રહેવું છે. જગતની વહીવાંચતા રહેવું છે, 'આણે શું કર્યું ? પેલો શું કરે છે ? ઓલ્યો કેમ આવો છે ? પણે શું બન્યું ?..વગેરે વગેરેમાં જ જીવન વહેતું રાખવું છે. તેમજ મિથ્યાભિમાન એવું કે હિતકર શાસ્ત્રોની વાત આવે ત્યારે આ કામ કેમ બને ? ને પેલું બનવામાં પ્રમાણ શું ?..જાણે પોતે મહા તાર્કિક ભેજાવાળો ! પ્રમાણ

પુરાવા તર્ક દલીલ સંભવિતતા-અસંભવિતતા વગેરેનો વિચાર કરવામાં પોતાના આત્માના હિતનો વિચાર ન મળે. પરમાત્મા શું કરીને પરમ શુદ્ધ આત્મા બન્યા એ તરફ લક્ષ જ ન જાય. કળિકાળના વિષમ વાયરાનો આ પ્રભાવ છે.

અશ્રદ્ધા અને કુતર્ક કરવાનું મિથ્યાભિમાન ન હોય અને જગતના વહીવંચા બની પરચિંતામાં ડૂબ્યા રહેવાનું ન હોય તો જ સ્વાત્મહિતની અને પરમાત્માને ઓળખવાની ચિંતા બની રહે.

ઋષિદત્તાનાં જીવનમાંથી સ્વાત્મહિતની સારી પ્રેરણા મળે એવી છે, એટલી બધી એનામાં વિશેષતાઓ હતી, અને હજી પણ જુઓ વિશેષ પ્રેરણા કેવા અદ્‌ભુત ગુણની મળે છે. પતિ કનકરથ એની વિશેષતાઓમાં મુગ્ધ બને એનો આભાર અનુભવી રહ્યો છે એ વખતે અવસર જાણીને ઋષિદત્તા એને કહે છે,-

'નાથ ! પૂર્વે આપે મને વરદાન આપેલું તેનું મારે માગવાનું બાકી છે, એ યાદ છે આપને ?'

કુમાર કહે 'હા, યાદ છે મને. જરૂર માગો. કહો તે કરવા તૈયાર છું.'

ઋષિદત્તા બોલી, 'તો સ્વામી ! મારી એક જ માગણી છે કે આપ ગઈ ગુજરી ભૂલી જાઓ અને રુક્મિણીને અપનાવી લઈ મારા જેવી જ એને ગણો. આટલી મારા પર મહેરબાની કરો.'

ઋષિદત્તાની આ માગણી પર કુમાર વળી વિશેષ મુગ્ધ થઈ જાય છે. એના મનને એમ થાય છે કે 'અરે ! આ ભયંકર દુશ્મન બનેલી રુક્મિણી પર આટલી બધી દયાળું બને છે ? સ્ત્રી તો સ્વભાવે કરીને વક્ર કુટિલ ક્ષુદ્ર સ્વાર્થી હોય, ત્યારે આ બાઈ કલ્પવૃક્ષની વેલડી જેવી સર્વનું હિત કરનારી છે ! ક્યાં દોષોની ખાણસમુ સ્ત્રીપણું ? ને ક્યાં આનામાં સ્ત્રીપણું છતાં મરદને ય દુર્લભ એવું સ્વચ્છ સ્ફટિક શું દિલ અને સર્વહિતકર સ્વભાવ ?'

કુમાર ઋષિદત્તાને પ્રગટ કહે, 'દેવી ! આ તમે શું માંગી રહ્યા છો ? કોના માટે માગી રહ્યા છો ? જેણે તમારું કાસળ કાઢી નાખવાનું કરેલું, જેણે મને શોકની આગમાં બળતો મૂકેલો, એને તમારી સાથે બેસાડવાની વાત કરો છો ? ફરીથી તમારે એના તરફથી આપત્તિ વહોરવી છે ?

ઋષિદત્તા કહે, 'સ્વામિન ! એવી શંકા ન કરો. એણે બિચારીએ આપણને પહેલાં ઓળખેલા નહિ, એટલે એ ભુલાવામાં પડી. પણ હવે તો એને આપણી ઓળખ પડી ગઈ, એટલે હવે ભૂલ ન કરે. ગમે તેમ તો ય એ ઊંચા ખાનદાનનું ફરજંદ છે, અને એકવાર કરેલી ભૂલમાં ભારે પછાડ ખાધી છે, તેથી એને ભારે શિખામણ વળી ગઈ હોય. એ શું હવે ભૂલ કરે ? બાકી આપણે આપણા કષ્ટ યાદ

રાખી ગાંઠ વાળી રાખવાની ન હોય.

ગાંઠ વાળી રાખવામાં આપણને જે અધ્યવસાયની વિશુદ્ધિ ન મળે એ ક્ષમતાના માર્ગે જવામાં મળે.

ગુણસ્થાનક ઊંચી પરિણતિની આડે ગાંઠ તો શિલા જેવી છે એ પરિણતિમાં આગળ વધવા ન દે.

માત્ર સામાની દયા ખાતર જ નહિ, પરંતુ આપણું મન ફોરું બને, ને આપણી પરિણતિ વધુ વિશુદ્ધ બને એ માટે પણ આપણે ક્ષમાપનાની ઉદારતા કરવી જરૂરી છે.

નાથ ! આપ તો આ બધું સમજો જ છો. એટલે કશી શંકા રાખ્યા વિના રુક્મિણીને અપનાવી લો.'

ઋષિદત્તા મહાસતીનું જીવનગણિત વિચારવા જેવું છે. આ

આ ઊંચા ભાવમાં જીવનગણિતનું શું ? જીવન કયાં ગણિત પર યાને કેવા હિસાબ માંડીને જીવવાનું હોય, એ વિચારવાનું પાયામાં જરૂરી છે.

મૂળ પાયો જ જીવન માટે Wrong Mathematics ખોટા હિસાબ-લેખાનો માંડી મૂક્યો હોય છે તેથી જીવનમાં ઊંધી ભાવનાઓ અને અવળાં વેતરણ ચાલે છે.

'થાય તેવા થઈએ તો ગામ વચ્ચે રહીએ' આ હિસાબ માંડી મૂક્યો હોય એટલે પછી સામાની જરાક માયા કે અભિમાન પર આપણને માયા-અભિમાનની લાગણી ઊભી થાય છે, અને સામાનું બીજું સારું ભૂલી જઈ એના પ્રત્યે માયા-મદભરી બોલચાલનાં વેતરણ આદરાય છે.

એના બદલે જો હિસાબ એ માંડી મૂક્યો હોય કે,

'સામાનો વૈર-વિરોધ હજીય મટે તો આપણા પ્રેમ-વાત્સલ્ય-સહાનુભૂતિથી મટે; પણ નહિ કે આપણા વૈરવિરોધથી. સામાની દુર્જનતા હજી ય મટે તો આપણી સજ્જનતાથી મટે; પણ નહિ કે આપણી દુર્જનતાથી.'

જો આ હિસાબ માંડી રાખ્યો હોય તો આપણા દિલમાં ભાવના પ્રેમ-વાત્સલ્ય-સહાનુભૂતિની ચાલે, લાગણી સજ્જનતાની રખાય, ને પછી બોલ પણ એવા અને વર્તાવ પણ એવા કરાય. મૂળ પાયો જીવનગણિતનો, જીવન માટેના હિસાબ-ધોરણની માંડણીનો છે.

આજના મંદવાડ ખોટા જીવનગણિત પર :-

આજ ઘણા માણસોએ આ હિસાબ માંડી મૂક્યો હોય છે કે, 'સારું સારું ખાઈએ તો તગડા રહીએ' એટલે પછી લેશ્યા ચોંટ એ તરફ અને પ્રવૃતિ ખાવા મળેલું નહિ છોડવા તરફ એનું પરિણામ દેખો છો કે આજે દવાખાના દરદીઓથી ઊભરાય છે

દવાઓની બોટલો ઘર ઘર જોવા મળે છે. શું કરમથી માંદા પડાય છે કે ઊંધા વેતરણથી ? એ વેતરણ શાના ઉપર ? કહો, ખોટા હિસાબ માંડી મૂકવા પર.

પરંતુ જો હિસાબ એ માંડેલો હોય કે, 'સારું પચાવીએ તો સુખ નીરોગી રહીએ,' તો સામે ખાવાનું કેવું સારું છે ન જોવાય, પણ મને પચે શું, અને પચે કેટલું એનો વિચાર રહે. એ વિચારણા પર પચવા યોગ્ય વસ્તુ અને પચવા યોગ્ય પ્રમાણ જ લેવાય. પછી મંદવાડ શાનો આવે ? આજે આવા ય માણસો છે જે મહિનાઓ અને વરસો સુધી તંદુરસ્તી જાળવી રાખે છે પણ તે આ 'ખાવાનું સારું એ સારું નહિ, પણ પચે એ સારું કહેવાય,' એવા હિસાબ માંડી રાખવા પર.

જીવન જીવવાનો પાયો હિસાબ કેવા માંડી મૂકાય છે એ છે હિસાબ ભૌતિક અને ઈંદ્રિયોની તુષ્ટિ પુષ્ટિના તથા ક્રોધાદિ કષાયની આવશ્યકતાના માંડ્યા, તો જીવન પાપમય જીવવાનું એથી ઊલટું, હિસાબ જો આધ્યાત્મિક માંડ્યા, ઈંદ્રિય-સંયમના અને ક્ષમાદિ ગુણોની આવશ્યકતાના માંડયા, તો જીવન ધર્મપ્રધાન તથા સંયમ અને ક્ષમાદિ ગુણકમાઈનું જીવાશે.

'જીવ્યા કરતાં જોયું ભલું' આ હિસાબ ઈન્દ્રિયની તુષ્ટિપુષ્ટિનો છે. પછી એવા હિસાબવાળો જગતનું જે કાંઈ જોવા સાંભળવા મળી આવે એ જોવાનું સાંભળવાનું શું કામ બાકી રાખે ?

પ્ર.- તો શું જગતનું જોવામાં બગડે ?

ઉ.- હા, જોયાનું ઝેર છે.

એ જોયા પર રાગ-દ્વેષ ઊભા થાય છે.

ચાહીને ઉદ્યાન જોવામાં રાગથી મન મલકે છે, ઉકરડો જોતાં નાક મચકોડાય છે, દ્વેષ-અરુચિ-ઘૃણા થાય છે બજારની એક લટાર મારી આવો એમાં જોજો કે કેટલીવાર રાગ-દ્વેષ થયા. સારું જોયું તો જરૂરી લાગશે, શક્તિ છતે ખરીદવાનું મન થશે, શક્તિ ન હોયે મન દીન બનશે કે, 'આ ખરીદવા આપણું ભાગ્ય નહિ !' જગતનું ન જોયું હોત તો આ કશી ભાંજગડ નહિ; માટે જોયાનું ઝેર છે. પરસ્ત્રી જોવા ગયા તો કામરાગ ઊછળવાનો ત્યારે જો સામે આવી છતાં દૃષ્ટિ નીચી જ રાખી ચાહીને ધરાર ન જોઈ, તો એવા ઝેરી રાગથી બચી જવાના.

માટે જ આધ્યાત્મિક હિસાબ આ છે કે જેમ ન બોલ્યામાં નવ ગુણ, એમ જગતનુ ન જોયામાં નેવું ગુણ.

જગતનું જુઓ કે રુઓ.

(૧) જગતનું જોતા રાગ દ્વેષ થાય, હિંસા-આરંભ-સમારંભ જૂઠ ચોરી આદિના વિચાર આવે. આજના એવી ધીકતી કમાઈવાળા ઓફિસરો અને શ્રીમંતોને જોઈને

એવી કમાઈ અને અનીતિ આદિના વિચાર આવે છે ને ?

(૨) વળી 'જગતનું જુઓ ને રુઓ' આ, કે એ જોવામાં પડ્યા એટલે ભગવાનને ભુલવાનું થશે, પોતાના આત્માને અને ધર્મને ભુલવાનું થશે. દેવ-ગુરુ-ધર્મની આરાધનાની છતી સામગ્રી અને છતો સમય છતાં આરાધના નહિ થાય સવારે છાપું વાંચવાનો રસ છે એટલે પ્રભુનાં સ્તોત્ર કે ધર્મનું પુસ્તક વાચંવાનું ગુમાવાય છે. સાંજે રેડિયો કે ગામગેઝેટ સાંભળવું છે એટલે પ્રતિક્રમણ શાનું થાય ?

ત્યારે, જો આધ્યાત્મિક હિસાબ માંડી મૂક્યો હોય, કે 'જગતનું ન જોયામાં નેવું ગુણ, આત્માનો ઘણી રીતે બચાવ થાય;' તો એ હિસાબ પર પછી સાવધાની રહે, અને કેટલીય ખોટી પ્રવૃતિથી બચી જવાય, ખોટા ખર્ચથી બચી જવાય, ખોટી વિચારણાઓ-લાગણીઓ અને દુર્ધ્યાનથી બચી જવાય. આજ સિનેમા વગેરે પાછળ કેટકેટલી બરબાદી ઊભી થઇ છે ? કેમ એનો રસ ? કહો, હિસાબ ખોટો માંડ્યો છે કે જીવ્યા કરતાં જોયું ભલું આ જીવનગણિત મારનારું છે.

એમ, જીવનમાં કષાયોની આવશ્યકતાનો ખોટો હિસાબ માંડી મૂક્યા પર,

પછીથી ક્રોધ-અભિમાન પ્રપંચ લોભ વગેરેનો પાર નથી રહેતો. એથી ઊલટું, જો ક્ષમાદિ ગુણોની અત્યંત જરૂરિયાતનો હિસાબ માંડી રાખ્યો હોય, તો મોકે મોકે એ ક્ષમાદિ ઝળકાવવાનો પ્રયત્ન રહે જેવી તક મળે એ પ્રમાણે ક્ષમા-સમતા રખાય, નમ્રતા-લઘુતા દાખવાય, સરળતા નિખાલસતા રખાય, નમ્રતા-નિસ્પૃહતા-સંતોષ જળવાય માટે ભૂલશો નહિ,

આત્માની પરિણતિ એ ક્ષમાદિ ગુણોથી સુધરે, પણ ક્રોધાદિ કષાયોથી નહિ.

તો આ જીવનમાં જો પરિણતિ સુધાર્યા વિના જીવન પૂરું કરીએ, તો એ કેટલી મોટી નુકસાની ? કેવી મૂર્ખતા અને મૂઢતા ! એવું મૂઢ મૂર્ખતાભર્યું જીવન ન જીવાય માટે તો સારા શ્રાવકો બને તેટલા કષાયો અને પાપોથી બચે છે. મોજશોખથી બચે છે, ફજુલ વાતોચીતો-વિકથા-કુથલીથી આઘા રહે છે, સમજે છે કે આ બધામાં આત્માની પરિણતિ સુધરવાની વાત તો દૂર, ઊલટું પરિણતિ બગાડવાનું થાય.

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" **વર્ષ-૨૧,અંક-૩૨,તા.૫-૫-૧૯૭૩**

ઋષિદત્તાનું જીવનગણિત આ છે કે,

માનવજીવન આત્માની પરિણતિ સુધારવા માટે છે.

તેથી એ કુમાર પતિને કહી રહી છે કે રુક્મિણીની ગઈ ગુજરી ભૂલી જાઓ અને અપનાવી લો. કેમકે એમાં એનું ભલું થશે એ વાત તો પછી છે; પરંતુ પહેલું

તો આપણે ગાંઠ છોડી નાખીને એને ક્ષમા આપવાની ઉદારતા કરવામાં આપણી ચિત્ત પરિણતિ સુધરે એ આપણું મહાન ભલું છે. નક્કર ભલું છે. પછી કદાચ આપણાં તેવા કર્મસંજોગે કાંક વેઠવાનું ય આવે, તો ય આ પરિણતિ સુધારવાનો ઊભો કરેલો લાભ તો આત્માના ચોપડે અંકિત થઈ ગયેલો મિથ્યા ન થાય કેટલું બધું સુંદર જીવનગણિત !

પરોપકાર કરવાનો તે પણ પહેલું તો આપણી ચિત્ત પરિણતિ સુધારવા માટે, યાને આપણા ભલા માટે.

આ જીવનગણિત એટલે કે જીવનભર ઊભું રાખવાનું ગણિત. એમાં પરોપકારમાં ય જો એમ, તો પોતાની દુનિયાદારીની પ્રવૃતિ અને ધર્મપ્રવૃતિમાં તો આત્મપરિણતિ ચિત્ત-પરિણામ-મનોવલણ સુધારતા જવાનું ગણિત જીવનભર ઊભું રાખવાનું હોય, એમાં પૂછવાનું જ શું ?

શું બાળપણ, યુવાની કે ઘડપણ, બધે જ આ હિસાબ કે મારે જીવવાનું છે તે પરિણતિ સુધારવા માટે જીવવાનું છે. કોઈ પૂછે,

જીવો છો શા માટે ? તો જવાબ આ, કે પરિણતિ સુધારવા માટે.

આ ધોરણ આ હિસાબ નક્કી કરી રાખો, સતત મન પર રાખો, પછી જુઓ કે ખાનમાં પાનમાં બોલમાં રહન-સહનમાં ધંધામાં વ્યવહારમાં બધે જ પરિણતિ ન બગડવા દેવાની લગન રહેશે, સાવધાની રહેશે, પ્રયત્ન રહેશે.

આ ગણિત નથી માંડી મૂક્યું એના જ વાંધા છે. તેથી સાંસારિક જીવન તો કલુષિત જીવાય છે, પણ ધર્મસાધનામાં ય શુદ્ધ ધર્મ નથી આરાધાતો. દાન કરીને માન જોઈએ છે એમાં માનકષાય અને લોભકષાય પોષાય એટલે પરિણતિ બગાડી ? કે સુધારી ?

સાધુને પણ જો વિદ્વાન થઈ માત્ર નામી વ્યાખ્યાતા થવું છે, પ્રખ્યાત પરોપદેશક થવું છે, તો એમાં પોતાની પરિણતિ સુધારવાનું લક્ષ ક્યાં રહ્યું ? 'ના, બીજાનું ભલું કરવું એ ધ્યાન છે.' પણ અલ્યા ! તારું તો જો. તારે પરિણતિ સુધારતા રહેવાનુ કાર્ય કાંઈ બાકી છે ? એ તો જો જો બાકી લાગતું હશે, તો પરને વ્યાખ્યાન કરતાં પણ પોતાની પરિણતિ સુધારતા જવાનું કામ પહેલું ચાલુ રહેશે.

માટે તો શાસ્ત્ર કહે છે, પરોપદેશથી પરને લાભ ન પણ થાય છતાં,

'ब्रुवतोऽनुग्रहबुद्ध्या वक्तुस्त्वेकान्ततो हितं भवति ।'

ઉપકારબુદ્ધિથી ઉપદેશ કરનારને તો એકાન્તે લાભ થાય છે. શુદ્ધ ઉપકારબુદ્ધિ છે એટલે પોતાને માનસન્માનાદિ કમાઈ લેવાનો કોઈ ઉદ્દેશ નથી. પોતાને જિનવચનરાગ, જિનાજ્ઞાપાલન વગેરેની ધગશ છે, એથી પોતાની પરિણતિ સુધરતી છે.

ઋષિદત્તાએ વરદાનનું માગવા સાથે જે તત્ત્વ ખુલ્લું કર્યું, એથી રાજકુમાર એની સમજાવટ પર સ્તબ્ધ થઈ મુગ્ધ થઈ જાય છે અને કહે છે, 'દેવિ ! તમારું વચન પ્રમાણ હો. તમો માગો છો તો મારાથી ના પડાય નહિ પરંતુ તમારા લાભનું કાંઈ માગ્યું નથી ?'

ઋષિદત્તા કહે, 'આ મારે ઓછા લાભનું છે ? લાભની બાહ્ય વસ્તુ તો મળેલી આજે છે ને કાલે નથી. તેમ એ કાંઈ આત્માનું ભલું કરતી નથી. ત્યારે આંતરિક લાભની વસ્તુ તો મળેલી આત્માની એક મૂડી બની જાય છે. રુક્મિણી પર દયા કરવામાં આ લાભ છે કે એના આત્માને સમાધિ મળે. દુર્ધ્યાન અટકે, અને પછી ઉન્નતિના રાહે ચડવા ઉલ્લસિત થાય. દિલમાં જો અસમાધિની આગ સળગતી હોય તો ઉન્નતિનો રાહ શું સૂઝે ? એટલે રુક્મિણી બિચારી આપની કૃપા પામીને સ્વસ્થ ચિત્તવાળી બને આત્મહિત સાધે એ ક્યાં ઓછો લાભ છે ? એમાં નિમિત્ત બનવામાં આપણને પણ મહાન લાભ જ છે.

વિશેષમાં પહેલા કહ્યું તેમ આપણા દિલમાં સામાને ક્ષમા આપવાની, દયા કરવાની જે પરિણતિ જાગે એ મહાન આંતરિક લાભની વસ્તુ છે. એ તો આત્માની મૂડી બને છે, જે પરભવે સાથે ચાલી વિશેષ ઊંચી પરિણતિ કમાવી આપી શકે છે. આ લાભ કેટલો બધો જબરદસ્ત લાભ કહેવાય ?

માટે આ જ મારો ખરો લાભ સમજી આપ રુક્મિણીને શીઘ્ર અપનાવી લો.

ઋષિદત્તાની આ લાભની દૃષ્ટિ ખાસ સમજવા જેવી અને ધ્યાન પર લેવા જેવી છે.

જડ પદાર્થોના મોહમાં એટલા બધા તણાવા જેવું નથી કે જેથી આત્માના પરિણતિ સુધારાના મહાન લાભને સરાસર વિસરી જઈએ.

આ ઉચ્ચ જીવન જડના લાભ માટે નહિ, પણ આત્માના લાભ માટે છે, એ ભૂલશો નહિ. ગુસ્સો કરીને સામા પર પ્રભાવ પાડી દેવો, સત્તા જમાવી દેવી, એ જેમ એક લાભની વસ્તુ લાગે છે, એમ આ જુઓ કે ગુસ્સો ન કરતાં ક્ષમા રાખવી, દયા-ઉદારતા કરવી, એ પણ એક મહાન લાભની વસ્તુ છે અલબત્ત એમાં આત્માને ગુણનો લાભ છે; પરંતુ એ જડ સત્તા-પ્રભાવના લાભ કરતાં કેઈગુણા ઊંચા લાભની વસ્તુ છે. શા માટે ઉતાવળા થઈ ગુસ્સો કરો ? મનને સમજાવો કે, 'શું જીવનમાં જડનો જ લાભ જોવા જેવો છે ? ક્ષમાદિ ગુણના અભ્યાસનો અને એથી નિર્મળ પરિણતિનો મહાન લાભ જોવા જેવો નથી ? એ લાભ પામવા જેવો નથી ?

લોભ કર્યો ને પૈસા લેવા ગયા. પુણ્ય હોય તો પૈસાનો લાભ મળી જાય; પરંતુ શું એમ કરી પુણ્ય વટાવી નાખવાનો જ લાભ લેવા જેવો ? ને એમ ન કરતાં

પુણ્ય સંઘરી રાખવાનો લાભ લેવા જેવો નથી ? એમ (૨) લોભનો ભાવ દબાવી સંતોષના ઉમદાભાવનો લાભ કમાવવા જેવો નથી ? વળી (૩) લોભ દબાવવાથી એની ધંધાદિની પ્રવૃતિ ન કરીએ એટલો સમય ધર્મધ્યાનમાં ગાળી શકીએ એ મહાન લાભ પણ લેવા જેવો નથી ? તેમજ (૪) લોભઅટકાવી ધંધો ન વધાર્યો એમાં ધંધાનિમિત્તના સાચા-જૂઠા, આરંભ-સમારંભ વગેરે પાપોથી બચાય એ પણ ક્યાં ઓછો લાભ છે ?

જૈન ધર્મ પામ્યા પછી એકલા જડના લાભ પાછળ પાગલ થવાનું ?
જૈન જીવન એટલે જડના લાભનું જીવન નહિ.

પર્વતિથિના દિવસે પણ મેવા-મીઠાઈ ન છોડવા એમાં મનગમતા ટેસ્ટના લાભ જુઓ છો, પણ પર્વતિથિએ એનો ત્યાગ રાખો તો એ મહાન આત્મિક લાભ છે, સત્વ ખીલવવાનો લાભ છે, એ શું કામ ભૂલો ? જૈન જીવન તો આત્મહિતના મહાન લાભનું જીવન હોય ; નહિતર તો એ જનજીવન બની જાય.

મળે એટલા રસ ભોગવવાનો લાભ લઈ લેવો એ તો જનજીવન છે. ત્યારે, ત્યાગ-સંયમ-નિસ્પૃહતાનો લાભ ઉઠાવતા રહેવું એ જૈનજીવન કહેવાય.

સારા પૈસા કમાયા એને સંઘરી રાખ્યા કે જાતના સુખમાં ઉડાવ્યા એ જનજીવન છે, જનસમાજ એવું જીવન જીવે જ છે. કમાયેલામાંથી ધર્મ ખાતે ખરચો એ જૈન જીવનની બલિહારી છે.

ઋષિદત્તા એ કહી રહી છે કે રુક્મિણીને અપનાવી લેવામાં આપણને મળેલી પુણ્યશક્તિ દયા-ક્ષમા-ઉદારતાના માર્ગે ખરચવાનો મહાન આત્મિક લાભ મળે છે.

કનકરથ કહે, 'બહુ સરસ તમારી વાત. એમજ કરવાનું એટલું ખરું કે તમારામાં અને એનામાં મોટું અંતર દેખાય છે.'

ઋષિદત્તા કહે,-'સ્વામી ! એમ વિચારીને શું કરશો ? આપણા જ હાથની પાંચ આંગળીઓ પણ ક્યાં એક સરખી છે ? છતાં એ દરેક આંગળીનું અલગ અલગ કાર્ય છે, અલગ મહત્ત્વ છે. માટે દેખીતી તરતમતા પર હતાશ થવાની કોઈ જરૂર નથી. ઊલટું

વસ્તુ-વસ્તુનું જો આગલું મહત્ત્વ જ જોઈએ તો મન પ્રસન્ન પ્રફુલ્લિત રહે છે. તરતમતા જોવામાં તો મન વ્યથામાં પડે.

ઋષિદત્તાનું આ તત્ત્વજ્ઞાન આજના વિષમ કાળમાં મનને પ્રસન્ન રાખવા બહુ ઉપયોગી છે. 'આજ મોંઘવારી બહુ, પૂર્વે કેટલું બધું સસ્તુ હતું ?' આમ વિચારી માણસ ફોગટ દુઃખી થાય છે. શું કામ આવી તરતમતાનો વિચાર કરવો ?

એ વિચારવાથી શું પરિસ્થતિ સુધરી જાય છે ? ના, એ તો આપણાં કર્માનુસાર ચાલવાની માટે એનું કશું મહત્ત્વ શોધી કાઢી એના પર દૃષ્ટિ રાખીએ તો મન પ્રસન્ન રહે.

શું આજની પરિસ્થતિમાં કશું મહત્ત્વ છુપાયેલું નથી ?

જરાક ઠરીને વિચારશો તો દેખાશે કે આજની પરિસ્થતિમાં પણ આ મહત્ત્વ છે, કે-

(૧) સસ્તીવારીમાં જે બહુ રંગરાગની મનને છૂટ રહેતી હતી, તેના પર મોંઘવારીમાં કાપ પડે છે, મન પર અંકુશ આવે છે, સંયમ કરવાનું થાય છે. તો કાયાની સગવડ ખોઈને મનને સંયમનો લાભ થતો હોય એ શું વધાવી લેવા જેવું નથી ?

(૨) વળી આજની પરિસ્થિતિ ભલભલાની અભિમાનને નીચે ઉતારે એવી છે. મૂઢ માણસની વાત જુદી પણ સમજદાર માણસ તો જોઈ શકે છે કે પહેલા કરતાં આજે ચારે કોર એવી સ્થિતિ ઊભી થઈ છે કે ભલભલાના હાથ હેઠા પડે ન ગમતા કેટલાય નિયંત્રણ છે ! ગુમાન ક્યાં રહે ?

(૩) વળી જુઓ કે આજની પરિસ્થિતિ પર ધર્મી જીવને સાવધાની આવે છે કે ગજા બહાર વણસતા આજના સંયોગોમાં તને કશું શરણ બચાવ મળે એમ નથી. શરણ એકમાત્ર દેવ-ગુરુ-ધર્મનું માટે એ શરણું લે; વિચાર કે, 'પ્રભુ ! આજે કાંઈ સૂઝ પડે એવું નથી. તેથી હું તો આપનો જ આભાર માનું છું. આપ જ તારણહાર છો. મારી મતિ કામ નથી કરતી. મારે આપનો જ સહારો છે મને સદ્‌બુદ્ધિ આપ્યા કરો.' આમ દેવાધિદેવનું સદ્‌ગુરુનું અને ધર્મનું જ શરણું સુઝાડે એવી પરિસ્થિતિનું મહત્ત્વ નહિ ?

Positive outlook વિધેયાત્મક દૃષ્ટિથી જોવાની જરૂર છે. તરતમતા જોઈ જોઈ હૈયુ બાળવાથી શો લાભ ? આજના સંયોગોમાં છૂપાયેલા મહત્ત્વ તરફ દૃષ્ટિ રાખીએ તો મન નિરાશ ન થાય, પ્રસન્ન રહે. એવું આપણાં જીવનને સ્પર્શતી અનેક બાબતોમાં તેનું તેનું મહત્ત્વ જોતા રહેવાથી મન પ્રસન્ન રહે છે. દા.ત. ઘરવાળાનો સ્વભાવ તીખો છે કે છોકરો અભિમાની છે. પણ એનામાં બીજુ કાંઈ સારું નથી ? મહત્ત્વ નથી ? એની કદર કરો ને તો સુખે જીવ શકશો.

ઋષિદત્તા આ કહી રહી છે કે રુક્મિણી અને મારામાં અંતર જોઈને શું કરશો ? એમાં મન હતાશ થશે એના કરતાં એનામાં ય જે મહત્ત્વ છે એ શોધી કાઢો, અને એના પર દૃષ્ટિ રાખી પ્રસન્ન રહો. એનામાં કાંઈ મહત્ત્વ જોવાથી મારામાં જે મહત્ત્વ આપને દેખાતું હશે એ કાંઈ ઊડી જવાનું નથી.

રાજકુમાર કનકરથ કબૂલ કરે છે. 'તમારી વાત સાચી છે. ખરું તત્ત્વજ્ઞાન તમે આપ્યું હવે એમ કરો, તમે જ એના પિતા પાસે જઈ વાત કરીને એને બોલાવી લાવો. મારી પૂર્ણ ખુશી કહેજો.'

ઋષિદત્તાને આનંદ આનંદ થઈ ગયો. એ ઊપડી રુક્મિણીના પિતા રાજા પાસે પ્રણામ કરીને કહે છે-

'બાપુ ! આપને અમારી એક વિનંતિ છે, રુક્મિણીને મોકલો અમારી સાથે રહેવા. અમે મંત્રણા કરીને નક્કી કર્યું છે કે એને પણ અમારી સાથે પ્રેમથી રાખવી'

રાજા આ સાંભળી સ્તબ્ધ થઈ જાય છે કે, 'આ શું કહે છે ! આવી મારી દુષ્ટ દીકરીને આમંત્રે છે ? તે પણ મારા તરફથી કશી વિનંતિ વિના ?' ઋષિદત્તાને કહે, 'દીકરી ! આ તું શું બોલે છે ? એટલી બધી દુષ્ટતા કરનારીને તમારી સાથે રાખવી છે ?'

ઋષિદત્તા કહે, 'કેમ ? એમાં શો વાંધો ? માણસ છે, તે કોઈવાર ભૂલ પણ થઈ જાય. પણ તેથી શું એ હંમેશ માટે નાલાયક બની જાય છે ? ભૂલ થવાથી તો હવે એને નક્કર સારું જીવવાનો નિર્ધાર થયો હશે.'

રાજા કહે, 'પણ એને એના ગોઝારા દુષ્કૃત્યની સજા શી મળી ?'

આ જવાબ કરે છે,-'બાપુ ! સજા ઓછી મળી છે ? દેવવાણીએ આટલું જાહેર થયું, લોકમાં એની બિચારીની ભારે હીલના થઈ, બહાર મોઢું બતાવવા જેવું ન રહ્યું, આ ક્યાં ઓછી સજા છે ? અને મહારાજા ! સજા આપણે શી કરીએ ? સજા તો કર્મસત્તા ભારે કરે છે. કર્મના દંડ જેવા દંડ કોણ દઈ શકે છે ? નરકમાં પરમાધામી પણ જે ત્રાસ નથી આપી શકતા એવા ત્રાસ કર્મ જીવને ત્યાં ભયંકર ગરમી, અસ્ત્રા જેવી ભૂમિ, ભયંકર ભૂખની વેદના, ભૂખ પર ખાવાની ઈચ્છા થતાં શરીરમાં સંક્રમતા પુદ્ગલોથી ઊભી થતી અવર્ણનીય લહાયો,..વગેરે વગેરે આપે છે. બેફામ રિબામણ કર્મ આપે છે.

આવા કર્મની જાલિમ દંડની સામે આપણે તો એ જાલિમ કર્મપીડાથી જીવની દયા કરવા જવી છે.

આવા ઉચ્ચ ભવમાં આપણું એ અહોભાગ્ય હોય કે આપણને દયા કરવાની તક મળે, ને આપણે કર્મપીડિત જીવોની દયા કરીએ. આપણે પોતે પણ કર્મથી બંધાયેલા જ છીએ ને ? એમાં આપણને તેવી જાલિમ કર્મપીડા વખતે શું દયાની અપેક્ષા નથી રહેતી કે,'આપણા પર કોઈ દયા કરે ?' પરંતુ બીજાને આપણે દયાથી ઠાર્યા વિના આપણે ઠરવાનું ક્યાંથી મળે ? માટે બાપુ ! **કર્મપીડિત આપણું કામ બીજા કર્મપીડિત જીવોને દંડવાનું નહિ પણ દયાથી ઠારવાનું છે.**

તેથી આપ જરાય હવે શંકા ન રાખો કે રુક્મિણી વળી કાંઈક અજુગતુ કરે.

આપને તો ધન્યવાદ ઘટે છે કે આપ આપની પોતાની દીકરીના ખોટા મોહમાં ને ખોટા પક્ષપાતમાં નથી પડ્યા. હવે અમો બંનેની આપના ચરણે નમ્ર વિનંતિ છે કે આપ રુક્મિણી પર દયા કરો, અને અમને એને અપનાવી લઈ એના પર હેત વરસાવવાની તક આપો.

ઋષિદત્તાની આ હૃદયની તત્ત્વવાણી સાંભળી રાજા ગદ્‌ગદ થઈ ગયો. 'અહો ! કેવું ઊંચુ ને ઉમદા આ તત્ત્વજ્ઞાન !

'દંડ તો કર્મ દે છે, આપણે દંડ શું દઈએ ? આપણે તો દયા જ કરવાની. દયા કરીએ તો ભવિષ્યમાં આપણને પોતાને કર્મ પીડા વખતે દયા મળે.

કેવું સુંદર તત્ત્વવિજ્ઞાન ! ઘોર અપરાધીને પણ એના અપરાધ ભૂલી વહાલથી અપનાવી લેવાની કેવી જબરદસ્ત ઉદારતા ! એક સ્ત્રીજાત ઋષિદત્તા, એના પર ઘોર વરસાવનારી રુક્મિણી ઉપર એની આટલી બધી ઉદારતા ? એ વિચારતાં વિચારતાં રાજાની આંખમાં પાણી આવી ગયાં. ઋષિદત્તાને કહે છે,-

'અહો ! અહો ! તમો બંનેનું અને વિશેષ તમારું કેટલું બધું ઊંચું ઉદાર દિલ ! તમે તો મને પણ જીવનપાઠ ભણાવ્યો ! ધન્ય ભાગ્ય મારા કે આવા તમારા જેવા સગા મળ્યા, જાઓ ખુશીથી રુક્મિણીને લઈ જાઓ.'

રુક્મિણી ગદ્‌ગદ બને છે :-

એમ કહીને રાજાએ રુક્મિણીને બોલાવી, અને એને ઋષિદત્તાએ કહેલી બધી વાત સંભળાવી.

રુક્મિણી પણ એ તત્ત્વવિજ્ઞાન અને ઋષિદત્તાની એટલી બધી ઉદારતા જોઈ સ્તબ્ધ થઈ ગઈ ! ઊભી થઈને એ ઋષિદત્તાના ચરણમાં માથું મૂકીને હાથ જોડી ગદ્‌ગદ સ્વરે કહે છે,-

'મોટા બેન ! મારા જેવી અધમાધમ પર આટલી બધી દયા ? આટલું બધું હેત ? આટલી બધી ક્ષમા ? મારાં પાપ તો એટલા બધા નીચ નરકગામી છે કે મારા સામે જોવાનું પણ ન હોય; એની જગ્યાએ મને સાથે રાખવાની દયા કરો છો. આપનો કેટલો ઉપકાર માનું ?' બોલતી બોલતી આંખમાંથી આંસુ સારે છે.

ઋષિદત્તા એને ઉઠાડીને છાતી સાથે ભેટી કહે છે, 'મારી બેન ! મનમાં કશું લાવીશ નહિ. ગઈ ગુજરી ભૂલી જા નવેસરથી મહાન જીવન જીવવાનો સંકલ્પ કર.

આપણે હજી જીવંત છીએ તે મહાન બનવા માટે જીવતા છીએ એ હંમેશા ધ્યાનમાં રાખ.

મહાન બનવા માટે સારું કરવાનું રહી ગયાનો ખેદ ન કરતાં હવે મહાનતાના

ઉપાયમાં લાગવું જોઈએ.

પડ, પિતાજીના પગમાં પડ, એમનો અતુલ ઉપકાર માન કે તને ઉત્તમ સંસ્કાર ધન આપ્યું છે. અને હવે તને ક્ષમા આપી મહાન બનવાની તક આપે છે.'

રુક્મિણી પિતાના પગમાં પડી ઉપકાર માને છે. રાજા એને આશીર્વાદ આપે છે કે 'તારું ભાગ્ય ચડિયાતું છે કે તને આવા ઉદારમનસ્ક પતિ કનકરથ રાજકુમાર અને આવી મહામના બેન ઋષિદત્તા મળ્યા છે. તું એમની કૃપાથી ઉત્તમ જીવન જીવ અને મહાન થજે.

રુક્મિણીને લઈને ઋષિદત્તા મુકામે આવી. રુક્મિણી પતિ કુમારના પગમાં પડી આંસુ સાથે ક્ષમા માગે છે, અને ખૂબ જ ઉપકાર માને છે કે 'મારા જેવી અધમ ઉપર આપ આટલી બધી દયા કરો છો !'

કુમાર એને કહે છે, 'આ બધો પ્રતાપ આ તારી મોટી બેનનો છે કે જે જંગલમાં ઊછરેલી છતાં શહેરીને ટપી જાય એવા વિવેક વિનય અને કેઈ ઉદારતાદિ મહાન ગુણોને ધરનારી છે. તું એના જીવનને આદર્શ બનાવી જીવન જીવજે.'

ઋષિદત્તાની ઉચ્ચકોટિની વિચારસરણી અને ઉમદા વર્તાવ ઉપર આખું વાતાવરણ પલટાઈ ગયું. બંને સાથે થોડો વખત ત્યાં રહી કુમાર હવે દેશ તરફ જવા તૈયારી કરે છે. સસરાએ રોકવા ખૂબ આગ્રહ કર્યો, પણ કુમાર 'પોતાના પિતાજી હવે ચિંતા કરતા હશે માટે જવું જોઈએ' એમ સમજાવીને ઋષિદત્તા રુક્મિણી અને રસાલા સાથે દેશ ભણી પ્રયાણ કરે છે.

સસરાએ પોતાની દીકરી પરણાવી છે. ઉપંરાત જમાઈ કનકરથ અને ઋષિદત્તાની મહાન વિશેષતાઓ જોઈ એમના પર અત્યંત આદરભાવ જાગ્યો છે, તેથી દાયજામાં, આગ્રહથી મોટો સરંજામ ભેટ કરે છે તેમજ મોટું લહાવ-લશ્કર વળાવામાં ઠેઠ સુધી કુમારને પહોંચાડવા મોકલે છે. એટલે હવે કાફલો ને વૈભવ વધી ગયા છે.

ગુણનાં સન્માન ગજબનાં હોય છે, માયાનાં સન્માન કુદરતનાં ગણિતમાં લાંબા ન પહોંચે :-

માણસ ગુણ વિના માયાજાળથી સન્માન લેવા જાય છે, ત્યાં કદાચ પૂર્વનું પુણ્ય હોય તો ઘડીભર દેખાય કે સારા સન્માન મળ્યા, પરંતુ કૂદરતના ગણિતમાં એ લાબું ક્યાં પહોંચે ? એવા માયાવી માણસ લોકના દિલની અંદર સારું સ્થાન નથી પામી શકતા જે ગુણસંપન્ન પુરુષો પામી શકે છે. ફટાટોપિયો છોકરો માબાપના દિલમાં જે સ્થાન નહિ પામે, એ ગુણસંપન્ન પુત્ર પામશે. સેવાભાવી પણ માયાવી નોકર શેઠનું દિલ નહિ આવર્જે, જે ગુણિયલ નોકર આવર્જશે વાચાળ અસંયમી

સાધુલોકના હૃદયનાં અંતસ્તલમાં નહિ બિરાજે, જે સંયમી બિરાજશે. કોરા ભાષણ કરનાર નેતાઓનું આજે લોકના દિલમાં કેટલું સ્થાન છે ? ત્યારે ઓછું બોલનાર પણ ગુણસંપન્ન નેકી નિસ્પૃહી કાર્યકર લોકદિલના ઉંડાણમાં ઊતરી જાય છે. કનકરથ અને ઋષિદત્તા ગુણસમૃદ્ધિમાં લોકના અને ઠેઠ રાજાના દિલમાં ઊંડે અંકાઈ ગયા છે. તો આગળ જુઓ કે હવે એ પોતાના પિતાના-સસરાના તથા પ્રજાના દિલમાં કેવું સ્થાન પામે છે.

કાફલો ઉપડ્યો કનકરથની નગરી તરફ, રસ્તામાં જ્યાં જ્યાં જિનમંદિરો આવે છે, ત્યાં ત્યાં પ્રભુની ધામધૂમથી ભક્તિ કરે છે. પૂજાના ઊંચા સામાન, સારા ગવૈયા-વાજિંત્રકારો વગેરે સાથે છે, એટલે જિનભક્તિમાં શી કમીના રહે ? એથી જનતામાં સુંદર શાસનપ્રભાવના થતી જાય છે. સ્થાને સ્થાને ધર્મસ્થાનોના ઉદ્ધારની જોગવાઈ, ગરીબોને દાન, સાધર્મિકોનાં સન્માન વગેરે પણ ચાલુ છે.

સંપત્તિનો જિનભક્તિ અને આવા બધા સુકૃતો સિવાય બીજો શો સદુપયોગ છે ?

કનકરથ પિતાને મળે છે :-

અંતે કનકરથ મોટા રસાલા સાથે પોતાના નગરની નજીક પહોંચ્યો. આગળથી માણસોએ જઈને એના પિતા રાજાને કુમાર પધારવાની વધામણી આપી છે; એટલે રાજા એનું મોટું સામૈયું સજાવી સામે આવે છે. અહીં તો રાજાએ પોતે પૂર્વે કુમારની સાથે ગણતરીનું લહાવ-લશ્કર મોકલેલ, એની જગાએ બહુ મોટા લહાવ-લશ્કરની સાથે કુમારને આવતો જોઈ રાજા હર્ષઘેલો થઈ જાય છે, મનને આશ્ચર્ય સાથે થાય છે કે વાહ ! શું કુમારનું પરાક્રમ !' કુમાર નજીક આવતાં પિતાના ચરણમાં ભક્તિથી ઝુકી પડી નમસ્કાર કરે છે. પિતા તરત એને ઉઠાડી છાતી સરસો ચાંપી માથે ચુંબન કરે છે. ઊછળતા હેતથી આંખ ભીની થાય છે, કહે છે,- 'કુમાર ! ભારે પરાક્રમ કરી આવ્યા ?'

કુમાર કહે,-'બાપુ ! એ બધો આપનો પ્રતાપ છે.'

કુમારને એની બે પત્ની સાથે હાથીના હોદ્દે બેસાડી નગરમાં પ્રવેશ કરાવે છે. સામૈયું મોટું ચડ્યું છે. માનવ-મહેરામણ ઊલટ્યો છે. નગર આખાને લોકોએ તથા રાજપુરુષોએ શણગારી દીધું છે. અટારીએ અટારીએ ચડી ચડીને લોક સામૈયું જુએ છે. એમાં ખાસ કરીને કુમાર અને એની પત્નીઓને જોવા માટે તલપાપડ, તે એ દૃષ્ટિએ ચડતાં ચકિત થઈ જાય છે કે આ તે માનવલોકના વાસી કે દેવલોકના ? જે પ્રસંગોમાંથી એ ત્રણ જે રીતે પસાર થઈને આવ્યા છે, એણે એમનાં નૂર વધારી દીધાં છે.

આફતમાં કેવા રહેવું ?:-

માણસ આફત વખતે

(૧) નિખાલસ પવિત્ર દિલ રાખે,

(૨) કશું અજુગતું ન કરી બેસાય એ માટે ધૈર્ય રાખે,

(૩) બીજાને બિલકુલ દોષ ન દેતાં, બીજાની લેશ માત્ર હલકાઈ ન જુએ, પણ

(૪) પોતાના ગત જન્મનાં કે આ જન્મનાં દોષ-ભૂલ-દુષ્કૃત્યનો જ વાંક જુએ, હલકાઈ જુએ, અને

(૫) એકમાત્ર પરમાત્માનું શરણું રાખે,

તો આફતમાંથી બહાર નીકળતાં, ભઠ્ઠીમાંથી જેમ સોનું શુદ્ધ સો ટચનું નૂરવાળું થઈને નીકળે, એમ માણસ પણ શુદ્ધ નૂરવાળો થઈને નીકળે. આ પરિણામ તરફ જોઈએ તો આફતમાં શી ગભરામણ થાય ?

લોકોના અપૂર્વ ઉત્સાહ અને સ્વાગત-વધામણાં પૂર્વક નગરમાં લહાવ-લશ્કર સાથે ફરીને કુમાર મહેલમાં આવી પહોંચે છે. ત્યાં પિતા હેમરથ રાજા પુત્ર કનકરથને એકાંતમાં પૂછે,-'કુમાર ! ઋષિદત્તા જીવંત શી રીતે ?'

રુક્મિણીનો સસરા આગળ ઈકરાર :-

ત્યાં રુક્મિણીએ તરત અવસર જોયો તે ઊઠીને સસરાના પગમાં પડી પ્રણામ કરીને પછી હાથ જોડીને કહે છે, 'બાપુ ! ઋષિદત્તાબેન તો તદ્દન નિર્દોષ હતા, તે નિર્દોષતાના પ્રભાવે મૃત્યુ પામેલા નહિ, માત્ર મૂર્છિત થઈ નીચે પડેલા, ને મારાઓ એમને મરેલા સમજી છોડી ગયેલા; એટલે જીવંત જ હોય ને ?' એમ કહી પછી પોતે સુલસા જોગણી દ્વારા કરાવેલ પ્રપંચથી માંડીને પોતાની અને કુમાર પાસેથી જાણેલી અત્યાર સુધીની બધી વિગત કહી સંભળાવી.

આ સાંભળીને રાજા ક્યાં ઊભો રહે ? કેમકે આમાં તો ઋષિદત્તાનું ધૈર્યથી યોગિરાજ બનવું કુમારનું એના તરફ આકર્ષવું, રુક્મિણી સાથેના લગ્ન બાદ રુક્મિણીએ કુમાર આગળ ખુલ્લા કરેલા પ્રપંચ પર કુમારનું ઋષિદત્તાના વિયોગે ચિંતામાં પડી બળી મરવા માટે જવું, યોગિરાજે એને બચાવી લેવો, ઋષિદત્તાના પ્રગટ થવા પર દેવતાઈ પુષ્પવૃષ્ટિ થવી, આકાશવાણીથી રુક્મિણી અને સુલસા જોગણીના પ્રપંચનો ભેદ ખુલ્લો થવો, રુક્મિણીનો એના પિતા તરફથી તિરસ્કાર થવો, અને જોગણીને દેશનિકાલ મળવો, ઋષિદત્તાએ રુક્મિણીને અપનાવી લેવાની કરેલી ઉદારતા,...વગેરે અવનવી હકીકતો રાજાને સાંભળવા મળી.

એમાં ખાસ કરીને ઋષિદત્તાનું મહાસતીત્વ મહાગુણસંપત્તિ, નિર્દોષતા ને દેવસન્માન જાણી રાજાનું ઋષિદત્તા પર હૈયું ઓવારી જવા સાથે પોતે એને કલંકિત જાહેર કરી કરેલ મૃત્યુંદડ સુધીની ભયંકર ભૂલ પર એ ભારે ખેદ અનુભવવા

લાગ્યો. તરત ઊઠીને ઋષિદત્તાની ક્ષમા માગે છે.

મારું તો મારા કર્મે બગાડેલું મારાં કોઈ એવા પૂર્વજન્મનાં દુષ્કૃત્ય હશે કે જેથી ઊભા થયેલ અશુભ કર્મના ઉદયે આવી પીડા આવી માટે આપે કશી ક્ષમા માગવાની હોય નહિ આપે તો મને આશીર્વાદ આપવા જોઈએ.'

રાજા કહે, 'વાત સાચી, પણ મેં ઉતાવળાપણાથી જે સાહસ કર્યું અને તમને ખોટા બેઆબરૂ કર્યા અને ખોટો મૃત્યુ સુધીનો દંડ દેવાની બુદ્ધિ કરી, એ મારી ભયંકર ભૂલ હતી. ખેર ! તમે તમારા મહાન ગુણોની સમૃદ્ધિ અને સતીત્વપણાથી ઝળકી રહ્યા છો એથી, એ કુમારને ચિતામા પડી બળી જતો અટકાવી જીવતદાન આપ્યું એથી, તમારા જેવા પુત્રવધુ મને મળવા પર હું મહાગૌરવ અનુભવું છું. તમે અંખડ સૌભાગ્યવંતા રહી મહાસુખસમૃદ્ધિ અને ઉન્નતિ પામો એમ હું હૃદયથી ઈચ્છું છું.'

રુક્મિણી કહે 'બાપુ ! મને આશીર્વાદ આપો.'

રાજા એને પણ કહે છે, 'ભાગ્યવતી ! તમારી ય ઉત્તમતા કેવી કે અહીં તમે જાતે તમારી દુર્ઘટના મને કહી સંભળાવી. તેમ જાતે નવેસરથી સુંદર જીવન જીવવાના ઉલ્લાસ-ઉત્સાહને ધરાવો છો. તમે પણ અંખડ સૌભાગ્ય સાથે મહા સુખ સમૃદ્ધિ અનુભવતાં મહાન ઉન્નતિ પામો, એમ હું ઈચ્છું છું.'

બંને જણ 'તથાસ્તુ આપનો મહાન ઉપકાર' કહી આશીર્વાદ ઝીલતા રાજાને પ્રણામ કરે છે. ત્યારે રાજા એમને 'સુખી થાઓ, સુખી થાઓ' એમ કહી વાત્સલ્ય વરસાવે છે. એમને પછી વિદાય કર્યા.

'મહાસતી ઋષિદત્તા અને ત્રીજી સંસાર ભાવના'

અહીં સુધી બધું સુખરૂપ પતી ગયું, પરંતુ હવે રાજા હેમરથ વિચારમાં ચડે છે કે, 'અહો ! સંસારની કેવી અવનવી વિચિત્ર ઘટનાઓ કેવી એ અણચિંતી આવે ! કેવા અકલ્પ્યના બહારના પ્રસંગો ઊભા કરે ! આ સંસાર ? ત્યારે જીવે શું જોઈને આવા ચિત્રવિચિત્ર સર્જનારા સંસારના ભરોસે રહેવું ? આમાં આત્માનું શું ભલું થાય ? સંસારની ગડમથલ તો જગતના અનંતાનંત જીવ કરી રહ્યા છે. પણ એમાં એમનું શું ભલું થાય છે ? જનમ-મરણ જનમ-મરણ ચાલ્યા જ કરે છે. એમાં બીજી કેટકેટલી ખરાબીઓ ચાલ્યા કરે છે ! કેવો આ સંસાર !

'શાંત સુધારસ-ત્રીજી સંસાર-ભાવના અને મહાસતી ઋષિદત્તા'

इतो लोभः क्षोभं जनयति दुरन्तो दव इवो-
ल्लसल्लामोम्भोभिः कथमपि न शक्यः शमयितुम् ।
इतस्तृष्णाऽक्षाणां तुदति मृगतृष्णेव विफला
कथं स्वस्थैः स्थेयं विविधभयभीमे भववने ॥

શાંતસુધારસ શાસ્ત્ર કહે છે,-

સંસારરૂપી જગંલમાં એક બાજુ લોભ દુઃખદ પરિણામદાયી દાવાનળની જેમ ખળભળાટ મચાવી મૂકે છે, એમાં ખૂબી એ છે કે એના પર ગમે તેટલા લાભના પાણી વરસે, છતાં એનાથી એ લોભદાવાનળ કેમે ય શમાવી શકાય એમ નથી. ત્યારે આ બાજુ ઈન્દ્રિયોની તૃષ્ણા, જે ખરેખર તો, ઝાંઝવાના નીરની જેમ નિષ્ફળ નીવડતી હોય છે, એ જીવને એ કેટકેટલી સતાવે છે ! આવા ભંયકર ભવ વનમાં સ્વસ્થ થઈને નિરાંત કરીને શી રીતે રહી શકાય ?

સંસારવનમાં કષાયોની આગ :-

સંસારમાં બે મોટા પાપ,-વિષય અને કષાય; અર્થ અને કામ. એમાં લોભાદિ કષાયોની આગો સળગતી જ રહે છે. એ દિલમાં ખળભળાટ કરી જ મૂકે છે. માણસ ને લોભ નથી જાગ્યો ત્યાં સુધી એ સ્વસ્થ હોય; પરંતુ જ્યાં અર્થનો એટલે કે સુખસાધન-પૈસાટકા-પરિવાર-માન-સન્માનનો લોભ જાગ્યો કે હૈયામાં સળવળાટ થવા માંડે છે. વનમાં દાવાનળ લાગે એટલે તડફડાટ, ધુમાડો, તાપ વગેરે શરૂ થાય છે, એમ દિલમાં લોભ જાગે ત્યાં 'આમ કરું ? તેમ કરું ?...' વગેરે તડફડાટ શરૂ થાય છે; 'કેમ મળશે ? ક્યાંથી મળશે ? મળશે કે નહિ ?...' વગેરે ચિંતા-આશા-નિરાશાનો ધુમાડો પ્રસરવા માંડે છે. દિલમાં ખેદ-સંતાપનો તાપ ઊભો થાય છે. મળવા પહેલાં ય સંતાપ, ને મળ્યા પછી ય 'એ બરાબર સચવાય, ને એમાં ઓછાશ ન થાય તો સારું, બગડે નહિ તો સારું...' વગેરે વગેરે રાગના ઘરના સંતાપ થવા લાગે છે.

જેવું લોભકષાયમાં, એવું ક્રોધ-અભિમાન વગેરે કષાયોમાં તડફડાટ-ધુંવો-તાપ વગેરે જાગી પડે છે. કોઈના પર ક્રોધ જાગ્યો એટલી જ વાર, કોઈ વસ્તુ પર દ્વેષ અરુચિ જાગી એટલી જ વાર, દિલ ખળભળવા માંડે છે; સંતાપ સળગે છે, મગજ તપે છે. સહેજ અહંત્વ, અભિમાન, બીજાની ન્યુનતા-હલકાઈ-દોષ દેખવા પર એના પ્રત્યે ઘૃણા-તિરસ્કાર વગેરે માન-કષાયનાં રૂપક જાગ્યા એટલી વાર, દિલ

ખળભળ્યું સમજો. પછી જાતવડાઈ, પર-નિંદા, નસકોરા ફુલવાં,...એવું એવું સળવળવા માંડે છે.

નોકષાયની આગ :-

ત્યારે કામવાસના કે હાસ્યની લાગણી, ભયની કે હરખ-ઉદ્વેગની લાગણી વગેરે પણ નોકષાય યાને કષાયોના ભાઈ છે. એ ય દિલમાં સળગવા માંડ્યા એટલે દિલની સ્વસ્થતા ગઈ, ખળભળાટ ચાલુ થયો જ છે. એની પાછળ ધુમાડાનું અંધારુ પ્રસરવા માંડે. એ ધુમાડામાં શુદ્ધ તત્ત્વદૃષ્ટિ જ્ઞાનપ્રકાશ, શાસ્ત્રસમજ, જ્ઞાનીઓની વાણી પરની શ્રદ્ધા,..વગેરેનાં અજવાળાં બાજુએ ફેંકાઈ જાય છે.

હાસ્યમાં તત્ત્વદૃષ્ટિ ડુલ :-

દા.ત. કોઈની ભૂલભાવ પર હસવું ઊભું થયું, તો એ તત્ત્વદૃષ્ટિ ગઈ કે, 'મારી જેમ આ જીવ પણ એક યા બીજા પ્રકારના કર્મની પીડા ભોગવે છે, એમાં સહેજે ભૂલભાલ થાય.' આ તત્ત્વદૃષ્ટિ, હાસ્ય ઊઠતાં ડૂલ થઈ જાય છે. એમ જડ પદાર્થની નવાઈ લાગવા પર હાસ્યની લાગણી જો ઊઠી, તો 'પુદગલના અવનવા ખેલ અનંતા કાળથી આ જગતમાં ચાલુ છે; પુદ્ગલની વિચિત્રતા જ એવી છે,' આ તત્ત્વદૃષ્ટિ ગાયબ થઈ જાય છે. તેથી એ વિચિત્રતાની ઉપર વૈરાગ્ય ઝળકવાનું તો દૂર; ઊલટું હાસ્ય-નવાઈ-આશ્ચાર્યનો આનંદ થઈ આવે છે.

વાસનામાં તત્ત્વદૃષ્ટિ ડુલ :-

ત્યારે વાસનામાં પણ શું છે ? સ્ત્રી પર સહેજ દૃષ્ટિ ગઈ કે એના રૂપરંગનો સહેજ વિચાર સ્ફુર્યો કે તત્ત્વદૃષ્ટિ ગુમ ! તત્ત્વદૃષ્ટિ તો એમ દેખાડે કે સ્ત્રી શરીરના ઉપરના અસ્તરની કોઈ વડાઈ નથી, જ્યાં એ શરીરમાં અંદરમાં ખદબદ ગંદવાડ ભર્યો છે, અને દિલમાં ભોગની આગ સળગી રહી છે. સ્ત્રીને એમ થાય કે, 'મારું રૂપ કોઈ જુએ. મારા ગાત્ર કોઈ જુએ. મારો આંખનો કટાક્ષ સામો દેખે' આ ભાવ દિલમાં રહે એ ગંદવાડ છે, અપવિત્ર ભાવ છે. પુરૂષ એ ગંદવાડને ધ્યાન પર ન લેતાં એના ઉપરના ગોરા રૂપરંગ કે ઉપરના મીઠા બોલ પર ઓવારી જાય, એ તત્ત્વદૃષ્ટિનો લોપ અને વાસનાનો ઓપ છે ત્યાં જ્ઞાનીઓના ઉપદેશ વિસરાઈ જાય છે.

ત્યારે 'ભય' ની લાગણીમાં ય શું છે ? ખળભળાટ, ધુમાડો, સંતાપ. દિલની સ્વસ્થતા ગુમ, જ્ઞાનીના ઉપદેશ ગુમ, તત્ત્વની દૃષ્ટિ અલોપ; ને સંકલ્પ-વિકલ્પોની સતામણી ચાલુ.

લાભથી લોભાદિ શમે નહિ પણ વધે :-

તાત્પર્ય, લોભ-ક્રોધાદિ કષાયો કે હાસ્ય-વેદાદિ નોકષાયો એ દાવાનળ જેવા છે. એ સંસારરૂપી જંગલમાં આ ચાલુ જ રહે છે. પાછું એ લોભને શાંત કરવા માણસ લોભની ચીજ મેળવવા જાય, મળે, લાભ થાય, ત્યાં હવે નવો લોભ ઊભો

થાય છે એટલે ? એ જ કે આ લાભના વરસાદ એવા વિલક્ષણ કે એના છંટકાવ પર લોભકષાયની આગ શાંત થવાને બદલે વધે છે. એમ ક્રોધાકષાયની ચળ ઉતારવા સામાની તરફ લાલ આંખ, કઠોર બોલ વગેરે અજમાવે, સામો દબાય, એટલે માનકષાય શરૂ; જાતવડાઈની લાગણી ઊભી થાય છે. ને સામો જો ન દબાયો, એણે સામનો કર્યો તો અહીં ક્રોધકષાય વધુ સળગવા માંડે છે.

મતલબ લોભાદિ કષાયોને એના પાત્ર વિષયથી શાંત કરવા જતાં કષાય પુષ્ટ થાય છે.

વિચારજો, જીવ અનંતાનંત કાળથી જુદા જુદા જનમમાં કષાયો જગાવવા-વધારવા સિવાય શું કરતો આવ્યો છે ? એના જ સંસ્કારોનો પ્રભાવ આ જીવનમાં દેખાઈ રહ્યો છે કે અહીં પણ જન્મીને જ્યાં જ્યાં જેવો મોકો મળ્યો ત્યાં ત્યાં તે પ્રમાણે ગુસ્સો, અભિમાન, માયા-પ્રંપચ, લોભ રાગ દ્વેષ વગેરે કરવાનું ચાલું છે; એની આગ સળગતી જ રહે છે. સંસારવનમાં એની દુર્લભતા શાની હોય ? સંસારમાં એ સહજ જેવી વસ્તુ છે. માટે તો જીવને કષાયોનું શિક્ષણ લેવું નથી પડતું જનમથી એ આવડે છે, માતાના ગર્ભમાંથી આવડે છે.

ગર્ભજીવને ય લોભ :-

જાણો છો ને પેલી ગર્ભવતી બાઈનો પ્રસંગ ? ગર્ભિણીબાઈને રસ્તામાં તોફાને ચડેલી ગાયે પેટમાં શિંગડું માર્યું. શિંગડાની અણી પેટમાં ઉંડાણ સુધી ઘુસી તે ગર્ભાશયને કાણું પડી ગયું. ગાય તો શિંગડું ખેંચીને ચાલી ગઈ. પણ ગર્ભાશયના કાણામાંથી ગર્ભના જીવની આંગળી બહાર નીકળી આવી. બાઈને ઈસ્પિતાલમાં લઈ ગયા. ડાકટરો મુંઝાયા કે એ આંગળી હવે અંદર શી રીતે નાખવી ? ગર્ભાશયનું ઓપરેશન થાય નહિ, નહિતર અપક્વ ગર્ભને બહારની હવા મળતાં ખત્મ થઈ જાય.

કુદરતની કેવી કરામત છે ? પેક ગર્ભાશયમાં જ નવ મહિના ગર્ભ રહે તો જ એ પરિપક્વ થાય. પરંતુ એમાં જીવને ગોંધાઈ રહેવું પડે એ દુઃખદ કેવું ? એ પાપોદય છે, છતાં એમાં જ જીવી શકાય છે એ પુણ્યોદય છે.

વિચિત્ર સંસાર જ આનું નામ કે જ્યાં પુણ્ય-પાપના મિશ્રિત ઉદય ચાલે છે.

એથી જીવને સુખ-દુઃખના મિશ્રિત અનુભવ મળે છે. એમાં ય જોશો તો એને સુખ કરતાં ઘણી વાતનું દુઃખ દેખાશે. કુવલયમાલા શાસ્ત્રમાં દેવગતિનાં દુઃખ વર્ણવતાં દેવતાનાં માનસિક ઈર્ષ્યાદિ દુઃખો એવા બતાવ્યા છે કે જે સુખને ખાઈ જાય. સુખ તો એની આગળ ફિક્કા અને અકિંચિત્કર બની જાય છે.

તમે જ તમારા જીવનમાં જુઓ તો દેખાશે કે જ્યારે કોઈ માનસિક ચિંતા-સંતાપ-ઈર્ષ્યા ખેદ વગેરે ઊપડે છે ત્યાં બાહ્ય સુખ બિચારા તમારા જીવને શાન્તિ નથી આપી શકતા. પકવાનના મીઠા રસનું સુખ તો ક્ષણભર, પણ પેલી કોક

હૈયામાં ઘૂસેલી ચિંતા કલાકો અને કદાચ દિવસો સુધી હૈયાને કોરી ખાતી હશે.

ત્યારે જીવનમાં ચિંતાઓ ત્યાં લેવા જવી પડે એવી છે ? જીવને જેટલી બહારની ઉપાધિ વધારે, એટલી ચિંતા વધુ. એટલે જ કુદરતે જુઓ કેવું રાખ્યું છે ? ઉપર ઉપરના ઈંદ્રને ચિંતા ઓછી રખાવી વધુ સુખમાં મગ્ન રાખવા છે માટે એની હકુમતના વિમાનની સંખ્યા ઓછી ઓછી. પહેલા દેવલોકના ઈન્દ્રને ૩૨ લાખ વિમાનની માલિકી પણ બીજા દેવલોકના ઈન્દ્રને ૨૮ લાખ વિમાનની માલિકી, ત્રીજાને વળી બાર જ લાખ, ને ચોથાના ઈન્દ્રને માત્ર આઠ લાખ વિમાન શું આ ?

ઉપાધિ ઓછી તેમ ચિંતા ઓછી, ને સુખ વધારે.

તમે આ સમજતા નથી એટલે એકને બદલે પાંચ બંગલાના માલિકને વધારે સુખી સમજો છો. વધારે મિલો વધારે સુખી સમજો છો. વધારે મિલો વધારે મોટરો હોય એ વધારે સુખી, એમ તમને લાગે છે. પરંતુ ખરી રીતે એવાને માનસિક દુઃખો વધુ હોય છે. ઉપાધિનો સ્વભાવ જ એવો કે ચિંતા કરાવે. એક સવાલ થશે.

પ્ર.- તો પછી ભિખારી પાસે કોઈ ખાસ ઉપાધિ નથી તો એ શું સુખી છે ?

ઉ.- ના, એના મનમાં ઉપાધિ ઘણી બેઠી છે, એટલે એ સુખી ક્યાંથી હોય ? આ ઉપાધિ ચીજ જ એવી, કે એ મનમાં પણ પેસે તો દુઃખ-સંતાપ ઊભાં કરે. મધ્યમ સ્થિતિના માણસો શ્રીમંત કરતાં ખરી રીતે વધારે સુખી હોય; પરંતુ એમના મનમાં ઉપાધિ બહુ પેઠેલી હોય છે એટલે દુઃખી થાય છે; 'વધુ પૈસા, વધુ દુકાનો, વધુ કારખાનાં, વધુ મોટર-બંગલા વગેરે ઉપાધિમાં વધારે સુખ' એવી અજ્ઞાનદશાની માન્યતામાં અટવાય છે, એ પછી દુઃખથી દૂબળા કેમ ન બનાવે ? હાલતાં ચાલતાં મનને લાગ્યા કરે છે કે, 'હાય! આપણી પાસે આ અનુકૂળતાઓ નહિ ! આપણે હીનભાગી ! આવું લાગ્યા કરે ત્યાં દુઃખ જ વધ્યું.

જીવને બાહ્ય ચીજ સુખ આપે એના કરતાં પોતાના આવા માનસિક ખરાબ વિકલ્પોથી એ વધારે દુઃખી થાય છે.

એથી ઊલટું, માનસિક સારા વિકલ્પ બાહ્ય દુઃખને નહિવત્ કરી દે છે.

શાલિભદ્ર શ્રીમંત સુખી ? કે શાલિભદ્ર મુનિ સુખી ?

બોલો, શાલિભદ્ર અને સનત્કુમાર ચક્રવર્તી ચારિત્ર લઈ મહામુનિ બન્યા ત્યાં એમણે મુનિપણાંમાં વધારે સુખનો અનુભવ કર્યો હશે ? કે એ પહેલાં ગૃહસ્થપણામાં વધારે સુખનો અનુભવ કર્યો હશે ? તમારી અજ્ઞાન દશાના હિસાબે હિસાબ માંડતા નહિ. એમની ઉભય અવસ્થાનું સ્વરૂપ જોજો. મુનિ બનીને જો દુઃખે દૂબળા પડતા હોત તો કાં એમાં આગળ વધી કે ટકી શક્યા ન હોત, યા ટક્યા તો સંકલ્પ-વિકલ્પ-હાયવોયમાં જીવ હારી જઈ દુર્ગતિમાં ઘસડાઈ ગયા હોત. દુઃખે દૂબળા પડ્યા હોત તો બીજાને સલાહ આપતે કે, 'ભાઈ ! જો જો અમારી જેમ આંધળિયા

કરી સંસાર છોડતા નહિ; નહિતર અમારી માફક દુઃખી થઈ જશો.' પણ કહો એવું કશું હતું જ નહિ. એ પૂર્વની શ્રીમંતાઈ કે ચક્રવર્તીપણા કરતાં ખરેખરા સુખી હતા, લાખો-કરોડો ગુણા સુખને અનુભવતા હતા; તેથી નિત્ય પ્રસન્ન-પ્રફુલ્લિત રહી અધિકાધિક તપ-સંયમની કષ્ટમય આરાધના કર્યે જતા.

આરાધનાના બાહ્ય કષ્ટનાં દુઃખને આંતરિક માનસિક શુભ વિકલ્પનું સુખ ખાઈ જાય છે અકિંચિત્કર બનાવી દે છે.

વાત આ છે,-ઉપાધિ વધારે તેથી ચિંતા અને દુઃખ વધારે.

મુનિપણામાં ઉપાધિની લપ ગઈ, માટે દુઃખ ગયાં. બાકી સંસારમાં એ ઉપાધિઓથી સુખ કરતાં દુઃખ વધારે. સંસારમાં બાહ્યમાં પણ પુણ્ય-પાપના મિશ્રિત ઉદય; એટલે ચોક્ખાં સુખ મળે નહિ, દુઃખમિશ્રિત સુખ મળે. એમાં ય બહુ થોડા જીવોને દુઃખમિશ્રિત સુખ વધુ; બાકી ઘણાને તો સુખમિશ્રિત દુઃખ ઘણું. સુખ નામનું, ને દુઃખનાં પોટલાં ! સંસાર આ છે, એવા સંસાર પર તમને ગ્લાનિ નહિ ને ?

ગર્ભની આંગળીનું શું ? :-

પેલી બાઈના ગર્ભના જીવને પેકગર્ભાશયમાં જીવંત રહી મોટા થવાનું સુખ ખરું, પણ ગોંધામણનાં દુઃખ ઘણાં. પેક ગર્ભાશયમાં જ જીવી શકે તેથી અપક્વ-અવસ્થામાં ગર્ભાશયનું ઓપરેશન કદાચ નહિ; શિંગડાની અણી લાગવાથી પડેલા કાણાંમાંથી ઠેઠ બહાર નીકળી આવેલી આંગળીને અંદર કેમ ઘાલવી એ ડોકટરોને પ્રશ્ન થઈ પડ્યો.

ત્યાં એક બુદ્ધિમાન કિમિયાગર આવી કહે છે, 'તમે તમારાં ટેભાં મારવાનાં સાધન હાથમાં તૈયાર લઈ ઊભા રહો હું આંગળી અંદર ઘાલી આપું છું. આંગળી અંદર જાય કે તરત ટેભાં મારી દેજો.' ડાકટરો તૈયાર થઈ ઊભા.

બસ, એણે હવે શો કિમિયો કર્યો ? એણે જીવનો જન્મસિદ્ધ સુખનો લોભ અને દુઃખનો દ્વેષ, લક્ષમાં લીધો. એણે દિવાસળી સળગાવી એની ઝાળ એ આંગળી પાસે લઈ ગયો તરત ગર્ભની અંદરના બાળકે 'હાય ! આંગળી બળશે !' એ બળવાના દુઃખના દ્વેષ અને ઠંડકમાં રહેવાના સુખના લોભથી આંગળી ઝટ અંદર ખેંચી લીધી ડાકટરોએ તરત જ ટેભાં મારી દીધા.

જીવને લોભકષાય કયારનો? કોણ શિખવાડે ? કશું જ નહિ કહો, જન્મસિદ્ધ. શું, અનાદિનો લોભ છે. સંસાર એટલે આ લોભાદિ કષાયોના સતત સળગતા દાવાનળનું વન. એમાં ય જીવ પાછો એ જાગેલા લોભને શાંત કરવા લોભની વસ્તુ મેળવવા જાય; ને વસ્તુ મળે; તો શું લોભની આગ શમી જાય ? ના, એમ જો એ શમતી હોત તો તો ઘણી નિરાંત થઈ ગઈ હોત.

પરંતુ અનંતા કાળ વહી ગયા, જીવે અનંતીવાર વસ્તુઓ મેળવી, એટલે કે

લોભની આગ પર વસ્તુ પ્રાપ્તિના અનંતા વરસાદ વરસાવ્યા છતાં હજી લોભની આગ બુઝાઈ ગઈ નથી.

લોભની આગ કેમ બુઝાય ?

લોભની આગ વિલક્ષણ છે. એ વસ્તુપ્રાપ્તિના વરસાદથી કેમે ય ન બુઝાય એ તો ત્યાગ, વૈરાગ્ય, વિરતિ, નિસ્પૃહતાથી બુઝાય. સંસારને બરાબર તપાસી જુઓ, ઓળખી લો, તો આ સ્પષ્ટ દેખાઈ આવશે કે વૈરાગ્યમાં ઝીલનારાને લોભ કાબૂમાં આવે છે; ત્યાગ કરતા જનારને, વ્રત નિયમ સેવનારને, અને નિસ્પૃહવૃતિ વધારનારને લોભ સંકોચાય છે, ઓછો થતો આવે છે આવો કોઈ અનુભવ કરવો નથી, પ્રયોગ આદરવો નથી, પછી લાખો શું કરોડો રૂપિયા મેળવો ને, ભાણામાં પાંચ શું, પચીસ ચીજ લો ને, મોટર એક નહિ પાંચ વસાવો ને, લોભની આગ શમાવી રહ્યા. એટલું જ નહિ, પણ લોભ એ ત્યાગ-વૈરાગ્ય-વ્રતનિયમાદિથી શમે છે, એ સત્ય પણ દિલમાં નહિ જચે !

સંસારવનમાં માત્ર લોભાદિ કષાયોની આગ જ નથી, કિન્તુ પાંચે ઈન્દ્રિયોની એના વિષયોની તૃષ્ણા-લગન-લત-જીવ-મરગલાને સતાવ્યા જ કરે છે. મૃગલો વૈશાખ-જેઠના તડકામાં પાણીની આશાએ દોડતો જાય, દૂરથી મૃગજળ જુએ, ખુશી થાય કે 'હાશ ! હવે આ પાણી મળ્યું સમજ;' પરંતુ દોડીને પાસે જતાં જુએ તો ખાલી જમીન છે. પાણીનું એક બિંદુ નથી. પણ ત્યાંથી આગળ જુએ તો વળી દુર ઝાંઝવાનું દેખાય, એટલે મરગલું પાછું દોડે ! પણ શું મળવાનું નિષ્ફળ દોડ્યા કરવાનું તૃષા મટે નહિ એમ, જીવ સંસારવનમાં ઇંદ્રિયોની તૃષ્ણા પાછળ વિષયોમાં ભટક્યા કરે, એક વિષય, પછી બીજો વિષય, હમણાં એક સ્ત્રીનું રૂપ જોયું, પછી બીજીનું જોયું, પછી ત્રીજીનું જોયું, આ રૂપદર્શનની દોટમાં ક્યાંય તૃષ્ણા શાંત ? ના રે ના, તૃષ્ણા તો ઊભી ને ઊભી જ. ઇંદ્રિયોની વિષયોમાં તૃષ્ણા એમ કાંઈ મટે નહિ. કહો,

હરણિયાને ઝાંઝવાના નીરથી તૃષા મટે તો ઇંદ્રિયોને વિષયોથી તૃષ્ણા મટે.

તો પછી વિષયોમાં ઈન્દ્રિયની દોટથી શું વળ્યું ? કશું નહિ, હરણિયાને આગળ આગળ મૃગજળ તરફની દોટથી તૃષા વધતી વધતી અંતે એ લોથ થઈ મરે છે, એમ ઇંદ્રિયોની વિષયો તરફની દોટથી તૃષ્ણા વધતી ચાલતાં, અંતે જીવ ઘડપણમાં લોથ થઈ મરે છે. પણ હરણિયાને તો મોતે તૃષાનો અંત આવ્યો; ત્યારે જીવને મોત પછી ય ઇંદ્રિયતૃષ્ણાનો અંત ક્યાં છે ? બીજા ભવમાં એ તૃષ્ણા લઈ સિધાવે છે. ત્યાં ફેર નવી ઇંદ્રિયોની તૃષ્ણા ચાલુ, તે શમાવવા વિષયો તરફ દોટ શરૂ કરી દે છે. આમ અનંતા કાળ વીત્યા આ ગડમથલમાં તૃષ્ણાનો અંત આવ્યો નહિ, તે અહીં પણ જનમથી જ વિષયતૃષ્ણાનો અનુભવ કરીએ છીએ.

સંસાર જ આનું નામ કે જ્યાં ઇંન્દ્રિયોની વિષયતૃષ્ણા વિષયોથી મટે જ નહિ.

વિષયદોટ શાથી ? :-

વિષયો પોતે જ સંસાર છે; એનો સ્વભાવ જ નહિ કે તૃષ્ણાને મટાડે. ઝાંઝવાના નીરનો સ્વભાવ જ નહિ કે તૃષ્ણા મટાડે. પૂછો,

પ્ર.- તો પછી શું જોઈને જીવ હજી પણ વિષયોની પૂંઠે પડતો હશે ?

ઉ.- આનાં બે કારણ, એક અવિરતિ અને બીજું મિથ્યાત્વ. વિષયો તરફની દોટમાં થોડું ચાટવા મળે છે ને ? એથી ક્ષણભર આનંદ મળે છે ને ? એ આનંદ એ અવિરતિ. એમાં પાછું એ ભાન નહિ કે, "જેમ ખરજવું ખણવાના ક્ષણભર આનંદની પાછળ ચળનો અંત નહિ આવે લહાય ને રોગ વધશે; એમ વિષયો ચાટવાના ક્ષણિક આનંદ પછી ઇંદ્રિયોની તૃષ્ણાની લહાય વધવાની, કર્મના રોગ વધવાના."- આ ભાન નહિ ઊલટું, ભાન એ કે, "વિષયોથી આનંદ મળે છે માટે વિષયો માલદાર, જીવનસર્વસ્વ, જીવન એની પૂંઠે જ ગાળવા જેવું" આવું ઊંધુ ભાન એ મિથ્યાત્વ.

જીવની પામર દશા કેવી ? :-

આ મિથ્યાત્વ અને અવિરતિ ઊભા હોય એટલે ધરાર તૃષ્ણાનો રોગ વધતો ચાલતો હોય છતાં જીવ તુચ્છ ને ક્ષણિક વિષયોના આનંદમાં વિષયોની દોટ છોડી દેવા તૈયાર નથી. જીવની પામર દશા તો એ છે કે આવા વિષમય સંસારની ભયંકરતા સમજાવનારું જિનશાસન મળ્યું છતાં 'વિષયો સુખકારી' એ મિથ્યાબુદ્ધિ મિથ્યાત્વ છોડવા તૈયાર નથી !

બોલો, હૈયે આ સચોટ લાગ્યું છે કે, 'વિષયો દુઃખ ભર્યા. વિષયોની તૃષ્ણા ઝાંઝવાના નીર જેવા વિષયોથી કદી ન મટે. માટે એવા વિષયો પૂંઠે દોટ એ મૂર્ખતા.' આવું લાગ્યું છે ? અરેરે ! હજી મારે ક્યાં આ તૃષ્ણા રોગ ? મારે ક્યાં આ ગોઝારા વિષયો સેવવા પડે છે ? એમ દૂબળા પડો છો ? જો એ હૈયે લાગે ને દૂબળા પડાય તો (૧) વિષયત્યાગના વ્રત-નિયમોમાં હોશેં હોંશે અવાય; (૨) પર્વતિથિ હોંશે હોંશે વ્રત-તપ-જપ-પ્રતિક્રમણાદિ સુંદર આરાધાય. (૩) આશ્રિતોને પણ આના બોધપાઠ ભણાવતા રહેવાય. (૪) રોજ ભાવના રહે કે, 'ક્યારે આ વિષયોની લોથથી ભરેલા સંસારને છોડું ! ને તૃષ્ણાનો રોગ મટાડું !...'

રાજા હેમરથને વૈરાગ્ય :-

પરંતુ ગોઝારા વિષયોની સેવામાં મનથી દુબળા પડવાનું ક્યાં છે ? પેલા રાજા હેમરથે પોતાના પુત્ર કનકરથ અને એની બે પુત્રવધુ ઋષિદત્તા અને રુક્મિણીનો ગજબનો વૃતાન્ત સાંભળ્યો, એના પર એના મનને એમ થયું કે, 'અહો! આ

સંસારની કેવી દુર્ઘટનાઓ ! જીવની એમાં કેવી પામર કંગાળ અને પરાધીન દશા ! તો હું શા સારુ હજી સુધી આવા વિષમ સંસારને વળગી બેઠો છું ? શા સારુ ગોઝારા વિષયોની તૃષ્ણા અને સેવા રાખી રહ્યો છું ?' રાજાનું મન વિષયો-રાજ્યપાટ વગેરેમાં દૂબળું પડે છે.

માણસને પૈસા જાય તો એ દૂબળો પડે છે, શરીર માંદુ પડે તો દૂબળો પડે છે, કુંટુંબી આડો ફાટે ને દૂબળો પડે છે. બધે દૂબળો પડે, પણ વિષયોની લોથ અનંતા કાળથી કરવી પડી, તે અહીં પણ એ જ વેઠ ? એમ દૂબળા પડવાનું ક્યાં છે ?

રાજા હેમરથ આમાં દૂબળો પડે છે મનને ભારે ખેદ-ગ્લાનિ થાય છે. એમ રાજા હેમરથને વૈરાગ્ય સારો જાગ્રત થઈ ગયો. એણે પછીથી કનકરથને બોલાવી કહ્યું,-

પાપભર્યો સંસાર જ કરીને ક્યાં જવાનું ?:-

'જો ભાઈ ! હવે મારી ઉંમર થઈ, સંસારમાં આમ ને આમ અનંતો કાળ વહી ગયો. આ જીવનના પણ વરસોના વરસો ગોઝારા વિષયોની લોથમાં વહી ગયા. હવે હું મારા આત્માનું કલ્યાણ સાધવા સંસાર-ત્યાગ કરી ચારિત્રમાર્ગે જઈશ. માટે તું આ રાજ્ય સ્વીકારી લે, જેથી મારા માથેથી એનો ભાર ઊતરી જાય.'

કુમાર કહે 'પિતાજી ! આ શું કહો છો ? આપના વિના મારે શી રીતે જીવવું ? આપ માથે છો તો હું નિશ્ચિત છું.'

રાજા કહે,-'ભાગ્યવાન ! હું ક્યાં સુધી બેસી રહેવાનો હતો ? જન્મેલાને મૃત્યુ તો આવે જ છે. તો ઠેઠ જિંદગીના છેડા સુધી જો મારે સંસારનું જ સંભાળવાનું હોય તો પછી મારા આત્માનું ક્યારે સંભાળવું ? અને તું જાણે છે કે સંસાર તો પાપભર્યો જ છે. તો એ જ કરીને જીવન પૂરું કર્યા પછી જીવે ક્યાં જવાનું ? તું તારી નિશ્ચિંતતા જુએ, પણ મારી પરલોક-ચિંતા કેમ નથી કરતો ? માટે આગ્રહ રહેવા દે. હવે મને મારા આત્માનું સાધવા દે. તું રાજ્યભાર ઉપાડી લે.'

કનકરથનો રાજ્યાભિષેક :-

એમ કરીને રાજાએ કનકરથને સમજાવ્યો. કુમારમાં પણ દાક્ષિણ્યગુણ છે, પિતાની પરલોકચિંતા સમજે છે, તેથી હૃદય દુઃખિત છે છતાં, વાત સ્વીકારી લે છે. સારા મુહૂર્તે કનકરથનો ધામધૂમથી રાજ્યાભિષેક કરવામાં આવ્યો. પછી તો પિતા રાજાને સંસારત્યાગની તૈયારી છે. એટલે કનકરથ પોતે જ આખા નગરમાં જિનમંદિરોમાં અઠ્ઠાઈ મહોત્સવ કરાવે છે. નગરમાં જિનભક્તિની ધામધૂમ મચી ગઈ; વળી દાનનો પ્રવાહ ચાલ્યો; એટલે સહેજે લોકોમાં એક નવો ઉત્સાહ આવી ગયો. બીજી બાજુ મંદિરોમાં ભક્તિસંગીત, તેમજ બહારમાં ગાયકમંડળીઓના ભજનગીતોના કાર્યક્રમો, મંદિરોમાં વિશિષ્ટ કોટિની ભવ્ય અંગરચનાઓ તથા બીજા

અનેક પ્રકારના દર્શનીય શોભા-શણગાર...એ બધાથી નગરવાસીઓમાં આનંદોત્સવની રંગરેલ જામી પડી. નવમે દિવસે ધામધૂમથી દીક્ષાનો વરઘોડો કાઢવામાં આવ્યો.

પછી હેમરથ રાજાએ શ્રી ભદ્રાકરસૂરિ પાસે ચારિત્ર ગ્રહણ કર્યું. આવા મોટા રાજાએ છતી રાજ્યસંપત્તિ વગેરેનો ત્યાગ કરી ચારિત્રમાર્ગે સિધાવ્યું, એટલે એની સાથે કેટલાય શ્રીમંત-મધ્યમ-સામાન્ય નગરવાસીઓએ પણ રાજાની સાથે જ સંયમમાર્ગ સ્વીકાર્યો. એક મહાશ્રીમંત કે રાજાના સંસારત્યાગની બલિહારી છે, એ મહાન શાસનપ્રભાવક બને છે, કેઈ આત્માના હૈયાં હચમચાવી મૂકે, કેઈના દિલમાં વૈરાગ્ય જગાડી દે. કેઈને ત્યાગના શૂરાતન પ્રગટાવી દે.

પાશ્ચાત્ય દેશો પાસે ઈંદ્રિયતૃષ્ણા મટવાનું ક્યાં છે ?:-

આ બધો આર્ય ભૂમિનો અને આર્ય સંસ્કૃતિનો પ્રભાવ છે. અનાર્ય દેશોમાં પાશ્ચાત્ય દેશોમાં આ વૈરાગ્યત્યાગ ક્યાં જોવા મળે ? ત્યાં રાજાઓ કે મહાશ્રીમંતોના સંસારત્યાગ શાના ? અતિ પ્રાચીન કાળથી આર્ય ભૂમિ પર આ થતું આવ્યું છે માટે આર્યસંસ્કૃતિ જગતમાં ઉન્નતિના શિખરે રહી છે. આનો તમને વિચાર નથી એટલે પાશ્ચાત્ય દેશોની નરી ભૌતિક લીલાઓ પર અને ભૌતિક સંપત્તિ પર ખોટા ઓવારી જાઓ છો, ને દૂબળા પડો છો કે, 'હાય ! આપણને આવી લીલા નહિ ! આવી સંપત્તિ નહિ !'

વિચાર તો એ કરો કે એ લોકોએ ગમે તેવી શોધો કરી, ગમે તેવા રેડિયો-ટેલીવિઝન-વિમાન-મશીનરી વગેરે ઊભું કર્યું , પણ એમાં ઝાંઝવાના નીરની તૃષ્ણા જેવી વિષયોની તૃષ્ણા વધી કે ઘટી ?

વિજ્ઞાને બધું શોધ્યું, પણ ઈંન્દ્રિયોની તૃષ્ણા મટવાનું શોધ્યું ?

ઈંદ્રિયોને નવી નવી ખણજ જાગે, તૃષ્ણા જાગે, એને પોષવા તૃપ્ત કરવા વિજ્ઞાને નવનવા સાધન ઊભા કર્યા, પરંતુ એ ખણજ, તૃષ્ણા તદ્દન શાંત થઈ જાય, ઈંદ્રિયો સ્વસ્થ-શાંત-શીતલ બની જાય. એવી કઈ ચીજ આજના વિજ્ઞાન પાસે છે ? જડ વિજ્ઞાન પાસે એ હોય નહિ. એ તો ચેતન આત્માનાં તત્ત્વજ્ઞાનીની પાસે જ હોય. પણ પાશ્ચાત્ય દેશો પાસે એ તત્ત્વજ્ઞાન નહિ. ત્યારે આર્યદેશમાં એ લાખો ક્રોડો વરસોથી ચાલી આવે છે. માટે રાજા જેવા પણ સંસાર ત્યજી ચારિત્ર લે છે, ને આર્ય જનતા પર એનો ગજબ પ્રભાવ પડી એમાંથી કેટલાયને એને અનુસરતા કરાવે છે. રાજા હેમરથને એમ ચારિત્રમાં કેટલાય અનુસર્યા ભવ્ય આર્ય સંસ્કૃતિનો આ પ્રભાવ.

હવે રાજા હેમરથ મુનિ-મહર્ષિ બન્યા પછી શું કામ બાકી રાખે ? એ ચડ્યા તપ તપવામાં પોતાની કાયા પર એ કેર વર્તાવે છે. ચાર ને આઠ, આઠ ને પંદર,...એમ ઉપવાસ કર્યે રાખે છે કાયા સુકાતી જાય એમ આનંદ માને છે કે

'હાશ ! કાયા સારી આત્મ-લાભમાં ઊતરી રહી છે. આનાથી બીજો શો સારો ઉપયોગ હોય ?' હવે રાજાની દૃષ્ટિ ફરી ગઈ છે. સંસારનું વિચિત્ર સ્વરૂપ જોઈ દિલ એ વિચિત્રતાથી સંસાર પરથી ઊભગી ગયું છે.

વિચિત્ર સંસારને હવે પોષવો નથી, તો સંસારની ચીજ કાયાનાં હવે લાલનપાલન શા ? એને તો આત્માના મહાન લાભમાં ઉતારવાની.

તૃષ્ણાનો પગદંડો ઊભો, તો ચારિત્ર શા કામનું ?:-

આ દૃષ્ટિ રાજામુનિની બની ગઈ છે તેથી ચારિત્ર-જીવનમાં એ શું કામ કાયાની માયા રાખે ? એ તો એક જ જુએ છે કે શું કાયાને અનુકૂળ અનુકૂળ આપતા રહેવામાં કાયાની અને ઈન્દ્રિયોની તૃષ્ણાનો પગદંડો ઊભો રહેતો હોય, તો ચારિત્ર શા કામનું ? તૃષ્ણા ઊભી એટલે સંસાર ઊભો.'

બસ, આ હિસાબ પર તૃષ્ણાને કાપવા માટે કાયાનાં લાલનપાલન પડતાં મૂકી રાજા હેમરથમુનિ મોટા તપ-આચરણ પર ચડી ગયા. સાથે સંયમનું વિશુદ્ધ પાલન છે, અને શાસ્ત્રસ્વાધ્યાય તથા તત્ત્વચિંતન અને ઉચ્ચ ભાવનાનો સત્ વ્યવસાય છે. એથી મહાન કર્મનિર્જરા સાધી રહેલ છે, બીજી બાજુ કર્મ ક્ષીણ થતાં ચાલ્યાં. અંતે કેવળજ્ઞાન પામી સર્વ કર્મનો ક્ષય થતાં એ મોક્ષ પામ્યા.

માનવજીવન જીવ્યા, ને શ્રેષ્ઠસાર ન પામી જઈએ તો જીવ્યાની આવડત શી ?

હવે જુઓ કનકરથ રાજા બન્યો છે; પણ તત્ત્વવેત્તા પુરુષ છે, એટલે રાજાપણાની ઠકરાઈનો એને રસ નથી, રસ છે માત્ર જોવાનો કે પ્રજાનું હિત કેમ થાય, ને એ અનર્થથી કેમ બચે, તેથી એ પ્રમાણે જ એ તંત્ર ચલાવે છે. મંત્રીઓ પણ એને ઓળખી ગયા છે, એટલે એની વૃતિ પ્રમાણે કાર્યભાર સંભાળે છે. આમ ન્યાય અને પરોપકાર-ભર્યું તંત્ર ચાલી રહ્યું છે. મૂળ કારણ-રાજાની તત્ત્વદૃષ્ટિ છે, અને સત્તા-વિલાસનો રસ નથી,-એ છે. માણસ ન્યાય, પરોપકાર અને પવિત્ર સુકૃતો કેમ ભૂલે છે ? કારણ આ જ કે તત્ત્વદૃષ્ટિને બદલે એ મોહદૃષ્ટિમાં ડૂબે છે, અને એને સત્તા-સન્માન તથા વિષયવિલાસમાં ઝેર પીવાનો રસ હોય છે.

સિંહરથ પુત્ર-જન્મ :-

કનકરથ રાજાને મોહદૃષ્ટિ નથી. સત્તા-સન્માન-સંપત્તિના ઝેરી રસ નથી, તેથી ન્યાય-પરોપકાર સુકૃત કરતો રહે છે એમાં એને ઋષિદત્તાથી એક પુત્ર થાય છે. પુત્ર ગર્ભમાં આવતાં માતાને સિંહનું સ્વપ્ન આવેલ; જાણે સિંહ આકાશમાંથી ઊતરીને એના મુખમાં દાખલ થઈ પેટમાં જઈને સ્થિર થાય છે ! આવા સ્વપ્નને લીધે પુત્ર જનમતાં એનું નામ સિંહરથ પાડવામાં આવે છે. તે પણ રાજ્યમાં મોટો જન્મોત્સવ મનાવીને અને એમાં રાજાએ અઢળક દાન કરીને તથા પ્રજાને નિર્દોષ ભારે મનોરંજન કરાવીને એટલે પ્રજામાં આનંદ મંગળ વર્તાઈ જાય છે.

રુક્મિણી પાપનું વારણ કેવી કેવી રીતે કરે છે :-

પુત્ર સિંહરથને ઋષિદત્તાના જેટલા લાડ મળે છે એના કરતાં રુક્મિણીના વધુ લાડ મળે છે. કારણ, રુક્મિણીને પોતાના પાપનો ખ્યાલ છે, ભારે પશ્ચાત્તાપ છે, એટલે એ અહીં આવ્યા પછી પાપનાં વારણ કરવા માટે ઋષિદત્તાની ભારે સેવા ઉઠાવી રહી છે, એમાં આ પુત્ર જનમ્યો એટલે આને પ્રેમથી નવરાવી દેવામાં એને વળી વધારે પાપવારણ દેખાય છે. એમાં પણ સિંહરથ ઉંમરે વધતાં રુક્મિણી એકલા લાડ જ નહિ, પણ સુંદર ગુણોના સંસ્કાર આપે છે, કળાનાં શિક્ષણ આપે છે. બધું (૧) પાપ ખાતાને સાફ કરવા માટે, અને (૨) પાપના ભયંકર જાત-અનુભવ પર પાપથી બાળકને બચાવી લેવા માટે.

જીવનમાં સેવાઈ ગયેલ ભારે પાપના સાચા પ્રશ્ચાત્તાપ થાય છે ? તો
(૧) એની પાછળ પાપનાં વારણ કરવા બહુ કરી છુટવાનું મન રાખો, ને
(૨) બીજાઓમાં પાપની અટકાયતની મૈત્રી ભાવના કરો.

પાપના વારણ માટે ખૂબ સુકૃત કરવાનું મન રહે. દ્રઢપ્રહારીએ પોતે કરેલ ઘોર હત્યાઓમાં પાપના વારણમાં પાપભર્યા સંસારનો સર્વથા ત્યાગ કર્યો. ઉપરાંત નક્કી કર્યું કે, 'પાપ યાદ આવે તે દિવસે ઉપવાસ કરવો.' વધારામાં એ નગરના દરવાજા બહાર કાઉસ્સગ્ગ ધ્યાનમાં રહેતા, કે જ્યાં એમના પર લોકો તરફથી ટોણાં-મેણા-તાડન-તિરસ્કાર વરસતા, પાપ કરેલા પર નજર સામે પોતાને પોતાની ભયંકર અધમતા તરવરતી, તેથી આ લોકફિટકાર નહિવત્ લાગતો. એ દિલમાં ખરેખરા પશ્ચાત્તાપની આગ હતી ને એવી રીતે પાપનાં વારણ કરવાનું કરાય ત્યાં પાપની જડ ઊખડી જાય એમાં નવાઈ નથી.

અહીંની પાપબુદ્ધિ પૂર્વના પાપશલ્યનું પરિણામ છે.

નહિતર તો પાપના શલ્ય દિલમાં બેઠા રહ્યા પછી એ અનેક જન્મારા સુધી પીડ્યા કરે, જીવને પાપિષ્ઠ બન્યો રાખે. અહીં જો આપણા જીવનનાં પાપબુદ્ધિ, પાપની લેશ્યા, સતાવ્યા કરતી હોય તો સમજવું જોઈએ કે પૂર્વ જીવનનાં પાપશલ્યોનું પરિણામ છે. પૂર્વે પાપના એવા પશ્ચાત્તાપ અને આલોચનાથી વારણ નહિ કરેલા તેથી શલ્ય આત્મામાં ખૂચેંલા રહી ગયા. તે અહીં પાપલેશ્યાને સુલભ બનાવે છે. પાપબુદ્ધિ જ સહેજે જાગે, ધર્મબુદ્ધિ નહિ. માટે પાપલેશ્યાનાં પણ વારણ કરવાની જરૂર છે. એ ખૂબ ખૂબ ધર્મશ્રવણ-ધર્મવાંચન-ધર્મભાવના-ધર્મબોલ અને ધર્મપ્રવૃતિથી થાય.

પાપનાં વારણ માટે મૈત્રીભાવના આ કરવાની કે મારા આશ્રિતો પાપથી બચો. એમનાં જીવન પાપથી સહેજ પણ ખરડાઓ નહિ ને એ રીતે એમનું ભલું થાઓ. જાતનાં પાપનો સળગતો પશ્ચાત્તાપ છે તો સહેજે પોતાના આશ્રિત પાપથી બચે એવી એમના ભલાની ભાવના રહે. એવું બીજા જીવોના પણ ભલાની ભાવના

રહે; પણ વધારામાં આશ્રિતને પાપથી બચાવી લેવાની કરુણા થાય; કેમકે એ પોતાના હાથની વસ્તુ છે.

આ જીવનમાં જ આ બધું સારું કરી લેવાની ઉત્તમ તક સમજી રાખવાની છે. 'અહીંથી પશ્ચાત્તાપ-પ્રાયશ્ચિત્તાદિ દ્વારા પાપ હેઠાં ઉતારી દિલ જેટલું હળવું લઈ જવું હશે એટલું લઈ જવાશે..' એ બરાબર રોજ યાદ કરતા રહેવાનું. આર્ય મનુષ્ય સિવાયના બીજા કયા ભવમાં આ તક હોય ?

થોડો ઘણો ધર્મ કરીને દેવલોકમાં ગયા, પણ પાપના શલ્ય સાથે લેતા ગયા તો ત્યાં ધર્મ નહિ સૂઝે, રંગરાગ-લોભ-ઈર્ષ્યા વગેરેમાં મન ખૂંચેલું રહેશે. ત્યાં પાપશલ્યનો ઉદ્ધાર અને પાપવારણની બુદ્ધિ કયાંથી લાવે ? ત્યારે જો અહીં પાપનાં ભારે વારણ કરી પાપનાં શલ્ય ઊખેડી દિલ ફોરું કરીને દેવલોકમાં ગયા તો ત્યાં ધર્મ સૂઝે, વૈરાગ્યનો રંગ રહે, એટલે શરૂઆત તો અહીં જ કરવાની રહી.

રુક્મિણીને પોતાના જાલિમ પાપ નજર સામે તરવરે છે, એટલે એનાં વારણમાં ઋષિદત્તાની ખૂબ સેવાભક્તિ કરે છે, ભારે વિનય-સન્માન કરે છે; અને હવે એના પુત્ર સિંહરથને ખૂબ પ્રેમથી અપનાવવા સાથે એનામાં સારા સંસ્કાર નાખવાનું કરે છે. એમ કરતાં સિંહરથ સારો ઘડાતો મોટો થાય છે.

વિખરતા વાદળા પર તત્ત્વવિચારણા :-

એક વાર એવું બન્યું કે રાજા કનકરથ ઋષિદત્તા સાથે મહેલના ઝરુખામાં બેઠો છે. ત્યાં જુએ છે તો આકાશમાં વાદળ ચડી આવ્યાં અને એણે આકાશને ઘમઘોર ઢાંકી દીધું. પરંતુ થોડી વારમાં જે પવન છૂટ્યો કે એણે વાદળોને વેરવિખેર કરી નાખ્યા. એ જોઈ રાજા વિચારમાં પડ્યો કે,

'આ શું ? હમણાં વાદળોની ઘનઘોર ઘટા, ને ક્ષણવારમાં વાદળો વેરવિખેર ! ત્યારે સંસારમાં આયુષ્ય, સંપત્તિ અને પરિવારની ય શી દશા છે ? આ જ કે હમણાં એ બધા આવી મળેલા દેખાય ને જોતજોતામાં ઊડી જાય છે ! ત્યારે જીવ શું જોઈ એના પર આસ્થા રાખીને બેસી રહેતો હશે ?'

રાજાનું મન વૈરાગ્યમાં ચડ્યું, મન સંસાર પરથી ઊભગી ગયું. રાતના ઋષિદત્તાની સાથે આની વિચારણા કરે છે ઋષિદત્તાને રાજા કહે છે,-

'આજે પેલી વાદળની ઘનઘોર ઘટા જોઈ ને ? કેવી એ એકાએક વિખરી ગઈ ?'

ઋષિદત્તા કહે 'હા, પણ પવનનો સપાટો ચડે એટલે તો વાદળને વિખેરી જ નાખે ને ?'

'વિખેરી નાખે એ સાચું પરંતુ ઘટા ચડી ત્યારે આપણને કલ્પના હતી કે આવું બનશે ?

'તે આપણી કલ્પના બહારનું તો જગતમાં ઘણું ય બને છે. એમાંની આ વસ્તુ પણ ગણાય.'

રાજા પૂછે છે, 'તો પછી આપણાં જીવન પર પણ કલ્પના બહાર યમરાજનું આક્રમણ આવી શકે ને ? આપણે ધારી બેઠા હોઈએ કે હજી તો જીવતા છીએ, ને જીવન હજી પણ આગળ ચાલ્યા કરશે. આવું ધારી બેઠા છતાં અચાનક ન ધાર્યું ન કલ્પ્યું મૃત્યુ આવીને ઊભુ રહે ને ?'

ઋષિદત્તા કહે 'હા, એમેય બને '

'તો પછી એના અંગે આપણે કશું વિચારવાનું નહિ ? મૂંગે મોઢે મૃત્યુને શરણે થઇ જવાનું ?'

'એ તો ભલભલા ઇંદ્રને ય મૃત્યુવશ તો થવું જ પડે છે ને ? એમાં મૂંગે મોઢે શું ?

રાજા કહે મૂંગે મોંઢે એ કે મૃત્યુની તૈયારી વિના સવાલ આટલો જ છે કે **જીવન જીવવું એ અણધાર્યા મૃત્યુની તૈયારી રાખીને જીવવું કે 'આવજે તું અણધાર્યું, હું તૈયાર છું ?' ડહાપણ શેમાં ?**

ઋષિદત્તા સરળ સ્વભાવની છે. એ કહે છે, 'ડહાપણ તો તૈયારી રાખીને જીવવામાં. કેમકે આવી ઊભુ રહે તો મનને કશો વિખવાદ નહિ કે 'હાય ! આ ક્યાં એકાએક આવ્યું' ત્યાં તો મન કહે કે 'આ તો મેં ધારી જ રાખ્યું હતું કે આ અણધાર્યું આવવાનું ઊલટું એક રીતે જોઉં તો આ પહેલાં ન આવ્યું એ આશ્ચર્ય છે. બાકી મેં તો પહેલેથી ધારેલું જ હતું કે આજ આવે કાલ આવે.'

કનકરથ કહે, 'તો પછી એ કહો કે એવી તૈયારી શી રીતે થાય ? શું ચાલુ જીવન જીવીએ છીએ એમાં તૈયારી છે ખરી કે ભલે ક્ષણ પછી મૃત્યુ આવે, મારે કશી ચિંતા નથી ? મરીને ક્યાં જઈશું એની તો મોટી ફિકર હોય.'

'પણ ફિકર રાખીને શું કરવાનું ?અહીંથી ક્યાંક જવું તો પડવાનું જ.'

'એમ નહિ,

મૃત્યુ પછીની ફિકર કાં નઘરોળ નાસ્તિક જેવાને ન હોય, યા પરલોકની સારી તૈયારી વાળાને ન હોય.

સારી તૈયારી એ કે જીવન નિષ્પાપ અને તપસંવરના ઉત્તમ સુકૃતોથી ભર્યું જીવાય. જીવન આવું જીવતા રહીએ એટલે મોક્ષ યા સદ્‌ગતિ નિશ્ચિત; પછી મૃત્યુ ગમે ત્યારે આવો તો ય ચિંતા નહિ, અને આવીને ઊભું રહે તો પણ ચિંતા નહિ કે હું ક્યાં જઈશ ?

ઋષિદત્તા કહે 'તો પછી અત્યારે આપણે જે રીતે જીવી રહ્યા છીએ એમાં તો મૃત્યની ને પરલોકની કશી તૈયારી ન ગણાય.'

રાજા કહે 'તો મારે એ જ કહેવું છે કે વાદળની ઘનઘોર ઘટા એકાએક અણધારી વિખરાવાની જેમ આ જીવન એકાએક અણધાર્યું પડી જવાનું છે. માટે એ પડે એ પહેલાં આપણે જીવનને પાપરહિત બનાવી દેવું જોઈએ અને એકાંત સુકૃતોની આરાધનામાં લાગી જવું જોઈએ અને સંસારમાં બેઠા રહીને પાપથી નહિ બચાય એ તો સંસાર-ઘરવાસનો ત્યાગ કરાય સંયમ-જીવન અપનાવાય તો જ પાપથી બચાય. ઘરવાસમાં તો ડગલે ને પગલે પહેલું તો ષટ્કાયજીવ-સંહારનું જ મોટું પાપ. સાથે કેઈ પ્રકારના પરિગ્રહ, વિષયસંગ અને રાગ-દ્વેષ અંહત્વાદિનાં પાપ ચાલુ. મુનિ જીવનમાં એમાંનુ કશું નહિ, ને પછી તપ-સંવરના ભરચક એકલા સુકૃત જ સુકૃત સેવવાના મળે. બોલો એવું જીવન જીવતા રહીએ પછી ચિંતા હોય કે 'હાય ! મૃત્યુ અણધાર્યુ આવ્યું ? અરે ! તો હવે મારે કયાં જવાનું ?' ના, આવી કશી ચિંતા નહિ બસ, આનું નામ મૃત્યુની સાચી તૈયારી કહેવાય.'

ઋષિદત્તા કહે છે, 'આપ કહો છો એ તદ્દન સાચું છે. આ જોતા ચાલુ જીવન તો બેકાર જીવન છે એમાંથી કશું સારું નીપજવાનું નહિ.'

આમ વાતો કરતાં અને પછી વૈરાગ્યની બીજી કેટલી ય વિચારણાની આપ-લે કરતાં રાત્રિ પસાર કરી. સરળ હૃદયના જીવો, ઘનઘોર મેઘઘટાના એકાએક વિખરાવામાં સંસારની વિચિત્રતા અને જીવનની અનિત્યતાનું સહેજ તત્ત્વ મળવા પર ચાલ્યા વૈરાગ્યની વિચારધારામાં.

તમને ય આજે આવા એક યા બીજા પ્રકારના અચાનક અણધાર્યા પ્રસંગ બનતા જોવા કે સાંભળવા નથી મળતા ? શું એમાં સંસારની વિચિત્રતા અને જીવનની અનિત્યતાનું તત્ત્વ નથી દેખાતું ? તો બોલો, એના પર વૈરાગ્યની એવી વિચારધારા ચાલે છે ? ના; કેમ નહિ ? કહો, દિલની એવી સરળતા નથી.

જીવ સરળ હોય તો વિષયોથી બંધાયેલા મુક્ત મને તત્ત્વ પર વિચાર કરે.

મનને જો વિષયોની સંસારના તુચ્છ સુખોની, ભારે આસક્તિ છે, તો એ તત્ત્વ પર વિચાર કરવાની વાતમાં વાંકુ ચાલવાનું. વિષયો સાથે ને ધન-માલ-પરિવાર સાથેં ગંઠાઈ રહેલું મન તત્ત્વવિચારણામાં ગતિ ક્યાંથી કરી શકે ? પાણીમાં રહેલ નાવડાનું લંગર નાગરું જ્યાં સુધી કિનારાના કીચડમાં ગંઠાયેલું હોય ત્યાંસુધી એ નાવડાને પાણીમાં ગમે તેટલાં હલેસાં પણ મારો, છતાં એ આગળ શાનું ચાલે ?

જ્ઞાનીઓનાં વચન કે જગતના અણધાર્યા પ્રસંગો એ હલેસાં છે, મનને તત્ત્વ વિચારણામાં આગળ ને આગળ લઈ જાય પરંતુ જીવની વક્રતા એવી કે પોતાના મનની વિષયો સાથેની ગાંઠ છોડવી નથી પછી એ તત્ત્વવિચારણામાં આગળ શી રીતે ધપે ? બાકી જો વિચારવું હોય તો તો સંસારની વિચિત્રતા અને દુઃખદતા પર બહુ વિચારી શકાય એમ છે.

शांतसुधारस शास्त्र संसारभावना कहे छे,
गलत्येका चिन्ता भवति पुनरन्या तदधिका,
मनोवाक्काये हा विकृतिरतिरोषात्तरजसः ।
विपद् गर्तावर्ते झटिति पतयालोः प्रतिपदं,
न जन्तोः संसारे भवति कथमप्यर्तिविरति :॥

'विचित्र संसारमां जीवनी केवी दुर्दशा छे ? हमणां जीवने एक चिंता ओछी थई त्यां वळी बीजी एथी अधिक चिंता ऊभी थई ज छे. हाय ! जीवना मन-वचन-कायामां विकार ज वर्त्या करे छे; भेगी करेली कर्मरजनां अति रोषथी एने डगले ने पगले आपत्तिओना कूवाना चकावामां पडवानी तैयारी होय छे. आवा जीवने संसारमा केमे य पीडानो अंत आवतो नथी.'

संसारनी आ पहेली विचित्रता के जीवने एक चिंतामांथी बहार नीकळता ए एथी आधिक बीजी चिंतामां पटके.

पैसा नहोता, तो पैसा लावववानी चिंता थई, एटले साथे धंधो-धापो-नोकरीनी चिंता करवी पडे छे. एमां पैसा मळ्या. पैसानी चिंता ओछी थई, त्यारे हवे ए पैसानो क्यां क्यां उपयोग करवो ? क्यां वधारे ने क्यां ओछो उपयोग करवो ? क्यां नहि करवो ? केटला खरचवा ? केटला राखी मूकवा ? क्यां राखी मूकवा ?..' वगेरे वगेरे चिंता जागे छे. ए पेली पैसा लावववानी चिंता जागे छे. ए पेली पैसा लावववानी चिंता करतां वधी गई. आजना श्रीमंतोमां आ देखाय छे. पैसा लावववानी चिंता करतां ए पछीनी चिंता मोटी छे. त्यारे मध्यम माणसोने पण आजनी भीषण मोघवारीमां जमे-उधार, आवक-जावकना मेळ मेळववा भारे चिंता छे. सस्तीवारी हती त्यारे बचत साचववानी मोटी चिंता हती.

"दिव्य-दर्शन"-"प्रवचन महोदधि" **वर्ष-२१,अंक-३४,ता.१९-५-१९७३**

एम छोकरो मळवानी चिंता हती, पुत्र जनम्यो, 'ए चिंता टळी पण हवे एने पाळवा-पोषवा-ऊछेरवानी चिंता मोटी जागे छे. एने भणाववानी चिंता, एमां सारो डिग्रीधर बनाववानी चिंता, ने ए मटी एटले ए ठेकाणे पाडवानी मोटी चिंता जागे छे. नोकरी-धंधो लगाड्यो, परणाव्यो, एनी चिंता मटी, हवे ए केम आज्ञांकित अने सेवाकारी बन्यो रहे एनी अधिक चिंता रहे छे. एमां वांधो-वचको देखातां संतापनो पार नथी रहेतो, त्यां जो ए अनुकूळ वर्ते तो हवे एना प्रत्येनी लागणीथी एना बाळ-बच्चानी चिंता ऊभी थाय छे; एना अने बैरीना

સ્વાસ્થ્ય વગેરે અંગે મન ચિંતાતુર રહે છે.

સંસાર આનું નામ; કોઈ ને કોઈ ચિંતા ઊભી કરે, એ મિટાવવા જહેમત કરાવે. એમ એ ચિંતા મટતાં વળી અધિક ચિંતામાં ઉતારે. ચિંતાની એક ચીજ બની આવી એટલે મન પછી એમાં એવું કેન્દ્રિત થઈ જાય છે કે ભમરો ઈયળની આસપાસ ગુંજ્યાં કરે એમ મન એની આસપાસ ગુંજ્યા કરે છે. એટલે આમાં જીવને ક્યાં જંપ વળે ? અને ક્યાં પોતાના આત્માની તરફ દૃષ્ટિ નાખવાનું ય બને ?

વૈયાવચ્ચી નંદીષેણ મહામુનિને જાણો ને ?

નંદીષેણ મૂળ એવા માબાપનો છોકરો કે, નાની ઉંમરમાં એનાં મા-બાપ મરી ગયાં, સગાવહાલા કોઈ સંભાળનાર નથી. નંદીષેણ નો'ધારો બની ગયો. માગી-તાગીને પેટ ભરે છે, પણ તે કેટલું ચાલે ? માલ વિનાનો અને એકલો, એનો કોણ ધડો કરે ? છેવટે હારી થાકીને ત્યાંથી બીજે ગામ મોસાળમાં ઊપડ્યો, કે મામો આવીને એને લઈ ગયો. ઘરે રાખ્યો, એટલે હવે માગી-તાગીને ખાવાની ચિંતા મટી. મામાને ઘેર નિરાતે ખાવા મળે છે તો શું હવે એને નિશ્ચિન્તતા થઈ ? ના અધિક ચિંતા જાગી.

અધિક ચિંતા આ થઈ કે,'અહીં બેઠાબેઠ ખાવાનું કેટલું નભશે ? મામો કેટલું સંઘરશે ? માટે આ ઘરનું કામકાજ સંભાળું જેથી મફતમાં ખાવાનું ન ગણાય.' થયું, હવે ઘરના કામકાજની ચિંતા કરે છે પૂર્વે માગીને ખાવાની એક ચિંતા હતી, અહીં ઘરકામકાજની અનેક ચિંતા કરવી પડે છે ખેર, કામકાજ સંભાળતાં મામો એના પર પ્રસન્ન રહે છે તો હવે ચિંતા મટી ?

ના, હવે ચિંતા એ જાગી કે 'મને ગરીબને કન્યા શી રીતે મળે ? મળે તો મામાની લાગવગ-હોશિયારી-પ્રયત્ન પર મળી શકે. પોતાનું પંડે તો કશું ગજું દેખાતું નથી. ત્યારે મામો ય કાંઈ એવો શ્રીમંત નહિ, કે એના મોઢા પર આ ભાણેજને કોઈ ઝટ કન્યા દેવા આવે. એટલે મામાએ ખટપટ કરવી પડે. પરંતુ મામો એવી ખટપટ મારા જેવા ગરીબ માટે શું કામ કરે ? આ ચિંતા ઊભી થઈ હવે ખાવું-પીવું-કામકાજ સંભાળવું, એમાં મન શું લાગે ?

સંસારની ચિંતા જ એવી છે કે મનને એમાં પકડી રાખી બીજામાંથી મનને ઉઠાડી મૂકે. છોકરો હવે એ ચિંતામાં છે કે 'મામો કેમ અધિક પ્રસન્ન થાય અને મારું ધારે !' પહેલા ખાવાની ચિંતા નાની હતી પછી કામકાજની મોટી વિશેષ પ્રસન્ન કરવાની યાને પોતાની તરફ વિશેષ લાગણીવાળો કરવાની ચિંતા વધી ગઈ, તે આમાં હવે એ મામાના ઘરનું કામકાજ સંભાળી લે છે; એમાં ય તનતોડ મહેનત કરે છે ભૂલભાલ થાય, મામાનો મામીનો કે મામાની સાત છોકરીઓનાં ટોણા-ટપકાં

મળે તો શાંતિથી સહી લઈ ઉપરથી હાથ જોડી કહે છે, 'ખરી વાત તમારી. મારી ભૂલ થઈ માફી માગું છું.' મોં હસતું રાખી ટોણો ગળી ખાય છે મજૂરી બરાબર કરે છે. શું આ બધું ? સંસારની ચિંતા.

ધર્મની ચિંતા નહિ એવી સંસારની ! :-

સંસાર કેવો છે ? મનને એકેક વિષયમાં એવો જકડી-પકડી રાખે કે એક વિષયની ચિંતા મટી કે બીજા વિષયની એથી અધિક ચિંતામા જીવને તરબોળ બનાવી દે. જીવને મોક્ષમાર્ગ ધર્મ સાધવાની જે ચિંતા નહિ, એવી સંસારના ઈષ્ટ વિષય સિદ્ધ કરવાની ભારે ચિંતા ! સેવા-વિનય-ભક્તિ વગેરેથી દેવ-ગુરુને પ્રસન્ન કરવાની ચિંતા નહિ, એવી પત્નીને, શેઠને, રળાઉ છોકરાને રાજી કરવાની ચિંતા. સંસાર વસ્તુ જ એવી કે મનને પકડી રાખી અધિક અધિક ચિંતા કરાવે.

એ હાલ આ નંદિષેણના બન્યા છે. મામાના ઘરનું કામ તનતોડ બજાવવાની ચિંતામાં પડ્યો છે એમાં મામો એથી પ્રસન્ન થાય છે, એના તરફ લાગણીવાળો બને છે. તેથી એને કહે છે, 'જો નંદિષેણ ! તું ફિકર ન કરીશ. હવે તું મોટો થયો છે, બહારથી તો તને કદાચ કોઈ કન્યા દે કે ન ય દે; કેમકે તું એવો કાંઈ રૂપાળો નથી. પરંતુ હું તને મારી એક દીકરી પરણાવીશ.'

બસ, મામા તરફથી આ આશ્વાસન મળ્યું એટલે હવે ચિંતા મટી ? ના, હવે સૌથી પહેલા નંબરની છોકરીને ઉંમરમાં આવે એટલે એનો લગ્નનો પહેલો વારો આવે પોતાના તરફ વિશેષ આકર્ષવાની ચિંતા જાગી. તે હવે એની સેવા સરભરા વિશેષ કરવાની અને એનું મન વધારવાની વેઠમાં પડ્યો.

રે કામસંસાર ! અનંત શક્તિના ધણી જીવ ઉપર પણ તારો કેવો પ્રભાવ કે તને સાધવા માટે જીવ નીચી મુંડીએ ઘાંચીના બેલની જેમ વેઠ કરે છે !

સંસાર બે જાતનો, અર્થરૂપ ને કામરૂપ; માલ-મિલકતરૂપ અને મજા-આનંદ-વિલાસરૂપ. બે ય સંસાર જીવને વેઠમાં તગેડે, ભારે વેઠ કરાવે, ભારે ચાપલુસી કરાવે, એની એક બાબતની ચિંતા મટી, કે જીવને બીજી બાબતની એથી વિશેષ ચિંતામાં ઘાલે.

પહેલાં હજાર રૂપિયા મેળવવાની ચિંતા-ખટપટ કરાવી; હજાર મળ્યાં; તો હવે દસ હજારની ચિંતામાં પડશે. નશીબ જોગે એ ય મળી ગયા, એટલે લાખની ચિંતામાં પડવાનો, એ મળતાં બંગલો-ગાડી-ફરનીચર વગેરે કેટલીય બાબતના માલ-મિલકત-સરંજામની ચિંતા-ખટપટ ઊભી થાય છે. એ ય થતાં, હવે માન-મોભો જમાવવાની ચિંતામાં હોમાશે. અર્થનો ય સંસાર છે ને ? એ જીવને અધિક-અધિક ચિંતા-ખટપટની આગમાં ન હોમે તો સંસાર શાનો ?

એમ, કામસંસાર પણ એવો. પહેલાં સારી કન્યા મેળવવાની ચિંતા કરાવે; તે વટબંધ કપડાં, વટબંધ રીતભાત, ડાહ્યા ડાહ્યા બોલ,...એવું બધું કેટલું ય 'કોઈ માબાપ એની છોકરીની ઓફર કરે છે ?' એ લેશ્યામાં કરવા સજાગ. એમ કરતાં કન્યા મળી, પરણ્યા, ઘરે લાવ્યા. હવે ચિંતા મટી નિશ્ચિન્તતા થઈ ? ના, હવે દેવીને પ્રસન્ન કરવાની ભારે ચિંતા-ખટપટ ! તે આજના જમાનામાં જુઓ છો ને કે એ ચિંતામાં માબાપને ય કેવા વિસરો છો ? માબાપ ખુશ ન રહે તો કાંઈ નહિ, દેવી ખુશ રહેવા જોઈએ. ચાલો દેવી ખુશમાં છે, તો હવે ચિંતા મટી ? ના, બચ્ચાના બાપ બનતાં ચિંતા-ખટપટ ઓર વધી.

સંસારમાં ફસેલો જીવ ચિંતામાંથી ક્યાં બહાર જાય ?

શાસ્ત્ર કહે છે,-કામ એટલે કે સંસારના સુખ માટે જીવ જે ચિંતા કરે છે, જે મહેનત કરે છે, એવી જો પોતાના આત્માના હિત માટેની ચિંતા કરે, મહેનત કરે, તો ન્યાલ થઈ જાય; દુઃખદ જન્મ-મરણની જંજાળમાંથી છૂટી અનંત સુખના ધામભૂત મોક્ષમાં સદાને માટે સ્થિર થઈ જાય. પણ પામર કંગાળ અનાત્મજ્ઞ જીવને આ સૂઝે શાનું ? સંસારની ફસામણ ભારી, તે અર્થ અને કામની જ ચિંતા-ખટપટ કર્યા કરે છે. પછી ભલે ને એથી, કર્મલઘુ થઈને અહીં આવેલા એને આકરાં કર્મ બંધાય, ને પછી નવાં નવાં જનમ-મરણની જંજાળમાં પડે; પણ એને એનો વિચાર-સરખો નહિ ! એનું દુઃખ લાગે નહિ ! આવા સંસારથી ઊભગવાની વાત નહિ !

બોલો, આવા સંસારથી ઊભગો છો ? ભય પામો છો ? એનું દુઃખ લાગે છે ? લાગે તો તો પ્રભુને પ્રાર્થના કરવાનું મન થાય,-

'કર્મ અલુંજણ આકરાં એ, જન્મ-મરણ જંજાળ તો;
હું છું તેહથી ઊભગ્યો એ, છોડવ દેવદયાળ, જયો જિન વીરજી એ.'

પણ સંસારથી સંસારના જન્મ-મરણથી ઊભગવાનું છે ક્યાં ? એનો ભય એનો ત્રાસ કયાં લાગ્યો છે ? રાતદિવસ એનો સંતાપ કયાં થયા કરે છે ? એ થતો હોય તો બાહ્યમાં જીવને ચેન ન હોય. તો એ ભય કેમ નહિ ? 'સંસારમાં ચાટવાનું મળે છે ને ? પછી લાખ ગમે ચિંતા-ખટપટ કરવી પડે તો વાંધો નહિ.' આ જ ગણતરીમાં અજ્ઞાન-અનાત્મજ્ઞ જીવ રમે છે. અનાત્મજ્ઞતા એવી કે પોતાના આત્માનું કશું ભાન જ ન મળે, આત્માની શુદ્ધબુદ્ધ જ નહિ, આત્માની કશી ચિંતા જ નહિ. સંસારના અર્થ અને કામની મોહિની જ એવી કે એની અધિકાધિક ચિંતામાં મનને એવું પકડી રાખે કે શું રાતે કે શું દહાડે, શું બાળપણે કે શું યુવાનીમાં, કે શું ઘડપણમાં, કયાંય પોતાના આત્મા તરફ મન લઈ જવાની વાત જ ન મળે.

નંદીષેણની કામચિંતા આવી વધી ગઈ છે, તે પહેલાં મામાને પ્રસન્ન કરવાની

ખટપટમાં પડેલો; એ પ્રસન્ન થતાં એણે આશા આપી કે, 'મારી એક કન્યા તને દઈશ,' તો હવે સૌથી પહેલી કન્યાને પોતાના તરફ આકર્ષિત કરવાની ચિંતા-ખટપટમાં પડ્યો છે. કન્યા ઉંમરમાં આવતાં બાપ કન્યાને સમજાવે છે,- 'તારા વેવિશાળ નંદીષેણ સાથે કરીએ. તારે એમાં આ પણ મોટો લાભ કે તારે અમારાથી દૂર નહિ જવું પડે. છોકરો સારો છે કામગરો, તારે રાહત રહેશે.'

નંદીષેણ ખાનગીમાં આ સાંભળે છે. મન મલકાય છે કે, 'વાહ ! મામાએ મને આશ્વાસન સારું આપ્યું છે. એ પ્રમાણે એમની મોટી દીકરીને સમજાવી રહ્યા છે.'

બોલો ત્યારે હવે નંદિષેણની ચિંતા મટશે ને ? શું મટે ? પામર જીવને ક્યાં ખબર છે કે, 'નસીબ બે ડગલાં આગળ જાય છે. જીવને જાણે એ કહે છે, 'તું જાય ટપાલમાં તો હું જાઉં તારથી.' એટલે ? જીવ આશાના છેડે પહોંચે એ પહેલાં નસીબે આગળ જઈને ઊંધુ મારી મૂક્યું હોય, કારણ ? સંસાર.

સંસાર ચીજ જ એવી કે એક ચિંતામાંથી બીજી અધિક ચિંતામાં ઘાલે.

બિચારા નંદીષેણને એવું જ બન્યું. પેલી સૌથી પહેલા નંબરની ઉંમરમાં આવેલી છોકરીને બાપે સારી રીતે સમજાવ્યા ઉપર છોકરી બાપને કહે છે, 'માફ કરો બાપુજી ! આ શી વાત કરો છો હું એવા કૂબડાને પરણું ? ના, એના કરતા જિંદગીભર કુંવારી રહીશ.'

બસ, નંદીષેણ ખાનગીમાં આ સાંભળતા ચોંકી ઊઠ્યો, એના હોંશ કોશ ઊડી ગયા. મનને થયું, 'હત્ તારીની ! આ ઉદ્ધત છોકરીની મેં સરભરા કરી ?' પત્યું, છોકરીને બીજે પરણાવવી પડી. તો હવે નંદીષેણને ચિંતા મટી ? ના, વધી હવે એને એમ થયું કે, 'ભલે આ પહેલી ઉદ્ધત નીકળી, પણ હવે હું બીજીને સાધુ એ પ્રસન્ન થઈ તો મને મંજૂર કરશે.' તણાયો આશામાં તે પહેલી કરતાં આ બીજીને ખુશ કરવા વિશેષ સાવધાનીથી એની સરભરા કરે છે..

શાંતસુધારસ શાસ્ત્ર આ જ કહે છે,

'गलत्येका चिन्ता, भवति पुनरन्या तदधिका'

સંસારમાં એક ચિંતા ઓછી વળી બીજું એથી અધિક ચિંતા જાગે છે. પછી સંસારે બીજું કોઈ કરવાનું ? તો કે હા,

'मनोवाक्कायै हा ! विकृति '

અર્થાત્ સંસારમાં મન-વચન-કાયામાં વિકાર જાગે છે.

એટલે કે વિચાર-વાણી-વર્તાવ-રાગ-દ્વેષાદિ-વિકાર-ભર્યા બને છે. કવિ આના પર 'હાય !' કહી દુઃખ પ્રગટ કરે છે વિચાર, વચનો, અને વર્તાવ રાગાદિ વિકાર ભર્યા અને એ કેટલું બધું દુઃખદ છે !

સંસારનાં જીવનમાં તપાસજો કે કયો એક પણ વિચાર કોઈ રાગ કે કોઈ અરુચિ, યા કોઈ હરખ કે કોઈ ખેદ, અથવા કોઈ કામ-ક્રોધ-લોભ હાસ્ય-ભય-ઘૃણા વગેરેમાંના એક યા બીજાથી ખરડાયેલો નથી હોતો ? તપાસજો આ. માળા ગણવા બેઠા હો, ને 'કોનો અવાજ આવ્યો ? કોણ આવ્યું ?' એટલો પણ વિચાર આવે એ બાહ્યના રાગના ઘરનો, બાહ્યરાગથી ખરડાયેલો વિચાર છે. એ રાગ ન હોત તો મન ત્યાં બહારમાં લઈ જ શું કામ જાય ? ત્યારે આટલો પણ વિચાર જો રાગ ખરડ્યો, તો વિચારજો ધંધામાં ધાપામાં ને દુનિયાદારીની બાબતોમાં કેવા કેવા ને કેટકેટલા રાગ યા દ્વેષથી ખરડ્યા વિચારો આવે છે ?

જેવું વિચારમાં, તેવું વાણીમાં જોજો, એક પણ બોલ રાગાદિથી ખરડાયા વિના નીકળતો નહિ દેખાય. જીવને બોલવા જોઈએ તે રાગભર્યું, યા અરુચિભર્યું, કે અહંત્વભર્યું, વાસનાભર્યું, કે હાસ્ય-મજાકનું, યા ભયનું કે ઘૃણા નિંદા આપવડાઈ વગેરેનું જ બોલવા જોઈએ છે. વૈરાગ્યના, પ્રભુભક્તિના, કે જિનોક્ત તત્ત્વ-પરિણતિના બોલ ક્યાં છે ? ઉદાસીનભાવના બોલ ક્યાં છે ? જે બોલવાનું તે રાગ-દ્વેષ-મદ વગેરેથી ખરડ્યું, આ સંસારની ખાસિયત છે.

ધર્મ વહાલો છે ? કે સંસાર વહાલો છે ? એનું માપ વિચારો કેવા ચાલે છે, બોલ કેવા નીકળે છે, એના પરથી નીકળે.

વિચાર-વર્તન નર્યા રાગાદિ-ખરડ્યા, તો હૈયે સંસાર જ વહાલો સમજવાનો.

એવા વિચારોનો પડઘો વર્તાવ ઉપર પડે છે. સહેજ આંખ પરસ્ત્રી પર ગઈ એના એક અંગોપાંગ પર ગઈ, તો એ કામરાગ-ખરડ્યો વર્તાવ છે. જગત આવા રાગ-ખરડ્યા વર્તાવથી રિબાઈ રહ્યું છે. એનો લાભ આજની સ્ત્રીઓ ઉઠાવે છે. એને બદન ખુલ્લા મૂકવાં ગમે છે. એ ય એના રાગ-ખરડ્યા વર્તાવ છે. ઉદ્ભટ વેશ, એની ટાપટીપ, સફાઈ, એ બધાની પાછળ એના દિલમાં કામરાગ સળગી રહ્યો હોય છે. કામરાગ વિના અંગોપાંગના ખુલ્લા કે આછા વસ્ત્ર-ઢાંક્યા પ્રદર્શન અને હીલચાલ-હાવભાવ શાનાં હોય ?

કામરાગ સમજો છો ?

રાગ ત્રણ પ્રકારે, (૧) કામરાગ, (૨) સ્નેહ-રાગ અને (૩) દૃષ્ટિરાગ. ત્રણેય સંસારની બેડીઓ. જીવને સંસાર કેદમાંથી છૂટકારો. મોક્ષ થવા જ ન દે.

દૃષ્ટિરાગ :-

દૃષ્ટિરાગ એટલે પોતાની આપમતિની માન્યતાનો રાગ 'હું માનું તે સાચું પણ 'જ્ઞાનીઓએ સર્વજ્ઞ ભગંવતોએ કહ્યું તે જ સાચું અને તે જ મારે માન્ય,' એમ નહિ. પછી અજ્ઞાનીઓએ અ-સર્વજ્ઞોએ કહ્યું અને તે મારા મગજમાં સાચું બેસે છે,

તો એ મારે માન્ય, આવી મનોવૃત્તિ રહે એ દૃષ્ટિરાગ.

મિથ્યાદર્શનમાં પડેલા અને સરાગી દેવને માનનારા એના અગડંબગડં તત્ત્વને પણ આ રીતે સર્વેસર્વા સત્ય કરીને માને છે- "અનાદિસિદ્ધ વેદ કહે છે કે બ્રહ્મ સત્યં જગન્મિથ્યા, એક શુદ્ધ આત્મા એ જ વસ્તુ છે, બાકી દેખાતું,-અનેક આત્મા, પૃથ્વી આદિ પંચભૂત,-વગેરે જગત એ મિથ્યા છે, અવસ્તુ છે, સ્વપ્નાની માયા છે તો શું આવું કહેનાર અનાદિ વેદ ખોટા હોય ?" આમ પોતાની દૃષ્ટિએ આ ખોટું પણ સાચું લાગ્યું તેનો રાગ એ દૃષ્ટિરાગ.

પછી એમાં એ ન જુએ કે, 'વેદ કોઈના કહેલા નહિ પણ અનાદિ શબ્દરૂપે,' એ શું બનવા જોગ છે ? શબ્દ-વચન અને તે કોઈએ ઉચ્ચાર્યા વિના જ અસ્તિત્વમાં હોય, એ બનવા જોગ છે ? એમ જો એ હંમેશના હોય તો સદા આકાશમાં ગાજ્યા જ કરે નહિ ? સંભળાયા કરે નહિ ? વળી વેદે કહેલ જો એકમાત્ર શુદ્ધ એક બ્રહ્મ-આત્મા જ સત્ય છે, વસ્તુ છે, તો વેદ પોતે પણ અસત્ય-અવસ્તુ મિથ્યા જ ઠરે ને ? પછી આવી મિથ્યા વસ્તુની કહેલી વાત સાચી રહે ?

પરંતુ ના, આ કશું વિચારે જ નહિ કારણકે દૃષ્ટિરાગનું ગાઢ બંધન, ગાઢ અંજામણ છે ! ત્યારે આચાર્ય ભગવાન શ્રી હેમચંદ્રસૂરિજી મહારાજે કહ્યું કે,-

'दृष्टिरागस्तु पापीयान् दुरुच्छेदः सतामपि'

દૃષ્ટિરાગ વળી એવો અધિક પાપી છે કે આમ સારા વૈરાગી આત્માઓને પણ હટાવવો મુશ્કેલ છે.

દૃષ્ટિરાગ હટાવવો કેમ મુશ્કેલ ?

કારણ આ છે એમાં 'મને લાગે છે તે સાચું' એમાં રાગ એટલો બધો ગાઢ હોય છે કે પછી એમાં એ માનેલાની સામે ગમે એટલી યુક્તિ-દલીલ-દ્રષ્ટાન્ત આપે, પણ એને ગણકારે નહિ. એ રાગ જ એવો કે સામેની દલીલ યુક્તિને તુચ્છ લેખાવે, નગણ્ય મનાવે; એટલી બધી અંધશ્રદ્ધા હોય. અહીં એક પ્રશ્ન થાય,

જિનવચનરાગ એ અંધશ્રદ્ધા કેમ નહિ ? :-

પૂ.- તો શું જિનવચનનો રાગ એવી અંધશ્રદ્ધા નથી કરાવતો ?

ઉ.- ના, આમાં અંધશ્રદ્ધા નથી; કેમકે

(૧) મૂળમાં જિનવચનનો રાગ થયો છે એ જિનવચન યુક્તિસિદ્ધ કહે છે, જિનવચનનું કહેલું તર્કથી સાચું સિદ્ધ છે, માટે રાગ થાય છે. આચાર્ય ભગવાન શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ કહે છે,-

'पक्षपातो न मे वीरे, न च द्वेषः कपिलादिषु ।
युक्तिमद् वचनं यस्य, तस्य कार्यः परिग्रहः ।'

મહાવીર સ્વામી પર મને કોઈ પક્ષપાત નથી, કેમકે એ કોઈ અમારા સગા-સબંધી નથી. તેમ સાંખ્યાદિ દર્શનકાર કપિલ વગેરે પર મને કોઈ દ્વેષ નથી. કેમકે એ કોઈ અમારા દુશ્મન નથી. 'તો પછી કેમ મહાવીર ભગવાનનાં જ વચન માનો છો ? ને કપિલાદિના નથી માનતા ?' એમ મને કોઈ પૂછે તો એનો આ જ જવાબ છે તે જેનું વચન યુક્તિયુક્ત હોય એનું જ મનાય." કોણ કહે છે આ ? વૈદિક ધર્મમાંથી જૈન ધર્મમાં આવેલા, એ કહે છે કે જિનવચન જ યુક્તિસિદ્ધ સાચા લાગ્યા માટે એ સ્વીકાર્ય છે.

આમાં પહેલું તો, સાચું એટલા માટે કે સર્વજ્ઞ-વીતરાગને અસત્ય બોલાવનારા રાગ-દ્વેષ અને અજ્ઞાન નથી માટે એના અભાવે અસત્ય કહે નહિ. વળી,

(૨) જિનવચન જે વિધિનિષેધ કહે છે, એ યુક્તિ-યુક્ત હિતકારી છે, દા.ત.'તપ-સ્વાધ્યાય-ધ્યાનાદિ કરો,'-એ વિધિવચન અને 'હિંસાદિ પાપો તથા રાગાદિ કષાયો ન કરો,'-એ નિષેધ વચન છે. એ વિધિનિષેધ બંને સુયોગ્ય વિધિનિષેધ છે; એનામાં યુક્તિ-સિદ્ધ કલ્યાણકારિતા, સુખકારિતા અને દુઃખનિવારકતા છે. વળી

(૩) જિનવચન જે આ વિધિ-નિષેધ કહે છે એને બરાબર પાળવા માટે યોગ્ય આચાર-અનુષ્ઠાનો જોઈએ, ને તે જિનવચને બતાવેલા છે. આ આચાર-અનુષ્ઠાનો વિધિ-નિષેધને અનુકૂળ છે, એ પણ યુક્તિસિદ્ધ છે. દા.ત. 'ધ્યાન'નું વિધાન કર્યું તો એને બજાવવા માટે સુયોગ્ય પ્રતિક્રમણ-પ્રતિલેખનાદિ અનુષ્ઠાન બતાવ્યા, એ જો એકાગ્રતાથી કરાય તો એમાં આર્તધ્યાન મટી ધર્મધ્યાન સહેજે લાગે એના બદલે ભળતી ક્રિયા બતાવી હોય તો આર્તધ્યાનના વિકલ્પ આવવા સંભવિત. એથી ધર્મધ્યાન ખંડિત થઈ જાય.

એમ હિંસાનો નિષેધ કરી આચાર-અનુષ્ઠાનમાં પાંચ સમિતિ ત્રણગુપ્તિનું પાલન બતાવ્યું. એ પાળી હિંસાથી અવશ્ય બચાય; એ યુક્તિસિદ્ધ હકીકત છે. એના બદલે જો ભળતી ક્રિયા બતાવી ખાવાનો આચાર હોય, તો એમાં તો અગ્નિ વગેરેના જીવોની હિંસા થાય, એટલે નિષેધ-આજ્ઞા જ ખંડિત થાય.

આમ જિનવચન યુક્તિસિદ્ધ માર્ગ બતાવે છે. તેમજ

જિનવચન તત્ત્વ પણ તર્કસિદ્ધ બતાવે છે.

જીવ નિત્યાનિત્ય કેમ ?:-

દા.ત. જીવ અજીવ વગેરે તત્ત્વ બતાવ્યાં તે અનેકાન્ત ધર્મવાળા બતાવ્યાં; જેમકે જીવ તત્ત્વ, 'નિત્ય જ છે, યા અનિત્ય જ છે,' એવો એકાન્ત નહિ, પરંતુ નિત્ય પણ ખરું અને અનિત્ય પણ ખરું, અર્થાત્ જીવ નિત્યા-નિત્ય છે,' એવો અનેકાન્ત બતાવ્યો. આ વસ્તુ યુક્તિસિદ્ધ છે. કેમકે મૂળ જીવદ્રવ્ય જો નિત્ય-

સનાતન-કાયમી છે તો જ એના પર હમણાં મનુષ્ય, પછી દેવ, પછી ભૂલ્યો તો પશુ,...વગેરે ફેરફાર ચાલી શકે. તેમજ અહીંના કરેલા કૃત્યનાં ફળ પરલોકમાં ભોગવી શકે. પરંતુ મૂળમાં પોતે જ જો નિત્ય નહિ અને નષ્ટ થઈ જનારો હોય તો પોતે તો ગયો, હવે ફેરફાર કોના પર ? તેમ ફળ કોણ ભોગવે ? એમ અનિત્ય પણ છે, તો જ મૂળ ઉપર ફેરફાર થાય. એકાંત નિત્ય જ હોય તો એમાં ફેરફાર જ શાના થાય ?

એકાંતવાદીને માર્ગ-તત્ત્વ બંને ખોટા :-

એટલે જીવ નિત્યાનિત્ય છે; અને એ હિસાબે જ વિધિનિષેધની આજ્ઞાનાં પાલનનાં કે ભંગનાં ફળ એને ભોગવવાનાં હોય. એકાન્ત નિત્યને ફેરફાર જ નહિ, તો ભોગવટો શો ? અને એકાન્ત અનિત્યને વિધિનિષેધ પાળીને કે ખંડીને ઊડી જ જવાનું, નષ્ટ જ થઈ જવાનું, પછી ફળ ભોગવવા કોણ ઊભો રહેનારો ? એટલે જ એકાન્તવાદીને માર્ગ-તત્ત્વ બંને ખોટા. અનેકાન્ત-સ્યાદવાદ શૈલીએ તત્ત્વની અને માર્ગની માન્યતા એ યુક્તિયુક્ત માન્યતા કહેવાય.

આમ જિનવચનનો મોક્ષમાર્ગનો અને તત્ત્વનો ઉપદેશ યુક્તિસિદ્ધ હોવાથી એ જિનવચન માન્ય કરાય એ અંધશ્રદ્ધાથી માન્ય કર્યા ન ગણાય કિન્તુ તર્કના પાયા ઉપર માન્ય કર્યા એમ કહેવાય. વિના યુક્તિએ શ્રદ્ધામાત્રથી માનવાના હોય, દા.ત.વેદવચન, તો એના પર રાગ એ દૃષ્ટિરાગ છે; યુક્તિ સાચાં સાબિત કરે છે માટે જિનવચન માનવાનાં, એમાં દૃષ્ટિરાગ નહિ.

યુક્તિવિનાનાં વચન અંધશ્રદ્ધાથી જ માનવાનાં હોય તો એના પરનો દૃષ્ટિરાગ કેમેય ખસે નહિ. સામે ગમે તેટલા જોરદાર, યુક્તિસિદ્ધ વચન લાવો, પણ એ છૂટે નહિ. માટે દૃષ્ટિરાગ વધારે પાપિષ્ઠ છે. કામરાગ-સ્નેહરાગ એના કરતાં ઓછા પાપિષ્ઠ; કેમકે એની સામે વૈરાગ્ય વચન જોરદાર આવે, તો એ રાગ મોળા પડી જાય. જ્યારે, દૃષ્ટિરાગ દૂબળો પડે જ નહિ. માટે એ વધારે પાપિષ્ઠ છે. છતાં

(૨) સ્નેહરાગ પણ પાપિષ્ઠ તો છે જ; કેમકે એ જીવને સંસારી જીવ પર સ્નેહ કરાવી સંસારમાં બાંધી રાખે છે.

સંસારની કેદમાંથી છૂટવું હોય તો મોક્ષમાર્ગની જોરદાર સાધનાથી છૂટાય, અને એવી સાધના તો જ થાય કે એને કહેનારા વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા અને ત્યાગી મહાવ્રતધારી ગુરુઓ પર જો જોરદાર ધર્મરાગ હોય.

'પુરુષ વિશ્વાસે વચનવિશ્વાસ,' એવો નિયમ છે. (૧) છોકરાને મા-બાપ પર વિશ્વાસ છે માટે એમનાં વચન પર વિશ્વાસ મૂકે છે. (૨) માસ્તર પરના વિશ્વાસથી વિદ્યાર્થી એમના ભણાવવા પર વિશ્વાસ કરે છે. (૩) વૈદ-ડોકટર ઉપર

જો દરદીને વિશ્વાસ હોય છે, તો એમના કહ્યા પર શ્રદ્ધા મૂકી એ પ્રમાણે બરાબર દવા-ઉપચાર કરે છે...આમ વ્યક્તિના રાગથી એનાં વચન પર રાગ-વિશ્વાસ બેસે છે. એ હિસાબે દેવ-ગુરુ પર અથાગ રાગ-વિશ્વાસ હોય તો એમનાં વચન પર રાગ-વિશ્વાસ જામે. અને એ વચને કહેલા મોક્ષમાર્ગ ઉપર શ્રદ્ધા બની આવી એ મોક્ષમાર્ગની જોરદાર સાધના થાય.

પરંતુ સંસારી સગા પરનો જોરદાર સ્નેહરાગ પરમાત્મા પર કે ગુરુ પર ધર્મરાગ જામવા નથી દેતો. સગા જેવા સુખકારી લાગે છે એવા સુખકારી દેવ-ગુરુ નથી લાગતા. એટલે મૂળપાયામાં જો દેવગુરુ પર જોરદાર ધર્મરાગ નહિ, તો એમનાં વચન પર જોરદાર રાગ ક્યાંથી થાય ? એ નહિ, એટલે વચન-કથિત મોક્ષમાર્ગ પર એવો રાગ નહિ, ને એવી એની સાધના-ઉપાસના નહિ. પછી સંસારકેદ ક્યાંથી છૂટે ? આમ,

(૧) સ્નેહરાગ દેવગુરુના ધર્મરાગને રોકવા દ્વારા મોક્ષમાર્ગને અટકાવે છે, ને જીવને સંસારી કાર્યવાહી અને સંસારી રીતભાતમાં જ બાંધી ફસાવી રાખે; એટલે સંસારકેદ ન છૂટે.

(૨) બીજી રીતે પણ સ્નેહરાગ એ સ્નેહીની સરભરામાં અને સ્નેહીને પ્રસન્ન રાખવાની વૃત્તિ-પ્રવૃત્તિમાં જકડી, દાન-તપ-જપ-સંયમ-દેવગુરુભક્તિ વગેરે મોક્ષમાર્ગને ચુકાવે છે, તેથી સંસારકેદમાં ફસ્યો રાખે છે.

બંને રીતે સ્નેહરાગ જીવને અઢાર પાપસ્થાનકમાં તરબોળ રખાવી સંસારના જન્મ-મરણોમાં રખડાવ્યા કરે છે, માટે એ સ્નેહરાગ પણ પાપિષ્ઠ છે.

સ્વયંપ્રભા દેવી ગુજરી ગઈ. ઋષભદેવ ભગવાનનો જીવ લલિતાંગદેવ એનો પતિ એના સ્નેહરાગમાં ભારે તણાયો એના વિયોગ પર કલ્પાંત કરી રહ્યો છે. આખા મોટા વિમાનમાં ઘૂમતો શોધે છે 'હે સ્વયંપ્રભા ! તું ક્યાં ગઈ ? તું ક્યાં ગઈ ?' કેવી દુર્દશા ! મોટા દેવ જેવાને શું ખબર ન હોય કે મરેલા પાછા ન આવે ? પરંતુ મન પર સ્નેહરાગની મોહિની એમ લગાડે છે કે 'દેવી મરી જ ક્યાં છે ? એ તો કયાંક છુપાઈ ગઈ છે. શોધું તો હમણાં મળી આવશે.' બીજા દેવતાઓ-દેવીઓ સમજાવે છે કે 'એ તો હવે મરીને ગઈ,' તો ય સમજવા તૈયાર નથી. કારણ ? અતિશય સ્નેહરાગ.

સ્નેહરાગ અનેકોની સલાહ ન માનવા દે, તત્ત્વદૃષ્ટિ ન આવવા દે.

અનેક દેવો સત્પુરુષો છે, એ બધા જ કોઈ ખોટું બોલે નહિ. માટે એમનું વચન માન્ય કરવું જોઈએ; આ તત્ત્વ કહેવાય. પરંતુ સ્નેહરાગ એ તત્ત્વને ઠોકરે ચડાવે છે, ને પોતે માનેલું પકડી રખાવે છે. એટલે જ લલિતાંગદેવ સ્વયંપ્રભા

જીવતી હોવાની પોતાની સમજ છોડવા તૈયાર નથી. હજી પણ સ્નેહરાગના વિશેષ અનર્થ જુઓ.

લલિતાંગદેવને હવે પોતાનો પૂર્વ ભવનો કલ્યાણ-મિત્ર મુખ્યમંત્રી સુબુદ્ધિ ઈશાનદેવ થયેલો તે અહીં સમજાવવા આવે છે. આવીને કહે છે-મહાનુભાવ ! આ ઘેલછા શું કરો ? મરી ચૂકેલી સ્વયંપ્રભાને ફોગટ શોધો ?'

'પણ એ મરી જ ક્યાં છે ?'

'અરે ભાગ્યશાળી ! આ બધા દેવો-દેવીઓ કહે છે, હું કહું છું તે બધા જ ખોટા ? જીવતી હોત તો વર્ષો વીત્યા એ અહીં મળત નહિ ? માટે ભ્રમણા મૂકી દો અને આ કલ્પાંત છોડો.'

લલિતાંગદેવ કહે, 'ખેર, મરી હશે, પણ મારાથી એ ભૂલી ભૂલાતી નથી, એના પરનો સ્નેહ જ કોઈ એવો બંધાઈ ગયેલો તે એનો વિરહ મને બાળ્યા જ કરે છે. શું કરું ?'

મંત્રી દેવતા કહે, 'અરે ! તમારા જેવા સમજુ માંધાતા દેવ આવા નિષ્ફળ અને બાળનારા સ્નેહમાં તણાય ? શું તમે ભલી ગયા કે અહીં પૂર્વ ભવની કઈ સાધનાથી આવ્યા હતા ? પૂર્વ ભવે તમે મહાબળ રાજા, વૈરાગ્યથી કામરાગ-સ્નેહરાગ-દૃષ્ટિરાગ એ બધા પાપરાગ છોડી મહામુનિ બનેલા, અને પછી જીવનભરના અનશન સાથે ચારિત્ર પાળી અહીં આવેલા. તે હવે એક વખતના મહામુનિ તમને એવા પાપી ઘેલા સ્નેહરાગ કરવા છાજે ?'

લલિતાંગદેવ કહે, 'મને બધું યાદ આવે છે પરંતુ શું કરું, અહીંનો સ્વંયપ્રભા પરનો સ્નેહરાગ મારાથી છૂટતો નથી.'

'તો શું તમે આમ જ જિંદગીભર સળગ્યા કરશો ? આટઆટલી દેવસમૃદ્ધિ અને દિવ્ય પરિવાર, એના છતાં સુખને ગાંડા સ્નેહરાગમાં બાળી નાખશો ? એક સ્વયંપ્રભાની આગળ આ બધી દેવતાઈ જાહોજલાલી નકામી ? છતી જાહોજલાલી ઊભીએ દુઃખમાં શેકાઓ ? અને મહાન અધિકારી દેવપણાનાં કર્તવ્યો પણ ભૂલો ? ને નાના દેવોની દૃષ્ટિએ ઘેલામાં ખપો ? જરા વિચાર તો કરો."

જુઓ સ્નેહરાગના અનર્થ;-

(૧)બીજા સ્નેહીઓ વિસાતમાં ન લાગે.

(૨) બધી દેવતાઈ સંપત્તિ-જાહોજલાલી ય સુખ ન આપી શકે.

(૩) અધિકારી દેવપણાનાં કર્તવ્યો પણ ચૂકાય; અને

(૪) હાથ નીચેના નાના દેવોની દૃષ્ટિએ પણ ઘેલા ઠરવાનું થાય.

આ લલિતાંગદેવને જ શું ? અહીં પણ જોશો તો દેખાશે કે એવા ભારી

સ્નેહરાગમાં તણાયેલાના કેવા બેહાલ છે. આઠમાં એડવર્ડ રાજાને લેડી સીમ્પસનનાં રાગમાં બ્રિટિશ સલ્તનતનું રાજ્ય છોડવું પડ્યું. પાર્લામેન્ટે કહ્યું. 'તમારે બ્રિટિશ સલ્તનતના રાજા તરીકે લોર્ડ અમીર કુટુંબની જ કન્યા પરણી શકાય. બીજી નહિ માટે લેડી સિમ્પસન જે લોર્ડ કુંટુબની નથી એનો ત્યાગ કરવો જઈએ, નહિતર તમે ઈંગ્લેન્ડની ગાદી પર રહી શકતા નથી.'

એડવર્ડ શું કરે ? બાહોશ છે પણ પેલીના સ્નેહરાગમાં બેહોશ બન્યો છે. તે રાજીનામું આપી દઈ એણે મોટા સમ્રાટપણાને જતું કર્યું.

સ્નેહરાગ એક નશો છે, નશામાં જીવ તુચ્છને પકડી રાખી કિંમતીને અગણ્ય માની છોડે છે !

તમે જ તમારા જીવનમાં જુઓ કે પત્ની-પુત્ર-સ્નેહી વગેરેના સ્નેહરાગના નશામાં મહાકિંમતી દેવ-ગુરુ-ધર્મને અવસરે નજીવા સમજી બાજુએ મૂકો છો કે નહિ ? નજીવા સમજવાનું એટલા માટે કહેવાય છે કે કદાચ સંયોગવશાત પેલા સ્નેહીનું સાચવવા દેવ-ગુરુ-ધર્મને વિસરવા પડ્યા તો પણ જો એ નજીવા નહિ પણ મહાકિંમતી લાગ્યા હોય તો એમને વિસરવાનો એમને બાજુએ મૂકવાનો ભારે ખેદ થયા કરે. મનને એમ થાય કે,-

'અરે ! કેવો જાલિમ આ સંસાર ? કે મહાતારણહાર અને અનંતગુણનિધિ દેવાધિદેવ સદ્‌ગુરુ અને ધર્મને બાજુએ મુકાવી મારણહાર ને દોષભર્યા સ્નેહીનું વૈતરું કરાવે છે ! સ્નેહીની શોભા કરાવે છે !

'મારી કેવી પાગલતા કે પાંચ હજારનો દાગીનો એવા દેવાધિદેવના ગળામાં નહિ, ને લેભાગુ સ્વારથિયા સ્નેહીના ગળામાં ઘાલું છું ? પાશેર દુધ દેવભક્તિમાં કે સાધુના પાત્રે નહિ, ને પાંચ શેર દૂધ સ્નેહીઓના પેટમાં પધરાવું છું ? હોંશથી વાતોચીતો દેવ-ગુરુ સાથે નહિ ને સ્નેહીઓ સાથે કરૂ છું ? સ્નેહી માટે આલીશાન મકાન હોલ વગેરે, પણ પ્રભુ માટે ઘરમાં એક ખૂણામાં ય જગા નથી ! કદાચ ઘરમંદિર રાખ્યું છે તો પેલા સ્નેહીઓ માટેના આલીશાન દિવાનખાના-વિલાસભવન વગેરેની સામે પટાવાળાની મામૂલી કોટડી જેવી કોટડીનું ગૃહમંદિર ! સ્નેહીપુત્રને ભણાવવામાં સેકડો-હજારોનો ખર્ચ, ધાર્મિક પાઠશાળામાં મહિને એક પ્રભાવના ય નહિ !...'

આવું આવુ ઘેલછારૂપ લાગી દેવ-ગુરુ-ધર્મની ભક્તિ ચૂકવાનો ભારે ખેદ હોય તો તો કહેવાય કે એ મહાકિંમતી લાગ્યા છે. પરંતુ જો ખેદ હોય નહિ, ને ઠંડે કલેજે તથા ઊછળતી હોંશથી સ્નેહી પાછળ જ તૂટી મરાતું હોય, તો તો દેવ-ગુરુ-ધર્મ નજીવા મામૂલી જ લાગ્યા ને ? દુનિયાના સ્નેહરાગની આ મોંકાણ છે મહાકિમંતી આત્મહિતકર તત્ત્વોને મામૂલી લેખાવે; અને સારા જીવને કદાચ કિંમતી

માનવા દે તો ય એને ગૌણ કરાવી મુખ્યતાએ તન-મન-ધન સ્નેહીની પાછળ લગડાવે.

લલિતાંગદેવને પેલો મંત્રીદેવતા સમજાવે છે કે આ તમે સ્નેહરાગથી સ્વયંપ્રભાની ઘેલછામાં કેટલુ ગુમાવો છો ? કેટલું સારું સારું ગૌણ કરો છો ?'

લલિતાંગને સમજ તો પડે છે છતાં એ રાગ છૂટતો નથી, તે લાચારી બતાવતાં એ કહે છે કે,'પણ શું કરું ? સ્વયંપ્રભા ભૂલી ભૂલાતી નથી. એના વિના ચેન નથી પડતું.'

લલિતાંગદેવ તીર્થંકરનો જીવ છે, પૂર્વે ચારિત્ર લઈને ઊંચી આરાધના કરીને આવેલ છે છતાં મોહની કેવી શિરજોરી છે કે એને દિવાનો બનાવે છે ! એ જોતાં મોક્ષના અર્થી આત્માએ મોહની સામે ઝઝૂમવા, ને મોહને કચરવા-દબાવવા કેટકેટલું કરવું પડે ? એ વિચારવા જેવું છે. એમ માંડવાળ કરતા નહિ કે, 'એવા તીર્થંકરના જીવને પણ મોહ સતાવે તો અમારા શા ભાર ? અમારે ય મોહ શે જાય ?' આમ માંડવાળ કરવામાં તો મોહનાં કોરાં પોષણ થશે; મોહને દબાવવાનું શક્ય હશે એટલું પણ મોહને શક્ય ઓછો કરવાનું નહિ થાય.

ત્યારે, એ સમજી રાખો કે,-

મોહ શું, કે ક્રોધાદિ કષાયો શું, એ એકી કલમે ઊડતા નથી; એને તો ક્રમશઃ દબાવતા ચાલવું જોઈએ તો જ જન્મોના એવા અભ્યાસે એનો સર્વનાશ થઈ મોક્ષ થાય. શાસન આ અભ્યાસ માટે જ છે.

ખુદ તીર્થંકરદેવોના ભવો આ બતાવી રહ્યા છ કે જન્મોના મોહાદિને દબાવવાના એમના અભ્યાસે એ અંતે સર્વથા નિર્મોહી-નિર્વિકાર-વીતરાગ બન્યા. છેલ્લા ભવમાં પણ ચારિત્ર લીધા પછી ય કષાયોને તરત ખત્મ કરી શકતા નથી. એ તો એને કચરતા રહેવાના વર્ષોના અભ્યાસ બાદ એનો સંપૂર્ણ નાશ કરી કેવળજ્ઞાન પામે છે. ત્યારે શું આપણે અહીં છતી તકે મોહને રાગ-દ્વેષાદિ કષાયોને દબાવતા-કચરતા રહેવાનું માંડવાળ કરીએ, ને પછી એકવાર એકી કલમે એનો સંપૂર્ણ નાશ કરી શકીશું ? તીર્થંકર ભગવાન કરતાં આપણે વધુ બળવાન ? આ વાત ખોટી છે, માંડવાળ નકામી છે.

અહીં આપણને શાસન મળ્યું છે તે મોહ અને ક્રોધાદિ કષાયો ને વધુ ને વધુ દબાવવા-કચરવાનો અભ્યાસ કરવા માટે મળ્યું છે.

ધર્મની બધી સાધનાઓ, બધાં સુકૃતો, અને શાસ્ત્ર-તીર્થ-મૂર્તિ વગેરે બધાં આલંબનો સેવવાનું મોહ અને કષાયોને કચરતા રહેવા માટે જ છે. એ સેવતા જઈએ અને આ કચરવાનું લક્ષ રાખતા જઈએ. જો એ લક્ષ ન રહે અને મોહાદિને થોડા પણ મોળા પાડવાનું થાય નહિ, તો સમજવું પડે કે સાધના એળે ગઈ.

વીતરાગનાં રોજ દર્શન કર્યે જઈએ ને રાગ મોળો પડતો ન આવે ? તો પછી દર્શનથી શું પામવાનું ? પુણ્ય ? એવું પુણ્ય આગળ પર દુન્યવી લાભ આપી અધિક રાગ કરાવશે ? અધિક મોહમાં ફસાવશે. એનું પરિણામ ભવની વૃદ્ધિ, ભવના ફેરા વધવાના.

ધર્મ તરવા માટે ? કે ડૂબવા માટે ? તરવાનું મોહ રાગ દબ્યા વિના થાય ના; તો ધર્મનું ફળ આ જ લાવવું જોઈએ કે મોહ અને કષાયો ઓછા થતા જાય, મનના પરિણામ શુદ્ધ થતા આવે.

માટે જ ધર્મ કરતાં કરતાં કે કર્યા પછી કદાચ મનને એના પ્રતાપે માનપાન કે દુન્યવી ધન-પુત્રાદિનું સુખ મળવાની લાલસા જાગે, તો આ વિચારવાનું કે, 'આ લાલસા ને આ ભાવના કરવામાં મારી આત્મપરિણતિ મારાં મનના પરિણામ સુધરે ? કે મેલા થાય ? મોહ અને રાગાદિ મોળા પડે ? કે પુષ્ટ તગડા થાય ?'

ધર્મ કર્યાનું ફળ રાગ-મદ-મોહાદિની પુષ્ટિ અને પરિણતિનો બગાડો આવે, એ ધર્મ કરીને ઝેર પીધું કહેવાય.

હજી પણ ફરીથી યાદ કરો,-મોક્ષ માટે રાગ-મદ-મોહાદિના ક્રમશઃ દબાવતા રહેવાના અભ્યાસ વિના એકદમ જ એનો સર્વનાશ કરવો શક્ય નથી. માટે તો એ ક્રમશઃ રાગાદિનાશના અભ્યાસ માટે વર્ષોસુધી ધર્મ સેવવો પડે છે. નહિતર જો એકી કલમે સર્વનાશ થઈ શકતો હોય તો તે પહેલાં ધર્મ કરવાની જરૂર જ શી ? 'પુણ્ય માટે ધર્મની જરૂર' એમ કહેતા નહિ; જોઈ આવ્યા કે રાગ-મોહ મોળા પાડ્યા વિનાના ધર્મથી ઝેરી પુણ્ય મળશે, એના ઉદયમાં રાગ-મોહાદિ વધી જવાના. માટે ધર્મ કરવાનો તે રાગાદિ મોળા પાડવા માટે જ, ને એ કર્યા પછી આ જ જોવાનું કે રાગાદિ મોળા પડ્યા ને ? મોળા પડ્યા તો ધર્મ સફળ થયો.

જીવનભર ધર્મનો આવો અભ્યાસ રહે કે ધર્મના આલંબને રાગાદિ મોળા પાડતા જવાનો જોરદાર પ્રયત્ન થતો જાય, તો પછી ધર્મ સિવાયના દુનિયાદારીના કાળમાં પણ રાગ-મદ-મોહાદિને મોળા પાડવાનું સૂઝે. ધર્મનું ફળ જો આ જ ઈચ્છાય તો દુન્યવી જીવનમાં પણ આનું લક્ષ રહે. સમજી જ રાખવાનું કે,

આર્ય માનવ તરીકે જીવવું શા માટે ?

તો કે રાગ-મદ-મોહાદિ મોળા પાડવા માટે.

અનાર્ય માનવના કે પશુ-કીડા-મકોડાના જીવનમાં આ વિવેક આપનાર જિનશાસન નથી મળ્યું, તેથી ત્યાં આ રાગાદિને મોળા પાડવાનો અવકાશ નથી. પછી એવા જીવન જીવવામાં આ ક્યાંથી કરી શકે ? આપણને શાસન મળ્યું છે, તો આ ફળ લાવી શકીએ છીએ. માટે કહો, જીવવું એ શા માટે ? તો કે રાગ-

મદ-મોહાદિને કચરતા ચાલવા માટે.

જીવન જીવવા પાછળ જો આ ગણતરી હોય, તો પછી આવા લલિતાંગદેવના પ્રબળ મોહને-સ્નેહરાગને જોઈ માંડવાળ કરવાનું મન ન થાય કે, 'ભલે ત્યારે, આપણું ય ગજુ નહિ, તો મોહાદિને નભવા દો.' ના, જીવન જીવવાનું લક્ષ્ય-ધ્યેય-ઉદ્દેશ નક્કી કરેલ છે કે, 'જીવવાનું તે રાગાદિને કચરતા રહેવા માટે,' એટલે પછી આવા લલિતાંગના પ્રબળ સ્નેહરાગની પીડા જોઈ જાતે ચેતવાનું થાય, સાવધાન બનવાનું થાય, અને સ્નેહરાગ શું કે બીજા રાગ શું, યા મદ-મોહ-ક્રોધાદિ શું, બધાને કચરતા રહેવા માટે પ્રબળ પુરુષાર્થ અજમાવાય.

વાત ચાલતી હતી સ્નેહરાગના અનર્થની. લલિતાંગદેવ જેવાને મરી ગયેલ સ્વયંપ્રભાદેવીનો સ્નેહરાગ દિવાનો બનાવે છે. પેલો મંત્રીદેવ બહુ સમજાવે છે ત્યારે એ લાચારી બતાવતાં કહે છે 'પણ શું કરું ? એ ભૂલી ભૂલાતી નથી ને એના વિના, આ વર્ષો વીત્યા છતાં, મને ચેન પડતું નથી.'

સ્નેહરાગનો કેવો અનર્થ ? દેવતાઈ ઠાઠ, દેવતાઈ સન્માન, દેવતાઈ વિલાસ મોજુદ છતાં જીવને સુખ અનુભવવા નથી દેતો.

સુખના ભરપૂર સાધનમાં ય જો સ્નેહરાગના પાપે સુખ નહિ, તો એ સાધન સુખનું કારણ કેમ કહેવાય ? બસ,

સંસાર આવો વિચિત્ર છે કે એમાં સુખના સાધન છતાં એક યા બીજા કારણે સુખ નહિ. માટે જ સંસાર અસાર. સ્નેહરાગ-વિષયરાગના અનર્થ ભારી.

મંત્રીદેવતા અવધિજ્ઞાનથી જોઈને કહે છે, 'ઠીક છે, તો તમારે સ્વંયપ્રભા પાછી જોઈએ છે ? એ મળે તો ચિત્તને શાંતિ વળે ?'

લલિતાંગદેવ કહે,-' હા, હા, બતાવો શી રીતે પાછી મળે ?'

મંત્રીદેવ કહે,'જુઓ, સ્વયંપ્રભા મરીને તમારા સંપર્કમાંથી શું પામી ગઈ ? એ નીચે મૃત્યુલોકમાં છ છોકરીની બ્રાહ્મણી માતાના પેટમાં સાતમી છોકરી તરીકે ઉત્પન્ન થઈ ત્યારે પતિ બ્રાહ્મણ બ્રાહ્મણીને કહે 'આ શું માંડ્યુ છે ? ફરી પાછી ગર્ભવતી ? આ તારી છ છોકરીનું તો પૂરૂ થતું નથી. તો નવા સંતાનનું શે પૂરું કરીશ ? છતાં ય જો છોકરો જનમશે તો તો ઠીક, એ આગળ કામ લાગશે, પણ જો છોકરી જન્મી છે, તો હું ભાગી જઈશ.'

બોલો, આમાં બ્રાહ્મણી શું કરે ? પરંતુ મોહમૂઢ પતિઓની દશા જ ભૂંડી. નવા નવા ગર્ભથી કંટાળી પત્ની કદાચ પતિને સંયમ રાખવા કહેતી ય હોય પણ વિષયાંધ પતિને સંયમ રાખવાનું સૂઝતું નથી, ને પત્ની બિચારીને અધિક છોકરીઓનો જન્મ થાય એટલે એના પર ગુસ્સે થાય છે. આગળ જોઈશું કામરાગ કેવો ભૂંડો !

બ્રાહ્મણીને તો ગર્ભમાં છોકરી જ હતી, તે છોકરી જનમતાં બ્રાહ્મણ દૂર દેશ ભાગી ગયો. પણ છોકરીની મા એને મૂકીને ક્યાં ભાગે ?

માતાનો જીવ જ વાત્સલ્યભર્યો; તે ભારે કષ્ટમાં ય સંતાનને તરછોડે નહિ. માટે કહેવાય મા તે મા.

આજના કૃતઘ્ન છોકરો માતાનાં આ મૂલ્યને નથી સમજતા માટે બાયડી પરણી માતાની સાથે ઝગડે છે, માતાને તરછોડી જુદા રહે છે.

બ્રાહ્મણીએ છોકરીને તરછોડી તો નહિ, પણ 'આણે આવીને મારો ધણી ખોવરાવ્યો' એ દાઝમાં એણે સાતમી છોકરીનું નામ જ ન પાડ્યું. તેથી લોકો એને અનામિકા નિર્નામિકા કહેવા લાગ્યા. બ્રાહ્મણી લોકોની મજૂરી કરીને સાતેયનું માંડ પૂરું તો કરે છે, પરંતુ આ સાતમી નિર્નામિકા ઉપર જરા ઈતરાજી રહે છે, તે એક દિવસ એ ઈતરાજીનો પડઘો પડ્યો.

બન્યું એવું કે નિર્નામિકા બહાર કયાંક છોકરાને લાડુ ખાતા જોઈ આવીને ઘરે આવી માતાને કહે, 'મને લાડવો ખાવા આપ,'

મા તડૂકી 'રોયી ! લાડવો ખાવો છે ?' હાથમાં મા લાકડું ઉપાડી કહે ''લે, આમ આવ લાડુ આપું ! ઘરમાં હાંલ્લા કુસ્તી કરે, ને લાડવો જોઈએ છે ?'

મંત્રી દેવતા કહે છે, 'જુઓ તમને જેના પર બહુ રાગ છે એ તમારી સ્વયં પ્રભા દેવીની કઈ દુર્દશા ? જનમતાં બાપ ભાગે ! ખાવાના સાંસા ! માતા નામ ન પાડે ! ને એ લાડુ માગે ત્યાં માતા લાડુનો સામાન નથી માટે લાકડું ઉગામે !

બોલો, એ સ્વયંપ્રભા અહીં દિવ્ય સરંજામમાં રહીને શું પામી ગઈ ?

ખેર, માતાને દયા આવીને દોરડાનું રાહું આપી કહે,-'લાડુનો સામાન મારી પાસે નથી પણ લે, આ દોરડે જંગલમાંથી લાકડાં બાંધી વેચીને આવ, એના પૈસાથી સામાન લાવે તો લાડુ કરી આપું !

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" **વર્ષ-૨૧,અંક-૩૬,તા.૯-૬-૧૯૭૩**

નિર્નામિકાને લાડુનું બહુ મન હતું, તે દોરડું લઈને ઊપડી જંગલમાં લાકડાં ભેગાં કરવાં; ને એ લાવીને વેચી લાડુ માટેના પૈસા ઊભા કરવા.

કેવી ગરીબી ! ઘરમાં થોડો આટો-ગોળ-ઘી નથી. હતું ત્યારે પૂર્વ ભવે રત્નનાં વિમાન રત્નનાં અલંકાર, વગેરે હતું; પણ તે અહીં શા કામનાં ?

સંસાર જ એવો છે કે એમાં જીવ દેવલોકમાં કર્મની સરભરા પામેલો તે હવે કર્મનો રોષ કર્મની વિટંબણા પામે છે !

જીવ એ કર્મે ખરીદેલ કૂતરો :-

જીવનું કર્મની આગળ કશું સ્વાતંત્ર્ય નહિ; એ જે તે લેવાનું; માલ દે તો માલ, માર દે તો માર. કર્મની એને પાકી ગુલામી. કર્મના ગુલામડા જીવને કર્મ કોઈકવાર ચાટવા ટૂકડો ફેંકે એના પર જીવ જો અભિમાન કરે, તો એ એની કેટલી ગમારિતા ! ખેલાડી માણસ ખરીદેલા કૂતરાને ઘડીમાં હાથ પંપાળી વહાલ દેખાડતો હોય, ને ઘડીમાં દોરડે બાંધી સોટીથી ખાવા ફેંકે ત્યારે કૂતરો જો એના પર ગુમાન કરે તો કેવો મૂર્ખ દેખાય ? અભિમાની જીવની આવી ગમાર દશા છે.

વિચારે તો લાગે કે સંસારની કોઈ ભારેમાં ભારે સમૃદ્ધિ સરંજામ કે સન્માન એવાં નથી કે જેના પર અભિમાન કરવું વાજબી હોય. કેમકે, એ બધું ખેલાડી કર્મે જીવરૂપી કૂતરાને ફેંકેલા ટૂકડા જેવું છે, જે ઘડી પછી ખૂંચવાઈ જશે ને હવે જીવ-કૂતરાને સોટીઓ ફટકારશે.

ભવાન્તરની ક્યાં વાત ? એક ભવમાં પણ કૂતરાની જેમ જીવને કર્મ તરફથી હમણાં માન ને પછી અહીં જ અપમાન મળે છે.

ઋષભદેવ પ્રભુ ઘરવાસમાં હતા, ત્યારે દેવતાઓ તરફથી રોજ કલ્પવૃક્ષના ફળનું ભોજન મળતું હતું, પણ ઘરવાસ છોડી ચારિત્ર લીધું ત્યારે ૧૨-૧૨ મહિના સુધી એમને અન્નનો દાણો કે પાણીનું ટીપું ય નથી મળતું. કર્મની આ ઓછી વિટંબણા છે ? ઓછું અપમાન છે ?

અંજનાસુંદરી પરણી નહોતી ત્યાંસુધી ૧૦૦ ભાઈ પર એ એકની એક લાડિલી બેન ભારે સ્નેહ-સન્માન પામતી; પણ પરણીને સાસરે આવ્યા બરાબર પતિ પવનંજયે બાવીસ વરસ સુધી એની સામે પણ જોયું નહિ. ૨૨ વર્ષ એક અલગ મહેલમાં નજર કેદીની જેમ એકલી અટૂલી ગોંધાઈ રહેવું પડયું કેટલી વિટંબણા ! કોના તરફથી ? સંસાર તરફથી સંસારનાં કર્મ તરફથી. ત્યારે કવિએ ગાયું,-

'એમ સંસાર-વિડંબણા દેખી, ચાહું ચરણ જિનચંદના રે;
જિનરાજકું સદા મોરી વંદના'

અર્થાત્ રામ અને સીતા નળ અને દંમયતી, હરિશ્ચન્દ્ર ને તારામતી, સતી કલાવતી-મદનરેખા નર્મદાસુંદરી-ઋષિદત્તા...વગેરે પર સંસારે વરસાવેલી એવી એવી વિટંબણાઓ જોઈ; હવે તો સંસારના ચરણ ચાટવાનાં મૂકી જિનેશ્વર ભગંવતના ચરણનું શરણ લેવા ઈચ્છુ છું. પ્રભુને આ વિનતી કરતાં પ્રભુનાં ચરણે વંદના કરું છું.

પ્રભુના શરણે જવાથી શો લાભ ? :-

પ્રભુના શરણે જવાથી પહેલું તો આ ભાન થાય છે કે,

'જીવને કર્મની ભારે ગુલામી છે કર્મ આગળ જીવ ખરીદેલા કૂતરા જેવો છે.

કર્મ એને ઘડીમાં રમાડે, ને ઘડીમાં રિબાવે ત્યાં કર્મના માલ પર ગુલામ જીવે અભિમાન પણ શા કરાય ? ને આનંદ-આનંદ ને વિશ્વાસ પણ શા રખાય ?'

આમ જો જીવને ભાન થઈ જાય, તો જીવ પુણ્ય-કર્મનો ઉદયે આવી મળેલ સંપત્તિ-સન્માન પર અભિમાને ય ન કરે ને આસ્થા-આસક્તિ પણ ન કરે. પ્રભુનાં શરણે જવાથી આ લાભ, કે (૧) પ્રભુ પર અને પ્રભુનાં વચન પર વિશ્વાસ-પ્રેમ-આદર થાય, ને (૨) એ જિનવચનથી કર્મની વિટંબણાનું ભાન થાય; તેથી (૩) કર્મે દીધા દુન્યવી માલ-સન્માન સગવડ પર અભિમાન-આસ્થા-આસક્તિ ઊડે; (૪) જવલંત વૈરાગ્ય, જવલંત દાનાદિ ધર્મસાધનાઓ, અને આગળ વધતાં વિરતિભાવ ચારિત્ર લઈ પળાય; ને (૫) એમ અંતે મોક્ષ થાય. આ બધું ય જિનચંદ્રનાં ચરણ ચરણનું શરણું પકડવાથી બને. માટે એ શરણના લાભ અનન્ય.

અભિમાન અને આસક્તિ તો સંસારના પાયા છે.

એના પર જીવ કર્મબેડીએ જકડાય છે, અને પછી એના પર કર્મની વિટંબણાઓ વરસે છે એ વિટંબણાઓમાં જીવના મનવચન અને કાયામાં વિકૃતિઓ આવે છે, જેથી વિકૃત વિચાર-વાણી-વર્તાવમાં જીવ પડે છે. સંસાર જુઓ તો દેખાશે કે એમાં રહેલો જીવ વિચારો કરે તે કેવા આસક્તિ ભર્યા, જડની કેવી બોલબાલા પોકારતા ને જાતના કેવા અભિમાન-ખરડ્યા હોય છે ! એવું વાણીમાં અને એવું વર્તાવમાં આ અભિમાન-આસક્તિ વગેરે કેવું તરવરે છે ! પછી કર્મ લાડવો ખેંચી લઈ સોટી ફટકારવા માંડે, ત્યારે જીવના વિચાર-વાણી-વર્તાવમાં દીનતા-શોક-પોક, દ્વેષ ફટફડાટ વગેરે કેવી વિકૃતિઓ-ખરાબીઓ ઊતરે છે !

સંસાર મહાવિચિત્ર ! એણે એક જ કામ રાખ્યું છે કે સારા કે નરસા સંયોગ-સામગ્રી આપી જીવની વિચાર સરણી ખરાબ કરવી, જીવના મોંઢે બેહૂદાં બોલ બોલાવવા, જીવની ઈંદ્રિયો નચાવવી, અને એના શરીર પાસે મૂઢતાનો અજ્ઞાનતા ભરી પ્રવૃત્તિઓ કરાવવી. સંસારનો આ ધંધો એમાં જીવને દુઃખનો અંત કયાં આવે ? એમ શાસ્ત્ર કહે છે, કારણ કે સંસાર છે એટલે કર્મની વિટંબણાઓ છે.

પેલી સ્વયંપ્રભા દેવીમાંથી નિર્નામિકા નિર્ધનબ્રાહ્મણ પુત્રી બનેલી અત્યારે આ કર્મવિટંબણા ભોગવી રહી છે કે એક વખતની દેવલોકમાં હીરાના હારવાળી એ અત્યારે એક લાડુ માટે જંગલમાં લાકડાં ભેગા કરવા જઈ રહી છે.

નિર્નામિકાને મુનિસંયોગ :-

ગરીબ પણ કયો કયો ધર્મ કરી શકે ?:-

મંત્રીદેવતા લલિતાંગદેવને કહે છે, 'હે મહાનુભાવ ! એ નિર્નામિકા જંગલમાંથી લાકડાનો ભારો માથે ચડાવી આવી રહી હતી એમાં એણે જોયું કે

મુનિમહારાજ દેશના આપી રહેલ છે. ભારો નીચે મૂકી એ સાંભળવા ઊભી રહી. મુનિની ધર્મનો મહિમા ગાતી વાણી એને ગમી, તે પ્રવચન પૂરું થયા પછી એ મુનિ પાસે જઈ પોતાની નિર્ધન અવસ્થામાં શો ધર્મ થઈ શકે એ પૂછ્યું.

મુનિએ એને કહ્યું,-'તારી પાસે પૈસા નથી, તેથી તું દાન ધર્મ ન કરી શકે એ સ્વાભાવિક છે; પરંતુ ફિકર નહિ, તું શીલધર્મ અને તપધર્મ તો કરી શકે છે' એમ કહીને મુનિએ એને શીલધર્મમાં સમ્યક્ત્વ, સદાચાર-વ્રત-નિયમો તથા તપધર્મમાં અનશન અર્થાત્ ઉપવાસાદિ તપસ્યાઓ, રસત્યાગ, દ્રવ્યસંક્ષેપ વગેરે બાહ્ય તપ અને પ્રાયશ્ચિત્ત વિનય-સ્વાધ્યાય-નમસ્કાર મંત્રજપ-ધ્યાન વગેરે આભ્યન્તર તપ બતાવ્યાં. તેમજ ભાવના-ધર્મમાં કષાયત્યાગ પૂર્વકની સુંદર મૈત્રી આદિ ભાવનાઓ બતાવી.

નિર્નામિકાને આ બહુ રુચ્યું, એણે યથાશક્તિ શ્રાવકનાં વ્રત લીધાં; ઘરે જઈને એ પાળવા સાથે શક્તિ અનુસાર તપ તથા શુભ ભાવનાઓ કરતી રહે છે. એમાં એકવાર ત્યાં ફરીથી મુનિ પધાર્યા. વળી મુનિનો ઉપદેશ સાંભળી એણે વૈરાગ્ય વધવાથી સંસારત્યાગ કરી સંયમ સાથે તપસ્યા કરવા માંડી. તપ આકરાં કરે છે, તે શરીર ઘસાતું ચાલ્યું. એમાં હવે અવસર દેખી એણે જીવન ભરનું અનશન લીધું છે.

નિર્નામિકા એક ગરીબમાં ગરીબ બ્રાહ્મણીની કંગાળ દીકરી; પણ મુનિસંપર્કે કેવું પામી ગઈ !

ધર્મ કોણ પામે ? શ્રીમંત કે ગરીબ ?

કશો નિયમ નથી. ભવસ્થિતિ પાકી હોય એ ધર્મ પામી જાય. આગળ ઉદય થવાનો હોય એ ધર્મ પામે. આગળ જેને હજી અધોગતિમાં ભટકવાનું છે એને ધર્મ ન સૂઝે. આ પરથી એ સૂચિત થાય છે કે જો આપણને દિલથી ધર્મની રુચિ થાય છે, ને વાણીમાં તથા વર્તાવમાં ધર્મ સૂઝે છે, તો આપણી ભવસ્થિતિ પાકી છે, ને આપણો ભાવીમાં ઉદય છે.

તમે તમારો ભાવી ઉદય ચાહો છો ? કે માંડવાળ રાખી છે કે ભવિષ્યમાં થવું હોય એ થવા દો ? મૂઢ બનતા નહિ, એવી માંડવાળમાં હાથવેંતની બાજી હારી જશો. ત્યારે પૂછશો,-

પ્ર.- પણ ભવિષ્યનો ઉદય આપણા હાથમાં છે ?

ઉ.- હા, હાથમાં છે. પૂર્વે કહ્યું તેમ જો અહીં દિલને ધર્મ ગમે છે, અને વિચાર-વાણી-વર્તાવમાં ધર્મ સૂઝે છે, તો એ નિશ્ચિતપણે ભાવી ઉદયનું ચિહ્ન છે. ભગવાન પર અને મહાપુરૂષો પર શ્રદ્ધા છે ને ? તો આ જુઓ કે એમણે ધર્મથી પોતાના મહાન ઉદય સાધ્યા છે. જગતમાં કોઈએ ધર્મ વિના પોતાનો ઉદય સાધ્યો

નથી. આમાં અન્વય-વ્યતિરેક બંને મળે છે;- (૧) જેણે જેણે ધર્મ આરાધ્યો એના એના જ ઉદય થયા; એ અન્વય (૨) જેને જેને ધર્મ ન સૂઝ્યો, એના ઉદય થયા જ નહિ, એ વ્યતિરેક. તો પછી આપણે દિલમાં એકમાત્ર ધર્મનો જ પ્રેમ-પક્ષપાત ઊભો કરીએ, અને પાપના તથા પાપસાધનના પ્રેમ-પક્ષપાત પડતા મુકીએ, અને શક્ય હોય એટલું વિચાર-વાણી-વર્તાવમાં ધર્મ ઉતારીએ, વિચારમાં ધર્મ સૂઝે પાપ નહિ, વાણીમાં ધર્મ જ સૂઝે મોહ નહિ, અને વર્તાવમાં પણ ધર્મ સૂઝે, તો આપણો પણ નિશ્ચિત ઉદય છે.

વિચાર-વાણી વર્તાવમાં ધર્મ સૂઝે એનો ઉદય થાય, એ સાચું. પણ ઉદય હોય તો ધર્મ સૂઝે એ કહેવું ખોટું.

ધ્યાન રાખજો, આગળ પરનો ઉદય અહીં આવીને ધર્મ નથી સૂઝાડવાનો; કેમકે ઉદય તો ભવિષ્યની વસ્તુ છે, ભવિષ્યમાં જનમશે એ કાંઈ જનમ્યા પહેલાં અત્યારે આવે નહિ. માટે 'ઉદય હોય તો ધર્મ સૂઝે' એ બોલવું ખોટું. ધર્મ સૂઝવા પહેલાં ઉદય હાજર જ નથી, પછી એવું કેમ બોલાય કે ઉદય હોય તો ધર્મ સૂઝે ? માટે ખરી વાત આ છે કે, **'ધર્મ સૂઝે તો ઉદય હોય, ઉદય થાય.'** એટલે બોલો,

ધર્મ સૂઝવાનું આપણા હાથમાં છે.

આપણે સૂઝાડવો હોય તો ધર્મ સૂઝે જેમ દા.ત. માનો કે તમારી પાસે પૈસા છે બજારમાં કોઈ માલ આવ્યો, એના પર પૈસા રોકી વેપાર કરવાની તક છે. પરંતુ આગળ-પાછળનો વિચાર કરી જો તમને વેપાર કરવાનું ઠીક લાગે ને સૂઝે તો જ વેપાર કરો છો, ને ઠીક ન લાગે તો વેપાર કરવાનું નથી સૂઝતું, ને વેપાર નથી કરતા, વેપાર કરવાનું સૂઝવાનું તમારી મરજી પર છે. તમારે સૂઝાડવો હોય તો વેપાર સૂઝે, ને ન સૂઝાડવો હોય તો ન સૂઝે ત્યારે કદાચ પૂછશો,-

પ્ર.- પૈસા મળવાનું પુણ્ય હોય તો સીધો વેપાર સૂઝે, ને પૈસા ગુમાવવાનું પાપ હોય તો ઊંધો વેપાર સૂઝે. એમ પુણ્ય-પાપના ઉદયથી વેપાર સૂઝવાનું કહેવાય; પણ મરજીથી સૂઝવાનું શી રીતે ?

ઉ.- આ પરથી તમારે એમ કહેવું હશે કે એ રીતે ધર્મ મળવાનું પુણ્ય હોય તો ધર્મ સૂઝ . પણ આ ખોટું છે. આમાં બે વાત સમજવા જેવી છે,-

(૧) પુણ્યથી વેપાર નથી સૂઝતો :-

(૧) પહેલી વાત તો આ, કે પુણ્યથી પૈસા મળવાના હોય' એમ જે કહેવાય છે એમાં તો એટલું જ આવ્યું કે, 'પુણ્યનું કાર્ય માત્ર ધનપ્રાપ્તિ' ત્યાં એમ નથી બોલાતું કે 'પુણ્યથી વેપાર સૂઝવાનો હોય' કે 'પાપથી વેપાર સૂઝવાનો હોય.' બોલાય તો એ છે કે 'પુણ્યથી પૈસા મળવાના હોય. એટલે 'પૈસા મળવા-ગુમાવવામાં

કારણભૂત પુણ્ય-પાપ; પુણ્ય-પાપનું કાર્ય ધનપ્રાપ્તિ-ધનનાશ.' આટલી જ હકીકત છે; પણ નહિ કે 'વેપાર સૂઝવામાં કારણભૂત પુણ્ય કે પાપ;' એમ નહિ કે પુણ્યપાપનું કાર્ય વેપારની સૂઝ' આ હકીકત નથી. હકીકત તો પુણ્ય-પાપથી ધનપ્રાપ્તિ-ધનનાશ, એટલી જ.

તો જેમ પુણ્યનું કાર્ય વેપારની સૂઝ નહિ, એમ પુણ્યનું કાર્ય ધર્મની સૂઝ નહિ.

પ્ર.- ત્યારે વેપાર સૂઝે એમાં કોણ કારણ ?

ઉ.- વેપાર સૂઝે એમાં લોભ અને વીર્યોલ્લાસ કારણ એ બંને આપણી મરજીના.

આપણી મરજી હોય એટલા જ પૈસાનો-વેપારનો લોભ કરી એટલાનો જ ઉદ્યમ કરીએ. ચતુર્દશીએ આપણી એ મરજી નથી ને પોષધ કરવાની મરજી છે, તો એ લોભ અને પુરૂષાર્થ કરવાની મરજી છે, તો એ લોભ અને પુરૂષાર્થ બેઠા રહે, બંધ રહે. ત્યાં કાંઈ પુણ્ય ફોર્સ કરીને આપણને બજારમાં તાણી નથી જતું. ઊલટું એમ કહો, પુણ્ય જો જોરદાર હોય, તો પછીના દિવસમાં વેપારથી અધિક પૈસા આપી દે છે. આમ, પુણ્યનું કામ પૈસા આપવાનું. ત્યાં વેપાર સૂઝે તે આપણી મરજીના લોભ અને વીર્યોલ્લાસથી.

આ તત્ત્વની શ્રદ્ધા નથી એટલે પર્વ દિવસે પણ હાથવેંતની વસ્તુ ધર્મ ગુમાવાય છે, અને પુણ્યના હાથની વસ્તુ ધનપ્રાપ્તિ માટે વેપારાદિ પાપ કરાય છે.

મરજી હોય તો જેમ વેપાર સૂઝે, એમ મરજી હોય તો ધર્મ સૂઝે :-

તત્ત્વની શ્રદ્ધા હોય તો મનને એમ થાય કે, પૈસા મળવાનું તો મારી મરજીના આધારે નહિ પણ પુણ્યના આધારે છે અને એ તો પછીના દિવસોમાં પણ પુણ્ય હશે તો મળી જવાના છે. પણ વેપાર કે ધર્મ સૂઝવાનું તો મારી મરજીના આધારે છે, તો પછી પર્વ દિવસે શા માટે ધર્મ ન સૂઝાડું ? ધર્મ કરવાની જો મારી ખરેખર મરજી હોય, તો ધર્મ સૂઝે જ છે. પર્વ દિવસે ય જો મને ધર્મ નથી સૂઝતો તો એનો અર્થ તો એ જ કે ધર્મ કરવાની મારી મરજી જ નથી.'

પ્ર.- તો ધર્મની કેમ મરજી નથી થતી ?

ઉ.- એટલે શું એમ કહેવું છે કે પુણ્ય નથી માટે ધર્મની મરજી નથી ? ભૂલા પડતા નહિ, ધર્મની મરજી નહિ થવાનું કારણ,-ધર્મની એવી શ્રદ્ધા નથી, રુચિ નથી, એ છે 'ધર્મ જ તારણહાર છે, વેપારાદિ પાપ તો મારણહાર છે,'-એવી પાકી ધર્મ-શ્રદ્ધા નહિ, ધર્મની રુચિ નહિ, પછી ધર્મની એવી ગરજ ક્યાંથી લાગે ? મરજી ક્યાંથી થાય ? ત્યારે અહીં બીજી વાત આવીને ઊભી રહે છે.

(૨) ધર્મ પુણ્યથી નથી મળતો કે જેથી એમ કહેવાય કે પુણ્ય હોય તો ધર્મ સૂઝે.

આઠે કર્મ જ્ઞાનાવરણીય આદિમાં કોઈ એવું પુણ્યકર્મ નથી કે જે અંતરમાં ધર્મ પમાડે યા ધર્મ સૂઝાડે. બલ્કે મોહનીય પાપકર્મ એવું છે કે ધર્મ સૂઝવા ન દે. અને ધર્મ પામવા ન દે. માટે જો ધર્મ સૂઝે તો તે મોહનીય કર્મ મોળું પડવાથી યાને એનો ક્ષયોપશમ થવાથી સૂઝે. એમ ધર્મ પામવાનું થાય તે પણ મોહનો ક્ષયોપશમ થવાથી થાય.

પુણ્ય છે માટે ધર્મ નથી સૂઝતો, નથી પમાતો :-

લગભગ એવું દેખાય છે કે જેને પુણ્ય સારું ઉદયમાં છે એને પૈસા-સન્માન-વેપાર વગેરે સારો મળવાથી એમાં લીન થઈ જવાથી ધર્મ નથી સૂઝતો. એટલે શું આવ્યું ? આ, કે પુણ્ય છે માટે ધર્મ નથી સૂઝતો, ધર્મની મરજી નથી થતી અલબત એવું નથી કે પુણ્ય હોય તો ધર્મ ન જ સૂઝે; પણ આજના પુણ્ય લગભગ ગોઝારાં છે, પાપાનુબધી છે, તેથી પુણ્યના માલ કેફ ચડાવી ધર્મ નથી સૂઝવા દેતા. બાકી પુણ્યાનુબધી પુણ્યવાળાને ધર્મ સૂઝે; પરંતુ એમાં ય કારણ આ, કે એમાં પુણ્યના માલ કેફ નથી ચડાવતા, બહુ મોહ નથી કરાવતા; તેથી પુણ્યના માલની આસક્તિ અને પાપના વીર્યોલ્લાસ મોળા રહેવાથી ધર્મની રુચિ-પક્ષપાત તથા ધર્મની ગરજ અને ધર્મની મરજી જાગે છે; એટલે ધર્મ સૂઝે છે.

સારાંશ, લોભ-આસક્તિ અને પાપવીર્યોલ્લાસ ઓછા કરો, તો ધર્મની રુચિ-પક્ષપાત અને ગરજ જાગે, ને એ જગાડો તો ધર્મ કરવાની મરજી થાય, ધર્મ સૂઝે, ધર્મ કરાય.

પુણ્યના ખોટા ભરોસે રહેતા નહિ કે, 'પુણ્ય હશે ત્યારે ધર્મ થશે' એવા ખોટા ભરોસામાં ધર્મ વાયદે મૂકવાથી જીવન પાપ- ખદબદતું, વિષયલંપટ અને કષાય ખરડ્યું જીવાશે, ને એમ ભવ હારી જશો.

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૨૧,અંક-૩૭,તા.૧૬-૬-૧૯૫૩

એક જ સૂત્ર રાખો કે ધર્મની મારી મરજી હોય તો જરૂર મને ધર્મ સૂઝે; ને ધર્મનો મને પક્ષપાત અને ધર્મની મારે ગરજ હોય તો જરૂર ધર્મની મરજી થાય.

વાત આ હતી કે જાતને ધર્મ સૂઝાડવાનું આપણા હાથમાં છે. અલબત એ માટે જરાક ગુરુના સંપર્ક-ઉપદેશનો ઇસારો જોઈએ. પેલી નિર્નામિકાને ગરીબીમાં પણ ગુરુનો સંપર્ક મળ્યો, ઉપદેશ મળ્યો, એના પર એણે પોતાના દિલમાં ધર્મનો પક્ષપાત જગાડ્યો. ધર્મની રુચિ ઊભી કરી, ધર્મની ગરજ જાગી, ધર્મની મરજી થઈ, તો ધર્મ સુઝ્યો. તે અત્યારે ઠેઠ ચારિત્રજીવનને પહોંચી અનશનધર્મમાં ચડી.

ગરીબ છતાં ઉચ્ચ ધર્મ પામી. શ્રીમંત પણ આ જ લાઈન પર ધર્મ પામી શકે.

મંત્રી-દેવતા લલિતાંગદેવને કહે છે,-

'જો મહાનુભાવ ! હવે સ્વયંપ્રભાને ભૂલવી છે ?'

લલિતાંગ કહે,- 'અરે ભાઈ ! આ બધું સાંભળીને તો ઊલટું એક તો એની જન્મની દુઃખદ અવસ્થા પર લાગણી વધી જાય છે, તેમજ એનો આવો સુંદર ધર્મપુરુષાર્થ જાણીને પણ એનું આકર્ષણ વધી જાય છે. એ શે ભુલાય ?'

મંત્રીદેવતાએ જોયું કે, 'આનો સ્નેહરાગ હવે એમ ટળે એવો નથી, ને એમાં એ અસમાધિ-દુર્ધ્યાન કરે છે, માટે એ મિટાવવા સ્વયંપ્રભા પાછી મેળવવાનો જ ઉપાય બતાવવા દે.' તેથી એ કહે છે,-

"તો મહાનુભાવ ! જો તમારે એને પાછી સ્વયંપ્રભા તરીકે જોઈતી હોય તો એક કામ કરો; હમણાં જાઓ એની પાસે, એને દર્શન આપો, ઓળખ કરાવો, ને એની પાસે નક્કી કરાવો કે, 'આ અનશનનાં ફળમાં મને પાછો એ જ સ્વયંપ્રભાનો અવતાર મળો.' એ હવે અનશનમાં લાંબુ જીવે એમ તો નથી જ, તેથી જો એ આ નિર્ણય કરે, તો એના પ્રતાપે થોડા જ દિવસમાં એ તમને અહીં મળી જવાનો સંભવ છે."

લલિતાંગદેવને આ સાંભળીને હરખ-હરખ થઈ ગયો, આશા બંધાણી કે 'વાહ ! ત્યારે હવે તો સ્વયંપ્રભા આમ મળી જવાની.' મંત્રીદેવતાનો ઉપકાર માની, એ આવ્યો નીચે અહીં મૃત્યુલોકમાં, અને અનશન કરી જાપ ધ્યાનમાં બેઠેલી સાધ્વી નિર્નામિકાને દર્શન આપે છે.

નિર્નામિકા પૂછે છે, 'તમે કોણ ? ત્યાં દેવતા એનો અને પોતાનો સંબંધ અને વિગત બતાવતાં પૂર્વ ભવનું એનું રૂપ દેખાડે છે. નિર્નામિકાને પૂર્વ ભવનો ખ્યાલ આવી જાય છે.'

હવે દેવતા કહે, 'બોલો શું ફરવું છે ? તમારા વિના મને આટલા વર્ષો ગયા, પણ ચેન નથી. માટે તમે નક્કી કરો કે આ તપ-સંયમના પ્રભાવે પછી એ જ સ્વયંપ્રભા દેવી થાઉં.'

સ્નેહરાગના અનર્થોનો વિચાર ચાલી રહ્યો હતો.

લલિતાંગ દેવે કેવા કેવા અનર્થ અનુભવ્યા.

(૧) વરસો સુધી શોક-ઉદ્વેગ-કલ્પાંત અનુભવ્યો.

(૨) વિમાનના ખૂણે ખૂણે 'હે સ્વયંપ્રભા ! તું ક્યાં છે ? તું ક્યાં છે ? એમ મરેલીને જીવંત માની પોકાર કરવાનું ગાંડપણ અનુભવ્યું.'

(૩) સેવકદેવો-મિત્રદેવોની સમજાવટ નકામી ગઈ.

(૪) મંત્રીદેવતાએ સ્વયંપ્રભાના જીવ નિર્નામિકાની દુઃખદ દશા બતાવી, તો એના પર એ વિચાર ન આવ્યો કે 'અરે ! મારી સાથેના રાગમાં આ બિચારી શું પામી ગઈ ? એની આ દુર્દશા ? તો લાવ એને સાવધાન કરૂ કે હવે કશા રાગમાં ન પડીશ.' ના, આ કશો વિચાર નહિ. ઊલટું એવી લાગણી થઈ આવી કે આ દુખિયારી પાછી સ્વયંપ્રભા થઈ આવે તો સુખી થાય; ને મારે ય શાન્તિ થાય.'

(૫) હવે એને પાછી સ્વયંપ્રભા થવાનું નિયાણું કરવા કહે છે.

-બોલો, જાલિમ સ્નેહરાગનો આ કેવો જાલિમ અનર્થ ? નિર્નામિકા શુદ્ધ દર્શન-જ્ઞાન-ચારિત્ર-તપની સાધનામાં છે. નિરાશંસભાવની એ સાધનામાં કેવું ય ઊંચું ફળ મળે એમ છે. પરંતુ એવીયને પહેલા દેવલોકની દેવી થવાનું નક્કી કરવા કહે છે. અહીં પ્રશ્ન થાય,

પ્ર.- સ્નેહરાગ છે તો મિત્રદેવ કરવાનું ન ઈચ્છાય ?

ઉ.- એકલા સ્નેહરાગમાં તો એટલું બસ છે. પરંતુ સંસાર વિચિત્ર છે, એ સાથે બીજા સ્વાર્થરાગ-વિષયરાગની પણ બિમારી પોષે છે. 'હું સેવ્ય અને આ સેવિકા થાય... હું ભોકતા અને આ ભોગ્ય થાય... હું આજ્ઞાકારી અને આ આજ્ઞાંકિત બને...' આવા વિષયરાગ-કામરાગ ભેગા મળે છે. આ અજુગતું કરાવનાર સંસાર કેવો બેહૂદો ! કેવો અસાર-તુચ્છ-માલવિનાનો ! ત્રીજી સંસારભાવના આ દેખાડે છે કે સંસાર કામરાગ-સ્નેહરાગના માનસિક વિકાર જગાડી અજુગતું આદરાવે છે. માટે એમાં દુઃખનો અંત નથી.

રાગ એ મહા બિમારી છે, મહા રોગ છે.

એક ટી.બી. જેવી બિમારીમાં બીજા કેટલા Complications નાના રોગ ભેગા ભળે છે ? એવા મહારોગને ક્ષેત્રરોગ કહે છે. ક્ષેત્ર-ખેતરમાં કેટલાય પાક થાય; એમ આ રોગમાં કેટલીય નાંની મોટી તકલીફ જાગે. લલિતાંગદેવના જીવનમાં જોયું કે એક સ્વયંપ્રભાના રાગમાં કેવા શોક-ઉદ્વેગ ઘેલછા-કલ્પાંત વગેરે ચાલ્યા. આ શોક વગેરે બધા ય રોગ જ છે, મૂળ રોગ રાગનો.

પ્ર.- રાગને રોગ કેમ કહો છો ?

ઉ.- રોગ એનું નામ કે જેમાં સ્વસ્થતા ગુમાવાય. તાવ આવ્યો, માથું ચડ્યું છે, ગેસ રહે છે, તો કહેવાય છે ને કે શરીર અસ્વસ્થ રહે છે ? એવું રાગ શું કે શોક શું ? યા કલ્પાંત શું કે ઘેલછા શું ? બધામાં આત્મા અસ્વસ્થ બને છે આત્માની સ્વસ્થતા એ કે એનામાં શુદ્ધ જ્ઞાનની સ્ફૂર્તિ હોય નિર્વિકાર નિરાસંગ સ્થિતિ હોય, સમતા-સમાધિ હોય, જગતનો એકમાત્ર જ્ઞાતૃ-દ્રષ્ટૃભાવ રહી એની કશી અસર પોતે ન લેવાની હોય, નિસ્તરંગ પ્રશાંત મહાસાગર જેવી સર્વથા

પ્રશાન્તતા-ઉપશાન્તતા હોય, એ આત્માની સ્વસ્થતા કહેવાય. એ સ્વસ્થતાને ખંડિત કરનાર બને છે. રાગ-દ્વેષ, કામ-ક્રોધ-લોભ-હર્ષ-ખેદ, હાસ્ય-ભય-શોક, મદ-માયા. માટે આ બધા આત્મ-સ્વાસ્થ્ય ભંજક આત્મરોગો કહેવાય.

રાગાદિ રોગમાં શું કરવું ? :-

બસ, રાગ અને એની પાછળના આવાં લફરાં એ બિમારી છે, વાસના-વિકાર એ બિમારી છે.' એ વાત મનને બરાબર ઠસી જાય, તો એ બિમારીને પોષવાનું-નભાવવાનું મન ન થાય; બલ્કે એનું દુઃખ રહે કે, 'આ રાગાદિ બિમારીઓ ક્યાં સુધી ચલાવવાની ?' બોલો,-

મનને ઘણી ઘણી વાતે દુઃખ રહે છે, પણ રાગાદિ બિમારીઓનું દુઃખ રહે છે કે આ બિમારીઓ ક્યાં સુધી ચલાવવાની ?

પૈસા ઓછાનું દુઃખ લાગે છે; મોંઘવારીનું દુઃખ લાગે છે; કુટુંબીઓનો સ્વભાવ આકરો, કે એ વાંકા, તો દુઃખ રહે છે; મકાનમાંની કેટલીક અગવડોનું દુઃખ, કોઈના માન ન મળે એ દુઃખ, કોઈ આપણને ન બોલાવે, કોઈએ અપમાન કર્યું તો દુઃખ... એવાં એવાં કેટલાંય દુઃખ મનને લાગે છે, પરંતુ મારા આત્માને આ રાગ-દ્વેષ, કામ, ક્રોધ-લાભ, હરખ-ખેદ વગેરે બિમારીઓ ચાલે છે એનું દુઃખ ક્યારે ય લાગે ખરૂ ? ટી.બી., કેન્સર, લકવાના રોગનું દુઃખ ઘડીએ ને પલકે લાગ્યા કરે છે, પણ એના કરતાં ભયંકર જાલિમ આ રાગાદિ મનના રોગનું પળે પળે દુઃખ લગાડવા જેવું છે. એ લાગ્યા કરે તો એમાં ઓછાશ કરવાનું, ને અવસરે અવસરે એ રાગાદિ કરવાનું પડતું મૂકાય, એ માટે મન પર જોર મરાય.

રાગ-દ્વેષ, કામ-ક્રોધ વગેરેને દબાવવાનું પહેલું પગથિયું આ, કે એ રાગાદિ એ મહાબિમારીઓ છે. એમ બરાબર જોયા કરાય, અને એનું પળે પળે દુઃખ લાગ્યા કરે.

લલિતાંગદેવને સ્નેહરાગમાં તણાયા હમણાં એનું એવું દુઃખ નથી, તો નિર્નામિકા નિરાશંસભાવે આરાધના કર્યે જાય એનું કેવું ઊંચું ફળ આવે અને પોતે એને નિયાણું કરાવે એથી એના કરતાં નીચી કોટિનું ફળ આવે એનો પણ વિચાર કે દુઃખ હોય એવું લાગતું નથી.

સ્નેહરાગના આ પણ મહાન અનર્થ છે કે

(૧) જીવને એનું બિમારીરૂપે દુઃખ લાગે નહિ, અને

(૨) સામાને એવી પ્રવૃત્તિમાં ઊતારે કે જેથી એનું હિત ઘવાશે તો ? એ તરફ લક્ષ પણ ન જાય.

અહીં આ સમજી રાખવાનું છે કે શું નિર્નામિકા, કે શું બીજું કોઈ, એ

નિરાશંસભાવે એટલે કે ફળની આશંસા-ઝંખના રાખ્યા વિના ધર્મની આરાધના કરે એનું ફળ ઊંચું હોય, ને ફળની આશંસા-અપેક્ષા રાખીને કરે તો એનું ફળ એથી નીચી કોટિનું આવે; કેમકે ફળની આશંસા કરવા જતાં ચિત્ત થોડું ધર્મમાંથી ઊતરીને ફળમાં જવાથી ધર્મનો પોતાના મનનો જુસ્સો કંઈક ઓછો થાય છે. ધર્મને મળતા ચિત્તના જુસ્સામાંથી ફળે ભાગ પાડ્યો.

સ્વભાવિક છે કે એકલી ધર્મની જ લગન હોય તો ચિત્ત એમાં ઓતપ્રોત રહે. ત્યારે જો સાથે હવે ફળની લગન આવી તો પેલી ચિત્તની ઓતપ્રોતતામાં ફરક પડવાનો. એ ફરક પડે એટલે ધર્મમાં ચિત્તની તન્મયતા, ચિત્ત થોડું ફળમાં જવાથી, એટલી ઓછી થવાની. એથી સહજ છે કે ધર્મમાં પૂરી ચિત્ત-તન્મયતા હોય ને જે ફળ આવે, એના કરતાં સહેજ ઓછી તન્મયતા પર ફળ એથી નીચી કોટિનું આવે.

અવંતિસુકુમાલના મનમાં સહેજ નલિનીગુલ્મ વિમાનમાં જનમવાની લેશ્યા ઊભી થઈ, તો ચારિત્ર ધર્મ અને મહાઉપસર્ગ સહવાના ધર્મનું ફળ એટલે જ અટકી પડ્યું. અલબત ત્યાં પાપનિયાણું નહોતું તેથી હવે આગળ નલિનીગુલ્મ વિમાનનો અવતાર પૂરો થયા પછી દુર્ગતિમાં નહિ ઊતરે; પરંતુ અહીં એક વખત તો એ નલિનીગુલ્મ વિમાનના પહેલા દેવલોકે અટકી પડ્યા. એ લેશ્યા આશંસા ન હોત તો સંભવ ગણાય કે એથી વિશેષ ઊંચો દેવલોક વગેરે ફળ પામત.

તામલિતાપસને ભવનપતિ દેવલોકની દેવીઓ એના તપની આરાધનાના ફળમાં ભવનપતિમાં પોતાના સ્વામી દેવ તરીકે જનમવાનું નિયાણું કરાવવા આવી. ઘણી ઘણી વિનવણી કરી, દેવતાઈ ગીત-નૃત્ય અને હાવભાવ દેખાડ્યા પરંતુ તામિલ જરાય એ ફળમાં લોભાયો નહિ, એ ફળની આશંસા જ કરી નહિ.

તામલિતાપસ દેવીમાં ન લોભાતા શું વિચારે છે ? :-

તામલિએ એ જ વિચાર્યું કે, "આ સ્વર્ગજન્મ અને સ્વર્ગીય સુખ તો પાછા એક દિ'પૂરા થઈ જવાનાં. તો 'પછી શું ?' એ સવાલ મોટો રહે; અને માંગીને એ સુખ લીધાં એટલે જીવ એવાં સુખ મળતાં એમાં લંપટ બની જાય; અને તેથી એ મોહ ને એ પાપના લીધે પછી સંસારમાં ભટકે એ સહજ છે. ત્યારે, મેં અહીં જે છતાં સુખ છોડ્યા છે અને આટલો ઘોર તપ કર્યો છે તે શું ફરી પાછો સુખલંપટ બનવા માટે ? સુખલંપટ બની સંસારમાં ભમવા માટે ? છટ્ ! મારે એવા વિષયસુખની જરૂર નથી. આ રૂડા માનવ જન્મે આવી, પાપી ઘરસંસાર છોડીને તપમાર્ગે ચડી જવાની અક્કલ આવી, તો હવે એવું શા માટે કરૂ કે જેના પરિણામે પાછા સંસારમાં જનમ-મરણ , જનમ-મરણ કરવા પડે ?"

તામલિતાપસ આ ઊંચા વિચાર પર વૈરાગ્યથી પાછો ન પડ્યો, દેવીઓની ભારે પ્રાર્થના-વિનવણી પર ધરાર એકનો બે ન થયો અંતે દેવીઓ હારીને એને તુચ્છકારીને ગઈ.

પરંતુ તામલિતાપસે આમ એકમાત્ર ધ્યાન-તપના ધર્મમાં જ ચિત્ત રાખ્યું, તો અંતે એ કાળ કરીને બીજા દેવલોક **'ઈશાન દેવલોક'** નો ઈન્દ્ર બન્યો. બોલો, પેલું ફળ માગી લીધું હોત તો આ ઊંચા વૈમાનિક દેવનો અવતાર મળત ? કે નીચેના ભવનપતિ દેવલોકમાં અટવાઈ પડત ?

ધર્મસાધના કરતી વખતે શાસ્ત્રે પૌદ્‌ગલિક ફળની અભિલાષા કરવાની મનાઈ કરી છે, તે આ જ કારણે કે મનમાં સાધના અને ફળ બંને પેસવાથી સાધનામાં મનનો જુસ્સો મોળો પડે છે. મન એકલી જ સાધનામાં જો હોત, તો જુસ્સો જોરદાર હોત.

આ ઉપરથી એ કલ્પી શકાય કે નિર્નામિકાએ સંયમ અને અનશનતપમાં ફળ તરીકે સ્વયંપ્રભા દેવી થવાનો વિચાર ઘાલ્યો એથી એ વિના એકલી સાધનામાં મનનો જે જુસ્સો રહેત, તેના કરતાં ફળમાં મન જવાથી સાધનામાં મનનો જુસ્સો મોળો પડ્યો.

ત્યારે લલિતાંગદેવે સ્નેહરાગમાં તણાઈ એની પાસે આ શું કરાવ્યું ? એને કેવા ફળના લાભની હકદાર અધિકારિણી બનાવી ? ઊંચા કે નીચા ? એને સહેજે મળી શકત એવા ફળ કરતાં નીચેના ફળની હકદાર બનાવી મનાય કે નહિ ?

નિર્નામિકા ધર્મમાં લાગી હતી તે ધર્મનો આ મહિમા સમજીને કે,

જીવને આ સંસારમાં કોઈની ખરેખરી ઓથ હોય તો માત્ર ધર્મની જ છે, પણ દુન્યવી આળપંપાળની નહિ.'

એથી એનું મન શુદ્ધ ધર્મમાં લાગી ગયું હતું, શરણું ધર્મનું જ માન્યું હતું. એ એના ઊંચા ભાવ હતા; તે હવે અમુક જ ફળમાં મન ગયું એટલે શરણું એ ફળની માંગણી લીધા જેવું થયું. લલિતાંગદેવે કહ્યા પ્રમાણે એને પૂર્વભવનો ખ્યાલ આવી ગયો. હવે એને પણ લલિતાંગ પ્રત્યે સ્નેહ જાગ્રત થઈ ગયો, અને એણે સ્વયંપ્રભા થવાનું નિયાણું નિર્ણય કરી લીધો. પરિણામે અહીંથી આયુષ્ય પૂર્ણ થઈ જતાં એ ત્યાં લલિતાંગદેવના વિમાનમાં સ્વયંપ્રભા દેવી તરીકે જન્મી ગઈ.

જોજો, આ સ્વયંપ્રભા એ શ્રેયાંસકુમારનો જીવ છે. છેલ્લે લલિતાંગ એ ઋષભદેવ ભગવાન થનાર છે, અને એમને ચારિત્રજીવનમાં વર્ષીતપનું પારણું વહોરાવનાર શ્રેયાંસકુમાર તે આ સ્વયંપ્રભા દેવીનો જીવ છે એટલે એ શ્રેયાંસનો સંબંધ અહીં લલિતાંગદેવના ભવથી શરૂ થાય છે. ત્યારે આ એક સવાલ થાય,-

પ્ર.- સ્વયંપ્રભા દેવીના ભવથી હવે આગળ ઉત્તરોત્તર ભવ લલિતાંગ દેવની હારોહાર ચડિયાતા છે. તો નિયાણું કરવા છતાં એ કેમ બન્યું ? નિયાણાથી એક વાર માગ્યું મળી જાય, પણ પછીથી નરકાદિ દુર્ગતિ થાય છે;- જેમ વિશ્વભૂતિ મુનિએ નિયાણું કરવાથી ત્રિપૃષ્ઠવાસુદેવ બન્યા ખરા, પણ પછીથી સાતમી નરક વગેરે હલકી ગતિઓ થઈ, તો એવું અહીં કેમ ન બન્યું ?

ઉ.- આનો જવાબ એ છે કે નિયાણું વિષયોના તીવ્ર રાગ-દ્વેષથી થાય તો એવું ફળ આવે છે, પણ અહીં સ્વયંપ્રભાને આગળ એવા દુર્ગતિગમનનાં ફળ નથી આવ્યાં એ સૂચવે છે કે એણે નિર્નામિકાના ભવે એવા વિષયરાગ એટલે કે દેવતાઈ ભોગવિલાસની આકાંક્ષાથી નિયાણું નહિ કરેલ હોય, પરંતુ લલિતાંગદેવની ગુણિયલતા વગેરે પર મુગ્ધ થઈ એના માત્ર આત્મા પ્રત્યેના સ્નેહરાગથી ખેંચાઈ એ નિયાણું કર્યું હશે.

સંબંધ આત્માના કે વિષયના ? :-

દુનિયામાં આવું બને છે કે મોટાભાગે તો પિતા-પુત્ર, પતિ-પત્ની, ભાઈ-બેન વગેરે પરસ્પર સ્નેહ કરતા હોય છે તે સ્વાર્થના ઘરનો એટલે કે સામા તરફથી પોતાને ગમતા વિષયોના રંગરાગ મળે છે, માટે એની ઉપર સ્નેહ-પ્રેમ-રાગ થાય છે. પરંતુ કોઈક એવા ય જીવ હોય કે જે સામાની ગુણિયલતા જોઈ એના આત્મા પર ઓવારી જતા હોય. અલબત આવા જીવ થોડા, પણ હોઈ શકે છે. એ આત્માના સંબંધ બને છે. ત્યારે પેલા તો વિષયસંબંધ હોય છે.

સીતા કેમ રામના વૈરિણી ન થયા ? :-

આત્માના સંબંધ હોય ત્યાં પછી એ નથી જોવાતું કે 'સામો મારી વિષયાનુકૂળતા સાચવે છે ને ? કે મારા વિષયરંગ બગાડે છે ?' સીતાજીને રામ સાથે એવો આત્માનો સંબંધ હતો. તેથી પોતે રામ દ્વારા જંગલમાં તગેડાઈ દેવાય છતાં એ રામની વૈરિણી ન બન્યા. પર-ઘેર રહ્યા દીકરા જન્મ્યા, મોટા થયા; એ હવે બાપ સાથે લડી બળ દેખાડવા માગે છે, તો સીતાજીએ લડવા ના પાડી ને 'પિતા પાસે જવું હોય તો પગે પડવા જાઓ' એમ કહ્યું. વિષયની લાલસાના ઘરના સંબંધ હોત તો જે પતિએ વિષયો તોડી નાખ્યા એમના પગે પડવાનું કહે ? એથી ય આગળ દિવ્ય કરી મહાપ્રતિષ્ઠા મળ્યા બાદ રામ વગેરે બહુ જ માનભેર મહેલમાં લઈ જવા માગે છે, ત્યાં એ ના પાડી ચારિત્ર લેવા ચાલી જાત ? સીતાજીને રામ સાથે જો વિષયની લાલસાના ઘરના સંબંધ હોત તો હવે આ વિષયવિલાસના અનુકૂળ સમયે એ ત્યાગ કરત ?

દેહસુખના સંબંધ જુદા, ને આત્માના સંબંધ જુદા.

નિર્નામિકાને પૂર્વે લલિતાંગદેવ સાથે સ્નેહરાગ હતો તે દેહસુખના ઘરનો એટલે કે વિષયલાલસાના ઘરનો નહિ. તેથી અહીં દેવના દર્શને એ યાદ આવ્યા પર એ લલિતાંગની માગણી પર ફરીથી સ્વયંપ્રભા થવાનું નિયાણું કરે છે એ વિષયલાલસાથી નહિ, પરંતુ લલિતાંગના ગુણિયલ આત્મા પરના સ્નેહને લઈને. માટે એવા નિયાણાથી પરિણામે દુર્ગતિઓમાં ભટકવાનું ન થયું. એ ફરીથી સ્વયંપ્રભા દેવી થઈ, ને તે પછી પણ લલિતાંગદેવ સાથે ઉત્તરોત્તર સદ્ગતિઓ પામતી પામતી ગુણસંબંધ વધારતી ગઈ, અંતે શ્રેયાંસકુમાર થઈ એમની સાથે મોક્ષગામી બને છે.

વિષયરાગના અનર્થ ભયંકર, સ્નેહરાગના અનર્થ એવા નહિ. છતાં એટલું ખરૂ કે લલિતાંગદેવે સ્નેહરાગમાં તણાઈ નિર્નામિકાને કદાચ ઉપરના દેવલોકે જવાની સંભાવનાવાળીને પોતાની સાથે પહેલા દેવલોકમાં આવી જવા સુધી અટકાવી.

કામરાગ

આમ, સ્નેહરાગ અનર્થકારી છે. પરંતુ જો એમાં એવો વિષયરાગ-કામરાગ નથી ભળ્યો હોતો, તો ધર્મરાગ આવવો સરળ બને છે. લલિતાંગ અને સ્વયંપ્રભાનો એમ જ ઉદ્ધાર થતો આવ્યો છે ત્યાં કામરાગની પ્રબળતા હોત તો ધર્મરાગને આવવા સરળતા ન રહેત. કામરાગમાં ફસેલા ચક્રવર્તી બ્રહ્મદત્ત અને એની પટ્ટરાણી કુરુમતીના શા હાલ થયા ? વિષયરાગમાં ખૂંચેલા મહાવીર પ્રભુના જીવ ત્રિપૃષ્ઠ વાસુદેવના શા હાલ થયા ? સાતમીનરકે ! પછી સિંહ અવતારે ! પછી ચોથી નરકે ! પછી અગણિત હલકા ભવોમાં ભટક્યા !

કામરાગ-વિષયરાગ મહાભયંકર છે જીવને તામસભાવમાં રાખી ધર્મરાગને યોગ્ય સાત્ત્વિક ભાવ ન પામવા દે.

આ ખાસ ખ્યાલમાં રાખવા જેવું છે. વિષયોના રાગમાં તણાયા જાઓ છો, સારૂ દેખવાનું, સારા રૂપરંગ બહુ ગમે છે, એટલે નજર સામે આવેલી એક પણ સારી રૂપાળી ચીજ જોયા વિના નથી જતી. પૂછો હૃદયને કે નજર સામે આવેલી એક પણ યુવાન સ્ત્રી જોયામાંથી જાય છે ખરી ? એમ, મનગમતું મીઠું સાંભળવાનો, મનગમતું ખાવાનો સુગંધિદાર સુંઘવાનો, ને સુંવાળું સ્પર્શવાનો રાગ કેવો જોર મારી રહ્યો છે ? જીવ એના માટે કેટલા ફાંફાં મારી રહ્યો હોય છે ? એ મળતાં કેવો એમાં લટ્ટું તન્મય પાગલ થઈ જાય છે ?

પણ એમાં તમારો વાંક નહિ. પૂર્વે એકેન્દ્રિયાદિ ભવોમાં જેટજેટલી ઈન્દ્રિયો મળેલી, એના એના વિષયના રાગમાં જાલિમ જકડાયેલા, એટલે એના ઘેરા સંસ્કાર અહીં ઝેરી વિષયરાગ સિવાય બીજું શું આપે ?

એકેન્દ્રિયાદિ જીવોનો વિષયરાગ :-

એકેન્દ્રિયપણે એક ઝાડ તરીકે જો પૂર્વ ભવે દાટેલા દલ્લા પાસે જનમવાનું મળ્યું, તો એ પરિગ્રહ પર મૂળિયું અડાડી એના સ્પર્શના રાગે એકાકાર થઈ ગયા. કવિ કહે છે ને કે,-

'તિર્યંચ તરુના મૂળ, રાખી રહ્યો ધન ઉપરે રે'

બેઈન્દ્રિય થયો, જિહ્વા ઈન્દ્રિય વધુ મળી, તો રસનો રાગ વધ્યો. એમાં પછી જો વિષ્ટાનો કરમિયો થયો, તો મહાગંદી વિષ્ટાના રસને જ રાગથી એવો વહાલો કર્યો કે જો એનાથી અલગ થવાનું આવ્યું તો ટળવળી મર્યા. એમાં જો તરત એના પર પેશાબનું કુંડાળું જામ્યું, તો પાછા એમાં કલ્લોલ કરતા થઈ ગયા. આવા ઘેલા રસ વિષયના ઘેલા રાગ પોષેલા, તે અહીં શે છૂટે ? રાગની item (ચીજ)માં ફરક; બાકી રાગ જાલિમ. તેઈન્દ્રિય કીડી-માકણ-મંકોડા થયા, તો ઘ્રાણેન્દ્રિય નાસિકા વધી, એટલે ગંધના ય રાગમાં તણાયા. ગંધની પાછળ ક્યાંના ક્યાંય દૂર દોડ્યા. પાછો રસનો રાગ તો છે જ. એટલે એમાં લુબ્ધ થતાં મોત આવ્યું તો ય પાછા ન વળ્યા. એમ, ચઉરેન્દ્રિય માખી-ડાંસ-મચ્છર ભમરા થયા, તો આંખ પણ મળી એટલે હવે રૂપ વિષયનો રાગ વધ્યો. એની ઘેલછામાં ગરમાગરમ દૂધ કે ચીકણા ઘી વગેરેને ચકચકતા જોઈ મુંઝાયા, ને એમાં ઝંપલાવી ખત્મ થયા. વિષયરાગમાં શું શું નથી વેઠ્યું ?

હવે પાંચ ઈન્દ્રિયવાળા મનુષ્ય થયા, શ્રોત્રેન્દ્રિય વધી. એનો વિષય શબ્દ. એના રાગમાંય તણાયા. બાકી પૂર્વે બીજી ચાર ઈન્દ્રિયોના વિષયોના રાગ જાલિમ પોષ્યા હતા એટલે અહીં એ કેમ ન ફાલેફૂલે ? આમ, વિષયરાગ ઝગમગે એમાં તમારો શો વાંક ? પરંતુ એમ કરીને ભૂલા ન પડતા કે તો પછી વિષયરાગ શાનો છૂટે ? અને એ કરીએ એમાં અમે શાના દોષિત ? અને એની અમને સજા શી ? ના, આમ ભૂલા પડતા નહિ. કેમકે,

વિષયરાગ છોડી શકાય છે. એના માટે જ ધર્મશાસન છે; અને શાસનના બળે અનંતા આત્માઓએ વિષયરાગ તોડ્યા છે. 'વિષયરાગ પરાપૂર્વનો છે માટે તૂટે જ નહિ,' એવું જો હોત તો પ્રભુ ધર્મ શું કામ સ્થાપત ? એમ મોક્ષ પામનારા પણ પહેલાં તો વિષયરાગના અઢળક સંસ્કાર લઈને જ મનુષ્યભવે આવેલા, એ કેમ વિષયરાગ પડતા મૂકી શક્યા ?

એટલે, વિષયરાગ તોડવો હોય તો ધર્મના બળે તોડી શકાય છે; અને ન તોડવામાં આવે તો કર્મસત્તા તરફથી એની ભારે સજા મળ્યા વિના રહેતી નથી.

જગતમાં જીવ કેમ ભટકી રહ્યો છે ? પાપી વિષયરાગના કારણેસ્તો. એકેન્દ્રિય

પૃથ્વીકાયાદિ ભવોમાં એવું મન નહિ, એટલે દૃષ્ટિરાગનું એવું જોર નહિ. તેમજ સ્નેહી-સંબંધીની કલ્પના નહિ, એટલે એવો સ્નેહરાગ નહિ. પણ આહારાદિની સંજ્ઞા ખરી. એમાં જોર વિષયરાગનું, આત્માનું ભાન નહિ, આત્મભાનનું નામ નિશાન નહિ, માત્ર ઈન્દ્રિયને અનુકૂળ જડ પદાર્થનો રાગ અર્થાત્ વિષયરાગ ઊભો. વિષયરાગના જ કારણે જીવ અનંતાનંત પુદ્ગલ પરાવર્ત જેવા જંગી કાળ સુધી આ સંસારમાં અનંતીવાર જન્મ્યો, ને અનંતીવાર મર્યો, તે ય વિષય તો પરિમિત છતાં આ દશા; તો અહીં પાર વિનાના વિષયો પર રાગ પ્રવર્તે છે, ત્યાં કઈ દશા નીપજે ?

આત્માને માટે જડ એ 'પર' છે જીવનો પર પ્રત્યે રાગ કરવાનો અધિકાર નથી. અધિકાર બહારની પ્રવૃત્તિમાં કર્મસત્તા તરફથી સજા મળે છે. બીજી રીતે જોઈએ તો આત્મદ્રવ્યનું સહજ સ્વરૂપ યાને પ્રકૃતિ 'જ્ઞાન' છે; જ્યારે રાગ એ આત્માનો વિકાર છે, વિકૃત સ્વરૂપ છે. આ વિકૃતિમાં કર્મનો બિગાડો પેસે છે. અનાદિ કાળથી જીવ વિષયરાગના વિકારથી રીબાતો કર્મબંધની ખરાબી વહોરે છે, અને એના લીધે જન્મ-મરણાદિ કેટલાય દુઃખનો ભાગી બને છે.

જ્ઞાન એ પ્રકૃતિ, રાગાદિ એ વિકાર :-

આપણને આપણા આત્માનું ભાન જોઈએ; વિચાર જોઈએ કે આપણને જ્ઞાન પણ સ્ફૂરે છે. અને કામ-ક્રોધ-લોભ, રાગ-દ્વેષ વગેરે પણ સ્ફૂરે છે. બેમાંથી આપણી પ્રકૃતિ કઈ ? અને વિકૃતિ કઈ ? જરા સ્વસ્થ થઈને જોઈએ તો લાગશે કે શુદ્ધ જ્ઞાન સ્ફૂરવામાં આપણને જ્ઞાનના વિષય સાથે જાણવા સિવાય બીજી કાંઈ લેવા દેવા નથી રહેતી; ત્યારે રાગાદિ સ્ફૂરવામાં આપણે વિષયથી લહેવાઈ જઈએ છીએ, રાગના વિષયથી ખુશી થઈએ છીએ, દ્વેષના વિષયથી નારાજ થઈએ છીએ.

રાગ-દ્વેષની ખુશી-નાખુશી આપણને ગળિયા-ઢીલા-અસ્વસ્થ બનાવે છે. શુદ્ધજ્ઞાનમાં કશી અસ્વસ્થતા નહિ.

નાના બચ્ચાને પૈસા પર રાગ-દ્વેષ નથી, તો પૈસાનો ઢગલો જોઈ યા ઢગલો ઊપડી જતો જોઈ કોઈ અસ્વસ્થતા નથી થતી. પણ સારી ખાવાની કે રમવાની વસ્તુ પર એને રાગ છે તો એના ગમનાગમનમાં એને ખુશી નાખુશી થવાની અસ્વસ્થતા આવે છે. જ્ઞાનની વસ્તુ બે-પૈસા અને પતાસા; પરંતુ બાળક પૈસા તો માત્ર જુએ એટલું જ એને રાગ-દ્વેષ નહિ, તેથી ત્યાં અસ્વસ્થતા નહિ. ત્યારે પતાસા પર એને રાગ થાય છે, તેથી એના ગમનાગમનમાં હર્ષ-ખેદની અસ્વસ્થતા અનુભવે છે.

એટલે જ આપણે આ વિચારવાનું છે કે અનંત અનંત કાળથી આ રાગ-

દ્વેષના અને કામ-ક્રોધ-અહંત્વાદિના વિકાર અનુભવતા આવ્યા માટે જ એના સંસ્કારથી અહીં પણ એ વિકારોને વશ બનીએ છીએ, પરંતુ હવે એનો અંત ક્યારે ?

રાગાદિ વિકારોને લીધે તો જનમ પામ્યા, જનમ પર મૃત્યુ નિશ્ચિત આવવાનું; પણ પછી અહીંના રાગાદિ વિકારોથી ફરી જનમ-મરણની વિટંબણા આવ્યા વિના રહેશે ?

વીતરાગ પરમાત્માને શા માટે માનીએ છીએ ? શા માટે નમીએ-પૂજીએ છીએ ? આટલા જ માટે ને કે એમણે જનમ-મરણના મૂળભૂત આ રાગાદિ વિકારોને તોડી નાખ્યા ?

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" **વર્ષ-૨૧,અંક-૩૮,તા.૨૩-૬-૧૯૫૩**

સિદ્ધરાજ જયસિંહ રાજાનું જૈનધર્મ તરફ મન વધારવા કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજીને સોમનાથ મહાદેવ આગળ ઉપસ્થિત થવું પડ્યું, તો ત્યાં એમણે આ રીતે સ્તુતિ કરી કે,

'भवबीजांकुरजनना रागाद्याः क्षयमुपागता यस्य ।
ब्रह्मा वा विष्णुर्वा हरो जिनो वा नमस्तस्मै ॥'

અર્થાત્ 'સાંસારિક જન્મરૂપી બીજ અને એના પર ઊગતા અનેકવિધ દુઃખરૂપી અંકુરને પેદા કરનાર રાગ આદિ વિકારો જેના નાશ પામી ગયા છે એ નામથી બ્રહ્મા હો, વિષ્ણુ હો, મહાદેવ હો, કે જિન હો, એમને મારો નમસ્કાર છે'

આ સ્તુતિમાં સ્પષ્ટ બતાવ્યું કે

રાગાદિ વિકારોથી જે મુક્ત છે, રહિત છે, એજ સાચા પરમાત્મા છે; ને એજ નમસ્કાર કરવા યોગ્ય છે.

પછી એ નામથી બ્રહ્મા-વિષ્ણુ હો, તો ય એમનું પરમાત્મ-સ્વરૂપ રાગ-દ્વેષ-કામ-ક્રોધ આદિ વિકારોથી રહિત જ હોવું જોઈએ. તેથી એમનામાં સાવિત્રી રાધા-પાર્વતી પર રાગ, દુશ્મન પર દ્વેષ,...વગેરેની કલ્પના કરવી એ એમના પરમાત્મા-સ્વરૂપને બગાડવા જેવું છે.

અજ્ઞાન મૂઢ છોકરો બાપના ગુણ ગાય કે મારા બાપુજી તો બહુ સમાન દૃષ્ટિવાળા છે, મારી બા, મારી બેન, અને મારી વિધવા ભાભી, બધા પ્રત્યે સરખો પ્રેમ રાખે બધાને વહાલથી ભેટે,' -જો આવા ગુણ ગાય, તો શું એ બાપની પ્રશંસા છે કે હલકાઈ ? એમ બ્રહ્મા આદિમાં રાગાદિની ચેષ્ટા ગાવી એ એમની વડાઈ ગાઈ ? કે હલકાઈ ગાઈ કહેવાય ? ઊંચા પરત્માનાં સ્વરૂપમાં આ રાગાદિ ખરાબીઓ

હોય જ નહિ.

રાગના લીધે જન્મ, જન્મના લીધે દુઃખઃ

રાગાદિ એ ખરાબી છે વિકાર છે, એટલા જ માટે કે એમાંથી સાંસારિક જન્મરૂપી બીજ પેદા થાય છે, ને એ બીજમાંથી અનેક દુઃખના અંકુરા જન્મે છે તત્ત્વાર્થ સૂત્રકાર કહે છે,-દુઃખનિમિત્તમિદં જન્મ,' **જન્મ એ દુઃખનું કારણ છે.** જન્મ પામ્યા માટે જ દુઃખોની ફોજ ઊતરી પડે છે. સિદ્ધ ભગવાનને જનમ જ નહિ, તો કોઈ દુઃખ નહિ. દુઃખનું નિમિત્ત જન્મ; અને જન્મનું નિમિત્ત રાગાદિ, એ રાગાદિને આત્માનો શુદ્ધ સ્વભાવ ન કહેવાય; પણ વિકાર જ કહેવાય. તો આ વિચારવાનું છે કે હું હાથે કરીને આ રાગાદિ વિકારોને ક્યાં સુધી પોષ્યા કરીશ ? જે જગતના ભાવોને મારી સાથે કોઈ નિસ્બત નથી, તેમજ કામચલાઉ સંબંધમાં પણ જે ભાવો મારા આત્મામાં કશો ગુણ કરતાં નથી, એ સારા, બહુ સારા, ઓછા સાંરા'..વગેરે એના પર રાગ કરવાનું શું કામ ?

દુનિયા છે, એમાં તો ઘણું ય હોય; પરંતુ એના પર રાગથી ટકા આપ્યા કરવાથી મને શું મળે ? તેમ વસ્તુમાં શો ફરક પડી જાય ?

દા.ત. પાસે મોતીની માળા છે. એ બહુ સારી એમ રાગ કરવાથી જીવને શું એ માળા વધારે સુખ કે વધારે શોભા આપે ? યા માળામાં શું નૂર વધી જાય ? શું એ વધારે કિંમતની બની જાય ? બેમાંથી એકે ય નહિ. માળા પર તમે રાગ ન કરો, તો ય માળાની શોભા એની એ જ રહે છે, એની કિંમત એ જ ઊભી રહે છે. શોભા કે કિંમત કશી ઓછી નથી થતી. પછી નાહક ફુલાઈ ફુલાઈ 'વાહ ! કેવી સરસ' એમ રાગમાં મરવાની શી જરૂર ?

પ્ર.- પણ વસ્તુ સારી હોય એટલે જોતાં કે યાદ આવતાં સારી તો લાગે જ ને ? રાગ તો થાય જ ને ?

ઉ.- ના, આપણે એમ ન લગાડવું હોય ને રાગ ન કરવો હોય તો રાગ ન થાય. એ માટે આપણે એમ વિચારવાનું કે માળા જગતની એક પૌદગલિક વસ્તુ છે. પુદગલમાં તો રૂપ-રસાદિના ફેરફાર થયા જ કરે છે આજે આ માળાના અણુઓમાં આ જાતના ઉજજવલ રૂપ આદિ છે. એટલે માળા ઊજળી દેખાય છે. પરંતુ કાલાન્તરે આ તૂટ-ફૂટ થઈ એના અણુઓમાં બીજી જ જાતના મેલા રૂપાદિ થઈને કદાચ ઉકરડાના પદાર્થ થશે. આવા પરિવર્તનશીલમાં સારું શું ? ને ખરાબ શું ?

પ્ર.- પણ સારી હોય ત્યાં સુધી તો સારી કહેવાય ને ?

ઉ.- બાપ પૈસા આપે ત્યારે છોકરો સારો વર્તતો હોય, પછી પૈસા આપવા બંધ કરે એટલે ખરાબ વર્તતો હોય, વળી બાપ પાછો પૈસા આપવાનું ચાલુ કરે

ત્યાં સારો વર્તાવ કરે,...એવા છોકરાને સારો વર્તતો હોય ત્યારે પણ સારો કોણ કહે ? બસ, એવું જડ, પુદ્‌ગલની માયામાં છે. એમાં સારા રૂપરંગ હોય ત્યારે પણ સારા કેમ કહેવાય ? જેમ બાપને પેલા સ્વારથિયા પરિવર્તનશીલ છોકરા પર એ સારો વર્તતો હોય ત્યારે પણ રાગ ન થાય, એમ પરિવર્તનશીલ મોતીની માળા અત્યારે સારી દેખાતી છતાં એના પર રાગ ન કરાય.' આવી સમજ રાખી સારી દેખાતી વસ્તુમાત્ર પર રાગ થતો અટકાવાય.

(૨) રાગ રોકવા બીજી વિચારણા :-

(i) આત્મગુણો પર રાગ :-

બીજી પણ એક વિચારણા છે. દુનિયામાં જ્યાં ક્યાંય રાગ થવા જાય, દિલડું હરખાવા જાય, કે તરત એમ વિચારવું કે શું જીવનમાં જડ પદાર્થો અને પત્ની-પુત્રાદિના જ દેહ પર જ રાગ કરવા જેવો છે ? શું પોતાના આત્મા પર, આત્માના ક્ષમા-તપસ્યાદિ ગુણો પર અને પરમાત્મા તથા સદ્‌ગુરુ અને એમના અદ્‌ભુત જીવન તથા ગુણોના ભંડાર પર રાગ કરવા યોગ્ય નથી ? શું પત્ની-પુત્રાદિના આત્મા પર રાગ કરવા જેવો નથી ?

(ii) કુટુંબીના આત્મા પર રાગ :-

'અહો ! મારો અને કુટુંબીઓના આત્મા કેવા સારા કે પૂર્વે પુણ્યાઈ કમાઈને આટલે ઊંચે સુંદર આર્ય જૈન માનવ અવતારે આવ્યા ! આવા સારા આત્માને હવે હલકા અધમ રાગાદિ ભાવો અને અધમ વિષય મોજમાં કેમ ડૂબાડાય ? એમને તો સુંદર-વૈરાગ્ય ક્ષમા-નિસ્પૃહતાદિ ભાવો અને દાન-શીલ, વ્રત-નિયમ, જિનભક્તિ-તપ-સ્વાધ્યાયાદિ પ્રવૃત્તિમાં જોડવા જોઈએ. એમની પાસે તત્ત્વચિંતનના ભારે અભ્યાસ કરાવવા જોઈએ.

(iii) જીવવિચાર :-

અહો ! તત્ત્વચિંતનની કેવી મઝા ! જીવ અજીવ વગેરે નવ તત્ત્વનો વિસ્તારથી વિચાર કરવા લાગું, જીવના ૫૬૩ ભેદ અને એ દરેકમાં શરીર આયુષ્ય સુખ-દુઃખ, ૧૪ ગુણસ્થાનક, એમા થતા કર્મબંધ વગેરે, ચિંતવવા માંડું, એમ સમ્યક્‌ત્વના ૬૭ ભેદ વિસ્તારથી વિચારવા લાગું..આમ તત્ત્વચિંતનમાં કેવો અનેરો આનંદ આવે ?

(iv) નવપદ વિચાર :-

એમ, અરિહંતાદિ નવે પદના ગુણોનો વિસ્તારથી વિચાર કરવા માંડું, પરમાત્માની પૂર્વભવોમાં અને છેલ્લા ભવોમાં અદ્‌ભુત સાધનાઓ ક્રમશઃ અને વિસ્તારથી ચિંતવવા લાગું, તો ચિંતવવાનો ખોરાક ક્યાં ઓછો છે ? ત્યાં રાગ કરવાનું, 'અહો ! કેવું સુંદર !' એમ અહો ! અહો ! કરી ઓવારી જવાનું ક્યાં ઓછું છે ?"

(v) નરકત્રાસનો વિચાર :-

આ રીતે મનને આત્મા પર અને પરમાત્મા પર વાળી લેવાથી જડના રાગ ફિક્કા પડી જાય; જડના રાગ પર, ને જડ પર ઘૃણા થતી જાય. એક જીવોનું જ સ્વરૂપ વિશાલ વિશ્વની દૃષ્ટિએ વિસ્તારથી વિચારવા જવાય, એમાં સાતે નરકમાં વર્તમાનમાં અસંખ્ય નારક જીવો પર વરસી રહેલી ઘોર યાતનાઓનો એકેકનો ખ્યાલ કરતા જવાય, કે એ કેવી કેવી વરસે છે, અને કેટલી જાલિમ વરસે છે, અને વર્તમાનમાં પણ એ અસંખ્ય જીવો કેવી કારમી ચીસોચીસ પાડી રહ્યા છે, એનો આબેહુબ ખ્યાલ કરાય, તો જડની જાલિમતા ભાસે કેમકે એ બિચારા જીવોને એ જાલિમ યાતનાઓ-રિબામણોમાં મૂકનાર જડપદાર્થો છે. જડના રાગ કરી કરીને જ એ જીવોએ નરકનાં ભાતાં ઊભાં કરેલાં, તેથી નરકમાં જઈ પટકાયા. આમ ચિંતવતાં જડપદાર્થો ગોઝારા લાગે, અને જડના રાગ મોળા પડે.

તિર્યંચોના દુઃખનો વિચાર :-

એવું વિશ્વના પૃથ્વીકાય-અપકાય વગેરે એકેન્દ્રિય જીવોની કરુણ સ્થિતિ, એવી પાણીના પોરા કીડા વગેરે વિકલેન્દ્રિય જીવોની તેમજ સમુદ્રાદિના જળચર અને ભૂમિ પરના અનેકાનેક પ્રકારના પંચેન્દ્રિય તિર્યંચ જીવોની કરુણ સ્થિતિ તથા મત્સ્ય ગલાગલ ન્યાયે બળવાન જીવોથી જીવતા ચવાઈ જતા નિર્બળ જીવોની ભયંકર દુઃખમય દશા વિશ્વ પર દૃષ્ટિ નાખીને વિચારવામાં આવે, તો પણ એનાં કારણભૂત જડ પદાર્થો ગોઝારા લાગી જડના રાગ મોળા પડે.

ચિંતનની જ જરૂર છે. તત્ત્વોનું ચિંતન કરતા રહીએ તો જીવ એકલા કોક જડ પદાર્થમાં રાગથી અટવાઈ જતો અટકે. જીવન જીવાય છે, પણ મન તત્ત્વોના ભરપૂર ચિંતનનું કામ કરતું નથી, તેથી જીવનમાં ચેતના નથી આવતી. મન સુસ્ત બેઠાડું અને પાણીમાં ભેંસની જેમ જડમાં લીન, કે દારૂના કેફમાં દારૂડિયાની જેમ જડ વિષયના કેફમાં નશામગ્ન બની જાય છે.

જીવાદિ તત્ત્વોનો અભ્યાસ કરતા રહી મનમાં સળંગ તત્ત્વ-પાદર્થોની ધારા તૈયાર કરવી જોઈએ; તો પછી એનું સળંગ ધારાબદ્ધ સ્મરણ અને એના પર ચિંતન કરી શકાય. અરે ! આપણા પૂર્વ પુરુષોનાં ગુજરાતી ભાષામાં સ્તવનો સજ્ઝાયો રાસ વગેરે એટલાં બધાં છે કે એ દરેકના ગાથા-ગાથાના પદાર્થો સંલગ્ન કરીને ઉપસ્થિત કરાય, તો ય તાત્ત્વિક પદાર્થોની વિસ્તૃત સળંગ ધારા તૈયાર થાય.

તત્ત્વચિંતનમાં કેવો લાભ ?:-

આવી રીતે તત્ત્વો તાત્ત્વિક પદાર્થો સળંગ તૈયાર કરી એનું ક્રમશઃ ધારાબદ્ધ ચિંતન ચાલતુ રહે એનું મામૂલી મહત્ત્વ સમજતા નહિ. એનાથી પહેલો તો એ

મોટો લાભ છે કે મન એ ચિંતનમાં રોકાયેલું રહેવાથી ઘણા આર્તધ્યાનથી બચી જાય છે, આર્તધ્યાનના યોગે વારંવારના તિર્યંચગતિયોગ્ય પાપકર્મ બંધાતાં અટકી જાય છે. આજના ધાંધલિયા અને પુષ્કળ સગવડ-સાધનોના જમાનામાં આર્તધ્યાનનો પાર નથી રહેતો. ક્ષણે ક્ષણે મનગમતા સંયોગ અને અણગમતાના વિયોગ અંગે આર્તધ્યાન થયા કરે છે. એમાંથી કોણ બચાવે ? આ તાત્ત્વિક પદાર્થોની ક્રમસર ઊંડાણ વિચારધારા એથી બચાવી શકે છે, સંકલ્પ વિકલ્પોથી બચાવી શકે છે.

બાકી તત્ત્વચિંતનથી આત્માની પરિણતિ સુંદર ઘડાય છે, એ પણ એક મોટો લાભ છે. આત્મા તત્ત્વના વારંવારના ચિંતનથી તત્ત્વભાવિત થાય છે એટલે રંગાયેલો બને છે પછી પ્રસંગમાત્રમાં એના મનનો ટોન મનનો ઝોક-વળાંક તત્ત્વ તરફ રહેવાનો. એમાં વૈરાગ્યની પરિણતિ કેળવાતી-પોષાતી જવાથી એમ પણ જડના રાગ વિષયના રાગ મોળા પડતા આવે.

વિષયરાગ એ ત્રણ રાગમાંનો કામરાગ છે. 'એ અનાદિનો વળગેલો એમ જલ્દી શે મોળો પડે ?' એમ સમજતા નહિ. જરાક આંખ ઊંચી કરવાની જરૂર છે, જિનોક્ત તત્ત્વને હૈયે ઉતારી દિલને ચમકાવવા જેવું છે કે ભગવાનનાં વચન શું કહે છે ? એ વિષયોને કેવા હળાહળ વિષથી ય ભયંકર અને ત્યાજ્ય કહે છે, ને હું ક્યાં એની પાછળ ભટકી રહ્યો રાત દિવસ એની જ લેશ્યામાં રમું છે ! એમાં હું મારા આત્મામાં શું સારું પામું છું ? કયું મારું સત્ત્વ ખીલે છે ? કઈ મારામાં સદ્‌બુદ્ધિ સ્ફુરે છે ?...' એમ ચોંકામણ થાય, અને પછી જિનવચન યાને શાસ્ત્રનો સારો પરિચય સાધતા રહેવાય, તત્ત્વબોધ વધારતા રહેવાય, તત્ત્વનું ચિંતન ખૂબ જમાવતા રહેવાય, તો જીવને તરવાનું મોઘું નથી.

કુમારપાળનો જિનવાણીના ચિંતને દિલનો રંગ ફર્યો :-

મહારાજા કુમારપાળે એ કરેલું. અઢાર દેશના ધણી છે. વૈભવ-ઠાઠ, સત્તા-સન્માનના મોટા રંગ છે. પરંતુ એમને પૂર્વની વિશુદ્ધિ કોટિની એટલે કે નિરાશંસ-ભાવની પાંચ કોડીના ફૂલની પૂજાનું પુણ્યાનુબંધી પુણ્ય પાસે છે, તેથી એ એ રંગમાં શાના મુંઝાય ? એમણે હેમચંદ્રસૂરિજી મહારાજને ગુરુ કર્યા જૈનધર્મની શ્રદ્ધા કરી, ગુરુ પાસે જૈનધર્મના શાસ્ત્રોની તત્ત્વવાણી સાંભળી, એને મનમાં એવી ચિંતવતા ગયા કે એ તત્ત્વવાણીના ચિંતને દિલનો રંગ ફરતો ગયો દિલનું વલણ તત્ત્વને અનુરૂપ બનતું ચાલ્યું, જગતને બાહ્ય ચક્ષુ દૃષ્ટિએ નહિ, પણ આભ્યન્તર તત્ત્વદૃષ્ટિએ જોનારા બન્યા.

કુબેર મર્યાનું ધન :-

એટલે જ જાણો છો ને કે નગરના મોટા કરોડો રૂપિયાની મૂડીવાળો કુબેર શેઠ મરી ગયાના સમાચાર મહાજને આવીને કહ્યા અને સાથે કહ્યું કે, 'મહારાજા-

ધિરાજ ! આ કુબેર શેઠને કોઈ પુત્ર નથી અને અપુત્રિયાનું ધન રાજા લઈ જાય છે એ પરંપરાગત રિવાજ છે, તો આપ પહેલાં એની મિલકત કબ્જે કરાવો. પછી અમે કુબેરનું મરણોત્તર કાર્ય કરીએ. ત્યારે કુમારપાળે એ સાંભળીને શું કર્યું ?

જુઓ, ક્રોડો રૂપિયાનું ધન છે, પરંપરાગત રિવાજ મુજબ એ પોતાને મળે છે, પોતાને અઢાર દેશનું રાજ્ય ચલાવવા લાખોનું લશ્કર પણ નભાવવું પડે છે એ માટે સારા એવા ધનની જરૂર હોય, છતાં કુમારપાળનું તત્ત્વે રંગાયેલું દિલ એ લેવા ના પાડે છે. પોતે મહાન સમ્રાટ રાજા છે. એના પ્રમાણમાં પોતાનો વિષયોપભોગ કેવો હોય ? પરંતુ આવું મફતમાં અને એકી કલમે મળી જતું ક્રોડોનું ધન એ વિષયરાગ પોષવા લેવાની જરૂર નથી લાગતી. જુઓ એમની તત્ત્વભીના દિલની સુંદર વિચારધારા,-

અપુત્રિયાના ધન પર કુમારપાળની નિસ્પૃહતા ભરી વિચારણા :-

મહારાજા કુમારપાળ વિચારે છે કે, 'આ કેવો રિવાજ.' રાજા એટલે જેટલા અપુત્રિયા માલદાર મરે એનો દીકરો ! કેમકે બાપનું ધન કોણ ખાય ? દીકરો. એટલે રાજાએ એ બધાનાં તત્ત્વથી દીકરા થઈને એમનું ધન ખાવાનું. ત્યારે સામાન્ય માણસને તો જિંદગીમાં એક બાપ પણ રાજાને જેટલાનાં ધનનો વારસો ઊપાડે એટલા બાપ ! તો શું મારે આ એક જ ભવમાં અનેક બાપ કરવાના ? છટ્ પૈસા ખાવા માટે મારે એવા અનેક બાપ કરવાની જરૂર નથી.

વળી મરનારની પાછળ એની વિધવા બનેલી પત્ની હોય, એના માબાપેય કદાચ હોય, તો એમનું ભારે રકમનું સઘળું ધન આંચકી લેવામાં એ બધાના દિલને મરેલાના મૃત્યુ પરના આઘાત ઉપર વધારામાં કેટલો ભયંકર આઘાત લાગે ? એમની જીવનભરની કેવી હાય લેવાની ? એ બિચારાની જિંદગીભર કેવી આંતરડી કકળ્યા કરે ? હાય ! એક પૈસા ખાવા માટે આ નિર્દોષ માણસોની આંતરડીઓ કકળાવવાની ? એવું જીવતા માણસોનું જીવનભર લોહી બાળનારું ધનગ્રહણ કસાઈના ધંધાને ય ટપી જાય ! મારે એવું ધનગ્રહણ ન ખપે. આજથી માંડીને મારે અપુત્રિયાના વારસા નહિ લેવાની જીવનભરની પ્રતિજ્ઞા છે.'

રાગ ત્રણ પ્રકારે, કામરાગ, સ્નેહરાગ અને દૃષ્ટિરાગ. રાજા કુમારપાળને એવો દૃષ્ટિરાગ નથી, કે અર્થાત્ એવો આપમતિનો દુરાગ્રહ નથી કે અપુત્રિયાનું ધન તો રાજાની જ માલિકીનું બને.' પૈસાનો રાગ એ વિષયરાગ છે, પણ 'અમુક તો મારી માલિકીનું જ ગણાય.' 'મારા મતે તો આ તો આમ જ હોય' એવી દૃષ્ટિ એ દૃષ્ટિરાગ છે.

આપમતિનું માનસિક ધોરણ એ દૃષ્ટિરાગ છે.

આપમતિનાં દૃષ્ટાન્ત : આપમતિ કેમ ટળે ?

જીવનમાં તપાસશો તો આવા કેટલાય દૃષ્ટિરાગ નડતા દેખાશે. 'હું ત્રણ વખત ખાઉં તો જ મારે શરીર સારું ચાલે છે.' 'બપોરે ચા લઉં તો જ સ્ફૂર્તિથી કામ થાય છે.' 'જરા પાવર રાખું છું તો બીજાઓ દબાતા રહે છે.' 'દુકાન વહેલી ખોલી, મોડી, બંધ કરું છું તો જ પૈસા સારા મળે છે.'...આવા આવા કેટલાય દૃષ્ટિરાગ નડતા હોય છે, જેના લીધે હાથવેંતમાં રહેલ સામાન્ય ત્યાગ અને ધર્મસાધનાઓ ગુમાવવાનું થાય છે. એ જ્ઞાનીના ધોરણથી વિરુદ્ધ ધોરણો છે, અને અલ્પ-તુચ્છ મતિના યાને અજ્ઞાનતાનાં ધોરણ છે.

સમ્યગ્દર્શન અહીં લાભ કરે છે. સમ્યગ્દર્શનની અહીં કસોટી પણ થાય છે. સર્વજ્ઞનાં કથનો પર, સર્વજ્ઞ-કથિત માર્ગ પર આપણને સર્વેસર્વા શ્રદ્ધા હોય તો મનને એમ થાય કે 'ગણતરી તો ભગવાને બતાવેલી સાચી, પણ નહિ કે મારી અજ્ઞાનતા પર મંડાયેલી ગણતરી, મારું જ્ઞાન કેટલું ? મારું સત્ત્વ કેટલું ? ને મારી આત્મદૃષ્ટિ કેવી ? (૧) જ્ઞાન અતિ અલ્પ; (૨) સત્ત્વનું ઠેકાણે નહિ, સત્ત્વહિનતા; અને (૩) આત્મદૃષ્ટિ તો સાવ દૂબળી, જ્યારે પુદ્ગલદૃષ્ટિ જોરદાર; આવી મારી પામર કંગાળ દશા પર મારાં રચેલ ગણિતમાં શી સત્યતા ?' આમ વિચારીને આપમતિનાં ધોરણ હેઠાં મૂકાય.

દૃષ્ટિરાગની વિશેષ મૂર્ખતા :-

ખૂબી તો એ થાય છે કે કદાચ પુદ્ગલની ગુલામી કરવી પડતી હોય, કે ક્રોધાદિ કષાય થઈ જતા હોય, છતાં દૃષ્ટિરાગના લીધે યાને ખોટી ગણતરીના લીધે વધારામાં એ ગુલામી અને કષાયોના કૃત્ય પર વાજબીપણાનો સિક્કો લગાવવાનું થાય છે. ત્યાં પછી અફસોસી તો રહે જ ક્યાંથી ? આમ દૃષ્ટિરાગમાં મહામૂર્ખતા છે. દૃષ્ટિરાગ-ખોટીદૃષ્ટિ-ખોટીગણતરી ન હોય તો મનને એમ થાય કે 'આ સેવું છું એ મારી પામરતા છે અસલમાં આ છોડવા જેવા છે; પણ કેવો હું કમનસીબ કે એને છોડતો નથી !' એમ દિલને સંતાપ થાય.

દરદીને રોજ દવા પીવી પડતી હોય, છતાં એ ઠેકો નથી રાખતો કે 'દવા તો દરેકે રોજ પીવી જ જોઈએ.' એ સમજે છે કે 'હું કમનસીબ છું કે બિમાર છું તેથી મારે દવા પીવી પડે છે;' એમ એને અફસોસી હોય છે. હોસ્પિટલમાં ભરતી થયેલ દરદીને કેટલીય સગવડો અને પૂર્ણ આરામી મળે છે, છતાં કોઈ દરદી એમ નથી કહેતો કે 'મઝા તો હોસ્પિટલમાં જ છે.' એને પૂછો કે 'કેમ અહીં મઝા છે ને ?' તો કહેશે કે 'મારા ક્યાં ભોગ લાગ્યા કે માંદો પડયો, ને અહીં ગોંધાવું પડ્યું ?'

દવા અને હોસ્પિટલ વિના ચાલતું નથી છતાં ખોટો હિસાબ નથી કે આ

તો સેવવા જ જોઈએ. આ દૃષ્ટાંતથી પોતાને ચાર ટંક ખાધા વિના ન ચાલતું હોય, વધુ સમય દુકાન વિના ન રહેવાતું હોય, પાવર-ગુસ્સો કરાઈ જતો હોય,...વગેરે વગેરે બાબતમાં એના પર દૃષ્ટિરાગથી વાજબીપણાનો સિક્કો ન લગાવતાં માનવું જોઈએ કે,

'કેવો હું કમનસીબ કે કર્મનો બિમાર, મોહનો બિમાર, આસક્તિ-અહંત્વનો બિમાર, તે મારાથી આ બધું સેવ્યા વિના રહેવાતું નથી.' આમ અફસોસી થાય.

દેખાય છે કે,

જગતમાં એવા કેટલાય મહાન આત્માઓ છે કે જેમને કર્મની-મોહની-આસક્તિ-અહંત્વની એવી બિમારી નથી તો એ કોઈ દિવસમાં અનેકવાર ખાતા નથી, ધંધામાં બહુ સમય વેડફી નાખતા નથી, એવા પાવર ગુસ્સો બતાવતા નથી, બહુ વાતોચીતોમાં પડતા નથી, શ્રાવકપણાના આચાર અને અનુષ્ઠાનો સારી રીતે બજાવે છે, જીવો પ્રત્યે મૈત્રી-કરુણાભાવથી એમનાં દિલ ભર્યાં રહે છે. આપણાં ક્ષુદ્ર દિલનાં અને અજ્ઞાનતાનાં ધોરણ એમને ક્યાં રાખવા પડે છે ? આ જો જોવાય તો આપમતિના ખોટા ધોરણ યાને દૃષ્ટિરાગ રાખવાનું ન કરાય.

મહારાજા કુમારપાળ આ જોઈ રહ્યા છે કે, અપુત્રિયાનું ધન ન લઉં તો ય રાજ્ય ચલાવવાના ખર્ચને પહોંચી વળાય છે. પછી શા માટે એમ માનવું કે, 'એ ધન લીધા વિના ન ચાલે ?' કદાચ રાજ્યખર્ચમાં સંકોચ પણ પડતો હોય તોય આ સમાધાન છે કે, 'બીજા ત્રીજા ખર્ચ ઓછા કરીએ તો નભી રહે. અને તેથી અપુત્રિયાનું ધન લીધા વિના ન ચાલે એવું નહિ, એના વિના ચાલે, 'ન ચાલે અપુત્રિયા મરનારની પાછળવાળાને શાતા આપ્યા વિના.' એમની આંતરડી કકળાવાનું ન નભે, ન જ કરાય. એમ અનેકના દીકરા બનાવવાનું ન કરાય.' આમ સ્વાર્થની ગણતરીઓનો આગ્રહ નહિ, યાને દૃષ્ટિરાગ નહિ. આગ્રહ ગણતરી પરાર્થ-પરમાર્થની સાધનાની.

આ રીતે કુમારપાળ રાજાને અઢાર દેશના સમ્રાટ રાજાધિરાજપણું હોવા છતાં દૃષ્ટિરાગ નથી. એટલું જ નહિ, પણ એવો કામરાગ યાને વિષયરાગ પણ નથી. માટે તો અહીં કુબેર શેઠની કોડોની સંપત્તિ પર લોભાયા નહિ.

વિષયરાગની જાલિમ :-

કોડોનું ધન મફતમાં મળતું હોય છતાં એના પર રાગ ન થાય એ શું બનવા જોગ છે ? કે એ મળવાનું જાણવા મળે ત્યાં મોંમાથી પાણી પાણી છૂટે અને ગિલગિલિયાં થાય એ બનવા જોગ છે ? અરે ! એ પોતાને નહિ, પણ કોઈ બીજાને મળવાનું દેખાય તો ય દિલ બોલવા માંડે, 'વાહ ! કેટલો નસીબદાર કે આટલું બધું ધન મફતમાં મળે છે !' આ કોણ બોલાવે છે ? દિલમાં રહેલો વિષયરાગ,

જેમ શબ્દ-રૂપ-રસ વગેરે એ વિષયો છે, એમ ધન-માલ પણ વિષય છે. એનો રાગ એ પણ કામરાગ-સ્નેહરાગ-દૃષ્ટિરાગ એ ત્રણમાંથી કામરાગમાં જાય.

ત્યારે કામરાગ-વિષયરાગનું જોર જીવને કેટલું ભયંકર છે, વિષયરાગની બિમારી કેટલી બધી જાલિમ વળગી છે કે એ વિષયો બીજાને મળે છે, અગર મળ્યા છે, એમાં એ જીવો મહા નસીબવાન એવું લાગે છે આવો રાગ કરીને પોતાને કાંઈ મળવાનું ? પેલાના ક્રોડો રૂપિયામાંથી સો રૂપિયા ય પોતાને મળે ? ના, પણ વિષયરાગની બિમારી જાલિમ, તે એમાં લેવા દેવા નહિ એવા પણ વિષયોનું મહત્ત્વ લાગ્યા કરે, અને મોંમાથી લાળ ટપક્યા કરે.

વિષયરાગ લેવાદેવા વિનાના વિષયોમાં પણ જીવને મારે છે.

આ વિષયરાગની કારમી બિમારીએ પરસ્ત્રીઓ ઉપર દૃષ્ટિ જાય છે ભલે ને વળવાનું કાંઈ ન હોય. અરે ! પરમાત્મા જોવા મળ્યા હોય, તે પણ કોઈ મહાન તીર્થોમાં પહેલીવાર કે કોકવાર ભગવાન દૃષ્ટિ સામે આવ્યા હોય, છતાં ત્યાંય જો કોઈ પરસ્ત્રી દર્શનની આડે આવી તો દૃષ્ટિ ભગવાનને પડતા મૂકી એ પરસ્ત્રી પર ગઈ જ સમજો. ત્યારે કેવી જાલિમ કામરાગ-વિષયરાગની બિમારી ! શું મળવાનું એમાં ? નરદમ પાપના પોટલાં. ભગવાનની હજુરમાં નફટપણે પરસ્ત્રીનાં અંગ જોવાનું કર્યું એથી ધિક્કા વિષયરાગના ઘેરા ઊંડા કુસંસ્કાર ! એ જીવને પરલોકમાં કેવો પાપિષ્ઠ બનાવે ?

ભૂલશો નહિ, નફટાઈથી સેવેલા પાપના ઘેરા સંસ્કાર ભવાંતરમાં ભારે પીડે છે. કાદચ ઊંચા ધર્મમાંથી ય પતન કરાવી દે.

આર્દ્રકુમારમુનિ કેમ પડ્યા ? પૂર્વના નફફટ વિષયરાગના પાપે :-

જાણો છો ને કે આર્દ્રકુમાર રાજકુમાર અનાર્યદેશમાં જન્મેલા છતાં અભયકુમારની અરિહંતની પ્રતિમાની ભેટ ઉપર પૂર્વજન્મનું સ્મરણ પામી મહાવૈરાગી બનેલા, તે ત્યાંથી ભાગી આવી અહીં મુનિ બનેલા, છતાં આગળ જતાં શ્રેષ્ઠિ કન્યાના રાગમાં ફસાઈ એની સાથે સંસાર ભોગવવા મુનિપણું મૂકી બાર વરસ રહ્યા ! આવા મહાવિરાગી બનેલા અને મહાન રાજ્યપાટના હક તથા રાજશાહી સુખનો ભવ્ય ત્યાગ કરી સુંદર ચારિત્રનું પાલન કરનારા, કેમ ભ્રષ્ટ થયા ? કહો, પૂર્વના નફટપણે કરેલા વિષયરાગ-કામરાગના ઘેરા કુસંસ્કારના પાપે.

આર્દ્રકુમારના જીવે પૂર્વ ભવે ચારિત્ર લીધેલું. એમાં એકવાર એમની પત્ની બંધુમતી સાધ્વી બનેલી તે વિહાર કરતાં એક ગામમાં એના સાધ્વી-સમુદાય સાથે ભેગી થઈ. એને જોઈને અંતરમાં વિષયરાગ ઉછળ્યો, રાગ સ્ફુરી આવ્યા પછી તરત એને દાબવો જોઈએ.પરંતુ એમણે એને ચિત્તમાં મહાલવા દીધો આ નફટાઈ

કહેવાય. 'હું ક્યાં બેઠો છું, કેવો સુંદર ધર્મસ્થાન- ગુણસ્થાન ને પામેલો છું, એને આ શોભે ?' એવો કશો વિચાર નહિ, ને અનુચિત અશોભનીય ભાવ દિલમાં ધરવો એ નફટાઈ છે, ધર્મસ્થાનનું અપમાન છે.

આમણે ચારિત્રરૂપી ધર્મસ્થાનમાં રહ્યે વિષયરાગ સેવ્યો એ ચારિત્રધર્મનું અપમાન થયું કહેવાય. પછી એ અપમાનિત ચારિત્રધર્મ ભવાન્તરે એમને વિષયરાગની સામે સહાય કયાંથી કરે ?

અહીં વિષયરાગમાં એ શરીરે દૂબળા પડતા ગયા. સાધ્વીને વહેમ પડ્યો. અવસર પામી પૂછ્યું કેમ શરીરે ક્ષીણ થતા જાઓ છો ? એમણે દિલની વાત કરી. સાધ્વીએ શિખામણ આપી પણ વ્યર્થ એની કોઈ અસર ન થઈ, ત્યારે સાધ્વીએ એ જોઈ વિચાર્યું કે 'આ આમનો રાગ મારા પાપી દેહને કારણે છે. ધિક્કાર છે મારા દેહને ! બસ, હવે આ દેહનો વિધિસર ત્યાગ કરું.' તે એણે જીવનભરનું અનશન લીધું.

સાધ્વી કેટલી ઉત્તમ ! દોષ તો ખરેખર મુનિનો હતો છતાં એણે પોતાની કાયાનો દોષ જોયો; અને એવી પાપરૂપ કાયાનો ત્યાગ કરવાનું કર્યું.

બોલો, તમારા પૈસા મકાન વગેરે પર ખોટી દૃષ્ટિ કરી તમારો ભાઈ કે બીજો કોઈ ઝગડો માંડે એ વખતે તમને શું એ પૈસા-મકાનનો દોષ દેખાય કે આ કેવા ગોઝારા ? એ પાપરૂપ લાગે ? એના પર ફિટકાર છૂટે ? ના, તો પછી વિચારો કે જાતમાં ઉત્તમતા કેટલી ? હજી જો એ પૈસા-મકાન વગેરે ગોઝારા ય લાગતા નથી, તો પછી એને વોસિરાવવાની વાત ક્યાં ? અરે ! એમાંથી ભાગ આપી દેવાની ય વાત ક્યાં ? એમ કરી ઝગડો મિટાવવાની વાત તો દૂર ઊલટું પેલાની સામે કોરટ-ઝગડા વધારતાં આંચકો નહિ ! આમાં તમારી શી ઉત્તમતા ?

કામરાગ-વિષયરાગ ગોઝારો છે. વિષયો આવા અનેક અનર્થનું મૂળ છતાં વિષયરાગ એના પર નફરત ન કરવા દે, અને અનર્થના ભળતા કારણ પર દ્વેષ કરાવે.

ભાઈ ઝગડવા આવે છે ત્યાં ભાઈ ખરાબ છે એ જોવાય છે. પરંતુ એ જે પૈસા-મકાન આદિ કારણે જ ઝગડો માંડે છે, એ પૈસા-મકાનાદિ ખરાબ છે એ નથી જોવા ! કારણ ? વિષયરાગ; એ પૈસા આદિનો રાગ.

વિષયરાગ કેવો ભૂંડો ? ભાઈ સાથેના સ્નેહ-રાગને ય તોડી નાખે.

તો પૂછો,-

પ્ર.- એમે ય સ્નેહરાગ તૂટે એટલું તો સારું ને ?

ઉ.- ના, એ તૂટવામાં કાંઈ દોષ જતો નથી, કેમકે ત્યાં તો સ્નેહરાગ તૂટીને દ્વેષ આવે છે. એ દ્વેષ નવાં દુષ્કૃત્ય જગાડે છે.

સ્નેહરાગ તૂટવાનું તો તે સારું, તે સાચું, કે જેમાં

(૧) સ્નેહીની પ્રત્યે વિશ્વના જીવોની સાથે મૈત્રીભાવ આવે,

(૨) સ્નેહીના કલેવર અને એમનાથી કરાતી મોહસરભરા પ્રત્યે વૈરાગ્યભાવ આવે,

(૩) સ્નેહીના આત્મા પર પ્રેમ જાગે, જેથી અઢાર પાપસ્થાનકોમાં એમના આત્માની થતી ખરાબી માટે દિલ ભરાઈ આવે, દયા ઊપજે, અને શક્ય હોય એટલા પ્રમાણમાં એને પાપસ્થાનકોથી બચવા ઉપદેશ-શિખામણ અપાય; તેમજ એ બચવામાં એમને સહાયક થવાય. એ પાપસ્થાનકથી બચે એવી આપણાથી શક્ય એવી પ્રવૃત્તિ કરાય.

(૪) સામાને સ્નેહરાગ પોષાય એવા આપણે બોલ ન બોલીએ, એવી મુખમુદ્રા અને નયનમુદ્રા ન રાખીએ, એવી કાયિક પ્રવૃત્તિ ન કરીએ.

(૫) સામાને શક્ય હોય તો ધર્મરાગ જગાડીએ, તે એટલે સુધી કે આપણે કદાચ સંસારથી ન છૂટી શકતા હોઈએ તો પણ સામો ઠેઠ ચારિત્રમાર્ગે ચડી જાય એટલી આપણે ઊલટ-ઉત્સાહ રાખી કોશીશ કરીએ.

(૬) સામો આપમેળે વૈરાગ્ય પામી ચારિત્રમાર્ગે જતો હોય, તો આપણે એમાં મહાઆનંદ માનીએ અને જરાય અંતરાય કર્યા વિના કે એના શુભ ભાવ નબળા પાડ્યા વિના, એને સારી રીતે અનુકૂળ થઈએ; કહીએ કે 'જો ખરેખર વૈરાગ્ય થયો છે, તો હવે ક્યાંય મમતામાં પડશો નહિ; કાળનો ભરોસો કરશો નહિ; 'शुभे शीघ्रं यतनीयम्' એ ન્યાય જલ્દીથી ત્યાગમાર્ગે ચડી જજો.

સ્નેહરાગ તોડવાનું કામ સહેલું છે, જો સામાના આત્માનો રાગ ઊભો કરીએ.

પરંતુ એ આત્માનો રાગ કરવા માટે સ્વાર્થની માયા મૂકવી પડે છે. જૈન કુળમાં આવનાર કેટલાય જીવો સારો ધર્મ પામવાની લાયકાતવાળા હોય છે. ત્યારે તો એવી પુણ્યાઈથી જૈન કુળે આવ્યા છે. પરંતુ મા-બાપને સ્વાર્થની માયા લાગેલી હોય છે, તેથી સંતાનના આત્માનો વિચાર જ નથી કરતા, પછી એને ધર્મ માર્ગે ચડાવવાની તમન્ના શું કામ રાખે ? કદાચ પૂર્વના શુભ સંસ્કારથી કે સદ્‌ગુરુના યોગથી સંતાનનું વલણ ધર્મ તરફ ઝૂકતું હોય, તો ય એને ધર્મમાં આગળ વધારવાની વાત તો ક્યાં, પણ અંતરાય ન કરે તો સારું.

આજની શાળાના જીવનમાં છોકરાં કેવા ઘડાય છે એ શું અજાણ્યું છે ? છતાં એની કાંઈ ચિંતા ખરી કે 'આ મારાં સંતાન ધર્મસંસ્કાર નથી પામતાં તો એનું આગળ પર અને ભવાન્તરે શું થશે ?' ના એ ચિંતા જ નથી, કેમકે એના આત્મા ઉપર રાગ જ નથી. પોતાની સ્વાર્થની માયામાં એક જ વિચાર છે કે 'છોકરા શાળાનું ભણીગણી હોશિયાર થાય રળતા-કમાતા થાય અને અમને ઘડપણમાં સંભાળે; તેમજ પોતે દુન્યવી સુખ-સાધનમાં આનંદમંગળ કરે.' આ સિવાય બીજી દૃષ્ટિ છે ખરી ?

સામાના આત્માનો વિચાર જ ન હોય, ત્યાં આત્માના હિતની દૃષ્ટિ આવે જ ક્યાંથી ?

દુન્યવી આનંદમંગળની જ દૃષ્ટિ એટલે નીતરતો વિષયરાગ. જાતે એમાં ડૂબે અને સંતાનને ય એમાં ડુબાડે.

વિષયરાગ ખતરનાક છે. ઊંચા બુદ્ધિના અવતારે આવ્યા છતાં એ બુદ્ધિ નથી વાપરવી, કે

(૧) વિષયોની લગનનું જીવન એ માનવનું જીવન છે ? કે જનાવરનું જીવન ?

(૨) વિષયોની લગનમાં અંતકાળ કેવો આવે ? મરતી વખતે જીવને શાંતિ હોય ? અને

(૩) જેનું મોત બગડે એનો પરલોક બગડે કે સુધરે ? સદ્‌ગતિ પામે કે દુર્ગતિ ? 'કૂતરા-કૂતરીને પોતાના ય આત્માનો વિચાર નહિ, ને પોતાના ભોટિલાના આત્માનો ય વિચાર નહિ; એમ શું મનુષ્ય તરીકે જન્મેલા મારે પણ મારા ને સંતાનના આત્માનો વિચાર જ નહિ ?' આ વિચાર ન હોવાનું કારણ આ છે કે અનાદિનો વિષયરાગ અહીં ઊંચા માનવ અવતારે પણ એટલો જ જોર મારી રહ્યો છે.

વિષયરાગની ખરાબી : આત્માની દૃષ્ટિએ વિચાર નહિ :-

વિષયરાગની ખરાબી આ છે કે એની બિમારીમાં બધું વિષયોની દૃષ્ટિએ જ જોવાય છે ? સવારે ઊઠ્યા સારો નાસ્તો મળ્યો ? ચાલો આનંદમંગળ, છાપું આવ્યું રેડિયો બોલ્યો, પાડોશી સાથે અલકમલકની વાતો કરી, એમાં આનંદમંગળ મનાય છે બજારે ગયા પૈસા સારા મળ્યા ? બહારમાં વાહવાહ મળી ? ઘરે આવ્યા ખાધું-પીધું હર્યાફર્યા, મજા આવી ? બસ, એમાં આનંદ-મંગળ મનાય છે ક્યાંય આમાં આત્માનો વિચાર ? પરલોકનો વિચાર ? ના, કશું જ નહિ; જ્યાં એકલો વિષયોનો જ વિચાર હોય, ત્યાં આત્મા કે પરલોક શાના સંભારવાના રહે ? બધું વિષયોની બોલબાલાની દૃષ્ટિએ જ જોવાનું વિચારવાનું આચરવાનું ચાલે.

ત્યારે મહારાજા કુમારપાળ અઢાર દેશની ઠકરાઈ પામેલા છતાં, જુઓ કે એમણે દૃષ્ટિનું કેવું સંશોધન કર્યું છે. ગુરુ શ્રી હેમચંદ્રસૂરિજી મહારાજથી જૈનધર્મ એવો સમજ્યા છે કે વિષયદૃષ્ટિને બદલે આત્માની દૃષ્ટિ બનાવી દીધી છે. ત્યારે તો અપુત્રિયાનું કરોડોનું પણ ધન વગર મહેનતે રાજ્ય-રિવાજ મુજબ એકી કલમે મળતું હોવા છતાં જતું કરે છે.

તમને આશ્ચર્ય લાગતું હશે કે આટલું બધુ ધન શે જતું થાય ? પરંતુ,

આત્મદૃષ્ટિનો પ્રભાવ છે કે 'આત્માના પરિણામ નિષ્ઠુર બનાવી બગાડે એવી ચીજ ન જોઈએ', એવી પોતાના આત્માની મમતા રહે છે,

જેમ વિષય દૃષ્ટિવાળાને વિષયોની મમતા હોઈ વિષયોમાં બગાડો પાલવતો નથી, એમ આત્મ દૃષ્ટિવાળાને પોતાના આત્માની મમતા હોઈ એમાં બગાડો પાલવતો નથી. એટલે જેમ પૈસાની મમતાવાળો પૈસાને માલમિલકતને વાંધો આવતો હોય તો જરૂર પડ્યે સગાભાઈના સંબંધ તોડી નાખે છે; એમ આત્માની મમતાવાળા આ રાજા કુમારપાળ આત્માના કોમળ દયામય પરિણામને વાંધો આવતો દેખી અપુત્રિયાનું કરોડોનું પણ ધન જતું કરે છે.

તમે આત્મદૃષ્ટિ રાખી વિષયદૃષ્ટિ છોડી છે ? વિષયોની મમતાને બદલે તમને તમારા આત્માની મમતા રહે છે ?

આત્માના પરિણામ બગડે નહિ; પરિણામ બગાડે એવી ચીજ જોઈએ નહિ.

અનંગક્રિડાની મનાઈ કેમ ?:-

શાસ્ત્રે સ્વસ્ત્રી સાથે પણ અનંગક્રીડાની ના પાડી છે તો આ કારણે અંગક્રીડામાં જાગેલી વાસના ઝટ શાંત થઈ જાય છે. ત્યારે અનંગક્રીડામાં વાસનાનો આવેગ લાંબો ચાલે છે, એટલે એમાં આત્માના વાસનાના પરિણામનો બગાડો લાંબો ચાલે છે. વળી એમાં દૃષ્ટિ તદ્દન ક્ષુદ્ર ઘેલી બને છે. સ્ત્રીના બીજા અંગોપાંગમાં કશું સારું તત્ત્વ નથી, ચામડીની નીચે નર્યો ગંદવાડ છે. ગંદવાડની એ થેલીમાં આનંદ માનવો એ મૂર્ખતા છે. એને રાગથી જોવા કે અડવાની ચેષ્ટામાં અંતરમાં વાસનાની આગ સળગતી રહેવાની, આત્માના પરિણામ ક્યાંય સુધી બગડેલા રહે.

ઉદ્‌ભટ વેશભૂષા કેમ ભયાનક ?:-

આજે ઉદ્‌ભટ વેશભૂષા કરનારને આ ભાન નથી કે એવી વેશભૂષા સજીને બીજાને પોતાના અંગપ્રત્યંગ દેખાડ્યા કરવાની વૃતિમાં કેટલા બધા લાંબાકાળ સુધી પોતાને આત્મ-પરિણામ બગડેલા રહ્યા કરશે ? એવા દીર્ઘકાળ સુધી આત્મ-પરિણામનો બગાડો ચાલે એ કેટલો ભયંકર ? (૧) કેવા ચીકણાં પાપકર્મ બંધાવ્યા કરે ? (૨) કેવા જાલિમ વિષયવાસનાનાં સંસ્કારના થોકે થોક આત્મામાં દૃઢ કર્યે જાય ? (૩) અહીં

પ્રભુસ્મરણ તત્ત્વચિંતન વગેરે બીજા સારા ભાવ કેટલા ગુમાવવાના થાય ?

જે મનમાં તુચ્છ વિષયરાગ મહાલ્યા કરતો હોય, ત્યાં પ્રભુસ્મરણ વગેરે શુભ ભાવ રહી શકે નહિ,

કહે છે ને કે, 'જિહાં કામ, તિહાં નહિ રામ.' અનંગક્રીડા ઉદ્ભટ વેશ અને આંખો વગેરેના ચેનચાળામાં ભયંકર તુચ્છ વિષયરાગ રમ્યા કરે છે, તેથી ત્યાં શુભ ભાવને જાગવા જગા જ નથી મળતી; આત્માના પરિણામ દુષ્ટ રહે છે, બગડેલા રહે છે. આ કેટલું ગુમાવવાનું ?

આ ઉત્તમ જીવન શા માટે છે ?

આખી જિંદગી કે જિંદગીનો મોટો ભાગ આત્માના પરિણામ બિલાડીની જેમ બગડેલા રાખવા માટે ? કે

બીજું બધું બગડતું સહી લઈને પણ આત્માના પરિણામ નિર્મળ રાખ્યા કરવા માટે ?

ભૂલતા નહિ, આપણે આત્માના પરિણામ અનંતાનંત કાળથી બગડેલા રાખ્યા કર્યા છે. એ પરિણામ ભેંસના ભવમાં નહિ સુધારી શકાય. મોટા દેવ થઈને ય સુધારવાને એટલો અવકાશ નથી. કેમકે ત્યાં દેવતાઈ વિષયસુખો એટલા બધા ભરપૂર અને નિરંકુશ છે કે જીવ એમાં જ લંપટ-તન્મય બની જાય છે. એ પ્રસંગે નીચે ઊતરશે કે બહાર જશે તો ય નવું શરીર બનાવીને, ને મૂળ શરીરને દેવીના ગીત-નૃત્ય જોતું રાખીને, સમકિતી દેવતાની વાત જુદી છે. પરંતુ એ સમકિત પણ પૂર્વના કેવા સુંદર ધર્મની અને શુભ પરિણામની સાધના પર ? એટલે મુખ્ય વાત તો આ છે કે,-

જીવવું શા માટે ? જીવનનું મુખ્ય કાર્ય :-

આત્માના પરિણામ સુધારવા માટે માનવભવ જેવી બીજે સગવડ નથી.

તો બોલો, અહીં જીવનનો ઉદ્દેશ શો હોય ? આ જીવન કયું મુખ્ય કાર્ય કરવા માટે જીવવાનું ? કહો આ જ, આત્માના પરિણામ જરાય બગડે નહિ, ને એને નિર્મળ નિર્મળતર કર્યે જવાય એ મુખ્ય કાર્ય કરવા જીવવાનું માટે એ ખાસ કામ રાખવાનું.

આ એક ટૂંકા શા જીવનમાં આ આત્મ-પરિણામ શુભ-નિર્મળ રાખ્યા કરવાનું અને એમાં બગાડો નહિ પેસવા દેવાનું કામ કરો ને, ન્યાલ થઈ જશો. જિંદગી અડધી વહી ગઈ પોણી વહી ગઈ, તો હવે તો બગાડાનો થાક લાગે ને ? હવે તો ચેતી જવાય ને ? ચેતી જઈ પહેલી તકેદારી પરિણામ સારા નિર્મળ રાખવાની રહે ને ? જોજો, જીવનનો બાકીનો થોડો પણ ભાગ આત્માના પરિણામ નિર્મળ

કરનારનો ભવ સુધરી ગયો, ભવની પરંપરા સુધરી ગઈ, મોક્ષ નિકટ ગયો.

ચંડકોશિયો સાપ કેવો પાપી ? પણ જીવનના છેલ્લા પંદર દિવસ આત્માના પરિણામ નિર્મળ ઉપશમ ભર્યા બનાવ્યા, પૂર્વ જન્મના અને આ જન્મના દુષ્કૃત્યોની ભારે ગર્હા-ઘૃણાભર્યા બનાવ્યા, પોતાના શરીરને ફોલી ખાનારી કીડીઓ પ્રત્યે ય ક્ષમા-સમતા ભર્યા બનાવ્યા, ને જીવનના બાકીના ભાગ સુધીના અનશન-પાપત્યાગ ભર્યા બનાવ્યા, તો માત્ર પંદર દિવસના આ નિર્મળ પરિણામના પ્રતાપે એ મરીને આઠમાં દેવલોકે ગયો.

તીર્થંકર ભગવાનને મારી નાખવાની બુદ્ધિથી વિષમય બચકાં ભરનારો શું સાતમી નરકે જાય ? કે આઠમાં દેવલોકે ?

પરંતુ ચંડકોશિકે એ પાપ પછીથી પોતાના પરિણામ સુધારી દીધા. સ્વેચ્છાએ હજારો કીડીચટકાની જાલિમ પીડા સ્વીકારી લઈને પણ પરિણામ વિરતિમય-અનશનમય અને સમતામય બનાવ્યા તથા શ્રી મહાવીર-પ્રભુનો અનંત ઉપકાર માનવા પૂર્વક એમનું ધ્યાન કરવામય પરિણામ રાખ્યા; તો એણે નરકાદિ ગતિને તાળા મારી ઊંચી દેવગતિ સાધી. અહીં ખાસ જોજો,

પ્રભુને મારી નાખવાની કોશીશ કરનાર ને પાછળથી પસ્તાવનાર બંને ય, ચંડકોશિયો અને ગોશાળો; તો ચંડકોશિયો જ કેમ તર્યો ?:-

ગોશાળાએ પણ શ્રી મહાવીરપ્રભુને મારી નાખવાની બુદ્ધિથી પ્રભુ પર તેજોલેશ્યા મૂકેલી; એને ય પાછળથી પસ્તાવો થયો, પરિણામ સુધર્યો, છતાં કેમ એ હજી સાતે નરકમાં બબ્બે વાર જશે ? કેમ પૃથ્વીકાયાદિમાં ઘણું રખડશે ? કહો,

(૧) એણે એવો વિરતિ કરવા પૂર્વક સર્વ પાપત્યાગ ન કર્યો,

(૨) એવો પ્રતિજ્ઞાબદ્ધ અનશન-સ્વીકાર ન કર્યો,

(૩) એવો સમત્વભાવ ન કેળવ્યો, અને પોતાના શરીર પર પણ મૂર્છાનો ત્યાગ ન કર્યો,

(૪) જન્મ-જન્માન્તરના દુષ્કૃત્યની નિંદા-ઘૃણા ન કરી, ઈત્યાદિ કારણે આત્માના પરિણામ એવા નિર્મળ ન થયા, તેથી પાપ જાલિમ ઊભા રહી ગયાં.

અલબત ગોશાળાને ય ઉપકારી પ્રભુનો દ્રોહ કર્યાનો પસ્તાવો થયો, પોતે બનાવટી જિન-સર્વજ્ઞ બન્યાનો ખેદ થયો, અને શિષ્યો આગળ એનો ઈકરાર કર્યો, કોઈએ ગુરુદ્રોહ ન કરવાની જાહેરાત કરવા શિષ્યોને કહ્યું,...આ બધામાં પરિણામ શુભ ખરા, તેથી તરત બારમાં દેવલોકે જવા મળ્યું, પરંતુ પહેલા કહ્યું તેવા નિર્મળ પરિણામ ન બનવાથી પાપ ઊભાં રહી ગયાં, ને ભારે ભટકવાનું નિશ્ચિત થઈ ગયું ત્યારે ચંડકોશિયા સાપે જીવનભરનો પાપી છતાં છેલ્લે પરિણામ સુધાર્યા તો બચી

ગયો. આ બતાવે છે કે

જીવનનો બાકીનો ભાગ પણ પરિણામ નિર્મળ બનાવાય તો કેવું સુંદર ફળ મળે છે.

નિર્મળ પરિણામથી મહાપાપીઓ પણ તર્યા :-

દૃઢપ્રહારી, અર્જુનમાળી, ચિલાતીપુત્ર, નિજભગિની ભોગી ચંદ્રશેખર, પોતાના સગા ભાઈને પરણનારી પુષ્પમાળા રાજકુમારી, વંકચૂલ, ઈલાચીકુમાર, પ્રભવચોર, વગેરે વગેરે કેટલાય દાખલા છે કે જીવનનો બાકીનો ભાગ નિર્મળ પરિણામ રાખ્યાથી પૂર્વના મહાપાપ પણ નાશ પામી ગયા, પાપી પણ પુણ્યવંતા મહાન ધર્માત્મા બની ગયા.

એટલું ધ્યાન રાખજો, -આત્માના પરિણામ નિર્મળ કરવા માટે પાપત્યાગ, મૂર્છાત્યાગ, સહન કરવાનું...વગેરે જોઈએ છે. ચંડકોશિકે આ બધું છેલ્લે છેલ્લે પણ કેવું સુંદર કર્યું ? એ ન કર્યું હોત (૧) પાપ ચાલુ રાખ્યા હોત, (૨) મૂર્ચ્છા તૃષ્ણા ઊભી રાખી હોત, (૩) સહન કરવાને બદલે સુંવાળાશ ઊભી રાખી હોત, (૪) ખાનપાન સલામત રાખ્યા હોત, અને મનમાં માત્ર ખેદ કર્યો હોત કે, 'પ્રભુને બટકું ભર્યું એ ખોટું થયું,' તો શું પરિણામ એવા નિર્મળ બનત ?

પાપના ખાલી ખટકાથી પરિણામ સુધરે ?

જો ના, એમ કાંઈ આત્મ-પરિણામ એવા નિર્મળ ન બને, તો પછી તમારા જીવનમાં વિચારો કે પાપ ચાલુ રાખવા છે, મૂર્ચ્છા-તૃષ્ણા ઊભી રાખવી છે, કાયાની સુંવાળાશ તથા ખાવા-પીવાનું એમજ સલામત ચાલુ રાખવું છે ને 'અમને પાપનો ખટકો છે એમ કહેવું છે, મનમાં ધર્મના ભાવ હોવાનો દાવો રાખવો છે, તો એમાં પરિણામ નિર્મળ બને ?

પ્ર.- તો શું ચંડકોશિકની જેમ સર્વત્યાગ અને ભયંકર સહવાનું કરીએ તો જ પરિણામ નિર્મળ બને ?

ઉ.- આમ કહીને જાતનો બચાવ કરવો છે ? ભલે એવો સર્વત્યાગ નહિ, તો ય શક્ય થોડો ય ત્યાગ કરવો જોઈએ કે નહિ ? ધર્મ ખાતર થોડો પણ ભોગ આપવો પડે કે નહિ ? હજારો કીડીના ચટકા નહિ સહી, પરંતુ બીજાના થોડા કડવા લાગતા બોલ તો સહી લેવા પડે કે નહિ ? થોડી ય ક્ષમા નમ્રતા રાખવી જોઈએ કે નહિ ? થોડું ય ખાવાનું ક્યારેક તિથિ જેવાએ તો જતું કરવું પડે કે નહિ ? ના, આમાનું કશું કરવું નથી, ને નિર્મળ પરિણામ રહેવાની આશા રાખવી છે ? અરે ! તે ય રહે પણ શું પાપ અને વિષયભોગનાં કાળાં રુદન હોય તો રહે ? કે એમાં ખુશખુશાલી હોય તો રહે ?

હિંસા-આરંભસમારંભાદિ પાપો, વિષયોના ભોગવટા યથેચ્છ ખાનપાન અને સતત સળગતા ક્રોધાદિ કષાયો પર કાળાં રુદન કલ્પાંત છે ?

ના; કલ્પાંતે ય નથી, ને ત્યાગ પણ નથી, અને આત્મ-પરિણામ નિર્મળ રહેવાના છે ? રાખ્યા છે શ્રેણિક-કૃષ્ણ મહારાજાએ નિર્મળ પરિણામ, પણ તે પાપાદિના કાળા કલ્પાંત પર રાખ્યા છે. રાજા કુમારપાળે નિર્મળ પરિણામ, પણ તે શક્ય ત્યાગ પર અને ભોગ આપવા પર બેમાંથી એકે ય નહિ, ને પરિણામ સારા નિર્મળ શી રીતે રહેતા હશે ? ખોટા **સવાસલા** ઉપર રહે ?

પરિણામ નિર્મળ રાખવા શું શું કરવું ?:-

વાત આ છે, કે આ ઉચ્ચ ભવ આત્માના પરિણામ નિર્મળ બનાવવા માટે છે. અધિકાધિક નિર્મળ કરતા જવા માટે છે. એ કરવાની લગન હશે તો,

(૧) દોષ અને પાપથી બચવા ઘણું સાવધાન રહેવાશે,

(૨) બીજાનું ઘણું ખમી ખવાશે,

(૩) ઘણી તૃષ્ણા-મમતા ઓછી કરાતી જશે,

(૪) મફતિયા વાતોચીતો નહિ કરાય,

(૫) પરચિંતાદિ ફુજૂલ પ્રવૃત્તિઓમાં નહિ પડાય;

(૬) નિંદા-કૂથલી, હાસ્ય-ટિખળ, ઈર્ષ્યા-દીનતા વગેરેને તો જીવનમાં સ્થાન જ નહિ અપાય.

(૭) શક્ય ત્યાગ કરતા રહેવાશે.

(૮) ત્યાગ નહિ બની શકવા બદલ અને પાપો-કષાયો-વિષયસંગો પર કાળો કલ્પાંત રહેશે.

(૯) જિનવાણીનો ખૂબ ખૂબ પરિચય કરતા રહેવાશે આવું બધું કરાય, તો પરિણામ નિર્મળ થતા આવે.

કામરાગ-વિષયરાગ ઓછો કરવા માટે, વિષયો સામે આવતાં ચિત્ત-પરિણામ રાખવા એ એક જબરદસ્ત સાધન છે.

રાજા કુમારપાળ એટલે જ, જુઓ કે, એવા પ્રસંગોમાં કેવી નિર્મળ ચિત્ત-પરિણતિ રાખે છે. પહેલું તો એ જોયું કે અપુત્રિયાનું ક્રોડોનું ધન સામે આવતાં એના ત્યાગનો ભાવ મનમાં લાવ્યા. સાથે અપુત્રિયાના પાછળવાળાઓની કરુણાનો ભાવ ઊભો કર્યો. ત્યાર પછી બીજું એ બન્યું કે કુબેરશેઠ અપુત્રિયો મરેલો જાહેર થયેલ. તે એની પાછળવાળી માતા-પત્ની વગેરેને ધન ન લુંટાવાનો વિશ્વાસ તથા આશ્વાસન આપવા કુમારપાળ પોતે કુબેરના નિવાસે ગયા. આ જવામાં પણ ચિત્તનો શુભ દયા-પરિણામ જ કામ કરી રહ્યો.

તમને આશ્ચર્ય લાગે છે ને કે કોડો રૂપિયા જતા કરી આવો દયાભાવ શે રહે ? પણ જોજો,

આ નાશવંત જીવનમાં ખોઈને શું કમાવવા જેવું છે ?

દયા-કરુણા ખોઈને પૈસા કમાવવા જેવા છે ! કે પૈસા જતા કરીને કરુણા કમાવવા જેવી છે ?

પુણ્ય-પાપ કરતાં ચિત્ત-પરિણામ મહત્ત્વના :-

આના પર ઊંડો વિચાર કરજો, દયા-કરુણાદિ એ આત્માનો નિર્મળ પરિણામ છે પૈસાનો લોભ એ મલિન પરિણામ છે. ત્યારે આત્માના પરિણામનું મૂલ્ય શું સમજો છો ? પુણ્ય-પાપ કરતાં એનું ઘણું ઊંચું મહત્ત્વ છે. આ જીવન પછી સાથે ચાલનારી વસ્તુ બે,-

(૧) એક, પુણ્ય-પાપ, અને (૨) બીજી, શુભાશુભ પરિણામના સંસ્કાર. એમાં તે તે પુણ્ય-પાપ તો ભવાંતરે એક વખત ભોગવાઈને અર્થાત્ એક જ વાર ફળ દેખાડીને રવાના થનારા, નષ્ટ થઈ જનારા, પરંતુ શુભાશુભ પરિણામના સંસ્કાર એવા નહિ. એ કાંઈ એનાં ફળરૂપે એકવાર સારાં-નરસાં, વિચાર-વાણી-વર્તાવ કરાવીને રવાના થાય નહિ. એ તો ઊલટું એ કરાવીને દૃઢ થાય છે, અને આગળ ઉપર પણ અનેકવાર સારાં-નરસાં વિચાર-વાણી-વર્તાવ કરાવ્યે જ જાય છે.

પુણ્ય પાપ એકવાર ફળ આપી નષ્ટ થાય; ત્યારે શુભાશુભ પરિણામ સંસ્કાર દ્વારા ફળ દેખાડી પુષ્ટ થાય છે.

વિચારો પુણ્ય-પાપ અને શુભાશુભ પરિણામ વચ્ચે કેટલું મોટું અંતર ? પુણ્ય બાંધ્યું હતું, દેવલોકમાં ગયા, દેવભવ પૂરો થયો એટલે એનું પુણ્ય પણ પૂરું થઈ ગયું. પરંતુ જો અહીં એ પુણ્ય ઉપાર્જતી વખતે એના કારણભૂત જે કાંઈ દાન-પરોપકાર-તપ-સંયમ-પ્રભુભક્તિ વગેરે આચર્યાં હશે, એની સાથે જો ચિત્તમાં એ રાખ્યું હશે કે મને આના પ્રતાપે ધન-માલ મળો, પુત્રાદિ મળો, મારું લોકમાં માન વધો, દેવતાઈ સુખ મળજો,...' વગેરે, તો એમાં ચિત્તના પરિણામ લોભતૃષ્ણા કષાયના થયા, ને એ ચિત્તના મલિન પરિણામ કહેવાય, એના સંસ્કાર લઈને દેવલોકમાં ગયા, ત્યાં એ જાગ્રત થતાં દેવલોકની દેવાંગનાઓ, વિમાન-રત્નશોભા-વાવડીઓ-ઉદ્યાન વગેરે પર અઢળક રાગ-લંપટતા-મૂર્ચ્છા વગેરેના વિચાર વાણી-વર્તાવ કરાવશે. દેવતાઈ જીવનભર એમ ચાલતાં રાગાદિના પરિણામ અને સંસ્કાર દૃઢ થઈ જવાના.

પછી પણ ખૂબી જુઓ કે, આગળના ભવ માટે ત્યાં દેવલોકમાં આયુષ્ય કર્મ બંધાવાનું તે દેવલોકના મળેલા પુણ્યફળના આધારે નહિ, પરંતુ પૂર્વસંસ્કાર પ્રમાણે

ત્યાં પ્રવર્તતા વિચારવાણી વર્તાવમાં ચિત્તના જેવા પરિણામ રહેવાના તેના આધારે બંધાવાનું.

ચિત્તના પરિણામ ત્યાં લોભ-રાગ-આસક્તિ-લંપટતાના છે માટે આયુષ્ય તિર્યંચગતિનું યા હલકા માનવભવનું બંધાશે. ત્યાં ગયા પછી કેમ ? તો કે એ જ રાગ-લોભ કામ-ક્રોધાદિના મલિન પરિણામના સંસ્કાર પૂર્વે દ્રઢ થયેલા તૈયાર જ છે. એ જાગી જાગીને જીવને એવા મલિન પરિણામવાળો બનાવી અસત્ વાણી-વિચાર વર્તાવમાં તરબોળ રાખશે.

આમ, પુણ્ય કે પાપ તો એકવાર ભોગવાઈ પૂરું થઈ ગયું, પરંતુ આત્મ-પરિણામના સંસ્કાર અનેકવાર એનું ફળ આપ્યે જાય છે. મલિન સસંસ્કારો જીવને દુષ્ટ પાપિષ્ઠ બનાવ્યા જ કરે છે ત્યારે બોલો ધર્મ કરવાની સાથે મનમાં લોભ, માનાકાંક્ષા, કે હરિફાઈરૂપે ચિત્તપરિણામ રાખ્યા એનો શો સાર નીકળ્યો ? આ જ ને કે ધર્મથી પુણ્ય મળ્યું તે તો દેવલોકાદિ ફળ આપીને ચાલતું થઈ ગયું, પરંતુ પેલા રાગાદિ કષાયોમાં લીન બનાવતા રહ્યા, આમ આત્માના પરિણામ મલિન રહેતા ગયા, તેથી એના સંસ્કાર દ્રઢ બનતા ગયા; હવે કેમ ? તો કે હવે જાઓ એ પરિણામથી ઊભા થતા દુર્ગતિના ભવોમાં અને એના પાપ સંસ્કારોથી ત્યાં નરદમ વિષય-કષાયોની આસક્તિભર્યા પાપિષ્ઠ જીવનમાં રક્ત બન્યા રહો. આ છે મલિન પરિણામનો નતીજો. વિશ્વભૂતિ-મુનિ ત્રિપૃષ્ઠ વાસુદેવ બન્યા પછી આ સ્થિતિ થઈ. આ તો ધર્મ કરતી વખતે સેવેલા મલિન પરિણામનો નતીજો. પરંતુ

સાંસારિક જીવનમાં ચિત્ત પરિણામનો નતીજો કેવો ?:-

સાંસરિક જીવન જીવતા ભરચક રાગાદિ મલિન પરિણામ રાખ્યે ગયા એનો નતીજો વળી કેવો ખતરનાક ? જીવો અનંત કાળથી આ સંસારમાં કેમ ભટકી રહ્યા છે ? કહો, એ જ રાગ-દ્વેષ-મોહ, કામ-ક્રોધ-લોભ, અહંત્વ-આસક્તિ વગેરે મલિન આત્મ-પરિણામના કારણે. તેમ વર્તમાન જીવનમાંય હાલતાં ને ચાલતાં ચિંતા-સંતાપ-ખેદ કેમ સળગ્યાં કરે છે ? આ મલિન ભાવોને લીધે તો. ભૂલશો નહિ, જગતની ચીજ-વસ્તુ ખરાબ મળી, યા સારી ગઈ, કે જગતના વહાલા-વાલેસરી વાંકા થયા, અથવા સારાં ચાલ્યાં ગયા, અથવા દુનિયામાં માન ન મળ્યું અપમાન મળ્યું...ઈત્યાદિ કાંઈ ખેદ-સંતાપનું કારણ નથી; પરંતુ જીવે એ મનગમતું કરી એના પ્રત્યે રાગ-આસક્તિ અહંત્વના મેલા ભાવ-મલિન પરિણામ ઊભા રાખ્યા છે. માટે એ જડ-ચેતન ચીજમાં ફેરફારી દુઃખ કરાવે છે.

નાશંવત અને પરને મનગમતા કરવાથી જ દુઃખ આવે છે.

જીવની ગમારિતા કેવી છે ? મનગમતા કોને કરવાના હોય ?

આત્માના હિતકારી દેવ-ગુરુ ? કે દુન્યવી સગાવહાલા ? દાનાદિ ધર્મ કે ધન-માલ ? દુનિયાના માન-સન્માન-પ્રતિષ્ઠા ? કે ક્ષમા-સમતાદિ આત્મગુણો ? પ્રતિષ્ઠા જમાવી પણ ગુણનું દેવાળું છે તો અંતે શું ? નાશવંત અને પર પદાર્થને મનગમતો કરવો છે, પછી એના નાશવંત યા પરિવર્તનશીલ સ્વભાવના કારણે એમાં ફેરફાર થયા વિના રહેવાનો છે ? એ થાય એટલું એના પર બાંધી મૂકેલી આસક્તિ ખેદ કરાવે જ. દીકરા પર બહુ રાગ કર્યા અને એ પરણીને જુદો થઈ ગયો તો માબાપને દુઃખનો પાર નહિ પણ જો પહેલેથી જ દીકરાની અવળચંડાઈના કારણે એના પર રાગ એવો નહોતો કર્યો, તો એ પરણીને જુદો થતાં માબાપને કશું દુઃખ નહિ લાગે. ઊલટું નિરાંત થશે કે, 'હાશ ! કટકટારો ગયો.' તો 'આ દીકરો જુદો થવામાં દુઃખ નહિ, ને પેલો મનગમતો કરેલો અલગ થતાં દુઃખ,' એમાં કારણ શું ? દીકરાનું જુદા થવું એ દુઃખનું કારણ નહિ, કેમકે જુદા તો બંને થાય છે, પણ ક્યાં બંનેમાં દુઃખ થાય છે ? કહો, જેના પર રાગ કર્યો એ જુદો થતાં દુઃખ થાય છે. એ સૂચવે છે કે,

દુઃખ-ચિંતા-સંતાપનું કારણ રાગ જ છે.

આમ જોશો તો દેખાશે કે આત્માના આવા બીજા મલિન ભાવો અશુભ પરિણામો એ જ અહીં પણ દુઃખ-ચિંતા-સંતાપનું કારણ છે. ચિત્તપરિણામ વૈરાગ્યાદિના હોય તો ગમે તેટલું નષ્ટ થઈ જાઓ ને, કશું દુઃખ નહિ !

પત્ની ગુજરતાં કુમારપાળને કેમ દુઃખ નહિ ?

કુમારપાળ ભોપલદેવીને પરણ્યા હતા, અને એમને ૫૫ વરસની ઉંમર સુધી તો સિદ્ધરાજની ભયથી રખડપાટમાં ગયેલા. સીત્તેર વરસની ઉંમરે ઠરી ઠામ બેસવાનો અવસર આવ્યો, પણ પછી થોડા વરસોમાં ભોપલદેવી ગુજરી ગઈ. તો શું એમને ચિંતા-ખેદ-સંતાપ થયાં ? ના, કારણ કે ધર્મ પામ્યા પછી એમણે રાગને અંકુશમાં લીધેલા. દર વરસે ચોમાસામાં ચારે મહિના પ્રતિજ્ઞા સાથે પૂર્ણ બ્રહ્મચર્ય પાળતા હતા. બાકી ૮ માસમાં ય સંયમ સારો પાળતા. તેમજ રાગને ઝેરરૂપે દેખતા; પછી શું કામરાગ, કે શું સ્નેહરાગ, બધું ય ઝેર. આમ રાગને સજડ દબાવ્યો હોય ,ત્યાં ભોપલદેવી રાણી ગુજરી જાય એમાં ખેદ શાનો કરે ?

મંત્રીઓએ ફરીથી પરણી બીજી રાણી કરી લેવા કહ્યું, તો ય એ ન માન્યું.

મંત્રીઓ કહે, 'મહારાજા સાહેબ ! સજોડે કરવાની અનુષ્ઠાન-વિધિમાં સાથે મહારાણી જોઈએ.'

ત્યારે કુમારપાળ કહે, 'એ માટે ભોપલદેવીનું સોનાનું પૂતળું સાથે બેસાડજો.'

કુમારપાળ કેમ આટલા મક્કમ છે ? એટલા જ માટે કે કામરાગ-વિષયરાગને

ભયકંર દેખે છે. વિષયો વીતરાગતાના વિરોધી છે.

વિષયોમાં મન જાય એટલે વીતરાગ પરથી મન ખસી જાય.

વિષયલુબ્ધ અને વિષયાકર્ષિત મન વીતરાગ પ્રભુમાં લાગી શકે જ નહિ. ત્યારે કુમારપાળ ધર્મ પામીને આ સમજ્યા છે કે આ **ઉત્તમ માનવભવ શા માટે છે ? વીતરાગ પ્રભુમાં મન લગાડવા માટે ? કે વિષયોમાં લગાડવા માટે ?**

વિષયોમાં મન લગાડ્યે અનંતા ભવ થઈ ગયા. જીવ શું પામ્યો ?

'કાજ ન કો સર્યાં રે, પાપે પિંડ મેં ભરિયો.'

વિષયોની પૂંઠે લાગ્યા રહેવામાં જીવની વિષયભૂખ ભયંકર ઊભી રહી. અહીંના જ જીવનમાં જોઈએ તો દેખાય છે તે નિત નવી પ્રભાતે વિષયોની નવી ભૂખ ઊભી જ હોય છે. 'સારું ખાઉં, સારું સારું જોઉં, આંખને સારું મનગમતું મનગમતું જ જોઈએ. દુર્ગંધનું નામ નિશાન ન જોઈએ. સારા સ્પર્શ જોઈએ. સારા પ્રેમના-સન્માનના શબ્દ જોઈએ. આગલા દિવસ સુધી આ બધા ખૂબ ભોગવ્યા, છતાં એક દિવસ એવો નથી ઊગતો કે જે દિવસે જીવને પાછી વિષયોની ભૂખ ન હોય; આમ વિષયરાગમાં બળ્યા કરે છે.

ત્યારે અનંતા કાળના વિષય-ભૂખારવા આપણા જીવને ભૂખની શાંતિ ક્યારે ? શાંતિ શી રીતે આવી શકે ?

કહો, એ વીતરાગ પરમાત્મામાં મન આકર્ષિત કરાય, મન ઘલાય, તો જ મન વિષયોમાંથી પાછું પડે અને કાંઈક શાન્તિ પામે.

વીતરાગ ભગવાન વિષયરાગથી સર્વેસર્વા મુક્ત છે. એમને જગતના વિષયો સાથે કશી લેણદેણ નથી, કશી નિસ્બત નથી, વિષયોની એમના પર કશી અસર નથી. એટલે એ આદર્શ રાગમુક્ત છે. એમની તરફ, અને એમની વિષયો તરફની બેપરવાઈ અને અલખ નિરંજન-નિર્વિકારતા તરફ મન આકર્ષિત કરીએ તો જ મન વિષયોને ઝેરી નજરથી જુએ.

બોલો, રોજ વીતરાગનાં દર્શન કરો છો તો મન એમનામાં એવું આકર્ષિત થાય છે ને કે જેથી વિષયો ઝેરરૂપે લાગે ? કે દર્શન વખતે પણ મન કોઈ વિષયમાં લાગેલું રહે છે ? મનમાં કોઈ વિષયની ગડમથલ ચાલુ હોય છે ? પ્રભુ પર એકલી આંખ ગયે શું થાય ? મન પણ એમની વીતરાગ અવસ્થા પર આકર્ષિત થવું જોઈએ ને ? વીતરાગ પ્રભુના વિષયવિમુખ થવાના પરાક્રમ પર મન ઓવારી જાય ત્યારે વિષયો ઝેર જેવા લાગે.

પ્રભુદર્શને શું ચિંતવવું ? :-

'વાહ પ્રભુ ! કેવું આપનું પરાક્રમ ? જે વિષયોને હું ચાટવા બેઠો છું, એના

કરતાં સેકડો-હજારો ગુણા ઊંચા વિષયોને આપે ફગાવી દીધા ! ધન્ય આપની સદ્‌બુદ્ધિને ! હું પામર, તુચ્છ વિષયો પાછળ મરી રહ્યો છું. રે ગોઝારા વિષયો ! તમે તો મને, હું મારા પ્રભુની માફક સિંહ જેવો છતાં, સસલા જેવો બનાવી દીધો. હે વીતરાગ ! ધન્ય તમારી અક્કલ, કે સિંહની જેમ તમે વિષયમૃગલાઓને પડકારી દીધા, ભગાડી દીધા ! દે દે પ્રભુ ! દે મને એવી અક્કલ, એવું પરાક્રમ.'

બધા પાપ વિષયરાગ ઉપર ખડા થાય છે. જીવને પાપિષ્ઠ બનાવનાર વિષયરાગ છે.

સગી પત્ની પણ વૈરિણી લાગશે જો પોતાના ગમતા વિષયને એના તરફથી ધક્કો પહોંચ્યો. સમરાઈચ્ચ કહા શાસ્ત્રમાં આવે છે,-સોમા નામની બ્રાહ્મણી જૈન **સાધ્વીજીના** સમાગમથી વિષયવિરક્ત બની હવે પતિ આગળ વિષયોના ચેનચાળા નથી કરતી, તો પતિ રુદ્રદેવ બ્રાહ્મણ એને સમજાવે છે કે,

'તારું મગજ કોણે ભ્રમિત કરી નાખ્યું ? કેમ તું પહેલાની જેમ પ્રેમ નથી દેખાડતી.

સોમા કહે, 'એમાં શું દેખાડવું હતું ? મને તમારા આત્મા પર પૂરો પ્રેમ છે. બાકી કાયાના અંગોપાંગ અને આંખથી પ્રેમનાં ટાયલાં દેખાડવાં એ તો કૂતરીના ખેલ છે. અત્યાર સુધી મૂઢ હતી, હવે ખબર પડે છે કે માનવના અવતારે એવા પશુના ખેલ શા ?'

સોમાને પ્રેમનાં ટાયલાં કરવાનું સમજાવતાં રુદ્રદેવની સમજુતી નિષ્ફળ જાય છે, એટલે એ એના ઉપર અભાવ-દુર્ભાવવાળો બની હવે એને દુશ્મન દેખે છે. એના પર બીજી પત્ની કરવા માટે કોઈક ગૃહસ્થની કન્યા માગે છે, ત્યાં પેલો કહે, 'સોમા તો મારા મિત્રની દીકરી છે, તેથી એના પર બીજી પત્ની કરવા મારી કન્યા ન આપું.'

રુદ્રદેવે એ પરથી એ સાર તારવ્યો કે 'આના ઉપર શોક તરીકે તો હા પાડે છે ને ? પણ જો આ જીવતી જ ન હોય તો તો જીવતી શોક જવાથી જરૂર મને કન્યા આપે,' બસ, સોમાને મારી નાખવા માટે હવે એ ઉપાય વિચારવા લાગ્યો.

દુષ્ટ વિષયરાગ સ્નેહી પર હેત ન ટકવા દે :-

શું કર્યું વિષયરાગે ? પત્નીને વૈરિણી મનાવી. ને એનું કાટલું કાઢી નાખવા પ્રેરણા કરી. આજ લગભગ ઘર-ઘરમાં ઝગડા શાના છે ? દરેકને પોતાના પસંદ

વિષયમાં સગાં તરફથી વાંકુચુકું થતું દેખાય છે એ ખમાતું નથી માટે. વિષયરાગની કેવી મોંકાણ ? જેની સાથે જિંદગી ગાળવાની છે, એની સાથે હેત પ્રેમ રાખ્યા હોય, એના મન વધારતા રહ્યા હોય, તો જિંદગી સુખરૂપ પસાર થાય; પરંતુ દુષ્ટ વિષયરાગ એ હેત પ્રેમ વધારવાનું રહેવા જ ન દે ને ? નજીવી નજીવી બાબતમાં ઈષ્ટ વિષય, સ્નેહી સાથે વાંકુ પડતા, રગડો ઊભો કરાવે. એવું વારંવાર બનતાં સામાનાં દિલ ભાંગી જાય. ભાંગેલા દિલે જીવન નભે એ કેવુંક નભે ?

વિષયરાગ ભૂંડો છે. પોતાને લેણદેણના જ વિષયો તો ઠીક, પણ જ્યાં લેણદેણ નહિ એવા વિષયોની ઉપર પણ ખેચાણ કરાવી જીવને નચાવે છે. દિવાળીના બજારમાં એક લટાર મારી આવો એમાં કેટલી જગાએ આંખ કેટલા વિષયો પર નાચી આવે છે ? લેણદેણ એની સાથે ? એ મળે એવા છે ? ગરીબ બાઈઓ બજારમાં જોર્જેટની સાડી જુએ, તે શું ખરીદી શકાય એમ છે ? ના, છતાં એની એના પર આંખ નાચે છે, મન મલકે છે ! અરે ! મોટી શેઠાણી પણ એક ઠેકાણેથી સારી કિંમતી સાડી ખરીદી ચાલી. હવે આગળ બીજી દુકાનમાં જુદા રંગ જુદી પેટર્નની સાડીઓ જુએ છે. તો ત્યાં ય એની આંખ નાચે ને ? મનને જરાક ખેદ પણ થાય ને કે, અરે ! આ ય વળી છે તો ભપકાદાર પણ લાચાર કે મારાથી ખરીદી શકાતી નથી !' શું કરે ? પૈસા તો પાસે ઘણા, છતાં કાંઈ આખો બજાર ખરીદી લેવાય છે ? ને બજારમાં તો ભાતભાતનું દેખાય, ને ખરીદી શકાય નહિ, તેથી મનને કચવાટ થયા કરે.

વિષયરાગ આમ ન લેવાદેવાના વિષયોમાં જીવને મારે છે. ત્યાં જો વિષયરાગ દબાવી તત્ત્વદૃષ્ટિ જગાડી હોય, તો જીવ કેવો બચે ?

જુઓ રાજા કુમારપાળ કુબેરશેઠના મુકામ તરફ જાય છે, ત્યાં એ કેવી તત્ત્વદૃષ્ટિથી વિષયરાગને દબાવે છે. જ્યાં નજીકમાં પહોંચે છે ત્યાં દૂરથી કુબેરશેઠની હવેલીઓ પરની ધજાઓ દેખાતાં હજુરિયાઓ મલકાતાં કહે છે,-

'મહારાજા સાહેબ ! જુઓ પેલી દૂર આકાશમાં ધજાઓ દેખાય એ કુબેરશેઠની હવેલીઓની ધજાઓ છે !'

કુમારપાળ કહે, 'અરે ! મલકાઓ શાના ? આ હવેલીઓ પરની ધજાઓ ફરર ફરર થઈને કહી રહી છે કે આ હવેલીઓ એક દિ' ફરર-ફૂ થઈ જવાની છે. જુઓને કુબેરશેઠને પોતાને માટે ફરર-ફૂ થઈ ગઈ ને ?'

હજુરિયા બિચારા ભોઠા પડયા. આગળ વધતાં જ્યાં એના કમ્પાઉન્ડમાં પેઠા ત્યાં નાકા પર એકબાજુ હાથીઓની કતાર દેખાઈ. હજુરિયા વળી મલકાતાં મલકાતાં, કહે, 'મહારાજા સાહેબ ! આ જુઓ પેલા કુબેરશેઠના કેટલા બધા હાથીઓ !'

રાજા કહે, 'અરે ! પાછા મલકાઓ ? આ હાથીઓ સૂંઢ અને કાન આમતેમ હલાવીને ના કહી રહ્યા છે કે અમે તમારા નહિ.'

હજુરિયા ફરીથી ભોંઠા પડયા ત્યારે કહે, 'સાહેબ ! આ તો આપ જ વિચારી શકો. અમારા જેવાને તો આવું જોઈ જોઈ મોંમાથી પાણી છૂટી પડે છે કે કેટલી મોટી શ્રીમંતાઈ !'

શું છે આ ? હજુરિયા વિષયરાગમાં તણાઈ રહ્યા છે. ત્યારે કુમારપાળ તત્ત્વદૃષ્ટિથી જુએ છે કે, 'જો આ બધું કુબેરશેઠને પોતાનું મનાતા છતાં એકાએક ખોવાઈ ગયું, તો આ સંપત્તિ એની શી રીતે કહેવાય ! આમાં કુબેર ઘણું મહાલ્યો હશે, મલકાયો હશે, પણ એ શું લેખે લાગ્યું ? નાશવંતમાં સારું શું ? અને હરખાવાનું શું ? હરખાવામાં તો ઊલટું આત્માને કર્મથી બંધાવું પડે, ને અનાદિના કુટિલ રાગના સંસ્કારોમાં વધારો થાય.' આમ તત્ત્વદૃષ્ટિ જાગતી રાખી રાજા પોતાનો વિષયરાગ દબાવે છે.

હજુરિયાનું આ ગજુ શું ? અલબત્ત એમને આ હવેલીઓ અને હાથીઓ સાથે કશી લેવાદેવા નથી, ખુશી થયે હવેલીમાં એક દિવસ પણ રહેવા મળવાનું નથી, કે હાથી પર બેસવા મળવાનું નથી, છતાં જીવની ઘેલછા, તે ફોગટ રાગથી એને સારું સરસ માનવું છે. પરંતુ એ ભૂલી જાય છે કે,

આમ જ્યાં ને ત્યાં વિષયોને સારા સારા માનવા જતાં પોતાનો આત્મા સાવ ભુલાઈ જાય છે.

આત્માની યાદ એટલે ?

પ્ર.- તો શું વિષયોને અસાર જોવામાં આત્મા યાદ રહે છે ?

ઉ.- હા જરૂર, આત્મા યાદ રહે છે. કેમકે આત્માએ એને અસાર દેખ્યા એ ગર્ભિત રીતે પોતાની દૃષ્ટિએ અસાર દેખ્યા. જે મને દગો દેનારા, મને ઘેલો બનાવનારા, ઘેલો બનાવી અઢળક કર્મે મને બાંધનારા, એમાં સાર શું ? માલ શો ?' **આત્માની યાદ એટલે આત્મા નુકશાનીમાં ન ઊતરે એની સાવધાની.**

વિષયો પર રાગ-દ્વેષ કરવામાં આત્મા નુકસાનીમાં ઊતરે છે; વિષયોને અસાર દેખવા-માનવામાં વિષયરાગથી બચી નુકસાનીથી બચાય છે. ધરતી પર પગ માંડો એ જોઈ વિચારીને, મન માંડો એ જોઈ વિચારીને નહિતર ડગલે ને પગલે વિષયરાગથી મરવાનું છે.

શાંતસુધારસશાસ્ત્ર કહે છે આ સંસાર જ એવો છે કે જ્યા ને ત્યાં થતો વિષયરાગ મન-વચન-કાયાને વિકૃત કરી દે છે. એમાં વળી પૂર્વ કર્મના રોષથી વિપત્તિઓ એક યા બીજા પ્રકારની આવીને ઊભી જ છે. ત્યાં ય મન રાગ-દ્વેષના

તોફાને ચડે છે, ખેદ-સંતાપ પામે છે. એમ, ક્યાંય જીવને સંસારમાં આધિમાંથી છૂટકારો નથી.

ઋષિદત્તાનું શું ?:-

રાજા કનકરથે દિવસે જોયેલો વાદળોના પવનથી એકાએક વિખરાઈ જવાનો પ્રસંગ રાતના ઋષિદત્તાને કહી આ બતાવી રહ્યો છે કે, 'જુઓ, આપણી જીવનલીલા પણ આમ મૃત્યુના ઝપાટે એકાએક વિખરાઈ જાય છે વૈભવ પણ ખતમ અને આયુષ્ય પણ ખતમ ! આમાં રાગ કરીને બેસી રહેવામાં જીવ પોતાના માટે શું સારું પામે ?

વિષયરાગ ભૂંડો જીવે સારું પામી જવાના આ ઊચ્ચ ભવમાં, વિષયરાગ જીવને સારૂ પામવા ન દે.

રાજા અને ઋષિદત્તા આના પર ધર્મચર્ચા કરતાં કરતાં રાત્રિ પસાર કરે છે. સવારે પ્રાતઃકૃત્યથી પરવારી સભામાં આવતાં ઉદ્યાનપાલક આવીને કહે છે, 'અન્નદાતા ! કુસુમાકર ઉદ્યાનમાં આચાર્ય મહારાજ શ્રી ભદ્રયશ સૂરિજી સપરિવાર પધાર્યા છે. એમને સેવીને શિષ્ટ પુરૂષો સારું પામી રહ્યા છે પણ દુષ્ટ પુરુષોને કશી અસર નથી થતી. કેમકે શિષ્યોનો તો સ્વભાવ સરળ હોય છે. જેવા વિચાર તેવી વાણી, અને જેવી વાણી તેવી ક્રિયા. વિચાર-વાણી-વર્તાવ ત્રણેયમાં જેમને વિસંવાદ નથી, એક બીજાથી ફેરફાર નથી એવા આત્માને ધન્ય છે. એ સરળ સ્વભાવના લીધે આચાર્ય ભગંવતની વાણી જો દિલમાં બેઠી, તો પછી જેવા વિચાર તેવો વર્તાવ, એટલે એમને ધર્મ પામી જવાનું થાય. એ સહજ છે. ત્યારે દુષ્ટોને તો, જેમ પત્થર પર ગમે તેટલું પાણી રેડો છતાં કોઈ અસર નહિ, એમ સૂરિદેવના ગમે તેટલા શાંતિવચનો એમના પર વરસવા છતાં કશી અસર નહિ. કહે છે ને કે સ્વભાવ કેમ છૂટે ?'

ઉદ્યાનપાલક માળીએ રાજાને ગર્ભિત સૂચવ્યુ કે તમારે શિષ્ટ સ્વભાવ હોય તો પધારો ઉદ્યાનમાં, પામી જશો.

ઉદ્યાનપાળકો-દ્વારપાળો વગેરે હોશિયાર રાખવામાં આવતા અને એમને અવસર-યોગ્ય બોલવાની છૂટ રહેતી. તેથી આટલું કહી શકે છે. એમાં સમજદાર રાજાઓ કશું એનું દોઢડહાપણ માનતા નહિ, કે મનને ખોટું લગાડતા નહિ.

મોટા રાજાઓને આવા હિતૈષીની જરૂર, તો આપણને કેટલી જરૂર ?

રાજા કનકરથે માળી પાસેથી આચાર્ય મહારાજ પધાર્યાની ખબર મળવા પર માળીને વધામણી દાન આપ્યું; અને પછી પોતે પરિવાર સાથે ઉદ્યાનમાં જાય છે. ત્યાં આચાર્ય મહારાજને નમસ્કાર કરીને એમની દેશના સાંભળે છે. દેશના પૂરી

થતાં ઋષિદત્તા હાથ જોડીને આચાર્ય ભગવાનને પૂછે છે,-

ઋષિદત્તાનો પ્રશ્ન :-

'પ્રભુ ! પૂર્વ જન્મમાં મેં એવું શું કર્મ કરેલું કે જેથી આ ભવે મારે રાક્ષસીપણાનું કલંક માથે ચડ્યું ?'

ભદ્રયશ આચાર્ય મહારાજ વિશિષ્ટ જ્ઞાની છે, એટલે તો ઋષિદત્તાએ આવી પૂર્વ જન્મની અતીન્દ્રિય બાબત પૂછી છે. આવા જ્ઞાની ગુરુ મળ્યા પછી શું કામ ન પૂછે ? શા માટે એ પૂછે છે, જાણો છો ? ખાલી જાણવા ખાતર નહિ. પરંતુ એમાં ચોક્કસ ભૂલ જાણવા મળે, તો હવે એ ભૂલના શલ્ય અને સંસ્કારના મૂળ ઉખેડી નાખવા કટીબદ્ધ થવાય.

જ્ઞાન આટલા માટે મેળવવાનું કે જ્ઞાનથી આપણી ભૂલો જાણીને ભૂલનાં મૂળ શલ્ય અને સંસ્કાર ઉખેડી નાખવા ભગીરથ પુરૂષાર્થ શરૂ કરી દઈએ.

દીધેલ સહાયનો દુન્યવી ફળની અનુમોદના ન થાય :-

શાસ્ત્રના વિસ્તૃત બોધ વિના તો અંધારામાં ફૂટાઈએ છીએ, આપણે ક્યાં ક્યાં ભૂલીએ છીએ એની જ ગમ નથી પડતી.

દા.ત. આપણે કોઈને ગરીબીમાં રૂા. બસો પાંચસોની સહાય કરી, ને એનાથી એ નાનો વેપાર કરતાં કમાયો ભાગ્ય ખૂલી ગયું ને આગળ વધતાં સારું ભેગું કર્યું એથી કન્યા મળી પરણ્યો, બે બચ્ચાનો બાપ બન્યો હવે આપણે એને સુખ વિલાસમાં મહાલતો જોઈ મનમાં એમ લાવીએ કે, 'ચાલો ઠીક થયું. રૂપિયા આપેલા લેખે લાગી ગયા, બિચારો સુખી થઈ ગયો.' પાછું અવરનવર એ યાદ આવતાં એ જ વિચારવામાં આપણને કશું ખોટું લાગતું નથી, ઊલટું એમ લાગે છે કે, 'આમાં તો આપણે પ્રમોદભાવના કરીએ છીએ, શુભ વિચારણા કરીએ છીએ.' પરંતુ આ ખોટું છે.

આપણે ક્યાં ભૂલીએ છીએ ?:-

શાસ્ત્ર કહે છે કે પહેલે પ્રાણાતિપાત, ચોથે મૈથુન, પાંચમે પરિગ્રહ, નવમે લોભ, દશમે રાગ, પંદરમે રતિઅરતિ એ મોટાં પાપસ્થાનક છે. આપણે એ સેવીએ તે ખોટું, સેવરાવીએ તો ખોટું, અને સેવતાનું અનુમોદીએ એ પણ ખોટું. હવે જુઓ, 'ચાલો પૈસા લેખે લાગ્યા, બિચારો સુખી થઈ ગયો સારું થયું,' એ વિચારમાં શું શું અનુમોદ્યુ ? આજીવિકા ઉપરાંત વેપાર ખેડ્યો એમાં આરંભ-સમારંભ કર્યા. તે પહેલે પ્રાણાતિપાત પાપ-સ્થાનક સેવ્યું. સારા પૈસા કમાયો એ પરિગ્રહ નામનું પાપસ્થાનક સેવ્યું. કન્યા પરણી વિલાસમાં પડ્યો એ મૈથુન પાપસ્થાનક સેવ્યું. વેપાર અને સારી કમાઈની તૃષ્ણા સેવી એ લોભ પાપસ્થાનક

સેવ્યું. એ અને સારું ઘર, રાચરચીલું, પત્ની વગેરે પર રાગ પાપસ્થાનક આવ્યું. એમાં એ ખુશી ખુશી છે એ રતિ પાપસ્થાનક આવ્યું.

હવે બોલો, ભલે એણે એ બધા પાપસ્થાનક સેવ્યાં, પણ આપણે એ પાપસ્થાનકોની અનુમોદના કરવાની જરૂર છે ? 'ચાલો આપણે પાંચસો રૂપિયા આપેલા લેખે લાગી ગયા. એ સુખી થયો.' આ વિચારમાં આપણા રૂપિયાની સફળતા એના સુખી થવામાં એટલે કે સારો વેપાર-કમાઈ-લગ્ન-વિલાસ-રાગ-રતિ વગેરેમાં માની એ બધામાં આપણો રાજીપો પહોંચ્યો. એમાં વળી જો એણે અસત્ય-અનીતિ ઘરાક સાથે નિર્દયતા વગેરે આચર્યું હોય, તો એમાં ય આપણો રાજીપો પહોંચ્યો. રાજીપો એટલે અનુમોદના. તો કેટકેટલા પાપસ્થાનકોની અનુમોદના આપણે વહોરી ? તે પણ એક વાર નહિ.' વારે વારે રૂપિયા લેખે લાગ્યા, એ સુખી થયો,' એવું વિચારી વિચારીને આપણે વારંવાર પાપસ્થાનકોની અનુમોદના વહોરી. ત્યારે પૂછો,-

પ્ર.- તો તો પછી રૂપિયા આપ્યા તે જ ખોટું કર્યું ? અધર્મ કર્યો ? એનાથી એ પાપસ્થાનક જ સેવવાનો હતો ને ?

ઉ.- અહીં શાસ્ત્ર વિવેક બતાવે છે. આપણે રૂપિયા, એ એ પાપસ્થાનકો સેવે એવી બુદ્ધિથી નહિ, પરંતુ એને ચિત્તની સમાધિ-સ્વસ્થતા થાઓ એ ભાવનાથી આપ્યા. એ ભૂખે મરતો હતો, યા ભારે તંગી અનુભવતો હતો, એમાં એને અસમાધિ ટાળવા માટે આપણે સહાય કરી. તેથી એ સુકૃત થયું, પાપકાર્ય નહિ. પછીથી એણે જે કર્યું એની સાથે આપણને નિસ્બત નહિ.

સહાય કરીને માનવું શું ? :-

પ્ર.- તો એને સુખી જોઈને પૈસા લેખે લાગ્યા એમ આનંદ નહિ માનવો ? તો શું વિચારવું ?

ઉ.- આપણે વિચાર એ કરવો કે ચાલો આજની સ્થિતિ કહે છે કે એને એ વખતે સમાધિ મળી ગઈ એમાં આપણા આપેલા પૈસા લેખે લાગી ગયા. બાકી હવે એ ધર્મ પામે તો સારું. નહિતર બિચારાને એકલા આ વૈભવ-વિલાસ-રાગ-રતિ વગેરે એકલા પાપથી ખરડશે ને એમાં પરલોક બગડી જશે. ધર્મ કરશે એટલું અંતે પામશે.'

સાવધાન રહેવાનું છે. એને વૈભવ-વિલાસમાં જોઈ જેમ ખુશી નથી માનવાની, એમ એના પર ઝેર પણ નથી વરસાવવાનું, કરવાનું છે આ; આપણા હૈયે સાચી મૈત્રી ઊભરાવવાની છે કે 'એ બિચારો ધર્મ પામે ધર્મ સેવે તો સારું.'

ખૂબી જુઓ કે આપણા હૈયે આ મૈત્રીભાવ હશે દિલ દાઝતું હશે તો અવસર પામીને પેલાને ધર્મની પ્રેરણા આપવાનું મન થશે.. પરંતુ જો 'સારું થયું

એ સુખી થયો,' એ જ વિચાર હશે તો એમાં તો એના પાપ પર દિલ દાઝવાનું રહ્યું જ ક્યાં ? દિલ દાઝતું નથી. પછી શું કામ ધર્મની પ્રેરણા આપવાનું કરાય ? એ તો એકલા પાપસ્થાનકોમાં એ રુલ્યો દેખાઈ આપણું દિલ દાઝે, તો જ એને એ ઓછાં કરવાનું ને ધર્મમાં લાગવાનું કહેવાય.

એકલી સુખની અનુમોદનામાં ધર્મના અભાવ પર દિલ દાઝે નહિ; તો ધર્મપ્રેરણા શે અપાય ?

એટલે હવે સમજાયું હશે કે રૂપિયાનું સુકૃત કર્યા પછી પણ કઈ વિચારણા પાપરૂપ છે, ને કઈ વિચારણા ધર્મની વિચારણા કહેવાય ? આ સમજ ક્યાંથી આવે ? શાસ્ત્રથી કંઈક વિસ્તૃત બોધ મેળવીએ, તો એના આધારે સારી નરસી વિચારણાનો ભેદ સમજાય; પછી આપણે ક્યાં ભૂલીએ છીએ એ સમજાય.

એટલે આ વાત છે કે જ્ઞાન મેળવવાનું છે તે આપણી ભૂલ સમજવા; ને પછી થઈ ગયેલ ભૂલોનાં શલ્ય તથા સંસ્કાર ઉખેડી નાખવા માટે ભગીરથ પુરુષાર્થ કરવા. ઋષિદત્તાને પોતાના પૂર્વ ભવની ભૂલ જ્ઞાની આચાર્ય ભગવંત પાસેથી આટલા માટે જાણવી છે. હવે જુઓ જ્ઞાની આચાર્ય ભગવંત શું કહે છે.

ઋષિદત્તાનો પૂર્વભવ : ગંગસેના રાજપુત્રી

શ્રી ભદ્રયશ આચાર્ય ભગવંત ઋષિદત્તાને અહીં રાક્ષસી તરીકેનું કલંક પૂર્વના કયા કર્મથી ચડ્યું એ બતાવવા એના પૂર્વભવનો અધિકાર કહે છે,-

પૂર્વના કાળે આ ભરતક્ષેત્રના ભૂષણરૂપ ગંગાપુર નામનું એક નગર હતું. એમાં રાજા ગંગદત્ત રાજ્ય કરતો હતો. એને સુશીલ રાણી ગંગાથી ગંગસેના નામની એક પુત્રી થઈ. રાજપુત્રી એટલે રાજાશાહી સુખોમાં ઊછરનારી, એ મોટી થયે શું કરે ? જીવને અનંત અનંત કાળની આહાર-વિષય-પરિગ્રહ-નિદ્રાની સંજ્ઞાઓ તો સારી રીતે અભ્યાસ કરેલી હોય જ છે. એના સંસ્કાર એની વાસના અહીં જાગતા શી વાર ? એમાં વળી રાજાશાહી સુખસાહ્યબીમાં ઉછેર, એટલે ઉંમરમાં આવતાં વિષયસંજ્ઞા કેવી ઊઠે ?

તો રાજપુત્રી ગંગસેના યુવાવસ્થા પામતાં એના માબાપ પણ શું કરે ? એના માટે કોઈ સારો રાજકુમાર જ મુરતિયા તરીકે શોધાય ને ? પરંતુ સત્સંગનો ચમત્કારિક પ્રભાવ જુઓ કે એવું કે એવું બન્યું કે એ ગંગપુર નગરમાં એકવાર ચંદ્રયશા નામે એક સાધ્વીજી મહારાજ પોતાના પરિવાર સાથે પધાર્યાં. એમની ગુણિયલતા, વિદ્વત્તા તથા તપ-સંયમાદિ સાધનાનું વર્ણન સાંભળી ગંગસેનાને ઉત્કંઠા થઈ કે લાવ ત્યારે એમના દર્શને જાઉં.'

માતાને કહે છે, 'બા ! આપણા નગરમાં એક વિદૂષી અને મહાગુણિયલ

સાધ્વીજી શ્રી ચંદ્રયશા નામે પધાર્યા છે. તો હું જાઉં એમના દર્શને ?'

માતા રાણી ગંગા સુશીલ અને ધાર્મિક દિલવાળી છે. તો પુત્રીની આવી ઈચ્છા જાણી ખુશી થાય છે કે, 'વાહ ! આને યુવાની દિવાની વિષયના ઉન્માદ જગાડે, એની જગાએ આવી ધર્મભાવના થાય છે ? બહુ સરસ' તરત એની માગણી વધાવી લેતાં કહે છે,-

બેટી ! ભાગ્યશાળી તું કે તને આવી ભાવના થાય છે. જાઓ ખુશીથી સાધ્વીજી મહાસતીના દર્શને જાઓ.' એમ પ્રોત્સાહન આપી સખીઓ, દાસીઓ અને નોકરો સાથે જવાની ગોઠવણ કરી આપે છે,

ગંગસેનાને સાધ્વી સમાગમ :-

ગંગસેના પહોંચી ચંદ્રયશા સાધ્વીજી પાસે જઈને નમસ્કાર કરી, તથા બીજી સાધ્વીઓને પણ વંદના કરીને પછી ચંદ્રયશા સાધ્વીજી પાસે બેસે છે, હાથ જોડી પૂછે છે,-

'મહારાજ ! તમે આવા સુંદર રૂપરંગવાળા; ને આવા કઠોર વ્રત કેમ લઈ લીધા ?'

સાધ્વીજી કહે, 'ન લઈએ તો બીજું શું કરવાનું ?'

'કેમ વળી શું કરવાનું ? આખી દુનિયા કરે છે એ, રંગરાગમાં મહાલવાનું ?

સાધ્વીજી કહે, 'પણ પછી શું ?'

'કેમ વળી પછી ? જે બધાનું તે આપણું, છેવટે મૃત્યુ આવે એટલે જીવન પૂરું.'

'પણ પછી આ રંગરાગ મળે ?'

'પછી કોને જોવું જ છે ? મર્યા એટલે બધું પતી ગયું ને ?'

સાધ્વીજી કહે, 'એમ ન કહે. આપણે પછી પરલોક દેખવાનો છે, આપણે એટલે આ કાયા નહિ, પણ આત્મા છીએ. તે સનાતન કાળના છીએ. આ જીવનમાં તો આ એક કાયાના મુકામમાં આવી વસ્યા. મૃત્યુ પછી પાછા બીજા કાયમુકામે ચાલ્યા જવાનું.'

રાજપુત્રી કહે, 'પણ કાયામાં આપણે કોઈક જુદા તરીકે વસ્યા ક્યાં દેખાય છે ?'

લાગણીઓથી આત્મા સિદ્ધ થાય :-

ગુરુણી કહે, 'જો, આપણને લાગણીઓ થાય છે એ લાગણીઓ કોનો ગુણ છે ? કાયાનો નહિ, કેમકે (૧) એ લાગણીઓ જો એની હોય તો મૃત્યુ થતાં કાયા તો હજી અહીં ઊભી જ છે, તો એમાં કેમ લાગણીઓ નથી ? એક દિવાસળીની ઝાળ લાગતાં કંપનારું શરીર ચેહ ઉપર ચારે બાજુથી ભડકા લાગવા છતાં કેમ કંપતું કે ઊઠતું નથી ? (૨) બીજી પણ એક વાત છે કે લાગણી જો શરીરનો જ

ધર્મ હોય તો શરીરે શરીરે જુદી જુદી લાગણી કેમ ? (૩) તેમજ આપણને પોતાને પણ ઘડીએ ઘડીએ લાગણીમાં તફાવત કેમ ? (૪) તેમ એ પણ વિચારવા જેવું છે કે તરતના જન્મેલા બાળકમાં લાગણીના કશા અભ્યાસ વિના પોતાના શરીર પર મમતા, કડવા પર અરુચિ, રમકડાંનો રસ, વગેરે ક્યાંથી ? આ બધાનો જવાબ એ જ કહેવો પડે કે લાગણીઓ, સ્વભાવ, રુચિ-અરુચિ-રસ વગેરે જે આ કાયામાં દેખાય છે તે કાયાની અંદર રહેલા સનાતન આત્માનાં છે. ને આત્મા એ પૂર્વ જીવનોના અભ્યાસથી અહીં લઈ આવેલ છે.

અમૂર્ત જ્ઞાન કોનો ધર્મ :-

સાધ્વીજી એને આગળ કહે છે કે, 'ભાગ્યવતી તું જો કે આપણને જે જ્ઞાનનો અનુભવ થાય છે, એ જ્ઞાનના કોઈ રૂપ-રંગ નથી દેખાતાં. એ અરૂપી-અમૂર્ત છે. આકૃતિ વિનાનું છે. તો એ જ્ઞાન કોનો ધર્મ કોની ખાસિયત હોય ? શું જડ કાયાની ? કાયાની ખાસિયતતો રૂપરંગ-આકૃતિ-ગરમાશ-ટાઢાશ વગેરે અનુભવીએ છીએ. જ્ઞાન તો એ બધાથી તદ્દન જુદી જ ખાસિયત છે. હમણાં કોઈક જ્ઞાન-કોઈક ઈચ્છા થઈ, ને ક્ષણ પછી એ અદશ્ય થાય છે. શરીર તો એનું એ ઊભું જ છે, તો એટલામાં જ શરીરમાં શો ફરક પડી ગયો તે જ્ઞાન ઈચ્છા અદશ્ય ?

સામાન્ય બુદ્ધિ લગાવીએ તો ય ભાસે છે કે આ જ્ઞાન-ઈચ્છા-રાગ-સુખ-દુઃખ જડ કાયાના નહિ. માટે એ તો અરૂપી આત્માની ચીજ છે. અમૂર્ત આત્માના જ ગુણ અમૂર્ત હોય તેમ હે સુબુદ્ધિમતી ! તું એ જો કે,

અવસરે આપણે જ આપણી જાતથી આપણા શરીરને જુદુ પાડીએ છીએ, એ આત્માનો પુરાવો છે.

કોઈના મહેમાન બની જમવા બેઠા. પેટ ભરાઈ ગયું છે, છતાં સામે આગ્રહ કરી ભાણામાં પકવાન નાખવા જાય છે, તો તરત કહેવું પડે છે કે, 'રહો રહો, નાખશો નહિ, હવે ખાઉં તો મારું શરીર બગડે' આવું કેમ બોલાય ? શરીર જ આત્મા હોત તો શરીરે પોતાના માટે એમ કહેવું જોઈતું હતું કે, હવે હું ખાઉં તો હું બગડું 'પરંતુ એમ નથી બોલાતું, ખ્યાલ છે કે બગડનાર હું નહિ પણ મારું શરીર, એ ક્યારે બને ? બોલનાર કોઈ જુદો હોય, કે જેનું આ શરીર છે, એટલે જ જે આમ કહે છે કે, 'વધુ ખાઉં તો મારું શરીર બગડે.'

શરીરનો ભોક્તા કોણ ? :-

સાધ્વીજી કહે છે, 'જો બેન ! શરીર પણ ભોગ્ય વસ્તુ છે, તો એનો ભોક્તા અંદરનો આત્મા માનવો જ જોઈએ. જેમ વસ્ત્ર ભોગ્ય વસ્તુ છે તો ભોક્તા આપણે એને સ્વચ્છ સુંદર રાખી એના પર મોહીએ છીએ એમ શરીરને પણ

આપણે સ્વચ્છ સુંદર રાખી એના પર મોહીએ છીએ મોહનાર શરીરનો માલિક આત્મા છે. એટલું જ નહિ, પણ

ઈંદ્રિય-ગાત્ર-વાણી-મનનો પ્રવર્તક-નિવર્તક કોણ ?:-

શરીર અંગોપાગ ઈન્દ્રિયો વાણી અને મન બધાને ધારી પ્રવૃત્તિ કરાવનાર આત્મા છે. વળી ઈચ્છા બદલતાં એને ફેરવી બીજે પ્રવૃત્તિ કરાવનાર પણ એ જ છે; તેમ ઈચ્છા થઈ તો સદંતર પ્રવૃત્તિને અટકાવનાર પણ એ જ છે. 'વાણિયા ! વાણિયા ! ફેરવી તોળ' અર્થાત્ બોલેલું બદલી નાખી બીજી રીતે બોલવાનું કોણ કહે છે ? વાણી પોતે નહિ, પણ આત્મા જ. અરે ! એક જાતના વિચાર ચાલતા હતા ત્યાં 'ના ના, આ શા માટે વિચારું છું ? હમણાં પેલાનો વિચાર કરવા દે,' આવું કોણ ધારે છે ? મન પોતે નહિ કેમકે જેમ બોલવાનું સાધન વાણી, એમ વિચારવાનું સાધન મન છે એને વાપરનાર જુદો આત્મા છે, એ પોતાની ઈચ્છા પ્રમાણે મનને એક રીતે વિચારતું અટકાવી બીજી રીતે વિચારવા વાપરે છે.

સ્વાત્માનું વર્ચસ્વ સમજવા પર લાભ :-

એટલે આ આવ્યું કે કાયા-ગાત્ર-ઈન્દ્રિયો-વાણી અને મન સુદ્ધાં ઉપર વર્ચસ્વ ધરાવનાર આત્મા છે. આપણે આપણું વર્ચસ્વ સમજતા નથી, વર્ચસ્વ ધરાવનાર તરીકે આપણા આત્માને ઓળખતા નથી, તેથી જ ઈન્દ્રિયોની ખોટી પ્રવૃત્તિ, વાણીનો ખોટો વિલાસ, અને મનની ખોટી વિચારણામાં તણાઈએ છીએ. આપણને જો એ ખ્યાલ હોય કે, 'હું આત્મા તો આ બધાનો માલિક છું,' ને ઈચ્છા મુજબ એ બધાને પ્રવર્તાવી શકું છું તો શા માટે ખોટું પ્રવર્તવા દઈએ ? કહી દઈએ કે 'આંખ ! વાણી ! મન ! બેસો આમ નહિ પ્રવર્તાય. ચાલો, ખોટું મૂકી આ સારામાં પ્રવર્તો. આંખ ! ચાલ જા ભગવાનના મુખ પર; જીભ ! ચાલ આવા સત્ય અને મધુર તથા પ્રભુ-ગુણગાનના શબ્દ બોલ, મન ! ચાલ ખોટા વિચાર મૂકી નવકારના પદનો વિચાર કર.'

આમ સારો વર્તાવ, સારી વાણી, સારા વિચાર આપણા ધાર્યા પ્રમાણે શક્ય છે, પરંતુ આવો પાકો ખ્યાલ હોય કે, 'હું આ શરીરમાં રહેલો આ બધા ઉપર વર્ચસ્વ ધરાવનાર આત્મારામ સોવરેન રાજા છું,' તો જ એ શક્ય છે. માટે આત્માની પાકી શ્રદ્ધા કરી, મહા ભાગ્યવંતી બેન ! એને આ કાયા-માયાની અસત્ પ્રવૃત્તિમાંથી બચાવી લે અને વારંવારના જનમ-મરણના ફાંસલામાંથી એને ઉગારી લે.

ગંગસેનાનો આત્મવિચાર :-

સાધ્વીજીનો આ સમજુતિ ઉપર ગંગસેના રાજપુત્રી ઊંડા વિચારમાં ઊતરી ગઈ. એના મનને હવે ચોકક્સ લાગી ગયું કે પોતાનો આત્મા કાયાથી એક જુદી વ્યક્તિ છે, અને એ જ જૂની જૂની કાયા મૂકી નવી નવી કાયામાં પૂરાતો આવ્યો છે. એટલે જ ભૂતકાળની વાઘ-વરુ-કૂતરા-બિલાડા જેવી કાયાએ ક્રૂરતા, મિજાસ, ઈર્ષ્યા, ને માયાકપટ વગેરે કરી કરી એના સંસ્કાર લઈને અહીં આ કાયામાં આવ્યો છે, તેથી જ અહીં એ બધા દુર્ગુણ સહજ ઊઠે છે, ને સારા ફાલેફૂલે છે. પાછું અહીંથી, મરી નવા જનમમાં જવું પડશે, ત્યાં આ જ વારસા લઈને ગયે, જનમ પણ કેવો હલકો પશુનો ? ને એમાં આ દુર્ગુણો પણ કેવો ફાલવા ફૂલવાના ? તો શું મારા આત્માએ આમ જ હજી પણ નવી નવી કાયામાં ભટક્યા કરવાનું ? પાછું વળી ગુરુણીએ ઈન્દ્રિયો-વાણી-મન ઉપર આત્માનું વર્ચસ્વ બતાવ્યું એ તો હું અજમાવી શકું. તો પછી જનમ-મરણની વેઠ કેમ નભાવવી ?

રાજપુત્રી આત્માની શ્રદ્ધાવાળી બની જનમ-મરણની વેઠ ઉપર ચોંકી ઊઠી, એથી છૂટવા ઈચ્છે છે. ગુરુણીને એ કહે, "ભગવતી ! તો પછી આ જનમ-મરણની જંજાળમાંથી કેમ છૂટાય ?"

મોક્ષનો ઉપાય :-

ચંદ્રયશા સાધ્વીજી કહે, "બેન ! એ માટે તો જીવન, પહેલું તો, સર્વ પાપથી મુક્ત કરવું જોઈએ. પ્રતિજ્ઞાપૂર્વક સમસ્ત હિંસાદિ દુષ્કૃત્યોનો ત્યાગ કરી, ચારિત્ર જીવન સ્વીકારી લઈ પછી એમાં સંયમ-તપ-સ્વાધ્યાય-ધ્યાન વગેરે પવિત્ર પ્રવૃત્તિઓમાં જ રક્ત રહેવું પડે. એથી જરૂર આત્માનો મોક્ષ થાય; એને જરૂર જન્મ-મરણથી છૂટકારો મળે."

ગંગસેનાને એ વાત મનમાં જચી ગઈ. ગુરુણીનો ભારે ઉપકાર માનતાં એણે કહ્યું 'ગુરુણી સાહેબ ! આપે તો આજે દિવ્ય પ્રકાશ આપ્યો. અનંત અનંત કાળથી દેવાઈ ગયેલી મારી આંખ ખોલી નાખી હવે આના પર હું વિચાર કરીશ. આપનો ફરી ફરી ઉપકાર માનું છું. આપે તો આત્માનું વર્ચસ્વ ઓળખાવી વાસના-વિકારો પર અંકુશ મૂકી દેવાની મહાન ચાવી બતાવી દીધી. આત્માનું અથાગ બળ સૂઝાડી દીધું.'

બસ, ગંગસેના સાધ્વીજીને પગે પડી રાજમહેલમાં પાછી ફરી. ભારે વૈરાગ્યથી એનું મન સંસાર પરથી ઊઠી ગયું છે, તેથી હવે એ પોતાના માતાપિતાને પગે પડીને કહે છે, મને હવે સંસારમાં જરાય રસ નથી.' એમ કહીને પોતાને સાધ્વીજી

સાથે થયેલો વાર્તાલાપ અને સાધ્વીજીએ આપેલ આત્મતત્ત્વની સમજ બધી કહી બતાવે છે.

ઘરે માગણી :-

રાજપુત્રી કહે છે, 'બા ! બાપુજી ! મારો મહાન ભાગ્યોદય કે આપના ઘરમાં જન્મીને મને આજે આ ગુરુણીનો યોગ અને તત્ત્વનો પ્રકાશ મળ્યો ! હવે મારે આ સંસાર જોઈતો નથી, મારે ચારિત્ર લેવું છે. તેથી મારા પર કૃપા કરી મને રજા આપો !

રાજા-રાણી કહે છે, 'બેન ! તું રાજાશાહી સુખમાં ઊછરી છે, અને સાધ્વીજીવન કપરું છે, તો પૂરો વિચાર કરજે. અમારે તો આમે ય તને પારકે ઘેર જ વરાવવાની છે. તેથી તારામાં અમને કશો સ્વાર્થ નથી. અમારે તો તું પરણીને ક્યાંક જાય, કે ચારિત્ર લઈને ગુરુણી મહારાજ સાથે જાય, સરખું છે. પરંતુ ત્યાગી જીવનનાં કઠોર વ્રતપાલનનો તારે વિચાર કરવાનો છે કે પાળી શકે કે કેમ ?'

ગંગસેના કહે, 'એમાં વિચાર શો કરવાનો રહે છે ? જીવને આ તો એક જીવનના મામૂલી કષ્ટની વાત છે. પરંતુ પૂર્વના અનેકાનેક જીવનોમાં જીવે કયાં જાલિમ ત્રાસ-કષ્ટ-પીડા નથી જોયાં ? અને અહીં વળી સુંવાળાશ કરી તો આગળ પર કેવા ય ત્રાસ-કષ્ટ-રિબામણ આવે ? એ બધાની અપેક્ષાએ અહીં શું ભારે સહવાનું છે ? માટે મારો તો પાકો નિર્ધાર છે કે ત્યાગમાર્ગે જવું. હવે મહેરબાની કરી મને ચારિત્ર અપાવી દો.

જંગલમાં આંખ ખૂલ્યા પછી પણ જો નગરનો માર્ગ ન લેવો હોય અને જંગલમાં ભટકતાં રહેવું હોય તો આંખ ખૂલ્યાનો શો અર્થ રહે ?

હવે મને સ્પષ્ટ ભાસી રહ્યું છે કે રાજાશાહી સુખો એ સુખો જ નથી; એ તો ખરજવાની ખણજને ચળવા જેવું છે. ભારે તરસ લાગ્યે દરિયાના પાણી પીવા મળે એમાં સુખ શું ? ઊલટું તરસ વધે. એમ રાજાશાહી સુખોના ભોગવટા પણ જીવની તૃષ્ણા વધારનારા છે. માટે મારે હવે એનાથી સર્યું."

ગંગસેના રાજકુમારીના એકેક બોલ તમારે વિચારવા જેવા છે. સંસારમાં કયું સુખ એવું છે કે જે ભોગવીને (૧) જીવને કાયમી શાંતિ મળતી હોય ? ને (૨) તૃષ્ણા મરી જતી હોય ?

દરિયાનું પાણી પીને જો તરસ મટે, તો આ જગતના સુખ ભોગવીને તૃષ્ણા હંમેશ માટે મટે.

પણ બને નહિ એ. એક કેરીના સુખમાં એ અનુભવો છો ને ? આગલે દિવસે પેટ ભરીને કેરીના ટૂકડા ખાધા કે રસ પીધો હતો, પણ બીજે દિવસે જીવને પાછી એની એ જ કેરીની ઝંખના ! અરે ! ઠેઠ આદ્રા નક્ષત્ર આવ્યું, કેરીની ઋતુ

ઊતરી ગઈ, છતાં જીવની કેરીની તૃષ્ણા ક્યાં ઊતરી જાય છે ?

ફેન્સી કપડાં વસાવ્યાં, પહેરી બની ઠનીને ફર્યા, લોકે વખાણ્યા એટલે ખુશી ખુશી થઈ ગયા. પણ પછી બીજે દિવસે કે બીજે ટાણે એ પહેરવાની તૃષ્ણા નહિ ? ખરી, જ, પાછું એનું એ જ પહેરી બની ઠનીને ફરવાનું મન. તૃષ્ણા ક્યાં મટી ?

લગ્ન કર્યા, એક દિવસ પેટ ભરીને સંસાર સુખ ભોગ્યા. એ વખતે તો જાણે તૃપ્ત થઈ ગયા લાગ્યું. પણ પછી બીજે દિવસે વાસના નહિ ? ખરી જ ફરી વેઠ, ફરી વિટંબણા; ફરી વેઠ, ફરી વિટંબણા...આવું કેટલા દિવસ કર્યા પછી વાસના બંધ ? કહો, હજારો દિવસ કર્યા પછી પણ નહિ. બાવીસે પરણ્યા તે બહોતેરમે વરસે પહોંચ્યા તો ય વાસના શાંત નહિ, બંધ નહિ ! સમુદ્રના પાણીએ તૃષા શે મીટે ?

તૃષ્ણા કેમ મીટે ? ત્યાગમાર્ગથી :-

તો મિટાવવાનો રસ્તો છે ? હા છે, ત્યાગમાર્ગે જાઓ તો તૃષ્ણા ધીમે ધીમે ભૂંસાતી જાય. દા.ત. મન મારીને કેરીનો ત્યાગ એક વરસ માટે કરો, સમજ પૂર્વક ત્યાગ કર્યો હશે, તો મનના ઉકળાટ કેરીના ઉમળકા શાંત થતા જશે. વળી બીજી સાલ ત્યાગ કરો એટલે વધુ શાંતિનો અનુભવ બતાવશે, એ કહેશે કે ત્યાગ નહોતો ત્યારે તો હું કેરી પાછળ પાગલ હતો. કેરીગાળામાં કેરી વિના રોટલી ન ભાવે. કેરીના ટૂકડા કે રસ મોંમા જતાં પાણી પાણી છૂટે. એટલી બધી કેરીની લંપટતા છતાં ત્યાગ પછી આજે આ અનુભવ છે કે કેરી દેખી મોંમા કશું પાણી છૂટતું નથી. કેરી ખાવાની ઈચ્છા સરખી થતી નથી. આ સ્થિતિ બ્રહ્મચર્યાદિના અભ્યાસમાં પણ છે. આ સૂચવે છે કે

તૃષ્ણાની શાંતિ ત્યાગથી થાય છે, ભોગથી નહિ,
ભોગથી તો ભોગવેલા વિષયની આસક્તિ સંસ્કારનો આંતરિક રોગ વધે છે.

પ્રતિજ્ઞાબદ્ધ ત્યાગથી આસક્તિ-અવિરતિ કપાય :-

ભોગથી સંસ્કારરોગ વધે છે માટે આજે એક બીડી પીનાર પછીથી બે પીએ છે. એમ કરતાં સંસ્કાર વધતા રહેવાથી દિવસની ૨૦-૩૦-૪૦ સુધી પહોંચી જાય છે. એમાં ય આગળ એની ગૃદ્ધિ આસક્તિ તીવ્ર બને છે. કારણ ? ભોગવટાથી એની લાલસાના સંસ્કાર વધ્યા.

જીવનમાં શાંતિ ચાહો છો ? તો વિષય-વિષયમાં ત્યાગ અપનાવો. ભલે નાનેથી શરૂ કરો. ત્યાગ પણ પ્રતિજ્ઞા પૂર્વક કરતા ચાલો. જેથી મન ખરેખર એની લાલસાથી મુક્ત થાય. અને જોજો ત્યાગની પ્રતિજ્ઞાનો ચમત્કારિક લાભ અનુભવમાં આવશે. ત્યાગ રખાવા છતાં જો પ્રતિજ્ઞા નહિ લેવાતી હોય તો અંદરમાં પૂછજો, 'કેમ પ્રતિજ્ઞા નથી લેતો ?' જવાબ આ જ મળશે કે 'પ્રતિજ્ઞાથી તો બંધનમાં આવી

પડીએ. પછી કયારેક સેવવું હોય તો સેવાય નહિ. આનો અર્થ શો ? આ જ કે હાલ ત્યાગ છતાં એની આસક્તિ અંદરખાને બેઠી છે. 'આજે ઉપવાસ કરવો છે, પણ પચ્ચક્ખાણ નહિ લઉં,' એવું જો કર્યું તો સમજવું કે અંદરખાને છૂપી ખાવાની આસક્તિ બેઠી છે. પ્રતિજ્ઞાબદ્ધ ત્યાગ હોય તો જ મનમાંથી છૂપી આસક્તિ ઊડે, આસક્તિ કપાય.

આમ પ્રતિજ્ઞાબદ્ધ ત્યાગથી જ આસક્તિ-તૃષ્ણા-લાલસા કપાતી આવે, ને મન પરમ શાંતિ અનુભવતું જાય. ત્યાગથી તૃષ્ણા મટે, ભોગથી નહિ. જીવનના સરવાળે આસક્તિઓ કાપીને જવું હોય તો વિષય-વિષયના ત્યાગ કરતા ચાલો. લાંબા સમયના નહિ, તો ટૂંકા સમયના; ઘર અંગે નહિ, તો બહાર અંગે; અથવા બહાર અંગે નહિ તો ઘર અંગે.

દા.ત. સવારે ઊઠીને નિયમ કરાય કે 'આજે મારે મીઠાઈ ત્યાગ;' આજે ભાણામાંથી એક ચીજ કાઢી નાખી એનો ત્યાગ રાખવો;' ગુસ્સાનો સ્વભાવ છે, તો નિયમ થાય કે, 'આજે પાંચ વાર ગુસ્સો રોકવો.' યા 'આજે ગુસ્સો થાય તો ૧૨ નવકાર ગણી લેવા.' આ ટૂંકા સમયના ત્યાગ કહેવાય.

એમ, 'મારે બહારની મીઠાઈ ત્યાગ.' બહાર મારે હોટલની ચાહ નહિ પીવી;' બહાર રાત્રે ન ખાવું,' આ બહાર અંગે ત્યાગ થયો. એમ 'મારે ઘરમાં કાચુ પાણી ન પીવું; ઘરમાં રોફ નહિ મારવો,' 'ઘરમાં કલાકે એક નવકાર અવશ્ય ગણવો'...આ ઘર અંગે નિયમ થયા. એમ પોતાને જે જે દોષ નડતા હોય એના ત્યાગના ભલે સહેલા અને ટૂંક સમયના પણ નિયમથી અભ્યાસ થાય.

વિષયરાગનાં ભયંકર ઝેર ઉતારવાનું કામ આવા આવા ત્યાગના પ્રયોગથી થઈ શકે. બાકી કોઈ નિયમ નથી, ત્યાગ નથી રાખવો, તો વિષયોની આસક્તિ અને વિષયોના ભોગવટાની અમર્યાદિત પૂરી છૂટના લીધે પુષ્ટ જ થવાની છે.

ગંગસેના માબાપને કહી રહી છે કે, 'આપ જે રાજાશાહી વિષયોમાં, સુખ કહો છો, એ તો વિષયરાગને ભારે પોષી જીવને મહાદુઃખોનો શિકાર બનાવનારા છે મારે એ ન જોઈએ. આપ મને ચારિત્ર માર્ગે વળાવો. આપનો મહાઉપકાર માનીશ.'

ગંગસેનાની ભવ્ય દીક્ષા :-

રાજા ગંગદત્ત અને ગંગારાણીએ જોયું કે, 'દીકરીને વૈરાગ્યનો રંગ પાકો લાગ્યો છે, ને તેય તત્ત્વની સમજપૂર્વકનો લાગ્યો છે,' એટલે એમણે ધામધૂમથી સાધ્વીજી શ્રી ચંદ્રયશાશ્રીજી પાસે એને દીક્ષા અપાવવાનું કર્યું. પુત્રીનો લગ્નોત્સવ કરે તો ક્યાં ખર્ચ નથી લાગતો ? તો આ તો આત્મકલ્યાણના માર્ગે જઈ રહી છે, એમાં વળી જ્યારે લગ્નોત્સવનો ખરચ પાપ-ખર્ચરૂપી હોય છે, ત્યારે આ તો

આત્મકલ્યાણના ઉત્સવ નિમિત્તનો ખરચ એટલે તો ધર્મખર્ચ કહેવાય, પુણ્યનું કાર્ય કહેવાય. જેથી ખરચેલા પૈસા લેખે લાગે છે; પછી રાજા આ દીક્ષાના ઉત્સવ ખર્ચમાં શું કામ બાકી રાખે ? તેથી ગંગસેના પાસે ભારે દાન દેવરાવ્યું, તેમજ શ્રી જિનમંદિરોમાં મોટા અઠ્ઠાઈ મહોત્સવ મંડાવ્યા. પછી લશ્કરી સરંજામ સાથે દીક્ષાનો ભવ્ય વરઘોડો કાઢ્યો. એ બધાથી જૈનશાસનની મહાન પ્રભાવના થઈ. આવા મોટા વૈભવ છોડી રાજકુમારી દીક્ષા લે છે એ વસ્તુએ ઘણાનાં હૈયાં હચમચાવી નાખ્યાં. બાદ પ્રેક્ષકોનાં હૃદય અને નયન ભીનાં થઈ ગયાં.

જૈનશાસનનો ચારિત્રદીક્ષા-પ્રસંગ જૈનતરોને પણ ગજબનો લાગે છે. એમાં વળી રાજાશાહી સુખ-વૈભવ છોડીને ચારિત્ર લેવાનું લોક જુએ એટલે તો હૈયે ચમકારો જ પામી જાય. ત્યારે શાસનની કેવી બલિહારી ! આવું અલૌકિક શાસન આપણા હાથમાં આવ્યા પછી આપણને એની કદર કેટલી ? મોટા ચક્રવર્તીઓને એની કદર ?

શાસન કિંમતી ? કે છ ખંડ કિંમતી ?

(૧) મૃત્યુ વખતે છ ખંડની ઠકરાઈ શાન્તિ સમાધિ ન આપી શકે; શાસન, શાસનનો ચારિત્રમાર્ગ આ આપી શકે. (૨) 'દિલમાં મારા છ ખંડ' એવી મમતા પાપક્ષય અને પુણ્ય ન આપે પણ દિલમાં મારું ચારિત્ર, મારું સંયમ' એ મમત્વ અઢળક કર્મક્ષય સાથે ભારે પુણ્યનો લાભ આપે. (૩) મોટા સામ્રાજ્યની મમતા પર દિલમાં કષાયનો ઉપશમ ન થાય, ચારિત્રની મમતા પર એ ઉપશમ થાય. ચક્રવર્તીઓએ શાસનની આ કિંમત આંકીને જોયું કે,

ચક્રવર્તીની ભાવના :-

'વાહ કેવું ઉત્તમોત્તમ જિનશાસન, કે એ ચારિત્ર આપી એ જીવન જીવતાં કષાયોનો ઉપશમ, જડ પુદ્ગલ સામે સ્વાતંત્ર્ય, ચારિત્ર-સંયમની મમતાથી અઢળક પાપક્ષય અને પુણ્યોપાર્જન, અંતે શાન્તિ-સમાધિ તથા પરભવે ને મહાન સદ્ગતિ અપાવે. ત્યારે ચક્રવર્તીપણું હૈયે વસેલું હોયે કષાયોનો ઉકળાટ આવે, પુદ્ગલની ગુલામી અનુભવાવે, મહાઆરંભ-મહાપરિગ્રહની બુદ્ધિ દ્વારા નરકનાં પાપ ઉપાર્જાવે, પૂર્વ પાપનોક્ષય તથા નવીન પુણ્યની કમાઈ થવાની તો વાતે ય શી ? અંતકાળે હૈયે ચક્રવર્તીપણું છતે અશાંતિ-સમાધિનો પાર નહિ, ને પરભવે નરક જેવી ભયંકર દુર્ગતિમાં પ્રયાણ મળે. ત્યારે આની સામે જિન-શાસન અને એના ચારિત્રમાર્ગની કેટલી બધી ઉત્તમોત્તમતા ! આવું ઉત્તમોત્તમ શાસન મળ્યા પછી શું હું આ ગોઝારા ચક્રવર્તીપણાને વળગી રહું ? મારે અનંત કલ્યાણકર શાસન જ ખપે, શાસનનો ત્યાગમાર્ગ સંયમમાર્ગ જ ખપે.'

મોટા ચક્રવર્તીઓએ શાસનની આ કદર કરી ચારિત્રજીવન અપનાવ્યાં, અને

કોઈ સ્વર્ગે, તો કોઈ મોક્ષે ચાલી ગયા. ત્યારે ચક્રવર્તીપણાની કદર કરી એને વળગી રહેનારા મરી મરીને નરકમાં ચાલ્યા ગયા.

શાસનની કદર કરી તો ફળ કેવા ? ને કદર ન કરી તો ફળ કેવાં ?

આ ધ્યાન પર લો તો જે શાસન પામવામાં આજની દુનિયાના ૨૯૯૧ા ક્રોડ મનુષ્યો બાદ છે, અને માત્ર ૦ાા ક્રોડ પૈકી તમે જે આ શાસન પામવા મહાન ભાગ્યશાળી બન્યા છો, એ શાસનની કદર થાય. એ કદર કરવા પર આ વિચાર આવે કે મોટમોટા ચક્રવર્તીએ શાસન પામ્યાની કદર કરી સર્વત્યાગ આદર્યા, તો હું શાસનની કદર કરીને થોડા પણ ત્યાગને સંયમને આરાધનાને ન આદરું ?

શું ચક્રવર્તીઓ મૂર્ખા હતા તે કલ્પનામાં ન આવે એવા વૈભવ છોડ્યા, મહાન સત્તા-ઠકરાઈ છોડી, અથાગ વિષયવિલાસ છોડ્યા ? ના, ઉત્તમોત્તમ જિનશાસનની કદરદાન મહાબુદ્ધિ હતી, માટે સર્વસ્વત્યાગ કર્યા. તો મને તે એવું શું મળ્યું છે કે મારે થોડો પણ ત્યાગ ખપતો નથી, ને એ ઠીકરે ઠીકરું ચાટવા જોઈએ છે ? ઉત્તમોત્તમ શાસન મળવા છતાં કેવી એની બેકદર ! બુદ્ધિનું કેવું દેવાળું ! કેવી મહામૂર્ખતા !

શું ઠીકરે ઠીકરું ચાટવાને બદલે થોડા ઠીકરા ચાટવાના મુકી દો, અર્થાત્ થોડો ત્યાગ કરો તો શું દૂબળા પડી જાઓ ? બધું ચાટો તો જ શરીરબળ ટકી રહે ? તો જ આયુષ્ય પુરૂ જીવાય ? ને નહિતર થોડા ત્યાગથી વહેલું મોત આવે ? કશું જ નહિ, ઊલટું, બધું ચાટવા બેઠેલા દૂબળા પડ્યા છે. જુઓ જુઓ જઈને આજના દવાખાના અને હોસ્પિટલો, તપાસ કરો એમાં કોની ભરતી મોટી છે ? થોડો પણ ત્યાગ કરનારની ? કે સર્વભોગીની ?

જીવનમાં કશો ત્યાગ નહિ, ને ઠીકરે-ઠીકરાંનો માલ ચાટવો એ ભિખારડા વેડા છે.

આજે પાંચતિથિ પાળવી કઠણ બની ગઈ છે. મોટા શ્રીમંતને પણ ૨૫ દિવસ તો ઠીકરાં ચાટવા મળ્યાં, પરંતુ કેમ જાણે પાંચ દિવસ ચાટવાના રહી જાય તો ? એવું ભૂખારવાપણું ! ત્યારે મધ્યમ કે સામાન્ય સુખીને ય એ ત્યાગ નહિ, પણ ઉપરથી અભખરામાં શોષાવાનું કે, 'હાય ! આપણે કમભાગી આપણને સારું સારું મળ્યું નહિ !' શું સારું સારું ? ખરેખર તો ચક્રવર્તીને મળેલ કરતાં ઠીકરાં ! જ્યાં આ ન મળ્યામાં ય સૂકાઈ મરવાનું હોય ત્યાં થોડો પણ સ્વેચ્છાએ ત્યાગ કરવાનું શે આવે ?

શાસન મળ્યાની કદર નથી એટલી ઠીકરાં મળ્યાની કદર છે. એટલે શાસન નથી આરાધી લેવું, ને ઠીકરાં આરાધી લેવાં છે ? રાતના ખાસા છ કલાક ઊંઘવા મળ્યા પછી પણ હવે નિદ્રાનો ત્યાગ કરી સવારે પ્રતિક્રમણ કરવાનું સૂઝતું નથી. કેવો ઠીકરાના માલનો મોહ ! પાંચ વિગઈ પૂરી ઉડાવવા મળે છે છતાં એક

વિગઈનો ય ત્યાગ નથી પાલવતો. 'મારે ઠીકરે ઠીકરાંનો માલ ચાટવા જોઈએ, આ જ ઘેલછા ને ભિખારડાપણું ને ? મોટા ચક્રવર્તીઓ શાસનની કદર કરી ઝવેરાતના માલનો પણ ત્યાગ કરી ગયા, ત્યારે અહીં એવી શાસનની કદર નથી એટલે થોડા પણ ઠીકરાંના કચરાપટ્ટી માલ છોડતા નથી.

ભૂલશો નહિ, તમને મળેલ પૈસા, વિષયો, પત્ની - પુત્રાદિ પરિવાર, ખાનપાન આરામી, માન-સન્માન વગેરે બધું જ ચક્રવર્તીઓને જે મળ્યું હતુ એની આગળ તો ભીખારીના ઠીકરાંના માલ જેવું છે. એ ય હજી તો બધું છોડવાની આ વાત નથી, માત્ર શ્રાવક-પણાના થોડા પણ ત્યાગમય આચાર પાળવાની વાત છે. ચોવીસે કલાક તો ધર્મસાધનાની નહિ, પણ ૨-૪ કલાક પણ ધર્મસાધનાની વાત છે. એનાં પણ ઠેકાણાં કેમ નહિ ? કહો, મોટા ચક્રવર્તીઓએ શાસનની જે કદર કરી, એનાથી અડધી કદર, ચોથા ભાગની, દસમાં વીસમાં ભાગની ય કદર નહિ, તેથી શું કામ ત્યાગમાં સુખ સ્વતંત્રતા માને ?

ગંગસેના સાધ્વી બનેલી, એણે ગુરુણી મળ્યે શાસન સમજી અને એની કદર કરી રાજાશાહી ઠાઠ છોડ્યા. છોડ્યા પછી પણ ચારિત્રજીવનમાં, જગતને એકમાત્ર બંધુભૂત ધર્મમાં જોરદાર મતિ લગાડી દીધી. તે સુકોમળ શરીરે પણ ભારે તપસ્યાઓ કરે છે, ત્યાગ કરે છે, સાધુચર્યાના ભગીરથ કષ્ટ ઉઠાવે છે.

અનુમોદના પછી કંઈ કરવાનું ખરું ?:-

જો જો આ મહાસતી ઋષિદત્તા થવાની છે. તો એની વિશિષ્ટ ગુણિયલતાની ભૂમિકા કેટલે આગળથી રચાય છે ! આપણે, મહાન પુરુષના ઉચ્ચ ગુણ ઉચ્ચ સુકૃત, ઉચ્ચ આત્મ-પરાક્રમની વાત આવે એટલે, કાં તો કોરી અનુમોદના કરી માંડવાળ કરીએ છીએ કે 'વાહ ! ધન્ય જીવન ! આપણું ગજું નહિ;' અથવા ખાલી ભાવના-મનોરથ કરીએ છીએ કે 'આ મારામાં આવે તો સારું,' પરંતુ આગળ કાંઈ કરવાનું ખરું ? કોરી ધાકોર અનુમોદના અને આ જનમના હજારો ? દિવસ વીત્યા, કેમ હજી આત્મામાં એવી તેજી કે ઉજમાળતા નથી દેખાતી ? શું નથી લાગતું કે કાંઈક નક્કર વસ્તુ ખૂટે છે ? આ ખૂટે છે,-

મહાન પુરુષના ઉચ્ચ ગુણ સુકૃત-સાધના-પરાક્રમની નક્કર અનુમોદના આ, કે જેમ એમણે એ ઉચ્ચતાની ભૂમિકા પૂર્વે રચેલી, ત્યારે એ એવી ઉચ્ચતાએ પહોંચ્યા તેમ આપણે ઉચ્ચતાની ભૂમિકા રચીએ.

ગુણની અનુમોદના કરીએ છીએ તે ગુણને સારા પ્રાપ્ત કરવા જેવા માનીને ને ? તો શું દિલ એમ બોલે છે કે એ મારે પ્રાપ્ત કરવા છે ? જો એ પ્રાપ્ત કરવા હોય તો પછી એની દિશામાં કશો પ્રયત્ન જોઈએ કે નહિ ? મહાપુરુષના એવા પ્રયત્ન હતા તો જ એ ગુણસુકૃત-સાધના નાની કક્ષામાંથી ઊંચી કક્ષાના ખીલી

ઊઠ્યા. જગતનો આ સામાન્ય કાયદો કે બાળપોથી-પહેલી-બીજી...ભણતાં ભણતાં આગળ વધો એટલે મેટ્રિક-બી.એ.ની દિશામાં આગળ વધાશે. તો શું આપણે આ કાયદાથી ઉપર છીએ તે બાળપોથી-પહેલી માંડ્યા વિના એક દિવસ સીધા મેટ્રિક-બી.એ. પાસ કરી દઈશું ? ભૂમિકા રચ્યા વિના સીધા ઉચ્ચ કક્ષાએ ?

વીરપ્રભુનો ભવોનો ભૂમિકા યત્ન :-

ભૂલા પડતા નહિ, ખુદ તીર્થંકર ભગવાન પણ પૂર્વ ભવોમાં ગુણોની ભૂમિકા રચીને આગળ વધ્યા છે. શ્રી મહાવીર પ્રભુએ નયસારના ભવમાં મુનિને દાનથી શરૂઆત કરી. દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધા જમાવી. ત્રીજા મરીચિના ભવમાં પ્રભુનાં સમવસરણની અવર્ણનીય શોભા જોઈ વૈરાગ્ય ઝળકાવ્યો. ચારિત્ર લીધું. અલબત્ત પછી ભૂલ્યા એટલે આગળ ઉત્થાનનો કાળ લંબાઈ ગયો ખરો, પરંતુ પૂર્વે ભૂમિકા રચેલી એણે, પેલી ભૂલનું પરિમાર્જન થઈ ગયા પછી. એમને પાછા સોળમાં વિશ્વભૂતિના ભવમાં મહાન સંયમ અને તપની સાધનામાં ચડાવ્યા. ત્યાંય અલબત્ત અંતે નિયાણું કરવાથી ભૂલ્યા, એટલે ઉત્થાન વિલંબે પડ્યું, નરક-તિર્યંચના ભવોમાં ભટક્યા, છતાં એમ એ ભૂલના સંસ્કાર ઠેકાણે પડ્યા પછી, પૂર્વે સાધેલી ભૂમિકાના સંસ્કારે એમને બાવીસમાં ભવે ઊંચી સાધનામાં ચડાવ્યા, ત્રેવીસમાં ચક્રવર્તીભવે ઉચ્ચ ચારિત્રસાધનામાં મૂક્યા. આમ ભૂમિકા વધતી ચાલી, એણે પચીસમાં નંદનમુનિભવે લાખ વરસ ચારિત્રસાધના અને તે પણ માસખમણના પારણે માસખમણની ઉચ્ચ તપસ્યા અપાવી.

'આપણું ગજું નહિ' એ ખોટું :-

તાત્પર્ય, ભૂમિકાની સાધના માંડી, અને એના પર આગળ ને આગળ સાધના વધારતા ગયા, તો આવી ઉચ્ચ સાધનાએ પહોચ્યા. ત્યાં એ ઉચ્ચ સાધનાની આપણે અનુમોદના કરીએ કે 'ધન્ય ચારિત્ર ! ધન્ય તપ !' અને સાથે માંડવાળ કરીએ કે 'આપણું આ ગજું નહિ,' એ કેટલું વાજબી ? અલ્યા ભાઈ ! એમનું ય પહેલાં ગજું ક્યાં હતું ? પરંતુ પહેલાં ભૂમિકામાં સામાન્ય સાધના શરૂ કરેલી, ને એના પર આગળ વિકાસ સાધેલા, તો આ ઉચ્ચ સાધનાએ ચડેલા ને ? તો પછી આપણે અહીં ગજું નહિ કહી માંડવાળ કરીએ અને એમની માફક પૂર્વની ભૂમિકાની સામાન્ય સાધનામાં ય ન લાગીએ, તો શું કોઈ કાળે ય ઉચ્ચ સાધના આવે એમ છે ?

વાત આ છે, કે ઉચ્ચ કોટિના ગુણ, ઉચ્ચ કોટિના સુકૃત, અને ઉચ્ચકોટિની સાધનાના પરાક્રમ આપણને ગમે છે માટે એની અનુમોદના કરતા હોઈએ, તો એ ગમવાની પાછળ એની પ્રાંરભિક ભૂમિકાના સામાન્ય ગુણ-સુકૃત-સાધના પણ ગમવા જોઈએ, અને એ તો આરાધના આપણે શક્ય છે તેથી એની આરાધનામાં લાગવું જોઈએ. આજે નહિ ને કાલે ય એ આરાધનામાં લાગશું તો જ ઊંચે ચડી ઉચ્ચ

ગુણ, ઉચ્ચ સુકૃત ઉચ્ચ સાધના પામી શકવાના છીએ. પણ **જો પ્રારંભિક કક્ષાના ય ગુણ-સુકૃત-સાધનાઓમાં ય લાગવાની પરવા નથી. તો એ ઉચ્ચ ગુણાદિ ગમ્યા શાના ? ને ભવિષ્યમાં ય ઊંચે ચડવાનું ક્યાંથી બનવાનું હતું ?**

બસ, મહાન આત્માઓનાં જીવન વાંચીએ સાંભળીએ એ આ માટે છે કે એમના જીવનમાંથી એમની પૂર્વ ભૂમિકાની માફક ભૂમિકાની પ્રારંભિક સાધનાઓ, પ્રારંભિક ગુણો અને પ્રારંભિક સુકૃતોની પ્રેરણા લઈએ, અને એનો પુરુષાર્થ આદરી દઈએ, કારણ કે એમનું જીવન ચરિત્ર કહે છે કે એમણે પણ પહેલાં એવી ભૂમિકા માંડી હતી, તો જ એ ઊંચે ચડી શક્યા.

ઋષિદત્તાના ભવની ઉચ્ચ શીલ-સહિષ્ણુતા વગેરેની સાધનાની ભૂમિકા પૂર્વે ગંગસેનાના ભવમાં રચાઈ છે. ત્યાં જોયું કે એ સાધ્વી બનીને કડક ચારિત્ર અને ઉગ્ર તપ આરાધે છે સંભવ છે એની પણ ભૂમિકા પૂર્વના ભવમાં સાધી હોય.

પ્ર.- જ્ઞાની ભગંવતે કેમ એ ન બતાવી ?

ઉ.- કારણ આ, કે અહીં ઋષિદત્તાનો પ્રશ્ન આટલો જ હતો કે હું અહીં રાક્ષસી તરીકેનું જે કલંક પામી તે પૂર્વના કયા કર્મથી ?' એના ખુલાસામાં જ્ઞાની ભગવંત પૂર્વના ગંગસેનાના ભવમાં થયેલ ભૂલ બતાવી રહ્યા છે.

ઋષિદત્તાની પૂર્વ ભવની કઈ ભૂલ ?:-

જ્ઞાની ભગંવત કહે છે,- બન્યું એવું કે એ ગુરુણી ચંદ્રયશા સાધ્વી પાસે એક નિઃસંગા નામની તાપસી તપની આરાધના કરવા માટે આવી. મહાન તપની સાધના કરે છે, અને ભગવાન જિનેશ્વરદેવના મંદિરોમાં પ્રભુની સ્તુતિ-ગુણગાન-નમસ્કાર કરે છે. નામ તેવા એનામાં ગુણ છે. નામ 'નિઃસંગા' તો સંસારાના કોઈ સંગ એને મુંઝવતા નથી. સંગરહિત જીવન જીવી નિરાશંસભાવે તપ તપી રહી છે. તપસ્યાની સાથે જિનેશ્વરદેવના સ્તોત્ર-સ્તવન ભણવામાં તત્પર રહે છે. આ તપસ્યા કેવી ? કે એ જોરદાર કરાતી કાયાનો કસ ખેંચી રહી છે. એક જ ગણતરી રાખી છે કે

તપ દ્વારા કાયાનો જેટલો કસ ખેંચાય એટલો આત્મામાં કસ પૂરાય છે; જડ પુદ્‌ગલ ઘસાવાની સામે આત્માનાં ઓજસ, વર્ચસ્વ અને સ્વતંત્રતા વધે છે.

ગંગસેના ભૂલી પડે છે :-

તાપસી સારો તપ તપી રહી છે એની સાધ્વીઓ મુક્ત દિલે પ્રશંસા કરે છે. ત્યારે અહીં ઋષિદત્તાનો જીવ ગંગસેના સાધ્વી ભૂલી પડે છે. એ પણ સંયમ અને તપની સારી આરાધના કરે છે, કિન્તુ તાપસીની આ પ્રશંસા સાંભળીને એને મનમાં ઈર્ષ્યા ઊઠે છે, અસૂયા થઈ આવે છે કે આ વળી શાની આટલી બધી પંકાય ? અને મનમાં આ અસૂયા-અસહિષ્ણુતા-બળતરા ઊઠી એ અંદર ને અંદર શાની છીપી રહે ?

મન સારું રાખીએ તો સારું, નહિતર એ બહુ ખરાબ ચીજ છે. મનમાં એક ખરાબ વિચાર ઘાલ્યો, પછી (૧) એનો વિકાસ થતો જાય છે, એ નાનો પણ ખરાબ વિચાર ફાલીફૂલી મોટો થતો જાય છે. અર્થાત્ વધુ ખરાબ વિચારણા આવવા માંડે છે, અને (૨) બીજી બાજુ એ વાણી અને વર્તાવમાં પણ ઊતરવાનું કરે છે.

ખરાબ વિચારની એ ભયંકરતા; (૧) વધુ ખરાબ વિચારધારા, (૨) ખરાબ વર્તાવ.

(૧) મનની આ ખરાબી બહુ ધ્યાનમાં લેવા જેવી છે. ખરાબ વિચાર, જેવો કે કામ-ક્રોધ-લોભનો વિચાર, ઈર્ષ્યા-અસૂયાનો વિચાર, વિષયના રાગથી વિષયનો વિચાર, ઊઠતો જ દાબો, નહિતર એ દિલમાં પેસી પગ પહોંળા કરશે. દા.ત આજની મોટી ઉંમરની અને સ્કર્ટ પહેરેલી અડધી નગ્ન છોકરીને જો જોઈ સહેજ પણ મનમાં આવ્યું કે 'આના પગ કેવા ભરાવદાર !' તો મુઆ પડ્યા સમજો. શ્રીમંતને જોઈ સહેજ મનમાં આવ્યું કે 'આની પાસે પૈસા બહુ, **ધીખતી આવક** !' તો એ વિચાર પછી મોટા પાપના વિચારમાં મરવાનું થશે. માટે જ એવાં પરસ્ત્રીદર્શન-પરધનદર્શન ખોટાં; તરત એ ખરાબ વિચારને જગાડનારાં. પછી મનમાં કાંઈ જગાનો સવાલ નથી કે કેટલો ખરાબ વિચાર માય ? મન જાણે મહાસાગર, તે એમાં ખરાબ વિચારના મોટા મગરમચ્છ સમાય. તે એક નહિ અનેકાનેક ! એક ખરાબ વિચારના પાપે પછી અનેક પ્રકારના ખરાબ વિચારો સ્ફુરવા માંડે છે.

વાતોચીતો-વિકથા-કૂથલીમાં આ અનુભવ છે ને સામાની વાતો સાંભળી કેટકેટલા રાગ-દ્વેષના ને કષાયના વિચારોનું મનમાં આંદોલન ચાલે છે ? પછી ભલું હોય તો ઊઠીને ગયા પછી ય એ વિચાર મનને પકડી લે છે, મનમાં ખરાબ વિચારધારા ચાલી પડે છે. સિનેમાદર્શન, નોવેલ-નવલિકા-નવલિકાવાંચન પણ આ જ દાવાનળ સળગાવે છે, મનમાં ખરાબ વિચારની મોટી આગો સળગે છે. એમાં અનાદિના સૂતેલા કામરાગ-વિષયરાગના સાપ જાગતા થઈ લાંબા-પહોળા વધે છે.

આવી ખરાબ વિચારોની આગોનું પરિણામ તત્કાળમાં ઘોર તિર્યંચાદિ ગતિનાં પાપકર્મ બંધાય. મન બંધ મોક્ષનું કારણ હોઈ ખરાબ વિચાર પાપકર્મ બંધાવ્યા વિના રહે ? સાથે એના કુસંસ્કાર દ્રઢ થાય છે. એ આગળ જઈને શું કરવાના ? ખરાબ વિચારોની હારમાળા ચલાવવાના; જીવને પાપિષ્ઠ બનાવવાના. અહીં જ જુઓ ને કે આપણને ખરાબ વિચારો કેમ જલ્દી સ્ફુરે છે ? બહારથી ધર્મિષ્ઠ પણ અંદરથી પાપિષ્ઠ કેમ બનાય છે ? કહો, પૂર્વના ઊંધા વેતરણને લીધે. પૂર્વે ખરાબ વિચારો અને ખરાબ કૃત્યો કરી કરી એના કુસંસ્કારોનું મોટું ગોડાઉન મોટી વખાર ભરીને આવ્યા છીએ માટે.

તો શું હજી પણ એ કુસંસ્કારોની વખારમાં વધારો કરતા રહેવું છે ? હજી

ય પાછા નથી ફરવું ? પાછા ફરવું હોય તો ખરાબ વિચારોને બંધ કરો. એમ પૂછતા નહિ કે,

પ્ર.- પૂર્વના થોકબંધ કુસંસ્કાર હોય એટલે ખરાબ વિચાર તો આવે જ ને ?

ઉ.- ના, શાસ્ત્રવાણી-જિનવચનોના આલંબને એને અટકાવીને સારા વિચારો લાવી શકાય છે, શાસન-સ્થાપનાનો મર્મ આ છે કે એ વિચારશુદ્ધિ કરે.

પ્રભુએ શાસન સ્થાપ્યું તે આટલા જ માટે કે એનું આલંબન જાગતું રાખી ખરાબ વિચારો અટકાવી સારા વિચાર કરી શકાય.

શાસ્ત્રોમાં આપેલ તત્ત્વની સમજ, તત્ત્વોનો વિસ્તાર, અને શાસ્ત્રે કરેલ મહાપુરુષોનાં જીવનના વર્ણન આપણે મન પર લઈએ એટલે એની વિચારસરણી ચલાવી શકીએ. એ પાછી વારંવાર કરી શકીએ. એમ સારા ને સારા જ વિચારોમાં રમતા રહીએ એટલે ખરાબ વિચારો મુઆ પડ્યા છે. બાકી જો એ કરવું નથી તો તો સમજી રાખો કે એક પણ ખરાબ વિચાર મનમાં ઘાલ્યો કે એના પર એની ઉગ્રતા વધતી જશે, વધુ ઉગ્ર ખરાબ વિચાર ખડા થતા જશે. એની વળી કુટેવ-આદત પડી છે. તેથી હાલતાં ને ચાલતાં ખરાબ વિચારો કરતા જ રહેવાય જાય છે. તે ઠેઠ જીવનમાં અંત સુધી કેડો જ ન મૂકે. ખરાબ વિચારની આ એક ભયંકરતા.

(૨) ખરાબ વિચારની બીજી ભયંકરતા આ છે, કે

મનમાં પહેલો ખરાબ વિચાર વાણી અને વર્તાવમાં ઊતરે છે. કહેવાય છે ને કે **હૈયે તેવું હોઠે** ? હૈયામાં-મનમાં ખરાબ વિચાર ચાલતા હોય એ હોઠ પર યાને વાણીમાં-શબ્દમાં ઊતરે છે. એવા અસત્ બોલ, પાપવાણી, કષાયભર્યા ને વિષયા-સક્તિભર્યા શબ્દ બોલાવા માંડે છે. દા.ત. કોઈની મજાક-મશ્કરીનો વિચાર મનમાં સ્ફુર્યો, પછી મજાક-મશ્કરીનો શબ્દ મોંમાથી નીકળી પડે છે. હૈયે તેવું હોઠે એનું ફળ જાણો છો ! એવા મજાક-મશ્કરીના અને બીજાના દિલ તોડી નાખનારા બીજાનું હૈયુ ભાંગી નાખનારા વારંવારના વિચાર અને બોલ ઉપર પરમાધામી બનવા સુધીના પાપ ઊભાં થાય છે. ક્રૂર-ઘાતકી-નિર્દય મ્લેચ્છ બનવાનાં પાપ ઊભા થાય છે. મશ્કરીનો ખરાબ વિચાર મનમાં ઘાલી શો સાર કાઢ્યો ? પછી,

'હસતાં તે બાંધ્યા કર્મ, નવિ ઓળખ્યો જિનધર્મ,
રોતાં ન છૂટે પ્રાણિયાજી.'

ખરાબ વિચારનો વાણી પર પડઘો ખોટો પડે છે. આજના મોટા છોકરા છોકરીઓ છાપાં-સિનેમા-નોવેલો તથા પરસ્પરની વાતો પરથી મનમાં એવા ખરાબ વિચારોને રમતા કરી દે છે, એટલે પછી જુઓ કે એ સરખે સરખા મળ્યા, કેવા બોલ બોલે છે, કેવી નાગી વાતો કરે છે. એ બિચારાઓ પાસે પછી સારી વાતો કરવાને મસાલો જ નથી. જેને મનમાં વિચાર જ વિલાસના ચાલતા હોય એ

વાણીથી બીજું શું બોલવાના હતા ? માનવ મન માનવ બુદ્ધિ અને માનવ જીભનો આ કેવો અને કેટકેટલો ગોઝારો ઉપયોગ ? એ પછી કેટલા ભવો સુધી ભયંકર પીડવાનો એનો કશો વિચાર ખરો ? કશી અફસોસી-અરેરાટી ખરી ? જે આ ઉત્તમ ભવ મન-વાણી-વર્તાવને ઉચ્ચ ઉમદા શુભ ભાવ ભર્યા બનાવવા માટે મળ્યો, એવા આ ભવથી જ મન-વચન-કાયાને મલિન ક્ષુદ્ર-અધમ ભાવથી રંગાયેલા કરવાના ?

જીવને પૂછો,-'તું શેની ખાતર આ મેલા-ગંદા-અપવિત્ર ભાવ તારા જ મહા કિંમતી મન-વચન-કાયામાં ઘાલી રહ્યો છે ? જેની ખાતર આ બગાડો પોષી રહ્યો છે, એ માન-પાન, પૈસા-પરિવાર-પ્રતિષ્ઠા કેટલા ટકવાના ? ક્યાં એ બધો સરંજામ ગયા ભવમાંથી લઈ આવ્યો હતો ? તેમ ક્યાં એ અહીંથી આગળ સાથે લઈ જઈ શકવાનો છે ? ત્યારે આ અધમ-ક્ષુદ્ર-મલિનભાવો તો જડબેસલાક આત્મામાં સીલપેક થઈ દીર્ઘાતિદીર્ઘ કાળ સુધી સાથે ચાલશે. આ લપ તો અનંતીવાર કરી, થાક એનાથી ને હવે મેલ એ લપ. જગતનું કશું તારું નથી. શા સારું એની ખાતર તારાજ મનનાં ભાવ બગાડે ?' આમ વારંવાર જીવને સમજાવતા રહેવાની જરૂર છે.

મહાન વિરાગી સંયમી તપસ્વી સાધ્વી ગંગસેના ભૂલી પડી 'મારી નહિ એટલી બધી આ તાપસીની કેમ પ્રશંસા થાય ?' અથવા 'મને ભલે માન મળતું હોય, પણ આ અમારાથી ઊતરતી તાપસીને માન શાનું મળવું જોઈએ ?' એવી ઈર્ષ્યાથી મન બગડે કે સુધરે ? ઈર્ષ્યાનો ભાવ કષાયના ઘરનો ? કે ઉપશમના ઘરનો ? બીજાના ગુણાનુસારના ઘરનો ? કે એના પ્રત્યે દ્વેષના ઘરનો ? ઈર્ષ્યા એ ભાવ સારો કહેવાય જ નહિ; એનાથી મન સારું ન થાય પણ બગડે. પરંતુ ગંગસેનાને આ ક્યાં જોવું છે કે હું લેવા-દેવા વિના મારા હાથે જ મારું જ મન બગાડી રહી છું ? તાપસીની પ્રશંસા કરનારા તો કરવાના જ છે, હું શું કામ બળું ? ના, આ કશું જોવું નથી.

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૨૧,અંક-૪૨,તા.૨૧-૭-૧૯૭૩

ઈર્ષ્યાથી બગડેલા મનવાળી ગંગસેના સાધ્વી એક વાર જુએ છે, બીજી વાર જુએ છે, ત્રીજી વાર જુએ છે કે તાપસીની પ્રશંસા ચાલ્યા કરે છે; તેથી હવે એ બગડેલું મન જંપ્યું નહિ. મનને થયું કે આનું એવું કાંઈક કરું કે બીજાઓ એની પ્રશંસા કરતાં એકદમ જ બંધ થઈ જાય. થયું, મનમાંની ઈર્ષ્યા હવે વાણીમાં ઊતરે છે.

ગંગસેના આળ ચડાવે છે :-

તાપસીના ગુણ ગાતી સાધ્વીઓને ગંગસેના કહે, 'અરે ! તમે આની પ્રશંસા શું કરો ? આને તમે ઓળખતા નથી. આ તો દંભી તાપસી દહાડે તપસ્વિની અને રાતે

મડદાનું માંસ ખાનારી રાક્ષસી છે.'

અહીં આચાર્ય મહારાજ ઋષિદત્તાને કહે છે,-

હે વત્સા ! તે આ અસત્ આરોપ ચડાવવાથી નાનો સુનો કર્મબંધ નહિ, પણ મોટો કર્મબંધ ઉપાર્જ્યો. આ કર્મબંધ એવો ભારે હતો કે તારા ઉપશમભાવને નષ્ટ કરી નાખે.

સુંદર ચારિત્રના પાલનમાં તો ગંગસેનાને ઉપશમની મહાન કમાણી થઈ હતી. છતાં ભયંકર અસત્ આળ ચડાવવામાં જે દ્વેષભાવ આવ્યો એણે એ કમાયેલા ઉપશમભાવને નામશેષ કરી નાખ્યો.

'કોધે કોડ પૂર્વતણું સંજમફળ જાય'

મોટી ઘાસની ગંજીને સળગાવી નાખવા માટે અગ્નિની એક ચિનગારી બસ છે. આ આરોપ કાંઈ અજાણ્યે નથી ચડાવ્યો કે મનનો ઉપશમભાવ સલામત હોવા છતાં અજ્ઞાનતાથી કશુંક એવું બોલાઈ ગયું હોય. આ તો જાણી જોઈને જ આરોપ ચડાવ્યો છે, એટલે એ ભયંકર આરોપની પાછળ મનમાં ઉગ્ર દ્વેષ રમી રહ્યો. એ પછી પૂર્વે કમાયેલ ઉપશમભાવને શાનો ઠહરવા દે ?

અગ્નિશર્માને લાખો પૂર્વના માસખમણથી કેટલો બધો ઉપશમભાવ આવ્યો હતો કે એની નાનપણમાં મશ્કરી કરનાર અને એને સંતાપનાર ગુણસેન હવે પહેલપહેલો જ્યાં આવી મળે છે અને પોતાની ઓળખ પાપી અ-ગુણસેન તરીકે કરાવે છે. ત્યાં અગ્નિશર્માએ શું કહ્યું, જાણો છો ? અગ્નિશર્મા કહે,-

'મહાનુભાવ ! જે તેં મને આટલી મોટી તપની સમૃદ્ધિ પમાડી, એ તું અ-ગુણસેન શાનો ?'

આ કહેવાની પાછળ, વિચારો હૃદયમાં કેટલો બધો શાંતભાવ ઉપશમભાવ વહેતો હશે ? ખરેખર તો ગુણસેનથી ત્રાસીને એને ગામ છોડી ભાગવું પડેલું. છતાં એ માને છે કે 'જે આ મહાતાપસ બનવાનું મળ્યું, મોટી માસખમણના પારણે માસખમણની તપસ્યા કરવાની મળી, એમાં નિમિત્ત બનનાર ગુણસેન તો મારે કલ્યાણમિત્ર થયો. લાખો પૂર્વોના અબજોના અબજો વરસો સુધી દિલમાં કયારે ય ગુણસેન મારો દુશ્મન, મને ત્રાસ આપીને ભગાડનારો,' એવો ભાવ નહિ આવવા દીધો હોય, ત્યારે તો લાખો પૂર્વો બાદ ભેગો થનારા ગુણસેનને 'તું તો મને આવો તપવૈભવ પમાડનાર મહાગુણસેન કલ્યાણમિત્ર છે,-' એમ એને ઉપરથી આશ્વાસન આપે છે. આ હિસાબે લાખો પૂર્વો સુધી એણે ઉપશમભાવ રાખ્યો હશે ! છતાં એ લાખો પૂર્વોના ઉપશમભાવ ઉપર ગુણસેન પ્રત્યે અંતે પ્રગટેલા રોષ અને વૈરભાવે લેલો ફેરવી નાખ્યો, અંત વખતના ધમધમતા દ્વેષે એ અબજોના અબજો વરસના

ઉપશમભાવને બાળી સાફ કરી નાખ્યો.

આનું કારણ સ્પષ્ટ છે. ઉપશમભાવ દિલને સમજાવી સમજાવીને સાચવેલો હોય છે, ત્યારે દ્વેષભાવ કરતી વખતે દિલને કાંઈ સમજાવવું પડતું નથી કે, 'કર કર તું દ્વેષ કર; શું સુસ્ત શાંત થઈને બેસી રહ્યું છે ?' ના, સમજાવવું તો ઉપશમ માટે પડે છે કે, 'રાખ રાખ દિલ ! તું શાન્તિ રાખ, ઉપશમભાવ રાખ. શું કામ દ્વેષમાં તણાય ?' આમ જ્યારે દ્વેષભાવ બહુ સહેલાઈથી થાય છે અને તે પણ જાણી જોઈને, તાપસભાવના નિયમો તથા ગુણો ઓળંગીને જ દ્વેષ તથા ગાઢ વૈરભાવ કરવો છે, પછી આવા માંધાતા દ્વેષની આગળ પેલો ઉપશમભાવ, ભલેને લાખો પૂર્વોનો, પણ શી વિસાતમાં ? એવા દ્વેષથી તો એના ફૂરચા જ ઊડી જાય; એમાં નવાઈ નથી.

માટે આ ખૂબ ધ્યાન રાખવા જેવું છે કે,

આત્માના ઉપશમ-ક્ષમા-નિસ્પૃહતા, બ્રહ્મચર્ય-સદાચાર, નિરભિમાન-ગંભીરતા-સહિષ્ણુતા વગેરે ગુણો અણીશુદ્ધ સાચવવા છે ? તો એના પ્રતિપક્ષી દ્વેષ-ક્રોધ-લોભ-દુરાચાર, મદ-ક્ષુદ્રતા-વ્યાકુળતા વગેરે દોષોમાંના એકને પણ જિંદગીના છેડા સુધી મચક નહિ આપવાની.

ગંગસેના રાજાશાહી સુખોને છોડીને સાધ્વી બનેલી; સાધ્વી બનીને સંયમ પાળી પણ સુંદર રહી છે, દિલમાં કેટલો ઉપશમભાવ કેળવતી રહી હશે, પરંતુ અહીં ગફલતમાં પડી તો એના દિલમાં ઈર્ષ્યા પેસી ગઈ, અને ઈર્ષ્યાથી એણે નિર્દોષ તાપસી પર વચનથી આળ ચડાવ્યું.

તારક નિઃસંગદશા :-

ગુરુ ઋષિદત્તાને કહી રહ્યા છે કે આ આળ ચડાવવાથી તે એવો સાનુબંધ કર્મબંધ કર્યો કે એણે હવે ભવિષ્ય માટે ઉપશમભાવનો નાશ કરી નાખ્યો, અને દ્વેષાદિ દોષોની પરંપરા ઊભી કરી. એ આળ ચડાવવામાં અહીં વળ્યું શું ? પેલી નિઃસંગા તાપસી પ્રશમ-અમૃતની વાવડી જેવી, તે એને પોતાની ઉપરના આળથી જરાય દ્વેષ થયો નહિ એને એક જ વિચાર હતો કે,

'મારે મારા દિલમાં મારો પ્રશમ-ઉપશમભાવ બરાબર છે. એ જ અંતે મારી ખરી ચીજ છે, ખરી મૂડી છે. એને જ હું સાચવું; બીજાના શબ્દ કે પ્રવૃત્તિ સામે મારે જોવાનું શું કામ ? એ ગમે તે કહે કરે એ કાંઈ મારા આત્માને ચોટતું નથી...મારે મારી મૂડી બગાડવાની નહિ.

બસ, આ વિચાર ઉપર તાપસીએ બહારનો કશો સંગ જ રાખ્યો નહિ. એ તો નિઃસંગતાથી ભવભંગ-ભવનાશના તરફ દોડી રહી હતી.

ગંગસેના તો એક સાધ્વી; ત્યારે નિઃસંગા એક તાપસી; છતાં એ ગંગસેના

કરતાં કેટલે આગળ વધી ગઈ કહેવાય છે ને કે બુદ્ધિ કોઈના બાપની નહિ ? એમ અહીં,

ઉપશમભાવ અને નિઃસંગતા કોઈ બાહ્ય હોદ્દાના ઘરની ચીજ નહિ. જે એનો ખપ રાખે, એની ગરજ રાખે, એની એ ચીજ.

'મોટો સાધુ છે કે આચાર્યપણાનો હોદ્દો છે માટે ઉપશમ અને નિઃસગતા હોય જ, અને નાનો સાધુ, તાપસ કે સંન્યાસી છે અથવા ઘરવાસમાં બેઠેલો છે એટલે એને ઉપશમ અને નિઃસંગભાવનું નાનું ઝરણું ય ન હોય,' એવો નિયમ નહિ.

અઈમુત્તા મુનિ નાના બાળ હતા છતાં એવા ઉપશમભાવ અને નિઃસંગતામાં ચડ્યા કે એમની મશ્કરી કરનાર મોટા મુનિઓને પ્રભુશ્રી મહાવીરસ્વામીએ ઠપકો આપ્યો કે 'આ નાના મહામુનિની આશાતના ન કરો.'

તામલિ તાપસ એવા નિઃસંગભાવમાં રમતો હતો કે ભવનપતિ દેવલોકની દેવીઓએ પોતાના સ્વામી બનવા એને નિયાણું કરવા કહ્યું. દેવતાઈ ગીત-નૃત્ય-હાવભાવ વગેરેનાં પ્રલોભનો દેખાડ્યા, છતાં તામલિ-તાપસે એને અકિંચિત્કર લેખ્યા, એને તુચ્છ અને આત્મઘાતક લેખી સહેજ પણ એના પ્રત્યે આસક્ત-આકર્ષિત ન બન્યો. એવા એના નિઃસંગભાવમાં મરીને એ ઊંચા ઈશાનદેવલોકનો ઇંદ્ર બન્યો.

જુઓ કાર્તિકશેઠે ચારિત્ર લઈ જૈન મુનિપણું અજવાળેલું વળી એમણે ગૃહસ્થપણે ય શ્રાવકની કઠોર ૧૧ પડિમા સો વાર વહન કરેલી, છતાં એ મુનિપણાનાં અંતે કાળ કરીને પહેલા દેવલોકના ઇંદ્ર સુધર્મા ઈન્દ્ર બન્યા. ત્યારે આ મિથ્યા માર્ગમાં પડેલો તામલિ બીજા દેવલોકનો સ્વામી ઈશાનેન્દ્ર બને છે. કેમ આવો ફરક ? કહેવું જ પડે કે આયુષ્ય બાંધતી વખતે બંનેના નિઃસંગભાવમાં ફરક. તો એ માટે હોદ્દાનો ક્યાં હિસાબ રહ્યો ? પણ

પ્ર.- તો શું હોદ્દો નકામો ?

ઉ.- ના, નકામો નથી, આધ્યાત્મિક ઊંચા હોદ્દાથી ઊંચા શુભ ભાવ આવી શકે છે. તામલિ તાપસ મિથ્યામાર્ગમાં હોઈ પહેલા ગુણસ્થાનકે ગણાય, કાર્તિકમુનિ ચારિત્રધારી હોઈ છઠ્ઠા ગુણસ્થાનકે કહેવાય. પણ આ બાહ્યથી; આભ્યન્તર રીતે તો પોતપોતાના આત્મપરિણામ પર આધાર છે. એ આંતર પરિણામ જ્ઞાનથી ગમ્ય છે. કેવળજ્ઞાની એને જાણી શકે. એ પરિણામ પર હોદ્દાની અસર પડી શકે. ઊંચા હોદ્દામાં ઊંચા પરિણામ લાવી શકાય. સગવડ છે, પણ એનો ઉપયોગ કરવાનો આધાર જીવની જાગૃતિ અને આભ્યન્તર પુરુષાર્થ ઉપર છે.

જાગૃતિ જેટલી ઊંચી અને આંતર પુરુષાર્થ જેટલો બળવાન એટલા

ચિત્તપરિણામ વિશેષ વિશુદ્ધ બને.

જીરણશેઠ શ્રી મહાવીર ભગવાન વહોરવા આવવાની રાહ જોઈ ઊભા છે. પ્રભુ એમને ત્યાં પધારતા નથી. પ્રભુ અભિનવ શેઠને ત્યાં પધારે છે. છતાં જીરણશેઠને જ્યાં સુધી આ ખબર નથી ત્યાં સુધી જાગૃતિ અને પુરૂષાર્થ વિકસાવી રહ્યા છે, વિચારી રહ્યા છે કે, 'અહો ! પ્રભુ વહોરવા પધારશે. શેરીમાં લઈ આવવા હું પ્રભુની સામે જઈશ, વિનંતિ કરી અહીં લઈ આવીશ, વંદન નમસ્કાર કરી પાવન થઈશ પછી પ્રભુને વહોરાવીશ વાહ મારા વહાલા તપસ્વી નાથ ! અહીં મારે ત્યાં પારણું કરશે ! કેવા મારાં અહોભાગ્ય !...'

જાગૃતિ એવી છે કે અત્યારે કોઈ દુન્યવી બાબતનો ખ્યાલ નથી, ખ્યાલ માત્ર પ્રભુભક્તિનો છે હા, જો એમાં એવો વિચાર આવી જાય કે 'મારે ત્યાં પ્રભુ પધારશે, એટલે મારી નામના થશે' તો એ માન-કષાયનો ભાવ આવ્યો ત્યાં જાગૃતિ ઊપડી ગઈ અથવા 'મને એથી સારુ પુણ્ય સારાં સુખ મળશે' તો એ લોભકષાયનો ભાવ આવ્યો; જાગૃતિ નષ્ટ. ત્યારે અહીં જીરણશેઠને તો શુદ્ધ પ્રભુભક્તિનો ભાવ છે.

માન-લોભાદિ કષાય સળવળતાં આત્મા મોહનિદ્રામાં ઊંઘતો ગણાય; શુદ્ધ પ્રભુભક્તિ આદિના ભાવ ખીલતાં ધર્મ જાગૃતિ ગણાય.

જાગૃતિની વડાઈ છે. જીવ સાંસારિક ક્રિયામાં પરોવાયો હોય. છતાં આવી જાગૃતિ આવે તો નફામાં બેઠો; ને ધર્મસાધનામાં પરોવાયા છતાં જો કષાય-વિષયા-સક્તિની મોહનિદ્રામાં પડ્યો તો ખોટમાં પડ્યો. ગુણસાગર અને એને વરનારી આઠ કન્યાઓ લગ્નની ચોરીમાં બેઠા છે. પાપક્રિયામાં છે, છતાં જાગૃતિની બલિહારી કે એ સર્વત્યાગના ભાવમાં ચડ્યા છે, તો કેવા નફામાં ? ત્યાં જ અનાસક્ત યોગ સાધી ઠેઠ કેવળજ્ઞાન પામી ગયા.

દુન્યવી સંયોગો ને કર્મસંયોગો આપણને પાપક્રિયામાં ઘસડે; છતાં જાગૃતિ આપણા હાથની વાત છે. આપણી સૂઝ પર આધારિત છે એ સૂઝ અને જાગૃતિ પર બાહ્ય સંયોગોનું દબાણ નથી કે આપણને એ સૂઝ જાગૃતિ ન જ પામવા દે. સૂઝ-જાગૃતિ ન જ આવવા દે. તેમ ધર્મસંયોગોનો નિયમ નથી કે એ સૂઝ-જાગૃતિ લાવે જ હા,

દુન્યવી સંયોગ કરતાં ધર્મસંયોગો સારી સૂઝ અને જાગૃતિ માટે અનુકૂળ છે; ધર્મસંયોગો મળ્યા હોય તો સારી સૂઝ અને જાગૃતિ આવી શકે. પરંતુ એ સૂઝ-જાગૃતિ આવવાનો આધાર આપણી ગરજ ઉપર છે. આપણે એ લાવવાની ગરજ હોય તો જ આવે.

સૂઝ ધરમની જોઈએ. માણસને જો સારાં ખાનપાનની સૂઝ હોય છે, તો

જ્યાં જમણનું નામ પડે કે તરત મન સજાગ થઈ જાય છે, જમણના વિચાર કરવા માંડે છે. જમણમાં કેવા આસ્વાદ કેવો આનંદ આવશે એનો ઉમળકો અત્યારથી સેવવા માંડે છે. જમણમાં તો સાંજે બેસશે ત્યારે બેસશે, પણ અત્યારે સવારનાં ચાલુ ભોજન વખતે ય એની હોંશ ને એના ઉમળકા ! કારણ ? સૂઝ સારાં ખાનપાનની છે. એમ સૂઝ ધર્મની હોય તો સાંસારિક કાર્ય વખતે ય ધર્મની હોંશ આવે; ઉમળકા ધર્મના ચાલે. ધર્મની સૂઝ પર ધર્મની જાગૃતિ આવે.

ધર્મસૂઝ ને ધર્મજાગૃતિ ઉપરાંત આભ્યન્તર પુરૂષાર્થની જરૂર છે. એ જેટલો વધારે, જેટલો તેજસ્વી, એટલા પ્રમાણમાં આન્તર પરિણામ ઊંચા ઉજ્જવળ. ધર્મ જાગૃતિથી ચિત્ત ધર્મમાં રહ્યું, પંરતુ જો તે એટલું સ્ફુર્તિવાળું ન હોય, જોમવાળું ન હોય, તો એવા ઉચ્ચ પરિણામ ઉચ્ચ અધ્યવસાય ન જાગે.

ધર્મ જાગૃતિ છતાં પુરૂષાર્થ મંદનો દાખલો :-

મહારાજા કુમારપાળ આમ તો ધર્મ પામ્યા પછી સુંદર ધર્મની સૂઝવાળા અને ધર્મની જાગૃતિવાળા બની ગયેલા તો પછી એ મરીને કેમ વૈમાનિક દેવલોકમાં નહિ, ને વ્યંતર દેવલોક-વ્યંતર નિકાયમાં ગયા ? કહો, જ્યારે અહીં પરભવનું આયુષ્ય બંધાઈ રહ્યું હશે ત્યારે અલબત્ત દેવલોકનું આયુષ્ય બંધાઈ રહ્યું છે, એટલે પાપજાગૃતિ નહિ, પણ ધર્મજાગૃતિ તો હશે જ, છતાં પણ એ જાગૃતિ પર આભ્યન્તર ભાવનો પુરુષાર્થ એવો સ્ફૂર્તિવાળો નહિ હોય, સમ્યકત્વના ઘરનો ભાવોલ્લાસ નહિ હોય. નહિતર તો સમક્તિ છતે વૈમાનિક દેવલોકથી નીચેનું આયુષ્ય ન જ બાંધે, એ નિયમ.

એટલે સમજશો કે,

માનવ જીવનની લહાણ આ, કે સતત ધર્મની ગરજ, ધર્મની સૂઝ, ધર્મની જાગૃતિ પણ જોઈએ, અને આંતર ભાવોલ્લાસનો ધીખતો પુરુષાર્થ બી જોઈએ.

મંદિર ગયા, ચિત્ત પ્રભુદર્શન-પ્રભુપૂજનમાં રાખ્યુ એટલેથી બસ નથી, પરંતુ પેલા જમણના રસિયાની જેમ મંદિરે જવા પહેલેથી જ ચિત્ત એમાં અને ભાવોલ્લાસ ઊછળતા કરવા જોઈએ. તે દર્શન-પૂજન વખતે તો ભાવોલ્લાસના ભારે ઉછાળા આવતા હોય. તામલિતાપસ એ કરી રહ્યો હતો; તેથી એ આંતર ભાવોલ્લાસના ઉછાળામાં દેવીઓથી લોભાયો નહિ; દેવીઓએ ગીતગાન-હાવભાવ સાથે એને સ્વામી થવાની જે કરગરીને પ્રાર્થના કરી એને તુચ્છ ગણી કાઢી;

ખુદ દેવીઓ આવીને રંગરાગ જમાવી પ્રાર્થના કરતી હોય કે, 'તમે અમારા સ્વામી થાઓ, અમે તમને પૂર્ણ આજ્ઞાંકિત રહી દિવ્ય સુખ આપીશું,' ત્યારે ન લલચાવું સહેલું છે ? પરંતુ વૈરાગ્ય અને મોક્ષકાંક્ષાના ભાવોલ્લાસમાં એ સહેલું બને છે.

કામ-ક્રોધાદિ રોકવાને માટે આમાંથી એક મહાન ચાવી જડે છે. પ્રસંગ મળતા કામ કે ક્રોધ કે રૂપ-રસમાં લપટાઈ જવાનું થતું હોય ત્યાં જો એની પહેલેથી આત્માની નિર્વિકાર દશાનો કે પરમાત્માની ભક્તિનો યા શાસ્ત્રતત્ત્વોના ચિંતનનો ભાવોલ્લાસ જગાવ્યે રાખ્યો હોય ખીલમીલતો રાખ્યો હોય તો, સંગ છતાં ક્રોધનો આવેશ નહિ આવે, કામવાસના જોર નહિ કરી કે રૂપ-રસ આદિની લાલસા નહિ ઝગમગે. આ તો એવા ભાવોલ્લાસ દિલમાં ઝગમગ્યા રહેતા નથી. એટલે જ પ્રસંગે કામ-ક્રોધાદિ ચડી બેસે છે.

તામલિ તાપસના હૃદયમાં વૈરાગ્યનો ભાવોલ્લાસ આત્માને માયાના બંધનથી તદ્દન મુક્ત કરવાનો ભાવોલ્લાસ ઝગમગતો ચાલતો હતો; એટલે દેવીઓના ગીત-ગાન-હાવભાવ અને કાલાવાલાના પ્રસંગે પણ એને તુચ્છ અતિ તુચ્છ લેખી એ પર માયાનો રંગ જરાય ન ઊઠવા દેતાં પોતાના ધ્યાનમાં જ સ્થિર રહ્યો. આગળ પણ એ જ આંતર ભાવોલ્લાસના પુરુષાર્થને પધારતાં સ્થિતિ એ આવીને ઊભી રહી કે એમાં એણે બીજા વૈમાનિક ઈશાન-દેવલોકના ઈન્દ્રપણાનું પુણ્ય અને આયુષ્ય ઉપાર્જ્યું.

અહીં પેલી નિઃસંગા તાપસી નિઃસંગપણે તપ તપતી જિનભક્તિ અને જિનસ્તોત્ર-ગુણગાનમાં રક્ત રહી છે. એમાં એણે એવી ધર્મજાગૃતિ અને ભાવોલ્લાસ વધતા રાખ્યા છે, કે ગંગસેના સાધ્વીએ એના પર રાત્રે મડદાનું માંસ ખાનારી રાક્ષસી તરીકે તહોમત ચડાવ્યું, છતાં એણે એ મન પર લીધું નહિ.

પ્ર.- આવો ભયંકર આક્ષેપ આવે, ને મનને ન લાગે ?

ઉ.- ના, કારણ સ્પષ્ટ છે,- તાપસી નામ પ્રમાણે ગુણવાળી; તે ખરેખર નિઃસંગ છે, સંગરહિત છે.

સંગરહિત યાને 'નિઃસંગ' એટલે બાહ્ય અનુકૂળ-પ્રતિકૂળ વસ્તુ, માન-અપમાન, જશ-અપજશ વગેરેનું મનને કશું મહત્ત્વ નહિ. મહત્ત્વ માત્ર આત્મહિત-સાધનાનું.'

આમાં પછી બીજો કોઈ નિંદા કરે છે તો એની દયા ચિંતવવામાં કે એના પ્રત્યે ઉદાસીન રહેવામાં આત્મહિત દેખાય, ને દ્વેષ કરવામાં અહિત દેખાય. નિઃસંગ બન્યા રહેવામાં સામાની ગુણગાવાની લાયકી કે નિંદા કરવાની નાલાયકીનું પોતાના આત્મહિતની દૃષ્ટિએ કશું મહત્ત્વ ન લાગે. ઊલટું એમ લાગે કે આ મારી નિંદા કરીને મારા અશુભ કર્મનો ક્ષય કરાવવામાં સહાયક ઉપકારી થઈ રહ્યો છે.

ગજસુકુમાળ પોતે આત્મહિત જોતાં મુનિ બનીને સ્મશાને કાઉસ્સગ્ગ કરી રહ્યા છે; એમાં સોમિલ સસરાએ આવી, 'મારી દીકરીનો ભવ બગાડ્યો ?' એમ ગુસ્સે ભરાઈને મુનિના માથા પર માટીની પાળ બાંધી, ને એમાં ખેરના અંગારા ભર્યા !

પરંતુ મહાત્મા ગજસુકુમાળ નિઃસંગ બન્યા હતા, તેથી એમને આમાં પોતાનું આત્મહિત કશું બગડતું લાગતું નથી; ઊલટું એમ લાગે છે કે 'સસરાએ આ તો મોક્ષની પાઘડી બંધાવી મારું આત્મહિત સુધારી આપ્યું, પછી એને દોષ શાનો દેવાય ?' ઉપાધ્યાય શ્રી વિનયવિજયજી મહારાજ સજ્ઝાયમાં આ ભાવ મુકે છે,-

"મોક્ષપાઘ બંધાવી, સસરાને દોષ નવિ દીધો રે, વેદના અનંત સહી,
સમતા રસ પીધો રે, ચિરંજીવો કુંવર મારા ! ગજસુકુમાળ રે.'

માથે અગ્નિભરી પાળ એ મોક્ષની પાઘ શી રીતે ? :-

ગજકુમાળના મસ્તકને સસરાએ બાળી નાખવાનું કર્યું એમાં મોક્ષની પાઘડી બંધાવી, એમ શી રીતે માન્યું ?

માન્યું આ રીતે, કે 'મારૂ મસ્તક બળવાની પીડાનાં અશાતા વેદનીય કર્મ વિના તો આ પીડા આવે જ નહિં. પણ કર્મ એવાં જટિલ-ખંધા કે આ પીડા આપ્યા વિના આત્મા પરથી ખસે નહિ, તેમ એવા સીધા કે એકવાર એ પીડા આપીને પછી આત્મા પર ઊભાં રહે નહિ, આત્મા પરથી ખરી જ જાય. તો સારું થયું જાતે તો મસ્તક બાળવાનું બનતે નહિ, પણ સસરાએ મસ્તક બળવાની સગવડ કરી આપી; ને એમાં સમતાભાવ રાખવાથી બીજા બધાં કર્મને સાથે લઈ, એ કર્મ બળીને સાફ થઈ ગયે મોક્ષ થઈ જશે. એટલે આ મસ્તકે અંગારાયુક્ત માટીની પાળ તો મોક્ષની પાઘડી જેવી થઈ. એ બંધાવનાર સસરાને તો ધન્યવાદ ! એને દોષ શો દેવાનો ?'

વાત આ છે, ગજસુકમાળ નિઃસંગ બનેલા હતા, તેથી પોતાની માટીની કાયા પર પણ અનુકૂળ-પ્રતિકૂળનું એમને મન મહત્ત્વ નહોતું. ચિંતા હતી માત્ર સ્વાત્મહિતની; ને એ આત્મહિત કાયાનું બગાડનારથી બગડતુ દેખાતું નહોતું; પછી શું કામ સામા પર જરાય રોષ આવે ?

પેલી નિઃસંગા તાપસીને પણ પોતાના પર રાક્ષસીપણાનો આરોપ કરનારી ગંગસેના સાધ્વી પર જરાય રોષ ન થયો.

કેવી ખૂબી ?

તાપસીની માત્ર પ્રશંસા સાંભળીને ગંગસેનાને રોષ ! અને
તાપસીને મોટો આરોપ ચડાવનાર પર પણ રોષ નહિ !

સસંગતા-નિઃસંગતાનો આ તફાવત છે. સંગવાળાની આ દુર્દશા છે કે બીજાની પ્રશંસા થાય છે એ ય એને ખટકે છે. જાતે ગુણિયલની પ્રશંસા-ગુણાનુવાદ કરવા તો દૂર રહ્યા, પણ કોઈ એ પ્રશંસા-ગુણાનુવાદ કરે છે, એ ય ખમાય નહિ.

સંગ ભૂંડો છે. એ બાહ્યનું બહુ મહત્ત્વ અંકાવી આત્મહિત ભૂલાવે છે, ને

જીવને દુઃખી ને પાપી બનાવે છે.

ધર્મ પામ્યાનું ફળ આ છે આવા સંગથી મુક્ત થતા આવીએ;

નિઃસંગ બનતા આવીએ

નિઃસંગતા એટલે મનને બાહ્યનું મહત્ત્વ નહિ. સંગ એટલે બાહ્યનું મહત્ત્વ.

દેવદર્શનાદિધર્મ કરીએ છતાં સંગ યાને બાહ્યનું મહત્ત્વ એમ જ ઊભું રહે છે ? અરે ! વધે છે ? તો એમાં ભગવાન જિનેશ્વર દેવના લાખ રૂપિયાના ધર્મને આપણે નિષ્ફળ કરી રહ્યા છીએ. એ ધર્મ પુણ્ય તો આપશે, પરંતુ એથી દાળદર શું ફીટવાનું ? મન બાહ્યનું મહત્ત્વ જોરદાર રાખીને અહીંથી જતાં, પરભવે પેલા પુણ્યના ઉદયથી બાહ્ય સારું સારું મળવા પર જીવ એનું મહત્ત્વ આંકી આંકીને મરવાનો, પાગલ થઈ જવાનો.

આજે જુઓને કે કેટલાય સુખી શેઠિયાઓ બાહ્યને મહત્ત્વ આપી આપી મરી રહ્યા છે, પાગલ જેવા બની ગયા છે. એમને એક જ લત એક જ ધૂન છે કે, 'વાહ કેવા મારા પૈસા ! કેવો બંગલો ! કેવી મારી પેઢી ! કેવો ધીખતો વેપાર ! કેવી મારી વટઆબરૂ !' આસક્તિ અને અભિમાનના એવા ઉન્માદમાં છે કે જૈનધર્મ હાથમાં છતાં એનું મહત્ત્વ લાગતું નથી ! કશું આત્મહિત સૂઝતું નથી ! પોતાનો પ્યારો આત્મા બિચારો આસક્તિ અને અભિમાનમાં ઘોર કર્મબંધ અને પાપસંસ્કાર પોષી રહ્યો છે એનો વિચાર સરખો નથી ! પાગલને જાતનો વિચાર શાનો ?

પાગલતા લાવનાર સંગ છે, બાહ્યનું મહત્ત્વ-મૂલ્યાંકન છે. વીતરાગ પ્રભુને નાથ કર્યા તો સંગ ઘટાડતા આવો. મહત્ત્વ બાહ્યનું આંકવુ મૂકી દઈ નિજના આત્માનાં હિતનું આંકો. નહિતર વીતરાગને નાથ શાના ધર્યા કહેવાય ?

રાવણનો સંગ પર નિગ્રહ :-

ઈન્દ્ર રાજાએ રાવણના પિતા-કાકાનું રાજ્ય પડાવી લઈ એમની હકાલપટ્ટી કરી હતી, તેમજ વાલિના પૂર્વજને નરકની જેમ પીડેલા, પરંતુ પછીથી રાવણ સત્તાધીશ બનતાં ઈન્દ્ર સામે લડીને જ્યાં ઈન્દ્ર હાથમાં આવ્યો એટલે એનું અભિમાન ઉતારવા એને લંકાની સફાઈ વગેરે સોંપેલી, પરંતુ ઈન્દ્રના પિતાએ ઈન્દ્ર સાથે ક્ષમા માગી, એટલે રાવણે એને છોડી મૂકી એનું રાજ્ય એને પાછું આપ્યું. કેમ એવા ગુનેગારને બદલામાં એનું રાજ્ય પડાવી લઈ એને જીવનભર કેદમાં ન રાખ્યો ?

કહો, રાવણ સમકિતી હતો, વીતરાગ દેવને એણે માથે ધર્યા હતા, તેથી સંગ ઓછો કરેલો; દુશ્મન નમી આવે છતાં એને કચડવો એ વસ્તુને મહત્ત્વ આપેલું નહિ. આ મહત્ત્વ આપવું એટલે સંગ રાખવો. એ નહિ રાખેલ તેથી ઈન્દ્રે જે પોતાનું બગાડેલું, એનું એવું મહત્ત્વ ન આક્યું કે એનો પૂરો બદલો લેવાનું દિલ રહે ના, એ તો મનને

એવો હિસાબ રાખ્યો કે 'પૂર્વે ઈન્દ્રે શું કર્યું હતું, એ હવે જ્યારે એ નમી પડે છે, ભૂલ સમજે છે, પછી કશું મહત્ત્વનું રહેતું નથી. હું વીતરાગ નિઃસંગ પરમાત્માનો સેવક; મારે એવા ભૂતકાળની વસ્તુના હવે સંગ રખાય નહિ, એવા મહત્ત્વ અંકાય નહિ, કે જેથી દિલમાં એની ગોઝારી ગાંઠ વળી રહે, ને ભવના ફેરા વધી જાય.

સીતાએ સંગ કેવો છોડ્યો ? :-

સીતાજીને દિવ્ય કર્યા પછી, પૂર્વે થયેલા અપયશને બદલે હવે મહાયશ મળ્યો, ને હવે રામ વગેરે કરગરી પડ્યા; છતાં પૂર્વે જંગલમાં ધકેલાઈ ગયેલા ત્યારથી સીતાજીને સંગ ઓછો થઈ ગયેલો, બાહ્યનું મહત્ત્વ એમણે મન પરથી સારું ઉતારી નાખેલું, એટલે હવે અહીં બાહ્યમાં શાના લોભાય ? હવે મળનાર મહાસન્માન અને મોટા યશસ્વી પટ્ટરાણીપણારૂપી બાહ્યને શાનું મહત્ત્વ આપે ? એ તો ઊઠીને ચારિત્ર લેવા ત્યાથી જ ચાલી નીકળ્યા.

'લાવ, હવે ચારિત્ર લેવું છે તો મોટો ઓચ્છવ મંડાવી મોટા દાન દઈ મોટો વરઘોડો કઢાવીને ચારિત્ર લઉં, જેથી લોકો પણ જોઈ રહે કે, 'અહો અહો આવા અગ્નિને પાણી બનાવનાર દિવ્ય શક્તિવાળા ચારિત્ર લે છે ?' આવા કશા કોડ સીતાજીને ન થયા; કેમ ? એટલા જ માટે કે જેમ ચારિત્ર લેતાં સંસારના સંગ છોડવા છે, રાખવા નથી, એમ લોકવાહવાહના ય સંગ નહિ જોઈએ.

લોકવાહવાહના ય પોતાના આત્મહિતની દૃષ્ટિએ કશાં મહત્ત્વ નથી.

એમ વાહવાહનો ય સંગ નહિ એટલો ઉત્કટ વૈરાગ્ય ઝળહળે છે. ઠેઠ જંગલમાંથી નિઃસંગભાવ કેળવતા આવ્યા છે પૂછો,-

પ્ર.- નિઃસંગ હતા તો પછી દિવ્ય કરવાનો જશ શું કામ લીધો ?

ઉ.- જાતે એ જશ લેવા દિવ્ય ઊભું કર્યું નહોતું, પરંતુ રામચંદ્રજીએ સામેથી સીતાજી પાસે માગ્યું હતું કે 'તમે દિવ્ય કરી બતાવો જેથી લોક ફરીથી સતીત્વ-વિરુદ્ધ બોલે નહિ ' એમ રામના દાક્ષિણ્યથી અને લોક પાપ ન બાંધે એવી લોકની દયા ખાતર સતીત્વના આત્મવિશ્વાસ પર દિવ્ય કરેલું. દાક્ષિણ્ય અને દયાની પ્રવૃત્તિમાં 'સંગ'-સસંગતા શાની કહેવાય ?

હવે મદનરેખાના જીવનમાં કેટલા દુઃખ પછી સુખ આવ્યું.

ત્યારે સંગ ઊઠી ગયો એ વિચારો. પહેલું મોટું દુઃખ,

(૧)મદનરેખા મહાસતીમાં લોભાઈ એના જેઠ રાજાએ એના પતિનું ખૂન કર્યું.

(૨) પોતાને ગર્ભિણી અવસ્થામાં ભાગવું પડ્યું.

(૩) જંગલમાં બચ્ચાંનો જન્મ થયા પછી એને ઝાડ નીચે મૂકી તળાવમાં સ્નાન કરવા ગઈ તો ત્યાં એને જંગલી હાથીએ સુંઢમાં લઈ આકાશમાં ઉછાળી.

જોજો કેવા કેવા જાલિમ દુઃખની હારમાળા ચાલી !

(૪) હાથીએ ઉછાળાયેલીને આકાશમાં જ વિદ્યાધરે પોતાના વિમાનમાં ઝીલી. પણ કહે છે 'હું તને મારી રાણી બનાવું તું રાણી થવા કબૂલ થા, તો તારું બાળક લાવી આપું. આમાં હા કહે તો શીલભંગ, ના કહે તો બાળક ઝાડ નીચે મુકાયેલું કોઈ જંગલી પશુથી ચવાઈ જાય.

મહાસતી કહે 'મારું બાળક લાવ, મને નંદીશ્વરતીર્થની યાત્રા કરાવ, પછી વિચાર કરીશ.' વિદ્યાધરે પ્રજ્ઞપ્તિ વિદ્યાથી જોઈ કહ્યું,-'બાળકને મિથિલાનો રાજા પોતાના પુત્ર તરીકે લઈ ગયો છે. તો હમણાં એની ચિંતા ન કર.' એમ કહી એ એને નંદીશ્વર દ્વીપે લઈ ગયો. ત્યાં મહાસતીએ પોતાના મરતા પતિને નિર્યામણા કરાવેલી, ભાઈ પરનો ગુસ્સો દૂર કરાવી સમાધિ પમાડી અરિહંતાદિ ચારશરણ-સ્વીકારાદિ આરાધના અને નમસ્કાર-મંત્રસ્મરણમાં જોડેલો, તે મરીને દેવ થઈ અહીં હવે નંદીશ્વરે વૈભવ સાથે આવ્યો.

દેવતા મદનરેખાને પ્રદક્ષિણા દઈ પગે પડી કહે છે, 'તમે તો નરક-સન્મુખ થયેલા મને અટકાવી ઊંચા વૈમાનિકના પાંચમાં દેવલોકમાં ચડાવવાનો ગજબ ઉપકાર કર્યો ! માટે બોલો હવે હું તમારું શું પ્રિય કરું ? તમને ગમતું જે કહો તે કરવા તૈયાર છું.'

વિચારો, અહીં હવે મદનરેખાને કેવી સુખની ઘડી આવી ? પેલો ઉપાડી લાવનાર વિદ્યાધર તો બિચારો થીજી જ ગયો, ઠંડો જ પડી ગયો, શરમાયો છે કે, 'હું આ કોને રાણી બનવા કહી રહ્યો છું ? આ બાઈ તે કેવી મહાસતી ! અને કપાઈ મરેલા પતિને કેવી દેવલોકે પહોંચાડનારી !'

અહીં મદનરેખાને શું માગ્યે ન મળે ? એટલા બધા અનહદ ઉપકારના ભાર નીચે દબાયેલો દેવતા ઉપકારી અને પૂર્વની પોતાની મહાશીલવંતી પ્રાણપ્રિયા માટે શું શું ન કરે ?

ત્યારે શું મદનરેખાએ મહાસામ્રાજ્ઞી થવાનું માગ્યું ? અબજોનો ખજાનો માગ્યો ? પોતાનો બાળપુત્ર મેળવી આપવાનું માગ્યું ? કોઈ દેવતાઈ વિમાનમાં ફરી જગતને ચમત્કાર પમાડવાનું અને મહાશીલવંતી તરીકેની વિશ્વમાં કીર્તિ મેળવવાનું માગ્યું ?

ના, કશું જ નહિ, એ બધું માગવાનું તો જેને સંગ હોય, સસંગ દશા હોય, એ માગે, મદનરેખા તો નિઃસંગ બની ગઈ છે. એણે જગતનું જીવન જોઈ લીધું.

જગતનું જીવન કેવું સુખની મોટી સંભાવનાઓ દેખાડી જીવને ઉલ્લુ બનાવીને દુઃખના ડુંગરાઓમાં ધકેલે છે !

આ જોઈ લીધા પર એને મન હવે જગતનાં એવા દુઃખદ અને વિશ્વાસઘાતી

જીવનનું કશું મહત્ત્વ રહ્યું નથી. એને મન જો જગતનાં જીવનનું જ કાંઈ મહત્ત્વ નહિ, તો પછી એ જીવનને મહેકાવનારા રાજ્ય-ખજાના-પુત્ર-પ્રતિષ્ઠા વગેરેનું એને મન શું મહત્ત્વ રહે ? પોતાના રૂપ-સૌદર્યના પાપે નિર્દોષ પતિ સગા ભાઈથી જ મરાયો, એ જોતાં જ રૂપ-સૌદર્યનું મહત્ત્વ ઊડી એ ગોઝારું લાગેલું એ પછીના દુઃખની હારમાળાએ જગતના બીજા સુખકારી લાગતા પદાર્થોનું પણ મહત્ત્વ ઉપાડી મૂકેલું. મન પરથી મહત્ત્વ ઊડ્યું એટલે કે સંગ છૂટી ગયો. હવે દેવતા બધી વાતની ઓફર, કરે પરંતુ મનને એનું જ્યાં મહત્ત્વ જ નહિ, સંગ જ નહિ, ત્યાં એમાનું એ શું માગે ?

મદનરેખાએ એ જોયું છે કે,

(૧) જેઠ રાજા પાસે રાજ્ય હતું. ખજાના હતા, છતાં એને દુરાચારની ભાવના થઈ, ને એણે પોતાના સગાભાઈની હત્યા કરી, ત્યારે એ રાજ્ય-ખજાના કેવાં ગોઝારાં ?

(૨) એમ પતિ પાસે યુવરાજપણું અને રૂપ-રૂપના અંબારસમી પત્ની હતી છતાં વગર ગુનાએ કમોત આવ્યું. તો એ મોટા રાજાનું ભાઈપણું અને સુંદર પત્નીનું પતિપણું કેવું ગોઝારું ?

(૩) એમ પોતાને યુવરાજનું પત્નીપણું મળેલું, એમાં આ બધી મોકાણ ઊભી થઈ, તો એ સંસાર કેવો ગોઝારો ? તાત્પર્ય

જગતના જીવનની બધી જ બાબતો સરવાળે દુઃખદાયી અને બુદ્ધિ બગાડનારી છે.

જગતના પદાર્થો પ્રત્યેના ગાંડિયા હઠીલા રાગદ્વેષને બાજુએ હટાવી દઈ શાંત સ્વસ્થ ચિત્તે જગતના એકેક પદાર્થ અને પ્રસંગ પર દીર્ઘ અને વ્યાપક દૃષ્ટિએ વિચાર કરવામાં આવે, તો એમાં સરવાળે પરિણામે દુઃખ અને બુદ્ધિનો બગાડો જ દેખાશે. હૈયાને એ પરિણામ ખરેખર અડી ગયા પછી જગતની બાબતોનું કશું મહત્ત્વ ન લાગે એનો કશો સંગ ન રહે; તારક નિઃસંગ દશા આવે.

મદનરેખા આમ નિઃસંગ બની ગઈ છે. એટલે દેવતાને કહે છે, 'મને તો હવે એકવાર સ્વસ્થ બાળકનું મુખ દેખાડી સારા સાધ્વીજી મેળવી આપો, જેથી એમની પાસે ચારિત્ર લઈ મારું આત્મહિત સાધું, પાપક્ષય અને સુકૃત સેવનનું જ જીવન જીવું.

મોતના પ્રસંગમાંથી ઊગરી જીવતી રહી છું તો હવે માનવ તરીકે જીવવાનું આ જ ફળ હોય કે પાપક્ષય અને સુકૃત-આસેવન સધાય.

હવે મારું આ જ પ્રિય છે. એ કરી શકતા હો તો કરો, મને બીજી કશી ઈચ્છા નથી.'

મદનરેખાના આ બોલ ઉપર દેવતાને હવે કશું એને લલચાવવાનું રહ્યું જ નહિ. પોતે પોતાના પૂર્વજીવનમાં જ જોયું છે કે જીવનની છેલ્લી ક્ષણ પણ પાપ-ત્યાગ અને નમસ્કારાદિ સુકૃત-સેવનમાં જીવાઈ તો એનું કેવું ઊંચું ફળ મળ્યું ? દેવતાએ તરત એને મિથિલામાં મૂકી ત્યાં એક મંદિરે દર્શન કરી બાજુના મકાનમાં રહેલ સાધ્વીજી જોયા, વાંદ્યા, વાત કરી અને બહાર આવી દેવતાને કહે, 'બસ, હવે પુત્રનું મુખ કશું જોવું નથી. એવા સહેજ પણ સંગ પોષનારા પુત્રદર્શનથી સર્યું. હવે આપ પધારો, હું અહીં ચારિત્ર લઈશ. સાધ્વીજી સારાં છે.'

મદનરેખામાં વિકસેલી નિઃસંગતા જોવા જેવી. પતિ મર્યા પછી પોતે તરત જ ગુપ્તપણે ભાગેલી, ત્યારે દુનિયામાં એના માટે શું કહેવાતું હશે, એની ય હવે એને કશી પરવા રહી નહિ. જગતના સંગ છૂટી ગયા પછી જગતમાં આબરૂ કે બે-આબરૂની યશ કે અપયશની પોતાને મન કશી મહત્તા ન હોય.

પેલી નિઃસંગા તાપસી પણ સંગરહિત બનેલી તે ગંગસેના સાધ્વીએ એના પર રાક્ષસીપણાનો આરોપ ચડાવ્યો એને કશી મહત્તા એને લાગી નહિ. મહાજ્ઞાની આચાર્ય મહારાજ શ્રી ભદ્રયશસૂરિજી ઋષિદત્તાને કહી રહ્યા છે કે 'હે ભાગ્યવતી ! તેં એ ગંગસેના સાધ્વી અવતારે ભયંકર મિથ્યા આરોપનું પ્રશ્ચાત્તાપપૂર્વક મિચ્છા મિ દુક્કડં કર્યું નહિ, ગુરુ આગળ પ્રાયશ્ચિત્તવિધિ કરી નહિ, તેથી તે ભવોભવ ભટકાવે એવાં ઘોર પાપ બાંધ્યા.'

જીવને રાજાશાહી વૈભવ-વિલાસ પર પણ વૈરાગ્ય અને એના ત્યાગપૂર્વક સંયમજીવન આવ્યા પછી પણ ઈર્ષ્યા, સ્વમાનહાનિનો ભય, માનાકાંક્ષા, વગેરે ખતરનાક દોષ કેવા નડે છે ! આ પણ સંગનું પરિણામ છે. બાહ્ય સંસાર છોડી ચારિત્ર લીધું એટલે નિઃસંગ બન્યા દેખાય. પરંતુ અહીં ચારિત્રજીવનમાં પણ મનને જો સ્વમાન સ્વોત્કર્ષ, પરનું નીચાપણું, વગેરેનું મહત્ત્વ છે. આ પણ સંગ કેવો ભયાનક કે એ આવા અસત્ આરોપ નિંદા વગેરે ઘોર પાપ આચરાવે !

તો ઘોર પાપથી ડરો છો ? એથી બચવા ઈચ્છો છો ? તો જીવનમાંથી સંગ ઓછા કરો. માનહાનિનું ય મહત્ત્વ ન આંકો.

સંગ-આકર્ષણ-મહત્ત્વ કોનું ?

જગતની જ બાબતનું ને ? કે આત્મહિતકર સંયમ-ક્ષમાદિ ધર્મનું ?

આવા ક્ષમાદિ ધર્મનું જ આકર્ષણ હોય તો તો જગતની બાબતનું આકર્ષણ મહત્ત્વ ઊભું ન રહે.

પરંતુ જીવને અનંતા કાળની જગતની બાબતની મોહિની, તે એનો સંગ જ છૂટતો નથી. ત્યાં ધર્મ હાથમાં છતાં નાકામિયબ અકિંચિત્કર બની જાય છે ત્યારે

એ છોડવા માટે મદનરેખાની અંતિમ ભાવનામાં જોયું એ ધ્યાનમાં લેવા જેવું છે કે,-

જગતની બાબત ખાતર આપણે ગમે તેટલાં ધમપછાડા કરીએ, પણ એ સરવાળે તો બુદ્ધિ બગાડનારી અને દુઃખ દેનારી છે. પછી શા સારુ એનો સંગ રાખવો ? શા સારુ એનું મહત્ત્વ આંકવું ? શા સારુ એનાં આકર્ષણમાં મરવું-ખુવાર થવું ?

જગતની બાબતના સંગ-આકર્ષણમાં ખુવાર થવાનું છે.

ગંગસેના, જુઓ, કેવી ખુવાર થઈ ! તાપસીની પ્રશંસા થઈ એમાં ગંગસેના સાધ્વીએ પોતાના માનની ઓછાશ જોઈ; માનહાનિ એ એક જગતની બાબત ગણાય. જગત તરફથી બીજાને વધારે અને આપણને ઓછું માન મળે છે. એ જગતની બાબત થઈ. એનું મહત્ત્વ આંક્યું, હૈયે એની રાગ યા દ્વેષ ભરી અસર લીધી, ને પછી ખોટો આરોપ ચડાવ્યો તો પછીથી એ પાપથી પાછા વળી પશ્ચાત્તાપ-પ્રાયશ્ચિત કરવાની બુદ્ધિ જ ન આવી.

જગતની બાબત કેવી લલચાવનારી ! કેવી ઘોર પાપ કરાવનારી, અને ઉપરથી પાપને કેવી છાવરનારી ! પરિણામ ? ભયંકર ખુવારી.

આમ જગતનાં માન-અપમાન વગેરે એ જગતની બાબત; એણે ગંગસેના સાધ્વીને ગોઝારું પાપ કરાવી પાપના પશ્ચાત્તાપ ભૂલાવી ખુવાર કરી ! ઘોર પાપાનુંબંધી કર્મો બંધાવી ભવોમાં ભટકતી કરી. જગતની નાની બાબતના સંગમાં કેટકેટલી ભયંકર ખુવારી !

મગજમાં કાંઈ ઊતરે છે ? જગતની બાબતનાં સંગ, આકર્ષણ અને મનને એનું મહત્ત્વ કેવા ઘોર ખુવાર કરનારા છે. એની હૈયે ભડક ચોંકામણ થાય છે ખરી કે,'હાય બાપ ! સંગની આ ભયંકરતા !'

જો સંગની ભયંકરતા મનને અડી જાય તો સંગ ટાળવા માટે ધીખતી જાગૃતિ અને ભગીરથ પુરુષાર્થ રહે.

ઉત્તમ આર્ય જીવન પામ્યા છો, મહાન જિનશાસન પામ્યા છો, તો જીવનમાં પગલે પગલે આ ગોઝારા સંગને ઓછા કરતા જવાનું કરો. આ માટે એક જ વિચાર બસ છે કે, 'જે આ સંગ-આકર્ષણ-મહત્ત્વાંકન મારી બુદ્ધિ બગાડે એને શા માટે પોષ્યા કરું ? શા માટે એને દૃઢ રાખ્યા કરું ?'

જીવનમાં જોઈએ તો દેખાશે કે ઘણી એવી બાબતો છે ઘણા એવા પદાર્થ છે, ને ઘણા એવા પ્રસંગ બને છે કે જેમાં આપણે સંગ કરવાની અર્થાત્ એમાં આકર્ષિત થવાની, એમાં માથું મારવાની, ને એનું મહત્ત્વ આંકવાની આપણે કશી જરૂર નથી. છતાં એમાં મન ઘાલીને આપણે ફોગટ રાગ યા દ્વેષમાં પડીએ છીએ.

લેવાદેવા વિનાના આજે કેટલા સંગ ?

દા.ત.. પાડોશીના ઘરમાં ઝગડો થયો, આપણે આપણા ઘરમાં રહ્યા એની ચર્ચા માંડીએ, એની શી જરૂર ? ઝગડાની પાછળ બંને પાર્ટીમાં ઊંડા કારણો હોય એની ખબર વિના એના ઘરમાં જઈ એકનો પક્ષ કરી બીજાને ધમકાવવા જઈએ, એ કેટલું વાજબી ? આજે તો છાપાં-રેડિયોથી દુનિયાભરની બાબતો જાણવી સુલભ થઈ ગઈ. છાપાં વાંચનારા કે રેડિયો-સમાચાર સાંભળનારાને એ કેટલા સંગ કરાવે ? એ કેટલા રાગ-દ્વેષ કરાવે ? એમને એ બાબતો સાથે કાંઈ લાગેવળગે છે ? વિલાયતની રાણી ઈલિઝાબેથ માંદી પડી ડોકટરની સારવાર હેઠળ છે, આ વાંચીને શો ફાયદો ? કોરટમાં કોઈ કેસ આવ્યો એની આવી બીના છે, સામસામાં વકિલ આવી આવી દલીલ કરે છે, કે જજે અંતે આવું જજમેન્ટ આપ્યું, બીજાએ ઉપલી કોરટમાં અપીલ કરી,...આમાંની કોઈ બાબત સાથે તમારે છે કશી લેવાદેવા ? ના, છતાં એ વાંચી એમાં મન ઘાલવાનું ને એક પક્ષમાં રાગ, ને બીજા પર દ્વેષ કરવાનો ? આ કેટલી ભયંકર મૂર્ખાઈ ? આવું તો ઢગલાબંધ બાબતોમાં.

એમ, દા.ત. બજારમાંથી ચાલ્યા જતા હો, દુકાનોમાં કેટલુંય દેખાય, પણ જો એના પર આંખ નાખી, તો લેવાદેવા વિના રાગદ્વેષ સંકલ્પ-વિકલ્પ વગેરે કેટલા કચરા દિલમાં ઊઠે ? એમ સરકાર કાંઈને કાંઈ કરતી હોય, રાજયપાર્ટીઓ સામસામે કેટલુંય કરતી હોય, કેવા કેવા ભાષણો ઠોકાતા જતા હોય, તમે એમાં માથું ઘાલીને તમે શું સારું કરી શકવાના ?' શું સુધારી શકવાના ? તમારા આત્મહિતમાં શું ઉતારી શકવાના ? કશું નહિ તમારાથી શેક્યો પાપડ પણ ભાગી શકે એમ ન હોય, છતાં

મગજમાં જગતની બાબતો ઘાલીને ઘોર રાગ-દ્વેષ દુર્ધ્યાન કુવિકલ્પોથી મન બગાડવાના સુમાર વિનાના પાપકર્મ બાંધવાના. આ બધું સંગના પાપે બને છે.

તે તે બાબતો પદાર્થ કે પ્રસંગ તરફ આકર્ષણ અને એનું મહત્ત્વ આંકવાને લીધે મન એમાં ઊતરીને નકરું બગડે છે. હિસાબ સીધો તો આ માંડવા જેવો છે કે,

જગતની બાબતમાં મન ઘાલી, આંખ કાન ઘાલી, અને ડહાપણ ડહોળી, (૧) હું એને કયું સુધારી શકવાનો ? તેમ (૨) એને મારા આત્મહિતના લાભમાં શું ઉતારી શકવાનો ?

સંગ-આકર્ષણમાં તણાઈ આ બંનેમાંથી એકે ય વસ્તુ આપણે કરી શકતા નથી; નથી તો જગતના આત્મહિતના લાભમાં ઉતારી શકતા. પછી સંગ કરી માથું ઘાલ્યાનો શો અર્થ ? **પગલે પગલે સાવધાન બનો, તો ઘણા બચી જશો.**

ગંગસેના સાધ્વીએ તાપસીના તપ જિનભક્તિની પ્રશંસામાં મન ઘાલ્યું, સંગ કર્યો તો ચિત્તમાં એની બળતરા ઊભી થઈ. હા, અનુમોદના કરી હોત તો તો એ

પોતાના આત્મહિતના લાભમાં ઊતરત. પરંતુ એ જ્યારે ગજું નથી, એ ત્રેવડ નથી, ને એમાં મન લઈ જતાં જ બળતરાનો અનુભવ થાય છે, તો તો ડહાપણનું કામ એ હતું કે ત્યાં જ અટકી જવું. મનવાળી લેવું કે

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૨૧,અંક-૪૩,તા.૨૮-૭-૧૯૭૩

'જ્યાં મારું નિઃસત્વ-તુચ્છ-તામસી મન બળે છે, એને મારે શી લેવા દેવા ? જગત છે તે એમાં બધું ય ચાલે. બધે કેટલું મન ઘાલીશ ? મારે મારું સંભાળવા દે.'

ગંગસેના સાધ્વીને આ આવડ્યું નહિ, બળતરામાં આગળ વધતા બહાર બાફ્યું પણ ખરું, તાપસીને રાતે મડદાનું માંસ ખાનારી રાક્ષસી તરીકે વર્ણવી, ભયંકર અભ્યાખ્યાન કર્યું, પાછું મરતા સુધી એનો પશ્ચાત્તાપ-પ્રાયશ્ચિત્ત કર્યું નહિ. ઘોર પાપ ઉપાજર્યા, મરીને ભવસાગરમાં રુલી ગઈ.

ગંગસેનાના ભવ પછી :-

ઋષિદત્તાને જ્ઞાની આચાર્ય ભગંવત કહે છે,

'એ અનેક દુઃખદ ભવોમાં ભટકાતી, મહાદુઃખોમાં રિબાતી, તે બહુ ભવો કર્યા. ત્યાં પરાધીનપણે કર્મનો બહુ માર ખાતાં ખાતાં ઘણી અકામનિર્જરા થવા બાદ તું રાજપુત્રી થઈ. વચલા ઈર્ષ્યાના આરોપના સંસ્કાર અને અનુબંધવાળા કર્મ ઠેકાણે પડી ગયેલા એટલે હવે ગંગસેનાના ભવમાં કરેલી-તપ-સંયમની સારી એવી સાધનાના સંસ્કાર ઉદયમાં આવ્યા, અને અહીં રાજપુત્રીપણે શ્રી મુનિસુવ્રતસ્વામી ભગવાનની સેવાથી કઠોર તપસ્યામાં ચડી.

આત્મનિરીક્ષણ કરો, નહિતર માર્યા જશો. :-

કોઈ ગંભીર ભૂલના લીધે ધર્મનો આરાધક આત્મા પણ કેવો ગબડે છે એ ગંગસેનાના દુઃખદ ભવોની પરંપરા પરથી સમજવા મળે છે. માણસ ગુરુની આગળ શાબાશી લેવા કહે છે, 'સાહેબ ! હું શક્તિ અનુસાર દેવદર્શન-પૂજાદિ ધર્મ કરું છું,' આમ શાબાશી તો લીધી, પરંતુ એ નથી જોતો કે, 'મારા જીવનમાં કોઈ ગંભીર ભૂલ તો નથી કરતો ને ?' કોઈ એવાં રાચીમાચીને પાપ તો નથી કરતો ને ? એવી કોઈના પ્રત્યે ગાઢ અદાવત-ઈર્ષ્યા-વૈરવિરોધ તો નથી રાખતો ને ? ઈન્દ્રિય વિષયના રંગમાં ભારે લુબ્ધ તો બનતો નથી ને ? ના, આ કશું જોવું નથી, કશું આત્મ-નિરીક્ષણ કરવું નથી, દિલ બગાડે એવું એવું તો કર્યે જવું છે. ત્યારે વિચારો, એનાં કેવા ફળ આવવાનાં ?

ગંગસેના આમ તો જૈન ધર્મમાં ભારે રક્ત બનેલી ચારિત્ર લઈ એને ત્યાગ-

તપથી અજવાળતી ય હતી. પરંતુ તાપસી પર ભારે ઈર્ષ્યામાં તણાઈ, એના માથે આરોપ ચડાવ્યો,તો પછી પેલા તપ-સંયમ જેવા ધર્મે એને બચાવ ન આપ્યો, અને એને બહુ ભવોમાં ભટકવું પડ્યું.

જૈન શાસ્ત્રોનાં નિષ્પક્ષપાત આલેખન કેવાં કે અહીં જુઓ શાસ્ત્રો તાપસીને પોતાના પર આ ભારે આરોપ ચડ્યા છતાં નિઃસંગ બતાવી; અને જૈનધર્મનું ચારિત્ર પામેલી સાધ્વી ગંગસેનાને ઈર્ષ્યામાં તણાયેલી બતાવી. જૈન શાસ્ત્રોને પોતાના ગણાતા ગમે તેવા તો ય સારા, અને પારકા ગુણિયલ તો ય ખોટા, એવું નથી. જૈન શાસ્ત્રો તો બનેલ હકીકત બતાવે છે. જૈન ધર્મ પામેલા પણ જો ભૂલ્યા તો એ એમજ બતાવવાનું, અને તાપસ વગેરે મિથ્યા વેશમાં પડેલા પણ જો કોઈ ગુણની વિશેષતાવાળા હતા, તો એ એમજ બતાવવાનું.

શાસ્ત્રે અહીં તફાવત આ બતાવ્યો કે તાપસી ભવભંગ યાને સંસારક્ષય તરફ દોડતી હતી કેમકે એ નિઃસંગ બની રહી હતી. ત્યારે ગંગસેના સાધ્વી છતાં સંગમાં તણાઈ તાપસીની પ્રશંસાનો સંગ એનાથી સહાયો નહિ. ત્યારે જે એ દુઃખદ ભવોમાં ભટકી એ શાસ્ત્રે જ્ઞાનીએ એમ જ બતાવ્યું.

આવા નિષ્પક્ષપાત શાસ્ત્રોની ખરેખરી સત્યતાને સમજી એ શાસ્ત્રોની વાતો બરાબર મન પર લેવા જેવી છે. એ જ્યારે બતાવે છે કે ગંગસેના ધર્મની આરાધના છતાં ઈર્ષ્યા અને આરોપદાનથી ભવોમાં ભટકી, ભટકણને ધર્મની શરમ ન નડી, તો પછી આપણા કોઈ એવાં દોષ-દુષ્કૃત્ય આપણને કેવાં નીવડશે ?

કોઈ ભારી દોષ-દુષ્કૃત્ય એનાં દુઃખદ ફળ આપવા બેસશે ત્યારે બીજી બાજુ સેવેલા ધર્મની શરમ ક્યાં પડવાની ?

ધર્મ કરીએ તો સારો છે, કરવા જેવો જ છે; પરંતુ સાથે આ સાવધાની રાખવાની છે કે બીજી બાજુ કોઈ એવાં માયા-મૃષા-વિશ્વાસઘાત, અસદ્ આરોપદાન વગેરે પાપ, કોઈ વિષયાકર્ષણ, કોઈ કામ-ક્રોધ અભિમાન આદિ કષાયસેવન ન કરી બેસીએ. નહિતર ભારે પછાડ ખાવાનું થશે. અહીં પ્રશ્ન થાય-

પ્ર.- તો પછી શું પેલો સેવેલો ધર્મ નકામો ?

ઉ.- ના, નકામો નહિ, મજરે મળશે; પરંતુ ભૂલનો માર લગભગ પતી ગયા પછી. જુઓ અહીં ગંગસેનાને બહુ ભવોમાં માર ખાઈ ભૂલની અસર ઘસારે પડ્યા પછી હવે રાજપુત્રીના ભવમાં પૂર્વે કરેલા ધર્મની અસર ઉદયમાં આવી; તે કઠોર તપસ્યામાં લાગી પડી. પૂર્વનો ધર્મ નકામો ન ગયો, અહીં મજરે મળ્યો.

માટે, શ્રદ્ધા રાખીને ધર્મ સેવ્યે જાઓ. એ મજરે મળવાનો છે. બીજી ભૂલ નહિ કરીએ તો બીજા જ ભવે મજરે મળે; ને ભૂલ કરીએ તો વિલંબે મજરે મળે.

નિરાશંસભાવે ધર્મ સેવેલો નકામો નહિ જાય.

આચાર્ય મહારાજ ઋષિદત્તાને કહી રહ્યા છે કે, 'હે ભાગ્યવતી ! તું રાજપુત્રીના ભવે કઠોર તપસ્યા કરવા તો લાગી, પરંતુ સ્ત્રી સ્વભાવવશ ક્યાંક માયાકષ્ટમાં પડી, અને તેથી મરીને બીજા ઈશાન દેવલોકના ઇંદ્રની ઇંદ્રાણીનો અવતાર પામી. આવો મોટો દેવલોક તો તપધર્મે દેખાડ્યો, પરંતુ સોનાની થાળીમાં લોઢાની મેખતુલ્ય માયાકપટે સ્ત્રીપણું આપ્યું માટે,

ધર્મ કરવો તે વિશુદ્ધ ધર્મ કરવો, અને સાથે જીવન પવિત્ર અને બહુ સ્પૃહા વિનાનું જીવવું.

ત્યાંથી તું મરીને અહીં હરિષેણ રાજાની પ્રિયમતી પત્નીની પુત્રી ઋષિદત્તા તરીકે જન્મ પામી. એમાં બહુ પૂર્વના પેલા તાપસી પર ચડાવેલા રાક્ષસીપણાના આરોપના પાપકર્મનો થોડો જ રહેલો શેષભાગ અહીં ઉદયમાં આવ્યો, તેથી તારા પર અહીં રાક્ષસી તરીકેનું ભયંકર આળ કલંક ચડ્યું. બસ, તારા કલંકનું આ કારણ છે. બાંધેલા કર્મ ક્યાં મિથ્યા થાય ?"

ઋષિદત્તાને જાતિસ્મરણ :-

ઋષિદત્તાને આ સાંભળીને જાતિસ્મરણ જ્ઞાન થયું. પોતાના આત્માના પૂર્વભવ યાદ આવી પોતાની પ્રત્યે ભારે તિરસ્કાર છૂટ્યો કે 'એ આવું ગોઝારું કૃત્ય કરનારો ?' એના મનને એમ થયું કે 'આટલું થોડું પણ કર્મ રહી ગયેલું એણે આ ભાવ ભજવ્યો તો પછી આત્માના ખજાને તો બીજાં કેટલાય એવા કર્મ પડ્યા હશે તો પછી શું એ ભવિષ્યમાં ભોગવવા ઊભા રાખવાનાં ? શા માટે તપથી એનો અહીં જ નાશ ન કરી દઉં ? જ્ઞાનીઓ કહે છે કે પૂર્વનાં કર્મનો કાં ભોગવીને કે કાં તપથી ખપાવીને છૂટકારો થાય.' બસ એ વિચારમાં ઋષિદત્તાનો વૈરાગ્ય અને ત્યાગભાવના વધી ગઈ.

રાજા કનકરથને પણ ભારે વૈરાગ્ય પ્રગટ્યો. એ અને ઋષિદત્તા બંને ય ત્યાં ગુરુની પાસે ચારિત્ર માગે છે.

ઋષિદત્તાને અનેક જન્મોનું સ્મરણ થયું, એમાં પોતાની થયેલી ભયંકર વિટંબણાં યાદ આવીને જાણે અત્યારે સાક્ષાત્ અનુભવતી હોય એમ એ નજર સામે આવી. એક ભૂલનો કેટલો ભોગ ? એ વિચારતાં કમકમી આવી દઈ. ભારે વૈરાગ્ય જળહળી ઊઠ્યો. ત્યારે રાજા કનકરથ પહેલેથી તત્ત્વદૃષ્ટિવાળો તો હતો જ; એમાં આ સાંભળવા મળ્યું, એક ભવની મોહવશ કરાયેલ ભૂલ પાછળ અનેક ભવોમાં પોતાની કત્લ જેવા કારમાં દુઃખ સાંભળ્યા, તેથી રાજાને વૈરાગ્ય જળહળી ઊઠ્યો.

આ જોતા વિચારો, તમારા પૂર્વ ભવોમાં આવું કાંઈ બન્યું હશે કે નહિ ?

તો એના પર હવે આજે વૈરાગ્ય થાય ? અથવા જેમ કનકરથે ઋષિદત્તાનું સાંભળ્યુ અને ભૂલના કર્મના બાકી રહેલ સહેજ અંશમાં પણ જે અહીં ઋષિદત્તાને કલંક ચડ્યું એ જોયું, અમે તમે પણ એ બધું સાંભળ્યું, તો હવે તમને કનકરથની જેમ વૈરાગ્ય થાય ? ન થતો હોય તો શું તપાસવા જેવું નથી લાગતું કે કેમ નથી થતો ?

વૈરાગ્યના વિશિષ્ટ પ્રસંગ જોવા-સાંભળવા મળે છતાં વૈરાગ્ય ન જાગે એ આત્માનો ભવાભિનંદીપણાનો મહાન રોગ સૂચવે છે.

સંસારના સુખો પ્રત્યે નફરત થાય, ગ્લાનિ થાય એ વૈરાગ્ય છે, એ અંશે આરોગ્ય છે

જે સંસારના સુખનાં જાલિમ પરિણામ જોવા મળે છતાં એ સુખો અકારા ન લાગે, એ એની ગાઢ આસક્તિ, ગાઢ લગની-લંપટતા સૂચવે છે. એવી લગની-લંપટતાને લીધે વૈરાગ્યના ફાંફાં છે.

તો સવાલ આ રહે છે કે,

પ્ર.- કેમ એવી વિષયલગની-વિષયલંપટતા મોળી નથી પડતી ?

ઉ.- એનું કારણ આ છે કે તત્ત્વદૃષ્ટિ નથી ઊભી કરાતી, મોહ દૃષ્ટિ નથી દબાવાતી.

કનકરથના જીવનમાંથી આ મળી રહે છે કે કનકરથના જીવનમાં મોહદૃષ્ટિના બદલે તત્ત્વદૃષ્ટિ જાગતી હતી. એમાં ઋષિદત્તાના પૂર્વભવની દુઃખદ હકીકત જાણવા મળી. તત્ત્વદૃષ્ટિએ દેખાડ્યુ કે ઈર્ષ્યા એક ભયંકર ઝેર છે. ગુણિયલને પડ્યા પોતાને માન મળે એના કરતાં બીજાને વધારે મળે છે અથવા કોઈ એટલા ગુણિયલ નહિ એવાને માન મળે છે, એ જોયું સહન નથી થતું ઈર્ષ્યા થાય છે, ત્યારે એ પોતાની માનાકાંક્ષા કેટલી ? અને મનને માનતું મહત્વ કેટલું બધું ? એની હયાતીમાં ગુણોને પણ બિચારાને કેવા ઠંડા થઈને બેસી રહેવું પડે ! ગુણો એને રોકી ન શકે !

તત્ત્વદૃષ્ટિ આ માનાકાંક્ષા અને માનના મહત્ત્વને ઝેરરૂપ લેખે છે.

કનકરથને આ ને બીજી તત્ત્વદૃષ્ટિઓ હતી તેથી અહીં મોકો મળતાં વૈરાગ્ય જળહળી ઊઠ્યો.

વાલી રાજામાં તત્ત્વદૃષ્ટિઓ હતી તેથી એનાથી રાવણ હાર્યો એના પર પોતાને વૈરાગ્ય જળહળી ઊઠ્યો. એણે તત્ત્વદૃષ્ટિથી આ જોયું કે રાવણ બિચારો માનાકાંક્ષાથી લડવા આવ્યો. માનની આકાંક્ષામાં માનની ભૂખમાં એણે સામાની શક્તિનો વિચાર ન કર્યો.

માનાકાંક્ષા જીવને કેવો અંધ બનાવે છે કે સામાની તાકાત ન જોવા દે !

એમ જીવને માન પામવાનું એટલું બધું મહત્ત્વ લાગે છે કે ઝેરી મહત્ત્વ

જીવને જીવનમાં બીજું કેટલુંય સારું કરવાનું શક્ય છતાં એ કરવા તરફ મૂર્છિત-બેભાન-નિશ્ચેષ્ટ બનાવી દે છે.

વાલી રાજાએ આ જોયું કે 'જો આ માનાકાંક્ષા જીવને આવી અંધ બનાવનારી હોય, અને જાત માટે માનનું મહત્ત્વ લાગે એ જો ઝેરી હોય, તો પછી મારે એક મહાબળવાન તરીકેનું માન રાખીને શું કામ છે ? માનને ઝેરી મહત્ત્વ આપીને શું કરવું છે ? સંસારી જીવન આ અંધતા અને ઝેર સુલભ કરી આપે છે માટે એનાથી સર્યું' આમ સંસારી જીવન પર વૈરાગ્ય જળહળી ઊઠ્યો, અને વાલી રાજા ત્યાગમાર્ગે વળી ગયા.

તત્ત્વદૃષ્ટિનાં દર્શનથી વૈરાગ્ય-ગુણપ્રેરણા-દોષઘૃણા :-

આપણી આસપાસ બનતા અને આજે કે પૂર્વે જગતમાં બનેલા સંભળાતા બનાવો પર તત્ત્વદૃષ્ટિથી નિહાળતાં આવડવું જોઈએ. તો આપણને ઘણો ઘણો વૈરાગ્ય મળે એમ છે. ઘણી ઘણી ગુણો અને સુકૃતોની પ્રેરણા તથા દોષ દુષ્કૃત્યોની ઘૃણા મળે એમ છે. જગતનું જોઈએ અને શું એ જોયેલું નિષ્ફળ જાય ? અથવા ઊલટું આપણા રાંગ દ્વેષને વધારનાર બને ? પણ તત્ત્વદૃષ્ટિ ન હોય એટલે બીજું શું સારું પરિણામ આવે ?

જગતનું જોવા પર રાગ યા દ્વેષ સહેલાઈથી જાગી ઊઠે છે. માટે તો જગતનું ખરેખર જોવા જેવું નથી.

દિવાળી જોવા બજારમાં નીકળ્યા, શું મળવાનું ?

કહે છે, 'મનોરંજન મળે એટલે મનનો થાક ઊતરી જઈ સ્ફુર્તિ મળે.'

પણ આ મનોરંજનમાં શો માલ છે કે જ્યાં ચીજે ચીજ જોતાં રાગ રાગ ને રાગનાં જ ઝેર પીવાનાં હોય ?

મનને રાગનું ઝેર ચડે એ મનની સ્ફૂર્તિ છે ? કે સુસ્તી ? સભાન અવસ્થા કહેવાય ? કે ભાનભૂલી અવસ્થા ? અનંતા કાળથી રાગમાં મરી તો રહ્યા છીએ, એમાં આવો સુંદર બુદ્ધિનો અવતાર મળ્યો ત્યાં પણ જગતનું જોઈ જોઈ રાગનાં ઝેર પીવાનાં ? બસ કરો, બંધ કરો ચાહીને જગતનું જોવાનું; અને જગતનું જ્યાં દેખાઈ જ જાય ત્યાં ઝટ તત્ત્વદૃષ્ટિ લગાવો. રાગનું ઉત્થાન થતાં પહેલાં તત્ત્વની દૃષ્ટિએ વિચારવું કે આમાં માલ શો ? આત્મા પર એના કેવા પ્રત્યાઘાત ? કેવી અસર ? આત્માને વધુ યાદ રખાવે ? કે વધુ ભુલાવે ? ભગવાનને ભુલાવે ? કે ખાસ યાદ કરાવે ?

પાસે તત્ત્વદૃષ્ટિ ન હોય એનો આ જગતમાં મરો છે. રાગ-દ્વેષનાં ઝેર જ પીવાનું થાય.

જગત વિચિત્ર છે. એમાં કાંઈ ને કાંઈ બનતું જ રહેવાનું, આપણી સામે જગતનું એક યા બીજાનું આવ્યા જ કરવાનું, એકાંત ગુફામાં ગોંધાઓ તો ય માનસ જગત મોટું છે. પૂર્વ અનુભવેલું મનમાં ઊઠવાનું. હવે જો એ બહારનું જોઈ જોઈને કે મનનું વિચારી વિચારીને રાગ-દ્વેષ કર્યે જવાના હોય તો જીવનના છેડા સુધી એથી બચવાનું ક્યારે ? ચિંતા તો આ જોઈએ કે જો ઠેઠ જીવનના અંત સુધી જગતનું જોઈ જોઈ કે વિચારી વિચારી રાગ-દ્વેષના ઉકળાટ જ અનુભવવાના હોય તો ઉકળાટની શાંતિ, ઉપશમ ઉદાસીનભાવ સમતાભાવ ક્યારે અનુભવવાનો ? જગત તો એનું કાંઈ ને કાંઈ દેખાડ્યા જ કરશે, તો શું મારે એની પાછળ રાગ-દ્વેષના ઝેર પીયા જ કરવાના ? તો પછી આત્મામાં ઠરવાનું ક્યારે ? ઉપશમભાવનો અભ્યાસ ક્યારે કરવાનો ?'

આ ચિંતા બહુ મહત્ત્વની છે. જો હૃદયથી આ ચિંતા કરવામાં આવે, તો જગતનું જોવા વિચારવા તરફ નફરત જાગે અને એમાં ઓછું કરવાનો પ્રયત્ન થાય.

ક્રોધાદિ કેમ રોકાય ?:-

'ક્રોધિલો સ્વભાવ હોય, અભિમાનનો સ્વભાવ હોય, માયા-પોલિસીની આદત કે ઈર્ષ્યાની કુટેવ હોય, યા કામવાસનાના વિચારોની યા સ્ત્રીઓ સામે દૃષ્ટિ નાખવાની ભયંકર લગન હોય, એવા માણસોએ આ ચિંતા ખાસ કરવા જેવી છે કે મારી સામે કોઈ ને કોઈ મને અણગમતું બોલનારા કે કરનારા તો ઠેઠ જીવનના અંત સુધી મળ્યા કરવાના, તો શું મારે અંત સુધી ગુસ્સો ને અભિમાન જ કર્યા કરવો છે ? તો પછી આ જિંદગીમાં ક્ષમા-સમતા-નમ્રતા ક્યારે કેળવવાનો ? એમ જીવનના અંત સુધી માયા-પોલિસી-સફાઈ જ કરવાની હોય તો નિખાલસતા-ન્યાયિતા-સરળતા ક્યારે કેળવવાની ?' આ ચિંતાથી પછી ક્રોધાદિ પર અંકુશ મુકવાનું મન થાય.

એમ, 'વાસનાના જ વિચાર કરવાના હોય, કે સ્ત્રીઓનાં દર્શન જ કર્યે જવાના હો, તો પરમાત્માના વિચાર, આત્મસ્વરૂપના વિચાર, કે સ્ત્રીઓને બદલે પરમાત્માનું સ્મરણ ક્યારે કરવાનું ? જીવનના છેડા સુધી એ પાપ ધંધો ?

એમ જિંદગીના છેડા સુધી બધું દુન્યવી દૃષ્ટિથી જ જોયા કરવાનું કે વિચાર્યા કરવાનું હોય તો તત્ત્વદૃષ્ટિથી જિનવચનની દૃષ્ટિથી ક્યારે જોવા-વિચારવાનો અભ્યાસ પાડવાનો ?

રાજા કનકરથે ઋષિદત્તાના પૂર્વ ભવના અધિકાર ઉપર તત્ત્વદૃષ્ટિથી વિચાર્યું, પોતાના આત્માને એ કેવો લાગું પડે એ દૃષ્ટિએ જોયું, અને એથી એનો વૈરાગ્ય વધી ગયો. પછી એ અને ઋષિદત્તા બંને આચાર્ય મહારાજને કહે છે,-

'ભગવંત ! જો એક જનમના દુષ્કૃતથી બંધાયેલ કર્મે અનેક ભવોમાં ભટકવાનું

અને જાલિમ દુઃખ ભોગવવાનું હોય તો હવે અમારી ઈચ્છા જનમ-જનમના કર્મ તોડવાની છે. તો અમારે શું કરવું?

ગુરુ કહે છે તો પછી તમે ચારિત્ર લઈને તપ કરવામાં લાગી જાઓ. હવે વિલંબ ન કરો.

'असारेऽमुत्र संसारे सारेयं हि तपःक्रिया ।
विलम्बो युज्यते नात्र जीविते स्वल्पके सति ॥'

'આ અસાર સંસારમાં સારભૂત તપક્રિયા છે કેમકે એ કર્મોને તોડવાનું અપ્રતીમ સાધન છે. આમાં હવે વિલંબ કરવો યોગ્ય નથી, કેમકે જીવિત આયુષ્ય બહુ અલ્પ છે, અને કર્મો તોડવાનાં ઘણાં જન્મોનાં છે.'

ગુરુએ મોટા રાજા-રાણીને પણ સીધો રસ્તો બતાવી દીધો; અને જરાય વિલંબ ન કરવાની ભલામણ કરી. મોટા રાજાને ઉપાધિ ઓછી હોય ? એની વ્યવસ્થા કરવામાં સમય ન જોઈએ ? તેમજ મોટા રાજાને ચારિત્ર પહેલાં કઈક અભ્યાસ કરવાનો નહિ ? છતાં એ કશું લક્ષમાં ન લેતા વિના વિલંબે સીધું ચારિત્ર લેવાનું અને તપ આચરવાનું બતાવ્યું, તો તમારા માટે શું ? મૂર્ખ જીવને બીજું ત્રીજું જ સંભાળવાનું હોય તો પોતાના આત્માનું ક્યારે કરવાનું ? બીજા ત્રીજામાં ખપી ગયા તો ?

એક ભાગ્યશાળીએ ચારિત્ર ન લેવાય ત્યાં સુધી છ વિગઈનો ત્યાગ રાખ્યો. પછી અવરનવર ગુરુ મહારાજ પૂછતાં કે 'ભાગ્યવાન ! હવે ક્યારે નીકળવું છે ?

ત્યારે એ કહે, 'સાહેબ ! મારે થોડી ઊઘરાણી પતાવવાની છે.'

સાહેબજી કહે, 'પણ આ જીવન તો વહી ચાલ્યું.'

મુમુક્ષુ જવાબ કરે છે કે, 'સાહેબ ! એ હું સમજું છું, પરંતુ ગામડાંની ઊઘરાણી, તે છોકરાને કોઈ દાદ દે નહિ. એટલે હું જ પતાવી દઈને નીકળું.'

શું પતાવી ઊઘરાણી ? રાખ પતાવે ? ઊઘરાણી પતાવતા પહેલાં પોતે જ પતી ગયા, વર્ષો સુધી છ વિગઈનો ત્યાગ પાળ્યો, પણ ચારિત્ર ન પામ્યા. ઠાંસમાં રહ્યા કે હું આમ ઊઘરાણી પતાવી દઉં છું, પણ મૃત્યુ થતાં ઊઘરાણી ઊભી જ રહી ને ? જીવને એ ભાન આવે ખરું કે,'મરીશ તો ઊઘરાણી ઊભી નહિ રહે ? માટે એ પતાવવાના વ્યામોહ શા ?

લાખ રૂપિયાનું ચારિત્ર તુચ્છ ઊઘરાણી ખાતર ગુમાવું ?'

આચાર્ય ભગંવત કહે છે,-કર્મો જનમ-જનમનાં છે, એ સઘળાંનો નાશ કરવા માટે આ એક જીવન કાંઈ એટલું બધું મોટું નથી. પેલાં જનમ-જનમના કર્મની સામે તો આ જીવન બહુ અલ્પ ગણાય. માટે કર્મનાશ કરનારા સંયમ અને

તપમાં જરાય વિલંબ કરવા જેવો નથી.

રાજા કનકરથ અને રાણી ઋષિદત્તાએ ગુરુવચન તરત સ્વીકારી લીધું અને પોતાના પુત્ર સિંહરથને રાજ્યગાદી સોંપી ઉચિત દાન તથા જિનભક્તિ મહોત્સવ કરીને ઘણી શાસન પ્રભાવના કરી ચારિત્રમાર્ગ સ્વીકારી લીધો. ચારિત્ર લઈને તપસાધનામાં ચડી ગયાં. શીતલનાથ ભગવાનના જન્મથી પવિત્ર કરાયેલ ભદ્દિલપુરી-નગરીમાં તપમાં તપના હુતાશનમાં કર્મસમૂહને ઘાસના પૂળા જેવો કરી નાખ્યો, અર્થાત્ તપ-અગ્નિથી કર્મોને બાળી નાખ્યાં, અને કેવળજ્ઞાન પામ્યાં.

મહાસતી **ઋષિદત્તાનું ચરિત્ર પૂર્ણ થાય છે** એ ઘણો ઘણો બોધ આપી જાય છે. વારંવાર એનું સ્મરણ-ચિંતન-ભાવન થવું જોઈએ. 'ભાવન' એટલે હૈયાને એના એકેક પ્રસંગના બોધથી ભાવિત કરવું તે હૈયું બોધથી ભાવિત થાય, અર્થાત્ રંગાઈ જાય એવું કરવાનું. ચરિત્રની વચ્ચે વચ્ચે આવેલી અનેક કથાઓ દૃષ્ટાન્તો તથા ઉપદેશોથી પણ હૈયું ભાવિત કરવાનું. ચરિત્ર પૂર્ણ થતા સાથે ત્રીજી 'સંસાર' ભાવનાનું વિવેચન કેટલુંક થયું, તેમાં હવે આગળ ચાલશે.

શાંતસુધારસ-ભાવના : (૩) સંસાર-ભાવના

મહાસતી ઋષિદત્તાનું જીવનચરિત્ર પૂર્ણ થયું. એમાં સાથે 'શાંતસુધારસ' શાસનની 'અનિત્યતા' અને 'અશરણ' એ બે અંગેની ભાવની વિચારેલી; તથા ત્રીજા 'સંસાર-ભાવના' વિચારવી શરૂ કરેલી. એમાં પહેલા બે શ્લોકમાં આ વિચારણા થયેલી, કે-

(૧) સંસારમાં જીવના શાંત ચિત્તને લોભ-કષાય ક્ષોભાયમાન કરી મૂકે છે; ને એમાં વળી લોભની ચીજનો લાભ થવા પર નવા લોભના તરંગ ઊછળે છે. આમ ચિત્તમાં ખળભળાટ ચાલુ જ રહે છે. ત્યારે બીજી બાજુ ઈન્દ્રિયોની વિષયતૃષ્ણા હરણિયાંને જેમ ઝાંઝવાના નીરની તૃષ્ણા સતાવે તેમ સતાવ્યા જ કરે છે. હરણિયાંને ઝાંઝવાની પૂંઠે દોટ સુધી રસ, પણ અંતે ફળમાં પામવાનું કશું નહિ, પાણીનું એક ટીપું ય ન મળે, એમ ઇંદ્રિયોને ક્ષણિક વિષયસંપર્ક સુધી રસ, પરંતુ પછી ફળમાં મળવાનું કશું નહિ, સહેજ પણ ઈંન્દ્રિયતૃષ્ણામાં જીવને હૈયે કેવળ ખળભળાટ અને સતામણી જ જો હોય, તો એવા વિવિધ ભીતિભર્યા સંસાર ઉપર આસ્થા રાખીને સ્વસ્થતાથી કેમ બેસાય ?

(૨) એવી રીતે સંસારમાં ચિંતાઓ જો જાગ્યા જ કરે છે. એક ચિંતા મટી ત્યાં બીજી અધિક તૈયાર જ છે. એની પાછળ મન-વચન-કાયાના વિકારો, વિકૃત પ્રવૃત્તિઓ ચાલ્યા કરે છે. ચિંતા જાગી એટલે જીવ ઝાલ્યો રહે નહિ, કાંઈ ને કાંઈ ઘેલા વિચાર-વાણી-વર્તાવ કરવા સજાગ. એમાં સાથે વળી પૂર્વના વિકારોના અતિ

આવેગથી ભેગા કરેલા કર્મોના હવે ઉદયે વિપત્તિઓ આપદાઓ ખડી જ રહે છે. જીવ કાંઈ ને કાંઈ દુઃખ-કષ્ટ પીડાના ખાડાના વમળમાં ઝટ પડું પડું જેવો બન્યો રહે છે; નાનો રંક શું, કે મોટો રાજા શું, અરે ! દેવ જેવા ય ઈર્ષ્યાદિના સંતાપમાં પડે છે. સંસારમાં કોઈ રીતે પીડાનો અંત નથી આવતો. તો આવા સંસાર પર કેમ આસ્થા રાખી સ્વસ્થ બેસી રહેવાય ? આમ, સંસારની બે રીતે ઓળખાણ પડી.

સંસારની ત્રીજી ઓળખ : ગર્ભના કષ્ટ :-

શાસ્ત્રકાર હવે ત્રીજી રીતે સંસારની ઓળખ કરાવે છે. **'सहित्वा संतापान् अशुचिजननीकुक्षिकुहरे...** અર્થાત્ સંસારમા જન્મ લેતાં પહેલા ૯-૯ મહિના માતાની અંધારી કુક્ષિમાં કેટલાય તાપ સહવા પડે છે. ગર્ભ-અવસ્થાનાં કષ્ટ અનુભવેલા અત્યારે યાદ નથી આવતા પરંતુ સમજી તો શકાય છે ને કે કેવાં કેવા કષ્ટ હોય ? ત્યાં જરાય લાંબા ટૂંકા થઈ શકાય એવું ખરું ? કે એક જ અવસ્થામાં જકડાયા જ રહેવાનું ? એક આંખ પણ ઊઘાડવાસ થઈ શકે ? શું ઊઘાડે ? ચારે બાજુથી એવા ચિકણા પ્રવાહીમાં લપેટાયા રહેવાનું છે કે આંખ ઊઘાડવા જાય તો પ્રવાહી આંખમાં જ પેસી જાય. નહિ હાથ હાલે, કે નહિ પગ; કશું જ લાબું ટૂંકુ કરી શકાય નહિ. તેમ શરીર પણ કેવી સ્થિતિમાં માથું નીચું, પગ ઊંચા ! વળી ત્યાં પ્રકાશનું નામ નહિ ઘોર અંધારું ! હવાનું નામ નહિ, સીલપેક કુક્ષિમાં રહેવાનું. ત્યાં કશું સારું ખાવા મળે નહિ; માતાની અંદરની ગંદી રસી જ ચૂસવાની.

આ બધાં કષ્ટ વેઠવા પડ્યાં તો વેઠી લીધાં, પણ હવે અત્યારે યાદ શું કામ કરવાના ? એટલા માટે યાદ કરવાનાં કે (૧) અહીં જીવતાં એવા કે બીજાં કષ્ટો આવે ત્યારે પેલાં યાદ આવે તો અત્યારના કષ્ટમાં ઊંચા-નીચા ન થઈએ; ચિત્તને અસમાધિ-વ્યાકુળતા-હાયવોય ન કરીએ. પરંતુ પેલા કષ્ટ યાદ જ નથી કરતા એટલે વર્તમાનની જરાક ગરમીથી અકળાઈ જઈએ છીએ. જરાક અંધારાથી ચેન નથી પડતું. એટલે તો જુઓને કે ભગવાનનાં મંદિરમાં પણ ઈલેકટ્રિક લાઈટના ઝગારા કરવા જોઈએ છે.

મંદિરમાં લાઈટના ઝગારા શા માટે ? અંધારાની અકળામણ છે માટે. પણ પ્રભુ જોવા માટે નહિ.

ઈલેકટ્રિક લાઈટના દોષ :-

શું ભગવાન નથી દેખાતા માટે લાઈટ ? ના રે ના, ભગવાન તો પાસેના ઘીના દીવાની રોશનીમાં દેખાય જ છે. ઊલટું સારા શાંત મુદ્રામાં દેખાય છે. પરંતુ અંદરમાં અંધારાની અકળામણ છે તેથી ઝગારા મારતા લાઈટમાં જોવા છે, પછી ભલે ત્યાં મૂર્તિ શાંત રસ ઝરતી પ્રશાંત મુદ્રાની ન દેખાય એની ચિંતા નથી. એ

તરફનો વિચાર જ નથી. વિચાર માત્ર અંધારાની અકળામણનો છે, તે લાઈટના ઝગારાથી એ અકળામણ મટી એટલે શાન્તિ લાગે છે. આ શાન્તિ ભોગવવા કેટલાકને તો મંદિરમાં પેઠા એટલે ફટોફટ સ્વીચો દાબી લાઈટો કરવા જોઈએ છે. કોના બાપની દિવાળી ? ઈલેકટ્રિકનું બિલ ભરશે તો દેરાસર ભરશે, પોતાને શું લાગે વળગે ? અગ્નિકાયના અસંખ્ય જીવો અને બીજા પણ ઊડતા જીવો મરશે તો મરશે, દર્શન માટે એનું પાપ નહિ ને ? શું દર્શનના માટે એ ઝગારા કરાય છે ? ના, પોતાને અંધારાની અકળામણ છે માટે. નહિતર તો ઘીના દીવાના વગર-ઝગારાના પ્રકાશમાં ભગવાન તો જોઈ જ શકાય છે; પછી ઝગારાની જરૂર ક્યાં રહી ?

અંધારું ખટકે છે એની સાબિતી :-

આમ જ મન ભૂલું પડે છે. લાઈટનો ઝગારો ભગવાનની ભક્તિ નિમિત્તે નથી, પણ પોતાની અંધારાની અકળામણ દૂર કરવા માટે છે. છતાં મન માની લે છે કે, 'આ હું ભક્તિ માટે કરું છું' આ શું ભૂલભુલામણી નથી ? ભ્રમણા નથી ? વીતરાગના મંદિરમાં ય અંધારાની અકળામણ પીડતી હોય, ત્યારે બહારનું તો પૂછવું જ શું ? પછી ત્યાં અસંખ્ય જીવોના સંહારનો વિચાર જ ક્યાં ? પછી ભલે ને બે-પાંચ કે એક જ મિનિટનું કશું લેવા-મૂકવાનું કામ હોય, તો ય તેવી જરૂર વિના ય ઝટ વિજળીના દીવાના ઝગારા કરવા જોઈએ છે. ત્યાં મહેનત નથી ને ? સહેજ સ્વીચ દાબી કે લાઈટ; પછી શું કામ અંધારાની ક્ષણિક ઝગારાની શાન્તિ ન આપવી ? કેટલીક વાર એવી લાઈટ ન કરે તો ચાલે એવું હોય, છતાં કર્યા વિના રહેવાતું નથી. ભલે અસંખ્ય અગ્નિકાય જીવો જન્મીને મરે ! આમ જીવહિંસાની બેપરવાઈ ઊભી થઈ ગઈ છે.

આજની શોધોની સાધન-સગવડે જીવસંહારની જાલિમ બેપરવાઈ કરાવી દીધી છે. માટે એ સગવડો વખાણવા લાયક નથી.

બે પાંચ જ મિનિટ જ બેસવું હોય, ત્યાં સગવડ હોય તો ઈલેકટ્રિક પંખો ઝટ ચલાવવા જોઈએ છે. શું બહુ જરૂર લાગતી હોય તો હાથના પંખાથી કે કપડાના છેડાથી પવન નથી ખાઈ શકાતો ? વિજળીનો પંખો ફરે એમાં કેટલા બધા વાયુકાય જીવોનો સંહાર ?

પરંતુ જ્યાં જીવહિંસાની બેપરવાઈ જ હોય, અને અંધારા વગેરેની અંદરની અકળામણ જ દૂર કરવાની તમન્ના હોય, ત્યાં મંદિરમાં ય એ વિવેક ક્યાંથી આવે કે 'મારે ભગવાનની શાંત મુદ્રા જોવી છે, લાઈટના ઝગારા નથી જોવા !' જો મંદિરમાં ય આ વિવેક નહિ, ને તેથી જ જીવસંહારની પરવા નહિ, પછી બહારમાં તો વિવેક રહે જ શાનો ? અસંખ્ય જીવોની દયાનું ભાન રહે જ શાનું ?

આમ મંદિરમાં એક બાજુ જીવદયાનો વિચાર નહિ, ને બીજી બાજુ વીતરાગ ભગવાનના અંગ ઉપર તરવરતી પ્રશાંતતા, રાગ-દ્વેષની શાન્તિ, કષાયોના અત્યંત ઉપશમ જોવા નથી, પછી વીતરાગ પ્રભુનું દર્શન શું સફળ કરે ?

વીતરાગનાં દર્શન શા માટે ? 'દર્શન કરીએ એટલે પુણ્ય મળે,' એમ પુણ્યના લોચાની આશાએ દર્શન ? આ ગણતરીમાં દર્શન કેવું થાય ? દ્રવ્ય કે ભાવ દર્શન ?

વીતરાગ પ્રભુનું દર્શન તો વૈરાગ્ય-વીતરાગતાની પ્રેરણા લેવા માટે હોય.'

એ ભાન નહિ એટલે અનંતા દર્શન નકામાં કાઢ્યાં. નહિતર જો વૈરાગ્ય, કષાયશાંતિ, અને રાગદ્વેષનો ઉપશમ પામવાના ઉદ્દેશથી દર્શન કર્યા હોત, તો એકેક દર્શન આત્મામાં સંસ્કાર નાખવા સમર્થ બન્યું હોત. તો એક જ જીવનમાં હજારો દર્શને કેવું કમાલ કામ કર્યું હોત ? વિચારવા જેવું છે કે

'જીવને આ વિરાટ વિશ્વમાં રખડતાં વીતરાગનું દર્શન ક્યાં મળે ! એ જો અહીં મળે છે, તો એને કેવું સફળ કરી લેવું જોઈએ.

રાગ-દ્વેષની સતત હોળી સળગાવતા જગતના થોકબંધ સંયોગો વચ્ચે રહ્યા, એ હોળીથી બચવા માટે વીતરાગ પ્રભુનાં દર્શન છે.

તો એ મળ્યાથી વિચાર હોય એ હું આ જ કામ કરું કે પ્રભુદર્શનમાંથી વૈરાગ્ય અને ઉપશમ ભાવની પ્રેરણા લઉં.'

દર્શનમાં ઉપશમની પ્રેરણા લેવાનું તો જ બને કે દર્શન વખતે બીજી ત્રીજી અકળામણ બાજુએ રખાય.

જો એકાદ પણ અકળામણ દા.ત. અંધારાની અકળામણ સળવળી, તો ચિત્ત એમાં પકડાયાથી વીતરાગની પ્રશાંત મુખમુદ્રા અને ઉપશમરસભરી ચક્ષુમાં ક્યાંથી ઠરે ? ત્યારે જીવ કેવો અભાગિયો કે અંનતા કાળે મળે એવો આ વીતરાગનાં દર્શનનો યોગ પામ્યો છતાં એમાં ઠરવું નથી, ને દુન્યવી બાબતોની હંમેશની લમણે લખાયેલી અકળામણો દર્શન વખતે પણ ચાલુ રાખવી છે ?

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૨૧,અંક-૪૪,તા.૪-૮-૧૯૭૩

જીવને દર્શનમાં ઠરવાની સમજુતી :-

જીવને સમજાવી દેવું જોઈએ કે પુણ્ય તું દૂબળાં લઈને આવ્યો છે એટલે જીવનમાં કેઈ પ્રકારની ખામીઓ-અગવડો રહેવાની. એની અકળામણ અનુભવ્યે જવામાં આ દુર્લભ દર્શનાદિ યોગ નિષ્ફળ જઈ રહ્યા છે. તો એવી મૂર્ખતા શા સારુ

કરે ? શા સારુ મહાતારક દર્શનાદિને એળે જવા દે ? અગવડો-ખામીઓ ઊભી રહેવા દે, દિલમાં એની અકળામણ ન ઘાલ, અને શાંતિથી દર્શન કરતાં પ્રભુના ઉપશમભાવ અને વીતરાગતામાં ઠર. અકળામણ કરવાથી અગવડ દૂર નહિ થાય. સમજી રાખો કે એ દૂર થશે તો દર્શનનું પુણ્ય વધવાથી થશે, દર્શન પર વૈરાગ્ય-ઉપશમના સંસ્કાર વધવાથી પછી દુન્યવી બાબતોની ઓછાશ-ખામી પર અકળામણ નહિ થાય.'

આ સમજૂતિ નહિ હોય તો મન દર્શન વખતે ય દુન્યવી ઘડભાંગ જ કરવાનું; દર્શન ઉપલક્કિયું થવાનું; ને આમ ને આમ જિંદગીના છેડા સુધી જીવ દર્શન કર્યે ગયે પણ પ્રભુના ઉપશમ-પ્રશાંતરસમાં ઠરશે નહિ.

એક અંધારાની અકળામણ પર પણ જીવ મંદિરમાં લાઈટોના ઝગારામાં જઈ ઠરે છે, એમાં એ પ્રભુની પ્રશાંત ઉપશાંત મુદ્રામાં ઠરવાનું ચૂકી જાય છે ત્યારે આ યાદ કરવા જેવું છે એ અહીં થોડા જ અંધારામાં શું અકળાય ? ગર્ભ અવસ્થામાં તે અંધારું કેવું ઘોર અનુભવેલું ?

ગર્ભનાં કષ્ટ યાદ રાખવાનો આ લાભ છે કે એની આગળ અહીંનાં કષ્ટ ભારે ન લાગે, દિલને એની બહુ અકળામણ ન થાય.

જન્મનું કષ્ટ :- શાંતસુધારસ શાસ્ત્ર કહે છે,

ગર્ભની પીડા કરતાં જીવ જ્યારે જન્મ પામે છે ત્યારે વધુ અધિક કષ્ટ-પરંપરાથી પીડાય છે; અને પછી દુઃખની ખણજો ઊઠે છે એ ગમે તે રીતે સુખાભાસ યાને કૃત્રિમ સુખોથી શાંત કરતો રહે છે, એટલામાં મૃત્યુની સાગ્રિત વૃદ્ધાવસ્થા શરીરને કોળિયો કરી લે છે.

જીવની આ કેવી પરાધીન અને દુઃખ-કષ્ટભરી દશા છે ! ગર્ભમાં દુઃખ, ગર્ભમાંથી બહાર નીકળતાં યંત્રમાંથી દબાઈને બહાર નીકળે એમ સારી રીતે પ્રેસ થઈને બહાર નીકળવું પડે છે. જીવ જન્મ્યા પછી ગમે તેટલી પુણ્યાઈના પ્રતાપે મોટો સત્તાધીશ કે શ્રીમંત થવાનો હોય, પણ એ પહેલાં જન્મ પામતાં કેવા કચરામણનું જાલિમ કષ્ટ પામે ?

ભલે એ અત્યારે યાદ ન આવતું હોય, પરંતુ કલ્પના તો કરી શકાય છે ને કે જે રીતે ૯ માસ ગર્ભમાં રહેવું પડે છે, અને પછી પ્રસૂતિ સમયે જે રીતે બહાર આવવું પડે છે. એમાં કેવા ભારે કષ્ટ સહ્યા હોય છે ? ત્યારે એ કષ્ટોની સામે અત્યારના કોઈથી દબામણ-કચરામણનાં કષ્ટ શી વિસાતમાં છે તે ઊંચા-નીચા થઈએ છીએ.

સંસારનું ગર્ભથી માંડીને જન્મ સુધીનું આ કષ્ટમય સ્વરૂપ એ જીવન જીવતાં કષ્ટમાં ચિત્તને શાંતિ આપવા માટે આલંબનરૂપ છે.

ત્યારે જોજો, સુખ-દુઃખ તુલના પર વધુ લાગે છે ને તુલના પર ઓછા લાગે છે.

ડોકટર શરીર પર ઈંજેકશનની સોય ભોંકવા આવે ત્યારે આંખ મીંચીને જ કલ્પના કરો કે આ મને આંગળી જેવડો જાડો ખીલો ભોંકી દેવાનો છે, તો પેલી પતલી સોય ભોંકાતા ખાસ દુઃખ નહિ લાગે. પણ એના બદલે જો સુંવાળા સ્પર્શના સુખની કલ્પનામાં રહો તો એ સોય ભોકાતાં 'હાય !' થશે.

સુખમાં ય એવું છે. રોટી-દાળ-શાક ખાતાં મનને જો એમ થયું કે ક્યાં એ રસપૂરી-પકવાન-ફરસાણનાં ભોજનનો મધુરો સ્વાદ ? ને ક્યાં આ ગટરક્લાસ ડૂચા ચાવવાનો સ્વાદ ? તો ગરમાગરમ રોટી-દાળ-શાકનું ય સુખ નહિવત્ લાગશે. એના બદલે જો એમ વિચાર્યું કે આજે કરોડો માણસને લુખ્ખા અને ઠંડાગાર રોટલાના ટૂકડા જ ખાવા મળે છે, સાથે સરખી દાળ પણ નહિ, કે શાક પણ નહિ, એના કરતાં આ ગરમાગરમ ઘી ચોપડેલી રોટલી પણ જો દાળ-શાક સાથે જમવા મળે છે, તો એ કેવું સદ્‌ભાગ્ય !' તો આ તુલનામાં જીવને સારા સુખનો અનુભવ થશે.

(૧) તુલનાથી શાંતિ મળે :-

તુલનાથી સુખ ને દુઃખ વધે કે ઘટે.

આજના વિષમ કહેવાતા સંયોગોમાં પણ ચિત્તને વધુ પડતા સંકલેશોથી આ રીતે તુલના કરીને બચાવી શકો; ચિત્તને શાંતિ-સમાધિ આપી શકો. સહેજ વધુ સુખ મળ્યું ને ચિત્ત છકી જતું હોય, વધુ પડતા હરખ કે અભિમાનના સંકલેશથી પીડાતું હોય, તો મહાશ્રીમંતાઈની તુલનામાં આ કશું મળ્યું નથી, ફોગટ હરખ કે ગર્વ શા ? એમ તુલનાત્મક વિચારવાથી એ છાક ને ઉન્માદ અટકાવી શકાય. એવો એક બીજો રસ્તો છે.

(૨) મિશ્રિત સુખ-દુઃખના વિચારથી શાંતિ રહે :-

ભલે જરા વધારે પૈસા મળ્યા, વધારે સુખ મળ્યું લાગ્યું, પરંતુ જો એની સાથે હવે એને સાચવાની કે વધુ વ્યાજ ઉપજાવવાની અથવા વેપારમાં રોકી વધુ નફો ઊભો કરવાની કેવી ચિંતા રહેશે, તેમજ આગળ પર કેવાં કેવાં કષ્ટ ઊભાં થશે, એની ચિંતા જાગે, અથવા જીવનમાં બીજાં કેટલા કષ્ટમય લફરાં વળગેલાં છે, ને હજી આવી વળગવાનાં છે, એનો વિચાર રહે, તો આ કુછ સુખમાં બહુ હરખ નહિ રહે, કે અભિમાન નહિ આવે.

આજે સરકારી કાયદા, વિવિધ ટેક્ષ, માલની અછત, ભીષણ મોંઘવારી, વ્યાવહારિક અનેક ચિંતાકારી ભાર (બોધરેશન) વગેરે વગેરે કષ્ટ એવા લમણે લાગેલાં છે કે એ જોતાં એની વચ્ચે આવી મળેલા કોઈક સુખનું શું બહુ મૂલ્ય ગણાય ? કશું નહિ તો પછી ચિત્તમાં એવા ઢગલો દુઃખથી મિશ્રિત સુખ પર શા

અભિમાન અને ઉન્માદ કે અતિ હરખ થાય ?

(૩) એમ, સુખની નાશવંતતા વિચારાય, સુખમાં જીવની પરાધીનતા દેખાય, એક સુખ મળ્યા પર ચિત્તમાં ઊઠતી મમતા અને તૃષ્ણાઓની વિટંબણા ધ્યાન પર લેવાય. તો પણ હરખ-ઉન્માદ-અભિમાન ન જાગે, જાગતા દબાઈ જાય.

આટલા જ માટે શાસ્ત્રકાર અહીં કહે છે કે ગર્ભ અને જન્મનાં કષ્ટ પસાર કર્યા પછી જીવન જીવતાં જીવને જે અર્તિ યાને ખણજો ઊઠે છે, જીવ એને ગમે તેમ સુખના આભાસો વડે શાંતિ કરવા મથે છે. શું સમજ્યા ? જીવનમાં ખાનપાનનાં સુખ મળે, પૈસાટકાનાં સુખ મળે, માન-સન્માનનાં સુખ મળે, પણ એ બધું ય ખરેખર સુખ નથી પણ સુખના આભાસ છે.

દુન્યવી સુખમાત્ર સુખાભાસ છે, શાથી ?

(૧) પહેલું તો એ જોયું કે કશુંક સુખ મળ્યું પણ જો કોઈ એના કરતાં મોટા સુખવાળા પર દૃષ્ટિ જઈ એને મળેલા સુખની તુલના થાય છે, તો ઝટ તેલમાં માખ ગરી ગઈ ! ચિત્ત દુઃખમાં ડૂબે છે કે 'હાય ! ત્યારે મને શું મળ્યું ? રાખ ?' આમ જો તુલનામાં જતાં નિરાશા નીસાસો દુઃખ થઈને મનને સુખની લાગણીનો લોપ થઈ જતો હોય, તો એ સુખ સુખ નહિ પણ સુખનો આભાસ જ કહેવાય ને ? એમ, વળી

(૨) પહેલાં કહ્યું તેમ, સુખની સાથે દુઃખના કેટલાં મિશ્રણ છે એ જુઓ કે દુઃખ ચિત્ત-સતાંપમાં નાખે એટલે પત્યું, ચિત્તમાંથી સુખનું સંવેદન ઊડ્યું સમજો. દેખાય છે ને કે મીઠો લાડુનો ટૂકડો ખાતાં વચમાં જો કાંકરી ચાવવામાં આવી ગઈ, તો એ વખતે તો દુઃખનો જ અનુભવ થાય છે, પેલો મિઠાશના સુખનો અનુભવ એ સમયે તો બંધ. બસ, આ રીતે ગમે તે વાતનું સુખ અનુભવતાં બીજી ત્રીજી પ્રતિકૂળતાનો વિચાર આવ્યો, અગર પૂર્વનાં કોઈ દુઃખની યાદ આવી મનને શોક થયો, તો એ ક્ષણે સુખાનુભવ નષ્ટ થઈ જાય છે. શું સુખનું સાધન ઊડી ગયું છે ? ના, છતાં જો સુખાનુભવ નષ્ટ તો એ સુચવે છે કે તો પછી એ સાધનમાં ખરેખર સુખ હતું જ નહિ, સુખાભાસ જ કહેવાય.

આના તો ઘણા દાખલા મળે. સગર ચક્રવર્તી છ ખંડના સામ્રાજ્યનું સુખ ભોગવતા હતા, પરંતુ જ્યાં સાંભળ્યું કે પોતાના ૬૦ હજાર પુત્ર અષ્ટાપદતીર્થની રક્ષા કરતાં દેવતાના ગુસ્સાના ખપ્પરમાં હોમાઈ ગયા, ત્યાં ભારે શોકમાં પડી જાય છે.

એ વખતે એમને પૂછો, 'શા માટે રુઓ છો તમારે તો છ ખંડનું રાજ્ય, ચૌદ રત્ન, નવનિધાન, એક લાખ બાણું હજાર રાણીઓ મોજુદ છે પછી સુખ જ માણો ને ?'

તો એ સમ્રાટ રાજા શું કહે ? આવું જ કાંઈક ને કે, 'શું રાખ સુખ ? મારા ૬૦ હજાર દીકરા એકી કલમે મરી ગયા, એ કેવું મહાદુઃખ આવ્યું ! છ ખંડના સામ્રાજ્યના સુખ ચૂલામાં ગયા. મારે તો દુઃખનો પાર નથી રહ્યો.'

આ જવાબ શું સૂચવે છે ? છ ખંડની ઠકરાઈ અને લાડી-વાડી-ગાડીના ભરચક સાધનોમાં ખરેખરું સુખ હોત, તો એ તો ઊભા જ હતા તેથી એમાં રહેલ સુખનો અનુભવ અંખડ ચાલત. પરંતુ એવો અંખડ સુખાનુભવ નથી, તેથી એમાં ખરેખરું સુખ નહિ પણ બનાવટી કાલ્પનિક સુખ છે-સુખાભાસ છે એ સાબિત થાય છે. એ તો સગર ચક્રવર્તી શાણા હતા એટલે થોડી જ વાર શોકનો અનુભવ કરી પછી તરત જ આ સુખાભાસની લીલાથી ઊભગી ગયા અને એનો ત્યાગ કરી ચારિત્ર માર્ગે ચડી ગયા.

સંસારમાં ડગલે ને પગલે અનુભવાય છે કે એક યા બીજા પ્રકારનું મનને કશું દુઃખ લાગતાં સુખનો અનુભવ ઊડી જાય છે, માનેલું સુખ ગોઝારું લાગે છે રૂપાળી સ્ત્રીમાં સંસારસુખ ભારે દેખાતું હોય, પણ જો ખબર પડે કે આ સ્ત્રી તો ખાનગીમાં અહીંના માલ-સામાનથી પોતાના બાપનું કે ભાઈનું ઘર ભરે છે, યા આચારભ્રષ્ટ છે, તો પછી એ સંસારસુખમાં ને સ્ત્રીસુખમાં ધૂળ પડી દેખાય છે, મન ઉદ્વેગમાં રહે છે. તો સ્ત્રીમાં ખરેખર સુખ ક્યાં રહ્યું ?

સંસારની એક ચીજ એવી નથી કે જેમાં સાચું સુખ હોય. એને દુઃખનાં મિશ્રણ એવા લાગેલા જ હોય છે કે જે, એ ચીજ છતે, સુખાનુભવને ઉરાડી મૂકે છે,

(૩) સુખ ભયમિશ્રિત માટે સુખાભાસ :-

અરે ! દુઃખનું મિશ્રણ ઊભું ન પણ થયું હોય, કિંતુ કશાક દુઃખનો ભય પણ ઊભો થાય, તો ય એ ક્ષણે સુખાનુભવ અલોપ થઈ જાય છે. મોટો ઈંદ્ર ઈંદ્રપણાનો ઠાઠ ભોગવતો હોય, પરંતુ જો એને એ ભય લાગે કે 'હે ત્યારે મારે હવે નજીકમાં મરવું પડશે !' તો એ ભયની લાગણી સુખના અનુભવને ઉરાડી મૂકે છે. એ બતાવે છે કે ઈંદ્રપણાની સાહ્યબીમાં સાચું સુખ હતું જ નહિ, નહિતર એ શાનું ઊડે ?

ત્યારે સંસારમાં ભય ક્યાં નથી ? જરાક ઊજળું કપડું પહેર્યું કે ભય રહે છે કે 'આ એકદમ મેલું તો નહિ થાય ને ?' માલ ખાવાના સુખની સાથે બીક રહે રહે છે કે 'આ અજીર્ણ તો નહિ કરે ને ?' યા, ભૂખ જલ્દી શમીને થોડાંમાં તો નહિ પતે ને ? નહિતર માલ ઠીક ઠીક ખાવાની મઝા ઊડી જશે !' પૈસા બહુ કમાયા ને ભય આવ્યો જ છ કે 'ઈન્કમટેક્ષવાળો ઝાઝું આંચકી તો નહિ લે ? યા ભાઈના ભાગમાં સારા જેવું તણાઈ તો નહિ, જાય ?'

ભય ક્યાં નથી ? સંસાર-સુખની ચીજે ચીજે ભય લાગેલા છે. ભયની

કલ્પના ઊઠતાં સંતાપ થાય છે, ત્યાં જ સુખાનુભવ ઊડી જાય છે. માટે એ ખરેખર સુખ નહિ, સુખાભાસ જ છે. પ્રશ્ન થાય,

સુખ નહિ, તો સુખાનુભવ કેમ ?

પ્ર.- તો પછી, પહેલાં જો ખરેખર સુખ નહોતું તો સુખનો અનુભવ કેમ થતો હતો ?

ઉ.- એનું કારણ રાગદશા-ખણજ-આતુરતા-ભૂખની પીડા છે. અર્તિ છે પહેલાં એ પીડા-અર્તિ ઊભી થઈ એટલે એને શાંત કરનાર વિષય મળતાં સુખનો આભાસ થાય છે. માટે, સંસારમાં સુખ નહિ સુખાભાસ હોવાનું આ ચોથું કારણ છે,-

(૪) સુખનો અનુભવ પૂર્વની કોઈ રાગદશા ભૂખ-ખણજની પીડા અર્તિના લીધે જ થાય છે, માટે એ ખરેખર સુખ નહિ, પણ દુઃખના પ્રતિકારરૂપ સુખાભાસ છે.

ભૂખ-ખણજ-આતુરતાની પીડાને ક્ષણવાર હટાવનાર વિષય મળે એટલે સુખ લાગે છે. દા.ત. ગધેડાના માથે ખાસો ભાર ચડાવી કુંભાર ઉપર ચડી બેસે છે. પછી થોડે આગળ જઈ ઉપરથી ઊતરી જાય છે એટલે ગધેડાને સુખ લાગે છે શાનું સુખ ? કુંભારે શું નવું આપ્યું ? કશું નહિ. પેલી વધુ ભારની પીડા હતી, ભાર ઊતરી જવાની ભૂખ હતી, તે અડધો ભાર ઊતરી જતાં એ પીડાના નાશમાં સુખ લાગે છે. માટે એ ખરેખર સુખ નહિ, પણ દુઃખ નાશમાં સુખનો આભાસમાત્ર છે.

એમ, મીઠાઈ ખાવાની ભૂખ-લગની ઊભી થતાં એ ખાવા મળે એટલે સુખ લાગે છે. સુખ શામાં ? મીઠાઈમાં નહિ, પણ પેલી ભૂખ મીઠાઈ ખાતાં શાંત થતી આવે છે. એનું સુખ અર્થાત્ ભૂખના દુઃખના પ્રતિકારમાં દુઃખની શાંતિમાં સુખ તો પેટપૂર ખાઈ લીધા પછી એની એ જ મીઠાઈ ખાતાં સુખ નથી અનુભવાતું કારણકે મીઠાઈમાં સુખ હતું જ નહિ. સુખ તો ભૂખની પ્રતિકાર ભૂખની શાંતિ થવામાં હતું. શાંતિ થઈ જતાં, હવે તત્કાલ ભૂખ નથી તેથી જો જમાડનાર પરાણે મીઠાઈ ખવરાવે તો દુઃખ લાગે છે, ઉબકા આવે છે. મીઠાઈમાં જો સુખ સાચું હોત તો આ દુઃખ શાનું ? સિંગલ મીઠાઈમાં સિંગલ સુખ; ડબલમાં ડબલ, ચારઘણીમાં ચારઘણું સુખ કેમ નહિ ?

પ્ર.- પણ તો પછી અમને જ્યારે જ્યારે મેવા-મીઠાઈ મળે ત્યારે ત્યારે સુખ લાગે છે તે એમાં સુખ વિના ?

ઉ.- જ્યારે જ્યારે મેવા-મીઠાઈ ખવાય ત્યારે ત્યારે સુખ લાગે છે આ વાત બરાબર નથી.

(૧) શરીરમાં તાવ કે એવી કોઈ બિમારી હોય તો મેવા-મીઠાઈ મળવાં છતાં જરાય ભાવતાં જ નથી; એમાં કશું સુખ લાગતું નથી એમ

(૨) સાજેસારે ભૂખ્યા પેટે **તરતમતાવાળી** બે મીઠાઈ સામે આવે દા.ત. શીરો અને શિંખડપૂરી, તો શીરામાં સુખ લાગતું નથી, એને અડવાનું ય મન નથી થતું તેમજ

(૩) પૂર્ણ ભરેલા પેટે તો એ શિખંડપૂરી પણ સુખભર્યા લાગતા નથી.

એ સૂચવે છે કે સુખ મીઠાઈમાં નથી. એ તો અંતરની ઝંખના-તૃષ્ણાની મનની અર્તિ ઊભી થઈ હોય અને એને કોઈ ચીજથી મિટાવાય તો સુખનો અનુભવ થાય. એટલે

સુખ માત્ર અર્તિપીડાની શાંતિ-વિરામ-વિરતિમાં છે.

વસ્તુમાં સુખ લાગે છે તો જ્યાં સુધી વસ્તુની તૃષ્ણા-રાગ-લગનીની અર્તિ ઊભી છે ત્યાં સુધી જ લાગે, પણ એ મટ્યા પછી નહિ. એટલે સુખ રાગ-તૃષ્ણાના ઘરનું.

જોઈ વળો દુનિયામાં અને પોતાના જીવનમાં, આ જ હકીકત દેખાશે. પૈસા લાવવાની લગની લાગી, ગયા પૈસા લેવા, પૈસામાં સુખ દેખાયું, પરંતુ જો કોઈ એવો સંયોગ બની આવ્યો કે જેણે પૈસાની તૃષ્ણાને ધક્કો લગાડ્યો, તો હવે એ જ પૈસામાં દુઃખ દેખાવાનું દા.ત. ઘરે પત્નીને બિમાર મૂકીને બજારે ગયા હતા, પણ બજારમાં સમાચાર આવ્યા કે 'પત્નીની તબીયત આખરી સ્થિતિની બેભાન થઈ ગઈ છે,' તો ઝટ દોડ્યા ઘરે, પત્નીને કશું પૂછવાની તે એની પાસેથી જવાબ મળવાની સ્થિતિ રહી નથી, ત્યાં મનને એમ થશે કે 'હાય ! આ બજાર ને પૈસા કેવા ગોઝારા કે એના લોભમાં દોડ્યો ને અહીં આ સ્થિતિ થઈ ! છેલ્લું છેલ્લું પૂછગાછ કરવાનું ય ન બન્યું ! અહીં પાસે હોત તો તબીયત વધુ નરમ દેખાતાં તરત મોટો ડોકટર લાવી ઈલાજ કરાવત. હાય ! બાજી હાથથી ગઈ આ પૈસા ને બજાર કેવા ઠગારા કે મારે આમ પત્ની ગુમાવવાનો અવસર આવી ઊભો !'

શું કરી રહ્યો છે આ ? પૈસામાં ભારોભાર દુઃખ જોઈ રહ્યો છે. પૈસા તો આખી દુનિયાને ગમે; એમાં દુઃખ ? હા, દુઃખ. સુખ નહિ ? ના સુખ તો એની તૃષ્ણા હતી ત્યાં સુધી જ લાગતું હતું. પરંતુ સંયોગોએ એ તૃષ્ણાને ધક્કો લગાડ્યો એટલે **સુખ જે તૃષ્ણાના ઘરનું હતું તે તૃષ્ણા ઊડવાથી ઊડ્યું.**

પેલા ઝવેરીની વાત જાણો છો ને ?

ઝવેરાત ખરીદવા પૈસા લઈ પરગામ ચાલ્યો હતો; ને રસ્તામાં એક માણસ હાંફળો-ફાંફળો જતો મળ્યો. વાતચીત કરતાં એ કહે છે, શું કરું ? દેવાળું નીકળે એવી સ્થિતિ બની ગઈ છે તેથી અમારે ત્યાં પેઢીઓથી ચાલી આવતો હીરાનો હાર વેચવો પડે એવું થયું છે. તે વેચવા ઝટપટ જઈ રહ્યો છું.'

ઝવેરી કહે 'તો હું ઝવેરાત ખરીદવા નીકળ્યો છું, તેથી મને જ બતાવો હાર, ઠીક લાગે તો હું જ ખરીદી લઉં.'

જોજો, સુખ ક્યાં એની વાત અહીંથી શરૂ થાય છે. ઝવેરી શું જોઈ રહ્યો છે ? વેપારી કરતાં આવા માણસ પાસેથી સસ્તામાં હાર મળે તો મઝા. સસ્તા હારમાં સુખ જોઈ રહ્યો છે.

પેલો જરા બરાબર ચકાસે છે કે આ કોઈ ઉઠાવગીર તો નથી ને ? પછી સારો માણસ ધારી હાર બતાવે છે. ઝવેરીની તે જોઈ આંખો નાચે છે ! મનને થાય છે કે, "વાહ ! કેવો સરસ હાર ! આના તો લાખ રૂપિયા ઊપજે. જોઉં છું એ શું કહે છે.' એમ કહે છે,-

'ભાઈ ! આનું શું લેવા ધારો છો ?

પ્રવાસી કહે 'આમ તો ખબર નહિ કે અમારા વડવાઓએ કેટલામાં ખરીદ્યો હશે તેમ અત્યારના બજારની સ્થિતિ શું છે તે તો મોટા શહેર જાઉં અને તપાસ કરું ત્યારે ખબર પડે.

'તો ય તમારી ધારણા કેટલી ?'

'ધારણા તો શું કહેવાય ? પરંતુ મારે ઓછામાં ઓછી પચીસ હજાર રૂપિયાની જરૂર છે. એટલે આના એટલા ઊપજી જાય તો બસ, માટે એટલેથી ઓછે તો વેચવાનો જ નથી.'

ઝવેરી જુએ છે કે આ ગમાર લાગે છે, લાખ રૂપિયાનો માલ ૨૫ હજારમાં આપવા તૈયાર થયો છે ! છતાં હું એકદમ હા ભણું તો એને કદાચ ઠગાવાનો વહેમ પડે; તેથી ઓછે માગું.' એમ વિચારી કહે છે, 'ભાઈ ! એટલા બધા રૂપિયા આના ન ઊપજે.'

'ત્યારે કેટલા ધારો છો ?'

'બહુ બહુ તો આના ૧૫ હજાર એટલે તો હદ થઈ ગઈ.'

પ્રવાસી કહે, 'તો રહેવા દો. મારે તો રૂપિયા પચીસ હજારની જરૂર છે. એમાં એક રૂપિયો ય ઓછો નહિ.'

'હશે, એમ કરો. રૂા. ૧૭ હજાર પૂરા લઈ લો.'

'મેં ના ન કહી ? રહેવા દો, જવા દો મને. તમારાથી નહિ લેવાય.' એમ કહી એ ચાલવાનું કરે છે.

ઝવેરી કહે, 'તો લો, ૨૦ હજાર પૂરા લઈ લો.'

'એ કાંઈ ન બને. માથા ફોડ મૂકો, જવા દો મને.'

'અરે ભાગ્યશાળી ! આ તો રોકડો સોદો છે...હશે, એ તો કહો તમારા

વડવાઓની આ હાર પછી સ્થિતિ કેવી રહી ?'

પેલા કહે, 'સ્થિતિનું શું પૂછો છો ? ખૂબ સારી વાડી-વસ્તાર-આબરૂ, બધું સારું. આ મારે ય સારું હતું.' પરંતુ જરા ગફલત થઈ, દલાલે ઊંધા પાટા ભણાવ્યા; હું ભોળવાયો, ને ખોટ મોટી આવી ગઈ.'

ઝવેરી કહે 'એમ ? તો તો ભલે મારે ૫-૧૦ હજાર વધારે લાગે, શુકનવંતો હાર મને બીજા સારા લાભ કરશે લ્યો આ પૂરેપૂરા રૂ. ૨૫ હજાર.'

એમ કહી ઝવેરીએ રૂપિયા ગણી આપ્યા, હારનું બૉક્સ લઈ લીધું, પેલો રૂપિયા લઈ ચાલતો થયો. આ વિચાર કરે છે, 'કોને ખબર હાર કેવા શુકનનો હોય ? આ તો એને ભોળવવા શુકનનું પૂછ્યું. બાકી શુકનવંતો હોય, તો એ મોટી ખોટ શાની ખાય ? ખરું તો આના રૂપિયા રોકડા થાય એમ છે માટે શહેરમાં જઈને વેચી રોકડા કરવા દે. રોકડા થવા પર વેપાર વગેરે બહુ કામ થશે.'

બસ, એમ વિચારી ઝવેરી ચાલ્યો આગળ. રસ્તે ચાલતાં મલકાઈ રહ્યો છે, 'વાહ ! સારા શુકને ઘરેથી નીકળવાનું થયું; શુકન ફળ્યું ખાસો ૭૫ હજાર રૂપિયાનો નફો ! દસ-પંદર વરસની કમાણી એક જ સોદામાં, બસ, બંદા બેઠે ખાશું તો ય ચિંતા નહિ.'

ઝવેરી રૂપિયામાં સુખ જોઈ રહ્યો છે; સોદો કર્યો એમાં સુખ જોઈ રહ્યો છે. પરંતુ જોજો, સુખ એમાં નહિ પણ એની તૃષ્ણાભરી ગણતરીમાં છે. એટલે જો એ ગણતરી ઊંધી વળી ને ? તો સુખનું જ મહાદુઃખ થવાનું છે. **ત્યારે કર્મે દબાયા માણસની ગણતરીનો શો ભરોસો કે એ સાચી જ નીવડે ?**

અશુભ કર્મ ઊછળ્યા એટલી જ વાર, ગણતરી બધી ઊંધી. પછી જે એ તૃષ્ણા કરી એના પર તિરસ્કાર છૂટશે. એ જ તૃષ્ણામાં ને ગણતરી તથા પૈસામાં મહાદુઃખ દેખાશે. તો બોલો, સુખ પૈસાના ઢગલામાં ખરું ? હજી આ ગળે નથી ઊતરતું કે પૈસાના ઢગલામાં સુખ નથી, કેમ વારું ? ઠીક લ્યો જુઓ, હમણાં સમજાશે. ઝવેરીના હાલ શું બને છે એ જુઓ એટલે ગળે ઊતરશે.

ઝવેરી મલકાતો મલકાતો ચાલ્યો જાય છે, એટલામાં શહેરની નજીક આવી પહોચ્યો ત્યાં કિલ્લા પરથી ઢોલ પીટાઈ કશું જાહેર થતું સંભાળાયું એ જરા આગળ વધી ઊભો રહીને જાહેરાત હવે સ્પષ્ટ સાંભળે છે.

નગરના કિલ્લા પરથી જાહેર કરાઈ રહ્યું છે કે મહારાજાની રાણીનો હાર ચોરાયો છે, એની ભાળ આપશે એને ઈનામ મળશે, અથવા ગમે ત્યાંથી મેળવનાર સીધેસીધો આપી જશે, તો એને માફી આપવામાં આવશે. નહિતર પછી સરકારી તપાસમાં જેની પાસેથી એ મળી આવશે, એને ગરદને મારવામાં આવશે.'

પત્યું, આ સાંભળતા ઝવેરી બચ્ચાંના હોશકોશ ઊડી ગયા ! એને તરત લાગ્યું કે 'નક્કી, આ હાર રાણીનો, ને ચોર મને ગળે બઝાડી ગયો. હાય ! ત્યારે હવે મારું શું થાય ? જો ભાળ આપવા જાઉં, ને નથી ને મારી ઝડતી લે ને હાર મળી આવે, તો તો મારા બાર જ વાગે. હકીકત કહું, તો મારું કોણ માને ? મને જ પકડે કે તું જ ચોર. પછી તો મારું ગળું જ કપાય. હાય હાય ! ક્યાં મેં આ સોદો કર્યો ? આ મારી તૃષ્ણા, આ સોદો, ને આ માલ બધા ય ગોઝારા.'

ઝવેરી જે હીરાના હારમાં દસ વરસના સુખના દર્શન કરતો હતો, એને હવે એમાં જ ગળું કપાવાનું દુઃખ દેખાય છે.

લાખ રૂપિયાના હીરાના હારમાં સુખ કે દુઃખ ?

એકી કલમે પોણો લાખનો નફો કરાવે એવા સોદામાં સુખ કે દુઃખ ? માનો ને કે એ હાર વેચીને ધાર્યો નફો કરી ય લીધો હોય પણ પછી હાર પકડાતાં તપાસમાં પોતાને પકડવાનું આવે તો શી દશા ? મૂળ ચોરનો તો પત્તો ય ન હોય, એટલે શી રીતે બતાવે કે મેં તો આની પાસેથી લીધો હતો ? અથવા વેચવા જાય ને સામા વેપારીને કદાચ વહેમ પડે અને પાછલા બારણેથી પોલિસને બોલાવી પકડાવે તો શું થાય ? નફાના સોદામાં ને નફામાં એકાંત સુખ ખરૂ ?

ઝવેરી જુએ છે કે હવે વિલંબ કરવામાં મઝા નથી, હવે તો ક્યાંક કૂવો મળે તો એમાં હાર પધરાવી દઉં, જેથી ભલે રૂપિયા જાય, પણ પ્રાણ તો બચે ?' શું જોયું એણે ? લાખનો માલ કૂવામાં પધરાવવામાં જાન બચ્યાનું સુખ ! પચીસ હજાર રૂપિયા ગુમાવવામાં સુખશાંતિ !-' મુઆ પચીસ હજાર જહન્નમાં ગયા; પણ નિરાંત તો રહે ?'

બસ, આસપાસ જોતાં ખેતરમાં કૂવો દેખ્યો, ઝવેરી ગયો પાસે, ઊભા ઊભા બૉક્સ નાખતાં કદાચ દૂરથી સિપાઈ કોક જોઈ જાય તો ? એટલે નીચો વળી કૂવા પાસે મોં લઈ જઈ ખીસામાંથી હીરાનું બૉક્સ કૂવામાં પધરાવી દીધું. પછી ઊભો થઈ છૂટકારાનો દમ ખેંચી 'હાશ !' કરતો ચાલ્યો શહેર ભણી.

દરવાજાના નાકે આવાતાં સિપાઈઓ પૂછે છે 'કોણ છો ?'

આ કહે 'પરદેશી વેપારી છું.'

સિપાઈ કહે, 'તમારી પાસે હાર છે ?'

'હાર શાનો ? ના ભાઈ ! મારી પાસે હાર નથી.'

'પણ તમારી જડતી લેવી જોઈશે.'

ઝવેરી બહાદુરીથી હાથ પહોળા કરી કહે છે, લ્યો જોઈ લો, ખુશીથી જુઓ.'

સિપાઈઓ ખીસા પાકિટ તપાસે છે, ને ઝવેરી મનમાં મલકાય છે કે 'હાશ ! કેવો બચ્યો ? પાસે જો ગોઝારો હાર હોત તો મુઓ પડ્યો 'તો' બોલો,

લાખ રૂપિયાનો હીરાનો હાર ગોઝારો ? કે સારો ? સુખભર્યો ? કે દુઃખ ભર્યો ?

ઝવેરી હારમાં મોત દેખી એ કૂવામાં પધરાવી દીધા પર અત્યારે મલકાય છે; અને જીવનભર જ્યારે જ્યારે આ સિપાઈઓની જડતી યાદ આવશે ત્યારે ત્યારે આ લાખ રૂપિયાનો હાર કૂવામાં પધરાવી દીધા બદલ ખુશી માનશે. ત્યારે લાખના હારમાં સુખ ક્યાં રહ્યું ? એક સવાલ છે,-

પ્ર.- પણ એ તો મોતના દુઃખની સામે સુખરૂપ નથી લાગતું. બાકી તો ૨૫ હજાર ગુમાવ્યાનું ય દુઃખ તો થશે ને ? પૈસામાં સુખ ન હોત તો શું કામ એ દુઃખ કરે ?

ઉ.- અહીં તમે જ કબૂલ કર્યું કે 'મોતના દુઃખની સામે લાખ રૂપિયાના હારમાં સુખ ન લાગ્યું,' તો પછી એમ ગમે તેને તત્કાલ મોત નહિ સહી, પણ પછીથી ય મોતનું દુઃખ તો આવવાનું જ છે ને ? એ વખતે શું રૂપિયા, કે શું પરિવાર, કે શું વિષયો, કશામાં સુખ ક્યાં રહેવાનું ? મોતની ડાગળી ફાટતી વખતે જીવની દશા જોઈ છે ને ? એને પૈસા-પરિવાર-વિષયો બધું ઊભું છે, છતાં એ કશામાં સુખ દેખાય છે ? ઊલટું એમ લાગે છે કે 'હાય ! આ બધી એકીકલમે ખોવાઈ જતી માયા પાછળ મેં જિંદગી ક્યાં વેડફી નાખી ? ક્યાં એની મમતા-તૃષ્ણામાં સારું કરવાનું ગુમાવ્યું, તે હવે હું ક્યાં જઈશ ?'

સાર આ છે કે જગતના પદાર્થોમાં સુખ નથી, સુખાભાસ છે, કેમકે રાગ-તૃષ્ણા-મમતાની પીડા છે ત્યાં સુધી જ એમાં સુખ લાગે છે, મૃત્યુ વખતે એ પૈસા-પરિવાર-વિષયોની મમતા નકામી જતી દેખાય છે તેથી દુઃખ લાગે છે. સુખ લાગતું હોત તો સુખે આનંદ સાથે મરત. પણ પોતે મરે છે એ બતાવે છે કે એ દુઃખી છે; અને દુઃખ મમતા નિષ્ફળ જતાનું છે. **જે સાધુ પુરુષોએ નાશવંતની પહેલેથી જ મમતા છોડી દીધી છે, એ સુખદ મૃત્યુને પામે છે.**

શાંતસુધારસ શાસ્ત્ર કહે છે,-

સંસાર એવો છે કે જીવ જ્યાં અંતરની રાગ-તૃષ્ણા-ઝંખનાની વેદનાને સુખનો આભાસ કરાવનારા વિષયોથી શાંત કર્યે જતો હોય છે એટલામાં તો ઘડપણ આવીને કાયાને ઘેરી લે છે. ત્યાં પછી ઈન્દ્રિયો અને પેટ વગેરે ગાત્રોની શિથિલતા ઊભી થયે એ જ વિષયો ખાવા ધાય છે. કેવો અસાર આ સંસાર !

ઘડપણ ગમે છે ? ના, છતાં સંસારનો ક્રમ એ લાવી મૂકે છે. ન ગમતું

લાવી મૂકે એ સારભૂત કે અસાર ? એ માલવાળી ચીજ ? કે તુચ્છ ચીજ ? ઉઘાડી આંખે દેખાય છે કે જુવાનીમાં આવેલા જોતજોતામાં ઘરડાં થઈ ગયા. ઘડપણ આવ્યું એટલે ઈન્દ્રિયો શિથિલ પડી ગઈ; પોતાના વિષયોને પકડવામાં અને જીવને એની મઝા આપવામાં એ અસમર્થ બની ગઈ. આમે ય જે વિષયોની વેઠ કરવામાં લાગતી મઝા, આનંદ અને સુખ આભાસ-રૂપ હતા, તે પણ વિષયો હવે ઘડપણના લીધે ભોગવીને સુખાભાસ અનુભવી શકાતો નથી. તો પછી

એટલા વિષયોની વેઠ ઘડપણમાં ઓછી થવાથી જીવને નિરાંત થઈ ?

ના, કેમકે અંદરની વાસનાઓ ક્યાં મરી છે ? માટે તો ઘરડાને કોઈ સરખા યુવા-યુવતી મંડાય, તો જુગતી જોડી બન્યાનો આનંદ થાય છે.

જુગતી જોડી હોવાનું કઈ દૃષ્ટિએ જુએ છે ? કહો, વિષયની વાસનાની સારી પૂર્તિ થાય એ દૃષ્ટિએ. એ જોડી વિષયો સારા ભોગવી શકશે એનો ઘરડાને આનંદ થાય છે ! પોતે ભોગવટાથી પરવારી ગયો છતાં પોતાના અંતરમાં વિષયોનું ગળચટાપણું ઊભું છે, વિષયવાસના ઊભી છે. માટે ગળચટા વિષયો મેળવનાર સુખી થયો લાગે છે, અને પોતાને ઘડપણના લીધે વિષયોની મઝા ન મળી શકતી હોવાથી લાચારી લાગે છે.

ઘડપણમાં બ્રહ્મચર્ય પણ લેશે, છતાં જુવાનીમાં વિષયના રંગ વખતે મનને જે ખુમારી હતી, મસ્તી હતી, તેવી અત્યારે વ્રત લેવામાં નહિ. શું અત્યારે મનને એમ થાય ખરૂ કે,

'વાહ ! ફાવી ગયો આ વ્રતથી. હાશ ! ગધેડાપણું જઈ ખરી માનવતા આવી.'

આવું જો થતું હોય તો જુવાન દંપતીની જુગતી જોડી જોઈ એના પર ઓવારી જવાનું ન થાય. ગદ્ધા રમતના ભાવમાં આવેલા પર ઓવારી જવાનું શું ? પરંતુ ઘડપણ છતાં ય વિષયવાસના ઊભી છે, તેથી વિષયોની બોલબાલા દેખાય ત્યાં દિલ ઠરે છે.

તો પછી પોતે વ્રત કેમ લીધું ? કહો, એક તો ઈન્દ્રિયોના થનગનાટ મોળા પડયા છે, પાવર ઊતરી ગયા છે, તેથી ખીલતી યુવાની જેવી વિષયોની મઝા માણી શકાતી નથી; અને બીજું એ કે થોડો પાપનો ભય લાગે છે કે, 'થોડું ઘણું વ્રત ન પાળું તો સદ્‌ગતિ ન મળે, ને દુર્ગતિમાં પડવાનું થાય તો ?' આ બંને કારણમા વિષયોની હાર્દિક ઘૃણા તો છે નહિ. પછી બીજાના વિષયરંગ પર નારાજ થવાનું શાનું હોય ?

આમ ઘડપણમાં પણ કેવી કેવી વિટંબણાઓ છે ! વિષયના ભોગવટા કેટલાક

બંધ છતાં એ વિષયોના આકર્ષણ બંધ નથી. સારા સારા ભારે પદાર્થ ખાઈ શકાતા નથી છતાં એનો મોહ એમજ ઊભો છે, તેથી નીસાસા નાખે છે કે 'હાય ! શું કરું ? પેટમાં પચતું નથી એટલે આવી સારી ચીજ ખાઈ શકાતી નથી.' હવે જિંદગીભર ખાઈ શકવાનો નથી. છતાં જ્યારે જ્યારે સારી ચીજ જોશે ત્યારે ત્યારે નીસાસો નાખશે, પણ મેવા-મીઠાઈએ જીવનું સત્યાનાશ કાઢ્યું, કેવા એ જીવના ભયંકર શત્રુ !' કેમ ઘૃણા નહિ ? જીવનભર રાગ કર્યા છે માટે.

સંસાર ઠેઠ ઘડપણ સુધી વિટંબણા ભર્યો છે. ઘડપણમાં ય વાસનાની વિટંબણા તો ખરી, પરંતુ બીજી ય કેટલી બધી વિટંબણા ? શરીર કામ આપે નહિ ઈન્દ્રિયો કામ આપે નહિ આંખે બરાબર દેખાય નહિ, કાને ઠીક સંભળાય નહિ, દાંતે ચવાય નહિ..રોગો ય પીડતા હોય. એમ સ્નેહી સંબંધી હવે એટલાં માન-સન્માને ય આપતાં ન હોય, વારે વારે બોલાવતાં ચલાવતાં ય ન હોય, એમાં પાછું મન એવું આળું કે આવું બધું જોઈ ખિન્ન-ખિન્ન રહેતું હોય. પોતાને માન નહિ ને બીજાને માન મળતાં હોય એ જોયું જાય નહિ સહી શકાય નહિ. એવી બીજી કેટલી ય વિટંબણા !

સંસાર વિટંબણાની ખાણ, પગે લાગવા જેવો છે.

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" **વર્ષ-૨૧,અંક-૪૫,તા.૧૧-૮-૧૯૭૩**

સંસાર કેવો ? તો કે શાસ્ત્રકાર વળી કહે છે,-

विभ्रान्तचित्तो बत बम्भ्रमीति... पक्षीव रुद्धस्तनुपञ्जरेऽगी ।
नुन्नो नियत्याऽतनुकर्मतन्तु-सन्दानित सन्निहितान्तकौतुः ॥

અર્થાત્ જેમ કોઈ પક્ષી ભ્રમણાથી જાળનાં તાંતણે બંધાયેલું એવા પ્રદેશમાં ભમ્યા કરે કે જ્યાં એને પાંજરાંમાં પૂરાવું પડતું હોય, અને એની નજીકમાં જ કોઈ બાજ પક્ષી કે બિલાડો એને ભરખવા તૈયાર હોય, તે અવસર આવતાં પાંજરૂ તોડફોડ કરી નાખે, ને પંખેરું પાછું જ્યા ત્યાંથી છૂટીને જાળના ઢગલાબંધ તંતુથી પકડાયેલું ભમવા માંડે કે તરત બીજા પાંજરાંમાં પૂરાવું પડતું હોય અને પાંજરાં પાસે બિલાડું ભરખવા તૈયાર જ હોય; એવી રીતે આ જીવ શરીરરૂપી પાંજરાંમાં પૂરાય છે, એને ભરખી લેવા મૃત્યુ પાસે જ રહે છે; એ મૃત્યુથી શરીર નષ્ટ-ભ્રષ્ટ થયે જીવ છૂટ્યો તો ય કર્મજાળના અસંખ્ય તંતુથી બંધાયેલો ચાર ગતિરૂપ સંસારમાં ભમતો રહે છે. અને એમાં તરત જ ક્યાંક પાછો શરીરરૂપી પાંજરાંમાં પૂરાય છે કે જ્યાં પાછું મૃત્યુ નિકટમાં જ રહે છે. ત્યાં ચોક્કસ પ્રકારના સંબંધ નિયતિ અર્થાત્

ભવિતવ્યતાના હિસાબે મળે છે. જેવી ભવિતવ્યતા, તે પ્રમાણે અમુક અમુકની સાથે સંબંધ જોડાય છે.

કેવી સુંદર ઉપમા ?

(૧) શરીર એ પાંજરૂ છે. (૨) મૃત્યુ એ બિલાડું છે.

(૩) જીવ સંસારમાં ભમે છે તે ભ્રાન્ત ચિત્તના કારણે.

(૪) ચિત્તની ભ્રાન્તિના લીધે, ભ્રમણાના કારણે અસંખ્ય કર્મજાળના તંતુથી જીવ બંધાય છે, અને તે કર્મતંતુ જીવને ભમાડીને નવા શરીર-પાંજરાંમાં પૂરે છે. તે તે ગતિ-શરીર આપનાર કોણ ? કર્મ. ત્યારે,

(૫) ભવિતવ્યતા ચોકસ પ્રકારના સંબંધો મેળવી આપે છે.

શરીર-પાંજરાં પર મોહ ને ગર્વ એ બાલિશતા :-

આ ઉપમા પર વિચાર કરીએ તો સંસારમાં જીવની ભારે પરાધીનતા-ગુલામીનો ખ્યાલ આવે. દા.ત. જીવને માટે શરીર એ પાંજરૂ છે, ને એમાં પોતે પક્ષીની જેમ કેદ પૂરાય છે. પક્ષી આમ તો ગગને યથેચ્છવિહારી; પરંતુ પાંજરે પૂરાયા પછી એ વિહરવાનું ડૂલ એમ જીવ સ્વભાવે અનંત જ્ઞાન અનંત સુખમાં વિહરવાવાળો; પરંતુ શરીરમાં પૂરાયા પછી એ વિહરવાનું ડૂલ

હવે વિચારો આપણે રૂપાળા અને સશક્ત શરીર પર મોહ કરીએ, અભિમાન કરીએ, એ કેવી બાલિશતા ! પક્ષીને પાંજરૂ રૂપાળું સોનાનું હોય અને મજબૂત હોય એથી પક્ષી જો મોહ કરે અને અભિમાન કરે તો એ કેવી મૂર્ખતા ! ગગનમાં યથેચ્છ વિહરવાનો મહા આનંદ ક્યાં અને સોનાના રૂપાળા પણ પાંજરાંમાં ગોંધાઈ રહેવાની આપદા ક્યા ? એમ જીવના અનંત જ્ઞાનાદિમાં વિહરવાના સ્વભાવ પર મસ્તી ક્યાં ? ને શરીરમાં ગોંધાઈ રહેવાની આપદા-ગુલામી કયાં ?

શરીરમાં બંધાયા જીવને કેટકેટલી ગુલામી ને આપત્તિઓ ઉઠાવવી પડે છે ! એ શરીરના હિસાબે જ ભૂખ લાગે, તરસ લાગે, ઠંડી લાગે, ગરમી લાગે ને એની પીડા નિવારવા માટે જીવને આહારની પાણીની વસ્ત્રની, હવાની, વગેરે કેટલીય વેઠ કરવી પડે છે. ભલે એથી સુખનો ચમકારો લાગે, પરંતુ ખરી રીતે તો એ, પેલી ભૂખ-તરસ વગેરેની આતશ લાગેલી આગ ઊઠેલી, તેની ક્ષણિક મુંઝામણ છે, બાકી ફરીથી પાછી એ આતશ ઊઠવાની જ છે.

ખરજવાની ખણજ કેવી વારે વારે ઊઠે ? ને એને વારે વારે ખણી ખણીને કેવી શાંત કરવી પડે ? પછી ત્યાં ભલે એ ખણતી વખતે આનંદ આવતો હોય, છતાં એ ખણવાનું એ ખરેખર આનંદની વસ્તુ છે ? ના, નહિતર તો સાજેસારે શરીરે ખણ ખણ કરવામાં કેમ આનંદ ન આવે ? આવતો નથી એ હકીકત છે એ

તો ખરજવાની ચળનું દરદ હોય તો જ ખણતાં આનંદ લાગે છે એ સૂચવે છે કે આનંદ ખણવાની ક્રિયાના ઘરનો નથી, પરંતુ ચળના દરદને શાંત કરવાના ઘરનો છે. એટલે જ જો એ ચળનું દરદ કાયમ માટે શાંત થઈ જાય તો મહા આનંદ.

આ આપણી સમજ પાકી છે માટે જ ખણવાનો આનંદ લંબાવવા ખરજવાને વધાવી લેતા નથી પણ એને જડમૂળથી કાઢવા મથીએ છીએ. આનંદ એની તદ્દન નિવૃતિમાં સમજીએ છીએ દરદ છતે ચળ ઊઠ્યે ખણ ખણ કરવું પડે એને વેઠ માનીએ છીએ.

બસ, શરીર પાંજરાંમાં કેદ પૂરાયેલ આત્માની આ સ્થિતિ છે. વારે વારે ભૂખ-તરસ વગેરેની પીડા ઊઠ્યા કરે, ને એને શાંત કરવા માટે આહાર-પાણી વગેરે સેવવાની વેઠ કરવી પડે છે. એટલે આ ભૂખ-તરસ વગેરે એ ખરજવાની ચળની જેમ રોગ છે. ચળ પર ખણવું એ તો સહેજ રાહતનો ઉપાય છે, પણ કાંઈ સુખ નહિ, એમ ખાનપાન એ સહેજ રાહતનો ઉપાય ગણાય, પરંતુ કાંઈ સુખનું સાધન નહિ તો પછી

'ક્યારે ખરજવાની ચળની જેમ આ ભૂખ-તરસ વગેરેનો રોગ મટે ! ને ક્યારે આ ખાનપાનની વેઠ બંધ પડે !'

એવી ભાવના વિવેકીને રોજ રહ્યા કરે.

ધન્ના અણગારે ચારિત્ર લીધા બરાબર હજી ગઈ કાલ સુધી મેવા-મીઠાઈ-ફળ-ફરસાણ વગેરેની છૂટથી મોજ ઉડાવનારે આજે છઠ્ઠ છઠ્ઠના પારણે આયંબિલ જીવનભર કરવાની પ્રતિજ્ઞા શી રીતે કરી હશે ? કહો, એને પ્રભુની વાણીથી વિવેક પ્રગટી ગયો કે રૂડાં ખાનપાન એ કશા સુખસાધન નહિ, પણ ભૂખ-તરસ-આહારસંજ્ઞા વગેરેના રોગની પીડાની કામ ચલાઉ રાહત કરનારા છે, અને આગળ પર ખરજવાને ખણવાની જેમ રોગને ઊભા રાખનારા છે, જેથી ખાનપાનની વેઠ કદી મટે જ નહિ. એટલે હવે તો મને એ સારા સારા રસનો ભુખારવાપણાનો રોગ જ મિટાવવાનું કામ કરવા દે જે આયંબિલના સાવ સુક્કા-લુખ્ખા ખોરાકથી મટે; તેમજ આહારસંજ્ઞાનો રોગ પણ મિટાવવા દે, જે બબ્બે ઉપવાસના અભ્યાસથી મટતો આવે."

આવો વિવેકપૂર્વકનો નિર્ધાર થઈ ગયા પછી છઠ્ઠ-છઠ્ઠના પારણે આયંબિલ શું કઠિન છે ? આહારની ભૂખ અને રસોનું ભુખારવાપણું એ મહારોગ છે' એવું હાડોહાડ વસી જવું જોઈએ.'આહાર અને રસો એ બિલકુલ સુખ સાધન નહિ, પણ કાચચલાઉ રાહત દેખાડનારાં, પણ પછી રોગને પુષ્ટ રાખનારાં સાધન છે' એવું હૈયે ભારે કરડવું જોઈએ.

સંસારમાં બધી બાબતોમાં આવું જ છે.

જુઓ, પૈસા ને ટકા, માલ ને મિલકત વગેરે બધા ય લેશ પણ સુખનું સાધન નહિ, પણ પરિગ્રહસંજ્ઞાના રોગની પીડામાં તાત્કાલિક રાહત આપનારા છે. પરિગ્રહસંજ્ઞા ઊતરી ગઈ એવા સાધુ પુરુષો કે બહુસંતોષી ગૃહસ્થોને મોટી માલ મિલકત પર કશા આનંદ થતા નથી.

આ તો પૈસા-ટકામાં સુખ નથી એની વાત થઈ, બાકી એમાં દુઃખ કેટલું છે, કષ્ટ કેટલાં, જોખમ કેવાં, ભય કેવા, એની પાછળ પાપો દુર્ગુણો અને દુષ્કૃત્યો કેવાં કેવાં, એ વિચારો. પૈસાની ખાતર અને પૈસા મળ્યાની પાછળ કેટકેટલા પ્રપંચ ચાલે છે !

પ્ર.- સંસારમાં આવું કેમ ?

ઉ.- આ સંસાર જ એવો છે કે એની બાબતો (૧) હિંસા જૂઠ અનીતિ વગેરે ધૂમ પાપો કરાવે; (૨) ગુસ્સો-ગર્વ-કપટ-લોભ વગેરે કષાયો કરાવે; (૩) રાગ-દ્વેષ-દીનતા-વૈરવિરોધ-રગડા-ઝગડા વગેરે દુર્ગુણો ચમકાવે.

સંસારની કોઈપણ બાબત જુઓને, માલ જુઓ, મિલકત જુઓ, સત્તા-ઠકરાઈ-શેઠાઈ જુઓ, માન-સન્માન, વટ-આબરુ, સગાઈ-સંબંધ...ગમે તે બાબત જુઓને, એ ઢગલો દુર્ગુણો જીવો એમાં મસ્તીથી તરબોળ થઈને સેવતા હોય છે. કેમ સેવે છે ? એ બધાથી સુખ મળવાનું માની સેવતા હોય છે. જ્યાં ભારોભાર કષ્ટ છે દુઃખ છે, ભારોભાર અકલ્યાણ છે, ત્યાં સુખ સુખ ને સુખની કલ્પના એ ભ્રમણા છે, ચિત્તની ભ્રાન્તિ છે. શાસ્ત્રકાર કહે છે કે જીવ આમ જ ભ્રમણામાં તણાયો જે સેવે છે એનાં પરિણામે સંસારમાં ભટકતો રહે છે, નવી નવી કાયાના પિંજરામાં પૂરાય છે.

અનંતા કાળ વહી ગયા, અનંત ભ્રમણ ને અનંતી કાયાની કેદ જોઈ લીધી છતાં જીવને હજી થાક લાગ્યો નથી ! હજી કંટાળો નથી આવતો ! 'આ ભ્રમણા શી ? ને આ ભટકવાનું શું ?' આ કાયામાં રહ્યા નજર સામે દેખાય છે કે, 'મૃત્યુરૂપી બિલાડું ભરખી લેવા તાકીને ઊભું છે, તે અવસર આવ્યે મને ભરખી જવાનું છે.' છતાં જેમ મૂર્ખ પક્ષીને બાજપક્ષીની ચિંતા નહિ, એનાં આક્રમણનો વિચાર નહિ, એમ મૂર્ખ-અજ્ઞાન-મોહમૂઢ જીવને મૃત્યુનો વિચાર નથી. સવાલ કરે છે,-

પ્ર.- તો શું મૃત્યુથી ડરીને અત્યારથી મસાણે જઈ સૂઈ રહેવું ?

ઉ.- ના, સૂઈ ન રહેવું, નિષ્ક્રિય નહિ બનવું, પરંતુ નવો જનમ હલકો ન આવે એ માટે, હલકો અવતાર લઈ આવે એવા પાપ કર્મ તો ન ઊભાં કરવાં ? નહિતર પેલું પંખેરુ જાળના તાંતણે ફસાયેલું, એક પાંજરેથી છૂટ્યું તે બીજા પાંજરે

પૂરાયા વિના ન રહે, એમ જીવ એક કાયામાંથી છૂટ્યો હજી કર્મથી બંધાયો હોઈ બીજી કાયામાં પૂરાયા વિના નહિ રહે. ત્યારે જો એવી જીવન પદ્ધતિ રખાય અને એવી મન-વચન-કાયાથી સાધનાઓ રખાય કે જેથી જીવ કર્મ બંધાય એના કરતાં કર્મથી છૂટે ઘણો, ને બંધાતા કર્મ પણ ઉચ્ચગતિના બંધાય, તો નવી કાયા હલકા અવતારની ન મળે.

જીવનપદ્ધતિ બદલો : સાધનાઓ રાખો : તો બાંધવા કરતાં છૂટે ઘણું :-

એ જીવનપદ્ધતિ ભ્રમણાની ન ચાલે. ભારોભાર દુઃખ છતાં બિંદુ જેટલું કાલ્પનિક સુખ સાચું બહુ સુખ માનવું એ, એને ખાતર દોષ-દુર્ગુણ-દુષ્કૃત્યો સેવવાં એ ભ્રમણાની જીવનપદ્ધતિ છે.

બધું અનંત ! :-

શાંતસુધારસ શાસ્ત્ર કહે છે કે જીવે ભ્રમણાભર્યા અનંતા જીવન કર્યા, ને એમ કરતાં અનંતાનંત પુદ્ગલ-પરાવર્તકાળ પસાર કર્યા, જેમાં અનંતવાર સંસારમાં ભટક્યો. આ સંસાર અનાદિ છે, અને એમાં જનમ પછી મૃત્યુ છે જ; તેમજ જીવમાત્રને, સિવાય કે જે જીવો સિદ્ધ-બુદ્ધ-મુક્ત થઈ ગયા છે એમને છોડીને, અનંતાનંત જીવો અનંતાનંત પુદ્ગલ-પરાવર્ત કાળથી અનંતીવાર ભટકતાં અનંતા જનમ-મરણ કરતા આવ્યા છે, 'સંસાર' શબ્દનો અર્થ જ આ છે. 'સંસાર' એટલે સંસરણ અર્થાત્ સારી રીતે સરકવાનું. ભટકવાનું ક્યાં ? જનમ-મરણની અવસ્થાઓમાં ભટક્યા કરવાનું. સનાતન શાશ્વત આત્મતત્ત્વની શ્રદ્ધા હોય તો આત્માના આ થઈ ગયેલા અનંતા જનમ-મરણ અને એમાં પસાર થયેલ અનંત પુદ્ગલ-પરાવર્ત કાળ માન્યે જ છૂટકો. એમાં અનંતીવાર દુઃખ આત્માએ ભોગવ્યાં. ત્યારે સંસાર કેવો દારુણ ? સંસાર-ભાવનામાં ઢાળ શરુ કરતાં કહે છે,-

કલય સંસારમતિ દારુણં, જન્મમરણાદિભયભીત રે,
મોહરિપુણેહ સગલગ્રહમ્, પ્રતિપદં વિપદમુપનીત રે... કલય૦

હે જીવ ! તું આ સંસારને અતિ ભયંકર સમજ કેમ કે એ જન્મ-મરણ વગેરે ભયોથી ભરેલો છે. તેમજ મોહરૂપી શત્રુએ જીવને બોચીમાંથી પકડેલો છે, અને ડગલે ને પગલે આપત્તિઓમાં મુકાવું પડે છે.

આમાં સંસારની સુખરૂપતા ક્યાં રહી ?

આ જનમમાં બીજાની કેટલીય વિટંબણાઓ જોઈ હોય અને જાતે કેટલીય વેઠવી પડી હોય, છતાં જનમનો ભય નથી. મોત આવ્યું ત્યાં પાછો ક્યાંક જનમ લેવો પડવાનો ભય ઊભો જ છે. કદાચ કર્મને કહો, 'અલ્યા કરમ ! આ જનમમાં તો તે મને સારી રીતે પિટ્યો, તો હવે તો માફ રાખ ને ફરી પાછો વિટંબણાદાયી

જનમ આપવો રહેવા દે. એમાં ય નરક તિર્યંચગતિનાં મહાદુઃખ જનમ આપવાનું તો ન કર.,' આમ કર્મને કહો તો એ શાના સાંભળે ?

કર્મ તો જાણે કહે છે,- 'તમે સંસારમાં છો ને ? ને સંસારને કંસાર જેવો ગણી વધાવ્યો-હુલાવ્યો-ફુલાવ્યો છે ને ? તો બસ, લ્યો ફરીથી જનમના યંત્રમાં પટકાઓ.'

ત્યારે જીવને શું એમ ભય લાગે ખરો કે 'હાય ! ત્યારે મારે કેવો ય જનમ લેવો પડશે ?' ના, ત્યારે જનમ કેવો દુઃખદ છે કે જનમ પામ્યા ત્યારથી મોતનો ભય ઊભો થઈ જાય છે કે 'હાય ! આ સંયોગમાં મરવાનું તો નહિ થાય ? દા.ત પાસેથી એક જ કે અડધી વેંત દૂર તોતીંગ ટ્રક દોડી જતાં ફફડાટ થાય છે,- 'હાય ! મર્યો તો !' સીડી ઊતરતાં અડધેથી લપસ્યા તો હૈયે થડકારો ઊઠે છે કે 'એ...મર્યા !' ઘોર અંધારે પગ નીચું સુંવાળું દોરડું આવતા મનને થાય છે કે 'હાય સાપ, મર્યા !' અથવા કાંક ભૂત જેવું દેખાતાં ગભરામણ વછૂટે છે કે 'હાય ! મર્યા.'

મૃત્યુનો ભય ક્યાં લેવા જવો પડે એમ છે ? અરે ! ખરેખર મોત નથી આવવાનું હોતું છતાં રાંક જીવને મૃત્યુના ભય સહેજમાં સ્ફૂરી આવે છે, કારણ ? સંસાર. જેમને સંસાર નથી એવા મોક્ષના જીવોને મોતનો કશો ભય નહિ. બાકી સંસાર છે એમને મોતના ભય માથે લાગ્યા છે. આવો સંસાર સુખભર્યો સારભૂત ને ? કે અસાર ?

ભય તે કાંઈ એકલો મોતનો જ છે ? ના, ઘડપણ આવવાનો ય ભય માથે ઝઝુમી રહ્યો છે. એમ કોઈ રોગ, કોઈ ધનની ખોટ, સગાસ્નેહીનો રોગ, એમના પ્રેમમાં મંદતા, વગેરેના ભય લાગ્યા કરે છે. અરે ! કેઈ રકમ બંધ ઈષ્ટ મનગમતી વસ્તુના વિયોગના યા બગડી જવાના ભય ઊભા જ છે !

જીવે સંસારમાં ક્યાં મન ઠારીને બેસવાનું હોય ?

વિચારવું તો એ જોઈએ કે આવા મૃત્યુ અને બીજા રોગાદિના ભયની વચમાં ય જીવને શુદ્ધબુદ્ધતા નથી ? મોહરૂપી શત્રુથી એ ગળચીમાંથી એવો પકડાયો રહે છે કે એમા જાતનું ભાન નહિ, શુભાશુભ કાર્યનું ભાન નહિ, પરલોકનું ભાન નહિ. જગત તરફ દૃષ્ટિ નાખીએ તો જીવોમાં આ મોહશત્રુની ગળાપકડ અને બેભાન દશા દેખાય છે. ધર્મરહિત જીવોમાં તો હોય, પણ ધર્મ પામેલામાં પણ અવસરે મોહથી પકડવાનું બને છે.

મોટા મુનિ પણ મોહથી પકડાય :-

બાળ અઈમુત્તા મુનિ મોટા મુનિઓ સાથે બહાર ઠલ્લે ગયેલા, તે પાછા વળતાં જરાક તળાવડામાં કાચલીની હોડી ખેલાવવાની બાળ ચેષ્ટા કરી આવ્યા, એમાં મહાવીર પ્રભુ પાસે આવીને મોટા મુનિઓ પ્રભુને પૂછે છે, 'હેં ભગવંત !

આ અઈમુત્તો કેટલા ભવ ભટકશે ?'

આ પ્રશ્ન પૂછવા પાછળ કયો સારો ભાવ છે ? કશો નહિ, અંતરમાં સ્વનું અભિમાન છે, ને અઈમુત્તા મુનિ પ્રત્યે ઘૃણા-જુગુપ્સાનો તિરસ્કારનો હલકાઈનો ભાવ છે. આ મોહની ગળાપકડ છે.

પ્ર.- આવા ખુદ મહાવીર પરમાત્માની પાસે રહેનારા મુનિઓ કેમ ભૂલે ?

ઉ.- પ્રભુની છાયા પ્રભુનું પડખું શું કરે જો પોતાને વસ્તુનો ઉંડાણથી અને લાંબી દૃષ્ટિથી વિચાર ન કરવો હોય ? મોટા મુનિઓ એ નથી જોતા કે, 'આ અઈમુત્તા મુનિ કોણ છે ? કઈ ઉંમરમાં કેવી વૈરાગ્ય-દશાથી ચારિત્ર પામ્યા ?

એણે બાળ વયના લીધે બાળચેષ્ટા કરી એમાં કેવા મોહથી પકડાયા ? અને પોતે અહીં સવાલ કરે છે એમાં કેવા ભારે મોહથી પકડાયા છે ?

આ કશું જોવું નથી. પછી કેમ ન ભૂલા પડે ? જોયું હોત તો દેખાત કે,-

અઈમુત્તાની વિગત :-

અઈમુત્તો રાજકુળમાં જન્મેલો રાજપુત્ર હતો, અને માત્ર છ વરસની ઉંમરમાં વૈરાગ્ય પામી સંસાર છોડવા ઈચ્છે છે. શી રીતે આવડાને વૈરાગ્ય ? મહેલના આંગણામાં બીજા બાળકો સાથે રમી રહ્યા છે. ત્યાં ગણધર ભગવાન શ્રી ગૌતમસ્વામીજી મહારાજ ગોચરીએ ભિક્ષાર્થે નીકળેલા, ત્યાં જઈ રહ્યા છે.

પ્ર.- આવા મોટા ગણધર મહારાજને જાતે ગોચરી જવું પડે ? શિષ્યો ભિક્ષા લાવી દેનારા ન હોય ?

ઉ.- શિષ્યો તો હોય, પરંતુ (૧) ગણધર ભગવાને વિશિષ્ટ અભિગ્રહ-નિયમ કર્યો હોય, એટલે જાતે ગોચરીએ નીકળે. એમ (૨) જ્ઞાનથી વિશિષ્ટ લાભ થવાનું જોયું હોય, તો પણ જાતે ગોચરી નીકળે. એમ તો તીર્થંકર ભગવંતો ચારિત્ર લઈને કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી ગોચરી ક્યાં નથી જતા ? ગોચરી જવામાં નાનમ થોડી જ છે ? નાનમ લાગે તો અભિમાન કષાય પોષાય.

આચાર્ય ઘરે પગલાં કરે ? :-

પ્ર.- તો પછી આજે આચાર્ય ગોચરી નીકળે ઘર ઘર પગલા કરી પગલા કર્યાના ૫૦૦-૧૦૦૦, ૫૦૦-૧૦૦૦ રૂપિયા ભેગા થાય, એમાંથી જ્ઞાનમંદિર જિનમંદિર બને એ વિશિષ્ટ લાભ ન કહેવાય ?

ઉ.- ભૂલા પડશો નહિ, ગોલાલેખુ માંડશો નહિ. એમ પૈસા ભેગા કરવાનું સાધુનું કામ નહિ પોતાનું પરિગ્રહ મહાવ્રત ઘવાય, અને ભક્તનો સંસાર પોષવાનું થાય. જાણો છો ખરા કે એમ પૈસા આપવા પડે તો આપીને પણ ભક્ત માણસ ઘરે આચાર્યનાં પગલાં કરાવવા કેમ ઈચ્છે છે ? કહો, ઘર આનંદ-મંગળકારી ચાલે એટલા

માટે. 'આનંદ-મંગળકારી' એટલે ? વિષયોના સુખમાં વાંધો ન આવે, લક્ષ્મીદેવીની મહેરબાની રહે, પરિવાર વધે, છોકરા-છોકરી મંડાય, ધંધો સારો ચાલે...મતલબ સંસારલીલા મોજથી ચાલે. કહો, મહાવ્રતધારી આચાર્ય મહારાજ જીવોના આરંભ-સમારંભ-સંહારભરી અને વિષયવિલાસભરી સંસારલીલા સરળ કરી આપવા માટે પગલાં કરી શકે ? તો પૂછો,-

પ્ર.- ઘરમાં ધર્મભાવના વધે એ માટે પગલાં કરાવવાનું ન બનતું હોય ?

ઉ.- 'ઘરમાં' એટલે ઈંટ-ચૂનાના મકાનમાં ? કે કુટુંબમાં ? મકાનની કશી બલિહારી નથી; એના એ મકાન ધર્મી કુટુંબ છોડી ગયા અને અધર્મીના હાથમાં આવ્યા, તો ત્યાં પાપલીલા જ ચાલે છે; એવા આજે કેટલાય દાખલા. જાઓ જુઓ પાકિસ્તાનમાં જે મકાનો ધર્મી હિંદુઓ છોડી ગયા એમાં આજે કેવી પાપલીલાઓ ચાલે છે ? ઈંટ-ચૂનાના મકાનમાં આચાર્યના પગલાં થાય એટલે એ મકાનમાં ધર્મની ભાવના આવે એમ સમજતા નહિ.

ત્યારે 'ઘરમાં' એટલે કુટુંબમાં ધર્મભાવના વધારવા પગલાં કરાવાતાં હોય, તો પગલાં કરાવીને કુટુંબ આખાને નક્કર ધર્મના નિયમ કેટલા લેવરાવાય છે ? અરે ! ધર્મશ્રદ્ધા સાધુશ્રદ્ધા, પરમાત્મ-પ્રેમ કેટલો વધારાય છે ? અને ખરેખર કુટુંબમાં આ લાવવું હોય, તો તે શું વિનયપૂર્વક આચાર્ય મહારાજ પાસે સામે પગલે ચાલીને જવાય, એમની પાસેથી ધર્મ-ઉપદેશ સંભળાય તો ધર્મ આવે ? કે એવો વિનય બાજુએ મૂકી ઘરે માત્ર પગલાં કરાવીને આવે ?

આજના સત્વહીન જીવોનાં માનસની ખબર પડે એવી નથી કે એ દેખાવના સારા આચરણમાં કઈ મેલી મુરાદ રાખતો હોય ?

પ્ર.- ઘરે આચાર્યનાં પગલાં કરાવ્યાથી પછી કુટુંબને ધર્મસ્થાને જવાનું મન થાય ને ?

ઉ.- તે એજ આચાર્ય પાસે જવાનું મન થાય કે કોઈપણ સાધુ પાસે જવાનું મન થાય ? પગલાં કરાવનારનાં અને એના કુટુંબના દેદાર દેખો તો ખબર પડે કે શું ચાલી રહ્યું છે ? વિશિષ્ટ લાભ જોઈ આચાર્ય ગોચરી નીકળે એ વિશિષ્ટ લાભ જુદા. અસ્તુ.

ગણધર ભગવાન ગૌતમસ્વામીજી જાતે ગોચરી નીકળતા તે એવા કોઈ વિશિષ્ટ લાભને જોઈને, અથવા પોતાના ખાસ અભિગ્રહનાં કારણે. અત્યારે એ અઈમુત્તાના ઘરની પાસેથી જઈ રહ્યા છે એમાં અઈમુત્તા બાળકે પૂર્વજન્મના કે આ જન્મના સંસ્કારથી એમને વિનંતિ કરી કે 'પ્રભુ ! મારે ત્યાં વહોરવા પધારો.'

'આવા આમ પધારો પૂજ્ય ! વહોરણ કાજે વેળા'

નાનો બાળ છે ને ? એટલે લાડથી ગૌતમસ્વામીજી મહારાજનું કપડું ઝાલી

એમને ઘર તરફ ખેંચવા માટે કહે છે, 'બાપજી ! પધારો, આવવું પડશે મારા ઘેર, નહિ ચાલે.'

કોને ખબર ગૌતમ મહારાજને આવો જ કોક અભિગ્રહ હોય કે કપડું ખેંચીને લઈ જાય ત્યાં જવું,' યા બાળક બોલાવીને લઈ જાય તો જવું.' યા અઈમુત્તાનો વિશિષ્ટ લાભ દેખીને ગોચરી નીકળ્યા હોય તો ? ગમે તે હો, પણ ગૌતમ મહારાજ અઈમુત્તાના ઘરે ભિક્ષાર્થે પધાર્યા.

ઘરમાં પેસતાં જ અઈમુત્તો પોકારે છે, 'મા ! મા ! ગૌતમ મહારાજ પધાર્યા.'

અઈમુત્તાની માતા કનૈયાની આ બૂમ સાંભળીને દોડતી આવી નીચે પડીને મહારાજને નમસ્કાર કરે છે. ઘરમાં હરખ-હરખનો પાર નથી. અસાર સંસારમાં આ સાર દેખે છે કે ગણધર ભગવાન ઘરે પધાર્યા છે; એમને વહોરાવવાનો અનુપમ લાભ મળશે. કવિ પ્રભુને કહે છે,-

'અથિર સંસારમાં સાર તુ જ સેવના, દેવના દેવ તુ જ સેવ સારે'

પ્રભુ ! સંસાર અસ્થિર છે, સંસારની વસ્તુ આવી ને ગઈ. એવી પ્રાપ્તિ અસાર કહેવાય. એવા પણ સંસારમાં પ્રભુ ! તારી સેવા મળે એ ચિરકાળ સ્થાયી છે, ઠેઠ મોક્ષે પહોંચાડનારી છે, માટે એ જ સારભૂત છે. તેથી તો દેવના ય દેવ ઈન્દ્રો પણ તમારી સેવા કરે છે, તમારા પર અથાગ શ્રદ્ધા-પ્રેમ-બહુમાન ધરે છે, એવું જ તમારા વચન પર; વળી તમારી ભક્તિ-પૂજા-ગુણ-ગાન કરે છે, તમારી પ્રશંસા-અનુમોદના તમારા શાસનની સેવા-ભક્તિ-પ્રભાવના કરે છે. અસાર સંસારમાં આ જ સાર દેખે છે.

ગણધર મહારાજ ઘરે પધાર્યાને સારભૂત માની અઈમુત્તાને અને એની માતા રાણી પદ્માવતીને હરખ-હરખનો પાર નથી.

સંસારના લક્ષ્મીના ઢેર, સેવાકારી પરિવારના વિસ્તાર, વિષયસુખોના છલબલિયાં, અને માન-સન્માન-સત્તા ઠકરાઈ...બધાને અસાર માનો, તો જ આવા ગણધરદર્શન વગેરે ખરેખર સારરૂપ લાગે, અને એ મળ્યા પર હરખ-હરખનો પાર ન હોય.

બોલો, દેવદર્શન-જિનભક્તિ-સાધુવંદન-નવકાર-વાળી જાપ, સામાયિક પ્રતિક્રમણ પોષધ તપસ્યા, દાન-પરોપકાર શીલ બ્રહ્મચર્ય વગેરે વગેરેમાં હરખ હરખ ઊભરાઈ આવે છે ને ? ન ઊભરાતો હોય તો સમજજો કે સંસારની ધન-માલ-પરિવાર વગેરે વસ્તુ અસાર નથી લાગી.

ધર્મમાં હરખ-હરખ ઊભરાવવા આ ઉપાય છે કે સંસારના ધન-માન-પરિવારાદિને તદ્દન અસાર લેખો.

અઈમુત્તા ગૌતમ મહારાજના પાત્રમાં લાડુ ભરે છે. મહારાજ કહે, 'અરે !

ભાઈ ! તું બહુ ભરે પછી અમારે આ પાતરું ઊંચકવું શી રીતે ?'

અઈમુત્તો કહે,-'મહારાજ સાહેબ ! હું ઊંચકીને મૂકી જઈશ.' મહારાજે પાત્ર લઈ ઝોળીમાં મૂક્યું, ધર્મલાભ કહી જવા જાય છે. ત્યાં અઈમુત્તો કહે, 'મા ! ગૌતમ મહારાજને મૂકવા જાઉં ?'

માતા કહે 'જાઓ બેટા ! ખુશીથી જાઓ. આવા મહારાજ સાહેબને મૂકવા જવામાં ય બહુ પુણ્ય થાય.

બસ, ગૌતમસ્વામીજીની જોડે અઈમુત્તો ટેપ ટુપ કરતો ચાલે છે. આવ્યા મહાવીર ભગવાન પાસે. અઈમુત્તો પ્રભુના પગમાં પડી વંદના કરે છે.

ભગવાન અઈમુત્તાને પૂછે, 'અઈમુત્તા ! તું જાણે એક દિવસ મરવું પડશે ?'

'અઈમુત્તો કહે 'હા ભગવાન ! જાણું છું.'

પ્રભુ પૂછે 'તો ક્યારે મરવાનું તે જાણે ખરો ?'

'ના ભગવાન ! એ હું નથી જાણતો.'

મહાવીર પરમાત્મા એને કહે છે, 'તો પછી અઈમુત્તા ! તું એ જાણે ખરો કે મરીને ક્યાં જવાનું ?'

અઈમુત્તો કહે 'એ તો શી ખબર પડે ?'

ભગવાન કહે છે 'બાળ ! તો એ જાણી લે કે સંસારમાં પાપ કરીને તો દુર્ગતિમાં જવું પડે કૂતરા બલાડા જીવજંતુ વગેરે થવું પડે કે નરકમાં ય જવું પડે. તારે એવા થવું છે ?'

'ના, પ્રભુ !'

'તો અઈમુત્તા ! સંસારનાં પાપ છોડી એકલા ધર્મમાં લાગી જવું જોઈએ, જેથી પાપ જ ન લાગે એટલે દુર્ગતિમાં ન જવું પડે. બિલકુલ પાપ વિનાનો એકલો ધર્મ ચારિત્રધર્મ છે.'

અઈમુત્તો વિચારમાં પડી ગયો, એના મનને થયું કે આવા ભગવાન મળ્યા પછી હું શું કામ સંસારમા રહી પાપ કરીને જનાવર કે એવું કાંઈ થાઉં ?

અઈમુત્તાનો કેવો વિવેક ? એમ સમજતા નહિ કે બાળક આટલું ન સમજી શકે કે 'એક દિ' મરવું પડશે.' કંઈક ઘડાકો થાય, કે એવું કાંઈક બને, તો બાળકને ય ભય લાગે છે કે 'હાય ! હું મર્યો તો ?' મોત ન સમજે તો ભય લાગે જ શાનો ? આમ અઈમુત્તાને મોતનો ભય લાગી એમ થાય છે કે કદાચ હજી સંસારના પાપમાં જ રહું ને મોત વહેલું આવી જાય તો ? માટે આજે જ સંસાર છોડું.

અઈમુત્તાએ આ વિવેક કર્યો કે 'સંસાર એટલે પાપનું ઘર; એ દુર્ગતિ આપે. મોતનો ભરોસો નહિ ક્યારે આવે; માટે વેળાસર ચેતી જઈ પાપ છોડી ધર્મ કરવો.'

અઈમુત્તાને એકદમ આ વિચાર કેમ આવ્યો ? એને સંસારની લાલચ એકદમ કેમ ઊતરી ગઈ ?

કહો, સંસારસુખોની લાલચ લગાડનાર મોહ છે; મોહની ગળાપકડ છે. અઈમુત્તાએ મોહને કચર્યો; મોહની પકડમાંથી ગળું છોડાવી લીધું. **મોહની ગણતરી પડતી મૂકી ભગવાનનો હિસાબ પકડ્યો.**

ત્યારે દુનિયાના માણસો મોહની પકડમાં હોઈ અર્થાત્ મોહની જ ગણતરી રાખતા હોઈ આ વિવેક નથી કરી શકતા કે 'આયુષ્યનો ભરોસો નથી કે ક્યારે પૂરું થઈ મોત આવીને ઊભું રહે ? તેમજ મોત નથી આવ્યું ને જીવતાં છીએ ત્યા સુધીમાં પણ પાપનું જીવન એટલે તો દુર્ગતિનો રાહ.' પરિવારનો મોહ પૈસાનો મોહ, વિષયસુખોનો મોહ, માન સન્માન-સત્તાનો મોહ.

આ બધા મોહથી ગળચીએ પકડાયો જીવ મૃત્યુ અને દુર્ગતિ જોવા તરફ મૂઢ અંધ બન્યો રહે છે.

જાત માટે વિચારજો કે આ મૂઢતા જાતમાં છે કે નહિ ? કે મોહ બાજુએ મૂકી અઈમુત્તાનો વિવેક રાખ્યો છે ?

પાપમાં કંપ અને રુદનવાળો શું શું કરે ?

સંસારનાં પાપ આજને આજ છોડી શકવાની સ્થિતિ ન હોય એ બને, પરંતુ વિવેકથી મૃત્યુ વહેલું આવવાનો ભય હોય અને પાપથી દુર્ગતિની ખાતરી હોય, તો જીવનની ચાલ કેવી હોય ? સંસારનાં પાપ સેવતાં હૈયે કંપ અને રુદન ખરા ?

(૧) આવા કંપ અને રુદનવાળો જરૂરી પાપ કેટલા પ્રમાણમાં આચરે ? ને બિનજરૂરી પાપ દા.ત. સિનેમા મનોરંજન-મોજશોખ વગેરે અનર્થદંડનાં પાપ આચરે ખરો ?

(૨) વળી પાપથી દુર્ગતિ જ થાય એવી ખાતરી પર પાપમાં હૃદયકંપ અનુભવનારો અને હૃદયરુદન કરનારો પોતાના આશ્રિતને સંસારના પાપમાં હોંશે હોંશે જોડે ? કે હંમેશા સંસાર-પાપ છોડવાની પ્રેરણા-પ્રોત્સાહન આપે ?

વિચારજો જે અનાર્ય જેવા માણસો મહાઆરંભ મહાપરિગ્રહના જ વિચારોમા જ રમે છે, એમાં ને આ જૈન ગણાતા પણ એવા જ વિચારોમાં રમનારામાં કાંઈ ફરક ખરો ? જે અનાર્ય જેવાને પોતાના આશ્રિતોને પાપમાં જ જોડવાનું આવડે છે એ અને એવું કરનારા નામ જૈનોમાં ફરક ખરો ? જો પાપમાં કંપ નથી, હૃદયરુદન નથી, તો ફરક ક્યાંથી હોય ? મનને વિચાર જોઈએ કે 'અરે ! મારું જીવન અનાર્ય જેવું ? પાપોનો હિસાબ નહિ, અને આશ્રિતને પાપમાં જ જોડવામાં સંકોચ નહિ, ખેદ નહિ, તો હું શા સારુ જૈન કુળમાં જનમ્યો ?

જો જૈન કુળમાં જનમવું એ મહાભાગ્યશાળીપણું હોય તો જૈનકુળે જનમ્યા પછી જીવન જીવવામાં શી શી વિશેષતા હોય ? જૈનધર્મ શું શું કરવાનું ફરમાવે છે.

નેમનાથ પ્રભુ દ્વારિકાના આંગણે પધાર્યા, ને કૃષ્ણ વાસુદેવ ત્રણ ખંડના ધણી નાના ભાઈ ગજસુકુમાળને સાથે લઈ પ્રભુને વંદન કરવા અને પ્રભુની વાણી સાંભળવા ચાલ્યા.

'નેમિજિણંદ આવ્યા, વંદન ચાલ્યા ભાઈ રે; ગજસુકુમાળ વીરા, સાથે બોલાઈ રે,

પ્રભુની પાસે પહોંચી વંદના કરીને ઉપદેશ સાંભળવા બેઠા. પ્રભુએ આ હિસાબ બતાવ્યો કે સંપૂર્ણ પાપો છોડવાનો ભવ માત્ર આ એક મનુષ્યભવ એમાં આવીને શું કરવા લાગ્યા છો ? **પાપ ત્યાગ વિના દુઃખથી મુક્તિ નહિ મળે.** પાપત્યાગને યોગ્ય આ ભવ પૂરો થઈ ગયા પછી બીજા કયા ભવે પાપત્યાગ કરી શકશો ? જીવન તો ચાલ્યું મૃત્યુનો ભરોસો નથી કે ક્યારે ટપકી પડે ? શા સારું મૃત્યુ તરફ અને પાપજનિત દુર્ગતિ તરફ આંખમિચામણાં કરો ? મૃત્યુ અને દુર્ગતિના સમયે કોઈ સગો બાપ પણ બચાવવા નહિ આવે; કે પાપથી ઊભા કરેલ સંપત્તિ કે કીર્તિના કોટડા યા માન દેનારા બચાવવા નહિ આવે. બચાવ તો પાપત્યાગ કરી સાધેલા વ્રતનિયમ, ત્યાગતપસ્યા, અને તત્ત્વચિંતન આપશે...'

નેમિનાથ ભગવાને આ સમજાવતાં દીર્ઘ દુર્ગતિના કારમાં દુઃખ, અનંત કાળનાં ભવ-ભ્રમણ વગેરે વિસ્તારથી સમજાવ્યું, જૈનધર્મ-મોક્ષમાર્ગ કેવો બચાવ-શરણ-રક્ષણ આપે છે, ને મોક્ષમાર્ગમાં શું આવે, એ સમજાવ્યું; એથી ગજસુકુમાળની આંતરચક્ષુ ખૂલી ગઈ, વૈરાગ્ય પ્રગટ્યો.

'વાણી સુણી વૈરાગ્ય ઊપજ્યો, મન મોહ્યું એમાં રે,
શ્રી જૈન ધર્મ વિના, સાર નથી શેમાં રે...'

ગજસુકુમાળ પાસે શું નથી ? ત્રણ ખંડના સમ્રાટ કૃષ્ણ મહારાજાના પરમપ્રિય અને મહાલાડિલા ભાઈ છે, એટલે સર્વ વાતનાં સુખ છે. પરંતુ પ્રભુની વાણી સાંભળતાં સાંભળતા એ સુખોમાં પાપની ભરચકતા દેખી. ઉત્તમ માનવ જીવનની સરાસર બરબાદી અને દીર્ઘ દુર્ગતિના પલ્લે પડી જવાની તૈયારી દેખી-મન ભડક્યું, અને એ સુખો પ્રત્યે નફરત છૂટી, વૈરાગ્ય જાગી ગયો.

આ વૈરાગ્ય જગાવનારા જ્ઞાનપ્રકાશને કરનારી પ્રભુની વાણીમાં ગજસુકુમાળનું મન મોહી ગયું. 'વાહ ! કેવી પ્રભુએ દેશના આપી ! કેવો અજ્ઞાનનો અંધકાર ટાળી જ્ઞાનનો પ્રકાશ આપ્યો !' એના મનને થઈ ગયું કે

આ દુનિયાની સંપત્તિ અને દુન્યવી સુખોમાં કશો સાર નથી. સાર જૈનધર્મમાં છે, જૈન ધર્મે બતાવેલા મોક્ષમાર્ગમાં છે.'

પાપ ભયાનક લાગે એટલે ધર્મમાં જ સાર દેખાય.

ધર્મ કરો છો ખરા, પણ એ જુઓ કે 'ધર્મ જ સારભૂત લાગીને ધર્મ આચરાય છે ? ધર્મમાં જ સાર દેખતાં પાપમાત્ર ભયાનક લાગે છે ?'

જેને પૈસામાં સાર દેખાય એ દાનમાં અને પૈસાના ત્યાગમાં સાર શી રીતે જોઈ શકે ? એ દાન કરે ખરો, પણ માન-સન્માન લેવા માટે, અથવા પુણ્ય લઈને ભવિષ્યમાં પૈસાટકાની સ્થિતિ સદ્ધર કરવા માટે એને સારા પૈસામાં ને માનપાનમાં દેખાય છે, તેથી એક સારનો ત્યાગ કરી બીજું સાર જોઈએ છે. દાનધર્મ કરે તે આવો સોદા માટે.

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૨૧,અંક-૪૬,તા.૧૮-૮-૧૯૭૩

ધર્મમાં જ સાર દેખનારને તો પાપ અને પાપ કરાવનારી ચીજ ભયાનક દેખાય. એટલે ધર્મની સામે પાપવસ્તુ કશી મહત્ત્વની ન લેખે. પાપ ભયાનક છે. એ કરાવનાર પૈસાટકા-માલપાણી-પરિવાર શાના મહત્ત્વના લાગે ? એ તો પાપ કરાવનારા એટલે પાપરૂપ જ દેખાય, ભયાનક જ દેખાય.

જૈનધર્મ આ દૃષ્ટિ આપે છે. જૈનધર્મ હૃદયમાં વસ્યાનો દાવો રાખો છો ને ? તો પહેલું, આ પાપસરંજામને પાપરૂપ અને ભયાનક જોવાની દૃષ્ટિ ઊભી કરો. પૈસા કામ લાગે છે, પરિવાર કામ લાગે છે, માલદાર વિષયો કામ લાગે છે, એ વાત ભૂલી જાઓ. કસાઈને છરી પૈસા કમાવવામાં કામ લાગે છે, પણ ઘોર હિસાંના પાપ કરાવનારી દેખો છો તો ક્યાં માનો છો કો છરી સારભૂત છે ? પાપ કરાવનારી છરીને ભયંકર દેખો છો. એમ રાવણની મોટી રાજ્યસંપત્તિ એને અભિમાનનું પાપ કરાવનારી જોઈ શી સારભૂત માનો છો ?

પૈસાટકા વગેરે કામ લાગતા હોય, પણ એ અભિમાન, પ્રપંચ, વિશ્વાસઘાત, સ્વાર્થાંધતા, વગેરે પાપો કરાવનારા હોવાથી ભયાનક છે.

રાવણને સંપત્તિ, બળ અને ચંદ્રહાસ ખડગ ઉપર અભિમાન થયું, વાલી રાજા સાથે લડ્યો, પરંતુ વાલીના બાહુબળ અને વિદ્યાના બળ સામે હારી ગયો. એના પર વાલી રાજાને જીત પામવા છતાં આ વિચાર આવ્યો કે,-

'અહો ! આ સંપત્તિ-બળ-શસ્ત્ર વગેરે રાવણને ? કેવું અભિમાનનું કારમું પાપ કરાવનારા ? તો મને પણ એ કેવું મમતા-આસક્તિનું પાપ કરાવનારા બની રહ્યા છે ? એ કેવા ભયંકર નીવડશે ? શા માટે મારે એ ભયંકર પાપસરંજામ રાખી રહેવું ?'

પાપસરંજામની ભયંકરતા દેખી વાલી રાજાને વૈરાગ્ય ઝળહળી ઊઠ્યો, ને એનો ત્યાગ કરી ચારિત્રમાર્ગે ચડી ગયા.

ધર્મને મહત્ત્વનો સમજો છો તો પહેલી આ દૃષ્ટિ બનાવો કે દુનિયાનો સરંજામ ભરચક પાપો કરાવનારો છે, માટે ભયાનક છે.

દુર્યોધન કેમ પાપી થયો ? પાંડવોનું રાજ્ય પડાવી લેવું હતું માટે. રાજ્યે એની પાસે પ્રપંચ કરાવ્યો. રઘુકુળમાં થયેલ રાજા સોદાસ પાસે રાજવીસત્તા હતી, તેથી એના બળ પર જીવતા માનવબાળ મરાવી મરાવી એનું માંસ ખાવાનો લોલુપી બન્યો. મિલકત પર ભાઈભાઈ ઝગડવાનું પાપ કરે છે, રૂપાળી પત્નીને સારી મોજમાં રાખી શકાય એ માટે આજે દીકરા માબાપથી જુદા રહેવાનું પાપ કરે છે. પુત્રપરિવાર પાછળ તો આખી દુનિયા ઠમઠોક પાપો કરે છે.

દુનિયાની એકવસ્તુ એવી નથી કે જે જીવની પાસે એક યા બીજા પ્રકારનું પાપ ન કરાવતી હોય, ત્યારે ધર્મની એક ચીજ એવી નથી કે જે પાપ કરાવે.

સારાં ખાનપાન કરો તો આસક્તિ થાય; તપ કરો તો આસક્તિ થાય નહિ, ઊલટી તૂટે. પૈસા ઉડાઓ તો લંપટતા વધે, ત્યાગ કરો તો લંપટતા ઘટે. પૈસા પર જે અભિમાન થાય એવું દાનમાં નહિ.

પ્ર.- તો પછી કેટલાક તપ કરનાર કે જ્ઞાન પામેલામાં યા દાન કરનારમાં ય અભિમાન કેમ ?

ઉ.- એ અભિમાન તપ જ્ઞાન કે દાનધર્મ નથી કરાવતું, પરંતુ અભિમાન અંદરમાં તો બેઠું જ હતું, ઝીણવટથી તપાસો તો દેખાય કે એના એ ખાનપાનાદિના જોર પર મોકે મોકે કેવા અભિમાનના બોલ, હુંપદના બોલ, જાતહોશિયારીના બોલ નીકળે છે. એ અભિમાન જો ન હોય, તો પછી તપ જ્ઞાન કે દાનમાં અભિમાન નહિ ઊછળે. કદાચ ખાવા પુરું કે સારું સારું ન મળતું હોય તેથી અભિમાન શાના પર કરે ? પણ અંદરમાં એ સળવળતું તેથી એ તપનું નિમિત્ત મળતાં ઊછળીને બહાર આવે છે. આમ અભિમાન તપે નથી કરાવ્યું પરંતુ અંદરમાં શમશમી બેઠેલું, તે તપનું બહાનું લઈ બહાર આવ્યું.

એમ અભિમાન મૂળમાં દાનનું નહિ પણ પૈસાનું છે. પૈસાના અભિમાનને લીધે દાન કરે અભિમાન કરે છે. પૈસાનું અભિમાન ન હોત, તો તો દાન કરીને અભિમાન ન કરત. એટલે અભિમાન મૂળ પાયામાં પૈસાનું છે.

વડેરાપણાનું જેને અભિમાન હોય છે, એ કુટુંબની સેવા કરવા પર અભિમાનથી કુટુંબને સંભળાવે છે કે, 'આ તો હું તમારૂ આટલું બધું સંભાળુ છું, બીજો કોણ આવું સંભાળે ?' શું આ અભિમાન સેવાનું છે ? એમ હોય તો તો

સેવા મારનારી ગણાવી જોઈએ, પણ એવું નથી, સેવા તો તારનારી ગણાય છે. તો અભિમાન શાનું ? કહો, વડેરાપણાનું એ અભિમાન એવું બોલાવે છે. ભય સેવામાં નથી, વડેરાપણામાં છે. એમ દાનમાં ભય નથી, પણ પૈસામાં છે. પૈસા પાપ કરાવે છે, સેવા નહિ.

પ્રભુને તિરસ્કારતા અનાર્ય લોકોને પાપ કરાવનાર પ્રભુ નહિ કેમ ? :-

ત્રિલોકનાથ મહાવીર પ્રભુ કેવળજ્ઞાન થવા પૂર્વે અનાર્ય દેશમાં વિચર્યા, ને એમને જોઈને અનાર્ય લોકોએ એમનો તિરસ્કાર-અપમાન-પરાભવ-મારપીટ કર્યા તો શું પ્રભુ કે પ્રભુનો સંયમ-વિહાર પાપ કરાવનારો ગણાય ? શું પ્રભુએ કે પ્રભુના વિહારે અનાર્ય લોકો પાસે પાપ કરાવ્યાં ? ના, એવું કહીએ તો તો પ્રભુ ને સંયમવિહારને પાપ કરાવનાર એટલે મારણહાર કહેવા પડે. પરંતુ પ્રભુ તો તારણહાર છે, પ્રભુનો સંયમવિહાર તારણહાર છે.

એમ તો પ્રભુ આર્ય દેશમાં વિચરતા હતા ત્યારે પણ પ્રભુને પામીને ગોશાળે અવળચંડાઈઓ કરી, શૂળપાણી-ચંડકોશિક-સંગમદેવતા વગેરેએ ઉપસર્ગ કરવાનાં પાપ કર્યા. તેથી શું પ્રભુને એ પાપ કરાવનાર તરીકે ગણવા ? ના ગણાય. પ્રભુને અને પ્રભુના સંયમ-વિહારને પામીને તો ઘણા જીવો તર્યા, એટલે પ્રભુ ને પ્રભુનો સંયમવિહાર તો તારણહાર જ કહેવાય.

તો પછી પ્રભુ અનાર્ય દેશમાં વિચર્યા અને અનાર્ય લોકોએ પાપ કર્યા, તે પાપ કોણે કરાવ્યાં ? કહો, જેમ ગોશાળો-સંગમ-ચંડકોશિક વગેરેને એમની અનાડી બુદ્ધિએ પાપ કરાવ્યાં, એમની મિથ્યાત્વ અને કષાયની પરિણતિએ પાપ કરાવ્યાં, એમ અનાર્ય લોકોની અનાડી બુદ્ધિ અને ઘોર મિથ્યાત્વ તથા કષાયની પરિણતિએ એમની પાસે પ્રભુનું અપમાન-તિરસ્કાર વગેરે પાપ કરાવ્યાં. એ અનાડીપણું વગેરે ન હોત તો તો પ્રભુને અને પ્રભુનાં સંયમવિહારને પામીને એવાં પાપ ન કરત.

કોઈ સુશીલ બાઈને એકલી જોઈને કોઈ મવાલી એનાં પર આક્રમણ કરે, તો શું એ આક્રમણનું પાપ કરાવનાર એ સુશીલ બાઈ ગણાય ? ના, જરાય નહિ. પાપ તો એ મવાલીની કામલપંટતા કરાવી રહી છે, સુશીલ બાઈ નહિ. એમ અનાર્ય લોકોને પાપ કરાવનાર એમની અનાડિતા છે, પ્રભુ કે પ્રભુનો વિહાર નહિ.

એવી રીતે દાન કરીને અભિમાન કરે છે, એ અભિમાન કરાવનાર દાનધર્મ નહિ, પણ પૈસા છે. પૈસાના અભિમાન પર એમ વિચારે છે બોલે છે કે 'આ તો હું હતો તો આટલું મેં દાન કર્યું. બીજો કોણ આવું દાન કરી શકે ?' એમ દુન્યવી મોટાઈ સેવા કરીને અભિમાન કરાવે છે કે 'આ તો હું આવી સેવા આપું છું. સંભાળ કરું છું. બીજો કોણ આવી સેવા કરે ?' આમ અભિમાનને કરાવનાર મોટાઈ છે, સેવાધર્મ નહિ.

સારાંશ, દુનિયાની એકેક ચીજ પાપ કરાવનારી છે. દુન્યવી વસ્તુ પામીને પાપ ન કરે એ એની ધર્મબુદ્ધિને આભારી છે. સંપત્તિ પામીને ધર્માત્માઓ એનાથી મહાન સુકૃત કરી ગયા એ એમની ધર્મબુદ્ધિના લીધે, પણ નહિ કે સંપત્તિના લીધે. નહિતર તો સંપત્તિ પામેલા બધા જ જણ સુકૃત કરનારા દેખાવા જોઈએ. પણ એવું નથી. સંપત્તિવાળા ૧૦૦માં ૯૫ ટકા સુકૃત કરનારા નહિ, પણ પાપ કરનારા દેખાય છે. એટલે સંપત્તિ તો પાપ કરાવનારી જ કહેવાય. કોઈક સુકૃત કરે છે તે એની ધર્મબુદ્ધિને આભારી છે; બાકી સંપત્તિ તો પાપનું જ કારણ છે.

માટે, જો ધર્મ પામવો છે, ધર્મ આચરવો છે, તો પહેલી આ દૃષ્ટિ ઊભી કરવી જોઈએ કે આ ધનસંપત્તિ માલમિલકત-પરિવાર-સત્તામોટાઈ યાવત્ પોતાની કાયા વગેરે દુન્યવી સરંજામ એ પાપ કરાવનારા હોવાથી ભયાનક છે. આ દૃષ્ટિ બંધાયા પછી પૈસાથી જે દાનધર્મ થાય, જે સુકૃત થાય, માલ-મિલકતથી જે સેવાધર્મ કરાય, પરિવારની અનુકૂળતાથી જે ધર્મસાધના બને, કાયાથી જે શીલ-વ્રત-તપસ્યા કરાય, એ બધો ધર્મ કરવામાં રંગ ઓર આવે.

ધર્મના મૂળ પાયામાં આ દૃષ્ટિ બંધાવી જોઈએ કે ધન વગેરે દુન્યવી સરંજામ પાપ કરાવનારો હોવાથી ભયંકર છે.

મૂળ પાયામાં આ દૃષ્ટિ નહિ. દા.ત પૈસા ભયંકર છે. એવી સમજ નહિ, એટલે પૈસા છતે કાં તો દાન સૂઝતું નથી, અગર દાન કરાય છે તો તે જોખી-જોખીને, અને વધુ પૈસા મેળવવા માટે; અથવા દાન કરીને અભિમાન કરાય છે, યા માન-સન્માનની આકાંક્ષા કરાય છે, એ બધા દોષોથી બચવું હોય તો દુન્યવી સંપત્તિને પાપ કરાવનારી દેખી ભયંકર સમજો. પૈસા ધન સંપત્તિ ભયંકર; એમાં કશો સાર નહિ.' આ દૃષ્ટિ ઊભી કરો.

ગજસુકુમાળે નેમનાથ ભગવાનની વાણી સાંભળી આ તારવણી કાઢી કે,-

'શ્રી જૈન ધર્મ વિના, સાર નથી શેમાં રે'

શ્રી જૈનધર્મ જે દાન-શીલ-તપ-ભાવના, પ્રભુ-ભક્તિ સાધુસેવા,ત્યાગ-સંયમ-સ્વાધ્યાય વગેરે આચરવાનું બતાવે છે, એ જ સારભૂત છે. જીવનું કલ્યાણ કરનાર, જીવને આશીર્વાદભૂત એ ધર્મ જ છે. બાકી એ સિવાયના સંપત્તિ-વિષયો-આરંભ સમારંભ અને પરિવાર વગેરે દુન્યવી સરંજામ તો પાપ કરાવનારા છે; ભયંકર છે, અસાર છે, દુર્ગતિદાયી છે.'

આવી સંપત્તિ આદિમાં અસારતાની દુર્ગતિદાયિતાની નક્કર બુદ્ધિ ઊભી થઈ, અને જૈનધર્મ માં જ સાર દેખ્યો, એટલે એ અસાર છોડીને સારભૂત સંયમધર્મ લેવાનો નિર્ણય કર્યો. અહીં એક પ્રશ્ન થાય,

પ્ર.- જૈનધર્મ તો પહેલાં પણ પામેલા હતા માટે તો નેમિનાથ ભગવાનને વંદન કરવા ચાલ્યા હતા, તો પછી એ વખતે કેમ જૈન ધર્મમાં જ સાર દેખી એ અસાર સંપત્તિ વગેરે છોડવા તૈયાર ન થયા ? છોડવાનો કેમ ઉછાળો ન આવ્યો ?

ઉ.- આનો જવાબ આ શાંતસુધારસશાસ્ત્રનાં સંસાર-સ્વરૂપનાં વર્ણનમાંથી મળી રહે છે. વર્ણનમાં સંસારની આ ઓળખાણ કરાવી કે સંસાર મોહ-શત્રુથી ગળચીમાંથી પકડાયો છે. ગજસુકુમાળ ઘરે હતા ત્યારે વૈભવવિલાસરૂપ સંસારમાં મોહશત્રુથી પકડાયેલા હતા,...એટલે કે મોહભરી ગણતરીમાં હતા કે મને આ સંપત્તિથી સુખ, શબ્દાદિ વિષયોથી સુખ સ્નેહી કુટુંબીજનોથી સુખ...' ઈત્યાદિ એવી મોહની પકડમાં હોય, પછી એ બધું છોડવાનો ઉછાળો શાનો આવે ?

પરંતુ નેમિનાથ ભગવાનની વાણી સાંભળી એટલે ભગવાનના વચનની પકડમાં આવ્યા, ને મોહની પકડમાંથી જાતને છોડાવી લીધી. એટલે ? મને સંપત્તિથી સુખ, વિષયોથી સુખ...વગેરે મોહની ગણતરી પડતી મૂકી, અને ભગવાનના વચનનો હિસાબ પકડ્યો કે 'મને સંયમથી સુખ, તપથી સુખ, અહિંસાથી સુખ...' એટલા જ માટે ઘરે જઈને માતાને આ જ કહે છે,-

'ઘરે આવી ઈમ કહે, રજા દીઓ માતા રે,
સંયમ જેથી સુખે લહું, પામું સુખ શાતા રે...
ચિરંજીવો કુંવર મારા ગજસુકુમાળ રે...

મને સંસારના વિષયોથી સુખ, આ હિસાબ મોહનો છે, 'મને સંયમથી ને તપથી સુખ,'- આ હિસાબ ભગવાનના વચનનો છે. સવાલ થાય,

પ્ર.- સમકિતી સંસારીને શું ભગવાનના વચનનો હિસાબ ન હોય ? હોય તો એ મોહનો હિસાબ કેમ પડતો ન મૂકે ને કેમ સંસારમાંથી નીકળી ન જાય ? ત્યારે જો એ હિસાબ ન હોય તો એનામાં સમકિત શી રીતે ? સમકિત તો જિનવચનમાં રુચિ છે.

ઉ.- સમકિતી સંસારીને જિનવચનનો હિસાબ હોય પણ રુચિરૂપ, શ્રદ્ધા રૂપ કિન્તુ અમલરૂપ-પ્રવૃત્તિરૂપ નહિ. દેશવિરતિ યાને વ્રતધારી શ્રાવકને અંશે પ્રવૃત્તિરૂપ હિસાબ હોય, સર્વથા સર્વાંશે પ્રવૃત્તિરૂપ નહિ. મિથ્યાત્વ ટળ્યું એટલે જિનવચનની રુચિ આવી, એટલે જિનવચન કહે છે 'વિષયભોગથી સુખ નહિ, પણ સંયમથી સુખ,' એ વચન પર શ્રદ્ધા આવી; પરંતુ અવિરતિ બેઠી છે એટલે એનો અમલ નહિ, અર્થાત્ મનને એમ થાય કે 'વિષયોથી સુખ નહિ, એ વાત તદ્દન સાચી છે. પણ મારું મન નબળું છે, એટલે હમણાં મને વિષયોથી ઠીક રહે છે.

ક્રોધાદિ ચારે કષાયો અનંતાનુબંધી આદિ ચાર ચાર પ્રકારના; એમાં પહેલો

પ્રકાર અનંતાનુબંધી કષાયોનો. એ હોય એટલે વિષયો ઝેરરૂપ લાગે. છતાં બીજો પ્રકાર અપ્રત્યાખ્યાનીય કષાયોનો; એની આ ખૂબી કે ઝેરરૂપ માનેલા વિષયો પરથી આસક્તિ-રાગ ન છૂટે, મીઠાશનો અનુભવ થાય.

વિધવા બાઈને મીઠાઈ ઝેર જેવી :-

દા.ત. સુશીલ પતિભક્તા યુવાન બાઈને પતિ એકાએક ગુજરી જતાં મેવા-મીઠાઈ ઝેરરૂપે લાગે છે, વરસ-દહાડો જાય તો ય તે ઝેરરૂપ લાગે છે. પરંતુ જો એનો ત્યાગ નથી રાખી શકતી ને પછી એ મેવામીઠાઈ ખાય છે, તો એનો અર્થ એ કે ઝેરરૂપ લાગવા છતાં એની આસક્તિ ઊભી છે, એ ખાવાનો રાગ ઊભો છે. ખાય છે માટે એમ તો ન કહેવાય કે એને પતિના વિયોગમાં એ ઝેરરૂપ નથી લાગતા. ઝેરરૂપ તો લાગેજ છે, પણ મન નબળું છે એટલે એને છોડી શકતી નથી, એનાથી એને ઠીક રહે છે.

એમ નજરકેદી રાજાને કેદમાં રાખનારો મોટો રાજા મહેલમાં રાખે છે, ને બધા વિષયો પૂરા પાડે છે; પણ પેલાને પોતાની સ્વતંત્ર રાજવીપણાની મઝા લૂંટાઈ ગઈ હોવાથી એ મહેલ અને વિષયો ઝેરરૂપ લાગે છે. છતાં એનો ભોગવટો, મન નબળું હોવાથી કરે છે પણ એ ભોગવટામાત્રથી એમ ન કહેવાય કે એને એ ઝેરરૂપ નથી લાગતા.

તમે જ તમારા જીવનમાં જુઓ કે તમારી પાસે દસ લાખ રૂપિયા હોય ને માનો એમાંથી વેપારમાં એકી કલમે નવ લાખ રૂપિયા પડી જાય, પછી મીઠાઈ ખાવાનો પ્રસંગ આવે તો એ કેવી ઝેરરૂપ લાગે ? અલબત મીઠાઈ ખાવાનું છોડી શકતા નથી. ખાઓ છો છતાં એનો એ અર્થ નથી કે એ ઝેરરૂપ નથી લાગતી.

નક્ષલાઈટની જાસાચિઠ્ઠી :-

અથવા સમજો કે દસ લાખની સંપત્તિ પર નક્ષલાઈટની જાસાચિઠ્ઠી આવી કે તમે 'અમુક જગાએ રૂપિયા દસ લાખ મૂકી જજો નહિતર તમારા વહાલામાં વહાલા છોકરાનું ખૂન કરીશું.' માનો કે તમે ભરોસે રહ્યા કે એમ શું થવાનું છે ? છોકરાને હમણાં બહાર નહિ જવા દઉં. ને એમ કરી રૂપિયા ન મૂકી આવ્યા. એમાં માનો કે નક્ષલાઈટે અંધારે ઘરમાં ઘૂસી જઈ અતિ વહાલા છોકરાનું ખૂન કરી નાખ્યું, તો એ પછી તમને દસ લાખની સંપત્તિ કેવી લાગે ? ઝેરરૂપ લાગે ને ? મનને એમ થાય ને કે, 'હાય ! આ ગોઝારી સંપત્તિએ મારો અતિવહાલો હોશિયાર છોકરો ગુમાવરાવ્યો ?' ત્યારે શું પછી એ સંપત્તિ ફેંકી દો ?, એ તો સાચવી રાખવાના. છતાં શું એમ કહેવાય કે સંપત્તિ પર મમતા છે, આસક્તિ છે, માટે એ ઝેરરૂપ નથી લાગી ?'

બસ, સમકિતી સંસારીની આવી દશા હોય છે. એને સંસારના વિષયો-સંપત્તિ વગેરે ભગવાનના વચન પરથી ઝેરરૂપ લાગ્યા છે છતાં અવિરતિ યાને અપ્રત્યાખ્યાની રાગના યોગે એ સંપત્તિ-વિષયો વગેરે પર એને આસક્તિ રહે છે આનું નામ અવિરતિમોહની પકડમાં એ પકડાયેલો છે.

એને એ અવિરતિના યોગે ત્યાગ-સંયમમાં કષ્ટ અને વિષયોમાં સુખ શાતા લાગે છે.

'સંયમમાં સુખ, વિષયોમાં મહાદુઃખ,-' એવો જિનવચનનો હિસાબ એને માન્ય છે, પણ એનો અમલ નથી કરી શકતો. અવિરતિમોહથી ગળચીમાંથી પકડાયેલો છે, એટલે એના હિસાબ કે, 'વિષયોથી સુખશાતા' એ પડતો મૂકવાની ત્રેવડ નથી; અને જ્ઞાનીનો હિસાબ કે, 'સંયમમાં સુખશાતા' એ અનુભવવા-સંવેદવા સ્થિતિ નથી. ત્યારે સાધુ-સાધ્વીએ આ ધ્યાન રાખવાનું છે કે,

'વિષયો દુઃખકર અને સંયમના કષ્ટ સુખકર' એટલું માનવા માત્રથી નિસ્તાર નથી, વિરતિભાવ નથી, કિન્તુ ઈષ્ટ પણ વિષયોમાં 'મને ઠીક રહે છે' એવું ય ન લાગવું જોઈએ તેમજ સંયમના કષ્ટોમાં 'મને ઠીક રહે છે' એમ લાગવું જોઈએ.

ઈષ્ટ વિષયોમાં ઠીક રહે એ આસક્તિ છે, અવિરતિ છે.

સંયમના કષ્ટમાં ઠીક ન રહે એ વિષયાસક્તિના લીધે છે, એટલે પણ અવિરતિ છે.

ટુંકો હિસાબ આ,-

(૧) 'ઈષ્ટ વિષયોમાં સુખ છે, અને સંયમમાં દુઃખ છે' એવી માન્યતા એ મિથ્યાત્વ.

(૨) 'ઈષ્ટ વિષયોમા દુઃખ છે, ને સંયમમાં સુખ છે' એવી સચોટ માન્યતા હોય ત્યાં સમ્યક્ત્વ છે.

(૩) 'ઈષ્ટ વિષયોમાં મને ઠીક રહે છે, સંયમના કષ્ટમાં ઠીક નથી રહેતું' એવું સંવેદન એ વિષયોની આસક્તિ છે, અવિરતિ છે.

(૪) 'ઈષ્ટ વિષયોમાં મને ઠીક નથી રહેતું, ને સંયમમાં ઠીક રહે છે' એવું આંતરસંવેદન એ વિરતિભાવ છે.

બસ, આ હિસાબ બરાબર સમજી રાખી નાની નાની બાબતમાં એવી જાગૃતિ રખાય તો જ વિરતિભાવ એટલે કે ભાવથી ચારિત્ર ટકે. નહિતર તો ભાવથી ચારિત્ર ડૂલ, એટલે માત્ર વેશધારિપણું રહે.

ગજસુકુમાળે નેમિનાથ ભગવાનની વાણી સાંભળીને અવિરતિમોહનો હિસાબ પડતો મૂક્યો, ને જિનવચનનો હિસાબ મન પર લઈ લીધો. વિષયોમાં મહાદુઃખ

મહાકષ્ટ અને સંયમમાં મહાસુખનું જાણે સંવેદન ઊભું કર્યું, તે પ્રભુની વાણી સાંભળી ઘેર જઈ માતાની આગળ પોતે સંસારમાં ને સંસારના વિષયોમાં પોતાની મહા અકળામણ દેખાડે છે.

અઈમુત્તાની વૈરાગ્યભરી મનોદશા :-

બાલ અઈમુત્તાકુમારે પણ મહાવીર ભગવાનના શ્રીમુખેથી બે બોલ સાંભળી મોહનો એવો હિસાબ પડતો મુક્યો કે 'મરવાની તો હજી ઘણી વાર છે માટે હમણાં તો સંસારની લહેર કરી લો. પરલોકની ચિંતા કરો નહિ. આ ભવ મીઠા પરલોક કોણે દીઠા ?' મોહનો આવો હિસાબ પડતો મૂકી ભગવાનના વચનનો તારણહાર હિસાબ પકડ્યો કે

મૃત્યુ ક્યારે આવે એની ખબર નથી; ને ધર્મ વિના એમ જ મૃત્યુએ પહોંચી ગયા, તો પરલોક ભૂંડો છે.'

પછી નક્કી કર્યું કે અણધાર્યા મૃત્યુના આવવા પહેલાં મારે ધર્મ સાધી લેવો.

સંસારના જીવો મોહશત્રુની ગળાપકડમાં છે. સંસાર જ એવો છે કે જીવોને એ રીતે પકડાયેલા રાખે. એકમાત્ર જિનવચનનું શરણ પકડે એને એ મોહની પકડમાંથી છૂટવાનું સામર્થ્ય આવે. અઈમુત્તામાં વીરવચનના શરણથી એ સામર્થ્ય આવ્યું, તરત ઘેર દોડી જઈ કહે છે, 'મા ! ચારિત્ર લેવું છે, મને રજા આપો !

માતા કહે, 'ભાઈ ! તું ચારિત્રમાં શું જાણે ?'

અઈમુત્તો જવાબ દે છે, 'મા !'

'હું જે જાણું, તે નવિ જાણું, નવિ જાણું તે જાણું.'

મા વિચારમાં પડી કે કનૈયો શું બોલે છે ? કહે છે, 'કીકા ! તું બોલ્યો એમાં મને કાંઈ સમજ ન પડી તું શું કહેવા માગે છે ?'

બાળ કહે, 'મા ! હું ચારિત્રમાં કાંઈ ન જાણું એમ તું કહે છે, તો તું જાણે છે ને ? તો કર ને અર્થ. તને આમાં સમજ કેમ ન પડી ?'

માતા વિલખી પડી કહે છે, 'ભાઈ ! તું જ અર્થ કર '

અઈમુત્તાએ અર્થ સમજાવ્યો કે, "હું જે જાણું છું કે મૃત્યુ અવશ્ય આવવાનું, તે હું નથી જાણતો કે ક્યારે એ આવશે ? તેમજ હું નથી જાણતો કે મરીને હું ક્યાં જઈશ. પણ એટલું તો જરૂર જાણું છું કે ધર્મ વિના મરવાનું થાય તો તો દુર્ગતિમાં જ જવું પડે.

"માટે સાર આ છે કે ગફલતમાં રહ્યા મોત એકાએક આવી લાગે ને ધર્મ વિનાનો રહી જાઉં તો દુર્ગતિમાં પટકાઈ પડું ! એના કરતાં અત્યારથી ધર્મમાં લાગી જાઉં. તો તું મને ચારિત્ર-ધર્મની રજા દઈ દે.'

માતાએ કયો મોહનો હિસાબ પડતો મૂકી ભગવાનનો હિસાબ કયો પકડ્યો :-

માતા સમજી ગઈ કે આનો વૈરાગ્ય પાકો સમજ-પૂર્વકનો છે. એટલે 'ગુલાબના ગોટા જેવો દીકરો તો પાસે જે રાખી આનંદ માણવાનો હોય એવો મોહનો હિસાબ માતાએ પડતો મૂક્યો, મોહની ગળા પકડમાંથી છૂટી અને ભગવાનનો હિસાબ માથે ધર્યો કે 'વિરાગી દીકરાને તો એના કલ્યાણનાં માર્ગે જ ચડાવી દેવાનો હોય; પણ આપણા સ્વાર્થમાં એનું કલ્યાણ અટકાવાય નહિ' બસ, વરઘોડો કાઢી અઈમુત્તાને ભગવાન પાસે લઈ જઈ સોપીં દીધો. ચારિત્ર અપાવ્યું.

બસ, છૂટ્યા હવે મોહની ગળાપકડમાંથી ? ચારિત્ર આવે એટલે શું નિરાંત ખરી કે મોહની ગળાપકડ [illegible]મની ગઈ ? ના, જુઓ આ જ અઈમુત્તામુનિ એક વાર મોટા મુનિઓ સાથે બહાર જઈ પાછા ફરતા હતા ત્યાં રસ્તામાં છોકરાઓને તળાવમાં હોડીની રમત રમતા જોઈ એમને ય રમતનું મન થયું એટલે પોતે પણ કાચલી દોરાએ બાંધી તળાવમાં નાખી તરાવવાની રમતમાં પડ્યા મોટા મુનિઓને ખબર પડતાં મુનિઓએ એમને વાર્યા કે,

'આમાં ષટ્કાયજીવોનો નાશ થાય, આપણાથી આવું કરાય ?'

અઈમુત્તામુનિએ તરત મિચ્છા મિ દુક્કડં કરી કાચલી લઈ લીધી, ને મુનિઓ સાથે ચાલ્યા. રસ્તામાં ભારે પશ્ચાત્તાપ કરે છે,-'અરેરે ! આ મેં શું કર્યું ? ભગવાને મને જીવહિંસાના પાપમાંથી છોડાવવાનો મહાન ઉપકાર કર્યો ને મેં મૂરખે ભગવાનના ઉપકારને ભૂંસી નાખ્યો ? ચારિત્ર લઈ મેં બાધા કરી કે 'એક પણ નાના ય જીવને નહિ મારું,' તે મેં આ બાધા ભાગી ? અસંખ્ય જીવોનો કચ્ચરઘાણ કાઢ્યો ? અરરર ! ઓ ભગવાન ! મારું શું થશે ?'

અઈમુત્તામુનિ ભારે પશ્ચાત્તાપ કરે છે, ત્યારે પેલા મોટા મુનિઓ એ વિચારે છે કે 'આ કેવો નાદાન બાળ મુનિ કે હોડી રમવામાં પડ્યો ?' તે ઠેઠ પ્રભુની પાસે પહોચ્યાં ત્યાં એક બાજુ અઈમુત્તા મુનિ તો ઈરિયાવહિયં કરતાં પાપનો ભારે પશ્ચાત્તાપ કરે છે.

ત્યારે આ મોટા મુનિઓ મનમાં અઈમુત્તામુનિની હલકાઈ વિચારતાં રહી પ્રભુને પૂછે છે,-

'હે પ્રભુ ! આ અઈમુત્તો કેટલા ભવ કરશે ?' મોહની કેવી ગળાપકડ ?

ભગવાન કહે 'મહાનુભાવો ! આની આશાતના ન કરો. આ ચરમશરીરી છે.'

સ્થવિર મુનિઓ ચોંકી ઊઠ્યા, પસ્તાવો થયો કે 'હાય ! આપણે આ-ભવ-મુક્તિગામી આ મહાન આત્મા અઈમુત્તા મુનિની હલકાઈ ચિંતવવાનું કેવું ઘોર પાપ કર્યું ?' તરત પ્રભુની આગળ મિચ્છામિ દુક્કડં દીધો.

મોટા મુનિઓ કેમ ભૂલ્યા હતા ? કેમ હલકાઈ ચિંતવી ? કહો, ચારિત્ર લઈને મોહશત્રુને દબાવ્યો, પણ અત્યારે પાછો મોહશત્રુની ગળાપકડમાં પકડાયા. બાહ્ય સંસારમોહની પક્કડમાંથી છૂટ્યા પછી પણ નિરાંત નથી કરવાની. વિશ્વાસે નથી રહેવાનું કે હવે આપણે સંસારથી છૂટ્યા એટલે મોહની પકડ ગઈ. ઊલટું હવે તો વિશેષ સાવધાન રહેવાનું છે; કેમકે ઝીણી ઝીણી બાબતોની પણ તાકાત છે કે બિનસાવધાન આત્માને મોહની પકડમાં ઝટ ફસાવી દે.

જુઓને અહીં જ મોટા મુનિઓ ભૂલા પડી ગયા હતા. અઈમુત્તા મુનિએ હોડીની રમત કરી, તો જોવું હતું કે બાળવય હતી, બાળસ્વભાવે એમ કરાવ્યું, એમાં એમની હલકાઈ શી જોવી હતી ? જોયું હોય તો એ ભૂલ છતાં એમણે રાજપુત્રપણામાંથી જે વહાલસોયી માતા અને વૈભવી સંસાર છોડવાનું મહા પરાક્રમ કર્યું એ જોવાની જરૂર હતી. પરંતુ મોહની ગળાપકડમાં ફસાયા તો અઈમુત્તામુનિની હલકાઈ જોઈ એટલે જાતની બડાઈ માની જાતની અભિમાનમાં પડ્યા. બાળમુનિની અવગણના ચિંતવી. આ અભિમાનરૂપી મોહથી અને અવગણનારૂપી મોહથી ગળચીમાંથી પકડાયા. કારણ ?

આ સંસાર જ એવો ભયંકર છે કે એમાં મોટા મુનિ પણ જરાક બિનસાવધાન બને, તો મોહરૂપી શત્રુ એમને ય ગળચીમાંથી પકડે 'તો પછી અમારા શા ભાર ?' એમ બચાવ કરી મોહની પકડને વધાવી રાખતા નહિ કે ભલે ત્યારે એ એમજ ચાલ્યા કરે. કારણ,

મોહની પકડને વધાવી રાખવામાં પગલે પગલે વિપત્તિ છે, આપદા છે, અને સુવર્ણ ભવની રાખ કરવા બરાબર છે.

જુઓ પેલા સ્થવિર મુનિઓ નાના અઈમુત્તા મુનિ તરફ ઘૃણાથી જોવા લાગ્યા, ને જાતનું અભિમાન આવ્યું, તો ભગવાનની આગળ પણ એનું પ્રદર્શન કરવા ગયા, અને પૂછ્યું કે 'પ્રભુ ! આ અઈમુત્તો કેટલા ભવ કરશે ?' મોટા વીતરાગ સર્વજ્ઞ ભગવાને સ્વાભિમાન અને બીજાની ઘૃણા દેખાડવી એ કોઈ ગુણ નથી, સારો ભાવ નથી, પણ નફટાઈ છે કે એવા પરમ પુરુષ પરમાત્મા આગળ પોતાના દોષનો પશ્ચાત્તાપ કરવાને બદલે પાપનું સેવન કરવું.

ઘૃણાનું પ્રદર્શન એ મુનિઓની ભૂલ હતી માટે પ્રભુએ શિખામણ આપી કે 'મહાનુભાવ ! આ ભવે જ મોક્ષ પામનારા આ બાળ મુનિની આશાતના ન કરો.'

ભૂલેલા કોઈની ઘૃણા કરવી એ આત્માની સંપત્તિ નથી, પણ આપત્તિ છે. તેમજ એ ઘૃણાની ઉપર નીચગોત્ર વગેરે કેટલાંય પાપકર્મો બંધાય એ ય આપદા છે. એનાં ફળરૂપે નવા ભવે તિર્યંચ કે હલકાં ભંગી માણસ વગેરેનો હલકો અવતાર

મળે, એ પણ આપત્તિ છે. એવો અવતાર મળ્યા ઉપર અનેક પાપાચરણો થાય, અનેક દુર્ગુણો ફાલેફુલે ને એથી દુર્ગતિના ભવોની પંરપરા ચાલે એ વળી મહાન આપત્તિઓ છે.

આમ, એક એક મોહની લાગણીમાં પકડાયે કેવા ફળ, કેવા દુઃખદ પરિણામ, એ જરાવિસ્તારથી, જુઓ તો દેખાશે કે મહા આપત્તિઓની ફોજ ઊતરી પડે છે.

મરીચિએ જરાક કુળમદની મોહવાળી લાગણી કરી તો એક કોડાકોડી સાગરોપમની સ્થિતિનું નીચગોત્ર કર્મ ઊભું કર્યું. વળી એ ક્ષણભર ઉત્સૂત્રભાષણ કરવાની મોહની પકડમાં આવ્યો, તો મિથ્યાત્વ ઊભું કરી ભવોના ભવો સુધી મિથ્યા ધર્મ, વિષયલંપટતા વગેરે આપદાઓમાં ફસાવું પડ્યું.

ચંડકોશિકના જીવ સાધુએ ક્રોધમોહની લાગણી ઊભી કરી તો ગુસ્સાખોર તાપસ અને ભયંકર ગુસ્સાવાળો સાપ બનવાની આપદા આવી ગુસ્સાના ગુણાકાર થયા.

મોહની પકડ પાછળ કેવાં દુઃખ ?:-

મોહની પકડમાં આવ્યે, માત્ર પરલોકમાં જ આપત્તિઓ આવે એવું નથી, કિન્તુ આ ભવમાં પણ આપત્તિઓ ઊતરી પડે છે. જુઓ સ્ત્રીના મોહની પાછળ કેટકેટલાં પાપાચરણ કરવા પડે છે. એમ **ધનના** મોહમાં કેવા કેવા પાપો સેવાય છે ? ત્યારે અર્થ અને કામના મોહમાં પડ્યે કેટકેટલી ચિંતાઓ અને હૃદય-બળતરાઓ ઊભી થાય છે ? અભિમાની પત્ની અને અભિમાની શેઠને પનારે પડ્યા પછી એના તરફથી અપમાન, પરાભવ વગેરે કેવા ખમવાના આવે ? ઘણા કહે છે કે, 'પરણીને પસ્તાયા.'

સંસાર દારુણ : સગાસ્નેહી દેવ-ગુરુ ધર્મને ભૂલાવે :-

સંસાર જ એવો દારુણ છે કે એમાં જન્મ-મરણાદિના ભય, મોહની પરવશતા, ને પગલે પગલે આપત્તિઓ છે. એથી આગળ,

શાંતસુધારસશાસ્ત્ર કહે છે-

'स्वजनतनयादि-परिचयगुणैरिह मुधा बध्यसे मूढ रे ।
प्रतिपदं नवनवैरनुभवैः परिभवैरसकृदुपगूढ रे ॥

અર્થાત્ સંસારમાં સગા-સ્નેહી પુત્ર-પત્ની-પાપ-મિત્ર વગેરેના સંગમાં પરિચયમાં આવવું ફસાવું પડે છે; અને એની પાછળ એવા આંધળા સ્નેહ-પ્રેમ બીજાના ઈર્ષ્યા-ઘૃણા વગેરે દોષ-દુર્ગુણોથી બંધાવું પડે છે એનો લાભ ખરો ? ના, પરિવર્તન અને અંતે નાશપામનારા જીવો પર આંધળા રાગ વગેરે કરવાનું કશું સારું ફળ નહિ. ઊલટું એના મોહમાં બંધાયે તો ભગવાનને ભૂલવાનું, ધર્મને

ભૂલવાનું, ને ગુરુઓ સત્સંગ-સદુપદેશને ભૂલવાનું થાય છે.

સગાં ને વહાલા એ તો જીવના બંધન છે. એ બંધનમાં ફસ્યે જીવ પગલે પગલે નવનવા અનુભવો અને વારંવાર પરિભવ-અપમાન તિરસ્કારથી નવાજાય છે; ભેટાય છે આક્રમણ પામે છે. પ્રશ્ન થાય,

પ્ર.- નવા નવા અનુભવો મળે એમાં ખોટું શું કે જેથી સગાવહાલાના પરિચયના હિસાબે સંસારને ભયંકર કહો છો ?

ઉ.- સગાવહાલાના પરિચયો વધતા જે અનુભવો આવી મળે છે એ અનુભવ કોઈ ક્ષમા સમતા કે વૈરાગ્યાદિના નહિ, પરંતુ અનુભવો હૈયાહોળીના અને વિષયાસક્તિ પોષનારા નવાનવા વિષયોના અનુભવ અહીં સમજવાના છે. જુઓ.

માબાપના પરિચયમાં બાળક શું પામે ?:-

છોકરાને મોટા થતાં માબાપનો પરિચય જેમ વધે છે, એમ એમની બોલચાલમાં દુનિયાદારીના નવાનવા અનુભવ બાલકને જોવા-સાંભળવા મળે છે. માબાપ ધર્માત્મા હોય તો એમની ધર્મચર્યા અને ધાર્મિક બોલ જોવા-સાંભળવા મળે, પણ જગતમાં એવા ધર્માત્મા માબાપ કેટલા ? બહુ થોડા. એટલે ઊછરતા બાળકને ધર્મના અનુભવ મળ્યે જતા હોય એવા બાળક પણ થોડા. ત્યારે, દુનિયાદારીના ઈંદ્રિય-વિષયોના અને ક્રોધાદિ કષાયોના અનુભવ પામનારા બાળક બધા જ.

આ રીતે, જનમતાં અબૂઝ જન્મેલુ બાળક સંસારના સ્વજન માબાપના પરિચય વધતાં વધતાં શું પામે છે ? દુનિયાદારીના અને વિષય-કષાયોના નવા નવા અનુભવ. એટલે દેખાય છે કે

(૧) માબાપ જો દુનિયાદારીના બહુ લેહલાટ પાથરી બેઠા હોય તો બચ્ચાને એ જ નવું ને નવું જોવા-સાંભળવા ને વર્તવા મળે છે. એમ,

(૨) માબાપ બહુ વિષયવિલાસની મોજ કરનારા હોય તો બાળકને એ જ અનુભવો મળ્યે જવાના.

(૩) માબાપ ક્રોધી અને ઝગડતા હોય તો બાળક પણ એ જ શીખતું જવાનું.

(૪) માબાપ અભિમાની અને જાત બડાઈ ગાનારા હોય તો બાળકને એવું જ શીખવાનું મળ્યા કરવાનું.

(૫) માબાપ બહુ લોભ, બહુ મમતા, ને બહુ તૃષ્ણા આસક્તિમાં તણાતા હોય, તો એમના બોલ ને એમની ચાલ એવી જ રહેવાની. આજે ઘર ઘર જુઓ શું દેખાય છે ? તૃષ્ણા-આસક્તિને મમતાની જ વાતો, એના જ બોલ, ને એની જ ચાલ. જીવન જ એનું બની ગયું દેખાશે. નહિ મળેલું મેળવવાની તૃષ્ણા, મળેલા

પર મમતા ભારે, બને તેટલું સાચવી સંઘરી રાખવાની જ લેશ્યા, અને એ મળેલા કે મેળવવાના પદાર્થ ઉપર રાગ-આસક્તિ-આકર્ષણ ભારે. આનું પરિણામ ?

કહો, જ્યાં દુન્યવી પદાર્થના લોભ-મમતા-આકર્ષણ જોરમાં, ત્યાં આત્મહિતની બાબત માટે કશો લોભ નહિ, મમતા નહિ, રાગ-આકર્ષણ આસક્તિ નહિ.

વિચારજો, જીવનમાં લોભ-તૃષ્ણા શેની શેની ચાલે છે ? 'આ મેળવું, આ સરખું કરું, આ બનાવું એવું એવું જે થયા કરે છે તેમા 'આ' તરીકે શું આવે છે ? મોહ-માયાના પદાર્થ કે આત્મહિતનાં તત્ત્વ ? સંસારની વાતો કે ધર્મની બાબતો ? મનને વધારે શું થયા કરે ? પાંચ દહેરે જઈ આવું એમ થાય ? કે પાંચ સ્નેહીને મળી આવું એમ થાય ? ઘરાકોમાં ફરી આવું ? કે સાધુઓ પાસે જઈ આવું ? ઘરની આ ચીજ લઈ આવું, પેલી લઈ આવું , એવું થયા કરે ? કે ધર્મની આ સામગ્રી લાવું, પેલી સામગ્રી લઈ આવું ? એમ થાય ?

એમ, મમતા શાની જોરદાર રહે છે ? ઘરવાળા ઉપર કે ગુરુ ઉપર ? પોતાનાં છોકરાં છૈયા ઉપર ? કે સાધર્મિક સારો ધર્મ કરનારા અને સારું ધર્મનું ભણનારા પાઠશાળાના બાળકો ઉપર ? ધનનો લખલૂટ ભોગ ક્યાં અપાય છે ? એમ મમતા દુન્યવી ચીજવસ્તુ ઉપર ? કે ધાર્મિક વસ્તુ આત્મહિતની વસ્તુ, ને પરોપકારની બાબત ઉપર ?

ત્યારે રાગ-આસક્તિ-અભિમાન કઈ ચીજ ઉપર ? કોઈનો સારો બંગલો જોયેલો ચિત્તમાં ચોંટી જાય ? કે જિનમંદિર હૈયે વસી જાય ? સગા સ્નેહી પર અથાગ રાગ ? કે પાસેના જિનમંદિરના ભગવાન અને ગુરુઓ ઉપર ? રાગ ક્યાં ? આડતિયા ઘરાક ને સ્નેહી સંબંધી ઉપર ? કે સારા વ્રતધારી અને ધર્મક્રિયાઓ કરનારા ઉપર ?

આ સંસાર જ એવો છે કે જેમાં જીવને આત્માના કલ્યાણકારી તત્ત્વોના પરિચય મળે ઓછા, અને પરિચયે એમના પ્રત્યે રાગ-મમતાથી ગાઢ બંધાવાનું થાય પણ ઓછું. ત્યારે દુન્યવી સગા-સંબંધીઓ શેઠ-નોકર-ઘરાક-વેપારી વગેરેના પરિચય મળે ઘણા અને એમની સાથે રાગ-મમતા આસક્તિથી ગાઢ બંધાવાનું બને ઘણું. સંસારી જીવન દેખાડે છે કે દેવ-ગુરુ-સાધર્મિક સાથે રોજના જીવનમાં કેટલો સંબંધ-પરિચય થાય છે, અને દુન્યવી માણસો સાથે કેટલો સંબંધ-પરિચય થાય છે ? રોજનો કેટલો સમય કોના સંબંધમાં ? વળી એ પરિચય પણ હૃદયથી કેટલો કોની સાથે ?



હૈયાથી રાગ અને મમતા ગાઢ થતા જાય તે કોના ઉપર, દેવ-ગુરુ-સાધર્મિક પર ? કે દુન્યવી સગા સંબંધી પર ?

આવા ઊંચા આર્ય માનવભવે આવ્યા પછી શું આ ઊંધુ વેતરણ નથી કે અનંત કલ્યાણ સાધી આપે એવા દેવાધિદેવ પરમાત્મા, ત્યાગી ગુરુઓ, અને ધર્મભાવિત સાધર્મિક સાથે ખૂબ સંપર્ક-પરિચયને બદલે દુન્યવી માણસો સાથેના સંગ અને પરિચય ધૂમધામ ચાલતા હોય ? પણ સંસાર જ એવો છે કે જીવ એમાં આવું ઊધું વેતરણ જ કરે. સાંસારિક સંબંધીઓ સાથે સંસર્ગનો સમય પણ બહુ, અને એ સંસર્ગના ફળરૂપે રાગ-મમતાથી ગંઠાવાનું પણ બહુ.

જુઓ, દા.ત. દીકરા-દીકરીના કોઈ સારા ઘરે સગાઈ કરી, તો વેવાઈ-વેવાણ સાથેના રાગ-મમતા ઝટ ગાઢ થતા જશે, પણ ગામમાં સાધુ આવ્યા, સારા સાધર્મિક રહેવા આવ્યા, તો એમની સાથે એવા ગાઢ રાગ-મમતા નહિ બંધાય. ધંધામાં નવા સારા કોઈ ઘરાક-દલાલ-વેપારીનો સંપર્ક થયો, તો પછી એની સાથે પરિચય-રાગ-મમતા વધતા જવાના. એવું દેવ-ગુરુ-સાધર્મિક સંબંધમાં બનતું નહિ દેખાય.

માનો કે કોઈ તીર્થસ્થળમાં ૪-૮ દિવસ યાત્રાએ ગયા, તો ત્યાં મંદિરમાં સમય વધારે જવાનો ? ને બીજા યાત્રિક અને કુટુંબીઓ સાથે મળવા-બેસવા-વાતો કરવામાં સમય વધારે જવાનો ? મગજ પર સંસારની છાયા જ એવી છે કે જીવને એ સાંસારિક સગા-સ્નેહી સાથે સારા સંપર્ક-પરિચયમાં રખાવે, ને સૌના હેત ત્યાં ઉભરાવે. દિલ જે પ્રભુભક્તિમાં નહિ ઠરે એ પેલા આગંતુક યાત્રિક વગેરે સાથેની વાતોચીતોમાં ઠરતું દેખાશે.

એવું જે ગુરુઓ કે સાધર્મિક પાસેથી આત્મહિતની ધર્મની, સદ્‌ગુણોની વાતો મળતી હશે એમની સાથે બહુ સંપર્ક નહિ દેખાય, એમની વાતમાં એવો રસ નહિ ઊભરાય, દિલ નહિ ઠરે કે એમના પર હૈયાના હેત એવા નહિ રેલાય; એટલું સ્નેહી-સંબંધી-પાડોશી વગેરે સાથે સંપર્ક-પરિચય બહુ, વાતોચીતો બહુ, રસ અને હેત ઘણું. જગતમાં મોટાભાગે જીવોમાં આ જ બનતું દેખાય છે. કારણ સંસારનો પ્રભાવ જ એવો છે.

ત્યારે શાસ્ત્રકાર કહે છે, જીવને આ સંસારિઓ સાથે આવા મેળ, રસ, હેતમાં કેમ તણાવાનું થાય છે ? તો કે એમના સંપર્કમાં નવાનવા અનુભવ થાય છે. અનુભવ શાના ? વિષયસુખોના, મોહની વાતોના, અને દુન્યવી પ્રવૃત્તિના પ્રશ્ન થાય,

અનુભવ નવા નવા શી રીતે ?

પ્ર.- આવા અનુભવોમાં નવું નવું શું ? એ તો પૂર્વે અનંતા ભવોમાં કરેલા છે ?

ઉ.- પૂર્વે કર્યા છે એ વાત સાચી, પરંતુ અહીં જનમ્યા પછી પૂર્વનું ક્યાં યાદ છે ? નહિતર તો કુવલયમાલા શાસ્ત્ર કહે છે કે 'હે જીવ ! જે માતા કે પત્નીમાં તુ મોહ પામે છે એણે પૂર્વે વાઘણ થઈને તને હરણના અવતારે જીવતાં બટકાં ભરી ભરી તારા લોહીના ઘૂંટ ઘૂંટ પીધા છે. તો અહીં તું એના પર શો મોહ પામે ?' શાસ્ત્રકારના આ કથન પ્રમાણેના એ પૂર્વના દુઃખદ અનુભવ જનમતાં જો યાદ આવતા હોય તો એ માતા વગેરે પર સારો ભાવ આવે ? પ્રેમ-રાગ થાય ખરો ? ના; પરંતુ સંસારનો સ્વભાવ એવો છે કે સામાન્ય રીતે પૂર્વનું યાદ જ ન આવવા દે. તેથી અહીં પૂર્વના વિષયસુખો કે મોહની રમતો યાદ ન આવવાના કારણે અહીં સગાં સ્નેહી તરફથી મળતા જતા વિષય-સુખો અને મોહની વાતો ચેષ્ટાઓ નવી નવી જ લાગે છે; ને જીવ એમાં મોહ પામી પામી વધુ ને વધુ રાગના બંધને બંધાતો જાય છે.

સંસારની જીવ પર આ કેવી મોહિની કે પૂર્વભવોનું કશું યાદ ન આવવા દે ?

અને એથી જ જીવ નવા નવા મોહના અનુભવોમાં ફસાય, મોહ પામે, અને જડની બાલિશ રમતોમાં જ જીવન આગળ ધપાવ્યે જાય ? સંસારે જીવ પર પાથરેલી આ પૂર્વભવના અનુભવોની વિસ્મૃતિની મોહિની જીવને અહીં પાગલ બનાવે છે.

અરે ? આ જીવનમાં પણ શું છે ? મીઠાઈનો પૂર્વ અનુભવ નવા જમણ વખતે ક્યાં યાદ આવે છે ? પૂર્વે જમ્યા ત્યારે ભારે આનંદ અનુભવેલો અને આકંઠ જમ્યા પછી એના પર અભાવ પણ અનુભવેલો કે જવા દો, હવે આમાં કશી મઝા નથી.' પણ અહીં નવા પકવાન્નજમણ વખતે ક્યાં કશો પૂર્વનો આનંદ અનુભવમાં આવે છે ? નહિતર એથી સંતોષ જ માની લઈ ફરીથી નવા જમણની લપ જ કરત નહિ ને ? તેમ પૂર્વનો આકંઠ જમ્યા પછી મીઠાઈ પર થયેલ અભાવ અહીં અનુભવમાં આવતાં નવું જમણ શાનું આકર્ષણ કરતે ? પણ કહો સંસાર જ એવો જાદુગર છે કે ખા ગયા ખો ગયા, પૂર્વનું કશું યાદ જ ન આવવા દે, ને નવામાં જીવને મૂંઝવી મારે, જાણે આજ સુધીમાં આવું કશું જોયું જ નથી. અને વળી જાણે કાલે મળશે કે કેમ, માટે આજે આમાં પૂરેપૂરા ડૂબી જાઓ,- આ લગન છે ! આ લગની પાછી જીવનના છેડા સુધી ચાલે છે, એટલે પછી જીવ એમાંથી શાનો ઊંચો આવે ? શાનો સંસારની આ મોહિનીને ઓળખે ? અને શાનો એ જડવિષયો અને મોહની બાલિશ રમતોને પડતી મૂકી પોતાના આત્માને યાદ કરે ? એ તો આ

જડરમતમાં ઠેઠ મરવા સુધી ફસ્યો જ રહે છે.

જંબુકુમારે પરણી લાવેલી આઠ પત્નીઓને સમજાવવા એક પત્નીની સંસારની દલાલીના ઉત્તરમાં કહ્યું કે જુઓ,

લોભી કાગડાની કથા :-

એક વનમાં એક હાથી મરી ગયેલો તે એની પૂંઠના ભાગને શિયાળીઆઓએ કોચી નાખેલ. ત્યાં પછી એક કાગડો આવ્યો એ કોચી ગયેલા ભાગમાંથી અંદરના પોલાણમાં પેઠો, અને અંદરના માંસને કોચી કોચીને ખાવા લાગ્યો.

કાગડાના સ્વભાવમાં શું હોય ? સારાં નિર્મળ ગંગાના પાણી પીવાને બદલે ગંધાઈ ઊઠેલા ગંદા નગરની ખાળના મળમૂત્રભર્યા પાણી પીવાનો સ્વભાવ; સુસ્વાદુ ચોકખી ફળની ચીરિયો મૂકી ગંધાઈ કહોવાઈ ઊઠેલ માંસપેશી કે માણસના ગંદા ગળફાના કફ ચાખવાનો સ્વભાવ ! સંસારની આ કેટલી બધી જાલિમ મોહિની કે જીવ જે એકવાર સારા સુખી મનુષ્યભવે નિર્મળ જળપાન, મીઠા સરબત-પાન અને સ્વાદિષ્ટ ચોકખાં ફળ-પકવાન્નના ભક્ષણ કરતો હતો, એને જ હવે કાગડાનો અવતાર આપી એની પાસે આવા ગંદા ગટર-પાન અને અશુચિનાં ભક્ષણ કરાવે !

સંસાર કેમ જાણે વૈર વાળે છે કે, 'તું મનુષ્ય ભવે મારાં સારા સર્જન પર આંખ મીચીંને તૂટી પડી એને ખરાબ કરતો હતો ? તો લે હવે તને કાગડો બનાવી પહેલાં તું જ જેની સૂગ કરતો હતો એ ગંદા અશુચિ પદાર્થોમાં તને હોંશે હોંશે લુબ્ધ બનાવું !

સંસારના આ વૈરભાવને જો મન ઉપર લેવાય તો અહીંના રસાસ્વાદના તાનામાના સૂકાઈ જાય.

જરા ધ્યાન પરલો કે અહીં રસોની ખૂબ મોજ માણ્યા પછી જો કદાચ કાગડા જેવો અવતાર મળ્યો, તો કેવી હોંશે હોંશે અશુચિભક્ષણની દુર્દશા ? જો પેટના કરમિયાનો અવતાર મળ્યો તો કેવી હોંશે હોંશે વિષ્ટામાં જ ડૂબા ડૂબ રહી મોજ માણવાની દુર્દશા ! આ જો ધ્યાન પર લેવાય તો પર્વતિથિએ રસત્યાગ ભૂલાય ? રોજના જીવનમાં કંઈક પણ એકાદ રસ એકાદ વસ્તુનો ત્યાગ કરતા રહેવાનું ચૂકાય ? બોલો, મહિનામાં ૨૫ દિવસ બધું ઉડાવવાનું ખુલ્લું છે, તો માત્ર ૫ તિથિ પણ ઘી-દુધ-સાકર બંધ ખરા ? અરે ! માત્ર ઘી જ બંધ ખરું ? આજનો કાળ ના પાડે છે કે હવે પહેલાંની જેમ ઘી ખાવા નહિ મળે, તો પણ માત્ર પાંચ દિવસે ય ઘી નથી છોડાતું ! આજની ભીષણ મોંઘવારીમાં રોજ વારાફરતી ય ઘી કે દૂધ કે દહીં કે સાકર યા તેલ કે તળેલું ગમે તે માત્ર એક રસ પણ બંધ કરાતો નથી ! ત્યારે આ રસોની લાલસા હૈયે કેટલી ગાઢ વ્યાપેલી સમજવી ? છે કોઈ એને રોકનાર ટોકનાર ?

વિચારવા જેવું છે કે આ લાલસા ક્યાં લઈ જશે ? અહીં મૃત્યુ નક્કી છે, મૃત્યુ પછી જીવન નક્કી છે. લાલસા પર જીવન કેવું મળવાનું ? કેવું જીવન જોઈએ છે ? બધા રસોની અમર્યાદિત લાલસા પર સારા જીવનની આશા રાખવી છે ?

કહો ને 'પછી કેવું જીવન મળશે એનો અમે વિચાર જ નથી કરતા.' એનો અર્થ તો એ, કે અમારે સારું જીવન સારો ભવ મેળવવાનો વિચાર જ નથી. વિચાર હોય તો તો સાથે જ એ ચિંતા રહે કે, 'એ સારા ભવની યોગ્યતા માટે મારે શું શું કરવું જોઈએ ? કેવા કેવા દોષ-દુષ્કૃત્ય-લાલસા વગેરે મારે છોડવા જોઈએ એની ચિંતા જાગતી રહે, અને એ છોડવાને માટે મનોબળ ઊભું કરીને શક્ય પ્રયત્ન થાય. પણ ખાટલે મોટી ખોડ, પાયો જ નથી, એમ કહીં મૂળમાં જ વિચાર નથી કે, 'મારે આગળ પર કેવો ભવ જોઈએ છે ?'

જૈન ધર્મની કદર એટલે પરલોક ચિંતા :-

જૈન ધર્મ શું સમજ્યા ? જૈન ધર્મ પામ્યાની શી કદર કરી ? ધર્મ પરલોક સુધારવા માટે છે, સારો ભવ મેળવવા માટે છે. જૈન ધર્મ એટલે શું ? એ જો સમજતા હો, અને એની ભારે કિંમત લાગતી હોય તો પરભવની ભારે ચિંતા રાખો. જેને પરભવની ચિંતા જ નથી; ને માત્ર આ ભવના દુન્યવી સુખની જ ચિંતા છે, એને પોતાના આત્માની ચિંતા નથી, પછી જૈન ધર્મ સાથે કશી લેવા દેવા નથી.

કાગડો અંદર પૂરાયો :-

વાત હતી કાગડાની. પેલો કાગડો હાથીના મડદાની કોચાઈ ગયેલી પૂંઠમાં પેસી અંદર બખોલમાં માંસ ખાતો બેઠો છે. એમાં ઉનાળાનો તાપ વધુ પડતો તેથી પૂંઠનો આગલો ભાગ સૂકાઈ સંકોચાવા લાગ્યો. છતાં કાગડો રોટલો અને ઓટલો બંને મળ્યાના આનંદમાં બહાર નીકળતો નથી.

લોભ અવગુણ એવો છે કે પરિણામ જોવા તરફ અંધાપો રખાવે.

આજે સરકારે જુઓ, 'બધું... Nationalise-રાષ્ટ્રિય' ના લોભમાં પડી પરિણામ જોયું નહિ, પણ પરિણામ એ આવ્યું કે કામદારો અહીં ને તહીં હડતાળ પર ઊતર્યા. કેમ ? 'પગાર ભત્તાં વધારો.' વધાર્યા એની અસર માલના ભાવ પર પડી. ભાવ વધ્યા. એટલે ખર્ચ વધ્યા. તો હવે કેમ ? પાછું 'પગાર-ભત્તાં વધારો.' એ વધાર્યું. પરિણામ,- ભાવ આસમાને ચડ્યા. બીજું, ચાંઉખાતું લાંચરિશ્વત જાલિમ વધ્યાં. મોટા ઈસ્પાત (સ્ટીલ)ના કારખાનાં, કોલસાની ખાણો ભયંકર ખોટમાં ચાલ્યાં. એક રાષ્ટ્રિયતાનાં લોભમાં આજે કેટલું દુઃખદ પરિણામ ?

ત્યારે માણસનાં જીવનમાં ય શું છે ? લોભના અંધાપામાં કેટકેટલી આપદાઓ ઊભી થાય છે !

લોભના અંધાપામાં કાગડાની દુર્દશા જુઓ.

પેલા હાથીની પૂંઠ સૂર્યના પ્રચંડ તાપમાં ભારે સૂકાતાં તદ્દન સંકોચાઈ બંધ થઈ ગઈ કાગડો હવે અંદર ફસાયો છે. એમાં થોડા જ વખતમાં મુશળધાર વરસાદ પડ્યો. પાણી જળબંબાકાર ચડ્યું, તે મડદું એમાં તરતું થઈ ગયું; અને ઠંડી ભેજના હિસાબે પૂંઠનો મુખભાગ ઢીલો પડી પાછો પહોળો થયો. હવે કાગડાને બહાર નીકળી જવાનો માર્ગ ખુલ્લો થયો. તે અંદર અંધકારમાં જરાય મુંઝાયેલો, એટલે બહાર નીકળી મડદાના ઉપરના ભાગ પર બેસે છે. ત્યાંથી વળી ઊડીને પાસેના ઝાડ પર જાય છે, પણ પાછો જુએ છે કે હાથીનું કલેવર તો તણાતું ચાલ્યું છે, એટલે વિચારે છે કે આ તો મારો રોટલો ઓટલો બંને જશે, એટલે પાછો ઊડીને જઈ બેઠો કલેવરની ઉપર.

બિચારા લોભાંધ કાગડાને મૂઢ બનવાથી ખબર નથી પડતી કે આ મડદું તો હવે સમુદ્રની તરફ તણાઈ રહ્યું છે. એ તો મડદાની અંદર પેસી ગંધાતા માંસના સ્વાદમાં લીન બની ગયો છે. પાણીની રેલમાં મડદું તણાતું તણાતું પહોચ્યું ઠેઠ સમુદ્રમાં. પૂંઠનો ભાગ હજી પાણીની સપાટીની ઉપર છે, એટલે એમાં પાણી ભરાતું નથી. તેથી કાગડો અંદરમાં મોજ માણતો બેઠો છે.

જીવ લોભમાં સર્વનાશ સુધી તણાય છે :-

જીવના લોભનું આ આબેહુબ ચિત્ર છે. જીવ એક યા બીજા પ્રકારના લોભમાં પડી એમાં એવો ખૂંચે છે, લીન બને છે કે એમાંથી બહાર નીકળી ધર્મના સંરક્ષણ તરફ જવાનું એને દિલ જ નહિ. એમાં પાછું કોઈ આપત્તિમાં મુકાય, તો ય લોભની વસ્તુને પકડી રાખી નિરાંતમાં રહે છે કે મને કશું થવાનું નથી. સટોડિયા એમજ તણાયા તણાયા સર્વનાશની દિશામાં તણાતા ગયા. એમ પૈસા અને પરિવારના મોહમાં માણસો ઠેઠ સર્વનાશ અર્થાત્ મૃત્યુની નિકટ સુધી તણાતા ગયા. એમ પૈસા અને પરિવારના મોહમાં માણસો ઠેઠ સર્વનાશ અર્થાત્ મૃત્યુની નિકટ સુધી તણાય છે. રોગ આવે, અકસ્માત પાસે થઈને જાય, તો ય 'મને કશું થવાનું નથી' એમ નિરાંતવાળી ઠેઠ મોત સુધી પહોંચે પણ દુનિયાનો લોભ નહિ મૂકે, અને ધર્મની સલામતી પર નહિ જાય.

કાગડો ડૂબે છે :-

હાથીનું મડદું હવે સમુદ્રમાં પહોચતાં પાણીના મોજાંથી પૂંઠમાં પાણી ભરાવા લાગ્યું. હવે કાગડો ગભરાઈ બહાર આવી મડદાની ઉપર બેઠો. દેખ્યું કે આ તો હવે પાણીમાં નીચું ઊતરતું જાય છે એટલે ઊડી ઊડીને કિનારા તરફ જવા જાય છે, પરંતુ કિનારો તો બહુ જ દૂર, તે વચમાં વીસામો લેવા સ્થાન નહિ તેથી થાકી

પાછો વળીને આવી મડદા પર બેસે છે. એમ કરતાં છેવટે મડદાની સાથે પાણીમાં ડૂબી ગયો.

રોટલો ને ઓટલો મળ્યાની અતિ નિરાંતમાં કાગડો કમોત મૃત્યુ પામ્યો. એમ અનંતા માનવો લોભવશ ઠેઠ મોતના જડબામાં ચવાઈ ગયા, ને પોતાના આત્માને ન યાદ કર્યો, ન એનું હિત સાધી ગયા.

જંબુકુમાર સ્ત્રીઓને કહે, 'બોલો, આ કાગડો મળેલા રોટલા-ઓટલાના આનંદમાં ઠેઠ સુધી મહાલ્યો, એ સારું કર્યું ? કે મૂર્ખાઈ કરી ? એમ હું અને તમે વિષયોના આનંદમાં મહાલતાં અણધાર્યા મોતમાં સપડાઈ જઈએ, એ ડહાપણ કે મૂર્ખતા ? આત્માને યાદ રાખવાના અને એનો બંધનોમાંથી કાયમી છૂટકારો કરવાના આ ભવમાં એ કાર્ય ભૂલી જગતના પર એવા વિષયોના ક્ષણિક સુખાનુભવમાં મહાલતા રહેવું એ સરાસર મૂઢતા નથી ?

પરંતુ એ તો જંબુકુમાર હતા કે જેમણે સંસારની મોહિનીને ઓળખી પત્નીઓને ઓળખાવી. તેમજ એ જંબુની પત્નીઓ હતી કે જેમણે પણ એ મોહિની ઓળખી લીધી, ને સૌ શુદ્ધ આત્મહિત સાધવા ઊઠી પડ્યા. એમ એ બધાના માતા પિતા હતા કે જેમણે દીકરા-દીકરીઓના આ વિવેકને જોઈ શુદ્ધ આત્મહિત સાધવા ઊઠી પડવાનું કર્યું. પણ તમે કાંઈ જંબુ કે એની પત્ની યા માતાપિતા કે સાસુસસરા છો તે એમ સંસારની મોહિનીમાંથી ઊઠી આત્મહિત સાધવાનું હો ? સંસાર અતિ દારુણ છે.

શાંતસુધારસ શાસ્ત્ર કહે છે,-

'घटयति क्वचन मदमुन्नतेः ...'

અર્થાત્ સંસારની ભયંકરતા કેવી કે જીવના સ્વરૂપમાં આમ તો પ્રશાંત સમુદ્રની જેમ તદ્દન શાંતતા સ્થિરતા છે, છતાં જીવ સંસારની અસર નીચે ક્યારેક તો ઉન્નતિનો મદ કરે છે, જેવો કે, 'હવે મારે બધું આવી મળ્યું છે મારે શી ફિકર છે ?' ત્યારે ક્યારેક દીનતાથી દૂબળો પડે છે કે, 'અરેરે ! મારું આ બગડી ગયું, આ પામવાનું રહી ગયું !' આ હમણાં **ગર્વનિરાંત** અને પછી વળી દીનહીનતા શાના ઉપર ? તો કે જીવ બિચારો પૂર્વબદ્ધ કર્મના પનારે પડ્યો ડગલે ને પગલે એના પ્રભાવ હેઠળ નવીનવી બાહ્ય ચડતી-પડતીના રંગે રંગાય છે, ને એના ઉપર આપત્તિ-વિપત્તિની દિશા પકડે છે.

સંસારનું કામ જ આ, કે જીવ જાતે ઊભા કરેલા કર્મની ગુલામીમાં જીવને રાખવાનો, ને એ કર્મની અસર નીચે જીવને નવાનવાં રંગ આપ્યા કરવાના ને આપત્તિમાં ઘસડવાનો. જુઓ કોઈ પણ જાતના બાહ્ય રંગ વિનાનું છે, છતાં સંસારમાં

કેટકેટલા અને કેવા કેવા રંગ પામે છે !

સંસારના પલટાતા રંગ : અમરકુમાર :-

હમણાં જીવન તો પછી મૃત્યુ; હમણાં બાળપણ તો પછી યુવાની; હમણાં યુવાની તો પછી ઘડપણ. એમ હમણાં ધન કમાઈ તો પછી ખોટ યા ખર્ચ; હમણાં નિરાંત તો પછી ચિંતા; હમણાં નીરોગિતા તો બાદમાં કોઈ રોગ; હમણાં વાંઢો તો પછી પરણેલા. હમણાં પત્નીનો પ્રેમ, તો પછી એનો ખળભળાટ ? હમણાં એ સાજી, તો પછી માંદી. હમણાં અપુત્રિયો, તો બાદમાં પુત્ર-પુત્રીવાળો...હમણાં ભૂખ્યો, તો પછી ધરાયેલો; હમણાં તરસ્યો તો બાદમાં તરસ વિનાનો; હમણાં બેકાર, તો પછી ધંધાવાળો; હમણાં તાજો તો પછી થાકેલો; હમણાં સ્ફુર્તિવાળો તો પછી કંટાળેલો, હમણાં ગાડીમાં બેસી મોજ અનુભવનારો, તો પછી એમાં જ અકડાઈ જઈ બહાર નીકળી ચાલવાની ઈચ્છાવાળો. સંસારના કેટકેટલા પલટાતા રંગ ? એકેક ઈન્દ્રિયની હમણાં ખણજ, પછી શાંતિ; તો હમણાં શાન્તિ, ને પછી ખણજ. નવાનવા રંગ ક્યાં લેવા જવા પડે એમ છે ? હમણાં ગુસ્સો તો પછી રાગ, હમણાં લાલસા, તો પછી નફરત.

અમરકુમાર બ્રાહ્મણીનો દીકરો, પણ એના પર માતાને ભારે નફરત, કારણ, બ્રાહ્મણીને એ ૫-૭ દીકરા પરનો દીકરો, ને ઘરમાં ખાવાના ઠેકાણાં નહિ, તે ક્યાંથી એનું પૂરું કરવું ? માટે એના પર કંટાળો-સંસારના રંગ કેવા કે પહેલાં બ્રાહ્મણીને એમ થતું કે મારે ખોળાનો ખુંદનારો ક્યારે મળે ? એક દીકરો થયો હરખઘેલી થઈ. પણ હરખ કાયમ ? ના, વરસ દોઢવરસ થયું, પાછી બીજા દીકરાની લાલસા થઈ. પાછી ચિંતા એમાં વળી ગર્ભિણી થતાં બીજો છોકરો થયો, એટલે હરખ વધ્યો. વળી દોઢવરસ ગયું, ત્રીજો આવ્યો. વરસેક જતાં ચોથો અવતર્યો. હવે કેમ ? હરખમાંથી કંટાળામાં. બ્રાહ્મણ દક્ષિણા માગીને લાવે એમાં પૂરું થતું નથી; બ્રાહ્મણીને જાતે ખાવામાં કંઈક પૂરતું રહેતું હતું, તે હવે છોકરા ખાનારા મળ્યા એટલે જાતને અધૂરું મળે છે. પછી,

પેટ આગળ પેટના દીકરા ય શાના વહાલા લાગે ?

દુનિયા સ્વાર્થની છે. સ્વાર્થમાં ભંગ પાડનાર સગો દીકરો શું કે સગો ધણી યા ધણીયાણી શું, બધા ય અળખામણા સંસારના રંગ કેવા ફરે છે ! હમણાં વહાલા તે પછી વૈરી જેવા લાગે છે. બ્રાહ્મણીને હજી પણ લાલસા ચાલુ છે, તે વળી પાંચમો પુત્ર થયો, પછી છઠ્ઠો થયો પોતાના ખાવાની લાલસામાં પેટના દીકરા ગમતા નથી. વધારામાં નવા નવા ગર્ભને નવી નવી સુવાવડે કંટાળી, ને ધણીને ભોગલાલસા મટતી નથી, એટલે હવે ધણી પર કંટાળે છે. આજે કેટલીય એવી

બેનો હશે ? જે પતિની નહિ છીપતી વિષયવાસના પર કંટાળતી હશે. નવી નવી સુવાવડે અશક્ત થતી, માંદીય પડતી હશે. પરંતુ પુરુષગર્દભને હવસની શાંતિ નહિ પણ એને ગમ નથી કે હું શું કરી રહ્યો છું.

અહીંની વાસનાની હવસમાં પરલોકમાં એવા ઉત્કટ વાસનાના ગધેડા જેવા અવતારની તૈયારી થાય છે. ભાવ તેવો ભવ;

એમાં વળી તેવા ભાવના ગુણાકાર; એ હિસાબે એવા હલકા અવતારમાં અહીંની વાસના તૃષ્ણા-લાલસા અને અભિમાનના કેવા ગુણાકાર થવાના ? કેવું જીવન એ ? પાછી પછી એની પરંપરા કેવી ?

પેલી બ્રાહ્મણી પતિ પર કંટાળેલી છે, એથી વધુ સંતાન પર કંટાળે છે. કારણ ? એને ય વાસના તો વળગેલી છે ને ? એટલે પતિ પર થોડો ય રાગ થઈ આવે છે. તેમ એ પતિ થોડું ય જીવન-નિર્વાહનું લાવીને દે છે. ત્યારે છોકરા શું આપે છે ? ઊલટું એ માતાના ખાવામાંથી ખાઈ જાય છે. પછી સંતાન તરીકે એના પર વાત્સલ્ય શે થાય ? આમ છોકરાઓ પર કંટાળેલી બ્રાહ્મણીને વળી પાછો અમરકુમાર છોકરો થયો, એટલે હવે આના પર તો એને ભારોભાર દ્વેષ થાય છે. આર્યકુળમાં અવતરેલી છે એટલે બાળકને જનમતાં મારી નાખવાનું ન કર્યું; પરંતુ એના પર નફરત દ્વેષ કંટાળો ભારે, તેથી અમરકુમાર મોટો થતાં વાતવાતમાં એને ધૂત્કારે-તિરસ્કારે છે.

ત્યારે અમરકુમારને પણ મનુષ્યપણું પામવાનાં પુણ્યની સાથે માતા તરફથી તિરસ્કાર, મારપીટ વગેરે મળે, સરખું ખાવા ન મળે, એમાં પાપનાં-મિશ્રણ કેવાં ? જો જો આ અમરકુમાર પૂર્વ ભવે આરાધના કરીને આવેલો છે, પરંતુ સાથે એવી કો'ક વિરાધના કરેલી છે, કે એનો અહીં આ પડઘો પડે છે.

આત્માના સારા નરસા ભાવનો અટલ પ્રત્યાઘાત પડે છે. પ્રત્યાઘાતમાં,

(૧) કર્મનો સચોટ હિસાબ મંડાય;

(૨) જીવનમાં એની આદત જન્મે ને પોષાય;

(૩) વાણી વર્તાવ પર એની અસર પડે; અને

(૪) પરભવ માટે એના શુભાશુભ અનુબંધ ખડા થાય.

માનશો નહિ કે દિલમાં ગમે તે ભાવ ઊભો કર્યો, દા.ત. આફૂસ દેખી મન લલચાયું, રૂપાળી સ્ત્રી દેખી મોહ્યા, કોઈના પર મન બગાડ્યું. મનમાં ગુસ્સો-દ્વેષ-ઈર્ષ્યા આવી ગઈ, તો એ ભાવ કશું કર્યા વિના જાય. એમાં અપમાન કરનાર માટે મનને થયું કે 'હમણા એક ઠોકી દઉં.' જૂઠું બોલવાનો મનમાં ભાવ આવી ગયો; ડોક્ટરની ધીખતી કમાણી દેખી મનને થયું કે, 'આ ધંધો બહુ કમાણીનો,' તો એમ

સમજતા નહિ કે, 'આની પાછળ જે ક્રોધ, રાગ, કામરાગ, પાપાનુમોદન વગેરે ભાવ કામ કરી રહ્યા છે, એ ભાવ કશું કર્યા વિના જાય છે.' આવું સમજશો નહિ. એ ભાવે (૧) આત્મા પર મલિન કર્મ તો ચોંટે જ છે; સાથે (૨) મન એવા મેલા ભાવનું સંસ્કારી બને છે. પૂર્વ ભવોના સેવેલા એવા ભાવ સહેલાઈથી અને હોંશે હોંશે ઊભા થઈ જાય છે, તેમજ આગળ પર પણ આવા મલિન પાપભાવ દિલમાં ઊઠ્યા કરવા માટે સગવડ ઊભી થઈ. આ જોતાં ભવિષ્યમાં ય બચાવ ક્યાં ?

પુણ્ય-પાપનાં મિશ્રણ કેમ ? :-

માણસ ધર્મસાધના કરતો હોય એટલે પુણ્ય તો બાંધે, પરંતુ જીવનમાં સાથે આવા ભાવ પણ કરવા જોઈતા હોય છે, એટલે પાપકર્મ પણ ઉપાર્જે છે. એમ પુણ્ય-પાપનાં મિશ્રણ ઊભાં થાય છે. જીવનમાં તપાસજો આવું બે ભત્તું કામ ચાલે છે કે નહિ ? એમાં રાગ-દ્વેષ, પાપાનુમોદના, વગેરે ભાવો દિવસમાં કેટલીવાર ? અને ધર્મ સાધનાનો સમય કેટલો ? અરે ! સાધનાના સમયે દા.ત. એક નવકારવાળી ગણતી વખતે પણ આડાઅવળા વિચારો કેટલા ? તો શું એ વિચારો એમ જ ઊઠીને ચાલ્યા કરે છે ? ના,

આડાઅવળા વિચારોની પાછળ દિલમાં રાગાદિ મલિન ભાવ કામ કરતા હોય છે.

એટલે શું થયું ? નવકારના પદ પર ધ્યાન જતાં સારો ભાવ, અને ફિજુલ વિચારની પાછળ મેલા ભાવ; એમ શુભાશુભ ભાવનાં મિશ્રણ ચાલુ, એથી શુભ-અશુભ કર્મ યાને પુણ્ય પાપનાં મિશ્રણ ચાલુ.

બહુ સારી રીતે ધર્મની આરાધના કરતા હો, પણ એમાં ક્યાંક અશુભ ભાવ આવી ગયો, તો ઝટ પાપનું મિશ્રણ લાગવાનું. ચિલાતી પુત્રે પૂર્વ જીવનમાં ચારિત્ર સુંદર પાળેલું પરંતુ ગૃહસ્થ બ્રાહ્મણપણાના સંસ્કારથી એમાં મનમાં સ્નાન નહિ ? એમ મલિનપણાં ઉપર જરા સૂગ આવી ગઈ, તેથી નીચગોત્ર કર્મ બાંધી અહીં દાસી પુત્રી તરીકે જનમવું પડ્યું. વળી ચારિત્રજીવનમાં પૂર્વાવસ્થાની પત્ની બ્રાહ્મણી પર રાગ થઈ આવ્યો તેથી અહીં એજ અહીં શ્રેષ્ઠિપુત્રી તરીકે જન્મેલી, એના પર એવો રાગ જનમી ગયો કે છોકરીની બાળ ઉંમરમાં એના પર ખોટી ચેષ્ટા કરનારો બન્યો. પુણ્યે મનુષ્ય અવતાર આપ્યો, પણ પેલા પાપમિશ્રણે હલકું દાસીપુત્રપણું નિર્ધનપણું વગેરે આપ્યું.

અમરકુમારને પણ એવું જ થયું. પૂર્વની ધર્મસાધનાએ મનુષ્યપણું આપ્યું, પણ મલિન ભાવથી ઊભા થયેલ પાપે નિર્ધન બ્રાહ્મણપુત્રપણું અને માતાના ઠપકા-અપમાન-તિરસ્કાર આપ્યો. માતા તરફથી આમ તિરસ્કાર ચાલુ છે, એમાં એકવાર

રાજા શ્રેણિક તરફથી ઢોલ પીટાતું અમરકુમારના ઘર આગળ આવ્યું; ને આ પ્રમાણે જાહેરાત થઈ કે,-

'ભોગ માટે બાળકની માંગણી'

'મહારાજ સાહેબના મગધરાજયની અજોડ ચિત્ર શાળાનો દરવાજો બત્રીસલક્ષણા બાળકનો ભોગ માગે છે. જે કોઈ પોતાનું બાળક એ માટે આપી દેશે એને રાજય સરકાર તરફથી બાળકના ભારોભાર સોનૈયા જોખીને આપવામાં આવશે.'

વાત એ હતી કે ચિત્રકારો પાસે રાજાએ અવ્વલ કોટિના ચિત્રો દોરાવી ચિત્રશાળા ઊભી કરાવી હતી હવે તેનો આકર્ષક દરવાજો ચણાવે ચણાવે ને બીજી સવારે પડી જતો હતો. બ્રાહ્મણોને પૂછતાં એમણે કહ્યું 'દેવી કોપ છે બંત્રીસલક્ષણાં બાળકનો ભોગ આપો તો આ દરવાજો ટકે' એથી રાજા તરફથી એ પ્રમાણે જાહેરાત કરાવવામાં આવેલી.

નગરનાં મહોલ્લે મહોલ્લે ઢોલ પીટાય છે, જાહેરાત થાય છે, પણ પોતાનો બાળક કોણ વેચવા તૈયાર થાય ? એક ગરીબ પણ માબાપ ઢગલો સોનું લઈને ય બાળકને વેચી દેવા તૈયાર નથી.

અધિક પ્રિયતા પર આત્માની સિદ્ધિ :-

શું માણસને પૈસા વહેલા નથી ? પૈસા વહાલા છે, પણ એના કરતાં દીકરો વધારે વહાલો લાગે છે, તેથી અવસર આવ્યે અધિક રાગની વસ્તુ જે દીકરો એની ખાતર એથી ઓછા રાગની વસ્તુ પૈસા જતા કરે છે. ત્યારે એવો જ અવસર આવી લાગ્યે અધિક પ્રિય પત્ની ખાતર એથી ઓછા પ્રિય પુત્રને ય જતો કરશે. એથી આગળ જુઓ. બળતા ઘરમાંથી પત્ની ઉપર ચોથા મજલે, રહી ગઈ ને પોતે પહેલા મજલે છે, ને એને બચાવવા ઉપર જતાં બળી જવાય એવું છે. તો એને છોડીને પોતે બહાર નીકળી જશે; કેમકે પોતાનું શરીર વધારે વહાલું છે. એમ અવસરે કોઈ આબરૂ ગયાનું, મહાગલીચ કામ થયાનું વગેરે જોઈ જીવન પર કંટાળો આવતાં આપઘાતથી શરીરને જતું કરે છે. આ કોની ખાતર ? કહો, શરીર કરતાં આત્મા વધારે વહાલો છે તે એને બેઆબરૂ વગેરે જોવું ગમતું નથી માટે ઓછું પ્રિય શરીર જતું કરે છે. આમ,

પ્રિયતાની તરતમતા જોતાં અંતે સૌથી પ્રિય તરીકે આત્મા પુરવાર થાય છે.

આમાં એ વાત આવી કે અવસરે પત્ની ખાતર એના કરતાં ઓછા પ્રિય પુત્રને ય જતો કરે છે... વગેરે એના **૬ બીજા દાખલા જુઓ.**

દા.ત. પૂરમાં પતિ-પત્ની બાળકને તણાઈ પડવાનું આવ્યું હોય અને બાપે છોકરાને ઊંચકી લીધો હોય ને પત્નીનો હાથ મજબૂત પકડી બહાર નીકળી જવા

મથતો હોય, એમાં પાણીના ધસમસ પૂરમાં હાથ થાક્યાં હોય, તો હવે બે હાથે કોને પકડી લે ? પુત્રને પકડેલો હાથ છોડી દઈ એ હાથે પત્નીને પકડી લે ? કે પત્નીને પકડેલો હાથ છૂટો કરી એ હાથે પુત્રને પકડવાનું કરે ? બંને હાથે કોને પકડી લે ? શું એ કહેવાની જરૂર છે કે પત્નીને જ પકડી લેવાનો ?

પેલો પ્રસંગ આવે છે ને ? શેઠ-શેઠાણીને પહેલા દીકરાની પ્રસૂતિનો વખત આવ્યો, પણ બાળકનો જન્મ થતો નથી; માતાને બેહદ કષ્ટ થાય છે. દવાખાને ડોક્ટર કહે છે,- 'ઓપરેશન કરવું પડશે. પરંતુ એમાં જોખમ એ છે કે ગર્ભ ઊતરતાં આડો થઈ ગયો છે; તે માતાની ધોરી નસ પર છરી ન પડે એ રીતે કાપ મૂકવા જતાં કદાચ બચ્ચાની ઉપર છરી લાગી જાય. અને બચ્ચાને બચાવી લેવાય એ રીતે કાપ મૂકવા જતાં માતાની ધોરી નસ કપાઈ જવા સંભવ છે. માટે બંનેને બચાવવાનું જોખમ હું ન લઉં તો તમે મને લખી આપો કે કયા એકને હું બચાવું ? મારૂ ચાલશે ત્યાં સુધી બંનેને બચાવી લેવા યત્ન કરીશ. પરંતુ જોખમ એકનું જ લઉં તો કોને બચાવું, તે લખી આપો.' હવે કહો, બંનેએ શું લખી આપ્યું. હશે ?

અલબત પત્નીએ પતિને કહ્યું, 'બાળકને બચાવી લેવાનું લખી આપો.' પણ પતિ કહે, 'હજી બચ્ચાનું મોઢું કોણે દીઠું છે ? ત્યારે તેં તો મને અત્યારસુધી કેટલું બધું સુખ આપ્યું છે ? વળી તું છે તો બીજા દીકરા થશે. માટે પુત્રના ખોટા મોહમાં જાત ન ખો. થયું ? પતિના રાગમાં પતિની સાથે પત્નીએ બાળકને જતું કરવા લખી આપ્યું.'

સંસારમાં આવું બને છે કે એક બે બાળક થયા પછી પતિને લાગે કે પત્ની નવી નવી સુવાવડમાં યૌવન ખોઈ બેસશે તો વિષયરંગની મઝા ઊડી જશે. એટલે ગર્ભ રહ્યો હોય તો ગર્ભપાત કરાવી નાખે છે, નહિતર ગર્ભાશય કઢાવી નાખે છે. પત્ની એમાં મંજૂર થાય તે શું એને બાળકનો રાગ નથી ? છે પરંતુ એના કરતાં પતિ ઉપર વધુ રાગ છે, એટલે પતિની ખાતર સંતાનને જતું કરે છે. કેમ વારૂ ? એમ કહો,

સંસાર જ એવો બેહૂદો છે કે એ વિષય-લાલસા અને ગાઢ પરિચયમાં જીવને અંધ બનાવી પત્નીને બચાવી લેવા પુત્રને જતો કરાવે. ત્યારે સંસાર કેવો ગોઝારો ? આવા સંસાર પર રાગ ?

પાછું એવું ય નથી કે પત્નીને હંમેશા બચાવી જ લે ? ના જો પોતાની કાયા પર અને પત્ની ઉપર આપત્તિ હોય, તો કાયાને બચાવી લેવા પત્નીને ય જતી કરશે. માનો કે પત્ની ઊંઘતી પડી છે ને પતિ પોતે જાગતો ચોપડો લખી રહ્યો છે. એમાં અચાનક દૂરથી સાપ દોડતો આવતો દેખ્યો, ને લાગ્યું કે એ... હમણાં આવી

પહોંચ્યો, તો પત્નીને જગાડવા રહે ? કે ઝટ પોતે ત્યાંથી ભાગે ? બહુ વહેલી પણ પત્નીને જગાડવા રહું તો હાય બાપ ! સાપ આવીને મને કરડી ખાય તો ? એમ જ બીક લાગીને એ ભાગે જ ને ? તો પત્નીનું શું થાય ? 'એને ભાગ્ય બચાવી લેશે, પણ મને તો ઉદ્યમથી જ બચવા દે,' એવો આશય જ ને ?

કેવો સંસાર ? જાતને બચાવવાનું ઉદ્યમથી જુએ છે, ને બીજાને બચવાનું ભાગ્યથી જુએ છે ! સંસાર બેહૂદો છે.

સાપથી બચવાનું ઉદ્યમથી; ને પાપથી બચવાનું ભાગ્યથી ?

પરંતુ આ પણ ઉદ્યમથી જાતને બચાવવાનું તે વિષય સુખોની મોજ માણવા માટે, કિન્તુ સંસારના પાપથી છૂટવા માટે નહિ ! ત્યાં તો પાછો ભાગ્યનો સિદ્ધાન્ત લગાવવો છે કહો જો સંસારથી છૂટી ચારિત્ર કેમ લેતા નથી ? એમજ કહો છો ને કે 'ભાગ્ય નથી ?' એટલે સંસારના પાપોથી છૂટવાનું ભાગ્ય હોય તો થાય, અને સાપના ડંસથી બચવાનું ભાગવાના ઉદ્યમથી થાય, એમજ ને ?

અરે ! ચારિત્ર તો પછી, પણ ઘરવાસમાં રહીને ય વ્રત-નિયમો કેમ નથી લેવાતા ? ત્યાં ય કહે છે 'ભાગ્ય નથી.' શું ભાગ્ય નથી કે ઉદ્યમ નથી ? સાપથી બચવાનું ઉદ્યમથી ? ને પાપથી બચવાનું ભાગ્યથી ? પૂછો,-

પ્ર.- બચવાનું બંને ઠેકાણે સરખું છે, તો એમ કેમ થાય છે કે એક ઠેકાણે ભાગ્યનો ને બીજે ઠેકાણે ઉદ્યમનો સિદ્ધાન્ત લગાવાય છે ?

ઉ.- આનું કારણ સ્પષ્ટ છે. જેટલો જીવનનો અને વિષયસુખોનો રાગ છે એટલો જીવનમાં નિષ્પાપતાનો રાગ નથી. નહિતર તો મનને એમ થાય કે જીવનમાં નિર્મર્યાદ વિષયપાપોની લાલસા રાખીને શું કરવું છે ? એવું જીવન તો ઢોરનું જીવન કહેવાય. શું ?

વિષયપાપોની માપ વિનાની આનંદભેર લાલસાનું જીવન એ પશું જીવન છે.

ભવિતવ્યતા ને ભાગ્ય ક્યાં લડાવાય છે ? :-

આ મનને ખટકતું હોય તો વ્રતનિયમોથી એ લાલસા પર કાપ મૂકવાનું મન થાય, ઉદ્યમ થાય. સાપથી બચવા ઉદ્યમ, તો વિષયપાપોથી બચવા ઉદ્યમ નહિ ? ત્યાં ભાગ્ય અને ભવિતવ્યતા પર છોડવાનું ? ને સાપથી બચવા એના પર ન છોડાય કે ભલે સાપ આવતો, ભાગ્ય સારું હશે ને ભવિતવ્યતા અનુકુળ હશે, તો સાપ કરડ્યા વિના બાજુથી ચાલ્યો જશે, અને ભાગ્ય નબળું હશે, કે ભવિતવ્યતા જ એવી હશે તો તો ભાગવા છતાં ય સાપ પૂંઠે લાગી કરડી ખાશે, યા જ્યાં ભાગીશ ત્યાં બીજી રીતે મોત આવશે. માટે ઉદ્યમ કરવાનો કશો અર્થ નથી.' સાપની બાબતમાં મનને આવું કેમ થતું નથી ?

ને પાપથી બચવાની તથા ધર્મ સાધવાની વાતમાં કેમ ભાગ્ય અને ભવિતવ્યતા આગળ કરાય છે ? કહો,-સાપનો ભય છે એવો પાપનો ભય નથી. જીવવાનો મોહ છે એવો નિષ્પાપતાનો એને ધર્મનો મોહ નથી. રાગ નથી.

પ્ર.- તો પછી એવું ન બને કે સાપથી બચવા ઉદ્યમ ભાગવાનો કર્યો પણ ભાગ્ય-ભવિતવ્યતા વાંકા હોય તો સામેથી બીજો સાપ આવી કરડી જાય ? જો એમ બને તો ઉદ્યમનું શું ઊપજ્યું ?

ઉ.- વાત ખરી કે ભાગ્ય-ભવિતવ્યતા વાંકા હોય તો ઉદ્યમનું ન ઊપજે, પરંતુ જ્યાં સુધી એવા વાંકા ભાગ્ય-ભવિતવ્યતાની ખબર ન હોય ત્યાં સુધી માણસ શું કરે છે ? વર્તમાન સાપથી બચવાનો ઉદ્યમ જ ને ? એમ આપણને ભવિષ્યમાં પાપમાં -અધર્મમાં પડવાની ભાગ્ય-ભવિતવ્યતાની ખબર છે ? ના, તો પછી એવી ખબર ન હોય ત્યાં સુધી આપણે શું કરવાનું ? વર્તમાન પાપથી બચવાનો ને વર્તમાનમાં ધર્મ આચરવાનો ઉદ્યમ જ કરવો રહે ને ? સિદ્ધાન્ત સામે બેસી ન રહે પણ કર્તવ્ય શું એ વિચારો ? કર્તવ્યનો ઉદ્યમ નહિ વિચારો, અને ભાગ્ય ભવિતવ્યતા બળવાન ? કે પુરુષાર્થ બળવાન ? એમ સિદ્ધાન્તનો તોડ કાઢવા જશો, એમાં હાથમાં શું આવશે ? જ્યારે કર્તવ્ય પુરુષાર્થ આદરતાં સંભવ છે બચી જવાશે.

આમાં ય પાછું, સાપ અને પાપમાં ફરક છે. ભાગવાનો ઉદ્યમ કરીને સાપથી બચી જવામાં પણ પ્રબળ જીવનભાગ્ય યાને આયુષ્ય કર્મ કામ કરે છે, ત્યારે અહીં પાપથી બચવામાં કોઈ એવું પ્રબળ કર્મ કારણભૂત નથી. કહોને એવું કયું કર્મ હોય ? શું નિષ્પાપતાનું કોઈ પુણ્યકર્મ છે કે જે પાપથી બચાવે ? સાપથી બચવામાં તો મોત-રોકાણનું પ્રબળ આયુષ્યકર્મનું પુણ્ય છે, પણ અહીં પાપરોકાણનું કયું એવું પુણ્યકર્મ છે ? અહીં તો માત્ર એ માટે સામગ્રી મળવાનું પુણ્યકર્મ કામ કરે, બાકી તો સામગ્રી દા.ત. માનવભવ શ્રોત્રેનિદ્રિય-ગુરુઉપદેશ જિનશાસન વગેરે મળવા છતાં પાપથી બચવાનું તો બુદ્ધિના ઉદ્યમથી તથા કાયિક-વાચિક ઉદ્યમથી જ થાય.

પાપથી બચવા શો શો ઉદ્યમ ? :-

આ જો ધ્યાનમાં લેવાય તો બુદ્ધિને નિર્મળ રાખવા પહેલા નંબરમાં ઉદ્યમ તો સદ્‌વિચારો શુભ ભાવનાઓ, અને શાસ્ત્રકથિત તત્ત્વોના ચિંતન કરતા રહેવાય. સૂત્રોનાં સ્મરણ તથા એના અર્થના પુનરાવર્તનનો ઉદ્યમ કરતા રહેવાય એમાં કદાચ કોઈ બાહ્યનાં દર્શન-શ્રવણ-સ્મરણ પર બુદ્ધિ લગાડવા ગઈ તે ભાગ્ય પર ન છોડતાં ઉદ્યમનું સૂત્ર લગાવી એ પાપની ઘૃણા ઊભી કરી, કોઈ મહાપુરુષના જીવન પ્રસંગની વિસ્તારથી વિચારણા શરૂ કરી દેવાય. આમ ઉદ્યમ દ્વારા મલિન બુદ્ધિના પાપથી આત્માને બચાવી લેવાય. બાકી મારાં કર્મ એવાં છે, મારું ભાગ્ય એવું છે

કે મને ખોટા વિચાર આવે છે, ખોટી બુદ્ધિ થાય છે, એમ ભાગ્યને દોષ દીધા કરવાથી શું વળે ?

વાત આ હતી કે સાપથી બચવાનું જાતને માટે ઉદ્યમથી માની ઝટ ત્યાંથી ખસી જવાય છે પણ પત્નીને જગાડવા જેટલો સમય નહિ હોવાથી એને ભાગ્ય પર છોડાય છે કે ભાગ્ય એને બચાવી લેશે પોતાની અતિપ્રિય પત્ની કરતાં પણ પોતાની કાયા કેટલી બધી વહાલી કે પત્નીને જતી કરી કાયાને બચાવી લેવાનો ઉદ્યમ થાય છે !

પત્ની કરતાં કાયા વધુ વહાલી; પણ કાયા કરતાં વધુ વહાલો કોણ ?

આમ કાયા વધુ પ્રિય હવે એથી પણ આગળ જુઓ કે કોઈકવાર પોતાની આવી અતિશય વહાલી કાયાને ય જતી કરાય છે, એ એનાથી ય અધિક વહાલી કઈ વસ્તુ ખાતર ? દા.ત. બંગલાદેશ રહેતી કોલેજિયન કન્યાઓએ પાકિસ્તાની ત્રાસવાદીઓનાં જુલ્મો જોયેલાં-સાંભળેલા, એમાં એ જુલ્મગારોનું ટોળું બારણાં તોડી ફોડી વિદ્યાલયની ઉપર આવતાં દેખ્યા; એટલે તરત જ એ કન્યાઓએ બારીએથી નીચે ઊંધા માથે પટકાઈ પડી મરી જવાનું કર્યું.

કહો જે પોતાની અતિ પ્રિય કાયાનો ત્યાગ કોની ખાતર ? એનાથી કોઈ અધિક વહાલી વસ્તુ ખાતર જ ને ? એ અધિક પ્રિય વસ્તુ કઈ ? કહો, પોતાનો આત્મા "આત્માને પેલા બદમાશોના હાથે શીલભંગ, મહાત્રાસ અને ક્રૂર રીતે રીબાઈ રીબાઈ કપાઈ મરવાની પીડા જોવી પડે. એના કરતાં ઊંચેથી પડ્યા ને ટપ મૂઆ' ના ન્યાયે કાયાને નીચે પટકી મારીને ક્ષણવારની પીડા અપનાવી લેવી સારી,"- એ ગણતરીએ પોતાની અતિપ્રિય પણ કાયાને જતી કરી.

આ બતાવે છે કે કાયા કરતાં પણ અધિક પ્રિય કોઈ વસ્તુ છે, જેની ખાતર અવસર એવો આવી લાગ્યે કાયાને ય જતી કરાય છે; ને એ વસ્તુ પોતાનો આત્મા છે. આત્મતત્ત્વની આ નક્કર સાબિતિ છે. માટે તો જમતાં પેટ ભરાઈ ગયા પછી સામો આગ્રહ કરી વધુ પીરસવા જાય તો એમ બોલાય છે કે, 'રહેવા દો હવે વધારે ખાઉં તો મારું શરીર બગડે;' પરંતુ એમ નથી કહેવાતું કે, 'રહેવા દો, હવે વધુ ખાઉં તો હું બગડું.' બોલનારી ને ખાનારી કાયા જ હોત તો તો પોતાના માટે એમ જ કહેત કે, 'હું બગડું. પણ ના, મરેલી કાયા કશું બોલતી નથી, ખાતી નથી, એ સૂચવે છે કે બોલનારો-ખાનારો અંદરનો આત્મા છે, ને એ પોતાની કાયાને બગડતી અટકાવવા માટે કહે છે, 'હવે વધુ ખાઉં તો મારી કાયા બગડે.' જગતમાં આત્મા એક સ્વતંત્ર વસ્તુ છે જ, એનો આથી અધિક શો પૂરાવો જોઈએ છે ?

વાત આ હતી કે પૈસા કરતાં પુત્ર વહાલો હોય છે તેથી પુત્ર ખાતર પૈસા જતા કરશે પરંતુ પૈસા ખાતર પુત્ર ગરીબ માણસ પણ નહિ જતો કરે. આમ છતાં

પેલા અમરકુમારની મા પેલી ગરીબ બ્રાહ્મણીને ઘણા છોકરાની ઉપરનો પુત્ર અમરકુમાર ઝેર જેવો લાગે છે. એમાં રાજા તરફથી જાહેરાત સાંળળી કે ભોગ માટે બત્રીસ-લક્ષણો પુત્ર આપે એને પુત્રના વજનની ભારોભાર સોનૈયા આપવામાં આવશે;' એટલે સિપાઈઓને કહે છે,-

માતા અમરકુમારને વેચવા તૈયાર :-

લઈ જાઓ આ મારા અભાગિયા દીકરા અમરકુમારને, ને મહારાજાને પસંદ પડે તો આને લઈ મને ભારોભાર સોનૈયા જોખી આપો.'

જોયું ? એક બાજુ દીકરા પર દ્વેષ અને બીજી બાજુ પૈસાનો લોભ શું કામ કરે છે ? મા જેવી મા ક્યાં સુધી પહોંચી ? ભોગ આપવા માટે દીકરાને જીવતો કાપી નાખે અથવા ભડભડતી આગમાં સળગાવી નાખે, એ સ્થિતિમાં મૂકવા તૈયાર થઈ ગઈ.

નાગણ માટે એમ કહેવાય છે કે નાગણને જનમતાં બચ્ચામાંથી જે સરકી ગયા તે બચ્યા, બાકીના ભૂખી નાગણના ભક્ષ્ય થઈ જાય છે, તો આ માતા નાગણ જેવી કે બીજું કાઈ ? નાગણને તો મનુષ્ય જેવી અક્કલ નથી, ભેજું નથી, ધર્મ-પાપ-પરલોક વગેરેની કશી ખબર નથી, ત્યારે આ બ્રાહ્મણી તો મનુષ્યજાત અને વળી આર્ય દેશ આર્ય કુળમાં જન્મેલી, એટલે એ બધી ખબરવાળી અક્કલવાળી છતાં પોતાના બચ્ચા ઉપર, જીવતો બાળી નાખવાનો, કારમો કેર વરસે એવું કરવા ઊભી થઈ છે. કોનો આ પ્રતાપ ? કહો, દ્વેષ અને લોભનો.

દિલમાં દ્વેષ ઘાલતા પહેલાં :-

ત્યારે દિલમાં દ્વેષ અને લોભને દબાવવાને બદલે વિકસાવતા પહેલાં ખૂબ વિચાર કરવા જેવો છે. એટલું જોજો કે ભલે કદાચ આ બ્રાહ્મણી જેવું દુષ્ટ કાર્ય કરવાનો પ્રસંગ ન આવે, પરંતુ દ્વેષને મહલાવતાં કેટલીવાર એના વિચારમાં ચડી જઈ કેવી કાળી લેશ્યા ઊભી કરાય છે, તેમજ કદાચ સામાનું માથું ફોડી નાખું, ટાંગ તોડી નાખું...એની ખબર લઈ નાખું...ચારની વચમાં એને ભારે હલકો પાડું...એને ફજેત ફજેત કરી નાખું, એનો વેપાર ખલાસ કરી નાખું..' આવા આવા એક યા બીજા પ્રકારના ભયંકર સંકલ્પ-વિકલ્પમાં કેવા ચડાય છે, એ તપાસજો.

અમલથી પાપ નહિ, દુષ્ટ વિચારથી પણ પાપ :-

એમ માનશો નહિ કે 'આવા વિચારનો અમલ થાય તો જ આત્મા ગુનેગાર, ને તો જ પાપ લાગે.' ના, જેટલી ભયંકરતા અમલમાં હોઈ શકે છે એટલી ભયંકરતા કાળી લેશ્યાના વિચારમાં હોઈ શકે છે. કેટલીક વાર તો એટલો ક્રૂર અમલ કરવાનો મોકો ન પણ મળે તેથી મંદ અમલમાં એટલી ભયંકરતા ન પણ

હોય, છતાં એ પહેલાં કે એ વખતે મનમાં વર્તી રહેલ ઉગ્ર કાળી લેશ્યા અને રૌદ્રધ્યાન ભારે ભયંકર હોઈ શકે છે.

શાસ્ત્ર **આર્તધ્યાન રૌદ્રધ્યાનનું કેવું** સ્વરૂપ બતાવે છે ?

આર્તરૌદ્રધ્યાનમાં અમલની કાયિક વાચિક કે ઈંદ્રિયોની પ્રવૃત્તિની વાત નથી, કિન્તુ માત્ર માનસિક સ્થિતિની વાત છે, કેમકે ધ્યાન માનસિક વસ્તુ છે. એટલે 'અમારે અમલ નથી, પણ વિચારણા માત્ર છે,' એમ નિર્ભય ન રહેવાય.

આ જો બરાબર સમજાઈ જાય, તો ક્રૂર અમલની ભયંકરતાની માફક ક્રૂર સંકલ્પ-વિકલ્પની ભયંકરતા લક્ષમાં આવે; અને એના પર તિર્યંચગતિ નહિ પણ નરક-ગતિનાં પાપ બંધાવાનું ધ્યાનમાં આવે તથા નરકનાં ઘોર દુઃખ નજર સામે ખડા થાય. દ્વેષ એ દિલમાં મહલાવ્યે અવસરે આવા ક્રૂર સંકલ્પ વિકલ્પ તરફ તાણી જાય છે. ત્યારે દ્વેષની કેટલી ભયાનકતા ?

ભલેને પેલા અમરકુમારની માતા બ્રાહ્મણીનું દીકરાને જીવતા જીવે ભડભડતી આગમાં ધકેલી દેવા જેવું કૃત્ય આપણાં જીવનમાં ન આવે તો પણ દ્વેષવશ આપણે ક્રૂર વિચારમાં ચડીએ એ પણ મહા ભયંકર છે, એ ખાસ ધ્યાનમાં રહે.

દ્વેષનો કેમ સંભવ ?:-

દ્વેષનો પાયા ઉપર આવી ભયંકર વિચારણા આવવા પૂરો સંભવ છે. માટે જ દ્વેષને દિલમાં ઘાલતાં પહેલા જ ચેતવા જેવું છે. અણગમતા જડ પદાર્થ પર પણ દ્વેષ નહિ, ને કોઈ અણગતા જીવ ઉપરે ય દ્વેષ નહિ. સંસારમાં જીવન લઈ બેઠા છીએ અને પુણ્ય દૂબળું છે એટલે બધું મનમાન્યું બનવાનું નથી, મનમાન્યું મળવાનું નથી. એટલે એમાં ખામી પડવાની, ને મનને અપસંદ કેટલું ય બનવાનું અને અપસંદ મળ્યા કરવાનું. પોતાના જીવનમાં આ અનુભવાય છે ને ? તો પછી અપસંદ પર દ્વેષ થઈ આવવાનો અવકાશ છે. માટે જ એ સમજીને દ્વેષને ઊઠતો જ અટકાવવાનો.

પ્ર.- દ્વેષ અટકે શી રીતે ? કેમકે જીવને દ્વેષના અનાદિના સંસ્કાર છે, એ દ્વેષ તો સહજ રીતે કરાવી જાય છે. પછી એ અટકાવવો સહેલો છે ?

ઉ.- હા, દ્વેષને અટકાવી શકાય. જો ન જ અટકાવી શકાતો હોત તો તો કોઈ મોક્ષે જઈ જ શક્યું ન હોત. કેમકે અનાદિના દ્વેષના સંસ્કાર કોને નથી ? જીવમાત્રને હોય છે, ને એથી જન્મે જન્મે દ્વેષ તો સળવવ્યા જ કરતો રહે. ત્યારે એ જો અટકાવી જ ન શકાતો હોય તો મોક્ષ કોઈનો ય થાય ? પરંતુ અનંતા આત્માઓ મોક્ષ પામ્યા છે, એ દ્વેષને ઉપાય દ્વારા સળગાવી નાખીને જ પામ્યા છે. એ સૂચવે છે કે દ્વેષને નષ્ટ કરવાના ઉપાય છે. એટલે એ વિચારીએ કે દ્વેષને

અટકાવવાના ઉપાય શા ?

દ્વેષને અટકાવવાના ઉપાય :-

(૧) **આપણે જો મોક્ષના** અર્થી છીએ, જન્મમરણની વિટબંણામાંથી છૂટવા ઈચ્છીએ છીએ, તો સમજી રાખવું જોઈએ કે મોક્ષમાર્ગની સાધનામાં પાયામાં મૈત્રી-પ્રમોદ-કરુણા આદિ ભાવો વિકસાવવાની જરૂર છે. ને એ દ્વેષને દબાવવાથી જ વિકસી શકે. જીવનમાં દાન-શીલ-તપસ્યા-પ્રભુભક્તિ વગેરે ધર્મ ગમે તેટલો કરતાં હોઈએ, પણ દિલમાં જો દ્વેષ સળગતો હોય તો એ સળગતા લોખંડના ગોળા ઉપરના ગોળા ઉપર દાનાદિ ધર્મરૂપી રંગના પ્લાસ્ટર લગાવવા જેવું થાય. સળગતા ગોળા પર રંગનું પ્લાસ્ટર ચડે ? કે રંગ ગોળાની આગમાં સળગી જાય ? એમ ધર્મના રંગ દ્વેષ ની આગમાં સળગી જ જાય ને ?

દ્વેષ જાલિમ છે. એ વૈર-વિરોધ કરાવી મૈત્રીભાવ ન આવવા દે; એ ઈર્ષ્યા કરાવી પ્રમોદભાવને ન આવવા દે; એ નિર્દયતા-નિષ્ઠુરતા કરાવી કરુણાભાવ ન આવવા દે. ત્યારે આ વૈર-વિરોધ, ઈર્ષ્યા-અસૂયા, નિર્દયતા-નિષ્ઠુરતાદિ હોય ત્યાં સુધી વીતરાગભાવ અને મોક્ષ આવે ? વાતે ય શી ? મોક્ષ શું, સદ્ગતિ ય ન પમાય માટે એ મૈત્રીભાવ આદિ લાવવા દ્વારા દ્વેષ અને એ વૈર વિરોધાદિ આદિ લાવવા દ્વારા દ્વેષ અને એ વૈર વિરોધાદિ દબાવવા જોઈએ, અટકાવવા જોઈએ.

વારંવાર આ ભાવના કરાય કે,-

દ્વેષ દબાવવા ભાવના :-

'મારે વીતરાગ અને મુક્ત બનવું છે, એ માટે મારે દ્વેષ ન કરાય, ન રખાય. તેથી હું જીવમાત્ર પ્રત્યે સ્નેહ-મૈત્રીભાવ, સુખી અને ગુણિયલ પ્રત્યે પ્રમોદ-ભાવ, ભૂલતા અને દુઃખીયારા પ્રત્યે કરુણાભાવ, અને પરદોષ પ્રત્યે ઉદાસીનભાવ કેળવ્યા કરૂ.' આ ભાવના કરતા રહી મોકે મોકે મૈત્રીભાવ આદિનો પ્રયત્ન રખાય તો દ્વેષ પર અંકુશ આવી જાય.

(૨) બીજા ઉપાયમાં આ ચિંતવવાનું છે કે,- 'જીવ ! તારા નબળા પુણ્યે એક યા બીજા પ્રકારના અપસંદ પદાર્થો-ઘટનાઓ કે માણસો જિંદગીના છેડા સુધી, મળ્યા કરવાના છે, તો શું તું જીવનની સમાપ્તિ સુધી દ્વેષ જ કર્યા કરીશ ? ને એ કરતો રહીશ તો પછી મૈત્રીભાવ ઉપશમ આદિનો અભ્યાસ અને એને સ્થિર કરવાનો અવસર ક્યારે ? માટે હવેથી આ મૈત્રી આદિ કેળવવાનો ને દ્વેષને દબાવવાનો જ અભ્યાસ રાખવા દે.'

(૩) **સંસારવૃક્ષનું મૂળ કષાયો છે; અને મોક્ષ-વૃક્ષનું મૂળ કષાયત્યાગ અને મૈત્રી-ક્ષમાદિ ધર્મ છે.**

'કષાયમુક્તિઃ કિલ મુક્તિરેવ.'

અરે ! મોક્ષ તો પછી; પણ આ જીવનના અંતે શાન્તિ જોઈતી હોય, તો ય જીવનમાં શાન્તિનો અભ્યાસ જોઈશે.

ખરેખર, કષાયોથી છૂટકારો થાય એ મુક્તિ જ છે. એ જ મુક્તિ છે. એટલે મોક્ષના ચાહકને કષાયો મૂક્યા વિના ચાલે જ નહિ. તો પછી દ્વેષ પણ રાખ્યે કેમ ચાલી શકે ? દ્વેષનો જ અભ્યાસ રાખ્યો હશે તો તો અંતે દ્વેષ ક્યાંથી ખસવાનો ? મૃત્યુની શય્યા પર ઘામ લાગ્યો, ને કોઈ બારી નથી ખોલતું તો દ્વેષ ઊઠવાનો; યા શિયાળામાં ઠંડી લાગી છે, ને કોઈ બારી બંધ નથી કરતું તો દ્વેષ ઊઠવાનો ? ઊઠવાનો અથવા કોઈક અવાજ કરે છે, એથી દ્વેષ થવાનો, સહેજ ઝોકું આવ્યું ને દવા માટે જગાડે છે, ત્યાં દ્વેષ થવાનો.

જીવનભર દ્વેષ કર્યા કર્યો છે, અને અહીં અંત સમયે સહેજ સહેજ નિમિત્ત મળતાં દ્વેષ ઊઠવામાં શી વાર ? ભલે ને હવે મોત સામે આવી ઊભું છે, પરંતુ એ સમજ ક્યાંથી લાવવી કે 'અરેરે ! જિંદગી દ્વેષમાં બરબાદ થઈ, હવે જીવનની છેલ્લી પળો તો બચાવી લઉં ? ઉપશમ ભાવ રાખી સુધારી લઉં ? જેના અંગે દ્વેષ કરું છું એ જડ કે ચેતન પદાર્થ તો અહીં રહેવાના, ને હું તો આ ચાલ્યો; તે દ્વેષ અને દ્વેષનાં કર્મ મારી સાથે ચાલવાનાં !' આ સમજ ક્યાંથી લાવવી ? અને દ્વેષથી પાછું હટવાનું અને શાન્તિ ઉપશમ રાખવાનું ક્યાંથી લાવવું ?

જીવન જીવતાં જ્યારે જ્યારે દ્વેષ ઊઠે ત્યારે ત્યારે વિચારવું કે આથી જીવનની અંતિમ પળો કેવી આવે ? શાંતતાભરી ? કે દ્વેષભરી ? ને અત્યારે પણ દ્વેષ સારું કામ કરાવે ? કે નરસું ?

પેલી બ્રાહ્મણી છોકરા અમરકુમાર પરના દ્વેષના કારણે એ જીવતો આગના મોંમા જાય તો જાય, છતાં એવામાં વેચવા તૈયાર થઈ ગઈ એમાં પૈસાનો લોભ પણ કારણ છે. ત્યારે લોભના પણ કેવા કેવા નઠારાં પાપી કૃત્યો થાય છે ! સમજી રાખજો દ્વેષ-લોભાદિ કષાયમાંથી જનમતાં કાર્ય એના પોતાના માટે સારાં હોય નહિ. પૂછજો,-

પ્ર.- બીજા પર ઈર્ષ્યા રાખીને ય એના કરતાં સારો ઓચ્છવ કે તપસ્યા વગેરે કરવાનું શું નથી થતું ?

ઉ.- થતું હોય, પણ ઓચ્છવ કે તપ આદિ એના પોતાના માટે સારા નહિ નીવડવાનાં. કેમકે એ તો એ કાર્ય કરીને ય એમાંથી ઈર્ષ્યા ને અભિમાન જ તારવવાનો. એના મનને થશે કે,'વાહ ! બચ્ચો રોફ મારતો હતો કે મેં કેવો સારો ઓચ્છવ કર્યો, એના કરતાં કેવો સવાયો ઓચ્છવ કરી દેખાડ્યો ?' આ શું તારવ્યું ?

ભારોભાર મદ અને દ્વેષ. આવો ભારોભાર મદ અને દ્વેષ શાના ઉપર કરી શક્યો? ઓચ્છવ કરવા પર. તો એ ઓચ્છવ એ એના માટે શું સારું કાર્ય થયું ?

એવું લોભમાં છે. પૈસા-ટકા આદિના લોભના પાયા પર સારું પણ કાર્ય દા.ત. શંખેશ્વર પાશ્વનાથ દાદાની ભક્તિ કરે, 'હું દાદાની ભક્તિ કરું, ને મને સારા પૈસા મળે,' એવો આશય રાખીને પ્રભુને ભજવાનું કરે. એ એ ભક્તિમાંથી શું તારવવાનો ? લોભ, રાગ ? કે વૈરાગ્ય ? મનને ઠંડક અનુભવશે કે 'હાશ ! દાદાની ભક્તિ કરું છું, તો મને પૈસા સારા મળશે.'

એક ભાઈ આપત્તિમાં પીડાતા હતા, એને કોઈ મિત્રે સૂઝાડ્યું કે 'તું શંખેશ્વર ભગવાનની યાત્રા ભક્તિ કર, તને લાભ થશે.' પેલાએ દર મહિને શંખેશ્વર જઈ પ્રભુની ભક્તિ કરવા માંડી, એમાં એને પૈસા સારા ૮૦૦-૯૦૦ રૂા. મળી ગયા, એટલે એ મિત્રને લઈ ઊપડ્યા શંખેશ્વર. ત્યાં પેલા મિત્રે અવસર જોઈ કહ્યું, 'ભાઈ ! અહીં તું દોઢસો રૂપિયાની દાદાની આંગી રચાવ.' પણ પેલા લોભિયાએ ન રચાવી. મનને થયું કે, 'હાય ! આટલા બધા રૂપિયા ખરચી નાખું ? દાદાએ એટલું બધું મને શું આપ્યું છે ?'

શું થયું આ ? દાદાની ભક્તિ કરવા પર મળેલા પૈસાનો લોભ મમતા જાગી. તો કહો, એના માટે ભક્તિનું કાર્ય શું આપનારું થયું ? પાછું પરિણામ તો એ આવ્યું કે યાત્રા કરીને જેવો એ પોતાના ગામ ગયો કે ત્યાં ગમે તે રીતે પૈસા ઊડી ગયા. હવે પસ્તાવો થાય છે પણ પસ્તાવો શાનો ? 'હાય ! પૈસા તો જવાના હશે તે ગયા, પણ મેં પ્રભુની ભક્તિ ગુમાવી !' એ નહિ, પણ હાય ! મારા પૈસા ગયા !' એવો પસ્તાવો થયો. એટલે એમાં ય પૈસાની મમતા જ સતાવતી રહી.

લોભના કાર્ય ભૂંડા કેટકેટલાં ને કેવાં કેવાં ?

રાજ્યના લોભે **કોણિકે** બાપને જેલમાં પૂર્યા. નાના ભાઈ યુગબાહુની પત્ની મહાસતી મદનરેખા પડાવવાના લોભે એના મોટા ભાઈ રાજાએ પોતાના ભાઈ યુગબાહુનું ખૂન કર્યું. વિષયવાસનાના લોભમાં **ચુલણીએ** પોતાના દીકરા બ્રહ્મદત્તને લાખના ઘરમાં સળગાવી મૂકવાની પેરવી કરી. **વસુ** રાજાએ ગુરુ-માતાનું મોં સાચવવાનો લોભમાં અસત્ય ભાષણ કર્યું, તો દેવતાએ ઊંચા સિંહાસન પરથી પીઠે લાત મારી એવો નીચે પટક્યો કે એ લોહી વમતો મરીને નરકમાં ગયો. દ્રઢ-**પ્રહારીએ** ચોરીને ખાવાનું મેળવવાના લોભના આવેશમાં ગાય, બ્રાહ્મણી એના ગર્ભનું બાળક અને બ્રાહ્મણ, એમ ચારની હત્યા કરી નાખી ! **રાવણ** નાક ઊંચુ રાખવાના લોભમાં લક્ષ્મણથી મરાયો, ને ચોથી નરકે ગયો.

લોભના અનર્થનું પૂછવું જ શું ? એક યા બીજા પ્રકારના લોભમાં ઘર ઘર

ક્લેશ ચાલે છે ? કોરટો ઊભરાય છે ! ભાઈ ભાઈની સામે લડે છે ! આજે મહા કર્માદાનના મહાપાપના ધંધા શાના પર ઊભા થાય છે, ને શાના પર ચલાવાય છે ? કહો, લોભ ઉપર. પૈસાનો લોભના લીધે સુખી પણ શ્રાવકો રાત્રિભોજનનાં મહાપાપ કરે છે. લોભના હિસાબે જ જૂઠ, અનીતિ, વિશ્વાસઘાત કરાય છે, ખોટા ચોપડા બનાવાય છે, બિલ વિના માલ વેચાય છે, સગી પત્ની કે માતા પિતાની સામે ય માયા રમાય છે. બધું લોભના માર્યા કરાય છે.

લોભ ખતરનાક છે. આ બધું જાણો ?

પ્ર.- જાણીએ તો છીએ, છતાં લોભ કેમ છૂટતો નથી ?

ઉ.- ક્યાંથી છૂટે ? એ શ્રદ્ધા નથી કે 'લોભની ચીજ ચાર દહાડા રહેશે, પણ લોભથી લાગેલાં પાપનાં ભયકર ફળરૂપે દુઃખ ૪૦૦, ૪૦૦૦, ૪૦,૦૦૦ વરસ ચાલશે

પેલી બ્રાહ્મણી પૈસાના લોભમાં છોકરાને એવો વેચવા તૈયાર થઈ કે જ્યાં છોકરો જીવતો આગમાં સળગાવાય. તો આગળ એ લોભનું ફળ જોજો.

ત્યારે અમરકુમાર બિચારો ગભરાઈ ઊઠ્યો, એ કહે છે, 'મા ! મા ! આ તું શું કરે છે ? મને મારી નખાવ નહિ, તું કહે તો તારા બધા કામ જિંદગીભર હું કરીશ.'

માતા કહે, 'જા રે જા ભૂંડા ! તારા જનમ્યાથી તો મારે ખાવાનું ઓછું થયું. તે હું ક્યાં સુધી ભૂખે મરું ? તું તો મને દીઠો ગમતો નથી.'

છોકરો એના બાપને કરગરે છે, 'બાપા ! આ જુઓને મારી મા મને વેચી દે છે. તમે મને બચાવો હું તમારાં બધા કામ કરીશ'

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" **વર્ષ-૨૨,અંક-૧,તા.૮-૯-૧૯૭૩**

બાપનાં કેમ આંખ મિંચામણાં ?

બાપ કહે, 'ભાઈ ! તારી મા તને વેચે એમાં હું શું કરૂ ?' કેમ આમ કહી રહ્યો છે ? શું છોકરો એની માતાનો છે તો પોતાનો નથી ? છે, પણ સામેથી સોનૈયાનો ઢગલો આવે છે ને ? ગરીબીથી દુખિયારો તો છે જ, એટલે દુઃખનો અને ધનના લોભનો માર્યો અહીં આંખમિંચામણાં કરે છે. સંભવ છે કે વળી એ પણ કારણ હોય કે નિર્ધનતાના યોગે પત્નીથી દબાઈને રહેતો હોય.

આ જગતમાં આવું બને છે, કેટલે ય સ્થાને બને છે. માણસે પૈસા ખોઈ નાખ્યા હોય અને પૈસાની તંગી આવી ગઈ હોય, તો પત્ની એને હવે ટોણાં મારી

દબાયેલો રાખતી હોય. સંસાર અતિ દારુણ છે. પૈસા હોય ત્યારે ઉન્નતિનો મદ હોય છે, તે પૈસા ગયે દીન-હીન બની જાય છે. સંસારની વિચિત્રતા આ ક્યારેક ઉન્નતિ અને ક્યારેક અવનતિ દેખાડે છે. પત્ની પોતાનાથી દબાઈ રહેતી હોય ત્યારે ઉન્નતિ લાગે, ને મદ ચડે, પણ પત્નીથી પોતાને દબાવું પડતું હોય ત્યારે અવનતિ લાગે, ને મદ ઊતરી જઈ દીનતા આવે.

સંસારના ઢંગ બેહૂદાં જોઈ મદ કે દીનતા શી કરવી હતી ?

સારી સ્થિતિમાં પત્ની ખુશ અને આજ્ઞાંકિત રહેતી હોય, સન્માન કરતી હોય, ત્યારે મનને એમ થવું જોઈએ કે, 'શેઠ ! તને માન નહિ, તારી પાઘડીને માન,' એની જેમ આ ખુશખુશાલી-આજ્ઞાધીનતા અને સત્કાર-સન્માન મારા પર નહિ પણ પૈસા પર છે. માટે મારે સાવધાન રહેવાનું, તૈયાર રહેવાનું કે દી ફરી ગયે ગરીબી આવ્યે એ જ પત્ની અને પુત્રો તરફથી અપમાન-અવગણના આવવાના છે. માટે ધન પરના આ ખેલ સમજી પહેલેથી જ ધન વગેરેની ઉન્નતિથી જ પરમાત્માનું શરણું રાખું.'

પરમાત્મ-શરણ :-

'હે પ્રભુ ! મારે પૈસા કે પત્ની-પુત્રાદિ શરણ નથી પરંતુ તુંજ મારે શરણભૂત છે. પેલા મારા તારણહાર નહિ, પણ તું જ મારે તારણહાર છે. તું આવો તારણહાર મળ્યે મારે શી ફિકર છે ? ધન હોયે છતે જો તું મારા દિલમાં નથી, જો તને મારા માથે નથી ધરતો, તો હું ધનને જ સર્વે-સર્વા માનવાનો, ને તેથી પાપિષ્ઠ બનવાનો. અભિમાન, વિષયવિલાસ, પરિવાર પર રોફ અને ધન સાચવવા પાછળ કાળી લેશ્યા, રૌદ્રધ્યાન, પ્રપંચ, વગેરે કેઈ જાલિમ અને નરકદાયી પાપોમાં લીન બનવાનો. ત્યારે પ્રભુ ! તું જો મારા એકમાત્ર તારણહાર-રક્ષણહાર અને એકમાત્ર વિશ્વાસ કરવા યોગ્ય તરીકે મારા દિલમાં વસ્યો રહે, તો ધનનાં કે માનસન્માનનાં મહત્ત્વ ન સમજું અને એથી થતાં, પાપો હું ન કરૂ.

'આમ હે નાથ ! તું જ જો મારે સર્વેસર્વા છે, તો ધન ગયે મારૂ કશું ગયું નથી, પત્ની-પરિવાર રુઠ્યે મારૂ કાંઈ બગડ્યું નથી. તને હું માનું અને તારા બતાવેલા સંસારનાં વિચિત્ર સ્વરૂપને માનું નહિ, એ બને જ કેમ ? તારા સિદ્ધાંત મને માન્ય ન હોય તો મેં તને શું માન્યો ગણાય ? તું મારા દિલમાં એકમાત્ર વિશ્વસનીય તરીકે વસ્યો છે, તો મારે ક્યારે ય ગમે તેવા સંયોગમાં કશી કમીના નથી. કારણ પ્રભુ ! તું જ દિલમાં હોયે પુણ્યબંધ અને સદ્ગતિ મળે છે, પણ દિલમાં પૈસા-પરિવાર-સન્માન વગેરે હોયે પુણ્યબંધ કે સદ્ગતિ નહિ. ત્યાં તો પાપના થોક અને દુર્ગતિ મળે. મમ્મણના દિલમાં પૈસા જ હતા તો ઘોર પાપ ભેગાં

કરતો ગયો, અને સાતમી નરકે પડ્યો. માટે મારે તો પૈસા છતે, ને પરિવાર અનુકૂળ છતે, એમનાથી કશી વડાઈ નથી, કે એમના અભાવે કશી ન્યૂનતા નથી. વડાઈ તું દિલમાં હોયેથી છે, દીન-હીનતા તારા અભાવે છે. માટે મારે તું જ શરણભૂત છે.'

પરમાત્માનું આમ શરણું વારંવાર લેવાય, તો સંસારના મારથી બચાય.

શાસ્ત્ર કહે છે, સંસારમાં તો સગાસ્નેહીના પરિચય વધતાં એમની સાથેનું બંધન વધુ ગાઢ થાય છે. એટલે પછી કેમ ? તો કે માર ખાવાનો. કેમકે પગલે પગલે નવનવા રંગ સામે આવે છે, ને મૂર્ખ જીવ પગલે પગલે અસત્ કલ્પનામાં તણાયો એમાં એક યા બીજા પ્રકારે પરિભવ અનુભવે છે, યાને અપમાન-અવગણના કે ઓછાશ અનુભવે છે, ને તેથી એ દુઃખી થાય છે.

જ્ઞાનીઓએ સંસારનું આ મહાન રહસ્ય સમજાવ્યું છે, સંસારના દુઃખોનું આ નિદાન બતાવ્યું છે. જગતની વચ્ચેનું જીવન છે એટલે નવા નવા સંયોગ તો આવ્યા જ કરવાના; ચાહ્ય એ કોઈ ચેતન જીવના હો, યા જડ વસ્તુ કે ઘટનાના હો, અરે ! ઘડીવાર જીવ એકાંતમાં બેઠો હશે તો ય ભૂતકાળના સ્મરણમાં અથવા ભાવીની કલ્પનામાં ય આ જગતના જ જડ-ચેતન પદાર્થ કે પ્રસંગને લઈ આવશે ! પછી શું બાહ્ય સાક્ષાત્ સંયોગો યા શું સ્મરણ કે કલ્પનામાં આવતા સંયોગો, પણ એના પર જીવનું મન જતાં જે અનુભવ થાય છે, એમાં એક યા બીજા પ્રકારે જીવનો પરિભવ હોય છે; જીવની અવજ્ઞા-અપમાન હોય છે. કાં એને માનહાનિ દેખાય છે, યા માન મળે તો એમાં ઓછપ દેખાય છે. એવું બીજામાં.

સંસાર કેમ દારુણ ? કારણ કે એમાં ઉન્નતિમાં મદ ચડે છે, અને અવનતિમાં દીનતા આવે છે. પરંતુ જીવને એ ભાન નથી કે ભવે ભવે નવનવા હલકા અવતાર લેવા પડે છે. ત્યાં મદ ક્યાં કરીશ ? ત્યાં અહીંના મદની કેટલી કિંમત રહી ? તેમ, અહીં ઉન્નતિને બદલે અવનતિ આવી, ધન-માન-ખાનપાન વગેરે કશામાં પડતી થઈ, એટલામાંય દીન બની જાય છે, પણ પરભવે હલકા અવતારમાં જે ધરખમ પડતી-અવનતિ-આપત્તિ આવે એની આગળ અહીંની પડતી શી વિસાતમાં છે તે દીન-હીન બને છે ?

જીવની અહીં ગમે તેટલી ઉન્નતિ હોય, ચડતી હોય, પણ આ સંસારમાં જીવને જે નવનવા જનમ લેવા પડે છે, અને પૂર્વ પૂર્વ ભવનું બધું કેન્સલ થાય છે, એ જીવની શાબાશી નહિ, પણ મહાન નાલેશી છે. ત્યારે શું આટલી જ નાલેશી છે ? ના,

સંસારની નાલેશીઓ :-

શાંતસુધારસ શાસ્ત્ર કહે છે.

जातु शैशवदशा परवशो, जातु तारुण्यमदमत्त रे ।

जातु दुर्जयजराजर्जरो, जातु पितृपति करायत्त रे ॥ कलय॰

એટલે કે જનમવાની નાલેશી, ઉપરાંત જનમ્યા પછી પણ બાળદશા, યુવાની, વૃદ્ધાવસ્થા અને મરણ, એવી ચાર અવસ્થામાંથી પસાર થવું પડે છે એ પણ નાલેશી છે. જીવ તો એનો એ જ અનંત અનંત કાળથી મૂળમાં અનંત સમજ અને અનંત સામર્થ્યવાળો છે, પરંતુ સંસાર જાણે કહે છે, 'રહેવા દે તારી એ સમજ અને સામર્થ્યને; મારે ત્યાં તો તું જન્મે જન્મે પહેલાં બાળ થા, અને એમાં ય અબૂઝ અને અશક્ત રહી પરવશ બન; પછી ક્રમશઃ યુવાન થા, અને એમાં તારી અસલી સમજ અને શક્તિમાંથી એક બિંદુ જેટલી સમજ અને શક્તિ જ ધરાવ, ને એના પર પણ આખલા જેવો અભિમાનથી ફુલા ને ઉન્મત્ત બન. એ ય વળી ઉન્મત્તતા લાંબી ચાલવા ન દઉં, જોતજોતામાં તું યુવાની ગુમાવી ઘરડો બુઢ્ઢો થા, ને એમાં પેલી બિંદુ જેટલી શક્તિ ય ખખડવા માંડીને તું જર્જરિત કાયાવાળો થા. એ ય ચાલી ન ચાલી એટલામાં તો જમની પકડને આધીન થા. એટલે ? આ જનમમાંથી પહેર્યે લૂગડે ય નહિ, પણ સઘળી માયા અને કાયા સુદ્ધાં ગુમાવી ને ડિસમિસ થા.'

સંસાર આ વિટંબણાઓમાંથી જીવને પસાર કરે છે, જ્યાં જીવની અસલી અજર અમર અનંતશક્તિ-સમજથી સંપન્ન બાદશાહીનું કશું જ લેખું નહિ. તો ય નાદાન મૂઢ જીવને જગતના અતિતુચ્છ પદાર્થોમાં પાગલ ને પરવશ થવા જોઈએ છે !

પેલો બ્રાહ્મણ પત્નીમાં પાગલ અને પરવશ, તે પોતાનો જ પુત્ર અમરકુમાર માતાના વેચાણમાંથી બચાવવા પ્રાર્થના કરે છે ત્યારે કહે છે, 'ભાઈ ! હું તારી માને શું કહું ? એ તને વેચે એમાં મારૂ શું ચાલે ? ન ચાલે ? માતાને વેચવો હોય પણ પિતાને ન વેચવો હોય તો શું રાજા એવો અન્યાયી છે કે બાપને બાજુએ હડસેલી દીકરાને ઝુંટવી તાણી જાય ? ના, પણ અહીં બાપને ય અંદરખાને સોનૈયાનો ઢગલો મળવાની હુંફ હશે તે પત્નીથી કરાતા પુત્રવેચાણમાં વિરોધ ન કરીને મૂંગી સંમતિ દઈ દે છે'

અમરકુમાર બિચારો હવે કાકાને-મામાને-માસાને-ફૂઆને કરગરે છે કે મને બચાવો, હું જિંદગીભર તમારાં કામ કરીશ, તમારો નોકર થઈને રહીશ, પણ આ મને જીવતો સળગાવી નાખે એવા મહા ભયંકર દુઃખમાંથી છોડાવો.'

ત્યારે એ સગાઓ ય પોતાના પૈસા અને ખોટા દાક્ષિણ્યમાં પાગલ અને પરવશ બનેલા આને બચાવવા પૈસા શાના ઢીલા કરે ? દાક્ષિણ્ય શાનું બાજુએ મૂકે ? એ ય છોકરાના બાપના બોલ સંભળાવે છે કે, 'ભાઈ ! તારા માબાપ જ

જ્યાં વેચવા તૈયાર થાય, ત્યાં અમે શું કહી કે કરી શકીએ ?'

જોજો જગતના ખેલ. ધરાર સમજે છે કે આ છોકરો જીવતો ને જીવતો ભડભડતી આગમાં ઝીકાશે, ત્યારે કેવી વેદનામાં કેવો ચીસેચીસ પાડતો બળી મરશે ! પરંતુ સંસારમાં પાગલતા અને પરવશતા મનુષ્યની ય શાની દયા કરાવે ?

પત્યું, અમરકુમારની વહારે ધાનાર બાપ સુદ્ધાં કોઈ નથી, ને સગી માતા સિપાઈઓને કહે છે, 'લઈ જાઓ આ છોકરાને,' હવે સિપાઈઓ કસાઈ બોકડાને લઈ ચાલે, એમ અમરકુમારને લઈ ચાલતા થયા. બજાર વચ્ચેથી લઈ જતાં લોકમાં હાહાકારો મચી ગયો છે, દુકાનદારોના દિલમાં ય 'હાય ! હાય ! બિચારાને એની મા વેચે છે ?' એમ હાયકારો થઈ રહ્યો છે, છતાં ખૂબી જુઓ.

અમરકુમાર મોટા મોટા શેઠને જોઈ કહે છે, 'ઓ શેઠ બાપા ! આ તમે જ મને ખરીદી લો ને ? મારી માતાની પૈસાની ભૂખ પૂરી કરી તમે જ મને રાખી લો ને ? હું તમારો જિંદગીભરનો ગુલામ થઈને રહીશ. પણ આ જીવતાં સળગી જવાની પીડામાંથી ભાઈ સાહેબ ! મને છોડાવો.'

રાજગૃહીમાં નહોતા શેઠિયા દુકાનદારો ? પણ એક શેઠિયો એને બચાવવા તૈયાર નથી. કેમ ? એક પરાયા છોકરા ખાતર આટલા બધા પૈસા કોણ ગુમાવે ? કદાચ કોઈક ઉદાર હોય તો એના સુધી અવાજ ન પહોંચ્યો હોય. ત્યારે બીજા શ્રીમંતોનો સંસાર જ એવો છે કે જ્યાં પૈસા મળતાં જીવ પાગલ અને પરવશ બને ! અવસર આવ્યે જ્યાં સગી મા વૈરિણી થાય ત્યાં બીજું કોણ મિત્ર બનવા આગળ આવે ? દા.ત. ગામમાં આગ લાગી, કે પાણીનાં પૂર ચડી ગયાં, યા ધાડ પડી, ત્યાં જો ખુદ માતા જ પોતાનો જીવ બચાવવા છોકરાને પડતો મૂકે, તો પછી બીજા કોણ પ્રાણના ભોગે એ છોકરાને બચાવી લેવા તૈયાર થાય ?

જોજો, લાખમાં કરોડમાં કોઈ એક એવો તૈયાર થાય એનો દાખલો આગળ કરતાં નહિ; એ કોઈ સંસારની વડાઈ નથી. એ તો દિલમાં હાડોહાડ ધર્મ વસી ગયો હોય, એકાંતે પરોપકારની ભાવના ઊછળતી હોય, એવો પુરુષ પ્રાણના ભોગે બીજા જીવને બચાવવા ઊઠે. પણ એ બલિહારી ધર્મની જ છે, પરોપકાર-ભાવનાની છે, કિન્તુ સંસારની બલિહારી નહિ.

સંસાર તો જીવને પોતાને મળેલા તુચ્છ નાશવંત પદાર્થો અને સંયોગોમાં પાગલ અને પરવશ બનાવનારો છે.

અમરકુમારની હૃદયદ્રાવક સ્થિતિ :-

અમરકુમારને કોઈ શેઠિયો બચાવી લેવા માટે આગળ આવતો નથી;

સિપાઈઓ પકડીને લઈ જતાં એને ઠેઠ રાજાની પાસે ખડો કરી દે છે. પૂજાવિધિ કરનારાં બ્રાહ્મણો પાસે છોકરાની તપાસ કરાવે છે, ને ભોગ દેવાને યોગ્ય છે એમ પ્રમાણિત ઠરતાં, રાજા છોકરાની માને એને ત્રાજવામાં બેસાડી ભારોભાર સોનૈયા જોખાવીને અપાવી દે છે.

અહીં રાજાને અને ગોર-બ્રાહ્મણોને તો જોઈતો છોકરો મળી ગયાનો ભારોભાર આનંદ છે; તેમ મા બ્રાહ્મણીને પણ ઢગલો સોનૈયા મળ્યાનો અનહદ આનંદ છે, કેમકે જિંદગીનું દારિદ્ર ફિટ્યું, પરંતુ અમરકુમારનું શું ? એના તો મોતિયા જ મરી ગયા. કતલખાનામાં દાખલ કરાયેલ પશુને જે અત્યંત હૃદય-ઊકળાટ અને ઉગ્ર હાયબળતરા હોય, એવી સ્થિતિ અમરકુમારની થઈ છે. એને નવરાવી ટીલાં ટપકાં કરી તથા ડોકમાં કણેરની માળા પહેરાવી જ્યાં ભડભડતી જ્વાળાઓવાળા અને દસેક હાથના વિસ્તારવાળા ધમધમાટ અગ્નિના કુંડ પાસે લાવીને ખડો કર્યો ત્યાં ધગધગતો અગ્નિ જોતાં જ એનાં ગાતર ઢીલાં થઈ ગયાં, શરીરમાંથી પસીનો પસીનો છૂટી ગયો, રોમાંચ ખડા થઈ ઊઠ્યા, દિલને દુઃખનો પાર નથી. સંસાર કેવો દારુણ છે ! નિર્દોષ જીવને હવનના થનારા કારમા દુઃખ પર રાજા, બ્રાહ્મણગોરો, અને બ્રાહ્મણીને ભારોભાર આનંદ છે. બ્રાહ્મણી તો સગી માતા છે ને ? પણ એને ય પેટના દીકરાનાં કારમા દુઃખ પર હૈયું કંપતું નથી, ઊલટું બદલીમાં સોનૈયા મળ્યા પર રાજીનો પોટલો થઈ જાય છે !

સંસારની આ ઓછી ભયંકરતા છે ?

નર્યા સ્વાર્થિલા માણસો સ્વાર્થના અંધાપામાં શું પાપ ન કરે, કેવું ગોઝારૂ કૃત્ય ન કરે, એ કહી શકાય નહિ.

ગીધડાં તો મડદાં પર ઉજાણી કરે; પરંતુ આ નર્યા સ્વાર્થિલા માણસોને જીવતાં ઉપર ઉજાણી કરવી છે. ત્યારે સંસાર કેવો ભયાનક ?

સંસારને મન જીવ જાણે રમકડું ! તે ફાવે એવાં એની પાસે ગોઝારાં કૃત્ય કરાવે. મ્લેચ્છ માણસે બિલાડો પાળ્યો હોય છે, તે જેમ પાંજરાંમાં પૂરાયેલા ઊંદરને બંધ ખાલી ઓરડાની અંદર છૂટો મૂકી પછી એના પર બિલાડાને છોડે, ત્યારે ઉંદરની કઈ દશા ? બિલાડો શું કરે ? ઊંદર પર ક્રૂર રમત જ ને ? બસ, સંસાર આવા બિલાડા જેવા જીવને શક્તિ આપી એની પાસે ઉંદર જેવા બીજા જીવતા જીવો પર ક્રૂર રમત કરાવે છે.

આજે વેપારીઓને ત્યાં જુઓ ગુમાસ્તાઓની કઈ દશા છે ? શેઠની એને કેવી ગાળો ખાવી પડે છે ? ઉપરાંત વરસે કોઈકને દોઢ લાખ કમાણી છે, કોઈને બે લાખ, કોઈ કોઈને ૩ લાખ, ૪ લાખ, ૫ લાખ, ૭ લાખ કમાણી છે, છતાં

ગુમાસ્તાને પગાર મહિને ૪૦૦ ઉધારી માત્ર રૂ. ૨૦૦) જ આપવાના, પેલાને બિચારાને ૮-૧૦ માણસનું કુટુંબ આજની સીતમ મોંઘવારીમાં શી રીતે નભે ? પણ ગરજુ માણસ, તે રૂ. ૪૦૦ શું, ૫૦૦નું કામ આપીને પણ બીજે નોકરી નહિ, તે કહેવાના રૂ. ૪૦૦) પણ રૂ. ૨૦૦ના સાચા પગારમાં અહીં નોકરી ન કરે તો જાય ક્યાં ? લાખોની કમાણી કરનારો શેઠ નોકર પર આ એક પ્રકારની નિર્દય રમત જ રમી રહ્યો છે ને ?

એમ, બનાવટના આજના જમાનામાં વેપારીઓ ગરજુ કે અજ્ઞાન ઘરાકને બનાવટી માલ વેચીને શું કરી રહ્યા છે ? નિર્દય રમત જ ને ?

એમ, લાંચિયા સરકારી માણસો પણ આજે પ્રજાની સાથે ધરખમ લાંચ ખાઈને કેવી ક્રૂર રમત રમી રહ્યા છે ! અરે ! આજ તો શિક્ષણ ક્ષેત્રે પણ કોલેજોમાં વિદ્યાર્થીને લેવા પાઘડી-પ્રિમિયમ લેવાનું સંભળાય છે ને ? આ પણ ક્રૂર રમત નહિ ?

ત્યારે અભક્ષ્ય ખાનારાઓ, હિંસાજન્ય દવાઓ વાપરનારાઓ, હિંસાજન્ય બૂટ વગેરે વાપરનારાઓ એના બનાવનારા દ્વારા જીવો પર ક્રૂર રમત કેવી રમી રહ્યા છે ! એવું ખોટી રીતે કોરટમાં ચડી સામા નિર્દોષને પણ ભારે વકિલ ખર્ચ કરાવીને નિર્દય રીતે પીડી નથી રહ્યા શું ? એવું જ ડી.ડી.ટી. વગેરેથી હજારો માકણ-માખી-મચ્છરો મારનારાની કેવી ક્રૂર રમત ?

નર્યા સ્વાર્થિલા અને આહાર-વિષય-પરિગ્રહ-સુખ-શીલતાના લાલચુ માણસો પોતાને ગમતું કરવા માટે જીવતા જીવો પર ક્રૂર રમત રમીને ખુશી થઈ રહ્યા હોય છે. વિચાર નથી કે આ કેટલા કાળ માટે ? જીવન તો જોતજોતામાં પૂરૂ થઈ જશે, પણ પછી શું ? ક્રૂર રમતનું પછી પરિણામ કેવું ? કદાચ કુદરત વધુ રુઠી ને અહીં જ કોઈ ભયાનક કેન્સર લકવો, પોતાના પર કે પોતાના નિકટના કુટુંબી પર ભયંકર અકસ્માત્ વગેરે લાવી દેશે તો બેહાલ કેવા ?

પાશ્ચાત્યોનું શોધન :-

આજના અમેરિકન શોધકોએ Cause and Effect કાર્ય-કારણના સિદ્ધાંત પર આ ઠરાવ્યું છે કે તમારા જીવનમાં આપત્તિ આવે તો સમજી રાખો કે તમે આ જીવનમાં પૂર્વે કોઈનું કાંઈ બગાડ્યું હશે, છેવટે મનથી પણ બીજાનું દુષ્ટ ચિંતવ્યું હશે. પગે જોરદાર ઠોકર લાગી, તો એ આકસ્મિક નથી પણ તમે બીજાને એક યા બીજી રીતની ઠોકર મારેલી છેવટે મનથી બીજાનું હલકું ચિંતવેલું, એનું પરિણામ છે. એમ તમને સારી વસ્તુ એકાએક અણધારી મળી ગઈ કે બની આવી, તો એની પાછળ પણ તમારું કોઈ સુકૃત કે બીજાના ભલાનો આનંદ કે વિચાર કામ કરી રહ્યો છે.

પૂર્વભવ અનિવાર્ય :-

અલબત્ત આ એકાંત નથી કે આ જીવનમાં આપત્તિ-સંપત્તિ આ જીવનના જ ખરાબ કે સારાં કામનું પરિણામ હોય. કેમકે નાના બચ્ચાંને કોઈને જન્મીને તરત, તો કોઈને ૪-૬ માસ પછી જોરદાર બિમારી આવી, યા પડ્યું-આખડ્યું, તો એની પાછળ અહીં એનું શું ખરાબ કામ ભાગ ભજવી રહ્યું છે ? એમ બિલકુલ સીધી લાઈનનું અને પવિત્ર દિલનું જીવન જીવનારને કોઈ ભયંકર રોગ વગેરે આપત્તિ આવી જાય છે તો એ એની અહીંની કઈ ભયંકર બુરાઈ પર ! એટલે આવા પ્રસંગની પાછળ પૂર્વ ભવની જ બુરાઈને કારણ કહેવી પડે.

પરંતુ પશ્ચિમવાળા પાસે પરલોક અને ચાર ગતિમાં ભ્રમણનું તત્ત્વ નહિ. તેથી એમણે અમુક અમુક પ્રસંગથી માત્ર આ જીવનના ભલા-બૂરા કામની સાથે અહીં જ બનતા સારા નરસા પ્રસંગની કડી જોડી.

કેવા ગુને કેવી સજા ? :-

એ તો માને છે કે તમે કોઈ બે ભાઈ પૈકી એકનો પક્ષ કરી બીજાની ઈર્ષ્યા કરી ? એને હલકો પાડ્યો ? તો હવે તમારો ભાઈ કે પુત્ર તમારી પર ઈર્ષ્યા કરી તમને હલકા પાડશે. તમે કોઈને છેતરીને પૈસા પડાવ્યા, તો કુદરત તમને બીજી રીતે છેતરી પૈસા ઓકાવશે. તમે પત્નીનું યૌવન જાળવવા એના ગર્ભનો અકાળે પાત કરાવ્યો તો કુદરત તમારા જીવન પર ઘા કરશે, યા તમારો પુત્ર ઉઠાવશે, કે તમને કોઈ ભયંકર રોગ વગેરે આપત્તિમાં જકડશે. તમે મનથી પણ ચિંતવ્યું હશે કે, 'અમુકને માર પડ્યો તે સારૂ થયું, બહુ એ અભિમાની હતો તે એને અભિમાન ઉતારનારો મળી ગયો,' આટલું ચિંતવેલું ય એળે નથી જતું એ તમને ક્યારેક એક યા બીજા પ્રકારનો માર ખાવાનું કરાવશે.

બ્રાહ્મણીને જોજો કે હમણાં તો પૈસા રકમબંધ મળ્યાના આનંદમાં 'દીકરો અમરકુમાર ભલે જીવતો સળગાવી મૂકાય તો મૂકાય,' એ વિચારમાં ગઈ, તો એને અહીં જ કેવો ભયંકર પ્રત્યાઘાત નડે છે !

આ તો માનસશાસ્ત્રીઓની માત્ર આ જીવન પૂરતી દૃષ્ટિની વાત છે, બાકી અધ્યાત્મશાસ્ત્રીઓની દૃષ્ટિએ પરલોકમાં મહા દુઃખદ પરિણામની ધારા તો ઊભી જ રહે છે.

મદનરેખાના પતિનું પતિના મોટા ભાઈ રાજાએ મદનરેખાને કબજે કરવાના હેતુથી ખૂન કર્યું, તો ખૂન કરીને મહેલમાં જતાં, એને સર્પદંશ થયો અને મૃત્યુ પામ્યો ! આમ ખૂનની સજા તો મળી, પણ એથી કાંઈ દુષ્કૃત્યના પ્રત્યાઘાતનો અંત નહિ. એ તો મરીને ત્યાંથી સીધો નરકે ગયો. ત્યાં કહો, પરમાધામીના હાથે કેટલીવાર કપાવાનું ? કેટલીવાર ભાલે ભેદાવાનું ? શિલા પર કૂટાવાનું ? ભઠ્ઠીમાં

બળાવાનું ?...આ બધું કેટલીવાર એનો હિસાબ છે ? કદાચ પૂછશો,-

પ્ર.- એક ગુનાની આટલી બધી સજા કેમ સંભવે ?

ઉ.- સીડીના નવાણું પગથિયાં સીધી રીતે ચડી ગયા પછી સોમે પગથિયે ધ્યાન ન રાખ્યું ને એ પગથિયાં પરના કેળાના ઊંધા પડેલા ચિકણાં છાલકાં પર અજાણ્યે પગ મૂક્યો, તો એ ભૂલની સજા કેટલી થાય ? એમ આ મનુષ્યભવ બીજા એકેન્દ્રિય-વિકલેન્દ્રિય-તિર્યંચપંચેન્દ્રિયના અવતારો કરતાં વિશિષ્ટ બુદ્ધિ-અક્કલ-આવડતનો ઊચ્ચકોટિનો ભવ છે, એ સમજો કે ૯૯ પગથિયાં ઉપર ઊંચા સોમા પગથિયે ચડ્યા જેવું છે. ત્યાં એ વિશિષ્ટ બુદ્ધિ-અક્કલ-આવડતનો જેમ સારો ઉપયોગ કરો તો ઇનામ મોટું, એમ ગેરઉપયોગ કરો તો સજા પણ મોટી. હવાલદાર લાંચ ખાય એને નાની સજા પણ મોટો જજ કે પ્રધાન લાંચ ખાય એને મોટી સજા. મોટા રાજાનું સહેજ અપમાન કરી નાખે એને કેવી દુઃખદ અને લાંબી સજા ?

શિકારી પશુ કરતાં માણસના દુષ્ટ ભાવ કેમ વધુ ખરાબ ? :-

માણસ ધરાર દુષ્ટ ભાવમાં ચડે છે; તે એ જાણવા છતાં કે આ ભાવ સારા લોકો પસંદ ન કરે ? શિકારી પશુ શિકાર કરે એ ગમાર છે, એને આ ગમ નથી. માણસને એ દુષ્ટતાની ગમ છે છતાં એ સેવે છે. ત્યાં એના દિલના પરિણામ શિકારી પશુ કરતાં વધારે નિષ્ઠુર બને છે. એવી નિષ્ઠુરતાથી સેવેલા દુષ્ટભાવ અને દુષ્ટ કૃત્યની આત્મા પર કેટલી બધી ઘેરી અસર હોય ? પછી એના પ્રત્યાઘાત ભયંકર પડે, દુઃખ પણ દીર્ઘ કાળનાં, ને દુષ્ટતા ય દીર્ઘ કાળની ઊભી થાય, એમાં નવાઈ નથી.

એટલા જ માટે હૈયામાં ઈર્ષ્યા, મદ-અભિમાન, વૈર-વિરોધ, અનીતિ-દ્રોહની ભાવના, કે પરસ્ત્રી અંગે એના રૂપરંગના રાગ...વગેરે અશુભ ભાવ હૈયે ઘાલતાં પહેલાં આ ખૂબ વિચાર કરવા જેવો છે કે, 'આ જીવનના જ કાર્ય-કારણભાવ માનનારાઓની દૃષ્ટિએ પણ કેવાં નિશ્ચિત દુઃખદ પરિણામ ? ને પરલોકવાદી શાસ્ત્રોની દૃષ્ટિએ કેવાં દુઃખદ પરિણામની ધારા ?'

વિશેષ તો એ ધ્યાનમાં રાખવા જેવું છે કે એકવાર દુષ્ટ ભાવ સેવાયો, પછી જો એની બળતરા નથી, સાવધાની નથી, તો દુષ્ટ ભાવની આદત પડે છે, અને હૈયામાં એવા હલકટ ભાવોની ધારા સહેજે ચાલે છે.

જગતના સંયોગોની વચ્ચે બેઠા મન બગાડવાના મોકા ક્યાં નથી મળતા ?

સારા પણ સંયોગમાં મનને બગાડવું હોય તો બગાડી શકાય છે, અને દિલમાં દુષ્ટભાવ લાવી શકાય છે. ત્યારે ખરાબ સંયોગોમાં તો પૂછવાનું જ શું ?

પિતા સિંહકુમાર અને પુત્ર આનંદના મનના ભાવ :-

સમરાદિત્યના બીજા ભવમાં પોતે રાજા સિંહકુમાર, તે વૈરાગ્ય પામી દીકરા આનંદકુમારને રાજ્યગાદી સોંપવા ઇચ્છે છે. કહો, આ તો પુત્ર માટે સારો સંયોગ ને ? છતાં જોજો એના પર એ કેવું મન બગાડે છે !

રાજા એ માટે કુમારને બોલાવી લાવવા માણસને મોકલે છે. પણ માણસે જઈને જ્યાં આનંદકુમારને આ કહ્યું કે 'પધારો પિતાજી બોલાવે છે, આપને રાજ્યગાદી સોંપવાની છે,' ત્યાં કુમાર તડૂકીને બોલે છે કે 'શું હું દયાદાનથી રાજ્ય લઉં ? રાજ્ય તો બાહુબળથી લઈશ, જા કહી દેજે હું નથી આવતો.' બોલો, આ પિતાનો રાજ્યગાદી સોંપવાનો સંયોગ કુમાર માટે કેવો ? સારો જ ને ? છતાં એણે મન બગાડી અભિમાનનો અને પિતા પાસેથી બળાત્કારે લડીને પણ રાજ્યગાદી આંચકવાનો દુષ્ટ ભાવ કર્યો. એણે આ રીતે રાજ્યગાદી લેવામાં ભિખારડાવેડું કરવાનો મોકો જોયો. તેથી પિતાની સામે ભાવ બગાડ્યો.

એથી આગળ જુઓ. હવે પિતા સિંહકુમાર જાતે ઊઠીને કુમાર પાસે જાય છે, અને કહે છે, 'ભાઈ ! આડુંઅવળું શું કામ ચિંતવે ? રાજ્ય તારૂ જ છે, એ સંભાળી લે.' બોલો, પિતાના બોલમાં આ પણ કેવો સારો સંયોગ છે ? પરંતુ આમાં ય આનંદકુમારે પિતાના દંભનો અને જાતની લઘુતા થયાનો મોકો દેખ્યો એટલે વિશેષ મન બગાડી પિતાના દેહ ઉપર તલવારનો ઘા ઝીકે છે.

અશુભ ભાવ કરવો હોય તો ક્યાં સુલભ નથી ? એવું સજ્જનને ભાવ શુભ કેળવવો હોય તો ય ક્યાં મોકો નથી ?

આ સિંહરાજાની પોતાની જ સજ્જનતાની સ્થિતિ જુઓ.

સિંહરાજા પોતે ઉત્તમ જીવ છે, એટલે જેવા પોતાના સિપાઈઓ આનંદકુમારની આ ભયંકર દુષ્ટતા જોઈ એને પકડવા આવે છે કે તરત જ ત્યાં સિંહરાજા એમને કહે છે 'ખબરદાર કોઈએ કુમારને કાંઈ કર્યું તો ?' એમ એ ગભરાઈ અટકી ગયા એટલે કુમાર પોતાના વિશ્વાસમાં લીધેલા માણસોને કહે છે, 'એય ! આ ડોસલાને બાંધી લઈ જાઓ નાખો જેલમાં.' એ લોકોએ આગળ આવી, ધરાર રાજાના સિપાઈઓ જોતા છતાં, સિંહરાજાને બેડીએ બાંધી લઈ જાય છે જેલમાં. રાજા કશો વિરોધ કર્યા વિના જેલ ભેગા થાય છે.

બોલો, પોતે રાજીખુશીથી પુત્રનો રાજ્યાભિષેક કરવા ઇચ્છે છે છતાં એ દીકરો, 'શું હું દયાદાનથી રાજ્ય લઉં ?' એમ માની અપમાન કરે, ને ઉપરથી તલવારનો ઘા ઝીકે, તો બાપ માટે એ સંયોગ કેવા ? ખરાબ જ ને ? બાપનું મન બગડ્યા વિના રહે ? દીકરા પર ગુસ્સો ન ચડે ?

પણ જુઓ આ સમરાદિત્યના જીવ રાજાએ આ સંયોગોમાં પણ મન

બગાડવાનો મોકો જ ન દેખ્યો, તે મન જરાય બગાડ્યું નહિ, પુત્ર પર લેશ પણ ગુસ્સો ન લાવ્યા; તેમજ એવું પણ મનમાં ન લાવ્યા કે, 'હાય ! આવો નાલાયક દીકરો ? હાય ! મારે આવો માર ખાવો પડે ? ને જેલમાં જવું પડે ?' આવો પણ કશો હાયકારો મનમાં ન લાવ્યા. કેમકે એ હાયકારો કરવામાં મનને બગડવાનું દેખ્યું, ને તે કરવું નથી.

હાયકારામાં દીનતા છે, ને દીનતા પણ મનનો બગાડો છે, અશુભ ભાવ છે.

ગુસ્સો એ તો અશુભ ભાવ છે જ, પરંતુ ગુસ્સો ન કરતાં મનને જો એવું ય થાય કે, 'હાય ! ક્યાં આ દુઃખ આવ્યું ? હવે શું થાય, ચાલો સહી લો, આપણું ભાગ્ય એવું,' તો આ દીનતાનો ભાવ છે, ને એ ય અશુભ ભાવ છે, મન દીનતાથી બગડ્યું કહેવાય. પૂછો,

પ્ર.- દીનતામાં તો દુઃખ આવ્યું, એ સહી લેવાનું કરાય છે, એમાં મનનો બગાડો શો ?

ઉ.- વાત સાચી સહી લેવાનું કરાય છે, પરંતુ તે સહર્ષ કે સમતાભાવે નહિ, કિન્તુ બાંધ્યો ભૂખે મરે એની જેમ ન છૂટકે સહી લેવાય છે. દુઃખ ગમતું નથી, દુઃખ ઉપર દ્વેષ છે. એટલે એ વધાવી લેવાતું નથી કે ચાલો આ સારૂ થયું, આમાં મારાં કર્મ ખપી જશે, કર્મ નિર્જરાનો લાભ મળશે.' આવું નથી થતું. ઊલટું એમ થાય છે કે, 'હાય ! આ દુઃખ ક્યાં સહવાનું આવ્યું ? પણ શું કરીએ આપણે ? આપણા કરમ એવાં કે આપણો છોકરો આવો હરામી પાક્યો.' આવું થવામાં સત્ત્વહીનતા છે નિરાશા છે, પોતે ભૂતકાળમાં સહર્ષ બાંધેલાં કર્મ ભોગવવાનાં આવ્યાં એમાં ઈતરાજી છે, દીકરામાં હલકાઈની કલ્પના છે. આ (૧) સત્ત્વહીનતા, (૨) નિરાશા, (૩) ઈતરાજી, (૪) પરમાં હલકાઈની કલ્પના, એ બધા અશુભભાવ છે, એમાં મન બગડ્યું કહેવાય, પણ વિશુદ્ધ ન કહેવાય.

જેમ ગુસ્સામાં તામસભાવ છે, એમ દીનતામાં સત્ત્વનો નાશ છે. બંને ય મનના બગાડા છે.

તામસભાવથી મન ગુણસ્થાનકમાં ન ચડે, પણ ઊતરી જાય; એમ સત્ત્વના નાશથી ય મન ઊંચી ગુણસ્થાનકની પાયરીએ ન ચડે, ઊલટું નિરાશા વગેરેથી નીચે ઊતરે. મહાપુરુષો ઘોર ઉપસર્ગમાં ઊંચા ઊંચા ગુણસ્થાનકે ચડી કેવળજ્ઞાન પામવા સુધી શી રીતે પહોંચ્યા ? દીન બની સત્ત્વ ગુમાવીને નહિ, પરંતુ ઉપસર્ગનું ઘોર દુઃખ સત્ત્વથી સહર્ષ વધાવી લઈને, એને દિવાળી માનીને. જુઓ ખંધક મુનિને રાજાના મારાઓ આખા શરીરની ચામડી ઉઝરડી લેવા આવ્યા ત્યારે મહાત્માએ શું ચિંતવ્યું ?

"મુનિવર મનમાંહી આણંદ્યા, પરિસહ આવ્યો જાણી રે;

કર્મ ખપાવાનો અવસર એહવો, ફરી નહિ મળશે પ્રાણી રે;
એ તો વળી સખાઈ મિલિયો, ભાઈ થકી ભલેરો રે;
પ્રાણી ! તું કાયરપણું પરિહરજે, જિમ ન થાયે ભવ ફેરો રે;
અહો ! અહો ! સાધુજી સમતાના દરિયા."

જુઓ આમાં કેટકેટલા શુભ ભાવ છે ! પરિસહ-દુઃખ આવવા પર આનંદ; કર્મક્ષય થશે એને અપૂર્વ અવસર તરીકે વધાવવાનું; એમાં દિવાળીની માન્યતા; મારક રાજામાં મિત્રની અને સગા ભાઈ કરતાં સારી વિશેષતાની કલ્પના; કાયરતા-નિરાશા એ તો અશુભભાવ હોઈ એનો ત્યાગ; સાત્ત્વિકતાની રક્ષા; મોક્ષ આ કાયરતાત્યાગ અને સાત્ત્વિકતાથી જ થવાની અટલ શ્રદ્ધા;...આ બધા શુભ ભાવ એમાં ભરેલા છે. તો જ એ ઊંચા ઊંચા ગુણસ્થાનકે ચડવાને યોગ્ય બન્યા, સમર્થ બન્યા, ને કાયા વોસિરાવી, કાયાની મમતા સાવ મૂકી દીધી.

'ચડચડ ચામડી તેહ ઉતારે, મુનિ સમતારસ ઝીલે રે.'

ચડચડ ચડડડ ચામડી ઊતરતાં મહાત્મા સમતાભાવમાં આગળ ને આગળ વધી રહ્યા છે, તે છેવટે કેવળજ્ઞાન પામ્યા. આ બધું દીન બનવા પર નહિ, પણ સત્ત્વ ફોરવવા પર.

મારતા સામાને ઠોકી પાડવામાં નહિ, પણ એનું સહર્ષ સહી લેવામાં સાત્ત્વિકતા છે. ઠોકી પાડવામાં તો તામસભાવ છે.

મહાવીર પ્રભુએ અનાડીના મારની સામે શું કર્યું ?

સામાને ઠોકી પાડવાની ઘણી ય તાકાત હતી, પણ પ્રભુએ કેમ એમ ન કર્યું ? કહો, પ્રભુએ એમ કરવામાં તામસભાવ દેખ્યો, ને તામસભાવથી આત્માનાં ગુણસ્થાનક ન વધે; એ તો સત્ત્વ વિકસાવવાથી જ વધે, એ દેખ્યું. ને સત્ત્વ વિકસાવવાનું :-

(૧) આપત્તિને સહર્ષ વધાવી લેવાથી થાય,

(૨) આપત્તિ દેનારને સગા ભાઈથી વિશેષ ઉપકારી માનવાથી થાય,

(૩) આપત્તિમાં દિવાળી માનવાથી યાને કર્મક્ષયનો લાભ દેખવાથી, ને એમાં ભારે રાજીપો રાખવાથી થાય, એ દેખ્યું. પ્રભુએ આવા ઉચ્ચ શુભ ભાવ કર્યા, પોતે નિર્દોષ અને બળવાન છતાં સામા દુર્બળ અનાડીના ય માર સહર્ષ સહવામાં સત્ત્વ વિકસાવ્યું.

જૈનશાસનના હિસાબ સમજવા જેવા છે. દુનિયા શું કહે એ ન જુઓ

એમ જોવામાં તો **'Tit for Tat,** થાય તેવા થઈએ તો ગામ વચ્ચે રહીએ' એ આવશે, ને એમાં તો રોફ એટલે અભિમાન, ગુસ્સો, સામાને ઠોકવાનું,...

એવા બધા તામસભાવ આવશે. ત્યારે લખી રાખો,

તામસભાવોમાં આત્માનો કદી ઉદ્ધાર થાય નહિ, અધઃપતન જ થાય.
મહાપુરુષોનાં દુઃખની તુલના કરી દુઃખને દિવાળી માનો.

ત્યારે તામસભાવ દાખવી લોકને રાજી કર્યા, ને ગામ વચ્ચે રહી શક્યા, એમાં પોતાના આત્માનું શું લીલું વળ્યું ? આત્માનું તો અધઃપતન જ થયું. ઊંચા સાત્ત્વિક ભાવ કેળવી જવાને સુયોગ્ય એકમાત્ર આ આર્ય માનવભવ, એને એળે કાઢ્યો; ને દુર્ગતિના પાપિષ્ઠભવોમાં ભટકતા થઈ ગયા. એમાં શી વડાઈ ?

તમારે બીજાઓ તરફથી, કાયદા દ્વારા સરકાર તરફથી દુઃખ આવતાં હશે, પરંતુ ખંધક મુનિ જેવા આખા શરીરની ચામડી ઊતરવાનાં, કે મહાવીરપ્રભુ જેવા માથે ૫૦૦૦ મણનું કાળચક્ર ઝીકાવાનાં દુઃખ તો નથી આવ્યાં ને ? તો એ મહાપુરુષોએ જો નિરાશા કરવાનું કે નીસાસા મૂકવાનું નથી કર્યું, પણ સત્ત્વથી એને સહર્ષ વધાવી લઈ એમાં દિવાળી માનવાનું કર્યું છે, તો એ દુઃખોની અપેક્ષાએ સાવ મામૂલી દુઃખ-મોંઘવારી-અછત-તંગી કે સામાના રોફ-ગુસ્સા-કનગડત વગેરેને સહર્ષ વધાવી લેવાનું, ને એમાં પાપક્ષયની દિવાળી માનવાનું ન બને ?

હૈયે સચોટ બેસી જવું જોઈએ કે, 'નિરાશા-નીસાસા-ગુસ્સા-ઈતરાજીના ધમધમાટ, વગેરે બધા તામસભાવ છે, એથી જીવ અહીં મુડદાલ બને છે, ને પરલોકે ભવે ભવે દુઃખી અને પાપિષ્ઠ બને છે. એમાં આત્માનું ચોખ્ખું અધઃપતન છે. સાત્ત્વિક ભાવનો ખપ હોય તો એ તામસભાવના નિરાશા-હાયવોય-ધમધમાટ વગેરેને ફગાવી દઈ, એથી ઊલટા ઉત્સાહ-હર્ષોલ્લાસ-ક્ષમા-સમતા વગેરે ભાવ કેળવ, જેથી સત્ત્વ વધે

સમરાદિત્યના જીવ સિંહરાજાએ પુત્રના અનાડીપણા ઉપર જરા ય ગુસ્સો ન કર્યો, જાતનો બચાવ ન કર્યો, સત્તાનો ઉપયોગ ન કર્યો, કે દીનતા-નિરાશા પણ ન કરી; ને એમાં સત્ત્વ વધારતા રહ્યા. એવું નવ ભવ સુધી સત્ત્વને વધારતાં રહેવાનું કર્યું તો જ અંતે સમરાદિત્ય કેવળી મહર્ષિ બની મોક્ષે સિધાવ્યા.

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૨૨,અંક-૨,તા.૧૫-૯-૧૯૭૩

નિર્દોષ છતાં ઘોર દુઃખોમાં ય દીનતાનો પણ તામસભાવ એમણે રાખ્યો નહિ. તો આપણે આવા તલવારના ઘા કે જેલમાં પૂરાવાનાં દુઃખ નહિ, પણ એની અપેક્ષાએ મામૂલી દુઃખ સગા-સ્નેહી તરફથી મળે તો ય એમાં મન કેવાં દીનહીન કરી દો છો ? આગળ વધીને ગુસ્સો, મદ અને જરૂર પડ્યે માયા પણ મનમાં કેવી

લાવો ? ત્યારે સગા સ્નેહીને બદલે ત્રાહિત માણસ તરફથી કાંક આપત્તિ આવી લાગી, તો મન કેવું બગાડવા જોઈએ છે ?

વિચાર તો એ જોઈએ કે, 'આપણને પૂર્વના કેવા મહાપુરુષોનાં દૃષ્ટાંત આલંબન મળવા આપણે ભાગ્યશાળી બન્યા છીએ ! આ મહાભાગ્યની સંપત્તિ મળી છતાં આપણે એમને વારંવાર વિચારતા નથી ? વિચારતા રહીને મામૂલી મામૂલી કષ્ટના અવસરમાં આપણે ક્ષમા-સમતાભાવ-ઉદારતા રાખતા નથી ? તો આવાં દૃષ્ટાંત મળ્યા શા કામનાં ?

ચંડરુદ્રાચાર્યના શિષ્યને વગર ગુને ગુરુ તરફથી ટોણાં-ઠપકાં ઉપરાંત લોચ કરેલા માથા પર ટપલાં પડે છે. છતાં એ શિષ્ય દીનહીન ન બન્યા, પણ પોતાને અજ્ઞાન રાખનારાં પૂર્વ ભવનાં કર્મ અને દુષ્કૃત્યોની નિંદા-સંતાપ કરવા લાગ્યા, તે એટલે સુધી કે એમાં આત્માનાં અનાસક્તિભાવ વધવા માંડ્યા, તે કેવળજ્ઞાન સુધી પહોંચી ગયા.

'હાય ! આપણે કેવા અભાગિયા કે આવા ક્રોધી ને મારનારા ગુરુ મળ્યા ! ચાલો સહી લો, શું કરીએ ?' એમ દીનતા કરી હોત તો ઊંચે ચડવાના હતા ? પોતે નિર્દોષ છે, ને દુઃખ લોચ કરેલા માથા પર ટપલાં ખાવાનું આવ્યું છે, છતાં દીનતા કે ગુરુ પર દુર્ભાવ નહિ; ત્યારે આપણે દોષિત પણ હોઈએ, અને ટોણો-ઠપકો મળે તે ય વડીલના તરફથી, તો ય મન દીન બની જાય. મનને જો એમ ન થાય કે, 'અહોભાગ્ય મારા ! કે વડીલજન મને સાવધાન રાખે છે,' ત્યારે આપણી ભૂલ ન હોય ને ટોણો-ઠપકો મળે તો તો મન કેવું બગડે ? 'હાય ! વડીલ કેવા મળ્યા છે કે આપણે તો ટોણાં જ ખાવા પડે !' આમ મન દીન બનવા સાથે સામે વડીલ ગમે તેવા ગુણિયલ ધર્માત્મા અને જીવો પર ઉપકાર કરનારા મળ્યા હોય છતાં આપણા મનમાંથી એની અનુમોદના ઊડી અને એમના પ્રત્યે અભાવ-દુર્ભાવ-અવજ્ઞા ઊભી થઈ.

દીનતા ખતરનાક છે. એ માણસને અવસરે ગુણિયલ ઉપર પણ દુર્ભાવ ઊભો કરે છે, અવસરે ઉપકારીની પ્રત્યે મનમાં અવજ્ઞા ખડી કરે છે, કેટલા દુઃખમાં આ ? ત્યારે ત્રાહિત તરફથી દુઃખ આવતાં તો રોષ, ધમધમાટને સામાનું બગાડવાની કે સામાનું બગડે એમાં રાજી થવાની કેવી દુર્બુદ્ધિ થાય ?

પૂર્વનાં મહાપુરુષોનાં દૃષ્ટાંત મળ્યાનું અહોભાગ્ય સમજીને, એ વારંવાર વિચારતા રહીએ તો દુઃખ-કષ્ટ-આપત્તિ વખતે દીનતા-દુર્ભાવ વગેરે તામસભાવોથી આપણાં કિંમતી મનને બગાડવાનું ન થાય.

ફરીથી વિચારો કે આપણને આવા પડતા કાળમાં દેવાધિદેવ-જિનશાસન-

મોક્ષમાર્ગ-મહાપુરુષોનાં અજબ દૃષ્ટાંત, અને નિર્ગ્રન્થ ગુરુઓ તથા જિનમંદિરાદિ ધર્મસ્થાન મળ્યામાં આપણાં ભાગ્યની અવધિ નથી ! ક્યાં આપણી અયોગ્યતા ? ને ક્યાં આ ઉત્તમોત્તમ પ્રાપ્તિ ? કવિ પ્રભુને સ્તવતાં કહે છે,-

"જન્મ પાવન આજ મારો, નિરખિયો તુજ નૂર રે;
ભવોભવ અનુમોદના જે, હુઓ આપ હજૂર રે,"

પ્રભુ ! આપનાં ઉપશમ, વીતરાગતા, ને પરમદયાભર્યા નૂરનાં દર્શન મળતાં મારે તો આ જનમ પાવન થઈ ગયો. કેવાં મારાં અહોભાગ્ય કે કળિકાળમાં તું મળ્યો ! નાથ ! તારા જેવા પરમદયાળુની સમક્ષમાં હાજર થવાનું મને મળ્યું, અર્થાત્ તું મને મળ્યો, એ મારે ભવોભવ અનુમોદનાનો વિષય છે. ભવે ભવે મને ખુશી રહેશે કે, 'અહો ! કોઈક પૂર્વ ભવે મને કેવા ઉત્તમોત્તમ ભગવાન મળ્યા હશે કે પાપની બેડીથી કારાગાર-સમા, ને દુઃખથી નરકાગારસમા આ સંસારમાં મને ધર્મ સૂઝે છે !'

'વીતરાગ સર્વજ્ઞ તીર્થંકર ભગવાન દેવાધિદેવ તરીકે મળ્યા, જાણ્યા, બહુમાન્યા, એ મારૂ અહોભાગ્ય છે ! ત્રણ જગતની ઋદ્ધિ-સમૃદ્ધિ મળ્યાં કરતાં ય અધિક કિંમતી આત્મસમૃદ્ધિ મળી છે.' આવી વારંવાર અનુમોદના રહ્યા કરે તો આજની મળેલી કૂચા જેવી માટીની સંપત્તિ પર શાના આનંદ કે અભિમાન થાય ? તેમ એ ન મળી, ઓછી મળી, એમાં શાની દીનતા થાય ? પરમાત્મા આદિ અમૂલ્ય પ્રાપ્તિ થયાની વારંવાર હાર્દિક અનુમોદના કરતા રહેવામાં તુચ્છ આનંદ, અભિમાન, દીનતા કે કષાયો વગેરે તામસભાવો ન પીડ્યા કરે. બાકી,

તામસભાવોની પીડામાં જીવ નિશ્ચેતન જેવો મૂર્ચ્છિત જેવો બને છે. એમાં કશું સારા-સારનું ભાન નહિ.

ત્યારે, સંસાર જ એવો ભયંકર છે કે એ જે સંયોગો આપે છે એમાં મૂઢ જીવને તામસભાવ જ કરવા જોઈએ છે. સંસારની આ ભયંકરતા વિચારતા રહેવાય, તો એના ગમે તેવા સંયોગોમાં તામસભાવથી મન બગાડતાં આંચકો આવે. મનને થાય કે ગોઝારા સંસાર ખાતર મન બગાડું ? તામસભાવથી પીડાઉ ?

જે પીડા બાહ્ય દુઃખની નથી એવી ભારે પીડા કાયરતા-અસહિષ્ણુતા-દીનતા-અભિમાન-રાગ-દ્વેષ વગેરે તામસભાવોની છે.

પેલી બ્રાહ્મણીને છોકરો વેચ્યાના ભારોભાર સોનૈયા મળ્યાનો આનંદ છે, રાગ છે, એ પીડા જ છે. આગળ જોજો એ રાગ પોતાને કેવી ભયંકર દુર્દશામાં મૂકે છે !

છોકરો **અમરકુમાર** બિચારો અગ્નિમાં ઝીકાવાનો સામે ત્રાસ જોઈ ફફડી ઊઠે છે. પણ એ વખતે એને એમ થાય છે કે, 'અરે ! આ વખતે મને કોઈ બચાવનાર નહિ ?' રાજાને કાકલુદી કરી ચૂક્યો છે કે, 'મહારાજા ! આપ તો

પ્રજાના પાલનહાર કહેવાઓ, ને દુઃખીઓના તારણહાર ગણાઓ, તો મને બચાવી લો. મને મરાવવાનું અગ્નિમાં બાળવાનું ન કરો. હું તમારી ગાય છું. તમારા છોકરા જેવો જ છું.'

રાજાની વાહિયાત દલીલ :-

ત્યારે રાજા કહે, 'જો ભાઈ ! અમે તો ન્યાયથી વર્તીએ છીએ. અમે કાંઈ તને મફતમાં ઉપાડી લાવ્યા નથી, તારા માબાપે તને વેચ્યો છે, અને અમે ભારોભાર સોનું આપીને ખરીદ્યો છે. વળી અમારે તો આખી પ્રજાનું હિત જોવાનું. પ્રજાના હિતમાં આ ચિત્રશાળા ઊભી કરી છે, એના દરવાજા માટે માણસના ભોગની જરૂર છે, એટલે તારો ભોગ દેવાય એ પ્રજાના હિત માટે છે. એમાં તારા એકલાનો વિચાર કરીએ તો પ્રજાનું હિત ક્યાંથી થાય ?'

રાજાની આ કેવી દલીલો ? વાહિયાત જ ને ? મા-બાપને પ્રજાજનમાં ગણ્યાં તો શું છોકરો પ્રજાજનમાં નથી ? માબાપ પાસેથી એમની સંપતિ વિના એમ જ છોકરાને ઝૂંટવી લે એમાં અન્યાય ગણાય, તો શું છોકરાના પ્રાણ છોકરાની સંમતિ વિના એમજ ઝૂંટવી લે તો અન્યાય નહિ ?

ત્યારે ચિત્રામણશાળા એ કયું એવું પ્રજાનું હિત છે કે જે બનાવ્યા વિના પ્રજાનું અહિત થઈ જાય, અને એ આખી પ્રજાનું અહિત રોકવા છોકરાનો ભોગ દેવો પડે ? બાકી મનમાન્યા હિતને કલ્પી એ હિત માટે કોઈનો ભોગ દેવાની વાત હોય તો તો અમરકુમાર શું એમ ન કહે કે, 'મહારાજા સાહેબ ! તો તો આપના છોકરાનો જ ભોગ આપી પ્રજાનું હિત કેમ સાધતા નથી !'

અમરકુમારની બ્રાહ્મણોને વિનંતિ :-

રાજાની બંને દલીલ વાહિયાત છે. પરંતુ સત્તા આગળ શાણપણ નકામું. એટલે અમરકુમારનું રાજાની આગળ કશું ઊપજે એવું નથી. પત્યું, બ્રાહ્મણોને સોંપાયા એટલે ડૂબતો તણખલાનું ય ઓઠું લે, એમ એ હવે બ્રાહ્મણોને વિનવે છે કે, 'હે પંડિતજનો ! તમે શું કામ આ મારી હિંસા કરો ? તમે તો શાસ્ત્રો ભણેલા છો, અને શાસ્ત્રોમાં તો જીવમાત્રની દયા કરવાની કહી છે, તો પછી તમે શાસ્ત્રના જાણકાર પંડિત થઈને દયા કેમ ચૂકો ? મહેરબાની કરો મારા ઉપર ને તમને પગે પડી વિનવું છું કે મને મારી નાખો નહિ. આ ભડભડતી આગમાં તમારી એક આંગળીનું ટેરવું તો અડાડી જુઓ, શું તમે સહન કરી શકો ? તો પછી મારૂ આખું શરીર આગમાં પડે એ કેમ સહન કરી શકાશે ? ભાઈ સાહેબ ! દયા કરો ને મને છોડી મૂકો.'

ત્યારે બ્રાહ્મણો કહે, 'જો ભાઈ ! અમે તો રાજાની આજ્ઞા હેઠળ છીએ. એટલે રાજાની આજ્ઞા હોય પછી અમારાથી એ કેમ ઉલ્લંઘાય ? વળી તું અહીંના

અલ્પકાળના દુઃખનો વિચાર ન કર. શાસ્ત્ર કહે છે કે આવી રીતે ધર્મ ખાતર જેનો ભોગ અપાય એ લાખો કરોડો વર્ષનાં સ્વર્ગનાં સુખ પામે છે. માટે તું ચિંતા ન કર, તારૂ મહાન ભલું થવાનું છે.'

બ્રાહ્મણોની આ બે દલીલ પણ કેવી વજુદ વિનાની છે ?

રાજા કદાચ એમને આજ્ઞા કરે કે તમારો જ છોકરો લાવીને અહીં એનો તમારા હાથે ભોગ આપી દો, તો શું બ્રાહ્મણો એ આજ્ઞા પાળે ? ત્યારે સૌને પારકે ભાણે જ મોટા કોળિયો ને ? પણ કહ્યું ને કે, **'કલય સંસારમતિ દારુણં'** હે જીવ ! સંસારને અતિ ભયંકર સમજ. આવું આવું ભયંકર ન બને તો એ સંસાર શાનો ?

બ્રાહ્મણોની બીજી દલીલ, 'જેનો ભોગ અપાય એ સ્વર્ગ પામે,' એ દલીલ પણ કેવી પાયા વિનાની ? જો એવું જ હોય તો પોતાનો કે પોતાના છોકરાનો જ ભોગ દઈ કેમ સ્વર્ગ ન સાધે ? પણ ખરી વાત એ છે કે જાત માટે આવાં શાસ્ત્રવિધાન પર શ્રદ્ધા જ નથી. એ તો પરોપદેશે પાંડિત્યં બજાવવું છે. કદાચ શ્રદ્ધા હોય તો ય મન કહે છે, 'અહીં જો જીવતાં સળગી મરવાની ઘોર પીડા છે, તો જહન્નમમાં ગયાં એ સ્વર્ગનાં સુખ !' ત્યારે જો પંડિતોનું મન એમ કહેતું હોય તો શું જેનો ભોગ આપવો છે એનું મન એ પ્રમાણે ન કહે ?

પણ સંસાર એટલે સ્વાર્થની માયા.

એના અંધાપામાં પોતાનો સ્વાર્થ સાધવા માટે જરૂર પડ્યે બીજાનો કચ્ચરઘાણ કાઢવો પડતો હોય તો એમાં કશી અફસોસી કે રુકાવટ નહિ...કહે છે ને કે, 'ખપ એનો સોસ નહિ.' આના પર એક બનેલો પ્રસંગ છે.

ભાગલપુરમાં ચોખાનો જબરદસ્ત વેપાર ચાલે. એક મારવાડી દોરી લોટો લઈને ત્યાં ગયેલો, પણ પુણ્ય જોર કરતું ગયું તે નોકરીમાંથી દલાલી, ને દલાલીમાંથી વેપાર પર ચડ્યો, ને એમાં ય આગળ વધતાં ચોખાનો એટલો મોટો વેપારી થયો કે, 'ચોખાનો રાજા' તરીકે કહેવાવા લાગ્યો.

એને એક પત્ની હતી, પણ પત્નીને સંતાન નહિ, તે સંતાન માટે વલખાં મારતી હતી.

પતિ પણ કહેતો કે, 'આપણી પાસે આટલો બધો ધનનો ઢગલો, છતાં છોકરો નહીં એ કેવી કમનસીબી !'

પત્ની એને આશ્વાસન આપતી કે ચિંતા ન કરો, કોઈ દેવી-દેવતાની સાધના કરી એને પ્રસન્ન કરીશ, યા કોઈ બાવા જોગીને સાધીશ એટલે જરૂર દીકરો થશે.'

બસ પત્ની એ કામે લાગી, કોઈ ચમત્કારિક દેવી-દેવતાનું સાંભળે એટલે એની બાધા-આખડી રાખી એને પૂજે. એમ કોઈ બાવા-સંન્યાસી આવે તો એની

પાસે જઈ પુત્રપ્રાપ્તિનો ઉપાય પૂછે, ને એ બતાવે એ પ્રમાણે કરે છતાં એને છોકરો થતો નથી. ગર્ભ જ ન રહે, તો છોકરો શાનો ?

સમ્યગ્દર્શન અને સમ્યક્ચારિત્ર જેવું આ છે. સમ્યગ્દર્શન જ ન આવ્યું હોય તો સમ્યક્ચારિત્ર જન્મે જ શાનું ? સમ્યક્ચારિત્ર જનમ્યું તો સમ્યગ્દર્શન અવશ્ય આવ્યું હોય. સંતાનનો જનમ થયો તો ગર્ભ અવશ્ય રહ્યો હોય. ગર્ભ રહ્યો નથી તો જન્મ થાય જ નહિ. ત્યારે સમ્યગ્દર્શન આવ્યા પછી પણ જો એને ધક્કો લાગી જાય તો સમ્યક્ચારિત્ર ન આવે. એમ, ગર્ભ રહ્યા પછી એને ધક્કો લાગી જાય, તો જીવ એમાંથી રવાના થઈ ગયે, પછી જનમ થાય નહિ.

પેલી બાઈ ફાંફાં મારી રહી છે, પણ ગર્ભ રહેવાનાં વાંધા છે. એવામાં એક એવો જ કોઈક જોગી મળ્યો જે એની ભક્તિથી પ્રસન્ન થઈ કહે, 'તું જો કોઈ બાળકનું માંસ રાંધીને અઘોરી બાવાને જમાડે, તો તને દીકરો થાય.'

બાઈને પુત્રનો ખપ લાગ્યો છે ને ? ખપ એનો સોસ નહિ; તે બાઈ આંધળી એ નથી વિચારતી કે 'અરરર ! મારે દીકરા માટે કોઈ જીવતા બાળકને મારી નાખવાનો ?' ના, આવો કોઈ અરેકારો નથી, અફસોસી નથી. તે હવે લાગ શોધવા લાગી કે ગુપ્ત રીતે કોઈ નાનું બાળક મળે છે ?

એમાં એક સમી સાંજે જુએ છે તો પાડોશમાં એક બે વરસનું બાળક ઘરની બહાર બેઠું બેઠું રમી રહ્યું છે. પાસે જઈ આજુબાજુ ને ઊંચે જોયું કે કોઈ દેખતું નથી ને ? ના, નથી દેખતું.' એમ જોઈ કરી બાળકને પતાસુ આપી ઊપાડ્યું, ઝટ ઘરમાં લઈ આવી, ને ગોઝારૂ કામ કર્યું. બાળકને મારી નાખી રાંધ્યું. એ લઈને કોક અઘોરી બાવા પાસે જઈ એ માંસ એને જમાડી દીધું.

કેટલું નિર્ઘૃણ હૃદય ! કેટલી બધી ક્રૂરતા ! મનમાં આ બધું કરતાં કશો અફસોસ નહિ ? ના, ખપ એનો જ સોસ નહિ. પરંતુ એ સ્વાર્થાંધ માણસને હોં. એનો પતિ એવો નથી. તેથી જોજો એને ખબર પડતાં એ શું કરે છે.

કાગનું બેસવું ને તાડનું પડવું, એના જેવું અહીં બન્યું. કોઈ ભાગ્યોદય જાગ્યો તે બાઈને એ પછી થોડા વખતમાં ગર્ભ રહ્યો અને કાળે કરીને દીકરો જનમ્યો. એક વાર પતિ બાળકને ખોળામાં લઈ ખુશી થઈ રહ્યો છે ત્યારે પત્ની કહે 'દીકરો મળ્યાથી ખુશી ખુશી તો થાઓ છો, પણ જાણો છો એ મેળવવા કેટલી મહેનત પડી છે ?'

પતિ હસતાં હસતાં કહે 'એમાં શી મહેનત પડી ?'

પત્ની પતિને ખુશમાં ધારી પોતે કરેલ બાળહત્યા વગેરે હકીકત કહીને કહે છે, 'બોલો, મહેનત નહિ ?'

પણ પતિ એનું એ ગોઝારૂ કૃત્ય સાંભળીને ક્યાં ઊભો રહે ? તરત બાળકને નીચે મૂકી દઈ કહે, 'અરે દુષ્ટા ! આ કરપીણ કૃત્ય તેં કર્યું ? ઓ ભગવાન તેરે રાજ્યમેં અંધેર હૈ અંધેર.' બસ, એ લવરી પર ચડી ગયો. મગજ પાગલ થઈ ગયું, તે ઘરની બહાર નીકળી જઈ ગામમાં ફરે છે ને, 'ભગવાન ! તેરે રાજ્યમેં અંધેર હૈ અંધેર' બોલ્યા કરે છે. કોઈ ગમે તે પૂછે એના ઉત્તરમાં આ જ બોલે. લોકોને દયા આવી જાય છે કે 'અરે ! એક વખતનો ચોખાનો રાજા, એની આવી પાગલ દશા ?' પેલી બાઈ તો હેબતાઈ જ ગઈ કે; 'અરેરે ! આ તો દીકરો લેવા જતાં ધણી ખોયો.

મારવાડીની કેમ આ દશા ? એને દીકરો નહોતો જોઈતો ? જોઈતો હતો, દીકરાનો ખપ હતો, પણ એની ખાતર બાળહત્યાનો ખપ નહોતો, માટે એને પત્નીએ કરેલ બાળહત્યાનો ભારે અફસોસ હતો. બાઈને એનો ખપ હતો, તેથી ખપ એનો સોસ નહિ.

પેલા અમરકુમારને મારવા ઊભા થયેલ બ્રાહ્મણોને એમના શાસ્ત્ર મુજબ છોકરાનો ભોગનો ખપ હતો તેથી શું કામ એની અફસોસી રાખે ? મા, રાજા, બ્રાહ્મણો, બધા ય સ્વાર્થમાં હર્ષઘેલા હતા, પરંતુ અમરકુમારને તો ભડભડતો અગ્નિ જોઈ હાંજા જ ગગડી ગયા કે, 'હાય બાપ ! આમાં ઝીકાવાનું ? હવે શું થાય ?' ત્યાં એને યાદ આવ્યું કે,

નવકાર યાદ આવ્યો; નવકાર શું કામ કરે ? :-

"અહો ! એક વખત મને જૈનોના સાધુમહારાજ મળેલા, અને એમણે મને ધર્મનો ઉપદેશ કરતાં કહેલું કે, 'રોજ પંચપરમેષ્ઠીને નમસ્કાર કરજે. એનો બહુ મહિમા. એ સર્વ પાપનો નાશ કરી ઠેઠ મોક્ષ સુધી પહોંચાડે, અને એ સર્વ મંગળોમાં શ્રેષ્ઠ મંગળ હોઈ અંતકાળે એને યાદ કરતાં સદ્ગતિ મળે, દુર્ગતિની સમસ્ત આપત્તિ દૂર થાય;' એમ કહી એમણે મને પરમેષ્ઠી નમસ્કાર-સૂત્ર આપેલ; કહેલું કે આ મહામંત્ર છે, મંત્રાધિરાજ છે, સર્વ મંત્રોમાં શિરોમણિ મંત્ર છે. માત્ર અંતકાળે પણ એને યાદ કરનારો સદ્ગતિ પામે છે. તો પછી હવે 'મને કોઈ બચાવે ?' એવા ફોગટ ફાંફાં મારે મારવા નકામા છે. હવે જ્યારે મરવાનું જ છે, તો લાવ હું એ જ યાદ કરૂ, જેથી સદ્ગતિ તો મળે."

એક વખતનો પણ સત્સંગ શું કામ કરે છે ! તુલસીદાસ પણ કહે છે, 'સત્સંગ અને પરોપકાર એ બે આ જગતમાં ખરેખરા પારસમણિ છે કે જે જીવને લોઢામાંથી સોના જેવો બનાવે.' બોલો, આખો દિવસ જાય છે, આડું ને અવળું કેટલું ય કરાય છે, પણ સત્સંગ સાધ્યો ? ના, કહે છે, 'ફુરસદ નથી.' તો કોઈક

વળી માને છે કે, 'એનાથી શું વળે ?'

બિચારા અજ્ઞાન જીવને ખબર નથી કે પૂર્વ ભવે કોઈ સત્સંગ મળ્યો હશે, સંત પુરુષે જીવનને કાંઈક ટચ આપ્યો હશે, ને એવું કાંક કરાયું હશે કે જેના પ્રતાપે તું અહીં ઊંચા મનુષ્યજીવનમાં આવ્યો. અર્થાત્ સત્સંગે અહીંનું ઉમદા દીર્ઘ માનવ-આયુષ્ય વગેરે પુણ્યાઈ આપી. **એ આ જીવનનો સમગ્ર સમય દેનારા સત્સંગને હવે એમ કહેવું છે કે મારી પાસે તારા માટે સમય નથી ?**

આ કેવું બેહૂદું છે ? જેણે આ આખા જીવનનો ૬૦-૭૦-૮૦ વરસનો સમય આપ્યો એને હવે ટીકો બતાવવો છે કે, No time મારી પાસે તમને આપવા માટે સમય નથી.' એટલે ? લાખો રૂપિયા આપનારને પાંચ રૂપિયા આપવાની વાત આવે ત્યારે જેમ કહે કે, તમને આપવા માટે મારી પાસે રૂપિયા નથી,' એ બેહૂદું છે, એમ આ 'નો ટાઇમ'નું કથન બેહૂદું છે.

મૂર્ખ જીવને એનું પુણ્ય જે વટાવી નખાવનારા સગાં-સ્નેહી-ઘર-દુકાન છે, એમને આપવા સમય છે, પણ એ પુણ્ય જેણે કમાવી આપ્યું એવા પરમાત્મા અને સાધુ પુરુષોને આપવા સમય નથી.

એમણે પૂર્વે તો પુણ્ય આપ્યું, પણ અહીં ય એમને સમય દે તો એ નવું પુણ્ય દેનારા છે, એમની ઉપેક્ષા ?

દુનિયા ને વિષયો તો તારો સમય ખાઈને તને પાપનાં પોટલાં બંધાવે છે, ત્યારે પરમ પુરુષનો સંગ અને સત્સંગને દીધેલો સમય પુણ્યની મૂડી આપે છે.

એટલે પૂર્વ ઉપકારની કૃતજ્ઞતા અને નવા લાભના ઉપકારની દૃષ્ટિએ પરમપુરુષ અને સત્પુરુષને સમય ખાસ આપવા જેવો ગણાય. સો કામ પડતા મૂકીને આ કામ કરવા જેવું છે. તે, દુનિયાભરનાં કામ કર્યા પછી ય વાતોચીતો, હરવા-ફરવાનું ને કોઈને નકામું મળવાનું, એ બધું સૂઝે, ને આ ન સૂઝે ? હૃદયની આ કેવી નઘરોળ-નિષ્ઠુર સ્થિતિ કહેવાય ?

ત્યારે એમ જે માનવું કે પ્રભુનાં દર્શન કે સત્સંગથી શું વળે ? સમય ફોગટ જાય એના તો બિચારાના મનને કાંક ખાવા પીવા મળે, પૈસા મળે, એ જ મળ્યું લાગે છે, એ માનસ પશુ માનસ કરતાં કોઈ વિશેષતાવાળું છે ? પશું કેટલામાં રાજી ? શું મળે તો મળ્યું માને ? શું ખાવું-પીવું-ભોગવવું એ જ મહત્ત્વનું છે ? જીવનમાં મન સ્વસ્થ બને-સ્વચ્છ બને, સત્ત્વવાળું બને એ કશું મહત્ત્વનું નથી ? આવા મનના કેટલા લાભ છે એનો વિચાર જ કોણ કરે છે ? મોટા ભાગે એ સત્સંગનો પ્રભાવ છે કે રાજાપ્રદેશી જેવા ય નાસ્તિક આસ્તિક બને છે, નિર્દય અકબર સમ્રાટ જેવા ય દયાળુ બને છે ! પાપી દૃઢપ્રહારી જેવા પણ મહાત્મા બને

છે ! ક્રોધી ચંડકોશિક જેવા ય મહા ક્ષમાશીલ બને છે ! સત્સંગના પ્રભાવે દાન, શીલ, તપ, શુભ ભાવના, અહિંસા, સત્ય, શાહુકારી, સદાચાર, બ્રહ્મચર્ય વગેરે ધર્મ આવે છે.

અમરકુમારને નવકારનો પ્રભાવ :-

અહીં અમરકુમારને કોઈ એક વાર સત્સંગ થયેલો ત્યારે મહાત્માએ એને ધર્મનું મહત્ત્વ બતાવી નવકારમંત્ર આપેલો, ને એ સર્વ મંગળમાં શ્રેષ્ઠ મંગળ હોવાનું બતાવેલું. તે અત્યારે આ ભયંકર કટોકટી વખતે એનું ધ્યાન એના પર ગયું, તે મનમાં પ્રાર્થના કરે છે, 'પ્રભુ ! મારે તમારૂ જ શરણ છે. નવકારમંત્ર ! તું જ મારો તારણહાર છે...' એમ વિચારી એણે નવકારમંત્ર રટવા માંડ્યો. બહુ શ્રદ્ધાળુ સમર્પિત અને ગદ્‌ગદ થઈ યાદ કરે છે. એનો જુઓ કેવો અચિંત્ય પ્રભાવ પડ્યો !

જ્યાં એ બ્રાહ્મણો એને અગ્નિની વેદિકામાં નાખે છે કે તરત જ નવકારમંત્રના પ્રભાવે અગ્નિની જગાએ સિંહાસન બની જાય છે, અમરકુમાર એના પર બિરાજમાન બને છે. એને બે બાજુ ચામર વીંજાય છે, તથા માથે છત્ર ધરાય છે. પેલા બ્રાહ્મણો બિચારા ધૂળ ચાટતાં જમીન પર લાંબા પાટ પડી ગયા, ને મોંમાંથી લોહીની ઊલટીઓ કરતા બેભાન જેવા થઈ ગયા છે.

અહીં અમરકુમારનું મન પણ આ અણધાર્યું અકલ્પ્ય જોઈ ઘૂમ થઈ ગયું, ને એને કોઈ ચિંતન-ઊહાપોહ પૂર્વ જન્મનું સ્મરણ થઈ આવ્યું. લોકોમાં સન્નાટો ફેલાઈ ગયો. લોકોના ટોળેટોળાં ત્યાં જોવા આવે છે, ને રાજા પણ દોડતો આવે છે. નવકારનો અજબ મહિમા છે; કલ્પના બહારની ઘટના કરી આપે છે. બોલો, આ જે બન્યું તે કોણ બનાવી આપે ? આવું શરણ-રક્ષણ નવકાર સિવાય કોણ દુનિયાનો માણસ કે કઈ દુન્યવી વસ્તુ આપે ? ત્રણ ભુવનના રાજ્ય પણ મળ્યાં હોય, કે જીગરજાન સગા-વહાલા મળ્યા હોય, એ કર્મના ભયંકર હલ્લાની સામે કશું રક્ષણ ન આપી શકે. પણ કર્મના કપાળમાં મેખ મારનાર નવકાર છે. માટે તો કહેવાય છે,

'સકલ વિપદા હરું છોડી નવકાર વરું, અવર કાંઈ આળપંપાળ રાખે ?'

નમસ્કારમંત્ર સર્વ આપદાઓને દૂર કરે છે, અને અચિંત્ય સંપદાઓને લાવી આપે છે. તો જીવ ! એવા મહા પ્રભાવક નવકારને છોડી બીજી આળપંપાળ શું કરે ? કદાચ કરે તો પણ નવકાર સ્મરણની મુખ્યતા હોય અને મનને અટલ વિશ્વાસ હોય કે, 'સારૂ થશે તે આ નવકાર-મહામંત્રના પ્રભાવે જ થશે.'

અમરકુમારે આળપંપાળ તો ઘણી કરી, માતાને કરગર્યો, પિતાને કરગર્યો, સગા વહાલા અને મોટા શેઠિયાઓને કરગર્યો, પણ કોઈએ એને બચાવ્યો નહિ. રાજા અને બ્રાહ્મણોએ પણ કરગરતા એને છોડ્યો નહિ, અને ઠેઠ અગ્નિમાં ઝીકાવવા-

ઝીકવા સુધી પહોંચી ગયા. આમાં કોઈ બચાવનાર ન મળ્યું, એ બતાવે છે કે એ બધાની આશા રાખવી એ આળપંપાળ હતી, જૂઠાની પંપાળ હતી. ખરેખર રક્ષા ન કરે એ જૂઠ છે, આળ છે. સંસારની એક પણ ચીજ અવસરે રક્ષણ ન આપી શકનાર હોઈ એ આળરૂપ છે, જૂઠી માયા છે. માટે જ કવિએ કહ્યું, 'કલય સંસારમતિદારુણં...' સંસારને અતિ ભયંકર સમજ.

સંસાર કેમ ભયાનક ? આટલા જ માટે કે સંસારની જડ કે ચેતન વસ્તુ જીવને મરણાદિ સામે અને ભવભ્રમણની સામે કશું રક્ષણ આપી શકતી નથી, છતાં જીવ એના પર મોહિત થઈ દુર્ગતિદાયી, ન કરવાનાં કામ કરે છે, ને ખરેખર રક્ષણદાયી ધર્મ અને નવકાર-મહામંત્રની બેપરવાઈ રાખે છે. જે સંસારનો મોહ આવાં તદ્દન ઊંધા વેતરણ કરાવે, એ સંસાર ભયંકર નહિ તો બીજું શું ?

વળી શાંતસુધારસ શાસ્ત્ર કહે છે કે,

સંસાર ભયંકર એટલા માટે કે જીવ હજી હમણાં તો બાલ્યદશાને આધીન હોય છે, પણ જોતજોતામાં એ યુવાની પામી એના મદથી ઉન્મત્ત બને છે, તે ય કાંઈ યુવાની કાયમી નહિ, તેમ યુવાની રાખવાની ઘણી ઇચ્છા, છતાં ચાલી જનારી; કેમકે જીતવી મુશ્કેલ એવી જરા અવસ્થા આવીને ઊભી રહે છે. છતાં જો જીવ માને કે, 'ભલે ઘડપણ, પણ જીવતો તો છું,' તો એ એની ગંભીર ભૂલ છે. કેમકે ઘડપણનું પણ જીવન જોતજોતામાં ઊડી જાય છે, અને જીવ બિચારો ન ઇચ્છે તો પણ જમરાજના હાથને આધીન થઈ જાય છે. સંસાર ભયંકર નહિ તો બીજું શું કહેવાય ? એટલું જ નહિ, પણ

व्रजति तनयोऽपि ननु जनकतां...

એક જનમનો બાપનો દીકરો, કોઈ બીજા જનમમાં એજ બાપનો બાપ બની જાય છે. કેવી વિકૃતિ ! આવું માત્ર એક જાતની સગાઈમાં નહિ, કિન્તુ બધી જાતની સગાઈમાં બને છે. માતા પત્ની થાય, ને પત્ની માતા થાય. માતા દીકરી થાય, ને દીકરી માતા થાય. અરે ! આટલું જ નહિ, પણ એક વખતનો જે આપણો જીગર-જાન મિત્ર, તે કોઈક ભવે આપણો જીવલેણ દુશ્મન થાય. સંસારની આ કેવી વિકૃતિઓ ! કેવા બગાડા !

'કુવલયમાલા' શાસ્ત્ર એક સ્થાને કહે છે, 'મહાનુભાવ ! તું આજે જેના પર માતા કે પત્ની તરીકે ગાઢ મોહ કરે છે, એ તું સમજી રાખ કે એક વખતે વાઘણ થયેલી, ને તું ત્યારે હરણિયો હતો, કે તારા પર તૂટી પડીને તારા શરીરમાંથી માંસના લબરકા બચકી બચકીને ખાતી હતી, ને લોહીના ઘૂંટ ઘૂંટ પીતી હતી.' આ ચિત્ર જો નજર સામે રહે તો અહીં એના પર ગાઢ સ્નેહ કે રાગ શું થાય ? કોને

ખબર કે આજે રાગ કરનારો તું ભાવી કોઈ ભવમાં વાઘ થઈને, હરણિયું બનેલ એને હોંશે હોંશે ફાડી ખાનારો નહિ બને ?

માટે શાંતસુધારસ શાસ્ત્ર કહે છે,

'भावयन् विकृतिमिति भवगतेस्त्यजतमां नृभवशुभशेष रे ।'

સંસારની ગતિની આવી વિકૃતિને કઢંગા પરિવર્તનને લક્ષ પર લઈ એનું અસરકારક ચિંતન કરતો આ મનુષ્યભવના બાકી બચેલા પુણ્યને આવા કઢંગા અને ઊંડી જનારા સંસારની ખાતર ભોગવી પૂરૂ કરી નાખવાનું છોડી દે, રહેવા દે, કારણ સ્પષ્ટ છે, કે પુણ્ય અહીં જ પૂરૂ થઈ જાય, પછી પરલોકે પુણ્ય વિના ક્યાં જઈને ઊભું રહેવાનું ? ને ત્યાં પુણ્ય વિના શું સારૂ પામવાનું ? એક પ્રશ્ન થાય,-

પ્ર.- સંસારની વિકૃતિના ચિંતન સાથે પુણ્ય બચાવનો શો સંબંધ ?

ઉ.- સંબંધ આ રીતે, કે જીવ ઘણું તો પુણ્ય વેડફી નાખે છે એ માત્ર આ જ જીવનના સંબંધીઓની ખાતર દા.ત. પોતાનો સાદા કપડાંનો ખર્ચ કેટલો ? અને પત્નીના ઠાઠવાળા કપડાંનો, ને ઉપરાંત દાગીનાનો કેટલી રકમનો ખર્ચ ? દીકરાના બાપ ન બન્યો હોત તો શો ખર્ચ ? અને બાપ બન્યા પછી એ દીકરાની પાછળ ખર્ચ કેટલો ? ત્યારે આ બધો ખર્ચ કાંઈ એમ જ થઈ શકે છે ? કે એ માટેના પૈસાનું પુણ્ય વટાવવું પડે ? પરિવાર મોટો વધાર્યો, તો એની પાછળ પુણ્ય વટાવવું પડે ? પરિવાર મોટો વધાર્યો, તો એની પાછળ મોટો પુણ્યવ્યય કરવો જ પડે છે. માનવજીવનનો અમૂલ્ય સમય એને આપો એટલું એ સમય મળવાનું પુણ્ય વેડફાઈ જવાનું. એમ,

અમૂલ્ય માનવમન પોતાના આત્માના વિચારને મૂકી કુટુંબ-પરિવારના વિચારમાં વેડફાઈ જવાનું.

એ મન મેળવી આપનારૂ પુણ્ય મનથી કશું સારૂ ન નીપજવાથી, વેડફાઈ જવાનું. ત્યારે પોતાની કાયા અને કુટુંબના વિષયવિલાસની સામગ્રી આપનારૂ પુણ્ય પણ એ સામગ્રી-અનુકૂળતા આપીને ઠેકાણે પડવાનું.

આમ જો વિચાર કરવાની ફુરસદ અને પરવા હોય, તો વિચારતાં સમજાય એવું છે કે માનવ આયુષ્ય, માનવમન, આરોગ્ય, પૈસાટકા વગેરે બધું પુણ્યથી મળ્યું ને મળતું રહે છે, ને એમાંથી મોટો ભાગ સાંસારિક સંબંધીઓ પાછળ વેડફાઈ રહ્યો છે. તેથી શાસ્ત્રકાર સંસારની વિકૃતિઓને કઢંગા પરિવર્તનોને ધ્યાનમાં લઈ પુણ્યની બાકીની સિલિકને બચાવી લેવાનું કહે છે.

પ્ર.- પુણ્ય તો એનો કાળ પાક્યે ઉદયમાં આવે જ અને ભોગવાઈને પૂરૂ થાય જ, તો પછી એ થોડું જ બચાવી રાખ્યું બચી શકે ? તો અહીં શુભ-શેષ બચાવવા

કહ્યું એ કેમ ઘટે ?

ઉ.- શાસ્ત્ર વચનની ઘટના આમ કરવાની, એ પુણ્ય કાયા-કુટુંબના લીલવિલાસની પાછળ કશું સારૂ પુણ્ય વગેરે નીપજાવ્યા વિના જે વેડફાઈ રહ્યું છે, એના બદલે હવે કાયા-કુટુંબની માયા-મમતા મૂકી ઊભયના આત્માને હિતકારી પ્રવૃત્તિમાં જોડી દેવાય, તો નવું ભરચક પુણ્ય વગેરે શુભ ઊભું થાય છે. એટલે પછી જુનું પુણ્ય વેડફી નાખ્યું ન કહેવાય. દા.ત.

ખેડૂત ખાવા યોગ્ય સારો દાણો ખાધા વિના ધરતીમાં વાવેતરરૂપે વેરી દે છે. તો શું એણે એ અનાજ વેડફી નાખ્યું કહેવાય ? ના, કેમકે એ વેર્યા કરતાં કેઈગુણો પાક મળે છે. એમ અહીં પુણ્યે મળેલી સામગ્રી સારામાં લગાવી દીધી તો પુણ્ય તો એટલું સામગ્રી આપીને પૂરૂ થઈ ગયું, પણ નવું અઢળક પુણ્ય પાકરૂપે ઊભું થાય છે, તેથી પેલું પુણ્ય વેડફાઈ ગયું ન કહેવાય; પણ લેખે લાગ્યું કહેવાય.

આ ઉપદેશનો સાર આ છે કે,

જેમ ઉકરડામાં નાખેલ દાણો પાક તો નથી આપતો, પણ કહોવાઈને હવા બગાડે છે, એમ પુણ્યે દીધેલી સામગ્રી કાયા કુટુંબના લીલવિલાસમાં નાખેલી નવું પુણ્ય તો ન આપે, પણ પાપનાં પોટલાં આપે છે.

માટે હવે સંસારના કઢંગા પરિવર્તનરૂપે મળેલ કાયા-કુટુંબમાં મોહિત ન થતાં, અને એના વિષય-વિલાસમાં તન-મન-ધન ઈન્દ્રિયોને વેડફી ન નાખતાં નવું પુણ્ય ઊભું કરી આપે એવા સ્વ-પરના આત્મહિતના માર્ગમાં જોડી દો તેથી એમાં બચત પુણ્યશેષ લેખે લાગ્યું ગણાશે, બચાવી લીધું ગણાશે.

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૨૨,અંક-૩,તા.૨૨-૯-૧૯૭૩

શેષ પુણ્ય બચાવી લેવા માટે શું કરવાનું ?

આ કે પહેલું તો મન (૧) 'એ કુટુંબને આત્મહિતકર ધર્મમાં કેમ જોડું' એ વિચારતું રહે; (૨) કુટુંબની ભાવદયા ચિંતવતું રહે; (૩) કુટુંબના આકળા ઉતાવળા થવામાં મન જુએ કે, 'રખે ને મારાથી એમના પર દ્વેષ ન થઈ જાય. મારે શાંત-સૌમ્ય-વાત્સલ્યભર્યા રહી એમના કષાય ન વધે એ જોવાનું. એમ કાયા-ઈન્દ્રિયો એવી પ્રવૃત્તિ ન કરે, જેથી જાતનો અને એમનો મોહ વધે, પરંતુ એવી વર્તે કે જે કુટુંબની ધર્મભાવના વધારે, એમનામાં દયા-દાનાદિ ધર્મ લાવે. એવી રીતે તન-મન પછી ધનનો ઉપયોગ પણ એવો કરે કે જેથી કુટુંબને ધર્મભાવના અને ધર્મ વધે.

રાજાનું આગમન : અમરકુમારની ક્ષમા :-

જુઓ પેલો અમરકુમાર હવે શું કહે છે; ને પોતાનું પુણ્ય રાજા-પ્રજાના કેવા કલ્યાણમાં ખર્ચે છે.

અમરકુમારને નવકારના પ્રભાવે અગ્નિના કુંડની જગાએ સિંહાસન બની જઈ ઉપર બેસવાનું બની ગયું. માથે દેવતાઈ છત્ર છે, ને બે બાજુ ચામર વીંજાઈ રહ્યા છે. પેલા બ્રાહ્મણો લોહી વમતાં જમીન પર પટકાઈ પડેલા પડ્યા છે. એ જોતાં ત્યાં લોકમાં સન્નાટો છવાઈ ગયો. વાત વાયુવેગે ફેલાઈ ગઈ, એક બાજુ લોકો જોવા ઊમટી પડ્યા છે, ને બીજી બાજુ રાજા સાંભળીને ત્યાં દોડતો આવે છે.

રાજા તો આ જોઈને જ આભો બની જાય છે, 'આ શું !' અમરકુમારનો દેવતાઈ સન્માનનો ઠાઠ જોઈ ચકિત થઈ જાય છે, વધારામાં ગભરાય છે કે મેં તો આને અગ્નિમાં સળગાવી દેવાની યોજના કરેલી ને આને તો કોઈ દેવની સહાય થઈ લાગે છે, તો એ દેવતા મારા પર ગુસ્સે થઈ મારા બેહાલ તો નહિ કરી નાખે ?

ભય કોને નથી ? પોતાનાથી વધુ શક્તિ-સત્તા ધરાવનાર તરફથી સૌને ભય લાગે છે. કર્મસત્તા જગતમાં આવું જ કરી મૂકે છે કે એક કરતાં બીજો વધુ શક્તિશાળી, વધુ સત્તાધીશ હોય. પ્રજાના માણસ કરતાં રાજા વધુ સત્તાધીશ; અને રાજા કરતાં મોટો રાજા; ને એના કરતાં સમ્રાટ વધુ સત્તાધીશ. ત્યારે દેવ કરતાં કોણ વધુ સત્તાધીશ ? ઇન્દ્ર. તો પછી પૂછો, ઇન્દ્રના કરતાં કોણ વધુ સત્તાધીશ ? કહો મૃત્યુ.

ઇન્દ્ર પ્રભુને શું કામ ભજે ? :-

મોટા ઇન્દ્રને ય મરણનો ભય. માટે તો સમ્યગ્દૃષ્ટિ ઇન્દ્ર જન્મ-મરણના કાયમી ભયને મિટાવવા સારૂ સર્વદા મરણના ય ભય-રહિત બનેલ ભગવાન અરિહંત પરમાત્માની ખૂબ ભક્તિ કરે છે. મરણનો ભય ન હોય તો શું કામ ભક્તિ કરે ? ક્યાં એને વૈભવ-વિલાસનો તોટો છે કે અવસરે અવસરે એ મૂકીને જિનેશ્વર ભગવંતની ભક્તિ કરવા દોડી જાય ? માટે કહો, મૃત્યુનો ભય મોટા ઇન્દ્રને પણ છે. કેમકે ઇન્દ્ર કરતાં મૃત્યુ વધુ સત્તાધીશ છે.

પેલા રાજાને ભય લાગી ગયો કે આ અમરકુમારને હું મરાવવા તૈયાર થયેલ, પણ આની પડખે તો દેવની ભક્તિ લાગે છે, તો દેવતા મને પાપાત્માને શું ય કરી નાખે ?

ચમત્કાર ત્યાં નમસ્કાર. રાજા તરત આવીને અમર-કુમારના પગમાં પડી માફી માગતાં કહે છે,

'ભાઈસા'બ ? મારી ભૂલ થઈ મેં આપને ઓળખ્યા નહિ, તે મેં અવળચંડાઈ કરી. હું ભયંકર પાપી છું, આપનો ઘોર અપરાધી છું, મારો અપરાધ માફ કરો.'

'कलय संसारमतिदारुणम्' શાસ્ત્ર કહે છે, 'આ સંસારને અતિ ભયંકર

સમજ.' એ સમજનાર અમર-કુમારને રાજા પ્રત્યે કશો વૈરભાવ નથી...જ્યાં સંસાર જ એવો હોય કે બાપને દીકરો બનાવે ને દીકરાને બાપ બનાવે, એક ભવના મિત્રને બીજા ભવમાં દુશ્મન બનાવે, ને દુશ્મનને મિત્ર બનાવે, ત્યાં કોને મિત્ર ગણી રાખવા ? ને કોને દુશ્મન ? આ તો વળી ફેરફારી જન્માન્તરની; પણ આ એક જ ભવમાં જોયું કે સગી મા વૈરિણી બની. માટે કોઈને મારે પોતાના કે પારકા માનવા નહિ, કોઈને ય મારે મિત્ર કે દુશ્મન માનવાની જરૂર નથી.'

એમ વિચારીને રાજાને કશો ઠપકો આપ્યો નહિ. રાજાને ઉઠાડીને કહે છે, 'આ તો મારાં કર્મનો ખેલ છે. તમારો કશો વાંક નથી. જાઓ, મનમાં કશું લાવશો નહિ.'

રાજાનું દિલ આ મહાસજ્જનતાના બોલ પર દ્રવિત થઈ જાય છે. અમરકુમારની મહાન ઉદારતા પર કૃતજ્ઞભાવથી હૈયું ભરાઈ જાય છે, વિચારતાં આંખ આંસુ ભીની બને છે કે, 'અહો ! કેવી ખાનદાની ! કેટલી બધી રહેમ નજર ! હું કાંઈકની હત્યા કરવા દોડનારને ભારે સજા કરૂ છું, ત્યારે આ પોતાની હત્યા કરાવવાની ગોઠવણ કરનાર મને ક્ષમા આપે છે ! તે પણ મને ગુનેગાર લેખીને નહિ, પણ પોતાનાં કર્મને ગુનેગાર લેખીને ! વાહ ધન્ય અવતાર ! ધન્ય સાધુ પુરુષ ! શું નાની ઉંમરમાં વિવેક-ઉદારતા !'

રાજા હવે અમરકુમારને કહે છે, 'આ બ્રાહ્મણો બિચારા મારા જ હુકમથી મહાપાપ કરવા તૈયાર થયેલા; એમના પર દયા કરો. આપ પ્રભાવવંતા છો, એમને સ્વસ્થ કરો.'

અમરકુમાર મૂળ સંસારને ભયંકર દેખે છે, સંસારને ગુલામ જીવ પાસે ભયંકર કૃત્ય કરાવનાર તરીકે દેખે છે, જ્યાં ગુનેગાર સંસાર શેઠ જ હોય ત્યાં જીવ ગુલામ પર શા દ્વેષ કરવા ?' એમ સમજનાર અમરકુમાર તરત જ જમીન પર મૂર્ચ્છિત પડેલા બ્રાહ્મણોને નવકારમંત્રનું પાણી છાંટી સ્વસ્થ કરી દે છે.

જેવો અમરકુમાર, તેવા જ આપણે છીએ. આત્મા બેયને સરખો છે. હૈયું બેયને સરખું મળ્યું છે. માત્ર એમાં કેવા ભાવ ઘાલવા એજ વિવેક કરવાનો છે. એ વિવેક અર્થાત્ કોઈના વાંકે પણ મારા આત્મામાં મારા હૃદયમાં ક્રોધ-વૈર અને રીસામણના ખરાબ ભાવ ઘાલું તો એમાં હું જ બગડું છું; ને ક્ષમા-મૈત્રી-સહાનુભૂતિના સારા ભાવ ઘાલું તો હું સુધરું છું, નિર્મળ-ઉજ્જવળ બનું છું, આ વિચાર અને એ પ્રમાણે અમલ કરવાનો દૃઢ નિર્ધાર પણ આપણા હાથની વસ્તુ છે, જ્યારે ને ત્યારે આપણે જ કરવાનો છે.

બસ, અમરકુમાર જેવા મહાન આત્માના જેવો જ આપણો આત્મા, એમાં જેવા

ભાવ ઘાલવા હોય તેનું આત્માને સ્વાતંત્ર્ય, અને સારા ભાવ ઘાલવા માટે વિવેકનું સ્વાતંત્ર્ય જો આપણને સમજાઈ જાય તો અનંતાકાળ ભલે કાળા ભાવો કર્યાના ગયા, પણ આ ભવને ઉજ્જવળ નિર્મળ ભાવભર્યા બનાવી શકીએ છીએ. માત્ર,

આપણા આત્માની મહાનતા, અને વિવેક તથા સારા ભાવ કરવાનું પોતાનું સ્વાતંત્ર્ય સમજાઈ જાય, તો વિષમ જગતની વચ્ચે રહેવા છતાં હૈયે ભાવ નિર્મળ અને ઉમદા જ ઘાલવાનું સહેલું છે. સવાલ આપણી મહાનતા અને સ્વતંત્રતા સમજવાનો છે.

અંજનાસુંદરીને પરણ્યા બરાબર એને ૨૨-૨૨ વરસ તરછોડનાર પતિ પવનંજય હવે જ્યારે પસ્તાવો કરે છે, ને આ અંજનાની માફી માગે છે, મેં તમને ગેરસમજમાં ભારે કષ્ટ આપ્યું ત્યારે અંજનાએ દિલમાં કેવો ભાવ કેમ આણ્યો અને શું કહ્યું એ જાણો છો ?

(૧) એણે પોતાના આત્માની એવી મહાનતા ઓળખી કે મારા આત્માને અધમ ભાવ કરી અધમ બનાવી શકાય છે, પરંતુ શા માટે એમ કરવું ? એના કરતાં ઉમદાભાવ રાખી એને મહાન કાં ન બનાવવો ? એની મહાનતા કેમ ન પ્રગટ કરવી ? વળી

(૨) આ કરવા માટે મારા આત્માનું સ્વાતંત્ર્ય છે. કોઈ મને દિલના ભાવ બગાડી આત્માને અધમ બનાવવાનો ફોર્સ નથી કરતું, અંતરના ભાવ કેવા કરવા એમાં આત્મા સ્વતંત્ર છે. તો શા માટે મારા આત્માના આ સ્વાતંત્ર્યનો ઉપયોગ ન કરવો ? તેમ

(૩) એ વિવેક પણ કર્યો કે ભાવ બગાડવામાં પ્રત્યક્ષમાં ય કશો લાભ નહિ, ને પરલોકમાં પણ સારૂ ફળ નહિ. માનો ને પતિ નમી પડતો આવ્યો છે માટે એને ટોણો માર્યો કે 'તે હવે ૨૨-૨૨ વરસ પછી ખબર પડી ને ? પહેલાં અક્કલ ક્યાં ગઈ હતી ? આ અમે તો મરી રહ્યાં હતાં...' તો એનાથી શો લાભ ? શું એથી પતિનો ભાવ વધે ? પ્રેમ વધે ? સદ્‌ભાવ વધે ? ના રે ના, કશું જ નહિ, મન જરાક ઘવાય. અલબત પોતાના ગુના પર પોતાને ભારે ખેદ હોય, છતાં માણસનું મન એના પર ટોણાં-મેણાં સહવા તૈયાર નથી હોતું. ઊલટું સામેથી એવા કોઈ ઉમદા બોલ આવે તો મન ચકિત થઈ જાય કે 'અહો ! હું આટલો ખરાબ વર્ત્યો, ને આ આવું ઉમદા બોલે છે ?'

આમ ટોણાં મેણાં મારવામાં અહીં પ્રત્યક્ષલાભ નહિ, તેમ પરલોકે પણ શો લાભ થવાનો હતો ? ટોણાં-મેણામાં તો દિલમાં ક્ષુદ્રતા પોષાય, કષાય-પોષાય, અને એનાં કુસંસ્કારો તથા કર્મનો જથ્થો પરલોકે આત્માને દુઃખિત અને પાપબુદ્ધિવાળો બનાવે.

ઉત્તમ આત્માઓની વડાઈ છે; એમને સહેજે સહેજે દિલમાં અધમ ભાવ

લાવવાનું આવડે નહિ; તેમ અંતરમાં એવા ભાવ નહિ એટલે મોંઢે બોલ પણ એવા હલકા ન નીકળે.

ઉત્તમ થવું છે ? તો અધમભાવ કરવાનું બંધ કરો.

અંજનાના ઉમદા બોલ :-

અંજનાસુંદરી એવો ઉત્તમ આત્મા છે, તેથી એ માફી માગતા પતિને કહે 'અરે ! તમે આ શું કરો ? આમાં તમે કશું બગાડ્યું જ નથી. તમારી ઉત્તમતા તો પ્રગટ છે; માત્ર મારાં કર્મ વાંકા, ત્યાં તમે શું કરો ? તમે તો આખા પરિવાર પર વાત્સલ્ય ધરનારા છો, તો શું મારા પર ન ધરો ? એક નાનો નોકર જેવો પણ તમારૂ વાત્સલ્ય મેળવવામાં બાદ નહિ, તો હું કેમ બાદ થાઉં ? પરંતુ જ્યાં મારાં પૂર્વનાં તેવાં કોઈ અશુભ કર્મ જ જોર કરતાં હોય, ત્યાં તમેય શું કરી શકો ? ને કોઈએ શું કરી શકે ? માટે મારા જેવી તમારા ચરણની દાસી આગળ આવી ક્ષમા માગવાની હોય નહિ. એમાં મને શરમ આવે છે. અનેકોનો પાલનહાર સ્વામી તો પાલિત એવી એક મારા વડે સન્માન કરાવા યોગ્ય છે, ક્ષમા મંગાવવા યોગ્ય નહિ. મનમાં જરાય કશું ઓછું ન લાવશો. સામે ચાલીને આવેલા તમે તો મારો દુઃખદ ભૂતકાળ બધો વિસરાવી દીધો...'

અંજનાસુંદરીના એકેક બોલમાં દિલના કેવા ઉમદા ભાવ ઝળકી રહ્યા છે ! જીવનનાં ઘડતર જ એવાં કે આવા ઉમદા ભાવ સહેજે સહેજે આવે. એવો સ્વભાવ જ થઈ ગયો હોય ત્યાં એમને એ પણ વિચાર ન કરવો પડે કે 'હૈયામાં ભાવ અધમ કે ઉમદા લાવવામાં મારો આત્મા સ્વતંત્ર છે, તો વિવેક વાપરીને સારા જ ભાવ લાવવા દે.' આવો વિચારે ય ન કરવો પડે. વિચાર તો એવાને કરવો પડે કે જેને આજ સુધી અધમ ભાવોનો જ અભ્યાસ છે, અને હવે ઉમદા ભાવનો અભ્યાસ પાડવો છે. પરંતુ પૂર્વ જન્મના કે આ જન્મના બહુ અભ્યાસ પછી ઉમદા ભાવ જ સહેજે રહેતા હોય, એને પેલો વિચાર ન કરવો પડે.

આ પરથી એ ફલિત થાય છે કે જ્યાંસુધી આપણને ઉમદા ભાવ ઉમદા વિચાર સહજ જેવા નથી બન્યા ત્યાંસુધી આ આલંબન રાખવું પડે કે, 'મારો આત્મા સ્વતંત્ર છે, ધારે તે ભાવ રાખી શકે છે, એવી મહાન શક્તિવાળો છે; આવા મહાન શક્તિસંપન્ન અને સ્વતંત્ર એને હૈયે સારા ઉમદા ભાવો રાખવા હોય તો અટકાયત કરનાર કોઈ સત્તા નથી. પછી શા માટે વિવેકી ન બનું ? નરસા ભાવ પડતા મૂકી સારા ઉમદા ભાવ જ કેમ ન રાખું ?' આ આલંબન રાખીને પ્રયત્નપૂર્વક સારા ઉમદા ભાવ હૈયે જાગતા રાખવા જોઈએ.

સારૂ આલંબન મોટી ચીજ છે. એના આધારે આત્મામાંથી ભ્રમ, અરુચિ,

શિથિલતા દૂર થઈ સમ્યગ્બુદ્ધિ, રુચિ-શ્રદ્ધા અને જોમ પ્રગટ થાય છે; જેમ પ્રભવ ચોરને.

જાણોને પ્રભવ ચોરને ? ૯૯ ક્રોડ સોનૈયાના માલિક જંબુકુમારનો લગ્ન પ્રસંગ જાણી રાતે બધા જપી ગયા હોય ત્યારે સારૂ જર-ઝવેરાત ચોરી જવા આવેલો. કેવા ભ્રમમાં ? 'ચોરીથી ધન મળે એથી સુખી થઈ જવાય.' આત્મહિતકર ધર્મ પ્રત્યે કેવી અરુચિ ? આત્માના હિતના પ્રયત્નમાં કેવી શિથિલતા ? શિથિલતા શું, સરાસર ઉપેક્ષા-બેપરવાઈ. આવા પણ ચોરને જંબૂકુમાર અને એની વાણીનું આલંબન મળ્યું, તો પરિણામ કેવું ? 'ચોરીના ધનથી જ શું, શાહુકારીના ધનથી પણ સુખ નહિ.' એ વસી ગયું મનમાં. ધનમાત્રમાં સુખનો ભ્રમ જ ટળી ગયો. એમ આત્મહિતની અરુચિ ઉપેક્ષા ટળી મહારુચિ-ગરજ જાગી, એવી રીતે શિથિલતા ટળી તરત સવારે જ સંસારત્યાગનું જોમ પ્રગટી ગયું.

પરંતુ આ બધું ય શાના પ્રભાવે ? જંબૂકુમારનું આલંબન મળ્યું એના પ્રભાવે. 'આ જંબુ ૯૯ ક્રોડ સોનૈયા અને અપ્સરાશી આઠ નવોઢા પત્નીઓને છોડે છે, તો મારે છોડવાનું શું છે ? ને છોડવું કઠિન શું ?' એમ જંબૂકુમારે લલચાવનારી આઠ પત્નીઓને બુઝવવા દૃષ્ટાંતો સાથે આપેલ ઉપદેશનું આલંબન પકડ્યું. 'અહો ! આ કેવી અમૃતવાણી ! આમાં શું ખોટું છે ? કશું જ નહિ. બસ-સારાં આલંબનના બળે પ્રભવ ચોર પ્રભવ મુનિ બની ગયો.

આલંબન જેમ કોઈ મહાન વ્યક્તિનું, જેમ મહિર્ષિના બોલનું, એમ આવા સૂત્રોનું પણ આલંબન મોટું હોય છે, જોરદાર કામ કરે. અહીં સૂત્ર આ,

મહાન સૂત્રો :-

(૧) 'મારો આત્મા અનંતશક્તિએ મહાન છે, ને સ્વતંત્ર છે, હલકા ભાવ હટાવી ધારે તેવા ઉમદા ભાવ કરી શકે.

આ સૂત્રનું આલંબન ચોવીસે કલાક રાખવાનું. એ રાખીને હૈયે ઉમદા ભાવ જ જાગતા રાખવાના. સમજીને જ ચાલવાનું કે જગતની વચ્ચેનું જીવન છે એટલે અનુકૂળ પ્રતિકૂળ સંયોગો આવ્યા કરવાના; એવા પદાર્થો ભેટ્યા કરવાના; પરંતુ મારે ઉમદા જ ભાવ રાખવા છે, તો અનુકૂળમાં હરખઘેલા નહિ થવાનું, વૈરાગ્યથી એને 'કુછ નહિ' ગણવાના; તેમ પ્રતિકૂળમાં દીન નહિ બનવાનું, હિંમતથી એમાં 'છે શું ?' કરીને ઊભું રહેવાનું ?

(૨) કાયાને પ્રતિકૂળ કરતાં આત્માને પ્રતિકૂળ ઘણું બની રહ્યું છે. તો કાયાનું પ્રતિકૂળ શું રોઉં ? :-

આત્માને પ્રતિકૂળ મલિન ભાવો, જડલોલુપતા, વગેરે કેટલુંય થાય છે,

એના ભયંકર પરિણામ જોઉં, ત્યાં બાહ્ય પ્રતિકૂળમાં 'છે શું ? શું એવું બગડ્યું જ છે ?' આ વિચાર કાયા પરની પ્રતિકૂળતામાં ચિત્તને સ્વસ્થ રાખવા માટે એક જબરદસ્ત આલંબન છે. 'હું તે મારા આત્માને ચિરકાળ દુઃખદ પ્રતિકૂળ નીવડતા મલિન ભાવો, મલિન કષાયો ને મલિન લેશ્યાને રોઉં ? કે આમેય નાશવંત એવી કાયા પરની પ્રતિકૂળતાને રોઉં ?' આ વિચારનું આલંબન રાખ્યા કરવાથી ભારે પણ કષ્ટ વખતે ચિત્ત સમાધિમાં રહી શકે. જુઓ ચાણક્ય કેવાં કષ્ટ વખતે ચિત્ત કેવું સમાધિમાં રાખે છે !

ચાણક્યની સમાધિ :-

ચાણક્યે પોતાની પાકટ વયે છેવટે રાજા બિંદુગુપ્તને નવો દિવાન તૈયાર કરી સોંપીને નિવૃત્તિ લીધી છે. પરંતુ રાજાને ચાણક્ય વિના ચાલતું નથી એટલે અવરનવર અગત્યની બાબતમાં સલાહ ચાણક્યની લે છે. તેથી ચાણક્યે જ હોશિયારીમાં તૈયાર કરેલા, અને ઠેઠ દિવાનપદે એણે જ ચડાવેલા નવા દિવાનની બુદ્ધિ બગડી. રાજાને ચાણક્ય વિરુદ્ધ ભંભેરણી કરી કરી અંતે ભમાવ્યું કે, 'આણે તો તમારી માતાનું પેટ ફાડી નાખેલું.'

છે ને દુનિયા ? ઉપકારી પ્રત્યે પણ ઘોર કૃતઘ્નતા કરતાં આંચકો નહિ. 'મારો સ્વાર્થ સધાવો જોઈએ. મારો સ્વાર્થ બગડવો જોઈએ નહિ.' બસ, આ કનિષ્ઠ લાલસામાં મહા ઉપકારીનું વાટી નાખતાં વાર નહિ ! આજે કેટલાય દીકરા મહા ઉપકારી માતા પિતાનું કેટલું બગાડી રહ્યા છે ? કેવા ત્રાસ આપી રહ્યા છે ? વિદ્યાર્થીઓ આજે પોતાની જ સ્કૂલ-કોલેજના મકાન-સામાનની તોડફોડ કરે છે ને ? છોકરાઓને પહેલું આ ભણાવો કે કોઈનો ય દ્રોહ ન કરાય; તો ઉપકારીનો દ્રોહ તો કેમ જ કરાય ?

નવા દિવાનની ચઢવણીથી દોરવાઈ રાજા બિંદુગુપ્ત ચાણક્ય તરફ અરુચિવાળો બની ગયો. ચાણક્યે એ જોઈ વિચાર્યું કે રાજાને મારા તરફ રીસ ચડી લાગે છે, તો કદાચ એ કુટુંબસહિત મારો નાશ કરી નાખે તો ? એમાં તો બિચારા નિર્દોષ કુટુંબને આપત્તિ ! તેથી પોતે ઘર વોસિરાવી દઈ નગરની બહાર જઈ જંગલમાં અનશન લઈ બેસી ગયો.

રાજ્ય-ખટપટો ક્યાં સુધી પહોંચે છે ? સંસારમાં એક વખતના ગમે તેવા ને ગમે તેટલા સારાં મહાન કૃત્યો કરનારના ય રાજ્ય-ખટપટમાં ભયંકર બેહાલ થાય છે.

સંસાર જ એવો છે કે એમાં ઉપકારીને ય દ્રોહની નવાઈ નથી. આ સંસાર કેવો દારુણ ?

ધાવમાતાનો પ્રશ્ન :-

રાજા બિંદુગુપ્તની ધાવમાતાને આની ખબર પડી, તેથી રાજાને પૂછે છે કે, 'કેમ ચાણક્ય ઘર છોડીને જંગલમાં જઈ બેસી ગયા ?'

રાજા કહે, 'એની મને ખબર નથી.'

પેલી પૂછે, 'પણ તમે તો એના માટે કાંઈ ખોટો વિચાર નથી બાંધ્યો ને ?'

બિંદુગુપ્ત કહે, ' એવું છે, આજ સુધી મને ખબર નહિ, તે હમણાં ખબર પડી કે ચાણક્યે મારા માતાજીનું પેટ ફાડી નાખેલું. તેથી તું જ કહે કે એવા માણસ માટે હવે નરસો અભિપ્રાય ન થાય ?'

ત્યારે ધાવમાતા કહે, 'અરે આ તમે શું કર્યું ? વાત સાચી કે તમારી માતાનું પેટ ફાડેલું ? પણ શાથી એ ખબર છે ? સાંભળો'

રાજા બિંદુગુપ્તની માતાનું ચાણક્યે પેટ કેમ ફાડેલું ? :-

ધાવમાતા કહે છે " તમારા પિતાજી ચંદ્રગુપ્તના દુશ્મન ઘણા, પરંતુ તેઓનું ચાણક્યની અગાધ કુનેહ આગળ કાંઈ ચાલતું નહોતું. છતાં રાજ્યના કાવાદાવામાં સંભવ છે કોઈક દુશ્મન આપણા માણસને ફોડી પિતાજીને ઝેર ખવરાવી દે તો ? તેથી ચાણક્યે બુદ્ધિ દોડાવી તમારા પિતાજીને ખોરાકમાં થોડું થોડું અફીણ નખાવી ખવરાવવાનો અભ્યાસ રખાવ્યો. એમાં એક વાર તમારી માતાએ તમારા પિતાજીની જ ભેગા જમવાનો આગ્રહ કર્યો. ભોજનમાં સહેજ સહેજ અફીણ વધારતા જવાનું કરેલું, તેથી આ વખતે તો રસોઈ ઠીક ઠીક પ્રમાણમાં અફીણવાળી હતી, એ તમારી માતા શી રીતે પચાવી શકે ? માટે એને ના પાડી કે ભેગા જમવાનો આગ્રહ રહેવા દો. પણ એ હઠે ચડી, ભેગા ન જમાડે તો મોટી રીસ ચડે એમ લાગ્યું. તેથી જેવા ભાવીભાવ, એમ સમજીને ભેગા જમવા બેસાડી. પરિણામ શું ? આ જ કે ખાતાં જ ચક્કર ચડ્યા, ને તરત એ મૂર્ચ્છિત થઇ ગઈ.

ચાણક્યને ઝટ બોલાવવામાં આવ્યા, હકીકત કહી. ચાણક્યે જોયું કે રાણીને ઝેર ચડી ગયું છે, હવે એ નહિ બચે. પણ ગર્ભમાં તમે હતા, ગર્ભનું શું ? રાણી મરતા ગર્ભનો જીવ મરે. પણ સંભવ છે હજી ગર્ભ સુધી ઝેર ન પહોંચ્યું હોય, તેથી ચાણક્યે સમય ઓળખી તરત જ રાણીનું પેટ ચીરી તમને બહાર કાઢી લીધા, તમે સલામત હતા, પણ માત્ર મસ્તક પર સહેજ ઝેરનું બિંદુ અડી ગયેલ, તેને સાફ કરી નાખવામાં આવ્યું, ને ઉપર ઘી કે એવું કાંઈક લગાડી દેવામાં આવ્યું. એક બિંદુથી તમે બચી ગયા, માટે તમારું નામ બિંદુગુપ્ત પાડવામાં આવ્યું.

"હવે બોલો, ચાણક્યે પેટ ચીરી નાખવામાં સારૂ કર્યું કે ખોટું ? પેટ ચીરી તમને તરત બહાર ન લીધા હોત તો તમે જીવત ? કે મરત ? માતા બચવાની

નહોતી, કેમકે આખા શરીરમાં ઝેર પ્રસરી ગયેલું. તમે ગર્ભમાંથી બહાર લીધ્યે બચી શકો એમ સંભવ હતો. તો તમને જીવતદાન દેવામાં આવ્યું આ કામ ચાણક્યનું દયાનું ? કે હત્યાનું ?"

બિંદુગુપ્ત સાંભળીને સજડ થઈ ગયો. એણે જોયું કે, 'અહો! ચાણક્યની કેટલી બધી પરોપકારિતા અને કુશાગ્ર બુદ્ધિ કે મને જીવતદાન મળ્યું ? આવા મારા પરમ ઉપકારી પ્રત્યે મેં રીસ રાખી ? તે નવા દિવાનની ભંભેરણીથી ?' એને પારાવાર પસ્તાવો થાય છે.

આ આખા પ્રસંગમાં કેટકેટલા બોધપાઠ છે ! ચંદ્રગુપ્તનું દુશ્મનના સંભવિત ઝેર પ્રયોગથી મૃત્યુ ન થાય એટલા માટે ચાણક્યની અગમચેતી,- **ઝેરના અભ્યાસે, પછી ઝેર મારક ન બને.**

વડીલનો ઠપકો અલબત ઝેર જેવો નથી, પણ ઝેર જેવો લાગે છે ને ? પરંતુ જેમ પેલા થોડા થોડા ઝેરને સહર્ષ વધાવી ને પચાવી લેતાં આવડ્યું એમ ઠપકાને વધાવીને પચાવી લેતાં આવડે, તો આગળ પર કદાચ મોટો ઠપકો આપે, વડીલનો ગુસ્સો આવે, તો પણ તે મારક ન બને; એના પર મન ન બગડે.

ત્યારે એમ નહિ કહેતા કે આમ તો ઠપકો મારક કહેવાય ને ? ના, આ તો આપણે એને ઝેર જેવો લગાડીએ છીએ માટે એનાથી મન બગડે છે, સારું મન મરે છે, એ ઠપકાને પચાવતાં આવડે, યાને એને અમૃત જેવો લેખીએ તો એ મહા તારણહાર છે. અવસરે અવસરે માતાના જરૂરી ઠપકાથી જ બચ્ચું સારા સંસ્કારમાં ટેવાય છે, સંસ્કારી બને છે. માતાનો જો ઠપકો જ ન હોય, તો તો બચ્ચું લાડમાં ચડે; ને એમાં દોષો પોસાઈ પોસાઈ અંતે જીવન ધૂળધાણી થાય. એમ આપણે વડીલ જનની આગળ બાળ જેવા છીએ, તે એમના ઠપકાથી ઘડતર પામીએ છીએ.

અનાદિની અવળી ચાલવાળા અભિમાની જીવને ઠપકા વિના સવળી ચાલ શી રીતે આવે ?

જીવ અભિમાની છે; તે ભૂલ પર પણ પોતાની જાતને 'હું ખોટું કરનારો' એમ ભૂલેલી માનવા તૈયાર નથી. એ તો વડીલજન હિતૈષી છે. તે સુધારવા માટે ઠપકો આપે છે. એકલું 'ભાઈ ભાઈ' કરીને સમજાવવાનું રાખે તો અભિમાની જીવ માની લે ખરો ? મનુષ્યનો અહંત્વનો સ્વભાવ જ એવો કે પોતાને ભૂલ કરનારો માનવા તૈયાર નહિ.

આ વાત છે, જેમ રૂપ-રસ વગેરે બધું અનુકૂળ અનુકૂળ ગમવામાં ટેવાયેલો; એમ વડીલજનો તરફથી શબ્દ પણ અનુકૂળ અનુકૂળ મળે એવું ઇચ્છે છે. પરંતુ એકલી અનુકૂળતાના રસમાં જીવ ઇન્દ્રિયોનો કેવો ગુલામ બને ? એવી ઇન્દ્રિય-

ગુલામીમાં કેવો સત્ત્વહીન નિઃસત્ત્વ નિર્માલ્ય બને ? પછી સહેજ સહેજ પણ પ્રતિકૂળ પ્રતિકૂળ આવતા હાયવોય કેટલી ? દુર્ધ્યાન કેવાં ? કષાયો કેવા ? એમાં કાળા કર્મ કેવાં ઉપાર્જતો રહે ?

માત્ર અનુકૂળતાના રસિયાને અહીંય સુખ નહિ, ને પરભવે પણ સુખ નહિ, અહીં ઇન્દ્રિયોની ગુલામી અને સત્ત્વહીનતાથી દુઃખી; પરલોકમાં કર્મવિપાક અને પાપિષ્ઠતાથી દુઃખી.

જીવની પાસે પુણ્ય પાપના મિશ્રણ છે, એટલે અનુકૂળમાં ક્યાંક ક્યાંક પ્રતિકૂળ આવવાનું. ત્યાં ઇન્દ્રિયોના ગુલામ ન બનતા સત્ત્વ વાપરી એને પણ વધાવી લેતાં આવડવું જોઇએ. એ તો જ બને કે અનુકૂળને બહુ ન માન્યું હોય; એની પહેલાં બહું અપેક્ષા ન રાખતાં ને મળ્યા પછી બહુ લંપટતા-પરવશતા ન રાખતાં મનમાં એવો હિસાબ રાખ્યો હોય કે, 'ઠીક છે આ અનુકૂળની ઇચ્છા થાય છે, ને એ મળતાં ઠીક લાગે છે, છતાંપણ અનુકૂળ ન મળે, પ્રતિકૂળ આવે, તો ય મને શાંતિ રાખતા આવડે છે. મારે શા માટે અનુકૂળની એવી ગુલામી જોઇએ કે જેથી એના અભાવમાં હાયવોય કરવી પડે ? જગત વચ્ચેનું જીવન છે તે પ્રતિકૂળે ય આવે. આવે તો વ્યાકુળ થયા વિના વધાવી લેવાનું.'

મન પર આ ભાર રાખ્યો હોય, વારંવાર આ વિચારણા-નિર્ધાર રાખ્યા હોય, તો પછી વડીલની તરફથી પ્રેમ-સન્માનના શબ્દને બદલે ઠપકાના શબ્દ સાંભળવા મળ્યા, તો એ ઝેરરૂપ નહીં લાગે. અવરનવર એને વધાવી લેતાં ને પચાવી લેતાં આવડ્યું તો પછીથી કોક મોટા ઠપકા-અપમાન-તિરસ્કારમાં મન નહિ બગડે. ચંદ્રગુપ્તે થોડું થોડું ઝેર પચાવેલું તેથી એ વિશેષ થતાં પણ એને મારક નહોતું થતું.

હિતૈષીની 'ના' પર થોભી જાઓ :-

બીજી વાત એ બની કે હિતૈષીના ના કહેવા છતાં રાણી રાજાનું ભોજન જમવા બેઠી તો મૃત્યુને શરણ થઈ. એમાંથી આ બોધપાઠ છે કે હિતૈષી કોઈ વાતની ગંભીરપણે ના પાડતા હોય ત્યારે થોભી જવું જોઇએ. આમે ય કહેવામાં આવે છે કે **'શુકન કરતાં શબ્દ આગળ.'** પ્રસંગ પર અણધાર્યા શબ્દ સંભળાયા હોય તો ય તે અસર કરવા સંભવ છે. દા.ત. કોઈ કામ કરવા માટે આપણે ડગલું માંડવા જતા હોઈએ, અને ત્યાં આપણને લક્ષમાં લિધા વિના જ કોઇએ બીજાને એની વાતમાં સહેજ સ્વભાવે કહ્યું. 'ધબેડો વાળ્યો' યા 'અંતે રાખની રાખ' 'કશું વળવાનું નથી,' ને આ શબ્દ આપણે સાંભળ્યા તો સમજી લેવાનું કે 'હમણાં આ કામ કરતાં નિષ્ફળતા મળશે. માટે બેસો હેઠા.' શુકન ભલે સારું સામે આવ્યું,

પરંતુ શુકન કરતાં શબ્દ આગળ થશે. શબ્દ એનો ભાવ ભજવશે. અને ખરે જ આવા દાખલા બને છે !

જો ત્રાહિત શબ્દની પણ આ અસર હોય, તો હિતૈષી ના કહેતા હોય એ કામ કરવા જઈએ તો શો ભલીવાર આવે ?

માણસમાં અભિમાન અને વિષયની આંધળી લગન ન હોય તો હિતૈષીનો રોક્યો રોકાઈ જાય; ને અનર્થથી બચે.

જીવને અભિમાન અને આસક્તિ મારે છે.

રાવણમાં અભિમાન હતું, તો હિતૈષીઓની ના છતાં રામ-લક્ષ્મણ સાથે લડ્યો, અંતે પાયમાલ થયો, તે પ્રાણ ગુમાવ્યા. બ્રહ્મદત્ત ચક્રવર્તીને જ્ઞાની ભાઈ-મુનિએ પૂર્વજન્મના દૃષ્ટાન્તથી રંગરાગ-સંસાર છોડવા કહ્યું. પરંતુ બ્રહ્મદત્ત વિષયોમાં તીવ્ર આસક્ત હતો, તે ન માન્યું, ને અંતે સાતમી નરકમાં પડ્યો.

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" **વર્ષ-૨૨,અંક-૪,તા.૨૯-૯-૧૯૭૩**

ચંદ્રગુપ્ત રાજાની રાણીએ આસક્તિવશ ન માની ઝેરી ભોજન કરવા ગઈ તો અકાળે મરી. સાર આ, વડીલોનું માનો, હિતૈષીઓનું માનો.

ક્ષણ લાખેણીનું દૃષ્ટાન્ત :-

ચાણક્યે અવસર ઓળખી તરત એના પેટમાંથી જીવતો ગર્ભપુત્ર બહાર કાઢ્યો, એ એક ક્ષણની પણ વિશેષતા સૂચવે છે. ક્ષણ લાખેણી. જો ક્ષણ પણ વિલંબ થયો હોત તો પુત્રના ય રામ રમી જવાના હતા. આ લક્ષમાં રાખી, 'એક ક્ષણમાં શું બગડી જાય ?' એમ ઉઠાવો કરવો ખોટો છે. ક્ષણના ય વિલંબે કામ બગડે. ત્યારે ભગવાન ગૌતમસ્વામીને કહે છે કે,

'સમયં ગોયમ! મા પમાયએ'

'હે ગૌતમ ! એક સમય પણ પ્રમાદ ન કર'

'આરાધનાને ને આરાધકભાવને એક સમય માટે પણ વિલંબમાં મૂકીશ નહિ.' પ્રશ્ન કરો, -

પ્ર.- સંસારી જીવ છીએ, મંદિરે ગયા પણ ત્યાંથી દર્શન-પૂજન કરી બહાર તો નીકળવું પડે; એક સામાયિક કર્યું, બે કર્યાં, ચાર પણ પછી ઊઠી સંસારી કામે તો લાગવું પડે; ત્યાં આરાધના હવે ક્યાં ચાલુ રહે ?

ઉ.- વાત સાચી, એટલા માટે જ કહ્યું ધર્મની આરાધના મૂકવી પડી, છતાં પણ આરાધકભાવ નહિ મૂકવો. સંસારી કામમાં જતાં દિલ એમ કહે કે, 'ક્યાં એ

એકાન્તે કર્મક્ષય-પુણ્યાનુબંધી પુણ્ય અને સુસંસ્કાર આપતી દર્શન પૂજા-સામાયિકાદિની ઉત્તમ ધર્મ આરાધના ? ને ક્યાં આ કર્મબંધ અને કુસંસ્કાર આપનારી પાપ-પ્રવૃત્તિ ? ક્યાં નાવડીને સારાં હલેસાં સારો પવન આપી ઈષ્ટ કિનારા તરફ વેગબંધ ધપાવવાનું કાર્ય ? ને ક્યાં નાવડીમાં કાણાં પાડવાનું કાર્ય ?'

પાપપ્રવૃત્તિ આશ્રવ છે, ધર્મપ્રવૃત્તિ એ સંવર છે. આશ્રવથી કર્મ વહી આવે; સંવરથી કર્મ અટકે. પાપ-પ્રવૃત્તિ અને ધર્મપ્રવૃત્તિમાં આટલો ફરક દેખાય ? તો આરાધકભાવ ઊભો. પાપપ્રવૃત્તિ એ આશ્રવ અર્થાત્ આત્માની નાવડીમાં કાણાં; એ વાટે કર્મ અને કુસંસ્કારનાં પાણી ભરાય છે. ત્યારે ધર્મપ્રવૃત્તિથી આત્મનૈયા મોક્ષના કિનારા તરફ વેગબંધ આગળ ધપે છે. એ આરાધકભાવ છે, આરાધના છે. ત્યારે ધર્મ કરતી વખતે પણ ક્યારેક જો ધર્મ પ્રત્યે અનાદરભાવ આવ્યો, યા એવા કોઈક ક્રોધ-લોભાદિ કષાય જાગ્યા, તો વિરાધકભાવ આવ્યો સમજવાનો.

સતત ધર્મી બન્યા રહેવું એ ખાંડાની ધાર પર ચાલવા જેવું કઠિન છે; કેમકે એમાં ગમે તે સ્થિતિમાં ય આરાધકભાવ સતત જાળવવાનો છે.

સંયોગ-પરિસ્થિતિ ચાહ્ય તે આવો, પણ આપણું મન ધર્મઆરાધનાનું જ પક્ષકાર બન્યું રહે, કિન્તુ ક્યારે ય વિષય કષાય કે હિંસાદિ દુષ્કૃત્યોનાં પક્ષપાતમાં ન પડે; એવું મન આરાધકભાવમાં ગણાય. ભગવાન એક સમય પણ પ્રમાદ કરવાની અર્થાત્ આરાધકભાવ એક ક્ષણ ખોરંબે મૂકવાની ના પાડે છે.

ક્ષણની પણ કિંમત છે. ક્ષણનો ય વિલંબ કર્યા વિના ચાણક્યે બિંદુગુપ્તને ઝેરથી મરતી માતાના પેટમાંથી બચાવી લીધો.

સ્યાદ્વાદનો વિજય :-

એમ ને એમ કોઈ પૂછે કે, 'મંત્રીએ નિર્દોષ રાણીનું પેટ ચીરી નાખવું એ સારૂ કે ખરાબ ?' તો એમજ કહેવાના ને કે, એમાં વળી શું પૂછવાનું ? એ ખરાબ જ કામ કહેવાય.' પરંતુ હવે સમજાય છે ને કે એમ જવાબ ન દેવાય. એકાંતે ખરાબે ય નહિ, કે એકાંતે સારૂ ય નહિ. જેવા સંયોગ-પરિસ્થિતિ, તે પ્રમાણે સારાપણું કે ખરાબપણું કહેવાય. ઝેર ખાઈ મરતી રાણીના પેટમાંથી બાળક જીવતું કાઢી લેવા માટે રાણીનું પેટ ચીરી નાખે તે સારૂ; પરંતુ રાણી પરના દ્વેષથી યા પોતાની કોઈ સ્વાર્થમાયાથી એનું પેટ ચીરી નાખવું તે ખરાબ. આનું નામ સ્યાદ્વાદ કહેવાય.

વ્યવહારમાં સ્યાદ્વાદ શી રીતે ઊતરે ? :-

(૧) જો સ્યાદ્વાદને સમજીએ અને વ્યવહારમાં ઉતારીએ તો ઘણા રગડા-ઝગડાને અવકાશ ન રહે. દા.ત. આપણને ન ગમતું કોઈક બોલ્યું ચાલ્યું, અહીં આપણે સ્યાદ્વાદ એમ લગાડીએ કે આપણી દૃષ્ટિએ આ ઠીક ન હોવાથી અણગમતું

છે, પણ સામાની દૃષ્ટિએ એને ઠીક લાગવાથી ગમતું છે તો પરોપકારની દૃષ્ટિએ સામાનું ઠીક એ મારે ઠીક માનવા દે. દુર્જન તો માત્ર પોતાની દૃષ્ટિએ પોતાના સ્વાર્થનું જ જુએ, પણ એક સજ્જન તરીકે મારે સ્વાર્થ ગૌણ કરી સામાની દૃષ્ટિને ન્યાય આપવો; એમાં એક પ્રકારનો પરોપકાર છે.' આ એક રીતે સ્યાદ્‌વાદ લગાવ્યો કહેવાય.

બીજી રીતે સ્યાદ્‌વાદ એ રીતે કે, 'મને ઇન્દ્રિયોની દૃષ્ટિએ જે ઠીક નથી લાગતું એ આત્માના કર્મક્ષયની દૃષ્ટિએ તો ઠીક જ છે. તો પછી આ આત્માની દૃષ્ટિ જ કાં ન પકડવી ?

આપણે આસ્તિક એટલે કે આત્માને માનનારા છીએ ? તો ઇન્દ્રિયોને ઠીક જોવા કરતાં આત્માને ઠીક જોવું જોઈએ.

અરે ! કેટલીક વસ્તુ એક દૃષ્ટિએ ખરાબ લાગતી હોય, પણ બીજી દૃષ્ટિએ સારી હોય એવું બને છે. પેલા રાજા અને મંત્રીની વાત આવે છે ને ?

'જે થાય તે સારાં માટે' એ પર રાજા-મંત્રીની કથા

રાજા અને મંત્રી ફરવા નીકળ્યા છે. એમાં નગરની બહાર ચાલ્યા જાય છે, ત્યાં રાજાને અચાનક ઠોકર લાગી, પગના અંગૂઠાનું છાલકું ઉખડી પડ્યું.

રાજા દિવાનને કહે, 'લ્યો, આ તો મોજ માટે નીકળ્યા, ને ઠોકર વાગી !'

દિવાન કહે, 'મહારાજા ! જે થાય તે સારા માટે'

રાજાને પગે બળતરા છે તે દિવાનના આવા બોલ પર ગુસ્સો ચડ્યો, તે કહે, 'શું કપાળ સારા માટે ? અહીં તો લાય ઊઠી છાલકું ઊખડી ગયું છે !'

દિવાન કહે છે, 'હશે, પણ નામદાર ! જે થાય તે સારા માટે.'

રાજાથી આ સહન ન થયું, તે માણસોને કહે 'જાઓ લઈ જાઓ આ નાલાયકને, હું પાછો આવું ત્યાં સુધી જેલમાં પૂરી રાખજો. જાઓ દિવાન ! જેલમાં જવાનું થયું તે સારા માટે ગણજો.

થયું, દિવાન તો સ્વયં જેલમાં ચાલ્યો ગયો. અહીં રાજા બે ચાર હજુરિયાઓ સાથે ચાલ્યો આગળ જંગલમાં.

રાજાનો ભોગ દેવા લૂંટારા :-

ત્યાં બન્યું એવું કે જંગલમાં રહેતા લૂંટારાઓ સરદારના હુકમથી દેવી આગળ બત્રીસલક્ષણા પુરુષનો ભોગ આપવા માટે એને શોધવા નીકળી પડ્યા છે. તે રૂપાળા રાજાને દેખી સામટો હલ્લો કર્યો. લૂંટારા ૨૫-૫૦, ને રાજા સાથે ૨-૪ માણસ. એ બે-ચારનું શું ઊપજે ? પેલાઓએ તલવારનો ઘા દેખાડી રાજાના માણસોને ભગાડી મૂક્યા, ને રાજાને પકડીને ઘોડે ચડાવી મારતે ઘોડે લઈ ગયા

સરદાર પાસે ઊંડા જંગલમાં.

પેલા હજુરિયા શહેરમાં પહોંચી મોટું લશ્કર લઈને આવે તે પહેલાં અહીં તો રાજા જુએ છે કે દેવીની સામે પૂજનવિધિ ગોઠવાઈ ગઈ છે, ને 'મારો ભોગ આપવાની તૈયારી છે,' એ જોતાં જ રાજાના મોતિયાં મરી ગયાં. મનને થયું કે દિવાન સાથે હોત તો બચવાનો કાંઈક રસ્તો કાઢત. આ મેં એને મોકલી દીધો એ ખોટું કર્યું. પણ હવે શું થાય ? હાય ! મારે કપાઈ મરવાનું ?' કપાઈ મરવાની કલ્પના આવતાં શરીરે પાણી પાણી છૂટી ગયા. મોટો રાજા પણ મોતની આગળ બકરૂ. અહીં કોણ બચાવે ? ભાગ્ય સિવાય છે કોઈ બચાવનાર ?

ભાગ્યને વિસરી શાના ઉપર પોતાની અક્કલ અને અવળા પુરુષાર્થ પર મુસ્તાક છો ?

કઈ ધર્મશ્રદ્ધા સુકૃત કરાવે ? :-

ભાગ્યથી પૈસા મળ્યા છે ને ? હવે એ ભાગ્ય હોય તો જ ટકવાના ને ? છતાં મનને શું લાગે છે ? 'ધર્મમાં ખરચું તો મારે પૈસા ઓછા થઈ જાય. માટે મારે નથી ખરચવા' આવું જ કાંઈક મનને લાગે છે ને ? તે પૈસા ટકવાનું ભાગ્ય નહિ હોય તો આમ ધર્મ-સુકૃત નહિ કરીનેય ટકાવી શકવાના ? આમાં તો એ શ્રદ્ધા જોઈએ કે,

'ધર્મમાં ખરચવા છતાં ભાગ્ય હશે તો મળી જ રહેવાના છે. માટે લહાવો શું કામ ચૂકું ? ને ભાગ્યમાં નહિ હોય તો સાચવેલા પણ પૈસા એક યા બીજી રીતે જતા રહેવાના છે; ને એમ, જાય એના કરતાં આવાં ધર્મ-સુકૃતમાં શા સારુ જતા ન કરવા ? એથી પુણ્ય તો મળે.'

એક દાન જ શું, બીજા પણ ધર્મકાર્યોમાં પાછી પાની ન થાય એ માટે પણ આવી જ વિચારસરણી રાખવાની છે કે મારી કાયા, જો કોઈ અશુભનો ઉદય થયા તો સાવ શિથિલ પડી જવાની છે. એમ જો કોઈ એવા અશુભોદયે ચિંતાજનક પ્રસંગ બન્યો તો મારૂ મન એમાં જ વ્યાકુળ રહેવાનું. તો આવા સંભવિત અશુભોદય આવે તે પહેલાં શા સારુ આ તન-મનને શીલ-વ્રત-ક્રિયા અને શુભ ભાવનામાં ન જોડ્યું રાખું ? અક્કલ અને પુરુષાર્થ આમાં કાં ન લગાવું ?

ભાગ્યથી રાજાનો ગેબી બચાવ :-

પેલા રાજાને દેવી આગળ ભોગ આપવા માટે ખડો કરવામાં આવ્યો છે. રાજાને ધ્રુજારી છૂટી છે. કોઈ રીતે બચાવ એવું દેખાતું નથી. છતાં જુઓ ભાગ્ય કેવી રીતે બચાવીં લે છે !

લૂંટારાઓનો સરદાર પોતાના માણસોને કહે છે, અરે ! જરા આ માણસને

તપાસી લો કે એ અક્ષત અંગવાળો છે ને ? દેવીને ખોડ-ખાંપણવાળો પુરુષ ભોગમાં દેવાય નહિ.'

લૂંટારાઓએ રાજાના અંગ તપાસવા માંડ્યા ત્યાં પગના અંગુઠે પેલું છાલકું ઊખડી ગયેલું દેખ્યું. પોતાના સરદારને કહે 'આ તો પગના અંગૂઠે છોલાયેલો છે.'

સરદાર કહે, 'તો પછી છોડી દો એને ને એની આંખે પાટા બાંધી મૂકી આવો નગરના નાકે.'

બોલો, અહીં રાજાને કેટલો હરખ હરખ વ્યાપી ગયો હશે !

અભયદાન મળ્યું એનો આનંદ અવર્ણનીય.

માટે તો હવે સમજી શકશો કે કતલખાનેથી પશુને છોડાવો એમાં એને કેવો અવર્ણનીય આનંદ થાય ! ત્યાં એ પ્રશ્ન કરવો નકામો છે કે,

પ્ર.- તો, પછી કસાઈ, એને છોડાવવા આપેલા પૈસાથી, બીજું જનાવર ખરીદી હિંસા તો કરવાનો જ છે. તો એમાં કસાઈગીરીને ઉત્તેજન નથી ?

ઉ.- આ પ્રશ્ન વિચાર વિનાનો છે; કેમકે પહેલી વાત તો એ કે કસાઈ કસાઈગીરી કરે છે તે શું આપણે ઢોર છોડાવીએ તો શું એ કસાઈગીરી ન કરે ? આ માનવું ખોટું છે. કસાઈગીરી કરાવનાર તો પોતાની ક્રૂરતા, સ્વાર્થાંધતા અને માંસાહારીઓની માંસ લાલસા છે.

બીજું એ છે કે આપણા પૈસાથી એ ઢોર ખરીદવાની જે દલીલ છે, ત્યાં પણ આ વિચારવાનું છે કે આપણે જીવ ન છોડાવ્યો હોત તો પણ એ જીવને મારીને એના માંસથી જે પૈસા આવે તેનાથી એ બીજા જનાવર ખરીદવાનો તો છે જ, એમાં આપણા જ પૈસા એને મળે તો જ એ ઢોર ખરીદી મારે છે એવું કયાં રહ્યું ? અહીં મુખ્ય મુદ્દો આ છે કે કપાઈ મરવાની સ્થિતિમાં રહેલા જનાવરને એમાંથી છોડાવી લઈએ એથી એ પ્રાણીને જીવતદાન મળવાથી પારાવાર આનંદ થાય છે, ચિત્તને શાંતિ મળે છે; નહિતર તો કપાઈ મરવાની ઘોર પીડામાં એને ચિત્તમાં ભારે સંકલેશ-અસમાધિ-રૌદ્રધ્યાન થાત, ને એથી નરક સુધીની દુર્ગતિ પણ થાત. એકવાર આવી દુર્ગતિનો ભવ એટલે લગભગ પાપિષ્ઠ સ્થિતિ; એમાંથી દુર્ગતિના જ ભવોની પરંપરા ચાલે.

બોલો, છતી શક્તિએ અને છતા સંયોગે શક્ય એવી જીવદયા ન કરી તો એ જીવનું ભવિષ્ય કયાં સુધી પહોંચવા સંભવ ? 'કસાઈ પાછો એક જીવ છોડ્યાના પૈસાથી નવા ખરીદવાનો ને મારવાનો; માટે છોડાવો ન છોડાવો સરખું છે,' એવી ટૂંકી બુદ્ધિની દલીલ કરી અભયદાનને જતું કર્યાથી શું વળ્યું ? ઉપરોક્ત દુઃખ પરંપરાથી જીવને બચાવાયો ?

ત્યારે હવે એ જુઓ કે જીવને અભયદાન અપાવે એણે શો લાભ કર્યો ? (૧) પહેલું તો પેલી દુઃખદ પરંપરામાંથી એ જીવને ઉગારી લીધો. (૨) વધારામાં એ જીવને અભયદાન મળ્યાના અનહદ આનંદમાં સંભવ છે એના હૃદય પરિણામ કૂણા બની જાય, તેથી એ સહજ મૃત્યુએ ઊંચી ગતિમાં જાય. ત્યાં ક્રમશઃ મનુષ્ય સહજ મૃત્યુએ ઊંચી ગતિમાં જાય. ત્યાં ક્રમશઃ મનુષ્યગતિ આર્યકુળ મળી જવાનો ય સંભવ; ને તેથી એ ધર્મ પામી આત્મવિકાસના માર્ગે ચડી જાય.

આ હિસાબે વિચારો કે એક જીવને આવી ક્રૂર કતલમાંથી બચાવવા ન બચાવવાના પરિણામની પરંપરામાં કેટલો મોટો ફરક ? કુમારપાળ મહારાજાએ પોતાના ૧૮ દેશના સામ્રાજ્યમાંથી હિંસાને દેશવટો દેવરાવ્યો એની પાછળ કેટલા બધા સુખદ પરિણામ ? એ કરવામાં કસાઈઓ, પારધીઓ, માછીમારો વગેરેને એના હિંસક ધંધા બંધ કરાવી સારા ધંધે ચડાવવામાં પૈસા કેટલા ખર્ચ્યા હશે ? બંદૂક બતાવીને તો હિંસા બંધ નહિ કરાવી હોય ને ? લાખો ક્રોડો રૂપિયા ખર્ચ્યા હશે ને ? આટલો મોટો ધનવ્યય શું સમજીને ? આ જ કે,

અભયદાનનું રહસ્ય :-

જીવોને અભયદાન મળે તો એના લીધે મૃદુ પરિણામથી આગળ પર એ જીવોને ઊંચે ચડવાનો અને આત્મહિત પામવાનો જે અવકાશ છે એવો અવકાશ ક્રૂરપણે કપાઈ-છેદાઈ-બળાઈ મરવામાં નહિ.

તો આમે ય એક દિ' જવાવાળી નાશવંત લક્ષ્મીથી આવો ઉમદા લાભ મળતો હોય તો કોણ જતો કરે ? પૈસા કોને અમર રહ્યા છે ? માણસ મૂર્ખ છે કે પોતાને જવાનું થાય ત્યાં સુધી પૈસા રાખી મૂકીને એને પુણ્યક્ષેત્રે Invest સ્થાપિત કર્યા વિના એમજ મૂકીને મરે છે. પૈસા પોતાના અને પોતે એને મૂકીને મરવું પડે ? એના બદલે જીવોને એના દ્વારા અભયદાન દઈ એ જીવોને માટે સદ્ગતિના દ્વાર ખુલ્લા કરી આપવાનાં મહાન પુણ્ય કાર્ય કરીને જ કાં ન મરવું ?

સારાંશ, અભયદાન-જીવતદાન મળ્યાનો આનંદ અપૂર્વ છે તે પેલા રાજાને માટે લૂંટારાઓના સરદારે જ્યાં કહ્યું, કે 'આ ક્ષત અંગવાળાનો ભોગ ન દેવાય, માટે એને આંખે પાટા બાંધી નગરની નજીકમાં છોડી આવો,' ત્યાં રાજાને જીવતદાન મળ્યાનો અપૂર્વ આનંદ થયો. બસ, લૂંટારાઓએ એ રીતે રાજાને નગરની દિશામાં છોડી દીધો, અને તરત પોતે પાછા વળી ગયા.

રાજા આંખેથી પાટા છોડીને નગર તરફ આગળ વધે છે. ત્યાં એને શોધતાં સિપાઈઓ મળી ગયા; રાજાને વાહનમાં બેસાડી રાજ્યમહેલે લઈ ગયા. ત્યાં રાજાએ તરત દિવાનને બોલાવ્યો.

રાજા દિવાનને કહે, 'તમે કહ્યું તે બરાબર મળી આવ્યું.'

દિવાન કહે, 'કેમ, કેવી રીતે ?'

રાજા કહે છે, 'જુઓને, આ મારા પગે ઠોકર વાગી છાલકું ઊતર્યું હતું તે સારા માટે થયું. એથી જ હું લૂંટારાઓના સકંજામાંથી ક્ષત અંગવાળા તરીકે ભોગ દેવાવામાંથી છૂટ્યો' એમ કહીને રાજાએ બધી બનેલી વાત કરી.

દિવાનને પણ જેલ સારા માટે :-

ત્યારે દિવાન કહે, -'જુઓ સાહેબ ! તો પછી એ સૂત્ર મારે ય બરાબર મળ્યું. હું જેલમાં પૂરાયો, એમાં આપની સાથે આવવાનું ન બન્યું એ પણ સારા માટે થયું; કેમકે સાથે હોત તો આપને છોડી મારો ભોગ તો જરૂર દેવાઈ જાત.'

રાજા એ સાંભળી વધુ ખુશી થયો. કહે છે, 'વાહ ! ત્યારે એક દૃષ્ટિએ ખરાબ લાગતી વસ્તુ બીજી દૃષ્ટિએ કેવી સારી હોય છે ! જેલમાં પૂરાવાનું અપમાન થયાના હિસાબે ખરાબ; છતાં મરતા બચવાના હિસાબે સારૂ. પગે છાલકું ઊખડ્યું તે પીડા થવાના અને શરીર શોભા બગડવાના હિસાબે ખરાબ; છતાં જીવતદાન મળ્યાના હિસાબે સારૂ. તમારી બુદ્ધિને ધન્યવાદ !'

પેલા બિંદુગુપ્તની માતાનું પેટ ચાણક્યે ચીરી કાઢેલું એ ઉપલકથી સાંભળતાં ખરાબ કામ લાગે, પણ મરતી એના ગર્ભનો બિંદુગુપ્ત બાળક જીવતો બહાર લઈ લેવામાં આવ્યો એ હિસાબે માતાનું પેટ ચીરી કાઢ્યું એ સારૂ.

બિંદુગુપ્તને માતાનું પેટ કેમ ચીરવામાં આવેલું એનું રહસ્ય ખબર પડતાં જ ચાણક્ય પર અનહદ માન ઊપજ્યું, એ અનન્ય ઉપકારી લાગ્યો. એના પર પોતે રીસ કરી અને ચાણક્યને ગામ છોડી બહાર જવું પડ્યું, એનો પારાવાર પસ્તાવો થયો. તરત પેલા નવા મંત્રીને બોલાવી તતડાવે છે કે, 'આ તમે શો ખોટી રીતે દ્વેષ ભર્યો હેવાલ આપ્યો ? મારા મરતા માતાજીનું પેટ ચીરી કાઢેલું તે તો ગર્ભમાંથી મને જીવતો કાઢી લેવા માટે. એ શુભાશય અને સારૂ મુખ્ય પ્રયોજન છૂપું રાખી પેટ ફાડ્યાની રજુઆત કરી ? ને મને ઊંધો ચડાવ્યો ? બિચારા જનમભરના મારા ઉપકારી ચાણક્યને આ ઉંમરે નગરમાંથી બહાર નીકળી જવું પડ્યું. માટે જાઓ એમને મનાવીને અહીં લઈ આવો.'

નવો મંત્રી આ સાંભળીને સમજી તો ગયો કે, 'મારી ખોટી દાનત પકડાઈ તો ગઈ જ છે. તેથી હવે જો આડીઅવળી વાત કરી તો મારા બાર વાગી જશે.' તેથી એ રાજાની માફી માગી જાય છે. ચાણક્ય પાસે જઈને એને સમજાવે છે, પરંતુ ચાણક્ય કહે, 'મારી હવે આ પાછલી વયની ધર્મઆરાધના છે, ઘરથી નિવૃત્તિની પ્રતિજ્ઞા છે. તેથી હું અહીં જ રહીશ.'

ચાણક્યની ઉદાર દૃષ્ટિ :-

મંત્રી પાછો ફર્યો, ને રાજાને વાત કરી. રાજા પોતે ચાણક્યને સમજાવવા આવ્યો, પોતાની શી રીતે ભૂલ થઈ તે કહી બતાવ્યું, ક્ષમા માગી, ને પાછા ફરવા માટે આગ્રહ કર્યો. પરંતુ ચાણક્યે કહ્યું, 'જે કાંઈ બન્યું તેમાં મારાં કર્મ જ જવાબદાર છે. તમારો કે કોઈનો ય દોષ નથી. ઊલટું, તમારો ઉપકાર છે કે મને આ સાધના કરવાની મળી, આથી મારો ભવ સુધરી જશે. માટે તમે કશું મનમાં ઓછું લાવશો નહિ. મારે પૂર્ણ આનંદ છે. તો પ્રતિજ્ઞાભંગ કરી દુઃખમાં કાં પડું ? માટે ખોટો આગ્રહ કરશો જ નહિ.'

રાજા દુઃખિત દિલે પાછો આવે છે.

ચાણક્ય અને નવા મંત્રી તથા રાજામાં કેટલો બધો ફરક છે ! ચાણક્યે બંનેના ઉપર જબરદસ્ત ઉપકાર કરેલો છે, નવાને મંત્રીપદનું શિક્ષણ પોતે આપ્યું છે, ને મંત્રી પોતે બનાવ્યો છે, રાજાને ગર્ભમાંથી જીવતો કાઢી પોતે બચાવી લીધો છે. છતાં બંને આડા ફાટ્યા.

સંસાર અને ધર્મ :-

શાસ્ત્ર સંસારને અતિ ભયંકર કહે છે તો ખોટું નથી. મહા ઉપકારના બોજા હેઠળ આવેલાને પણ પોતાનો સ્વાર્થ કાંઈક ભંગ થતો દેખાય ત્યાં એવા ઉપકારી પ્રત્યે પણ અપકાર કરાવે. એ જ સંસાર ને ? કેવો ભયંકર ! ત્યારે

ધર્મ એટલો જ કલ્યાણકારી છે. એવા અપકારીની ભૂલ ન જોતાં પોતાના કર્મનો વાંક જોવાનું કરાવે, ને અપકારી પ્રત્યે નીતરતો મૈત્રીભાવ રખાવે એ ધર્મની વડાઈ છે. આટલો મોટો તફાવત સમજી સંસાર પર ઘૃણા થાય છે ? સંસાર ઝેરરૂપ લાગે છે ? શું મનને એવું થાય છે ખરૂ કે આવા કૃતઘ્ન સંસારનો ત્યાગ કરી દઉં ?

પેલો રાજા વિચારમાં પડી ગયો છે કે આ કેવી ઘટના ! હમણાં સમૃદ્ધિ અને સત્તા-શક્તિ-સંપન્નરાજા છું, પરંતુ થોડી વાર પહેલાં જીવતા કપાઈ મરવાની એક કસાઈવશ નિર્બળ નિરાધાર પામર પશુ જેવી સ્થિતિમાં હતો ! સંસારની આ કેવી વિચિત્રતા ? કેવી ભયાનકતા ?

સંસારમાં હંમેશનાં દુઃખ :-

ખૂબી એ છે કે માણસને એવો કોઈ મહા વિકટ પ્રસંગ ઊભો થાય ત્યારે જ સંસારની ભયાનકતા દેખાય છે. પણ શાસ્ત્રો પોકારી પોકારીને કહે છે કે સંસાર ક્યારેક શું, હંમેશનો દુઃખ અને દુર્દશા ભરેલો છે.

શાંતસુધારસ શાસ્ત્ર કહે છે,

यत्र दुःखार्तिगददवलवैरनुदिनं दह्यसे जीव ! रे ।
हन्त तत्रैव रज्यसि चिरं मोहमदिरामदक्षीब रे ॥ (कलय०)

અર્થાત્ હે જીવ ! તું જ્યાં રોજ દુઃખ-પીડા-રોગ-રૂપી આગના કણિયાઓથી દઝાય છે, એવા તન-ધન-પરિવારમાં જ પાછો રે ! લાંબા કાળ સુધી રક્ત બને છે ! આવો તું મોહમદિરાના કેફથી સાવ દૂર્બળ શું પરિવાર, શું કાયા, શું પૈસા, એ એક યા બીજા પ્રકારની ચિંતા ઊભી કરે છે, સંતાપ જગાવે છે, મનોદુઃખ ખડું કરે છે, એ કોનો અનુભવ નથી ? આજે કોઈ એક સગાનું વાંકું, તો કાલે બીજાનું; આજે પત્નીનો ભારે બોલ, તો કાલે પુત્રનો ભારે બોલ; આજે એકને બિમારી, તો કાલે બીજાને; આજે એકને રીસ, તો કાલે બીજાને,...એમ પરિવાર નિમિત્તનાં મનોદુઃખ ઊભાં થયાં જ કરે છે, અને તન-ધનને કષ્ટ આવ્યાં જ કરે છે. પણ જીવની કંગાળ દશા એવી છે કે પાછો એને ત્યાં જ રાગ કરવા જોઈએ છે, મોહી જવા જોઈએ છે. મોહથી મન વાળી લે છે કે, 'હોય, જીવન છે એટલે ઊંચા-નીચી ચાલ્યા કરે; બાકી પત્ની તે પત્ની; ને દીકરો એ દીકરો. અવસરે એ આપણા થઈને રહેશે, બાકી કાકા-મામા કે પાડોશી થોડા જ આપણા થઈને પાસે રહેવાના ? કાકા-મામા કહેવાના, ને પાસે હોય તે ખાવાનાં, ધર્મનાં કષ્ટમાં આવું સમાધાન નથી આવડતું તેથી ધર્મથી આઘા રહેવું છે; ને સંસાર-કષ્ટોમાં સમાધાન આવડે છે.

મોહના નશાથી જીવ કેવો ગળિયો મુડદાલ થઈ ગયો છે ! જ્યાં રોજ ને રોજ જે પરિવારનાં નિમિત્તે મનને એક યા બીજા પ્રકારનું દુઃખ થયા કરે છે, એના પર વૈરાગ્ય નથી થતો કે, 'હાય ! આ પરિવારથી હું કયો સુખી છું ? કઈ મનની નિશ્ચિન્ત શાંતિ અનુભવું છું ? કશું જ નહિ એના જ લીધે દુઃખ-ચિંતા-સંતાપની આગ મારા મનને બાળ્યા કરે છે એ નહોતા ત્યાંસુધી સુખી નિશ્ચિન્ત હતો. તો એના પર શા રાગ કરવા હતા ? શા વિશ્વાસ ધરવા હતા ? શું ઓવારી જવું હતું ?' ના, આ કશો વૈરાગ્ય નહિ, એની ચિંતારૂપી લાતો ખાવા છતાં એને સર્વસ્વ માનવાની મૂર્ખાઈ !

જીવની આ મૂઢતા જ છે કે પરિવારના લીધે વારંવારની આ દુઃખપીડિત દુર્દશા છતાં એના પરથી રાગ છૂટતો નથી, અને સંઘ-સાધર્મિક પર એવો કોઈ રાગ ઊભો કરાતો નથી ! યા આ જડમાયાને છોડી પોતાના આત્મા માટે લાગણી ઊભી કરાતી નથી !

ત્યારે પૈસા કે પોતાના શરીર અંગે પણ શું છે ? પૈસા-ધન-માલ-મકાન વગેરેમાંના એકેક વારાફરતી એક યા બીજી ચિંતા જગાવી મનને બાળ્યા જ કરે છે.

શરીર ભૂખ-તરસ-થાક, રોગ-વ્યાધિ-અકસ્માતની ઠેસ, કે બહુ ઠંડી-ગરમી, કે અપમાન-અવગણના વગેરેની પીડા લઈ આવે જ છે. આમ છતાં ક્યારે ય એ ધન-માલ-મકાન કે કાયા ઉપર વૈરાગ્ય થાય ખરો ? ના.

જ્યાં આત્માને ભૂલી પર એવા પરિવાર-પૈસા-કાયાને જ બહુ માનવાના હોય, સર્વસ્વ લેખવાના હોય, ત્યાં એની લાતો પડવા છતાં, વૈરાગ્ય શાનો થાય ?

મૂઢતા ૨ જાતની :-

માણસને સંતાપી બાળનારા આ પરિવાર પૈસા વગેરે પર લાંબા કાળ સુધી આસક્ત બન્યા રહેવાનું કોણ કરાવે છે ? સંતાપનારા પરથી દિલ ઊઠી ન જાય ? પરંતુ મોહ-અજ્ઞાન-મૂઢતા એવી છે કે દિલ ન ઊભગવા દે.

આમાં મૂઢતા બે રીતે કામ કરે છે,

(૧) કાં તો ચિંતા-સંતાપ-ભય વગેરે દુઃખરૂપ લાગતાં નથી, યા લેખામાં લેવા જેવા લાગતાં નથી.

(૨) અથવા, સંતાપાદિ દુઃખરૂપ લાગવા છતાં એનાં કારણભૂત તરીકે આ પરિવારાદિ નથી લાગતાં.

(૧) પહેલામાં, ચિંતાઓ થયા કરે, સંતાપ થયા કરે, એ પરિવારાદિને કશું વાંકું થવાનો ભય લાગ્યા કરે, એ દુઃખરૂપ ન લાગવાનું કારણ એ છે કે એનાં ક્ષણિક સુખ યા કાલ્પનિક સુખ પર આંધળો રાગ છે. દારૂ પીધેલાને કેટલીય દુર્દશા ભોગવવી પડતી હોય છતાં દારૂના કેફમાં એને દુઃખરૂપ માનતો જ નથી, કેફ ઊતરી ગયા પછી કદાચ લાગે કે આ ખોટું થયું, તો ય એને બહુ લેખામાં લેવા તૈયાર નથી.

રાજાએ દારૂના ઘેનમાં રાજ્ય લખી આપ્યું :-

જામનગરના રાજા ભાવેજા કે જાડેજાને રાતના દારૂ ઢીંચવાની આદત હતી. એ મદિરામત્ત જીવનમાં પ્રસંગે પ્રસંગે કેટલું ય ઊંધું વેતરવાનું થતું. છતાં દારૂની લત છોડવાની વાત નહિ. મન મનાવી લેતો કે, 'આવું વાંકુચૂંકુ તો ચાલ્યા જ કરે, દારૂની મઝા કેવી અનેરી છે !' એક વાર તો બ્રિટિશ કંપની સરકારના પોલિટિકલ એજન્ટે આવી એની રાતની મદિરામત્ત સ્થિતિ જાણી લઈને પોતે આવી એની સાથે મીઠી મીઠી વાતો કરી એનું રાજ્ય કંપની સરકારની હકુમતમાં ભેળવી દેવાનો દસ્તાવેજ લખાવી લઈ એના પર રાજાની સહી કરાવી લીધી, અને સવાર પડતાં પહેલાં પોતે એ ખત લઈને ચાલ્યો ગયો.

કહો, દારૂની ઉન્મત્તતા કેવી ? માણસ ક્યાં સુધીનું ઊંધું વેતરી નાખે ? જ્યારે એક દારૂના ઘેનની આ સ્થિતિ છે, ત્યારે જ્ઞાનીઓ કહે છે કે મોહ-મૂઢતાની

તો એથી ય મહા ભયંકર સ્થિતિ છે.

જીવ દારૂની જેમ મોહના કેફમાં એવું એવું આચારે છે, કે જેથી અહીંય દુઃખી થાય, અને પરલોક માટે ય જાલિમ અશુભ કર્મ તથા પાપસંસ્કારના ઢેર ઊભા કરે.

દીકરાને બહુ લાડમાં ઉછેરનાર મોહમૂઢ માબાપની, પછીથી એ મોટા થયેલ દીકરા, મોહના કેફમાં કેવી દુર્દશા કરે છે ? અપમાન, ટોણાં તિરસ્કાર, જુઆરૂ, અને આગળ વધીને એ જ માબાપની ભારોભાર નિંદા કરવા સુધી દીકરા પહોંચી જાય છે ને ? એમ મોહમાં ઘેલા થયા પછી જીવો અભક્ષ્યભક્ષણ, દુરાચાર ચોરી, દેવગુરુની નિંદા, ધર્મની અવગણના વગેરે કરીને ઘોર કર્મ બાંધે છે ને ? જે દેવ-દ્રવ્યનો એક નવો પૈસો પણ ખાધેલો જીવના ડૂચા કાઢી નાખે, એ દેવદ્રવ્યની મોટી રકમો આનંદભેર ખાઈ જનારા હોય છે ને ? કેમ વારૂ ? મોહની ઉન્મત્તતા છે માટે.

મોહની મૂઢતા જ એવી છે કે ભયંકર આસક્તિ કરાવે, ગુસ્સો કરાવે, અભિમાનમાં ચડાવે, ઘોર વિશ્વાસઘાત-દ્રોહ-પ્રપંચ કરાવે, સીતમ ત્રાસ ફેલાવે, સ્ત્રીઓનાં શીલ લૂંટાવે,...શું શું ન કરાવે ? એ કહેવાય નહિ. બધું મોહાંધતાના પાપે. ત્યાં પછી ૮૪ લાખ યોનિના ચક્કરમાં ભયંકર દુઃખમય સ્થિતિમાં ભટકવું પડશે એનો વિચાર જ નહિ, તો અફસોસ તો હોય જ શાનો ? ગોશાળાની આ સ્થિતિ બનાવી છે, પરંતુ એ ઊભી કરાવનારાં દુષ્કૃત્યો કરતાં એને ક્યાં કશી સૂઝ-બૂઝ હતી ? મોહ એક જાતનો દારૂ છે. દારૂ પીનારાને ક્યાં કશું ભાન રહે છે ? મન ઉન્મત્ત બની ગયું, તે પાગલતાનાં કામ કરાવે.

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" **વર્ષ-૨૨,અંક-૫,તા.૬-૧૦-૧૯૭૩**

ઉન્મત્તતાનાં પરિણામ ભૂંડા-નુકસાન છતાં કુટેવ ન છૂટે :-

પેલા જામસાહેબ પાસે બ્રિટિશ એજન્ટે આખું રાજ્ય લખાવી લીધું. સવારે ઘેન ઊતર્યા પછી રાજાને ભાન આવ્યું કે આ તો મેં રાજ્ય ગુમાવ્યું, તે એણે દિવાનને વાત કરી.

દિવાન કહે, 'તમારૂ ભલું થાય ! આ તમે શું ઊંધું માર્યું ? હવે તો આ દારૂની લત છોડો ?'

રાજા કહે, 'હવે છોડીને શું કરવાનું ? રાજ્ય તો ખોયું.'

દિવાન કહે, 'બોલો રાજ્ય પાછું લાવી આપું. તો તો દારૂ છોડશો ને ?'

'તે હવે લખી આપેલું રાજ્ય પાછું શી રીતે આવવાનું હતું ? શું લડાઈ

લડાશે ?'

દિવાન કહે છે, 'એનું આપને શું કામ છે ? રાજ્ય પાછું લાવી આપવું એ તો અક્કલનું કામ છે. આપને રાજ્ય પાછું મળી જાય, તો આપે દારૂ છોડવાનો, એટલું કબૂલ કરો.'

રાજા કહે, 'તો ભાઈસાહેબ દારૂ છોડવાની વાત રહેવા દે. મારે મુશ્કેલ છે. રાજ્ય પાછું આવી શકે એમ છે તો એ પાછું લાવી દે.'

જુઓ દારૂની ઉન્મત્તતાનું ભયંકર પરિણામ જોવા પછી પણ દારૂ છોડવાની તૈયારી નથી ! બસ, મોહ-મદિરાની ઉન્મત્તતાની આ સ્થિતિ છે કે ભયંકર પરિણામ દેખ્યા પછી પણ મોહમૂઢતા છોડવાની અને જ્ઞાનીની સલાહે ચાલવાની તૈયારી નથી.

આ સંસાર જ એવો ભયંકર છે કે દુઃખદ મોહને ન છૂટવા દે.

દિવાને જોયું કે રાજા દારૂ છોડવાની વાતમાં ગરીબડા થાય છે, તેથી એમનાથી એ છૂટવાનો નથી. તો ખેર ! રાજ્ય તો કાંઈ કંપની સરકારના હાથમાં જવા દેવાય નહિ.

રાજાને કહે, 'ત્યારે દારૂના નુકશાનનું તમે જાણો. પણ રાજ્ય પાછું વાળવા એમ કરો કે રાજ્યમાં ઢંઢેરો પીટાવો કે, 'મને રાત્રે દારૂ પીવાની આદત છે, તેથી રાત્રિના સમયે મારાં કરેલાં કરાર કે મેં દીધેલાં વચન રદબાતલ ગણાશે' બસ, તમારા તરફથી આ ઢંઢેરો જાહેર કરો, અને દફ્તરમાં આ જાહેર કર્યાની તારિખ બે દિવસ પહેલાની મંડાવો !

કેવો કારમો સંસાર ? કેવી જૂઠી તરકીબો કરાવે ?

પત્યું. રાજાને એ સ્વીકાર્યા વિના છૂટકો જ નહોતો, તે એ પ્રમાણે ઢંઢેરો જાહેર કરાવ્યો, અને રાજ્યદફ્તરે એની બે દિવસ પહેલાંની તારિખે જાહેર કર્યાની નોંધ કરાવી ઉપર પોતાના સહી સિક્કા કરાવ્યા.

પછી જ્યારે ઊપડી ગયેલા એજન્ટે કંપની સરકારને અને એના ગવર્નર જનરલને દસ્તાવેજની જાણ કરી, ને સરકાર તરફથી જામનરેશ પર રાજ્યવહીવટ સોંપી દેવાની વાત આવી ત્યારે અહીંથી આ ઢંઢેરાની જાહેરાતની નોંધ સાથે લખી દેવામાં આવ્યું કે આ પૂર્વે થયેલી જાહેરાતની રૂએ કબાલો રદબાતલ છે.' રાજા નિર્ભય થયો.

આટઆટલું થવા છતાં રાજાએ દારૂની લત ન છોડી. જીવની આવી જ દશા છે કે મોહના નશાની અસર નીચે પરિવાર-પૈસા-કાયાની ખરાબીમાં થોક બંધ ચિંતા-સંતાપ વગેરેના અનુભવ થવા છતાં એની મમતા-આસક્તિ-કામ-કામનાઓ છોડવા તૈયાર નહિ.

(૧) મોહની એક મૂઢતા આ, કે સંતાપને મામૂલી ગણી સંતાપનારા પદાર્થ પર પણ આસક્તિ રહે.

(૨) બીજી મૂઢતા આ, કે જીવ એ માનવા તૈયાર નથી હોતો કે આ ચિંતા-સંતાપાદિનાં કારણભૂત આ પરિવાર વગેરે છે.

કૂતરૂ હાડકાંને કરડી કરડી દાંત દુખાડી નાખે, દાંતમાંથી લોહી નીકળે, છતાં એ ચાટીને ખુશી થઈ એમ માને છે કે, 'હાડકામાંથી લોહી સારૂ ચાટવા મળ્યું ! પછી ઊઠતો દાંતનો દુખાવો કાંઈ દાંતના લોહીનાં કારણે નહિ; લોહી તો હાડકાનું છે. એમાં દાંતને શું ? દુખાવો તો એમજ થાય છે.' છે ને મૂઢતા ? ધરાર પીડા દાંતમાંથી લોહી નીકળવાને લીધે છે, પણ એ માનવા તૈયાર નથી. એવી જીવની આ કૂતરા જેવી દશા છે કે ચિંતા-સંતાપાદિ ધરાર પરિવાર વગેરે બાહ્યનાં કારણે થતા હોય, છતાં એ ન માનતાં પોતાના અશુભ કર્મનાં યા ત્રાહિતના કારણે ચિંતાદિ થવાનું માને છે.

દા.ત. ખાવાનું સારૂ જોઈ વધુ દાબ્યું, પેટ ચડ્યું, દુખાવો થયો, તાવ આવ્યો, પણ અજ્ઞાન મૂઢ જીવ એ ખાવાના લીધે થયું એમ નહિ માને, એમ માનશે કે, 'આ તો મને ગેસની તકલીફ તે જરા વાયુ થઈ ગયું, યા ઋતુ બદલાઈ, કે ખાવામાં કાંઈક આવી ગયું, તેથી પેટ ચડ્યું.' આમ ખરેખરૂ કારણ ન જોતાં ભળતું જ કારણ જોશે, યા મુખ્ય કારણને બદલે સાવ ગૌણ કારણને પકડશે. ગેસની તકલીફ હોય તો તે તો રોજની હતી, તો રોજ નહિ, ને આજે વાયુ કેમ વધી ગયું ? ઋતુની ફેરફારી તો તારે એકલાને છે ? કે બીજાઓને પણ છે ? તો તને જ કેમ આજે અસર કરી ગઈ ? ખાવામાં કંઈક આવ્યું તે શું આવ્યું ? માખી આવી હોય તો તે તો ઊલટી જ કરાવે. ત્યારે બીજું કાંઈક શું આવવાનું હતું ? કશું નહિ; ગૌણ કે ભળતું જ કારણ પકડવાની વાત. રે મોહમૂઢતા !

પૈસાથી સુખ ? કે દુઃખ ? :-

જીવનમાં આવું અનેક ઠેકાણે બને છે કે અસલી કારણ તરફ ન જુએ. એવું અહીં બને છે, સંસારમાં મૂળમાં જે પરિવાર, પૈસા, કે કાયાના લીધે જ ચિંતા-સંતાપ-વ્યગ્રતા થયા કરે છે, એનાં કારણ તરીકે એ પરિવારાદિને ન ગણતાં બીજા ત્રીજા ભળતા કે ગૌણ કારણને પકડે છે, ને પરિવારાદિને તો સુખનાં સાધન માને છે ! મૂઢતા જ ને આ ? આજે દેખાય છે કે પૈસા-ટકા, માલ-મિલકત જેમ વધારે, તેમ વધારે ચિંતા-વ્યગ્રતા-વ્યાકુળતા રહે છે. છતાં એ ચિંતાદિનું કારણ શું માનશે ? પૈસા નહિ, પણ સરકારી કાયદા, બજારની અસ્થિરતા, સગાં કે સ્નેહીની દખલ ગરબડ,...આ બધાં ચિંતાનાં કારણ; બાકી પૈસાને તો સુખનું જ સાધન

માને છે. પ્રશ્ન થાય,

પ્ર.- પૈસા પરિવાર વગેરેને જ ચિંતાનું કારણ માન્યું તેથી શો વિશેષ ?

ઉ.- વિશેષ આ, કે પૈસાને સુખનું નહિ પણ ચિંતાદિ દુઃખનું કારણ માન્યા પછી એના પર આંધળા રાગાદિ નહિ થાય. જે પૈસાના આંધળા રાગ-આસક્તિના કારણે ધર્મમાં ચિત્ત લાગતું નથી, પ્રભુમાં દિલ ઠરતું નથી, એ પૈસા-પરિવારાદિ તો સુખનાં નહિ, પણ ચિંતા-વ્યાકુળતાદિ દુઃખનાં જ કારણ માનવાથી એના પ્રત્યે વૈરાગ્યભાવ રહેવાથી એ અસાર-તુચ્છ લાગે, ને એની સામે દેવ-ગુરુ-ધર્મ જ સારભૂત લાગે, અને એમાં દિલ ઠરે, એની સાધના જોરમાં ને હોંશથી થયા કરે, પૈસાદિને દુઃખનાં કારણ માનો તો આ લાભ થાય. મૂળ, સંસારનું સ્વરૂપ જ એવું છે કે સંસારના ઘરના પૈસા-પરિવાર ને કાયા-માયા ચિંતાદિનાં નહિ, પણ સુખનાં સાધન લાગી એના પ્રત્યે વૈરાગ્યભાવ ન આવવા દે. પછી એના આંધળા રાગમાં સંસાર શે છોડાય ? નહિતર આજે તો સંસારના ક્લેશ-કષ્ટ ક્યાં ઓછા દેખાય છે ?

ચાણક્યને આ અનુભવ થયો કે 'જે રાજાને માતાના પેટમાંથી જીવતદાન આપ્યું, ઉછેરી હોશિયાર કરી બાપની ગાદીએ સ્થપાવ્યો એ જ રાજા હવે વિમુખ થઈ જાય છે, અને એના જ કારણે કોણ જાણે આગળ શી આપત્તિ આવે; માટે આ સંસાર જ ખોટો.' તેથી ઘર-કુટુંબ બધાથી નિવૃત્તિ લઈ જંગલમાં જઈ અનશન કર્યું. બોલો, તમારે તમારા પોષેલા સંસારનાં કારણે કોઈ આપત્તિ નથી આવી ? તો સંસારને ઓળખી, એ છોડીને નિવૃત્તિ લેવી છે ?

પ્ર.- તો પછી આવું દેખાવા છતાં અમારાથી કેમ સંસાર છૂટતો નથી ?

ઉ.- મૂઢતા છે માટે. માની લીધું છે કે, 'એ તો પેલા ચાણક્યને એવું ભયંકર બન્યું. આપણે થોડું જ એવું બનવાનું છે ? પણ આ કેવી મૂઢતા છે કે દા.ત. પાકીસ્તાની જુલ્મ શરૂ થયા ત્યારે શહેરને બીજે છેડે ખુનરેજી શરૂ થઈ જવા છતાં આ છેડાવાળો માને કે, 'એ તો ત્યાં ખૂનરેજી થઈ, અહીં થોડી જ થાય એવી છે ?' એમ માનવું એ જેવી મૂઢતા ગણાય, એવી આ મૂઢતા છે કે એમ માની બેસવું કે, 'એ તો ચાણક્યની સામે દગો થયો, અમારે કશું ખરાબ થાય નહિ.'

સંસાર કૃતઘ્ન છે, ઉપકારની સામે અપકાર કરનારો છે, માત્ર વિલંબ છે એટલું જ કોઈને કાલે, તો કોઈને પરમ દિ' કે બીજાને તે પછી; પણ દ્રોહ-અપકાર-ઠગાઈ કર્યા વિના એ રહેવાનો નહિ.

સંસારનું સ્વરૂપ જ દ્રોહ-અપકાર-ઠગાઈ રાજા ચાણક્યની ક્ષમા માગે ? :-

ચાણક્યને અહીં જ આનો અનુભવ મળે છે. કઠણાઈ તે કેવી કે પેલા પોતે જ ઊંચે ચડાવેલા નવા દિવાનના પ્રપંચથી પોતાને નગર તો છોડવું પડ્યું, પણ

એટલેથી બસ નથી, તે જુઓ હજી આગળ કેવો પ્રપંચ એના જ તરફથી થાય છે.

રાજાએ દિવાનને ધમકાવી ચાણક્યની માફી માગીને એને નગરમાં બોલાવી લાવવા કહ્યું. દિવાન ગયો મનાવવા મહેનત કરી, પરંતુ ચાણક્ય માન્યો નહિ, નગરમાં આવ્યો નહિ. ત્યારે રાજા ખુદ મનાવવા આવે છે. એ પણ ક્ષમા માગતાં વિનંતિ કરે છે. મોટો રાજા ક્ષમા માગે ? હા, સમજે છે કે, 'મારા પિતા ચન્દ્ર-ગુપ્તને રાજા બનાવનાર આ છે; તેમજ મને માતાના પેટમાં જ મૃત્યુ પામી જતો બચાવી લેનાર અને હોશિયાર બનાવી ઠેઠ રાજા બનવા સુધી પહોંચાડનાર આ ચાણક્ય જ છે. ઉપરાંત નવા દિવાને ભળતું સમજાવ્યું તે ખરૂ માની લઈ આવા મહા ઉપકારી ચાણક્ય ઉપર પોતે રીસ કરીને એનો દ્રોહ કરનાર છે. આવું સમજે પછી ક્ષમા માગવી એમાં શી મોટી વાત છે ?'

રાજા બિંદુગુપ્ત ચાણક્યને કહે છે, 'મારી આ ભયંકર ભૂલ થઈ છે કે મને ખબર નહિ કે મરતી માતાના પેટમાં જ હું ન મરી જાઉં એ માટે તમે માતાનું ઉદર તત્કાલ ચીરી મને બહાર કાઢી બચાવી લીધેલો. આ ખબર નહિ તેથી મેં મોટી ભૂલ કરી કે નવા દિવાને મને ભરમાવ્યા પર મારી માતાના પેટ ચીરનાર તરીકે તમને મેં દુશ્મન માની લીધા; ને તમારા ઉપર રીસ કરી; તો તમે આટલા બધા કષ્ટમાં મુકાયા ! પરંતુ પેટ કેમ ચીરેલું એની ધાવમાતાથી ખરી હકીકતની જાણ થતાં મને મારી મૂઢતા પર અને તમને કષ્ટમાં મૂકવા પર પારાવાર પસ્તાવો થાય છે. તમે તો મારા બાપથી અધિક ઉપકારી મોટા બાપના સ્થાને છો. મારો ગુનો માફ કરો, મને ક્ષમા આપો, ને નગરમાં પધારો. તમે તો મારૂ ઘણું કર્યું છે, હવે મને તમારી સેવા કરવાની તક આપો. પધારો મારા મહેલમાં.'

જુઓ રાજાના બોલ. આમાં ચાણક્ય પર રાજાનો કેટલો બધો ઊંચો સદ્‌ભાવ અને ઊંચું ગૌરવ કરાતું દેખાય છે ! તો હવે સંસાર સારો ન લાગે ? જો ચાણક્ય માની જાય તો રાજા એને અપૂર્વ સ્વાગત સામૈયા સાથે હાથીના ઊંચા હોદ્દે બેસાડી લઈ જાય, નગર આખામાં એ ભવ્ય સામૈયું ફરે; ને પછી રાજા મહેલમાં પોતાની પાસે પૂજ્ય બાપ તરીકે રાખી એની સેવામાં તત્પર રહે. પરંતુ ચાણક્ય લોભાતો નથી. ખુદ રાજા તરફથી આવાં મોટા સન્માન અને સેવાને તુચ્છ ગણે છે. કેમ વારૂ ? કહો, એ સમજે છે કે

કાયાની અનુકૂળતા-પ્રતિકૂળતા કરતાં આત્માની અનુકૂળતા-પ્રતિકૂળતા એ મોટી વિચારણીય વસ્તુ છે.

ચાણક્યનું ઉમદા ચિંતન :-

રાજાનાં સન્માન અને સેવા મળે એ કાયાની અનુકૂળતા છે ત્યારે (૧)

સંસારથી પોતે લીધેલી નિવૃત્તિ, (૨) સ્વીકારેલું અનશન, અને (૩) પ્રતિજ્ઞાબદ્ધ નગરની બહાર રહી કરવા માંડેલું આત્મધ્યાન એ આત્માની મોટી અનુકૂળતા છે.

શાની પકડે શું જતું કરવું ?

શાના ભોગે શું પકડી રાખવું ?

કાયાની અનુકૂળતા લેવા જાવ, તો આત્માના મહાન અનુકૂળ તત્ત્વોને જતા કરવા પડે; એટલે કે આત્માની અનુકૂળતાના ભોગે જ કાયાને અનુકૂળ લેવા જવાનું થાય. ચાણક્યને આ પાલવતું નથી તેથી એ રાજાને કહે છે,

'જુઓ, મને કોઈ તમારા પર રીસ નથી. પરંતુ મારી પાછલી વયે આત્માનું સાધી લેવા માટે મેં નગર બહાર રહેવાનો સંકલ્પ કર્યો છે, અને અનશન સ્વીકારી અહીં આત્મ-ધ્યાનમાં રહ્યો છું. તેથી હવે હું નગરમાં આવી શકું એમ નથી. એટલે તમે દુઃખ કરશો નહિ. તમારા ભાવ ઊંચા છે; પણ મારી પ્રતિજ્ઞા નહિ તોડી શકું.'

આત્મધ્યાનમાં શું ચિંતવવાનું ? :-

ચાણક્યનું આત્મધ્યાન એને આ સમજાવી રહ્યું છે કે, 'જોજે તારા આત્માનું સમાલી લે જે. કાયા માયાનું સમાલી લેવામાં અનંતા કાળ વહી ગયા. એમાં કશું વળ્યું નહિ. જનમે જનમે પાછી એ જ કાયા-માયાને સંભાળવાની લોથ ઊભી રહે છે. માટે હવે તો આત્માનું સંભાળ. એ સંભાળવા માટે મુખ્ય આ જોજે કે તારા અંતરાત્મામાં અનાદિના સળગી રહેલા કષાય હવે તો શાંત પડી જાય.

(૧) ક્રોધને દાબવા ચિંતન :-

'ગળાવાઢ દુશ્મન પર પણ લેશમાત્ર ગુસ્સો નહિ, કિન્તુ ઝળહળતો મૈત્રીભાવ-સ્નેહભાવ. તારી જાત તારા આત્મા ઉપર તું કેટલો બધો સ્નેહ, કેટલી બધી મમતા રાખે છે ? ને બીજાઓ તરફથી પણ તારી જાત પર કેટલો બધો સ્નેહભાવ ઇચ્છે છે ? બસ, ભયંકર દુશ્મન પર પણ એવો સ્નેહભાવ રાખજે. તો જ ક્રોધ-કષાયની અનાદિની આગ શાંત થશે. નવો દિવાન કે રાજા તો શું દુશ્મન બન્યા હતા ? દુશ્મન તો ભયંકર કોટિના પૂર્વ ભવોમાં તેં જોઈ નાખ્યા છે. પરમાધામી કેવા દુશ્મન ? છતાં તું ક્રોધથી કેટલો એની પૂંઠે પડી શક્યો ? ભવ પૂરો થવા સાથે દુશ્મનની પૂંઠ પડતી મૂકવી પડી. તો અહીં જીવે છે ત્યાંસુધી ક્રોધથી દુશ્મનની પૂંઠ પકડીને શો લાભ ? મરતાં તો એ મૂકવી જ પડશે. માટે હવે તો જીવતાં જ મૂકી દે. વળી બહારના તો શા દુશ્મન છે ? દુશ્મન જાલિમ તો ક્રોધ છે કે જેણે તને નરક દેખાડી છે. માટે હવે ક્રોધ પડતો મૂકી બાહ્ય દુશ્મનને ક્ષમા-મૈત્રી સ્નેહથી નવરાવી દે.

(૨) અભિમાનને દાબવા ચિંતન :-

'ત્યારે હે મહાનુભાવ ! હવે અભિમાન રાખીને ય શું કામ છે ? જીવનમાં

અભિમાન સેવીને કાળાં કામ બહુ કર્યા. કાળી વિચારસરણી બહુ રાખી. એનાથી મન અને આત્મા કાળા જ બન્યા રહ્યા. પણ હવે જવાનો ટાઈમ આવ્યો, તો શું ઠેઠ જિંદગીના છેડા સુધી કાળાશ જ રાખીને પરભવે આ કાળાશની વખાર ભરી જવી છે ? ઊજળાશ-ઉજ્જવળતા લઈ જ જવી નથી ? જો કાળાશ ન લઈ જવી હોય તો એના મૂળભૂત અભિમાનને પડતું મૂક. મહાશક્તિસંપન્ન અને મહાજ્ઞાની તીર્થંકરાદિ મહાપુરુષોની આગળ તું કોણમાત્ર છે કે અભિમાન કરે ? તેમ પરમાધામી આગળ ક્યાં તારાં લેશ પણ અભિમાન ઊભાં રહ્યાં છે ? તો શું આપણાં અભિમાન પરમાધામી જ મૂકાવે ? જ્ઞાનીઓએ આપેલી સમજ અભિમાનને ન મૂકાવી શકે ? ન મૂકાવી શકે તો તું જિનશાસન પામ્યો શું ? માટે, આ વિચાર કર કે અપાર સંસારસાગરમાં ભટકતાં અતિ અતિ દુર્લભ એવાં જિનવચન હું પામ્યો છું; તો એ અતિદુર્લભ પ્રાપ્તિની રૂએ હવે મારે અભિમાન ન ખપે. ખોટી રીતે મને રંજાડનાર પરમાધામી કરતાં તો અહીં કયો મોટો રંજાડનાર કે અપમાન-તિરસ્કાર કરનાર મળે છે ? મળે તો પેલાની અપેક્ષાએ મામૂલી રંજાડનાર મળે. તો મારે હવે એની સામે લેશ પણ અભિમાન ન જોઈએ. હું માનને લાયક કોઈ ચીજ નથી. અનંતા કર્મોથી બંધાયેલો અને અનંતા દોષોથી ભરચક ભરેલો હું ગુલામ, અભિમાનનો મને અધિકાર નથી. બસ, મારા દિલમાં પરમ લઘુભાવ-મૃદુભાવ-નમ્રભાવ બન્યા રહો; અને વિરોધી દેખાતા પણ પરના ગુણ પર, સુખ પર, પ્રમોદભાવ રહ્યા કરો, તથા એની ભૂલભાલ પર નીતરતો કરુણાભાવ મારા હૈયે વહ્યા કરો.

(૩) માયાને દાબવા ચિંતન :-

'હે જગતથી પર આત્મન્ ! તારે માયા-વક્રતા-શઠતા પણ હવે સળગતી રાખવાની જરૂર નથી. હવે તો તું તદ્દન સ્વચ્છ-સરળ-નિખાલસ બની જા. તારે જો પરલોકમાં અહીંથી ગુણસંપત્તિ લઈ જવી છે, તો સમજી રાખ કે તે સરળ દિલમાં જ સ્થાન પામી શકશે. ખાડાખચિયાવાળી જમીનને સરખી કર્યા વિના એના પર ઈમારત ક્યાંથી ઊભી કરી શકાય ? એમ માયાભર્યા જીવને તદ્દન સરળ બનાવ્યા વિના એમાં ગુણોની ઈમારત ન સરજી શકાય. એ ટકે જ નહિ. માયા તો સંસારની માતા છે. એ અનેક ભવોને જન્મ આપે. બીજાઓ સામે અહીંની માયા ટકે એક જ ભવ, પણ એનું પરિણામ ? અનેકાનેક ભવોમાં ભટકવાનું ! ને તેમાં ય અહીંની માયાના સંસ્કાર જથાએ નવી નવી માયાનો રોગ જ ચાલુ રહે ! માયામાં કેવી દુર્દશા ! માટે જીવ ! મૂક આ માયાના જાલિમ રોગને; ને બિલકુલ સરળભાવ રાખી લે.

(૪) લોભને દાબવા ચિંતન :-

'ત્યારે, હે મહા વિવેકવંતા જીવ ! લોભની આગને તો હવે લેશમાત્ર

સળગતી રાખીશ નહિ. લોભ તો સઘળાં પાપનો બાપ છે. જીવ કોઈ પણ પાપ કરવા પ્રેરાય છે તે કોઈ ને કોઈ લાલસાએ, ને એ લાલસા લોભનું રૂપક છે. લૂંટારા જંગલમાંથી પસાર થતાને મારે છે તે પૈસાના લોભે. ત્યારે કોઈના પર દુશ્મનાવટથી એને મારવાનું માણસ કરે છે તે પણ મૂળ કોઈ વસ્તુ પર રાગ હશે તેની આડે આવનાર તરીકે આના ઉપર દ્વેષ કરે છે.

'હે પામર જીવ ! તું ધ્યાન રાખજે, (૧) તું ૮૪ લાખ યોનિઓમાં અનંતાનંત કાળથી પરિભ્રમણ કરી રહ્યો છે તે મૂળ વિષયરાગનાં કારણે. (૨) એ અનંતાનુબંધી રાગ જ મિથ્યાત્વને પોષે છે. (૩) એ નિબિડ રાગદશા જ જીવનો અનાદિનો સહજ મળ છે. એમાં ભારે હ્રાસ કર્યા વિના શુદ્ધ ધર્મની યોગ્યતા જ નથી આવતી. હવે રાગને-લોભને પોષીને શા સારૂ ધર્મની યોગ્યતા ગુમાવે ? અનંતા ચૌદ પૂર્વધર મહર્ષિઓ રાગમાં ફસાઈને જ ઠેઠ એકેન્દ્રિય નિગોદ સુધી ઊતરી ગયા. આ રાગની ભયંકરતા ઓછી છે કે ઠેઠ સંસારના કિનારે આવી ગયા જેવા, કેમકે પૂર્વગત જ્ઞાનવાળા કેવળજ્ઞાને પહોંચાડનાર શુકલધ્યાનના અધિકારી છે, એમને પણ રાગ બધું સારૂ ભૂલાવી નષ્ટચૈતન્ય જેવા એકેન્દ્રિય બનાવી દે ! અને તે પણ કોણ જાણે એકેન્દ્રિયપણામાંથી હવે ક્યારે બહાર નીકળશે ? ત્યારે (૫) જીવની આ કેવી ભારેમાં ભારે મલિનતા ? આટલે ઊંચે આવ્યા પછી હવે પાછો રાગ-લોભ-આસક્તિની આ ભયંકર મલિનતાને પોષીશ ? ચૌદ પૂર્વીની જેણે શરમ નથી રાખી એ રાગ તારા જેવા પામરની શી શરમ રાખશે ?'

ચાણક્યનો નિર્ધાર :-

ચાણક્ય આત્મધ્યાનમાં પોતાના આત્માને એક પણ કષાય સ્પર્શી ન જાય એ માટે આવાં આવાં ચિંતનમાં રક્ત રહેતો. એને હવે રાજા બિંદુગુપ્ત મનાવે કે, 'તમે શહેરમાં ચાલો, તમારા અથાગ ઉપકારના બદલામાં મને સેવાનો લાભ લેવા દો, તેમજ મારી અણસમજમાં થયેલી મારી ભૂલનું વળતર વાળવા દો,' તો એ મનામણાંથી ચાણક્ય શાનો લોભાય ? એણે રાજાને પોતાનો નિર્ધાર પોતાની પ્રતિજ્ઞા જણાવીને એ પાળવારૂપે ત્યાં જ રહેવાનું નિશ્ચિત જણાવી દીધું. સાથે કહ્યું,

'જુઓ મહારાજા ! આ પરથી એમ જરાય ન માનશો કે મને કશી રીસ છે, યા તમારા કે નવા દિવાન પ્રત્યે લેશમાત્ર દ્વેષ કે અરુચિ છે. હવે મારે મારા આત્માને બચાવી લેવાની જ તમન્ના હોવાથી એને ક્રોધાદિ કષાયોથી અલિપ્ત રાખવા પ્રયત્નશીલ છું. તમો સૌનું ભલું થાઓ એમ ઇચ્છું છું.'

પત્યું, રાજાએ એનો નિર્ધાર જાણી આગ્રહ માંડી વાળ્યો, અને એના ઉપશમભાવની ખૂબ જ અનુમોદના કરતો કરતો નગરમાં ચાલ્યો ગયો. નગરમાં

જઈને નવા દિવાનને બોલાવીને બધી હકીકત કહેતાં ચાણક્યના ખૂબ ગુણ ગાયા, અને દિવાનને ભલામણ કરી કે તમારાં પાપનાં પ્રાયશ્ચિત્ત રૂપે હવે શક્ય હોય એટલું ચાણક્યનું સન્માન કરો.

માણસમાં નિર્મળ ત્યાગ-ગુણ હોય તો એનું બીજાને કેવું આકર્ષણ થાય છે ! રાજા બિંદુગુપ્તનું મન ચાણક્ય પર ઓવારી જઈ એને કાંઈનું કાંઈ થઈ જાય છે, જાણે 'એની કેવી કેવી સેવા ને કેવું કેવું સન્માન કરી દઉં !' પરંતુ ચાણક્યના ભારે ત્યાગ આગળ નાઈલાજ !

જગતમાં પૈસા-ટકા-ઠકરાઈ કે વિદ્વત્તાનાં જે આકર્ષણ નથી એ ત્યાગ-સંયમ-સહિષ્ણુતા ગુણનાં છે.

ત્યાગમાં લૂંટણગીરી : અને દૃષ્ટાંત :-

અલબત્ત બીજાનાં આકર્ષણની લાલચે ત્યાગગુણ નથી કેળવવાનો; કેમકે એમાં તો ભલે પૈસા વગેરેનો ત્યાગ કર્યો, પરંતુ આકર્ષણની લાલચમાં બીજાનાં માન મળે. બહારમાં નામના વધે, કીર્તિ વધે, એનો રાગ ભારે આવી ગયો, પણ એનો ત્યાગ ન કેળવી શકાયો. ત્યારે પૈસા કરતાં માન-વડાઈ-કીર્તિ એ મોટી ચીજ છે એટલે તો મોટી ચીજના રાગની ખાતર નાની ચીજનો ત્યાગ કર્યો, ત્યાં અંતરાત્મામાં ખરેખર ત્યાગગુણ ક્યાં આવ્યો ? એ તો એક સોદો કર્યો. સોદો ય લૂંટણગીરીનો.

દા.ત. જેમ કોઈ માણસ નાણાં-ભીડમાં આવી ગયો હોય, આબરૂ જાય એવી સ્થિતિ બની હોય, ત્યારે એને નાણાંની ગરજ છે, એટલે નાણાં માટે મોટી કિંમતનું ઘર મોર્ગેજ મૂકવા તૈયાર થાય. ત્યાં, 'ચાલો, એ પછીથી પૈસા ક્યાં પાછા વાળી શકવાનો છે ! ઘર પછી જશે,' એમ કરીને કોઈ એને પૈસા આપે, અને ઘર લખાવી લે, તે એ શરતે કે, 'અમુક સમયમાં પૈસા પાછા વાળ્યે ઘર છૂટું થાય, નહિતર ઘરની માલિકી ગુમાવે.' આ પૈસા આપ્યા એ સામાને ગરજુ દેખી મોટી કિંમતનું ઘર બથાવી પાડવા માટે આપ્યા કહેવાય. એવી રીતે અહીં દુનિયામાં વડાઈ મળે છે, માન મળે છે, એ કિંમતી ચીજ છે માટે એ મેળવવા પૈસા આપવાનું કર્યું એ લૂંટણગીરી કરી ગણાય, પણ ત્યાગ કર્યો ન કહેવાય.

તપમાં લૂંટણગીરી :-

ત્યાગગુણ તો એ, કે બદલામાં કશું જોઈતું ન હોય. તપ કરવો છે, પણ પારણે ઘીકેળામાં સાટું નથી વાળવું, તો એ તપ એટલે કે આહારની ત્યાગવૃત્તિ કરી કહેવાય. માટે તો મોટો પણ તપ કરનારા જો તપ વિનાના દિવસોમાં ખાવા પાછળ આકુલવ્યાકુલ થતા દેખાતા હોય, તો એનું કારણ આ જ છે કે તપના બદલામાં એમને સવાયું જોઈએ છે. ત્યારે નાનો પણ તપ કરનારા કિન્તુ બદલાનાં

ખાનપાનની કશી વડાઈ કે કશા તપસ્વી તરીકેનાં માન-સન્માન નહિ ઇચ્છનારા, એનામાં તપગુણ ત્યાગગુણ ખીલી ઊઠે છે.'

આમાં એક વસ્તુ છોડી દુન્યવી બીજી વસ્તુ જોઈએ છે, તો એમાં પેલી છોડવાની ક્રિયા ખરેખર ત્યાગ નહિ ગણાય. એ હિસાબે લોકનાં આકર્ષણની લાલચે પૈસાદિનો ત્યાગ કરવામાં ત્યાગગુણ નથી ખીલતો. માટે કહ્યું, ત્યાગ કરવાનો તે લોકનાં આકર્ષણની લાલચે નહિ. એમાં તો ઓલામાંથી ચૂલામાં પડવાનું થાય. છતાં ત્યાં આકર્ષણ ઊભું થાય છે, એ સાચા ત્યાગગુણની વડાઈ છે, ત્યાગગુણનો પ્રભાવ છે.

ત્યાગ દેખી લોકનું આકર્ષણ શાથી ? કહો, એમાં લોકનું દિલ ઠરે છે.

ભવ્યાત્માને પોતાને ભલે પૈસાનો બહુ રાગ છે, ખાવાના રસિયાને ખાનપાનનો રાગ છે, વિષયઘેલાને વિષયોનો ભારે રાગ છે, પરંતુ જો એમાં ઊંડે ઊંડે પોતાની આ રાગદશા પર નફરત છે, તો બીજાનો સાચો ત્યાગ દેખી એનું દિલ ઠરવાનું. કહો, કોઈનો સારો ત્યાગ દેખીને તમારૂ દિલ ઠરે છે ? તો એના પર આશ્વાસન લઈ શકો કે મને પોતાને એ ત્યાગ કરાતી વસ્તુ પર ઊંડે ઊંડે અરુચિ છે, વૈરાગ્ય છે. અલબત વૈરાગ્યની માત્રા ઓછી વધતી હોઈ શકે. પણ ત્યાગનું આકર્ષણ વૈરાગ્યનું સૂચક છે. વાત આ, કે આકર્ષણમાં દિલ ઠરવું જોઈએ. કોઈનો સંસારત્યાગ કે કોઈનું બ્રહ્મચર્ય જોઈ દિલ ઠરે છે ? તો એ દિલના ઊંડાણમાં સંસાર પર વિષયો પર વૈરાગ્ય હોવાનું સૂચક છે, ત્યાગનો પ્રેમ હોવાનું લક્ષણ છે.

ત્યાગનું આકર્ષણ વૈરાગ્યનું સૂચક છે.

ત્યાગનો પ્રેમ હોય તો ત્યાગ જોઈને દિલ ઠરે, દિલ આકર્ષાય.

ચાણક્યનો ત્યાગ દેખીને રાજાનું દિલ ખૂબ આકર્ષાયું; તે પેલા નવા દિવાનને કહે, 'જાઓ જાઓ આ તો મહાન આત્મા છે. એનાં સન્માન કરો. એમાં તમારાં એના પર ખોટું આળ ચડાવવાના પાપનું થોડું વારણ પણ થશે.'

પરંતુ નવો દિવાન હવે જુએ છે કે 'આ તો હું હલકો પડ્યો અને વળી કોને ખબર, ચાણક્ય વળી બહુ આકર્ષાયેલા રાજાને ચડાવી મારી જગાએ કોઈ બીજાને દિવાન બનાવવાનું કહે તો ? માટે હવે ચાણક્યને જલ્દીથી સિફતથી પરલોક પહોંચાડી દઉં.'

કેમ આવી ગોઝારી બુદ્ધિ ?

કહો, (૧) પોતે હલકો પડ્યો છે પોતાનાં અપલક્ષણે, છતાં હલકાઈ સામે વૈર વાળવું છે. તેમજ, (૨) બીજું એ, કે પોતાની દિવાનગીરીનો કારમો લોભ છે તેથી અસત્ કલ્પનામાં ચડે છે કે કદાચ આ ઝૂંટવાઈ જાય તો ?

માણસની આ કેવી દુર્દશા ! કોઈના પર ખોટો આરોપ ચડાવી આવે, ને

પછી એ કોઈના તરફથી ખોટો હોવાનું પૂરવાર થાય એટલે એના પર દ્વેષ કરે ! આ દુર્દશા નથી ? તેમ પોતાના પદના હોદ્દાના લોભે નિર્દોષ અને મહા ઉપકારી માટે પણ ખોટી કલ્પનામાં ચડે, ને એથી એનું કાસળ કાઢવા ઇચ્છે, આ પણ દુર્દશા નથી ? પરંતુ

સંસાર જ એવો છે કે એ જીવોને આવી દુર્દશામાં ઉતારી દે કે ખોટા પર નવું ખોટું કરાવે ! વળી,

સંસાર છે માટે ખોટા રાગ છે; ને સંસાર એ રાગ પોષવા માટે જીવની પાસે અઘટતાં કામ કરાવે છે.

નવા દિવાનનો ચાણક્યને મારવાનો પેંતરો :-

નવા દિવાને ચાણક્યનો ફેંસલો કરી નાખવા માટે એવું કર્યું કે એ સમી સાંજે દીવા, ધૂપ, વાજિંત્રવાળા, વગેરે સામગ્રી લઈને ઊપડ્યો નગર બહાર. ચાણક્ય પાસે જઈ એની ક્ષમા માગી, અને પછી એની સુંદર સ્તુતિ ગુણગાન કરવા લાગ્યો. એની આગળ દીવા સળગાવ્યા, ધૂપ મઘમઘાવ્યો, વાજિંત્ર વગડાવ્યા. લોકો જોનારને એમ લાગે છે કે 'વાહ ! કેવો મહાન ત્યાગ અને કેવી કઠોર આરાધના ચાણક્ય કરી રહેલ છે ! ને એના કેવાં સુંદર સન્માન કરાઈ રહ્યાં છે !' પછી દીવા ધૂપ એમ જ રાખીને દિવાન પાછો વળે છે; પરંતુ પાછળથી મોડેથી ત્યાં જઈને ધ્યાનમાં બેઠેલ ચાણક્યની આસપાસ એવો ભારી ધૂપ કરે છે કે એના ગોટેગોટામાં ચાણક્ય ઢંકાઈ જાય છે, અને એના શ્વાસમાં ધૂપ જ ધૂપ એટલો બધો લાગી જાય છે કે એમાં ને એમાં ગૂંગળાઈ મરવાનો પ્રસંગ ઊભો થઈ જાય છે.

ચાણક્યને અહીં અનહદ ગૂંગળામણમાં મૃત્યુની પીડા આવીને ઊભી રહે છે. વેદના અતિશય છે, પરંતુ જેણે દિવસોનાં ચિંતનથી આત્માને કાયાથી તદ્દન જુદો, અને જુદી પ્રકૃતિવાળો મનને ઠસાવી દીધો છે, તેમજ રાગ-દ્વેષાદિ કષાયોની ભયંકરતા મૂળમાંથી ઓળખી લઈને એને શાંત પાડી દીધા છે, એ હવે કાયા પર રાગ શાનો કરે ? ને કાયા પર જો રાગ નહિ તો એની પીડામાં શું કામ આકુળવ્યાકુળ થાય ? સાવકી માતાને જો શોક્યના પુત્ર પર જરાય રાગ નથી હોતો, તો એ પુત્રના શરીર પર ગમે તેટલી પીડા હોય છતાં એને ક્યાં દુઃખ થાય છે ? એનું કલેજું ઠંડું રહે છે. એમ ચાણક્યને પોતાના પણ તદ્દન પર માનેલા શરીર પર ભારે પીડા છતાં કલેજું ઠંડું છે, કશી હાયવોય નથી. અખંડ સમાધિ ઠેઠ સુધી જાળવી રાખે છે.

કાયા એ ઓરમાયો પુત્ર એના પર રાગ નહિ, તો એનાં દુઃખે દુઃખ નહિ.

વાત આના પર હતી કે કાયાની અનુકૂળતા જોવાની ? કે પોતાના આત્માની ? કોના ભોગે કોને સાચવવાની ? આત્માને અનુકૂળતા ભલે ન રહે,

ભલે એને પ્રતિકૂળતા ઊભી થાય, પણ કાયાને અનુકૂળ અનુકૂળ બનાવવાનું ? કે કાયાને ભલે અનુકૂળતા ન રહે અને પ્રતિકૂળતા થાય, કિન્તુ આત્માને અનુકૂળ બનાવવાનું ? બેમાંથી કયો વિકલ્પ હાથ ધરવાનો ? કયો વિકલ્પ મનને પસંદ ?

ચાણક્યે આ જોયું કે, 'અહીંથી મોતના ડરે ભાગી જાઉં એ કાયાને અનુકૂળ છે, કેમકે ગૂંગળાઈ મરવાની પીડાથી બચાય, ને સુખે જીવાય; પરંતુ આત્માને એ કશું અનુકૂળ નથી. પૂછો ને

એકવાર ધર્મ તોડી પછી બહુ ધર્મ કરે એમાં શાં વાંધો ?

પ્ર.- આત્મા ભાગી જઈને લાંબું જીવે તો એમાં ધર્મ વધુ સધાય એ અનુકૂળ ખરૂ ને ?

ઉ.- એ સધાવાનું તો પછી, પણ અહીં સાધના વખતે જે વિહ્વળતા કરી, મોતનો પીડાનો ભય સેવ્યો એથી ધ્યાન અને સહિષ્ણુતાનું મૂલ્ય ઘટાડી કાયાની સ્વસ્થતા-સુખશીલતાની અનુકૂળતાનું મૂલ્ય વધાર્યું, એનું શું ? આત્મામાં એ આવા જ સંસ્કાર પાડે કે, 'કાયાની સુખાકારિતા પહેલી, ને આત્માની ધ્યાન-સહિષ્ણુતા વગેરેની અનુકૂળતા પછી. આ સંસ્કાર શું પછીની ધર્મસાધનાથી ભૂંસાય ? શી રીતે ભૂંસાય જ્યાં 'કાયાની સુખાકારિતા પહેલી' એ ધોરણ પર તો ઉત્તમ ધ્યાન વગેરેને જતા કર્યા છે ? હા, ફરીથી પ્રસંગ આવ્યે અંતરાત્મામાં જોમ ઊછળતું કર્યું હોય અને,

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" **વર્ષ-૨૨,અંક-૬,તા.૧૩-૧૦-૧૯૭૩**

'ધર્મ અર્થે ઈહાં પ્રાણને જ છંડે, પણ નહિ ધર્મ.'

એમ કરી, એ યોગ્યતા અને સત્ત્વ વિકસાવીને ધર્મ ટકાવી રાખવા પ્રાણને ય જતા કરે, પણ પ્રાણ ટકાવવા ધર્મને જતો ન કરે, તો પૂર્વના કાયરતાના સંસ્કાર, 'કાયાની અનુકૂળતા-સુખકારિતા પહેલી' ના સંસ્કાર ભૂંસાય. પણ આ જોમ લાવવું ક્યાંથી ? કેમકે પહેલાં અવસર મળવા પર તો આત્માની અનુકૂળતાને ગૌણ કરી. કાય-સુખાકારિતાને પહેલી આગળ કરી, મુખ્ય કરી; એથી કાયરતાનો સંસ્કાર ઊભો થઈ ગયેલો, તે સંસ્કાર હવે જોમ શાનું ઊઠવા દે ? અવસરે અવસરે આપણે આત્માની અનુકૂળતા તરીકેની દાનાદિ ધર્મ-સાધના-ક્ષમાદિગુણસાધના ને દેવ-ગુરુભક્તિ-ઉપાસનાને જતી કરી કાયાની અનુકૂળતા તરીકેની ધનરક્ષા-શરીર સુખરૂપતા અને દુન્યવી બાબતની સાચવણી કરતા રહીએ છીએ એટલે જ જડમમતા અને કાયરતાના સંસ્કાર દૃઢ થતા જાય છે. એના બળ પર પછી આત્મહિતના

પુરુષાર્થની વાત આવે ત્યાં ગળિયા થવાય છે, એ પુરુષાર્થ અશક્ય લાગે છે.

કાયાની તકલીફથી એક સાધના તોડી, પછી કાયસુખની કિંમત વધી; એમાં કાં તો આત્મહિતના પુરુષાર્થ નહિ થાય, અગર થશે તે કાયસુખ સાચવીને, એટલે કે મુડદાલ.

ત્યારે અહીં પેલા અમરકુમારને સગા માબાપ દ્વારા વેચાવું પડ્યું, ને ઠેઠ સળગતાં કુંડમાં ઝીકાઈ જવા સુધીની સ્થિતિએ પહોંચવું પડ્યું. એમાંથી એને નવકારના પ્રભાવે બચાવ મળી ગયો, ને નવકાર એ આત્માની વસ્તુ, તેથી કાયાને બદલે આત્માનાં એણે ઊંચા મૂલ્ય આંક્યાં. તે એવાં કે હવે કાયસુખને આત્મહિત આગળ વિસાતમાં નહિ ગણવાનાં એને એવો સજ્જડ બોધપાઠ મળ્યો તે હવે રાજા કેવી ઓફર કરે છે, ને અમરકુમાર કાયાની અનુકૂળતામાં કેવો ફસાતો નથી, એ જુઓ.

રાજાની વિનંતિથી, મૂર્ચ્છિત પડેલા બ્રાહ્મણોને, અમરકુમારે નવકારમંત્રના પ્રભાવે સ્વસ્થ કર્યા, એ જોઈને પણ રાજા વિશેષ આશ્ચર્ય પામ્યો કે, 'અહો ! આની પાસે કોઈ દેવની યા ધર્મની જબરદસ્ત ઓથ છે. જેથી એ મનુષ્યશક્તિની બહારના આવાં કાર્ય કરી શકે છે. તો પછી એ ઓથ વિનાનો હું શું રાજ્ય ચલાવી શકું ? રાજ્ય ચલાવવામાં તો કેઈ જટિલ પ્રશ્ન આવે એ આવી ઓથ પર જે હલ થઈ શકે એ આવી ઓથ વિના હલ ન થઈ શકે. માટે રાજ્ય આને જ સોંપું.'

રાજાની ઓફર :-

એમ વિચારી રાજા અમરકુમારને કહે છે કે, 'તમે આ મારી રાજ્યગાદી સંભાળી લો. તમે સમર્થ છો તેથી મારા કરતાં રાજ્ય સારૂ ચલાવી શકશો અને પ્રજાનું સારૂ ભલું કરી શકશો.'

અમરકુમાર લોભાય કે નહિ ? પોતે આ ચમત્કારની રૂએ રાજ્ય માગતો નથી. પણ સામેથી રાજ્ય સ્વીકારવાની વિનંતિ આવે છે. તે પણ આગ્રહ અને હેતુપૂર્વક. તો શું મનને એમ ન થાય કે, 'લાવો ત્યારે આ ભાવમાં ખોટું નથી. રાજ્ય લઈ લેવા દો. રાજ્ય મેળવીને એમાં ઘણો ધર્મ ફેલાવી શકીશું.' આવું મનને ન થાય ?

પરંતુ અમરકુમારની દૃષ્ટિ સામે માત્ર આ જીવન નહિ, પણ પૂર્વનો ભવ અને ભવિષ્યનો દીર્ઘ પરલોકકાળ આવે છે. પૂર્વભવ સૂચવે છે કે ધર્મથી મળેલા આ જીવન ધર્મસાધના માટે જ છે, જેથી આગામી ભવ પણ સારો મળે; ને ભાવી દીર્ઘકાળ સુખદ સર્જાય. એ સરજાવામાં રાજ્યસત્તા ઉપયોગી ન થાય. ત્યારે પૂછો,

રાજ્ય લેવાથી ધર્મ ન થાય ? :-

પ્ર.- કેમ નહિ ? રાજ્યસત્તા ભોગવતાં ધર્મ-પ્રભાવના ખૂબ કરાય, તેથી

ભાવી કાળ સારો સરજાય ને ? રાજા કુમારપાળને એમ સરજાયો ને ?

ઉ.- સંકુચિત દૃષ્ટિથી નહિ જોવું. દૃષ્ટિ પહોળી કરો; તો દેખાશે કે ઠીક છે એ ધર્મસાધના-પ્રભાવના તો સારી પણ એ સિવાયની રાજ્યસત્તાની રૂએ પાપ-પ્રવૃત્તિ કેવી કેવી અને કેટલી ? પોતાનું ગજું વિચારવું જોઈએ કે રાજ્યપાટ ભોગવતાં મારૂ એ સામર્થ્ય છે ખરૂ કે મને અભિમાન નહિ થાય ? વિષયવિલાસ નહિ સેવાય ? મહાઆરંભ અને મહાપરિગ્રહની બુદ્ધિ તથા રૌદ્રધ્યાન નહિ થાય ? ગુનેગારને ભયંકર સજા કરવાનું મન નહિ થાય ?' આ અભિમાન વગેરેથી બચવાનું મારૂ ગજું નથી, તો પછી રાજ્યસત્તા સ્વીકારી લઈ એ બધામાં પડીને ક્યાં જવાનું ? મહા આરંભ મહા પરિગ્રહ અને રૌદ્રધ્યાનથી જીવ નરકે જાય છે. એટલે અહીંની થોડા જ વરસોની તુચ્છ રાજ્યસત્તામાં પડી અતિ ભયંકર અસંખ્ય વરસની નરક-યાતના ખરીદી લેવી ? કહો છો રાજા કુમારપાળ સ્વર્ગે ગયા, પણ એવા સ્વર્ગે જનારા રાજા કેટલા ?

રાજ્ય એટલે નરકશ્રી. ધર્મના લોભ કરતાં પાપનો ભય પહેલો જોઈએ; કેમકે ધર્મની યોગ્યતામાં જ પાપભયનો સમાવેશ છે.

જેને પાપ ખટકતાં નથી એ ધર્મનો પ્રેમ શું કરી શકે ? પાપના ખટકારા વિના ધર્મપ્રવૃત્તિ તો થાય, પરંતુ અંતરમાં ધર્મની પરિણતિ ન થાય. નાનકડો દેવદર્શન જેવો ધર્મ પણ પાપ ખૂંચતા હોય તો જ સાચી કોટિનો થાય; ને એ ફળે. કુમારપાળ રાજાને પાપનો ભારે અફસોસ રહેતો તેથી એમના અંતરમાં ધર્મ પરિણામ પામેલો.

વિટંબણા જ આ છે કે ધર્મ તો કરી લેવાય છે, પરંતુ પાપ ખટકતાં નથી; પાપની અફસોસી જાણે પાલવતી નથી ! 'પાલવતી નથી' એટલે સમજ્યા ને ? કોઈ ગરીબની પત્ની ખર્ચાળ ઠાઠ-ઠઠારો કરવા માગે તો પતિ એને કહી દે છે કે. 'આપણા ઘરમાં એ નહિ પાલવે. મેં તો તમને લગ્ન પહેલેથી કહ્યું હતું કે હું ગરીબ છું. તમારે મારી સાથે ગરીબીથી રહેવાનો મોખ હોય તો જ મારી સાથે લગ્નથી જોડાજો. હવે ઠઠારો શાનો માગો છો ? આ ઘરમાં ઠઠારો નહિ પાલવે.' 'નહિ પાલવે' એટલે કે રાખી શકાશે જ નહિ.' એમ આજે કેટલાક એમ સમજી બેઠા છે કે સંસાર ચલાવવો છે માટે પાપ તો કરવાં જ પડે. એટલે પછી એમાં પાપની અફસોસી પાલવે જ નહિ, એટલે કે પાપની અફસોસી રાખી શકાય જ નહિ આમ પાપ તો કરવાનાં જ, પણ તો ય પાછાં ખુશીખુશાલીથી કરવાનાં. એમાં કશી અફસોસી રાખી શકાય જ નહિ. આવું માની બેઠા છો ને ?

પાપની અફસોસી નથી તેથી જ દિલ સંસારમાં સંસારની વસ્તુમાં જે ઠરે

છે, એ ધર્મમાં ઠરતું નથી.

જેને પાપમાં અફસોસી નહિ, એ ભવાભિનંદી; એ ધર્મને અયોગ્ય :-

પાપની અફસોસી પાલવતી જ ન હોય, એટલે મન એવું નક્કી કરી બેઠું હોય છે કે, 'પાપ કરવું જાણીને, ને વળી પાછું એના પર રોવું ? ના બને એ. ખપ એનો સોસ (અફસોસ) નહિ.' આમ પાપમાં રુદન નથી પાલવતું એટલે દિલ એમાં ખુશખુશાલી જ રહે એ સ્વાભાવિક છે.

જૈનશાસન જેને પાપની અફસોસી પાપમાં રુદન ન પાલવે, પાપમાં ખુશખુશાલી પાલવે, એવા જીવોને ભવાભિનંદી કહે છે. એ જીવો ધર્મ માટે લાયક નથી, એમ કહે છે. માત્ર સમ્યક્ત્વ માટે જ નહિ, પણ એની પૂર્વભૂમિકારૂપ અપુનર્બંધક દશા માટે જ પણ શાસ્ત્ર કહે છે કે,-

'પાપ નવિ તીવ્ર ભાવે કરે, જેહને નવિ ભવરાગ રે...'

'તીવ્ર ભાવે' એટલે રાચી માચીને અર્થાત્ ખુશ-ખુશાલીથી એ પાપ ન કરે, એમ ભવ-સંસારનો એને રાગ ન હોય, સંસાર પર બહુમાન નહિ. આ તો જ બને કે સંસારની ફસામણી અને પાપસેવન ખટકતાં હોય, એની અફસોસી હોય.

'પાપ રોજ, ને અફસોસી રોજ' પર દૃષ્ટાંતો ? :-

(૧) પાપો રોજ સેવવાં, ને પાછું એની અફસોસી કરવી ? હા, જીવનમાં એવું કેટલું ય બને છે કે રોજ સેવવું પડતું હોય છતાં રોજ અફસોસી હોય. બિમારી હોય તો ઘરમાં સૂઈ રહેવું પડે છે, છતાં એમાં અફસોસી રહે છે કે નહિ ? એમ જો સંસાર અને પાપને બિમારી સમજો તો પછી સંસારવાસ અને પાપસેવન રોજ કરવા પડે છતાં રોજ એની અફસોસી રહે. તો જ મનને એમ થાય કે ક્યારે આ બિમારી હટે ! મોહનો રોગ હટે ! ને હું સંસારની પથારીમાં બહાર નીકળી જાઉં ! પાપશયનમાંથી બહાર નીકળી જાઉં !'

(૨) માથે દેવું હોય, ને લેણિયાત વેપારી રોજ ઊઘરાણી કરતો હોય, ત્યારે રોજ ના કહેવી પડતી હોય તો એમાં અફસોસી હોય છે. તેથી મનને એમ થાય છે કે ક્યારે પૈસા આવે ને દેવું આપી દઉં જેથી આ ધક્કા ખાય નહિ, ને મારે ના કહેવી પડે નહિ ! એમ, પાપ સેવવામાં અફસોસી રહેતી હોય, તો મનને એમ થાય કે, 'ક્યારે ધર્મનો રંગ વધી જાય, ને સંસારનું દેવું પતાવી નાખું.'

સંસારનું દેવું પતાવવા માટે ધર્મનો રંગ એ નાણું છું.

સંસાર કેમ નથી છૂટતો ? બીજા ત્રીજા બહાનાં કાઢશો નહિ. અંતરમાં આ સમજી રાખશો કે હજી મને સંસારની બાબતોનો જેવો રંગ છે, એવો ધર્મનો રંગ નથી, તેથી જ આ સંસાર છૂટતો નથી. આવું માનશો તો ધર્મનો રંગ વધારવાનું

મન થશે, ને એ રંગ વધતાં વધતાં પાપ પતાવતા અવાશે, અર્થાત્ પાપનો ત્યાગ કરતા અવાશે.

પણ મૂળ પાયામાં પાપની અફસોસી રહેવી જોઈશે. 'રોજ આ ખા-ખા કરવાનું શું ?' એવી અફસોસી રહેતી હોય, તો ધર્મનો રંગ વધવાથી કોઈ દિવસે ઉપવાસ-એકાસણું-આંબેલ કરવાનું મન થશે, ને એ કરાશે તે ખુશખુશાલીથી.

(૩) રોજ ખાવું ને રોજ અફસોસી ?

હા, કોઈની શરમજનક ગુલામી કરીને ખાવું પડતું હોય તો એવું રોજ ખાવા ઉપર રોજ અફસોસી થાય છે ને ? એમ અહીં જો સમજી રાખો કે આ મારે કર્મની ગુલામી કરીને ખાવું પડે છે. કર્મે એવું શરીર પકડાવ્યું છે, ને એવી રોજ ક્ષુધાવેદના ઊભી રાખી છે કે રોજ ખાવું પડે,' જો આ સમજ હોય, ને કર્મની આ રોજની ગુલામીની શરમ લાગતી હોય, તો રોજ ખાવું ને રોજ અફસોસી થાય.

(૪) ઉનાળામાં ઘામવાળી સભામાં બેસવું પડ્યું હોય ત્યાં ઊઠી શકાતું નથી, છતાં અફસોસી ચાલુ રહે છે.

(૫) શેઠાઈના કોડવાળાને નોકરી રોજ ભરવી પડતી હોય, છતાં એને રોજ અફસોસી રહે છે. એમ પાપનો ઘામ લાગતો હોય, ને નિષ્પાપ જીવન અને ધર્મ-શ્રીમંતાઈના કોડ હોય, તો રોજ પાપ ને રોજ અફસોસી રહ્યા કરે.

સારાંશ, એવું નથી કે જે ક્રિયા રોજ કરવી પડતી હોય, એની અફસોસી ન રહે. દુન્યવી બીજી બાબતોની જેમ આમાં પણ આવું છે કે સંસારવાસ રોજનો હોય, પાપસેવન રોજનાં હોય, છતાં એની અફસોસી રોજ રહ્યા કરે. એ રહે તો જ ધર્મનો રંગ આવે; ધર્મનો રંગ આવ્યા પછી પણ એને વધારતા રહેવાનું દિલ હોય, પુરુષાર્થ થાય, એ બધું પાપની અફસોસી વધવા પર.

આમાં પરસ્પર સાપેક્ષભાવ છે.

ધર્મનો રંગ વધારતા રહેવાય એટલે પાપની અફસોસી વધતી ચાલે. એમ, પાપની અફસોસી વધારતા રહેવાય એમ ધર્મનો રંગ વધતો આવે.

મુનિને જિનાજ્ઞા પાલનની તમન્ના હોય, એટલે સંયમધર્મ સુંદર રીતે પાળવાનો ઉછરંગ હોય છે. એથી મુનિમજીવનમાં જ્યાં જ્યાં સ્ખલના થતી હોય ત્યાં ત્યાં એની અફસોસી રહ્યા કરે છે. એ અફસોસી વધતી ચાલે એમ સંયમધર્મ પાળવાનો રંગ વધતો ચાલે છે. એ રંગ વધતાં સંયમધર્મનાં પાલનનો પુરુષાર્થ વધે છે, પરાક્રમ વધે છે, એટલે પછી સ્ખલના-અતિચાર દોષ ઘટતા આવે છે; અને છતાં જે કાંઈ ઝીણી સ્ખલના હજી રહ્યા કરે છે, એની ભારે અફસોસી રહે છે. આમ જ મહાપુરુષોનાં જીવન સમય જતાં ઉન્નત અધિક ઉન્નત બનતા જાય છે.

શ્રાવકજીવનમાં પણ આવું છે. દા.ત. ધનસંગ્રહ-પરિગ્રહ-પાપની અફસોસી હોય, તો દાનધર્મનો રંગ જાગે. એ રંગથી દાન દેવાતું જાય, તેમ દાનધર્મનો રંગ વધતો જાય. એ વધે એમ પરિગ્રહ પાપની અફસોસી વધતી આવે. ત્યારે પૂછશો,

પ્ર.- પણ પહેલી પરિગ્રહપાપની અફસોસી જાગવી જોઈએ ને ?

ઉ.- એ જાગે, જો ભગવાનનાં વચન પર શ્રદ્ધા હોય. ભગવાનનું વચન અઢાર પાપસ્થાનકમાં પાંચમું પરિગ્રહ પાપસ્થાનક કહે છે, ને એની નિંદા-પશ્ચાત્તાપ કરાવે છે. પ્રતિક્રમણમાં બોલો છો ને 'પાંચમે પરિગ્રહ ?' એનો મિચ્છા મિ દુક્કડં કરો છો ને એ 'મિચ્છા મિ દુક્કડં' જો અફસોસી વિના કરો, તો બોગસ જ મિચ્છા મિ દુક્કડં' થાય ને ? 'મારૂ દુષ્કૃત મિથ્યા થાઓ' આમ બોલવું છે. એ વચનનો એનો અર્થ શો ? આ જ કે, 'આ પરિગ્રહ આદિ એ 'દુષ્કૃત' છે, પાપ છે; એની મને અફસોસી છે, ખેદ છે; ને એ પાપની તીવ્ર ઘૃણાથી એ રદ થાય એમ ઇચ્છું છું ! જિનાજ્ઞાની શ્રદ્ધાના બળ ઉપર પરિગ્રહ પાપની અફસોસી થાય, એટલે દાનધર્મનો રંગ ચડે. એ રંગથી દાન દેતા જવાય એમ દાનનો રંગ વધતો આવે.

આવું બધે છે. વિષયવિલાસ પાપ છે, દુન્યવી સુખશીલતા પાપ છે, શારીરિક સુખવિલાસ એ પાપ છે, એની અફસોસી થતી હોય, તો એના અંશે અંશે ત્યાગરૂપ શીલધર્મનો રંગ ચડે. ખાવું એ પાપ છે, એની અફસોસી હોય, તો શક્ય તપસ્યાધર્મનો રંગ આવે, કોઈ ને કોઈ તપસ્યા થાય.

પ્ર.- ખાવું એ પાપ શી રીતે લાગે ?

ઉ.- આ રીતે લાગે કે જો એની પાછળ કેટલાં પાપ કરવા પડે છે અને કેટલું આત્મહિત ગુમાવવું પડે છે એ જોવાય. બોલો (૧) ખાવાની વસ્તુ બનાવતાં પહેલાં એ માટે પૈસા કમાઈ લાવવા પડે એ પાપ ખરૂ ને ?

આ ઉત્તમ જીવન પાપ વેપલો કરવા માટે છે ? કે ધર્મપ્રવૃત્તિ કરવા માટે ?

પ્ર.- પણ જીવવા માટે ખાવું પડે છે, તો એ ખાનપાન માટે વેપાર-ધંધો તો કરવો પડે ને ?

ઉ.- ના, સાધુ ય જીવે તો છે જ; એમને ક્યાં વેપાર કરવો પડે છે ? એ તમારી તાકાત ન હોય, સાધુ બની શકાતું ન હોય, તો એટલું તો લાગવું જોઈએ ને કે આ જીવન કેવું પાપરૂપ કે એના માટે ખાવાનું પાપ ને એ માટે વેપારનું પાપ કરવું પડે ?

સંસારી જીવન કેવું કે એમાં ખાવા માટે પાપ કરવાં પડે ?

પ્ર.- બધા એમ વિચારી સાધુ થઈ જાય તો એમને ભોજન વહોરાવે કોણ ?

ઉ.- આવો સવાલ જ કેમ ઊઠે છે ? તમે પોતે જ કહો છો કે અમારાથી સાધુ થઈ શકાય એવું નથી; તો પછી બધા શી રીતે સાધુ થઈ જવાની કલ્પના કરી શકો છો ? ને અસત્ કલ્પનાએ માનો ને કે તમે ને બધા સાધુ થાવ, તો તો અસત્ કલ્પનાએ એ પણ માનો કે ત્યારે તો બધા સાધુમાં જીવનભરનું અનશન કરી દેવાની તાકાત આવી જશે; પછી ગોચરી-ભિક્ષાની જરૂર જ ક્યાં રહેવાની, તે વહોરાવનાર નહિ એની ચિંતા રહે ?

માટે મનના ખોટા ઉઠાવા કર્યા વિના આ વિચારો કે સંસારમાં આ જીવન જ કેવું પાપરૂપ કે એ ટકાવવા ખાવું પડે ? ને ખાવા માટે પાપ વેપાર કરવા પડે ? એવા ખાનપાનને પરાધીન જીવનનો જ કંટાળો આવે. તો જ તદ્દન ખાનપાન-ભૂખ વિનાના મોક્ષજીવનની સાચી ઇચ્છા-લગની જાગે.

કોઈ તમને પૂછે, 'મોક્ષ કેમ ઇચ્છો છો ?'

તો એના આ જવાબ દો કે

સંસારમાં ખાનપાનાદિની પરાધીનતા તેથી સંસારી જીવનનો કંટાળો છે માટે મોક્ષની ઇચ્છા છે. બાકી કોઈ પૂછે કે ન પૂછે, પણ દિલમાં આ વસવસો, આ ખેદ રહ્યા કરે કે, 'આવું ખાનપાન આદિને પરાધીન સંસારી જીવન મારે ક્યાંસુધી ?' મનને લગન રહે કે, 'ક્યારે મોક્ષ મળે !'

ત્યારે જુઓ કે ખાનપાનની પાછળ વેપારધંધાનું એક જ પાપ છે ? એમાં કેટકેટલાં પાપો કરવા પડે છે ? આવાં રકમબંધ પાપો કરીને પૈસા મળે એ પૈસા પાપ નહિ ? અરે ! કશાં ય પાપ ન કરતાં કોઈ દેવતા પૈસા આપી જાય, તો ય તેનો સ્વીકાર એ પાપ છે, એટલે કે પૈસા પાપ છે, પછી વેપારધંધાના પાપો કરીને લવાતા પૈસા એ પાપ જ કહેવાય, એમાં શી નવાઈ ?

પ્ર.- પૈસા એ પાપ ?

ઉ.- હા, આ પ્રશ્ન કેમ ઊઠે છે ? પૈસા સારા લાગ્યા છે માટે. સારા લાગ્યા એટલે એના પર રાગ થયો. રાગ એ પાપ છે, મહાપાપ છે. વસ્તુના રાગમાંથી જ પાપોની ફોજ ઊઠે છે. જોઈ વળજો, કોઈ ને કોઈ પાપ કરાતું હશે એ મૂળ કોઈ ચીજના કોઈ વિષયના રાગને લીધે કરાતું હશે. આપણો આખો સંસારકાળ મૂળમાં વિષયરાગથી ખદબદતો છે. રાગ એ મહાપાપ છે. ત્યારે જે પૈસા આ રાગ કરાવે એ પૈસા પાપરૂપ નહિ તો બીજું શું કહેવાય ? વળી રાગની ઉપરાંત પૈસા માટે વેપારધંધાના ઠમઠોક પાપો કરાઈને પૈસા મળે એ પૈસા પાપ નહિ ? 'પૈસા પાપ ?' એવો પ્રશ્ન જ કેમ ઊઠે છે ? 'પૈસા એ પાપ' એવું સાંભળતાં ભડકો છો શાને ?

પૈસાની પાછળ રાગાદિ અનેકાનેક પાપો કરવા પડે છે, એ ભૂલી જવાય છે

માટે પૈસા પાપરૂપ લાગતા નથી. તેથી જ ધર્મમાં પૈસા વેરતાં સંકોચ થાય છે.

પૈસા એ પાપ છે; લાવવામાં પાપ, રાખવામાં પાપ, ને એનાથી થતા વિષયભોગમાં પાપ. 'હાય ! પૈસાની આગળ-પાછળ બધે પાપ !' એમ ભડક લાગે છે ? ભડક લાગી જાય, તો ધર્મમાં-સુકૃતમાં-પરોપકારમાં પૈસા ખરચવાની વાત આવે ત્યાં હોંશે હોંશે આ પાપરૂપ પૈસાને કાઢવાની લગની રહે, પૈસા ખરચવાની હોંશ રહે; તેમ જ્યાં પાપરૂપ પૈસાનો એક નવો પૈસો ન રાખવો પડે એવા સાધુજીવનને પામવાની રોજ ઝંખના રહે.

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૨૨,અંક-૭,તા.૧૩-૧૦-૧૯૭૩

આપણી વાત 'ખાવું એ પાપ કેમ ?' એના પર ચાલતી હતી.

ખાવું એ પાપ કેમ ? એનાં કારણોમાં,

(૧) પહેલું કારણ આ, કે ખાવા માટે પાપવેપાર અને પાપપૈસાનો સંગ કરવો પડે છે, જે વેપારધંધામાં અનેકાનેક પાપપ્રપંચ કરવા પડે છે, તેમજ એથી કમાયેલા પૈસા પર અનહદ રાગનું પાપ અને બીજા પાપ થાય છે.

(૨) બીજું કારણ આ, કે ખાવાનું જે બને છે, તે કેટલાય અસંખ્ય સ્થાવર જીવોના અને અજાણ્યે અનેક ત્રસ જીવોના પણ સંહારનાં પાપ ઉપર બને છે.

(૩) વળી આમ બનેલું ખાવામાં ય, 'આ ઠંડું ગોતાં જેવું, આ સારૂ ગરમાગરમ, આ આની સાથે ઠીક નહિ, આની સાથે ઠીક; ખીચડી સાથે કઢી જ બરાબર, ભાત સાથે દાળ સારી...આ મને ઓછું આવ્યું, આ વધારે;...' આવાં કેટલાંય રાગ-દ્વેષ-કલહાદિ પાપ ખાવા પાછળ જ ને ?

(૪) ત્યારે, એથી આગળ જુઓ કે આ ખાવાનું લાવવા માટે વેપાર-ધંધા તથા પૈસાને સાચવવા-કરવાના વ્યવસાય ભોજન બનાવવાની પ્રક્રિયા અને ખાવાની ક્રિયા, એ બધામાં જે સમય જાય એટલો સમય આત્માના હિતની અને પરમાત્મ-ભક્તિની સાધના તો ગુમાવી જ ને ? એક ખાવાની આગળ પાછળ માનવ-જીવનનો કેટકેટલો સમય ગુમાવવો પડે ? એમાં કેટ-કેટલી સાધના ને પરલોકહિત ગુમાવાય ?

(૫) વળી ખાવા માટે પૈસા લાવો, ને ખાવાનું બનાવો-મેળવો, એમાં કેટકેટલું પૂર્વનું પુણ્ય વટાવવાનું થાય ? તેમ એ સમયમાં નવું પુણ્ય કમાવવાનું કેટલું બંધ રહે ? તો બોલો,

એક ખાવા પાછળ કેટલાં પાપ ?

(૧) ખાવા અર્થે પૈસા માટે વેપારના પાપ.

(૨) ખાવું બનાવવાનાં પાપ.

(૩) ખાવા અંગેના રાગ-દ્વેષનાં પાપ.

(૪) વેપાર-ખાનપાન કરવાદિના સમયમાં સાધના ગુમાવવાનું પાપ.

(૫) પૈસા-ખાનપાનાદિમાં પૂર્વ પુણ્યનાશ ને નવી પુણ્યકમાઈ બંધનું પાપ.

તો કહો,

જે ખાવાની પાછળ એ રકમબંધ પાપો કરવા પડે. પુણ્ય વટાવવું-ગુમાવવું પડે, અને પરલોકહિત સાધવાનું ચૂકવું પડે, એ ખાવું એ પાપ નહિ ?

ખાવું એ પાપ છે,' એ વાત હૈયે ઉતારવી કેટલી કઠિન છે ?

મુનિ ખાવું એ પાપ કેમ સમજે ? :-

પ્ર.- મુનિને તો ખાવું એ પાપ નહિ ને ?

ઉ.- મુનિએ બીજા મુનિઓ માટે એમજ માનવાનું કે, 'એ ખાય છે તે સાધના માટે; તેથી એમને પાપ નહિ.' પરંતુ પોતાના માટે તો એમજ સમજે કે મારા ખાવામાં તો

(૧) સંભવ છે કે આજના કેટલાક ઘરોમાં દોષિત થતું હોય; ને તે ગોચરી ભેગું આવતું હોય;

(૨) ખાવામાં રાગ-દ્વેષ-માયા, ને આહારની પ્રશંસા નિંદામાં પડતો હોઉં;

(૩) બિનજરૂરી વિગઈ-રસ વાપરતો હોઉં;

(૪) ખાધા પર પ્રમાદ સેવતો હોઉં;

(૫) ખાવાની લગનમાં તપનો ઉમળકો રહેતો ન હોય, ને તેથી તિથિ આવ્યે મનને આછો ખેદ થતો હોય કે હાય ! આજે તપ કરવો પડશે.

(૬) ખાવાની લગનમાં જ્ઞાનધ્યાન પછી, અને ખાવાનું પહેલું, એવી વૃત્તિ રહેતી હોય.

આ બધું શું છે ? પાપ. 'જે ખાવા અંગે આ પાપો રહેતા હોય એ ખાવું મારા માટે પાપરૂપ જ છે.'

ખાવું પાપરૂપ મનાય તો એની અફસોસી રહે, અને એની સામે તપ કરવાનું મન થાય.

એમ, બીજા બીજા પાપની ભારે અફસોસી રહે તો એની સામેના ધર્મની પ્રવૃત્તિ ધર્મની હોંશથી કરાય.

ધર્મની હોંશ વિના બીજી કઈ કઈ હોંશે ધર્મ ? :-

બીજી બીજી હોંશથી ધર્મ કરવો જુદી વાત, અને ધર્મની હોંશથી ધર્મ કરવો

એ જુદી વાત. એમ તો તમને લાગતું હશે કે અમેય ધર્મ હોંશથી કરીએ છીએ. પરંતુ વિચારજો કે હોંશ શાની છે ? ધર્મની કે બીજી કોઈ વસ્તુની ?

(૧) સભામાં ટીપ થઈ રહી છે આપણે આપણો ફાળો નોંધાવીએ તો લોકમાં સારા લાગીએ નહિતર સમાજમાં કૃપણ ગણાઈએ, અતડા પડી જઈએ, આવું મનમાં થાય છે ? જો આવું થતું હોય તો એ માનની હોંશ થઈ, દાનધર્મની નહિ.

(૨) અથવા મનને એમ થતું હોય કે, 'ઘરના માણસ, જો આપણે ટીપ ફાળામાં થોડું ય નહિ ભરાવીએ, તો નાખુશ થશે,' જો આવું થતું હોય તો એ ઘરવાળાના રાજીપાની હોંશ થઈ, શુદ્ધ ધર્મની હોંશ નહિ.

(૩) અથવા મનને એમ હોય કે, 'બે પૈસા પામ્યા છીએ તે ધર્મના પ્રતાપે; માટે ટીપમાં વગેરેમાં નહિ દઈએ, તો પછી આગળ પામવાનું નહિ રહે, એટલે ટીપ-ફાળામાં દો,' જો આવું થતું હોય ને દેવાતું હોય તો એ આગળ બે પૈસા પામવાની હોંશે દીધા ગણાય, શુદ્ધ ધર્મની હોંશે દીધા ન ગણાય.

(૪) અથવા મનને એમ હોય કે, 'ટીપ-ફાળામાં નહિ દઈએ તો લોકમાં આપણી પાસે ઠીક હોવાની છાપ નહિ પડે, ને તેથી પછી સારા ઘરની કન્યા આપણે ત્યાં નહિ આવે,' આવું થતું હોય ને દેવાતું હોય, તો એ લોકમાં યશ મેળવવાની ને દીકરાને કન્યા લાવવાની હોંશે દીધું ગણાય; ધર્મની હોંશે નહિ.

સ્થાનકવાસી દેરાસર શા માટે બંધાવે ? :-

એક સ્થાનકવાસીના ઘરવાળા ગામમાં દેરાસર બંધાવવા માટે બહાર ટીપ લઈને નીકળ્યા. ગામ ગામ જઈ સંઘને કહે છે, 'અમે આમ તો સ્થાનકવાસી છીએ, પરંતુ અમારે દેરાસર કરવાના ભાવ જાગ્યા છે, અમે પોતે કાંઈ પૂરી રકમ ખરચી શકીએ એવી સ્થિતિ નથી, તેથી બહાર નીકળ્યા છીએ. આપ જેવાના સહકારથી દેરાસર થઈ જશે. અમારાં અહોભાગ્ય ક્યાંથી કે અમારે ત્યાં દેરાસર હોય ?'

બોલો, આ સાંભળતાં સાંભળનારને હમદર્દી થાય ને ? હરખ થાય કે, 'વાહ ! સ્થાનકવાસીને દેરાસર કરવાના ભાવ જાગ્યા છે ! કાળ સુધરતો આવે છે.' આવું મનને થાય ને ? પણ એક ઠેકાણે તો કોઈકે પૂછ્યું,-

'તે તમે તો સ્થાનકવાસી ધર્મ પાળતા હો એટલે તમારે તો દેરાસરે દર્શન-પૂજા હોય નહિ; તો પછી તમને દેરાસર બનાવવાના ભાવ કેમ જાગ્યા ? શું ગામની રોનક સારા દેરાસરથી, એમ માનીને આ ભાવના થઈ છે ?'

પેલા બિચારા ગામડાના માણસ એટલે શહેરી જેવા પેક નહિ, ભોળા, તે સાચી વાત કહી દીધી કે,

"જુઓ ને, વાત એમ છે કે બહારના દેરાવાસીઓ, (દેરાવાસી શબ્દ ખોટો

છે. કેમકે સ્થાનકવાસીના સાધુ તો સ્થાનકમાં વાસ કરે છે, માટે સ્થાનકવાસી કહેવાય, પણ દહેરૂ માનનારના સાધુ કાંઈ દેરામાં વાસ નથી કરતા, તેથી દેરાવાસી ન કહેવાય. પણ મૂર્તિપૂજકો), અમારા ગામમાં કન્યા નથી આપતા. કહે છે, 'તમારા ગામમાં દેરાસર ક્યાં છે ? અમારી કન્યાઓ દર્શન કરવા ક્યાં જાય ? દહેરે ગયા વિના એ તો મોંમાં પાણીનું ટીપું ય ન નાખે.' એટલે અમને હવે ગામમાં દેરાસર કરવાના ભાવ જાગ્યા છે."

બોલો, દહેરૂ બંધાવવું છે એ કઈ હોંશથી ? ધર્મની હોંશથી ? કે ગામમાં કન્યાઓ લાવવાની હોંશથી ? દહેરૂ બંધાવવું એ ધર્મપ્રવૃત્તિ, પણ એ કઈ હોંશે ? ધર્મની પ્રવૃત્તિ તો અનેક પ્રકારની થાય પરંતુ એ જો આવી આવી હોંશથી હોય, તો એમાં શુદ્ધ ધર્મની હોંશ ક્યાં રહી ? જીવનમાં તપાસજો કે અવસરે અવસરે ધર્મ તો કરતા હશો, પરંતુ એમાં આ કોઈ વસ્તુની યા આવી બીજી કોઈ વસ્તુની હોંશ નથી ને ?

ભૂલશો નહિ, અનંતીવાર આપણા જીવે ધર્મ આચર્યા, ને આવી આવી હોંશ અનંતીવાર રાખી, તેથી તો છતે ધર્મે ભવચક્રમાં ભટકતા રહ્યા. 'ચાલો તપ કરૂ તો માન મળે, યશ ફેલાય,' 'સાધુ થાઉં તો મફતમાં રોટલા મળે, તે પણ ગૌરવ આદર સાથે.' 'સંયમ પાળું એટલે સ્વર્ગનાં સુખ મળે.' આવી આવી જ હોંશ કરતા આવડી છે, માટે છતી અનંતી ધર્મ-પ્રવૃત્તિએ હજી આત્માનો ઉદય નથી થયો.

ઉદય શુદ્ધ ધર્મની હોંશ જાગે તો થાય.

'શુદ્ધ ધર્મની હોંશ' એટલે ધર્મવિરોધી પાપ નથી ગમતું, ને પાપની અફસોસી છે માટે ધર્મની હોંશ થાય એ.

શુદ્ધ ધર્મની હોંશના દાખલા :-

(૧) દા.ત. 'પૈસાનો સંગ્રહ કે જાત-ઉપભોગ ખટકે છે માટે બે પૈસાનું દાન દઉં,' આ હોંશ શુદ્ધ ધર્મની કહેવાય.

(૨) એમ, દુનિયાના માન-સન્માન-યશ તો અભિમાનપાપને પોષનારાં છે, તેથી એ મને પસંદ નથી માટે ગુપ્તદાન દઉં,' આ શુદ્ધ ધર્મની હોંશ કહેવાય.

(૩) 'ખાવું ખોટું છે. આ શી રોજ ઊઠીને ખાવાની બલા ? માટે આજે તો એ બલાથી છૂટવા તપ કરૂ' એ શુદ્ધ ધર્મની હોંશ.

(૪) 'વિષયો ભૂંડા છે, કેમકે એ મનને રાગાદિથી મલિન અને માનવ સમયને બરબાદ કરે છે. એમાં વળી પિક્ચર, પાનાં, રેડિયો વગેરે તો એવાં આકર્ષી લે છે, કે પછી ભગવાનની મૂર્તિ, એમની પૂજા, સાધુ-સમાગમ, વ્યખ્યાન-

શ્રવણ વગેરેનું આકર્ષણ જ રહે નહિ આમ એ ધર્મ-ધર્મરુચિ ગુમાવરાવે છે. વળી એટલાં નાણાંનાં અડધાં ય પરમાર્થ-પરોપકારમાં ખર્ચવાનું મન જ થતું નથી, તેમજ એટલો સમય તો સ્પષ્ટપણે ધર્મસાધનામાંથી ગુમાવાય જ છે. આમ, વિષયોમાં ચારે બાજુથી ગુમાવવાનું અને નકરાં પાપકર્મ-પાપસંસ્કારના પોટલાં કમાવવાનું થાય છે. માટે મારે એવા એવા વિષયોના ત્યાગની અર્થાત્ વ્રત-નિયમની બાધા હો, પ્રતિજ્ઞા હો.' આવું મનને થાય એ શુદ્ધ ધર્મની હોંશ ગણાય.

શુદ્ધ ધર્મની હોંશ હોય તો માન-પાન-તકતી વગેરેની ભૂખ ક્યાંય ઓગળી જાય. તો જ આત્માનો ઉદય થવાનું સમજજો. એવી હોંશ ક્યારે થવાની ? એની સામેના પાપની પાકી અફસોસી થાય, પાપની હૈયે ભડક હોય, પાપ દિલને કોચી ખાતા હોય, ચેન ન પડવા દેતા હોય; ત્યારે એ પાપથી છૂટવારૂપે ધર્મની હોંશ થવાની. માટે કહો,

'તે તે પાપથી બચવું છે માટે જ એની સામેનો ધર્મ જોઈએ છે' એવી હોંશ એ શુદ્ધ ધર્મની હોંશ ગણાય.

પછી આવી પાપથી રક્ષણ મેળવવાની હોંશપૂર્વક ધર્મપ્રવૃત્તિ થશે એ શુદ્ધધર્મની હોંશથી થઈ ગણાશે, અને એથી પાપ ઘટી ઘટી આત્માનો ઉદય થશે.

મણિકાન્તની કથા

એક નગરમાં મણિકાન્ત નામે એક શ્રેષ્ઠિપુત્ર રહે. બાપની જાહોજલાલી હતી ત્યારે મણિકાન્તની સગાઈ એક મોટા શ્રીમંત માણસની કન્યા સાથે થયેલી. કન્યાનું નામ સુશીલા હતું. પાછળથી મણિકાન્તના બાપની આર્થિક સ્થિતિ થોડી કથળેલી; એનો બાપને સજડ આઘાત લાગ્યો તે એનું હાર્ટ ફેલ થયું.

આઘાત લાગવાનું કારણ ? એની પાસે ધર્મ નહોતો. પૈસાના મદ અને વિષયોના ઉન્માદમાં એને ધર્મ તુચ્છ નકામો અને સુખને બગાડનારો લાગતો ત્યારે,

ધર્મની શ્રદ્ધા નહિ, ધર્મનો આશરો નહિ, ધર્મની સમજ નહિ, એટલે પૈસાની ખોટ કે બીજા દુઃખમાં આશ્વાસન કોણ આપે ?

ધર્મ આમ આ જીવન માટે ય બહુ જરૂરી છે. પુણ્યનો ભરોસો છે કે એ સાંગોપાંગ કાયમ ટકી રહેશે ? ના, એમાં ફેરફારી ન્યૂનતા આવવી સંભવિત છે; વળી એમ ન થાય તો ય સાથે સાથે નવાનવા પાપોદયના ફતવા જાગવા સંભવિત છે ત્યાં દિલને દુઃખ નહિ થાય ? થશે. એ વખતે દિલને શાંતિ-સમાધિ-આશ્વાસન કોણ આપવાનું ? આજની હાડમારીમાં તો અનુભવો છો કે દિ' ઊગ્યે તમારા વિવિધ અશુભકર્મના ઉદયે કેવી કેવી વિષમતાઓ ઊભી થાય છે. એમાં દિલને ધરપત શાંતિ નિરાંત રહે છે ખરી ? ના, દિલ વ્યાકુળ થાય છે, અશાંતિ-ઉકળાટ

થાય છે. કેમ વારૂ ? પાસે દિલમાં એવો શુદ્ધ ધર્મ નથી. સગા-સ્નેહી તો કોઈ આશ્વાસન-ધરપત આપનાર છે નહિ. એ તો રોતાને પિયરિયા મળ્યા જેવા છે. એ પોતે જ અશાંતિની આંધીમાં પડ્યા હોય, એ તમને શું શાંતિ આપે ? કહો,

એકમાત્ર ધર્મ જ શાંતિ-આશ્વાસન આપનાર છે. શી રીતે ?

ધર્મ જીવને શીખવે છે કે,

'જો, આ આપત્તિ-હાડમારીમાં મૂળ કારણ તારાં કર્મ જ છે. માટે સરકાર કે બીજા કોઈને અપરાધી ગણીને બળીશ ના. બળીશ તો ય એ કાંઈ તારી બળતરાથી સુધરવાના નથી, ને આપત્તિ ટળવાની નથી. સીતાનાં કર્મ રુઠ્યાં ત્યારે સગા રામને અવળી મતિ સૂઝી; તે રામના અતિપ્યારા ભાઈ લક્ષ્મણની શિખામણે પણ સુધરી નહિ, ને કર્મની જ શિરજોરીએ સીતાને વનવગડામાં તરછોડાવી દીધા.

ધર્મ કહે છે, 'માટે ફોગટ ફાંફાં શા મારે ? તારાં પૂર્વનાં કર્મ જો. એ કર્મ તારાં જ કોઈ દુષ્કૃત્ય-દુષ્ટ વિચારણાથી ઊભા થયેલાં છે માટે મૂળ ગુનો તારાં દુષ્કૃત્યોનો એટલે કે તારો પોતાનો જ છે. હવે એની સજા ભોગવવાનો અવસર આવ્યો છે, એમાં એ અશુભ કર્મનું દેવું ચુકવાઈ જાય છે એનો આનંદ માન. દેવું શાહુકારીથી ચુકવ; કાયર દેવાળિયાપણાથી નહિ. દુનિયામાં ય સીધું દેવું ન ચૂકવે, ને સરકારી બેલિફ આવી ઘરના માલસામાન પર ટાંચ મારે એમાં દેવાદારની આબરૂ જાય છે, પછી ભલે એ રોઈ મરે. એમ અહીં આપત્તિ રોઈ રોઈને ભોગવી કર્મનું દેવું ચૂકવે એમાં જ્ઞાનીલોકમાં આબરૂ જાય.

વળી ધર્મ એ શીખવે છે કે, 'આપત્તિમાં ગભરાય શું ? સમુદ્રમાં રહેવું ને મગરમચ્છથી બીવું ? સમુદ્રમાં મગરમચ્છ હોય જ; એમ આ સંસાર જ એવો છે કે એમાં આપત્તિઓ હોય જ. આપત્તિઓ દેખીને રોદણાં રોવાં કરતાં સંસાર પ્રત્યે વૈરાગ્યની બુદ્ધિ દૃઢ કરવા જેવી છે. સંસારત્યાગની ભાવના વિકસાવવા-વધારવા જેવી છે. ઠગારાના ગામમાં સમજીને જ રહેલા માણસને ક્યાંક ઠગાઈનો ભોગ બનવું પડે, તો એ એના પર રોવા નથી બેસતો; પણ વિશેષ સાવધાન બની વિચારી લે છે કે મારૂ ઝટ કામ પતી જાય એટલે અહીંથી રવાના થઈ જાઉં. અહીં ઠગારાનાં ગામમાં ઠગાઈની કોઈ નવાઈ નથી. આ તો પ્રભુનો ઉપકાર માનું કે ઓછી ઠગાઈએ પતે છે.

એમ અહીં ધર્મ કહે છે કે, 'આ જો, કે સંસાર એ ઠગારાનાં ગામ જેવું છે. એમાં ઠગાર્દ એટલે કે આપત્તિઓની કશી નવાઈ નહિ. માટે, એથી રોવા નહિ બેસવાનું. મનમાં ભાવના વધાર્યે જવાની કે કામ પતે એટલે સંસારમાંથી નીકળી જાઉં. બાકી, આ આપત્તિમાં તો પ્રભુનો ઉપકાર માનું કે ટૂંકે પત્યું, ઓછી આપત્તિએ

પત્યું. નહિતર આજે ય બીજા જીવોને મારા કરતાં અનેકગુણી આપત્તિઓ છે એવી આપત્તિઓ, સંસારના આપત્તિભર્યા સ્વભાવે મને આવવી સંભવિત જ હતી.'

આમ દિલમાં શુદ્ધ ધર્મ હોય તો દુઃખ-આપત્તિમાં આવાં આવાં આશ્વાસન મળે, તેથી દિલને શાંતિ રહે. બાકી ધર્મ વિના સગા કે વહાલા કોણ આ શાંતિ આપનારા છે ? જીવનમાં ધર્મની આટલા માટે પણ જરૂર છે.

પેલા મણિકાન્તના બાપને દિલમાં ધર્મ હતો નહિ, તેથી પૈસાને થોડો ધક્કો લાગતાં હાય વધી ગઈ, હૃદયને આઘાત લાગ્યો કે, 'હાય ! આટલા બધા પૈસા ગયા ? અરેરે ! આમ બધી શ્રીમંતાઈ જતી રહેશે ?' ને એમાં એનું મૃત્યું થયું.

મણિકાન્ત પર ઠગાઈ :-

મણિકાન્ત અને એની માતાને પણ પાપનો ઉદય જાગ્યો તે દુકાનનો ભાગીદાર મણિકાન્તનો સગો કાકો, એને ભાભી અને ભત્રીજા પર અચાનક આવેલી આ ભયંકર આફત માટે સહાનુભૂતિ પ્રગટવાને બદલે, દયા આવવાને બદલે, એમ વિચાર આવ્યો કે, 'હાય ! એક તો દુકાનના આટલા પૈસા ભાઈએ વેપારમાં ગુમાવરાવ્યા, હવે બાકીમાંથી આ મણિકાન્ત ભાગ માગશે, તો મારે હાથમાં કેટલું રહે ? માટે હું મારૂ ઘર તાજું કરી લઉં, તે એણે ચોપડામાં નામું બાકી, તે પૂર્વની તારિખોના ખોટા ખોટના સોદા નોંધી રૂપિયા ઘરભેગા કરવા માંડ્યા, ને થોડા જ વખતમાં દુકાનને દેવામાં મૂકી દીધી.

મણિકાન્ત બાપના મરણ કારજ અને ભારે શોકમાંથી થોડો પરવારી દુકાને જઈ જુએ છે તો દુકાનમાં દેવું છે. એ ચોંકી ઊઠ્યો. કાકાને પૂછે છે,

'કાકા ! આમ કેમ ? ચોપડામાં તો આપણી કશી મૂડી જ દેખાતી નથી !'

કાકાનો સવાસલો :-

કાકો ઉસ્તાદ, તે ઢોંગના આંસુ કાઢી રોતો રોતો કહે છે, 'ભાઈ ! આપણા બેનાં નસીબ ફૂટી ગયાં ! આ મોટાભાઈએ શી રીતે વેપાર કર્યા તે મને ય સમજાતું નથી. લાગે છે કે પોતાના હાથે આ બધું ઊધું વળી ગયું હશે એની જ હાયમાં એમના બિચારાના પ્રાણ ઊડી ગયા.'

'પણ કાકા ! તો પછી અમારે ખાવાનું શું ?'

'અરે મણિકાન્ત ! તું તારી માંડે છે, પણ તમે તો બે જ જણ છો, તું ને તારી મા; કિન્તુ મારે તો મોટો વસ્તાર છે, અમારે ખાવાનું શું ? આ, માલના ચૂકવવાના છે તે ય માલ ફટકારી મારીને ચૂકવવા પડશે. એમાં ય દેવું પતે તો ભાગ્યશાળી; નહિતર દાગીનો કાઢીને ય લોકોનું પતાવવું પડશે.'

મણિકાન્ત તો સાંભળીને સજડ જ થઈ ગયો. હજી એને વિશ્વાસ નથી

પડતો તે એના મામા-માસાને લઈ આવ્યો, પણ કાકો તાલંબાજ, તે ચોપડા સામે મૂકી દે છે. વેચાણ રોકડિયું, તે કોને પૂછવા જાય કે આ તમે અમારો માલ આટલો ને આ ભાવે ખરીદેલો ? કાકા સાથે રગડો માંડ્યો, બીજાઓ ભેગા થઈ ગયા, પરંતુ કાકો પકડાય એવો નહોતો. બસ, ભત્રીજાને નહાઈ નાખવું પડ્યું.

પ્રપંચીને દયાનો ને પરભવદુઃખનો વિચાર નહિ :-

દુનિયામાં પ્રપંચને કોણ પહોંચે ? અને પ્રપંચ, વિશ્વાસઘાત, દ્રોહ ચીજ જ એવી છે કે એ આચરનારને (૧) પરલોકનો વિચાર જ નહિ કે આમાં પરભવે મારૂ શું થશે ? કેવા ખતરનાક પરિણામ ભોગવવા પડશે ? એમ (૨) અહીં પકડાયે કેવો અપયશ થશે એનો ય વિચાર નહિ. તેમ (૩) જીવની દયાનો ય કશો વિચાર નહિ કે, 'સામા જીવનું બિચારાનું કેટલું બધું બગડશે !' બસ, એને તો એક જ લાલસા કે, 'મારૂ દુઃખ ટાળું, મારૂ સુખ બનાવી લઉં.'

સંસારનાં સુખની લાલસા ભૂંડી; દુઃખનાશની લાલસા ભૂંડી. ભલે ને એ સુખ મામૂલી હોય, કે ભલે ને મામૂલી દુઃખ ટાળવાની લાલસા હોય, પરંતુ એની ખાતર વિશ્વાસઘાત જેવા ભયંકર પાપ સુધી જતાં લાલચુડા જીવને આંચકો નથી આવતો. માટે જ જ્ઞાનીઓ સંસારસુખની લાલસાને સુખના રાગને સંસારનું મૂળ કારણ કહે છે.

વિષયરાગનાં મૂળ પાપ ઉપર દ્રોહ-પ્રપંચ વગેરે પાપ ખડાં થાય છે.

માટે વિષયરાગ નહિ ઓછો કરો ત્યાંસુધી દ્રોહ-માયાદિ પાપો ક્યાંથી ઓછા થવાનાં ? ને સંસાર શી રીતે ટૂંકો થવાનો ?

પેલા કાકાએ મણિકાન્તને નવરાવી નાખ્યો. મણિકાન્ત અને એની માતા ગરીબ થઈ ગયા. બંગલો વેચાઈ ગયો, માત્ર એમાંની એક ભોંયતળિયાની ઓરડીમાં મફત રહેવાનું બચ્યું.

કહો, તો ય બંગલાવાસી તો કહેવાય ને ? ના, બંગલામાં રહે છે છતાં કેમ બંગલાવાસી નથી કહેતા ? કારણ આ જ કે તમારી નજર સામે પેલો આખો બંગલો છે; એની માલિકી ઝૂંટવાઈ ગઈ છે, એટલે હવે માત્ર રહેવા એક ઓરડી રહી એ પેલાની અપેક્ષાએ નહિવત્ લાગે છે; સુખ નહિ પણ દુઃખ લાગે છે. બસ ત્યારે,

સંસારનો વ્યવહાર સાપેક્ષતા ઉપર ચાલે છે. માટે જ એમાં સાચું સુખ નથી.

પાપો કરવાનું ને ધર્મ ભૂલવાનું કેવા સુખ ખાતર ? :-

એ જ બંગલાની ઓરડી જો કોઈ રસ્તા પર રખડતા માણસને રહેવા મળી હોય તો એને એ મહાન સુખરૂપ લાગે; પણ બંગલો ગુમાવી માત્ર એ ઓરડી

રહેવા મળી છે એને દુઃખ વરસી ગયા જેવું લાગે છે. તો એ ઓરડીમાં ખરેખર સુખ શું ? સંસારની કોઈ ચીજમાં ખરેખર સુખ નથી; બધું સાપેક્ષ વ્યવહારના હિસાબે ઉલટસુલટ ચાલે છે. તો પછી વિચારો, આવી સંસારની ચીજ ખાતર તૂટી મરવાનું ? પ્રપંચ કરવાના ? દ્રોહ અને વિશ્વાસઘાત કરવા સુધી પહોંચવાનું ? સંસારની આવી ચીજની આળપંપાળ ખાતર ધર્મ ભૂલવાનો ? બોલો, ધર્મ કોની ખાતર ભૂલો છો ? આવી અપેક્ષાએ સુખરૂપ અને અપેક્ષાએ દુઃખરૂપ પદાર્થો ખાતર જ ને ? જિંદગીના છેડા સુધી આવી લાલસા ને પાપ ચલાવવાનાં ?

મણિકાન્તને બીજી આપદા :-

મણિકાન્તે માત્ર મિલકત ગુમાવી એટલું જ નહિ, પણ એને હવે સગાઈ કરેલી કન્યા ગુમાવવા જેવું થાય છે. કેમકે જે સુખી શેઠની કન્યા સાથે એની સગાઈ થયેલી, તે શેઠ હવે જુએ છે કે 'આ મણિકાન્ત તો સાવ ખલાસ થઈ ગયો છે, એને હવે કન્યા કેમ દેવાય ?' એટલે હવે એ કન્યાને માટે બીજો મૂરતિયો શોધે છે...દુઃખ આવે છે ત્યારે એકલું નહિ, પણ સમૂહમાં આવે છે. દુઃખની ફોજની ફોજ ઊતરી પડે છે. અંગ્રેજીમાં કહે છે,

Miseries come in battalions

બોલો, માણસને છેવટે મોતનું દુઃખ તો ખરૂ ને ? તો એ એક દુઃખ સાથે કેટલાં દુઃખ ? પત્ની જાય ? પુત્ર જાય ? મિલકત જાય ? મોજમજાહ જાય ?

શ્રીમંત માણસ સગાઈ કરેલા જમાઈને નાપસંદ કરે એમાં એને કોણ સમજાવવા જાય ? પણ અહીં જુઓ એની દીકરી સુશીલા જ બાપને કેવું સમજાવવાનું કરે છે.

સુશીલાનું સત્ત્વ :-

સુશીલાને જ્યાં ખબર પડી કે બાપ બીજા મૂરતિયાની શોધમાં છે, ત્યાં એણે પોતાની સખી દ્વારા માતાને કહેવરાવ્યું કે, 'હું આ જિંદગીમાં હવે બીજાને વરવાની નથી. એ તો જેમની સાથે આપે જ સગાઈ કરી છે, અને તેથી જ જેમને મેં દિલમાં આ જીવનના સ્વામી તરીકે સ્થાપી માનસિક મેળાપ કરતી રહી છું, એમને હવે દિલમાંથી ઉઠાડી બીજાને બેસાડી શકાશે નહિ. આ મારો નિર્ધાર છે, ભલે પછી લગન નહિ થાય, તો કુંવારી રહીશ.'

આર્ય બાળાનું આ સત્ત્વ હતું, આ નેકી હતી, આ નિષ્ઠા હતી. પશ્ચિમના દેશોમાં આ જોવા ન મળે. કેમકે,

અનાર્ય દેશમાં શીલ કરતાં સુખની જ કિંમત છે. ત્યારે આર્ય દેશમાં સુખ કરતાં શીલની કિંમત હોય છે.

માતા પિતાનો સંવાદ :-

સુશીલાએ કહેવરાવેલ પોતાનો નિર્ધાર બાપને પહોંચ્યો. પણ બાપ એને તુચ્છકારી કાઢે છે. સુશીલાની માતાએ એના બાપને કહ્યું ય ખરૂ, કે,

'જો દીકરીનો આ નિર્ધાર જ છે, તો હવે આપણે બીજો વિચાર કરવાનું શું કામ છે ?'

પણ બાપ કહે, 'તમે તે કાંઈ એના જેવા જ ગાંડા છો ? ગરીબને દઈને દીકરીને કૂવામાં ઉતારવી છે ?'

બાઈ કહે, 'પરંતુ એ તો આપણે એનું ઘર ભરી દઈએ એટલે પછી વાંધો નહિ ને ?'

'અરે ! તમે તે કાંઈ સમજતા જ નથી. આ જમાઈનું પુણ્ય પરવારી ગયું, ભાગ્ય રૂઠ્યું, ત્યારે તો એ ગરીબ થઈ ગયો. હવે એવા રુઠેલા ભાગ્યમાં પૈસા દઈએ એ ય ટકે નહિ.'

પત્યું. બાઈ બિચારી ચૂપ થઈ ગઈ. એને કહેતાં ન આવડ્યું કે, 'પરંતુ જો આપણી દીકરીનું જ ભાગ્ય નહિ હોય, તો બીજા સુખીને પરણાવવા છતાં એ નિર્ધન થઈ જશે; ને જો દીકરીનું ભાગ્ય જોરદાર ચમકતું હશે તો આ ગરીબ પણ જમાઈ ધનવાન થઈ જશે. **સારાંનાં પગલે સારૂ થાય છે.**'

આ કહેતાં ન આવડ્યું, ને વાત પતી ગઈ. બાપ બીજા મૂરતિયાની શોધમાં છે.

તમે તમારા દીકરા-દીકરીને ધર્મમાંથી બાકાત રાખી એકલું નિશાળનું ભણાવો ત્યારે આ વિચાર આવે ખરો કે, 'હું આને ધર્મથી વંચિત રાખું છું, પણ એકલું સંસારનું ભણીને તૈયાર થયા પછી આનું નસીબ જ જો નહિ હોય તો એવું સારૂ નહિ કમાય. ત્યારે જો ધર્મમાં જોડીશ તો ભલે એ ધર્મક્રિયા અને ધર્મનું અધ્યયન એનો સમય લેશે, અને એટલો સમય નિશાળના ભણતરમાંથી ઓછો થવાનો. પરંતુ જો એનું ભાગ્ય હશે. તો એ સારૂ કમાવાનો. છેવટે એ ધર્માત્મા તો રહેશે. તો શા સારુ એને ધર્મથી વંચિત રાખું ? શા માટે એને ધર્મના અધ્યયનથી વંચિત રાખું ?'

ખરેખર, ધર્મને ભૂલી એકલું સ્કૂલનું ભણાવવામાં ભાગ્યતત્ત્વ ભૂલાય છે.

પ્ર.- પણ ધર્મ કરવા જાય, ધર્મનું ભણવા જાય, એટલે નિશાળનું ભણતર ઓછું કરી શકે; ને એથી પરીક્ષામાં નપાસ થાય, પછી એ આગળ જ શી રીતે વધી શકે ? આજે તો ડિગ્રીવાળાને નોકરી મળે છે, ને એ આજીવિકા કમાય છે. એ નજરે દેખાય છે.

ઉ.- આ પટેલશાહી હિસાબ છે. આજે ડિગ્રીવાળા કેટલાં હજારો બેકાર ફરે

છે એ જાણો છો ? આખા ભારતની અપેક્ષાએ હજારો-લાખોની સંખ્યામાં ડિગ્રીધરો નોકરી વિના રખડતા હશે. આજના ચશમપોષીના જમાનામાં, લાગવગના જમાનામાં, લાગવગવાળા ફાવી જાય છે, પછી ભલે એ સામાન્ય માર્કથી પાસ થયા હોય; ને ફર્સ્ટ ક્લાસ માર્કવાળાને એની આગળ નિરાશ થવું પડે છે. મૂળ વાત જો સમજો તો દેખાશે કે,

ભાગ્ય જ આગળ આવે છે.

ભાગ્ય હોય તો લાગવગ પણ મળી આવે છે. લાગવગ વિના પણ ભાગ્યના જોરે જ ઈન્ટરવ્યુમાં પાસ થઈ નોકરી માટે પસંદ કરાય છે. એમાં પણ સારાં ભણતર ને સારા માર્ક કરતાં ભાગ્ય જ ઈન્ટરવ્યુમાં પાસ કરાવે છે. નહિતર એક જ નોકરી માટેની પસંદગીમાં ઈન્ટરવ્યુ આપનાર સારા ભણતર ને સારા માર્કવાળા તો કેટલા ય હોય છે, છતાં એ નથી ચૂંટાતા, ને નિરાશ થઈ ઘેર પાછા ફરે છે, આવું કેમ બને ? કહો, ભાગ્ય બળવાન હોય એનો નંબર લાગે.

એટલે આ બધા ફાંફાં મારવાનું નકામું છે કે ધર્મ આચરવાનું અને ધર્મનું ભણવાનું કરવા જતાં નિશાળનું ઓછું ભણાય અને નપાસ થવાય. ખરી રીતે તો અહીં પણ તમે સમજતા નથી કે પાસ થવાનું, ને તે પણ સારા માર્કે પાસ થવાનું ય ભાગ્ય પર અવલંબિત છે. (૧) ભાગ્ય ન હોય તો બહુ વાંચવા ને બહુ ગોખવાનું કરે છતાં ઓછું આવડે. (૨) ભાગ્ય ન હોય તો પરીક્ષા વખતે માંદો પડી જાય, યા (૩) બુદ્ધિ બહેર મારી જાય. મારે જ એવું થયેલું કે મેટ્રિકની પ્રીલિમિનરી વખતે અંગ્રેજીના પેપરમાં ધબેડો વળી ગયેલો. શાળાના પ્રિન્સિપાલ ચકિત થઈ ગયા કે આ ફર્સ્ટ રેન્કનો વિદ્યાર્થી કેમ આમ ? પણ પછી આખી મારી સ્કૂલની કારકીર્દી એ જાણતા હતા તેથી મેટ્રિક પરીક્ષાનું ફોર્મ એમણે પાસ કર્યું, ને મેટ્રિકની પરીક્ષા ઊંચા માર્કે પાસ થઈ. એટલે માનવું જ પડે વચમાં પ્રીલિમિનરી વખતે અશુભ કર્મનું યાને નબળા ભાગ્યનું આવરણ આડું આવી ગયેલું.

હવે જ્યારે ભાગ્ય બળવાન છે, ત્યારે એ દેખાય છે કે ધર્મ કરનારાનું અને ધર્મનું ભણનારાનું સારૂ ભાગ્ય ઊભું થાય છે, લાભાંતરાય વગેરે અંતરાયકર્મ સારાં તૂટે છે, સારાં જ્ઞાનાવરણ કર્મ તૂટે છે. એથી પછી થોડા સમયની મહેનતમાં પણ એને સ્કૂલભણતર સારૂ આવડી જાય છે. વગર પુણ્યવાળો બિચારો કલાકોના કલાકો ભણવાની મહેનત કરે, ને ઓછું ચડે; ને પુણ્યાઈવાળાને થોડી મહેનતમાં સારૂ આવડી જાય. એવું તો, જોશો તો ઠામઠામ દેખાશે.

આમાં જેમ પૂર્વની પુણ્યાઈ કામ કરે છે, એમ અહીં ખુશી-ઉત્સાહથી ધર્મ કરનાર અને ધર્મનું ભણનારને નવી પુણ્યાઈ વધી જાય એ પણ કામ કરે છે.

આ પુણ્યાઈ એટલે પહેલાં કહ્યું તેમ લાભાંતરાય વગેરે અંતરાયકર્મનો અને જ્ઞાનાવરણ કર્મનો ક્ષયોપશમ લાભાંતરાય તૂટવાથી ક્લાસમાં ઊંચા સ્થાનનો લાભ થાય, માસ્તરની મહેરબાનીનો લાભ થાય, પરીક્ષામાં ધાર્યા પ્રશ્નનો લાભ થાય, પેપરપરીક્ષકની સારી દૃષ્ટિનો લાભ બને. નહિતર કેટલીકવાર એવું ય બને છે કે વિદ્યાર્થીને લાભાંતરાય નડતો હોય તો એના પેપર-તપાસ વખતે પરીક્ષકને માથું દુખતું હોય, બેચેની હોય, કોઈ ચિંતા માથે આવી પડી હોય, કે ઘરવાળા સાથે ઝગડો થયો હોય. આ સ્થિતિમાં સારા પણ વિદ્યાર્થીના પેપરમાં માર્ક સરખા ન પડે. બિચારાને લાભાંતરાય કર્મનો ઉદય તે પરીક્ષકને એના પેપર વખતે જ મગજ બગડી જાય.

કર્મનું સાયન્સ સમજવા જેવું છે, બહુ ધ્યાન પર રાખવા જેવું છે.

આપણાં તેવાં તેવાં પૂર્વનાં કર્મ આપણી ધારણા બહારનાં સર્જન કરી મૂકે છે.

સીતાજી રામચંદ્રની સાથે વનવાસ ભોગવીને આવ્યા, હવે અયોધ્યામાં નિરાંતે મહેલમાં બેઠા છે, મનમાં કશી ધારણા નથી કલ્પના નથી કે 'જગતમાં અપયશ થાય, રામનું મન બગડી જાય, ને એ જીવનભર માટે એમનો ત્યાગ કરી દેવાના નિર્ણય પર આવી જાય.' આ કશો ય ખ્યાલ નહિ છતાં સીતાજીનાં પૂર્વ કર્મે લોકનાં મન ઉશ્કેર્યા, અસત્કલ્પના કરાવી; કર્મે લોક પાસે એમનો અપયશ ગવડાવ્યો, ને રામનું મગજ ફેરવી નાખ્યું. બધું જ મૂળ સીતાજીના કર્મે કર્યું. સીતાજી રાવણ વડે ઉપડાયા એ ય સીતાજીના કર્મે કર્યું. રાવણને ત્યાં કેદ રખાયા એમાં પણ એમજ; છૂટ્યા એ ય સીતાજીના શુભકર્મે, ને અહીં લોકનાં ને રામનાં મન બગડ્યાં એ પણ એમનાં અશુભ કર્મે. એ બધું બન્યું તે ધારણા બહાર.

માણસની હોશિયારી, સાવધાની ને ધારણા ક્યાં કામ લાગે જ્યાં કર્મ રુઠ્યાં હોય ?

માટે જ સારા પણ વિદ્યાર્થીને જો એવા પોતાના અંતરાય કર્મ રૂઠ્યાં હોય અર્થાત્ કમભાગ્ય ઉદયમાં હોય તો પરીક્ષા વખતે જ બિમારી આવે, કુટુંબમાં અકસ્માત્ થાય, પરીક્ષકનું મગજ બગડે, માર્કસના ટોટલ કરનારો ભૂલે, બોર્ડ-ઓફિસનો ક્લાર્ક એના પત્રકમાં નોંધ કરવામાં થાપ ખાય...આવું એક નહિ તો બીજા પ્રકારનું બને, ને નાપાસ જાહેર થાય.

ખોટું અને સાચું ધોરણ : ધર્મના રુડાં ફળ :-

એટલે આ ધોરણ જ મનમાંથી કાઢી નાખો કે, 'છોકરો ધર્મ અને ધર્મનું ભણવાનું ન રાખતાં નિશાળનાં ભણતરની મહેનત કરે તો પાસ થાય, ને ધર્મનું રાખવા જાય તો નપાસ થાય.' આ ધોરણ જ ખોટું છે. ઊલટું ધોરણ આ રાખો કે, 'છોકરો ધર્મ કરે, પ્રભુનાં દર્શન-પૂજન, સામાયિક યા પ્રતિક્રમણ, વ્રતનિયમ, ધાર્મિક અધ્યયન, સાધુવંદના, માતા-પિતાને નમસ્કાર-સેવા વગેરે રાખે તો (૧) એના આત્માનું ભલું થાય, (૨) પુણ્યાઈ વધે, ઉપરાંત (૩) એનાં અંતરાયકર્મ જ્ઞાનાવરણ કર્મ વગેરે તૂટે, તેથી (૪) નિશાળનું ભણતર થોડા ટાઈમમાં વધુ ગ્રહણ કરે. (૫) ઊંડી સમજ થાય, (૬) પરીક્ષાનાં લખાણ પરીક્ષકને વધુ આકર્ષે...' આવાં આવાં ધર્મ-ધર્મશિક્ષણનાં ફળની શ્રદ્ધાનાં ધોરણ રાખો.

છોકરાને ધર્મ કરાવવાથી અને ધર્મનું ભણાવવાથી બીજો એ પણ લાભ છે કે (૭) છોકરો એથી સુ-સંસ્કારી બનશે, (૮) તમારા વિનયને સાચવનારો બનશે (૯) સેવાભાવી થશે અને તમારા ઘડપણ સુધી તમને ઠારનારો થશે. નહિતર આજે જુઓ છો ને કે છોકરા માબાપની યુવાનીમાં જ માબાપને કેવા બાળનારા બને છે, કેવું કેવું રંજાડે છે, કેવા તરછોડે છે...! જોશો તો દેખાશે કે,

મોટાભાગે ધર્મના સંસ્કાર વિનાના દીકરા જ માબાપને દુઃખદાયી બને છે.

સંતાનને ધર્મ કોણ આપે ? :-

ત્યારે, સંતાનમાં ધર્મનું સંસ્કરણ, ધર્મની પ્રેરણા, ધર્મશિક્ષણની પ્રેરણા આજે તમારા વિના કોણ કરવાનું છે ? નિશાળોમાં આનું સરિયામ દેવાળું છે. એ કાંઈ ધર્મનું કશું જ આપતી નથી. સાધુ પાસે છોકરા જાય નહિ, વ્યાખ્યાન વાણી સાંભળે નહિ, એટલે સાધુથી એને ધર્મ આપવાનું બને નહિ. ત્યારે આજે છોકરા-છોકરીની સંગત ભૂંડી; એમાં તો વળી ઊંધું જ શીખવા મળે, ધર્મ શીખવા ન મળે. એટલે રહ્યા માત્ર માબાપ. એ જો દીકરા-દીકરીને ધર્મ નહિ કરાવે, ધર્મનું નહિ ભણાવે, તો પછી દીકરા-દીકરીના જીવનમાં ધર્મને પેસવા જગા જ ક્યાં રહી ?

પણ તમારાથી ય સંતાનને ધર્મપાન-ધર્મશિક્ષણદાન કરાવવાનું તો જ બને કે જો તમને ભાગ્યની શ્રદ્ધા હોય, 'ધર્મથી સારૂ ભાગ્ય વિકસે છે, અને એના પ્રતાપે ઈષ્ટ બની આવે છે,' એવી શ્રદ્ધા પાકી હોય.

'ધર્મથી જ સુખ' આ શ્રદ્ધા હોય તો નિશાળનાં ભણતરનાં ઓઠાં હેઠળ ધર્મ અને ધર્મશિક્ષણ કરાવવાનું ન ચૂકાય.

પેલી મણિકાન્ત સાથે સગાઈ કરેલી કન્યાની મા એના બાપને આ સમજાવી શકી નહિ કે, "દીકરીનું ભાગ્ય નહિ હોય તો મોટા શ્રીમંત સાથે પરણાવવા છતાં

દુઃખી થશે; ને જો એનું ભાગ્ય હશે તો ગરીબ પણ જમાઈને આપણે ટેકો કરીએ તો જમાઈ દીકરીના ભાગ્યબળે આગળ આવી જશે." એટલે બાપે જ્યાં કહ્યું કે, 'એવા ગરીબ બની ગયેલા જમાઈને પરણાવીને દીકરીને કૂવામાં નથી ઉતારવી; માટે રહેવા દ્યો એની સાથે દીકરી સુશીલાનાં લગનની વાત,' ત્યાં દીકરીની મા ચૂપ થઈ ગઈ.

સુશીલાનો માતાને બોલ :-

પરંતુ સુશીલા મક્કમ હતી એટલે માતા જ્યાં આ સગાઈ ફોક કરવાનો આગ્રહ કરે છે, ત્યાં એણે સાફ કહી દીધું કે, 'તો પછી આ જિંદગીમાં મારે બીજા સાથે લગ્ન કરવા જ નથી. સૂર્ય પશ્ચિમમાં કદાચ ઊગે પણ મારે હવે બીજો હૈયામાં નહિ ઘલાય. તમારે જ તમારા લગ્ન અંગે આવું બન્યું હોત તો તમે શું કરત ? અને માનો ને કદાચ તમે બીજું પસંદ કર્યું હોત, તો ય મારે તો બીજું કરવાનું છે, જ નહિ. **જીવનમાં નેકીવાળા દિલની કિંમત છે, એ ગુમાવીને સુખની કિંમત નહિ.'**

બસ, એક બાજુ સુશીલાનો આવો આગ્રહ છે, ને બીજી બાજુ એના શ્રીમંત બાપનો એનો બીજે લગ્નનો આગ્રહ છે. કોણ જીતે ? બાપ થોડો સમય પસાર થવા દે છે અને ઘરવાળીને દીકરીનું મન મનાવવા કહે છે. પરંતુ પુત્રી સુશીલાનો તો એ જ નિર્ધાર છે, એમાં એની માતાએ સમજાવ્યું કશું ઊપજતું નથી. માતા સમજાવવા તો ગઈ, કે,

'સુશીલા ! તારા બાપુ કહે એ માની જા; તો એ તારી જિંદગીભર ખબર રાખશે. તારી આપમતિનું કરવામાં પછી એ જિંદગીમાં તારા સામું ય નહિ જુએ. દીકરીને માવતર એ તો જબરદસ્ત ઓથ છે.'

ત્યારે સુશીલા કહે, 'મા !

દિલનું લીલામ કરી નાખ્યા પછી ઓથ ને આશ્વાસનને શા કરવાના ?

પછી તો ઊલટું ઓથની હૂંફ ઉપર જેને દિલ વેચ્યું એના પર પણ દિલ સંપૂર્ણ પ્રેમ-વિશ્વાસ-સમર્પણ ન કરે. અવસરે એ પતિને કહી ય દે કે 'તમારા કરતાં મારા પિતાજી સારા. એમનું કેટલું બધું વાત્સલ્ય !...મા ! સમજી રાખ કે

એક વાર દિલને વેચવાનું કર્યું પછી એને દિલના વેચાણનો અફસોસ ઊડી ગયો,

'આપણે તો ભાઈ ! લપસ્યા તે લપસ્યા,' એમ કરી વધુ લપસવાનું કરે; પછી દિલનું નવું નવું વેચાણ કરતાં સંકોચ નહિ પામે, ભલે લોકવ્યવહારથી એક પતિ સ્થાપ્યો ને સાચવ્યો, પણ ગુપ્ત વ્યવહારથી દિલ વળી કોક બીજામાં લાગશે. ત્યાં શીલ ક્યાં રહ્યું ? માટે ભલે લગ્નસંબંધ નથી થયા, પણ આ દિલ બદલાવવાની વાત રહેવા દે. બરાબર સમજી રાખ, **માત્ર સગાઈ તોડી, પણ એમાં દિલ બદલવાની આદત પડી; એથી પછી આગળ પર વળી દિલ બદલવામાં સંકોચ નહિ રહે.**

સુશીલાનું આ માનસશાસ્ત્ર ખૂબ સમજવા જેવું છે. અનુકૂળતાનો પૂજારી જીવ ખોટે રસ્તે પણ અનુકૂળતા પર અને એ અનુકૂળતા દેનાર પર ઓવારી જવાનો. ઘરમાં જો બુઢ્ઢો સસરો શાક સુધારવું વગેરે કોઈ કામ કરી આપે એના કરતાં જુવાન દિયરિયો એ કામ કરી આપે એ વધુ ગમે છે, અનુકૂળ લાગે છે, તો દિલ દિયરિયા પર ઓવારી જવાનું. પછી જરૂર પડ્યે ધણી કરતાં દિયરિયો સારો લાગશે. એ શું ? કહો, દિલ બદલ્યું. માનસિક શીલના ભંગ આવી આવી રીતે જ થાય છે.

દિલ બદલ્યા પછી એ અંશે કાયિક ભંગને ય લાવી દે એમાં નવાઈ નથી.

શીલનો અંશે કાયિક ભંગ સમજો છો ?

જરાક આંખનો કટાક્ષ માર્યો એ અંશે કાયિક શીલભંગ છે. સહેજ હસ્યા-ખીલ્યા એ પણ એ જ. જરાક અડપલું હસ્તસ્પર્શ કર્યો અને ગમ્યો એ ય અંશે શીલભંગ છે. સહેજ અંગોપાંગ જોવામાં દૃષ્ટિ લગાવી એ પણ અંશે શીલભંગ છે. અણીશુદ્ધ શીલ મન-વચન-કાયાથી પાળવું સહેલું નથી.

પરના પૌદ્‌ગલિક રૂપ-રંગ-સ્પર્શ વગેરે અનુકૂળ આકર્ષક લાગ્યા ગમ્યા એ અંશે માનસિક શીલભંગ છે.

એટલું ય ન લાગવા દો તો જ શીલભંગથી બચો. એવા આકર્ષણ થયા ત્યાં દિલ બદલાતાં શી વાર ? શાસ્ત્ર તો ત્યાંસુધી કહે છે કે સ્ત્રી-પુરુષનાં માત્ર શરીરનાં નહિ, પણ બીજા જડ પદાર્થોનાં પણ શબ્દ-રૂપ-રસ વગેરેનાં ય આકર્ષણ થાય, એ અનુકૂળ લાગે, એમાં પણ શીલનો અતિક્રમ છે, સહેજ ભંગ છે. ત્યારે પૂછો,

પ્ર.- બહારના વાજિંત્ર-બંગલો-પકવાન્ન વગેરેનાં શબ્દ-રૂપ-રસનાં આકર્ષણમાં શીલભંગ કેમ ?

ઉ.- એનું કારણ એ છે કે ભલે બહારના માત્ર જડ પદાર્થોના શબ્દ-રૂપ-રસ ગમ્યાં, આકર્ષણ થયું, પણ એમાં મન શિથિલ પડે છે; સત્ત્વનો હ્રાસ કરે છે.

મન જડવિષયોમાં આકર્ષાય એમાં સત્ત્વ હણાય છે. સત્ત્વ હીન મન અવસરે અનાચારમાં ઘસડે છે.

સત્ત્વ હોય તો સારા વિષયોની સામે પણ મન અડગ રહે, લહેવાઈ જાય નહિ. જડ વિષયોની સંગતિમાં મન લહેવાઈ જવામાં મન સત્ત્વશાલી ન રહ્યું.

પ્ર.- એમ તો દેવ-ગુરુ-ધર્મમાં મન લહેવાઈ જાય આકર્ષાઈ જાય એ સત્ત્વહીનતા નહિ ?

ઉ.- ના, એનું કારણ છે. જડ વિષયોની અનંત અનંતકાળની દોસ્તી છે. એટલે એનું આકર્ષણ થવામાં મહેનત નથી. જીવ અનાદિકાળનો સત્ત્વહીન છે તે એ જડ પાછળ આકર્ષાઈ જાય છે, લહેવાઈ જાય છે. જ્યારે, દેવ-ગુરુ-ધર્મની સાથે

અનંત કાળની દોસ્તી નથી. એટલે એ દોસ્તી નવી ઊભી કરવી રહી છે. એ કરવા માટે એને જડ પદાર્થોનાં આકર્ષણનો સામનો કરવો પડે છે. એ કરવા માટે એને સત્ત્વ અજમાવવું પડે છે. ચિરપરિચિત ગમતી વસ્તુને પડતી મૂકવાનું સત્ત્વ વિના બને નહિ. તેવી ગમતી નહિ ને પરિચિત નહિ એવી નવી વસ્તુ તરફ આકર્ષાવાનું સત્ત્વ વિના બની શકે નહિ. માટે સમજી રાખો કે

જો આપણે દેવ-ગુરુ-ધર્મ તરફ કોઈ પણ જાતની લૌકિક આશંસા વિના શુદ્ધ દિલથી આકર્ષાઈએ છીએ તો એમાં આપણું સત્ત્વ ખીલે છે.

એથી ઊલટું, જો જડ વસ્તુ તરફ આકર્ષાઈએ છીએ, તો આપણું સત્ત્વ હણાય છે.

પળેપળ શી સાવધાની ? સત્ત્વ ન હણાય એની :-

જો આ સમજ વારંવાર મગજમાં લાવ્યા કરીએ તો ડગલે ને પગલે જોતા રહેવાનું મન થાય કે, 'હું મારૂ સત્ત્વ હણી તો નથી નાખતો ને ? જો જડમાં આકર્ષાયો તો સત્ત્વ હણાવાનું, **જડમાં આકર્ષાઈ મારે હાથે મારે જ મારૂ સત્ત્વ શા સારૂ હણવું ?'**

ભૂલશો નહિ, જડ પદાર્થોની ટકાવારી કરવી એ પણ જડનું આકર્ષણ છે. 'આ કપડાં કરતાં આ કપડું વધુ સુંવાળું,...આ ચહા કરતાં આ ચહા સારી ગરમ...આ વસ્તુની પેલી કરતાં ઝલક સારી, સુંદરતા સારી,...આ સ્ત્રી કરતાં પેલી વધુ રૂપાળી...' આનું નામ ટકાવારી કહેવાય; ને એ જડનું આકર્ષણ સૂચવે છે. એ કરવામાં સત્ત્વ હણાય છે.

પ્ર.- ચીજ જેવી હોય તેવી કહીએ એમાં આકર્ષણ કહેવાય ? એમ તો શું જ્ઞાની ન કહે કે ચાંદી કરતાં સોનું કિંમતી ? તો શું એમને ય આકર્ષણ ?

ઉ.- અહીં જ ભૂલો છો. જ્ઞાની કદાચ કહે તો તે રાગ વિના કહે છે, તમે રાગ વિના કહી શકો છો ? ખરી વાત એ છે કે જ્ઞાની તો વસ્તુના અનંતકાળના પર્યાય યાને અવસ્થાઓ જાણે છે, એટલે માત્ર વર્તમાન પર્યાયની અપેક્ષાએ, સમજીને જ કહે કે, ચાંદી કરતાં સોનું કિંમતી, પરંતુ એ જ સોનાના પુદ્ગલ ભૂતકાળમાં ઉકરડાનાં પુદ્ગલ હતાં, ને ભવિષ્યમાં વિષ્ટાનાં પુદ્ગલ બનવાનાં છે. આ જાણ હોય ત્યાં વચલી સ્થિતિમાં શો રાગ થાય ? શું આકર્ષણ થાય ? ત્યારે તમે એ પણ જોઈ શકો છો ? કલ્પનામાં ય આવે છે ખરૂ કે 'આ વર્તમાનમાં સારી સુંદર દેખાતી વસ્તુ ભૂતકાળમાં તદ્દન ખરાબ હતી, ને ભવિષ્યમાં ખરાબ થવાની છે ? 'ના,

પેંડા સરસ કેમ નહિ ?

જુઓને 'લાડુ કરતાં પેંડા સરસ' કીધું, પરંતુ પેંડાની પૂર્વાવસ્થા ક્યાં નજર સામે આવી ? શેરીઓમાં ભટકતી ગાયે એંઠવાડ ખાધાં, વિષ્ટા પણ ખાધી; અરે ! એ નહિ, તો જે ખડ-ખોળ ખાધું એ એના મોંની લાળ અને પેટમાં પિત્તાશય-

આમાશયના રસો મળીને કેવું થયું ? સુંદર ? કે દીઠે ન ગમે એવું ? એમાંથી જ પછી દૂધ બન્યું ને ? એ દૂધના પેંડા બન્યા, એની હવે કહો જાઉં, પૂર્વાવસ્થા કેવી ? એમ એ જ પેંડાના ભક્ષણ પછી શા હાલ થવાના ? સુંદર આકર્ષક રહેવાના એ ? હાલ તરીકે શરીરના રસ-રુધિર વગેરે ધાતુઓ તથા ખળ-મળ જ ને ? એમાંનું એકેય દેખાવે સુંદર ખરૂ ? સ્વાદિષ્ટ સરસ ખરૂ ? તો પછી પેંડા સરસ શા કહેવાય ?

'જેવું હોય તેવું કહીએ એમાં શો વાંધો ?' એમ કહો છો, પણ પૂર્વની અને પછીની અવસ્થાઓ ય ભેગી વિચારો છો ? ના, વિચારો તો તો પછી પેંડા સરસ કહેવાનું મન થાય ?

પહેલાં ડામિસગીરી કરી આવેલો અને ભવિષ્યમાં ડામિસગીરી કરનારો નોકર, જો વર્તમાનમાં સીધો ચાલતો હોય, તો એને સારો કહેવાનું મન થાય ? ના. તમને સવારે ગાળ દેનારો અને રાતે પણ ગાળ દેવાના સ્વભાવવાળો તમારો દીકરો બપોરે માન આપતો દેખાય, તો એ દીકરાને સારો કહેવાનું મન થાય ? ના.

એટલે ખરી વાત આ છે કે જેવી છે તેવું કહેવું હોય તો એની પૂર્વાપર અવસ્થાને સાથે રાખવી-વિચારવી પડે. જો એ જુઓ વિચારો, તો દુનિયામાં એક ચીજ એવી નહિ મળે કે જેને સારી કહેવાનું મન થાય. આ ભૂત-ભવિષ્યને ભૂલી વર્તમાન સારા વિષય તરફ આકર્ષાઓ છો એમાં સમજો કે તમારા પોતાના સત્ત્વને હણી રહ્યા છો. પછી એને મેળવવા-સંઘરવા-ભોગવવા તરફ જવાય એ વિશેષ સત્ત્વઘાત છે. માટે જ ધનાદિ તરફ આકર્ષાવામાં સત્ત્વહીનતા, અને દાનાદિ ધર્મ કરવામાં સાત્ત્વિકતા કહેવાય છે, સત્ત્વહીનતા નહિ. સત્ત્વહીનતા તો વિષયોનાં આકર્ષણ-ઉપાર્જન-સંગ્રહ-ઉપભોગ વગેરેમાં; ને એના ત્યાગમાં સત્ત્વશીલતા.

સારાંશ, પોતાનું જ સત્ત્વ પોતે ન હણી નાખવું હોય, તો સારા પૈસા, સારા વિષયો-માલ-મિલકત, રૂપાળો પરિવાર, સારી યશકીર્તિ...વગેરેથી લહેવાઈ જાઓ નહિ. પૂછો,

પ્ર.- સારૂ દેખીને કેમ લહેવાઈ ન જવાય ?

ઉ.- આ રીતે, કે,

(૧) પહેલાં કહ્યું તેમ એની પૂર્વાપર અવસ્થા વિચારીને દા.ત. વહાલામાં વહાલી અને બહુ સુંદર પણ પત્ની એક ભવમાં વાઘણ હતી ને ત્યાં આપણે હરણિયા તે આપણને બટકી બટકીને એણે ખાધેલા ને આપણું લોહી એણે ગટગટ પીધેલું. તો આપણે પણ એક ભવમાં વાઘ કે વાઘણ થઈને એ હરણ કે હરણીને એમજ કરેલું. ભવિષ્યમાં ય ખબર નથી કે એ કે આપણે કેવા થશું ? માટે વર્તમાનમાં એના પર શું લહેવાઈ જવું ? એમ વિચારીને લહેવાઈ જતા અટકાય.

(૨) બીજી રીતે એ, કે એ જોવું કે લહેવાઈ, જવામાં તીવ્ર રાગ પોષાય, એથી ભારે કર્મબંધ અને રાગના કુસંસ્કાર જામશે; આ રાગ દેવ-ગુરુ-સાધર્મિક પર

એવો રાગ નહિ જામવા દે; આ લહેવાઈ જવામાં સત્ત્વ હણાશે, એથી ધર્મ માટે સત્ત્વ નહિ રહે; તેમજ આ તીવ્ર રાગ બીજી બાજુ ઔચિત્ય-વિવેક-દીર્ઘદૃષ્ટિ-ગંભીરતા વગેરે નહિ ઊભવા દે...આમ લહેવાઈ જવાનાં ખતરનાક પરિણામ વિચારવાથી ને એથી ચોંકી ઊઠવાથી લહેવાઈ જતાં અટકાય. ચોંકવાનું આ થાય કે, 'હાય ! આવો સુંદર ભવ અને જૈનધર્મ પામીને હું રાગ-નિઃસત્ત્વતાદિ પોષું ? ને ઘોર કર્મજંજીરો તથા કુસંસ્કાર વધારૂ ?

(૩) ત્રીજું આ વિચારવું કે જડ તરફ લહેવાઈ જવામાં આ ધ્યાનમાં રહે, કે સ્ત્રીનું શરીર અને વાણી પણ જડ જ છે, સ્ત્રી તરફ લહેવાઈ જવામાં એના શરીર યા મીઠા બોલ તરફ જ લહેવાઈ જવાય છે. પણ એના આત્મા તરફ નહિ.

એના આત્મા તરફ લહેવાવાનું થતું હોય તો તો એની કર્મ પીડિત મહાદુઃખદ અવસ્થા જોઈ ભાવદયા આવે.

પણ એ કાંઈ વિચાર છે નહિ. એટલે શરીર તરફ લહેવાઈ જવામાં, ને એમ બીજા જડ તરફ લહેવાઈ જવામાં એના ને આપણા સોના જેવા મનુષ્યભવની માટી થાય છે, બરબાદી નોંતરાય છે.

કેટકેટલું તપી-ખમી-સહન કરીને ઊર્ધ્વીકરણ કરતાં કરતાં આ માનવ અવતારે આવ્યા. તે શું હવે માખી-ભમરાની જેમ જડમાં લહેવાઈ જઈને હવે અધઃપતનનો માર્ગ લેવાનો ?

આપણી પાસે વિશિષ્ટ શક્તિવાળું મન છે, એનાથી શું આ હલકટ કામ કરવાનું ?

જડમાં લહેવાઈ જવું એ ઉત્તમ મનનો અધમ ધંધો છે, પૂર્વે આદરેલા ઊર્ધ્વીકરણમાંથી અધઃપતનનું કાર્ય છે.

સુશીલાની સાઈકોલોજી :-

આમ જો વિચાર્યા કરીએ તો જડમાં લહેવાઈ આકર્ષાઈ જતા અટકાય, ને સત્ત્વ હણવાનું ન બને. પેલી સુશીલા માતાને આ સાયકોલોજી (માનસ શાસ્ત્ર) સમજાવી રહી છે કે, 'દિલમાંથી એકને ઊઠાડી બીજાને બેસાડીએ, એટલે એમાં બીજા તરફ આકર્ષાવાની આદત પડી; એમાં સત્ત્વ હણાયું. પછી હણાયેલા સત્ત્વે અને એ આદતે વળી કોઈ ત્રીજા તરફ આકર્ષાવાનો પાકો સંભવ ઊભો થવાનો; ને એમાં શીલના ફૂરચા ઊડે. પતિ જો ધન-સૌંદર્યાદિના હિસાબે જ કરવાનો હોય, તો એ ધન-સૌંદર્યાદિ તરફ આકર્ષણ એ અંશે શીલભંગ જ છે. તારે મને એ સ્થિતિમાં મૂકવી છે ? શબ્દાદિ વિષયનાં આકર્ષણને શાસ્ત્રે બ્રહ્મચર્યનો આંશિક ભંગ કહ્યો છે."

માતા આની સામે શી દલીલ કરી શકે ? પરંતુ એ કહે છે, 'સુશીલા ! હું આ બધું સમજું છું. પણ તારા પિતાનો આગ્રહ જ છે તો માની જા. તારૂ મન

મક્કમ બનાવજે એટલે આ પતિ કર્યા પછી બીજા તરફ તારૂ મન જાય જ નહિ.'

સુશીલા કહે, 'મા ! એ તો અત્યારે મનને લાગે કે હું હવે મક્કમ રહીશ, પરંતુ વાધે એક વાર લોહી ચાખ્યાની જેમ એક પતિ બદલી બીજો કરવાનું કર્યું, એટલે મનને જે હવસ હરામ ચસકો લાગ્યો એ શે મીટે ? એ આજે નહિ તો કાલે ગુલાંટ ખવરાવે. માટે મારા બાપુજીને મારા નામથી ઘસીને ના કહી દેજે.'

સુશીલાની શીલચુસ્તતા જોવા જેવી છે. મોટો કરોડપતિ પતિ મળે ને હજી પોતે કુંવારી છે, છતાં એનું લેશમાત્ર આકર્ષણ નથી ! એમ પેલા અમરકુમારની વૈરાગ્યચુસ્તતા પણ જોવા જેવી છે.

અમરકુમાર રાજા થવા ના પાડે છે. :-

અમરકુમારને રાજા હવે કહે છે, 'સાહેબ ! હું સત્ત્વહીન-સામર્થ્યહીન-ગુણહીન છું; આપ સત્ત્વશાલી, સામર્થ્યવાન અને ગુણભંડાર છો, માટે આ મારી રાજ્યગાદી સ્વીકારી લો અને હું આપનો છડીદાર બનીશ.' પરંતુ અમરકુમાર હવે વૈરાગ્યચુસ્ત છે તેથી એ તરફ જરાય આકર્ષાતો નથી. રાજા દિલથી આગ્રહ કરી રહ્યો છે; કેમકે એ અમરકુમારને પોતાના કરતાં ઘણો ઘણો મહાન દેખે છે; રાજ્યને મહાન કલ્યાણરાજ્ય બનાવવા સમર્થ દેખે છે, તેથી ભારે આગ્રહ કરી રહ્યો છે; છતાં અમરકુમાર લલચાતો નથી. એ વિચારે છે કે,

અમરકુમારની વૈરાગ્ય-વિચારણા :-

'અહો ! આ જગતમાં કેવું અવનવું બને છે ! જે આ રાજાને એક વખતે હું કરગરતો હતો, આજે એ મને કરગરે છે ! એક વખતે રાજાને મારો ભોગ આપવો હતો. આજે એ મને રાજા બનાવવા ઝંખે છે ! એક વખતે હું જગતને દયાપાત્ર હતો પણ કોઈ મારી દયા કરવા તૈયાર નહોતું. આજે મને જગત દયાપાત્ર લાગે છે, કેમકે જગત બધું મોહથી પીડાઈ રહ્યું છે.

વળી ભલે રાજા મને રાજ્ય ધરે; પરંતુ આ ય ફળ નવકાર મહામંત્રનું છે, તે પણ બહુ આછું ફળ, મામૂલી ફળ, જોતજોતામાં ઊડી જનારૂ બને. તેમ થોડો ટાઈમ રહીને ય આત્માનો કશો ભલીવાર ન વાળે એવું ફળ. મારે ફળને વળગવું ? કે મૂળને ? જે પંચ પરમેષ્ઠી આત્માની સકલ જન્મ-મરણની જંજાળને ફેડી નાખે એવા પરમેષ્ઠીનાં શરણે જવું ? કે આવા રાજ્યપાટ જેવા તુચ્છ અને નાશવંત ફળને પકડી બેસી રહેવું ?

મૂળ છોડીને આવા ફળને પકડી બેસીશ તો ફળ ઊડી ગયા પછી શું ?

મૂળ પકડું તો શાશ્વત ફળ સુધી પહોંચી જવા અવકાશ છે.

વળી જે ચારિત્રસાધના આત્માના ઉત્તમ મહાવૈભવ દેખાડે છે. એને મૂકી, વાંદરાને મદારી નચાવે એમ આત્માને નચાવનાર આ રાજ્યાદિ અધમ જડ વૈભવને કાં વળગવા જાઉં ?'

અમરકુમારે, બસ, પરમેષ્ઠિ-શરણ અને રાજ્યશરણનો હિસાબ માપી લીધો, ચારિત્રજીવન અને સાંસારિક વૈભવી જીવનનો તફાવત જોઈ લીધો, અને ચારિત્રમાર્ગે વિચરવાનો નિર્ધાર કરી લીધો.

રાજ્ય શું પ્રેરે ? ધર્મ શું પ્રેરે ? :-

અમરકુમાર રાજાને કહે છે, 'મહારાજા ! આપની ઉદારતા છે, પરંતુ મારે રાજ્ય લેવાથી સર્યું. રાજ્ય શું કરાવે છે, એ આપે આપના જીવનમાં અનુભવ્યું કે સ્વાર્થ માટે નિર્દોષનો ય ભોગ લેવાનું એ પ્રેરે છે. ત્યારે ધર્મ શું કરાવે છે એ આપે અહીં પ્રત્યક્ષ જોયું. બસ, મારે હવે ધર્મનું જ શરણ છે, રાજ્યનો ખપ નથી.'

અમરકુમારને જાતિસ્મરણજ્ઞાનથી પૂર્વભવના ચારિત્ર-જીવનનો ખ્યાલ તો આવી જ ગયો હતો, તેથી અહીં એણે તરત જ સંસારત્યાગ કરી ચારિત્રમાર્ગ ગ્રહણ કરી લીધો.

જેને અવિનાશીમાં ઠરવું છે, એ નાશવંતને શું બહુ માને ? એમાં શી રીતે ઠરે ?

અમરકુમારને મગધનું મોટું સામ્રાજ્ય એથી જ લલચાવી શક્યું નહિ. રાજા તાજુબ થઈ ગયો કે, 'કેવી આ નિસ્પૃહા ! આખું રાજ્ય તો નહિ, પણ રાજ્યના એક ટૂકડા ખાતર જીવો કેટકેટલું મથી રહ્યા છે ! ત્યારે આમને વગર મથ્યે આખા રાજ્યની ઠકરાઈ હાથવેંતમાં થાય છે, એ આમને ખપતી નથી ! ધન્ય બુદ્ધિ ! ધન્ય વિવેક ! ધન્ય સત્ત્વ !'

જાતમાં વિચારજો કે કેટલું કામ અક્કલ-બુદ્ધિથી થઈ રહ્યું છે ? ને કેટલું કમઅક્કલથી ? કેટલું કામ વિવેકના ઘરનું થઈ રહ્યું છે, ને કેટલું અવિવેકના ઘરનું ? દિવસભરની આખી વિચારસરણી અને બધા બોલમાં અક્કલ-વિવેકના ઘરના વિચાર ને બોલ કેટલા ? મોટા ભાગે નહિ જ ને ? તાત્કાલિક તુચ્છ સુખનો ભ્રમ દેખાડનારા નાશવંત પદાર્થ અંગે જ વિચારધારા અને વાણીવિલાસ ને ?

જીવનની બે મહામૂડી, વિચારશક્તિ અને વાણીશક્તિ, અવિવેકથી કેવી વેડફાઈ રહી છે ?

જુગારિયા જીવને મહામૂડીની કિંમત નહિ :-

વિચારવાણીનું સ્વાતંત્ર્ય :-

પણ જુગારિયા છોકરાને બાપે દીધેલી લાખોની મૂડીની કિંમત નહિ તે જુગારમાં ઉડાવી નાખે, એમ નાદાન જીવને પ્રભુના પ્રતાપે મળેલી આ અમૂલ્ય વિચારશક્તિ અને વાણીશક્તિની કિંમત નહિ, તે નાશવંતની પાછળ એને બરબાદ કરી રહ્યો છે ! નહિતર જો અક્કલ હોય તો મનને એમ થાય કે 'જો કાંઈ ને કાંઈ વિચારવું જ છે, તો જડના બદલે મારા આત્માના પક્ષે વિચારી શકાય છે, ને એમ વિચારવા માટે હું સ્વતંત્ર છું. પછી શા સારુ જડ-પક્ષે વિચારી સરવાળે ફોફા ખાંડવાનું કરૂ ?'

'એમ જો બોલવું જ છે, તો પુદ્ગલના ગુણ શા ગાઉં ? જડને મહત્ત્વ આપનારૂ શું કામ બોલું ? આત્માને અને ધર્મને મહત્તા મળે એવું કાં ન બોલું ?'

વિચાર-વાણીની સ્વતંત્રતા કેમ વપરાય ? :-

કોઈ પૂછે છે 'કેમ ભાઈ ! શરીરે સારા છો ને ?' તો કહી શકાય કે 'દેવ-ગુરુની કૃપા છે કે શરીર સારૂ ચાલે છે. આપણી હોંશિયારી થોડી જ કામ લાગે છે ?' આમાં શું કર્યું ? દેવ-ગુરુને મહત્ત્વ આપ્યું, શરીરને નહિ.

એમ, પૂછનારો વિશેષ નિકટનો હોય તો કહેવાય કે શરીર તો સારૂ, પણ આત્માને મૈત્રી-વૈરાગ્યાદિ ભાવોનું આરોગ્ય ન હોય ત્યાંસુધી એકલા શારીરિક સારાપણાને શું કરવાનું ?' આમાં શરીરને બદલે આત્માને અને મૈત્રી-વૈરાગ્યાદિ ભાવને મહત્ત્વ આપ્યું.

બે પૈસા સારા કમાયા, એના પર વિચારણા તો ચાલે જ છે. પરંતુ જો એ દુન્યવી સુખના મનોરથોની, અભિમાનની, કે વેપારધંધો વધારવાની, તો એ જડપક્ષી વિચારધારા થઈ. એના બદલે જો એમ વિચારાય કે 'આ પૈસા મારી હોશિયારીના નહિ. પણ પૂર્વની ધર્મ સાધનાથી ઊભી થયેલી પુણ્યાઈના છે. માટે આ પૈસાથી હવે નવી ધર્મસાધના કઈ કઈ ઊભી કરૂ ?'

શું કમાયામાં વડાઈ ? :-

એમ, એ વિચારી શકાય કે 'જીવ ! ભૂલો ન પડતો. આ જીવનમાં શું કમાયાથી વડાઈ છે ? પૈસા કે ધર્મ ? ક્યાં ફૂલવાનું રાજી રાજી થવાનું ? પૈસા આવે એમાં કે ધર્મ આવે એમાં ? જો આ વિચારણા શરૂ કરી, તો પછી આત્મપક્ષે વિચારધારા ચાલવાની.

કોઈ આપણું અપમાન કરી ગયું, ગુસ્સો દેખાડી ગયું, ત્યાં જો આપણી વાણી અને વિચારધારા ઉપર આપણો અંકુશ નહિ હોય, તો એ જડપક્ષે એટલે કે કષાયના ઘરની ચાલવાની. જો અંકુશ હશે તો એમ વિચારાશે કે દા.ત. 'જીવ ! કાયાને નુકસાન કે જડને નુકસાન થવા સામે જોઈશ ના; તારા આત્માને કેટલું નુકસાન ? એ જોજે. તો જ તું આસ્તિક ગણાશે. નહિતર કાયાને કે જડને-બાહ્યને થતાં નુકસાન સામે તો નાસ્તિક પણ જુએ છે, ને એના આધારે જ બોલવા-વિચારવાનું તો નાસ્તિક પણ કરે છે, તો તું પણ જો એમ જ કરે, તો તું તે આસ્તિક છે કે નાસ્તિક ? જો આસ્તિક છે તો ગુસ્સો કે અપમાન કરનારને કહી દે કે 'ભાઈ ! હું તો કર્મથી પીડિત છું એટલે ભૂલમાં જ બેઠેલો છું; તેથી તમને દુઃખ કરાવી રહ્યો છું. કર્મની પીડાના હિસાબે જ ઊંધું વેતરણ થાય છે. તમે શાંતિ રાખો એવી મારી પ્રાર્થના છે,...' **આસ્તિકતા શેમાં ? આસ્તિકતા હોય તો જડને નહિ પણ આત્માને થતાં નુકસાન સામે જોવાય, ને આત્મપક્ષે હિતકારી બોલાય; ને વિચારધારા પણ એવી જ ચાલે.**

પરંતુ વાત મોટી આ છે કે અહીં મળેલી અમૂલ્ય વિચારશક્તિ અને વાણીશક્તિને બહુમૂલ્યતા સદા લક્ષમાં રહેવી જોઈએ. મૂલ્યાંકન હોય પછી તો કેમ, તો કે જીવનમાં પ્રસંગો તો કાંઈ ને કાંઈ આવ્યા જ કરે છે, ત્યાં બધે એ અમૂલ્ય શક્તિનો સુંદર-પવિત્ર-આત્મહિતકર વાણી બોલવામાં અને વિચારો કરવામાં સદુપયોગ થાય.

જગત કેવું બોલે છે, ને કેવું કેવું વિચારે છે, એની સામે ન જોશો; જગતની રીતભાત સામે જોવા બેસતાં અજ્ઞાનતાના ઘરનું જ જોવા મળશે. માટે જ્ઞાનીની સામે જોજો. જ્ઞાની કયા પ્રસંગે કેવું બોલવાનું યા મૌન રાખવાનું કહે છે, શું વિચારવાનું યા ઉપેક્ષા કરવાનું કહે છે, એ જોજો.

આપણો જીવ જગતના સામે જોઈ જોઈને જ જગતમાં ભટકતો રહ્યો છે. એ તો જ્ઞાનીના સામે જુએ તો જ ઊંચો આવે.

જગતના સામું જોઈને ચાલવામાં તો રોદણાં ને હૈયા-હોળી જ મળે છે. જ્ઞાનીની સામે જુએ તો શાંતિ-સમાધિ મળે.

વિધવાને ઠારે કોણ ? : બાળે કોણ ? :-

બાઈ વિધવા થઈ, જગત કહે છે, 'બાર મહિના ખૂણો પાળ, મંદિર-ઉપાશ્રયે જઈશ ના.' એટલે ? એક તો બિચારીને દુઃખની રામાયણ આવી, હવે એમાંથી કાંઈક શાંતિ મળે હૂંફ મળે એવાં પ્રભુદર્શન-પૂજન અને સાધુદર્શન-વ્યાખ્યાનશ્રવણ નહિ કરવાનાં, ને રોતાંને પિયરિયાં મળ્યાં જેવા લોકો આવી આવીને મહા આર્ત-ધ્યાન-અસમાધિ કરાવે એવાં રોદણાં જ સાંભળવાનાં ! કેવો તદ્દન ઊંધો રિવાજ ? જગતના રાહે ચાલવામાં શું સારૂ મળે ?

જુવાનોનાં નૂર કોણ વધારે ? :-

છોકરાને પરણાવ્યો, આજના જગતનો રાહ શીખવે છે, 'જાઓ બંને સિનેમા જોવા, હરવા-ફરવા, ટૂર પર. વેશ મર્યાદા વિનાના રાખો. ઘરમાં સુખેથી બોલ-ચાલની છૂટ રાખો...' એટલે ? યુવાની આવી ત્યાં વાસનાની વસંત તો ખીલી ઊઠી હતી, એમાં વાંદરાને દારૂ પાવા જેવી આ બધી ઉદ્ભટ પ્રવૃત્તિ આચરવાની ! ત્યાં પછી એમનાં જીવનમાં સંયમ રહે ? ને સંયમ જાય તો શરીરનાં નૂર રહે ? કે ધોવાઈ જાય ? તેમ વિચારસરણી પાપભરી ચાલે ? કે પવિત્ર ? એ તો જ્ઞાનીના રાહે ચાલી, અસંયમ-પાત્ર જો સામે આવીને ઊભું છે માટે વિશેષ અંકુશ વિશેષ મર્યાદા અને વિશેષ ઠરેલતાની રીતભાત રખાય, તો જ શરીરનાં નૂર અને મનની પવિત્રતા ટકે.

વાત આ જ છે કે અહીં મળેલી અમૂલ્ય સ્વતંત્ર વિચારશક્તિ અને અમૂલ્ય સ્વતંત્ર વાણીશક્તિની મહત્તા સમજી એનો સદુપયોગ કરતા ચાલો. એમાં જગતની સામે ન જોતાં જ્ઞાનીની સામે જોયા કરજો કે એમણે શું આચર્યું અને શું શું ઉપદેશ્યું ?

અમરકુમાર હવે ચારિત્ર સાથે ધ્યાન માર્ગે :-

અમરકુમારની સામે મોટા સામ્રાજ્યની લાલચ હતી; પરંતુ સુયોગ્ય વિચારણા

કરી, આત્મપક્ષી વિચારણા કરીને એણે એને વશ ન થતાં સંસારત્યાગ કરી ચારિત્ર અપનાવ્યું, અને ત્યાંથી નગર બહાર ચાલી જઈ જંગલમાં ધ્યાન જમાવ્યું, કેમ વારુ ? સંધ્યાકાળ થવા આવ્યો હશે તો રાત એમજ પ્રમાદમાં વીતાવવા કરતાં, જોયેલાં આત્મપરાક્રમનાં રૂડાં ફળના હિસાબે રાત ધ્યાનના આત્મપરાક્રમમાં જ કાઢવી એ હિસાબ માંડ્યો.

અહીં આ બધી ઘટના પર અને વિશેષ રાજાની રાજ્ય સોંપવાની તૈયારી છતાં દેવતાઈ માન-સન્માન પામેલા અમરકુમારના સંસારત્યાગ પર લોક ઓવારી ગયું.

લોક ઓવારી જ જાય ને ? એક બાજુ અમરકુમારને અગ્નિમાં હોમી દેવાની અને એને કોઈ એમાંથી બચાવનાર નહિ હોવાની સ્થિતિ જોયેલી, એટલી બધી એની દયાપાત્ર સ્થિતિ નિહાળેલી, તે લોક હવે તદ્દન ઊલટું જ જુએ છે, બાળકને અગ્નિના કુંડમાં ઝીકી દેનારા, બ્રાહ્મણો જ લોહી વમતા ઊંધા પડી ગયા, ને બાળક અમરકુમારને દેવતાએ સન્માન્યા. જહાંગીરશાહીથી બાળકને ખરીદી લઈ આગમાં હોમી દેવાનો હુકમ કરનાર રાજા હવે ગરીબડો થઈને બાળકને પગે પડે છે, બ્રાહ્મણોને સ્વસ્થ કરવા વિનવે છે. રાજ્ય ગ્રહણ કરવા આગ્રહ કરે છે ! ત્યારે અમરકુમાર પાણી છાંટવામાત્રથી બ્રાહ્મણોને સાજા કરે છે, અને પોતે સામ્રાજ્ય-ઠકરાઈ લેવાને બદલે સર્વત્યાગ કરી ચારિત્ર લે છે ! સાધુ બને છે ! આ બધું જોઈને ભલભલા લોક પણ કેમ ન ઓવારી જાય ? આખા નગરમાં સનસનાટી ફેલાઈ. લોકમાં અમરકુમારની ભારે વાહ વાહ ગવાઈ રહી છે, 'વાહ ! ધર્મનો કેવો અજબ પ્રભાવ !' એમ લોક ધર્મના ગુણ ગાય છે.

સંસાર અને ધર્મનો તફાવત જોવા જેવો છે. સંસાર શું આપે ? ને ધર્મ શું આપે ?

ધર્મે અમરકુમારને જબરદસ્ત રક્ષણ આપ્યું. ધર્મે મૂર્ચ્છિત બ્રાહ્મણોને સ્વસ્થ કર્યા ધર્મે રાજાને સંમતિ આપી. ધર્મે અમરકુમારને મોટા રાજ્યનો ય લોભ અડવા ન દીધો, ને મહાત્યાગનું પરાક્રમ આપ્યું.

સંસારે અમરકુમારનું વેચાણ કરાવ્યું. સંસારે સગી મા અને સગા બાપને આવા સ્વાર્થાંધ પૈસાઘેલા બનાવ્યા કે એ સગા દીકરાને જ પૈસા ખાતર વેચે. સંસારે અમરકુમારને ઓશિયાળાં, કકળાટ અને અગ્નિના કુંડમાં ઝીકાવાનો ત્રાસ આપ્યો. તો પૂછો,

પ્ર.- શું ધર્મમાં એ ત્રાસ ન આવે ? દા.ત. સાધુને અગ્નિમાં ઝીકાવાનો ત્રાસ ન આવે ?

ઉ.- આવે ય ખરો, પણ એને એ ત્રાસરૂપ લાગે નહિ, એને ઓશિયાળાં કે કકળાટ ન કરવો પડે. એ બધું કરાવનાર તો સંસાર છે. સંસારની ખાસિયત જ આવી કે હમણાં સુખ દેખાડે, ને પછી ભારે દુઃખ દેખાડે.

શાંતસુધારસ શાસ્ત્ર કહે છે,

દર્શયન્ કિમપિ સુખવૈભવમ્, સંહરંસ્તદપિ સહસૈવ રે ।
વિપ્રલમ્ભયતિ શિશુમિવ જનમ્, કાલબટુકોઽયમત્રૈવ રે ॥

આ કાળ એવો માયાવી ખેલાડી છે કે હમણાં કાંઈક સુખવૈભવ દેખાડે, અને એ પણ હમણાં એકાએક જ સંહરી લે છે, ઝૂંટવી લે છે. આમ જીવને એક બચ્ચાંની જેમ અહીં આ જીવનમાં જ ઠગે છે. પરંતુ આ વસ્તુ સંસારમાં હોં, મોક્ષમાં નહિ. મોક્ષના જીવને કાળ ઠગી શકતો નથી. સંસારના જીવને કાળ ઠગે છે. માટે **'કલય સંસારમતિ દારુણમ્'** સંસારને અતિ ભયંકર સમજ.

સંસારમાં હમણાં જીવ સુખી હોય, ને સુખ ટકવાના ભરોસે બેઠો હોય, ને એકાએક પછી તરતમાં જ સુખ લૂંટાઈ જાય; તે એવું કે એને પોક મૂકાવે. તો કાળ જે સંસારમાં આવું જીવને વારંવાર ઠગ્યા કરે ને રોવરાવ્યા કરે, એ સંસાર મહા ભયંકર નહિ ?

ચક્રવર્તી કેમ ત્યાગ કરે ? :-

આ ભયંકરતા સમજીને જ મોટા ચક્રવર્તીઓ પણ, કાળ ઠગીને એ મહાસુખ લૂંટી લે ઝૂંટવી લે એની પહેલાં જ, એનો ત્યાગ કરીને ચારિત્રમાર્ગે સિધાવે છે, અને ક્રમે કરીને જ્યાં કદી કાળની ઠગાઈ પહોંચતી નથી એવા મોક્ષધામમાં પહોંચીને જપે છે. ત્યારે જે ચક્રવર્તી આ કાળઠગાઈ સમજતા નથી, ને જિંદગીના છેડા સુધી ચક્રવર્તીપણાના સુખ-ઠાઠને વળગ્યા રહે છે, એને શું કાળ છોડે ? ના, છેવટે આયુષ્ય પૂરૂ થતાં તો ચક્રવર્તીનાં સુખ ઝૂંટવે જ.

સંસારમાં ઠગારા કાળનું કામ જ આ, કે જીવને હમણાં સુખ દેખાડવું, ને પછી એકાએક જ જીવની ધારણા બહાર એ સંહારી લેવું. પછી ચાહ્ય એ જીવ નાની ઈયળ હોય કે મોટો ઈન્દ્ર હોય.

મોક્ષ કેમ આદરણીય :-

જોઈ વળો આખા સંસારમાં, ક્યાં ય કોઈ જીવને કાળ ન ઠગતો હોય, હમણાં સુખ તે પછી પણ શાશ્વતકાળ માટે સુખ કાયમ જ, આવો કોઈ સંસારી જીવ હોય તો શોધી કાઢો. મળે જ નહિ. કાળે કાળે પલટા આવે જ. વર્તમાન સુખ પર મદાર બાંધીને બેસનારો જીવ ઠગાય જ. કાળપ્રવાહ એના સુખને ટકવા દે જ નહિ. એ તો એક મોક્ષનો જ કાળપ્રવાહ એવો કે કાળનું ત્યાં કાંઈ ચાલી શકે નહિ; ત્યાંના સુખને સંહરી શકે નહિ. અનંત અનંત કાળ વીતે પણ કાળની ફલાંગ ત્યાં કશું કરી શકે નહિ. બાકી જો સંસારમાં જ બેસી રહેવું છે; તો સમજો કે જીવ ઠગારાના ગામમાં વસ્યો, તે આજે નહિ તો કાલે, પણ લૂંટાવાનો, લૂંટાવાનો,

લૂંટાવાનો જ. માટે જ મોટા મોટા ચક્રવર્તીઓ પણ ઠગાઈવાળા સંસારને બદલે બિનઠગાઈવાળા મોક્ષનો આદર કરે છે, મોક્ષ માટે સંસાર-સુખનો ત્યાગ કરે છે.

કુદરતનો આ હિસાબ છે કે મોક્ષનાં ઠગાઈ વિનાનાં સુખ જોઈએ છે ? તો ઠગાઈવાળા સંસારસુખ છોડો.

નરકના જીવે સંસારસુખ છોડ્યા, મોક્ષ કેમ નહિ ? :-

પ્ર.- નરકના જીવે તો સંસારસુખ છોડ્યાં છે, તો એને બિચારાને કેમ ત્યાંથી છૂટી સીધાં મોક્ષનાં સુખ નથી મળતાં ? આવો પ્રશ્ન થાય,

ઉ.- પણ આનો જવાબ સહેલો છે. એણે હૃદયથી સંસારસુખ નથી છોડ્યાં, સંસારસુખની લાલસા નથી છોડી. એક પરમાધામી ઘા મારીને રીબાવીને ગયો, એક અડધી પણ સેકન્ડ ઘા બંધ પડ્યો એની શાતા વળી ત્યાં એને હાશ થાય છે; પછી ભલે એનાં દુર્ભાગ્યે તરત બીજો ઘા આવવાનો હોય; પણ આ 'હાશ !' એ સંસારસુખની યાને ઇન્દ્રિયસુખની-શરીરસુખની લાલસા છે. એ છે ત્યાંસુધી મોક્ષનાં સુખ શે મળે ?

એ તો ઘાણીમાં પીલાતા મુનિને સંસારસુખની લાલસા નહિ, એટલે એમને એમ ન થયું કે 'હાય ! ક્યારે આ પીલામણનાં દુઃખથી છૂટું !' માટે એમને તરત પછી મોક્ષનાં સુખ ચાલુ થયાં. ચામડી ઉઝરડાતાં ખંધક મુનિને એવી હાય નહિ કે, 'હાય ! આ ચામડી ઉઝરડાવાની પીડા ક્યારે મટે !' તેથી જ એક ઠેકાણે ઉઝરડાવાની પીડા ક્યારે મટે !' તેથી જ એક ઠેકાણે ઉઝરડાવાનું પૂરૂ થયું ત્યાં ક્ષણ પછી બીજે ઉઝરડાવાનું શરૂ થાય એના વચલા ગાળાની ક્ષણમાં હાશ નહિ કે, 'હાશ ! આટલું ઉઝરડાવાની પીડા મટી ! હાશ ! સહેજ ઠંડક વળી !' ના, આ 'હાશ' એ સંસારસુખની લાલસાના ઘરની છે. એમને એ લાલસા જ નહોતી; ઇન્દ્રિય-સુખશાતાનો ખપ જ નહોતો; એવાં સુખ પ્રત્યે જ્વલંત વૈરાગ્ય હતો. 'કાળબટુક-કાળખેલાડી જે ઇન્દ્રિયસુખને અવશ્ય ઝૂંટવે જ, એવાં સુખને મહત્ત્વ શું આપવું ? એનો રાગ શો કરવો ? એ જોઈએ જ નહિ. કારમા દુઃખ પછી પણ એ તકલાદી નાશવંત સુખ જોઈએ જ નહિ.' માટે એમને તરત મોક્ષસુખ મળ્યાં. જાણો છો ?

પ્ર.- કેમ સંસારસુખની માયા મૂકે તો જ મોક્ષસુખ ?

ઉ.- કારણ સ્પષ્ટ છે. સંસારસુખ રાગ કરાવે છે નિર્ભીક રાગ ! એવો નિર્ભીક રાગ હોય ત્યાંસુધી વૈરાગ્ય ન આવે; ને એ વૈરાગ્ય નહિ ત્યાં વીતરાગભાવ ન આવે. તો એ વિના તો કદી મોક્ષ નહિ. મોક્ષ વીતરાગનો જ થાય. રાગ તો મારનારો છે. ત્યારે પૂછો,

પ્ર.- એમ તો મોક્ષસુખનો રાગ મારે નહિ ?

મોક્ષસુખનો રાગ કેમ દોષરૂપ નહિ ?

ઉ.- ના; (૧) મોક્ષસુખનો રાગ તો સંસારસુખના રાગને મારનારો છે, તેથી

જીવને તો જીવાડનારો કહેવાય. એ પેલા જીવમારક રાગને સર્વથા મારી જીવને વીતરાગ બનાવનારો ને મોક્ષ અપાવનારો, માટે જીવાડનારો કહેવાય. અલબત્ત સંસારરાગ સર્વથા મરતાં આ રાગ પણ લય પામી જાય છે.

(૨) સંસારસુખના રાગની પાછળ માયા-પ્રપંચ, ગર્વ-ગુસ્સો, હિંસા-જૂઠ-ચોરી, વગેરે વગેરે કેટલાંય પાપો-દોષો ખડાં થાય છે. જોશો તો દેખાશે કે

બધાં દોષો-પાપોનું મૂળ કોઈ ને કોઈ ધન-માલ-ખાન-પાન-માનસન્માન આદિ સંસારસુખોનો રાગ છે.

એ સંસારસુખોનો રાગ સમસ્ત દોષ-દુષ્કૃત્યોને પોષે છે. એવું મોક્ષસુખના રાગમાં નથી. જેને મોક્ષસુખ યાને વિષય વિનાનું સુખ જોઈએ છે, એ વિષયસુખનો પોષનારા આવા દોષ-દુષ્કૃત્યોને પસંદ જ નહિ કરે. ઊલટું એ બધાનો અંત લાવવાનું ઇચ્છશે, કેમકે એમાં તો એ પોતાની નાલેશી જુએ છે, 'મારે વળી આ દોષ-દુષ્કૃત્યો શા ?' એટલે મોક્ષસુખના રાગમાં કશા ય દોષ-દુષ્કૃત્યો પોષાવાનાં નહિ. તેથી સંસાર આગળ ચાલવાનો નહિ, ને મોક્ષ થવાનો. પછી એ રાગ બાધક ક્યાં બન્યો ?

(૩) વળી મોક્ષ-સુખનો રાગ એટલે મોક્ષની ઇચ્છા છે. મોક્ષની ઇચ્છા એટલે અનિચ્છાની ઇચ્છા છે. જેને મોક્ષની ઇચ્છા એટલે અનિચ્છાની ઇચ્છા છે. જેને મોક્ષની ઇચ્છા થઈ એ શું ઇચ્છી રહ્યો છે ? આ જ, કે

ઇચ્છાઓ જ નાશ પામો, એ માટે સંસારનો જ અંત આવો; કેમકે આ સંસાર અનેક વાતની ઇચ્છાઓ-તૃષ્ણાઓ લાલસાઓ કરાવે છે, ને એ ગોઝારી છે. કેમકે,

(i) એ ઇચ્છાઓ-તૃષ્ણાઓ-લાલસાઓ પછી અનેક જાતનાં દોષો અને દુષ્કૃત્યો આચરાવે છે, જોજો, કામ-ક્રોધાદિ દોષોને હિંસાદિ પાપો કોના પર ખડા થયા છે ? સંસારની કોઈ ને કોઈ ઇચ્છા પર. સંસારસુખની ઇચ્છા પાપોની માતા છે. તો આવી રાક્ષસીને પોષવી શી ?

(ii) વળી એ ઇચ્છાઓ વિષયપ્રાપ્તિથી શમાવવા ગયા, ત્યાં બીજી અનેક ઇચ્છાઓની ફોજ ઊતરી પડે છે ! 'સ્ત્રી લાવું એટલે સંસારસુખ મળે' આવી ઇચ્છાને સ્ત્રી પરણીને શમાવી, પછી બોલો, ઘર માંડવાથી માંડીને કેટલી વાતની ઇચ્છાઓ જાગે ? તો આવી નાગણને રાખવી જ શા સારૂ ?

(iii) એમ, સંસારસુખની ઇચ્છા ક્યારે ય કાયમ માટે તો શમતી જ નથી. એકવાર મીઠાઈ ખાધી, મીઠાઈની ઇચ્છા તત્કાલ શમી, પણ બીજે દિવસે કે સાંજે જ પાછી એવી ઇચ્છા જાગે છે. ઇચ્છા એ ધાધર-ખરજવાની ચળ જેવી; તે વિષયસંપર્કરૂપી ખણજથી ખણ્યા જ કરો, ને ચળ ચાલ્યા જ કરે. તો પછી આવી ઇચ્છા પાછળની ગદ્ધામજૂરી શી ?

(iv) વળી સંસારસુખની ઇચ્છાઓ એકબાજુ દેવ-ગુરુ-ધર્મ ભૂલાવે, પુણ્યના માર્ગ ભૂલાવે, ને બીજી બાજુ પાપો ધરખમ આચરાવી જીવને દુર્ગતિનાં કારમા દુઃખોમાં ભટકાવે; તો પછી એવી વિષવેલી જેવી ઇચ્છાને ઉગાડવી જ શા માટે ?

મોક્ષની ઇચ્છા એટલે અનિચ્છાની ઇચ્છા :-

આમ, જેને મોક્ષસુખનો રાગ થયો, મોક્ષની ઇચ્છા થઈ, એ સંસારસુખની ઇચ્છાઓમાં આવી આવી ગોઝારી ખરાબીઓ જોઈ રહ્યો છે, ને એથી ત્રાસી રહ્યો છે; એટલે ઇચ્છે છે કે, 'જે સંસારના લીધે જ આવી ગોઝારી ઇચ્છાઓ થાય છે એ સંસાર કેમ છૂટે ? ને કેમ એ ઇચ્છાઓ કરવાનો અંત આવે ?' આ શું ઇચ્છયું ? ઇચ્છાઓનો અંત, અભાવ, એટલે કે અનિચ્છભાવ ઇચ્છયો, અનિચ્છા ઇચ્છી. બસ, મોક્ષની ઇચ્છા એટલે અનિચ્છાની ઇચ્છા. એવા તદ્દન ઇચ્છા રહિતના મોક્ષસુખના રાગમાં તૃષ્ણા-લાલસા-લંપટતા ક્યાં આવી કે જે એને મારનારી બને ?

ઊલટું, મોક્ષસુખના રાગમાં તો મારક તૃષ્ણાઓને મારવાનું આવવાથી એ તૃષ્ણાઓ મરી ગયે જીવને અમરજીવવાનું ઊભું થાય. માટે કહો, સંસારસુખની ઇચ્છા મારનારી છે, ને મોક્ષસુખની જવલંત ઇચ્છા તારનારી અમર જીવાડનારી છે.

વાત આ ચાલતી હતી કે સંસારસુખની માયા મૂકો તો જ મોક્ષસુખ મળે. એ માયા મૂકાય એટલે સંસારસુખ મૂકાય; એટલે સંસારસુખ મૂકાય; ને એ મોટા ચક્રવર્તીઓએ પણ મૂક્યાં, તો જ એ મોક્ષસુખ પામ્યા, યા મોક્ષસુખની નિકટતા પામ્યા. બાકી જે સુભૂમ, બ્રહ્મદત્ત વગેરે ચક્રવર્તીઓએ એ સુખની માયા ન મૂકી, ને જાતે એ સુખ છોડ્યાં નહિ, એમનાં સુખ ટક્યાં તો નહિ, કાળ-ઠગારાએ એ આંચકી લીધાં ને મોટાં માંધાતા પણ ચક્રવર્તીને રૌરવ દુઃખ ભરી નરકમાં પૂરાઈ જવું પડ્યું.

સુખ કેવું તકલાદી ? :-

ચક્રવર્તી જેવાને ય સંસારસુખની માયા-મમતા ડૂબાડે, તો આપણને ? જો એનાં ય સુખને કાળ ઝૂંટવી લે, તો આપણાં ? આ જીવન પછી તો લૂંટાવાની શી વાત ? શાસ્ત્રકાર કહે છે કે 'આ જીવનમાં જ હમણાં એક વાતનું સુખ, ને અહીં જ પછી સુખનો સંહાર !' જીવનમાં નથી અનુભવાતું આ ?

પૈસા મળ્યાનું સુખ કેટલું ટકે ? મળ્યા પર ઇન્કમટેક્ષ આદિથી બચવાની ચિંતા પેલા આનંદને વિસરાવી દે છે, હૈયે હોળી સળગાવે છે કે, 'હાય ! હવે ટેક્ષથી બચવું કેવી રીતે ?'

મીઠાઈ ખાધાનું સુખ કેટલું ટકે ? મોંમાં કોળિયો છે ત્યાં સુધી જ ને ? પેટમાં ગયા પછી તો મીઠાઈનું નહિ, પણ માત્ર અભિમાનનું સુખ રહે છે કે, 'મેં આજે મીઠાઈ ખાધી.' ત્યારે એમ તો મીઠાઈત્યાગમાં ય એવું સુખ માણી શકાય છે કે, 'મારે આજે મીઠાઈત્યાગ હોવાથી હું ખરેખરો પાપથી બચી ગયો ! મને સુંદર

પુણ્યનો અને કર્મક્ષયનો લાભ મળી ગયો !' બાકી તો વિષયો ઇન્દ્રિયના સંપર્કમાં આવે ને જે સુખ-શાતાનો અનુભવ મળે છે, એ કાંઈ વિષયસંપર્ક છૂટ્યા પછી ન અનુભવી શકાય. માટે એ સુખ તકલાદી. કવિ કહે છે સંસારમાં કાળબટુક હમણાં સુખ દેખાડે ને પછી જીવની ધારણા બહાર એકાએક એ સંહરી લે છે; એવો એ ઠગારો જીવને ઠગે છે.

અમરમુનિ ક્યાં ? :-

અમરકુમાર આ જોઈ રહ્યો છે કે, 'રાજા ભલે મને રાજ્ય આપવા તૈયાર થયો, પરંતુ રાજ્યસુખ ટકવાનું કેટલું ? કાળ ટકવા દે જ નહિ. હમણાં રાજ્યસુખ દેખાડે, ને પછીથી એકાએક પડાવી લે. એવી કાળની ઠગાઈના પ્રસંગમાં શું ફસાવું ?' બસ, રાજ્યસુખે ય જોઈએ નહિ, ને સંસારનાં બીજાં સુખ પણ નહિ.' એ તો સંસારત્યાગ કરી અમરમુનિ બની ગયા; ને નગર બહાર ઉદ્યાનમાં ચાલ્યા ગયા, અને ત્યાં ધ્યાનમાં લાગી ગયા.

રાજા પર એની ઘેરી અસર પડી ગઈ; લોકો પણ ચકિત થઈ ગયા, આકર્ષાઈ ગયા, તે ઉદ્યાનમાં દર્શનાર્થે જાય છે, દર્શન કરી કરી પાવન થાય છે, દર્શનથી જીવનને ધન્ય બન્યું માને છે. મુનિ તો કોઈની સાથે કશું બોલતા ય નથી, ને સામે પણ જોતા નથી; એ તો પોતે ધ્યાનમાં જ રહ્યા છે; છતાં લોકો એમને માત્ર જોઈ જોઈને ય એમના ધર્મપ્રભાવ અને ભારે ત્યાગને યાદ કરે છે, એની ખૂબ જ અનુમોદના કરે છે. કદાચ એવો સામે આવેલા સામ્રાજ્યનો ત્યાગ અને માત્ર એકાંતમાં સ્વાત્માની ચિંતારૂપ ધ્યાન ન હોત, ને સારૂ ભાષણ કર્યું હોત, તો સંભવ છે એની લોક પર એવી ઘેર અસર ન પડી હોત. એટલી બધી ઊંડી અસર આવા ત્યાગમય અને ધ્યાનમય જીવનની પડી. માટે કહેવાય કે,

ભાષણ કરતાં જીવનની મોટી અસર પડે છે.

માટે તો પૂર્વે મોટા રાજાઓ મહાત્માઓનાં એવાં જીવન જોઈને પામી ગયા. તો પૂછો ને,

પ્ર.- શાસન-પ્રભાવક આચાર્યોની વાણીએ શું ગજબનાં કામ નથી કર્યાં ?

ઉ.- જરૂર કર્યાં છે; પણ એટલું સમજી રાખો કે એ વાણી પાછળ એમનું જીવન ઉચ્ચ હતું, તો એ મહાન પ્રભાવના કરી ગયા. જીવન પહેલું, વાણી પછી સવાલ થશે,

પ્ર.- અભવીની વાણી કામ કરે છે ને ? એની પાસે ક્યાં જીવન છે ?

ઉ.- પરંતુ એ જુઓ કે ભલે એને અંદરના પરિણામમાં ધર્મ નથી, છતાં એને ય બહારમાં તો ભારે ત્યાગમય જીવન રાખવું જ પડે છે. તો જ એની વાણીથી લોક આકર્ષાય છે. એ જો ત્યાગ વિનાનો અને ભ્રષ્ટ આચારવાળો ભાંડભવાયા જેવો હોત ને ભાષણો ઠોકતો હોત તો એવી અસર ન પડત.

પરોપકાર કરતાં સ્વોપકાર મુખ્ય :-

જૈનશાસન આ જ કહે છે કે, 'પહેલું તમારૂ જીવન સુંદર બનાવો, પછી પરોપકાર કરવા નીકળો.' પરોપકારની શક્તિ ન હોય તો, 'ભવ ભાવના' શાસ્ત્રે, પરોપકાર કરવાનું ન કહ્યું. 'સ્વોપકાર ફરજિયાત, પરોપકાર નહિ.' એમ પરોપકાર કરવા જતાં સ્વોપકાર ઘવાતો હોય, તો એવો પરોપકાર એ કર્તવ્ય નહિ. પરંતુ સ્વોપકાર કરવા જતાં પરોપકાર ન બની શકતો હોય, તો એ સ્વોપકાર કર્તવ્ય.

પ્રભુએ ખંધકસૂરિને પરોપકારમાં સંમતિ ન આપી :-

માટે તો જુઓ કે ભગવાન શ્રી મુનિસુવ્રતસ્વામીએ ખંધકસૂરિને, પરોપકાર કરવા જતા સ્વોપકાર ઘવાતો હતો એથી, એવો પરોપકાર કરવામાં સંમતિ ન આપી. વાત એ હતી કે ખંધકસૂરિએ પ્રભુ પાસે પોતાના ૫૦૦ શિષ્યો સાથે બેનના દેશમાં જવા આજ્ઞા માગી જેથી કદાચ ત્યાં બેન વગેરે કોઈ પ્રતિબોધ પામે.

ત્યારે ભગવાને કહ્યું, 'તમે જશો તો વિરાધક થશો.'

• ખંધકસૂરિ ચોંકીને પૂછે છે, 'તો પ્રભુ ! આ ૫૦૦ મુનિઓનું શું ? ભગવાન કહે છે, 'એ આરાધક થશે.'

ખંધકસૂરિ સમજી ગયા કે ત્યાં કાંઈક એવું બનવા સંભવ છે કે જેથી ૫૦૦ મુનિઓ આરાધના કરી મોક્ષ યા ઉચ્ચ સદ્ગતિ પામે, ને હું વિરાધના કરી નીચી ગતિ પામું. પ્રભુને કહે, 'ભગવંત ! તો પછી મારૂ ગમે તે થાઓ, પણ મારા નિમિત્તે આ પાંચસો તો તરી જશે. માટે હું બેનના દેશમાં જાઉં'

આના પર પ્રભુ મૌન રહ્યા; ન સંમતિ આપી કે 'જહાસુહં દેવાણુપ્પિયા !' અર્થાત્ 'સુખ ઊપજે એમ કરો,' ન આમ સંમતિ આપી, કે ન નિષેધ કર્યા કે 'ન જશો.' નિષેધ કેમ ન કર્યો ? પ્રભુએ કદાચ જોયું હશે કે, 'ના કહેવામાં એ જાય તો નહિ, પણ અહીં રહ્યા મનમાં પરોપકાર ન થઈ શકવાનો વિખવાદ કરે, આર્તધ્યાન કરે. તો આર્તધ્યાનમાં ય વિરાધક થવાનું થાય, નીચી ગતિ થાય.' આવું કાંઈક જોયું હશે તેથી નિષેધ ન કર્યો, પ્રભુ મૌન રહ્યા.

પ્ર.- પ્રભુએ ખંધકસૂરિને જવાની સંમતિ કેમ ન આપી ? એમના જવાનાં નિમિત્તે આટલા બધા પાંચસો મુનિ તરી જતા હતા ને ?

ઉ.- વાત સાચી, ૫૦૦ તરી જાય; પરંતુ અહીં પૂછનાર, સંમતિ માગનાર મૂળ ધણી ખંધકસૂરિ છે, ને પૂછનારના પોતાના જ આત્માનું અહિત થતું હોય એવી વાતમાં સંમતિ અપાય નહિ. અહીં એમનું બગડી જવાનું છે. તો એમને આવો સ્વોપકાર હણીને પરોપકાર થાય એમાં પ્રભુ એમને સંમતિ કેમ આપે ? પરોપકાર અલબત કર્તવ્ય છે, પરંતુ તે સ્વોપકાર યાને સ્વાત્માનું હિત પહેલું જાળવો. પછી શક્તિ હોય તો પરોપકાર અવશ્ય કરો.

પરોપકાર વિના સ્વોપકાર ક્યાં ઘવાય ?

પ્ર.- આમાં તો લોક સ્વાર્થિલા ન થઈ જાય ? 'મારે મારૂ જોવાનું. બીજાનું ન જોઉં તો ચાલે,' આવો ભાવ ન આવે ?'

ઉ.- ના, સ્વોપકારને બરાબર સમજતો હોય એને આવો ભાવ ન આવે. કેમકે સ્વોપકારમાં જેમ પોતાની બાહ્ય સાધનાઓ છે, એમ અંતરના શુભ પરિણામની રક્ષા પણ છે. એમાં જો બીજાની ઉપેક્ષા કરવાથી પોતાના ચિત્ત-પરિણામ કઠોર નિષ્ઠુર થાય છે તો એ બગડ્યા કહેવાય, ને એમાં સ્વોપકાર ઘવાયો ગણાય. એમ જો બીજાની ઉપેક્ષા કરવા જતાં એના ચિત્ત-પરિણામ બગડતા હોય તો એની ઉપેક્ષાથી પોતાનામાં નિર્દયતા-કઠોરતા આવી, ને એ સ્વોપકારને હણનારી બને.

આને જરા સ્પષ્ટતાથી સમજો.

(૧) એક તો જે કુટુંબ વગેરેના હિતની જવાબદારી આપણા માથે છે, 'એ ધર્મ કરે કે ન કરે. મારે એ નહિ જોવાનું. મારે પોતાને ધર્મ કરી મારૂ સાચવવાનું, મારે વ્યાખ્યાને જવાનું, એણે સંસારનાં કામ સંભાળવાનાં,' આમ કુટુંબના આત્મહિતની ઉપેક્ષા કરીએ તો આપણે કર્તવ્ય ચૂકીએ છીએ અને એથી આપણાં પરિણામ કઠોર થતાં એ સ્વોપકારને મોટું હણવાનું થાય. માટે તો શિષ્ય કર્યા પછી ગુરુ પોતાનું જ સંભાળતા રહી એના હિતની ઉપેક્ષા કરે, એને ગ્રહણ-આસેવન-શિક્ષણ ન આપે, એને સારણા-વારણાદિ ન કરે, તો એવા ગુરુને ઘોર પાપી કહ્યા છે.

એકાંતે ચારિત્ર પાળનાર જો એવા શિષ્ય-ઉપેક્ષક ગુરુ પણ જો ઘોર પાપી, તો પોતે સારો ધર્મ કરનાર એવો કુટુંબ-ઉપેક્ષક શ્રાવક કેવો પાપી ?

પરનો વિચાર બે રીતે રાખવો :-

સારાંશ, કર્તવ્ય ચૂકનાર પોતાના આંતર પરિણામને નિષ્ઠુર કરે છે માટે સ્વોપકારને હણનારા છે. એ ન હણવા માટે પરનો વિચાર રાખવો જ પડે.

ત્યારે જેના હિતનો પોતાના માથેભાર નથી એવા પાડોશી વગેરેનું હિત પોતાનો ઉપકાર સાચવીને સાધી શકાય એમ હોય, છતાં એની ઉપેક્ષા કરે, તો એમાં ય પોતાનામાં નિષ્ઠુરતા આવે, ધન વગેરેનો ગેરવ્યાજબી મોહ પોષાય, અને એમાં પોતાના આંતર પરિણામ બગડવાથી સ્વોપકાર હણાય.

દા.ત. તમે મંદિર-ઉપાશ્રયે ધર્મસાધના કરવાનો લાભ ઉઠાવો છો, પણ એના સાધારણ ખાતાના ખર્ચમાં ભરવાનું આવે ત્યારે 'હું તો મારો ધર્મ સંભાળું, સાધારણમાં ભરવાથી એવો કયો મોટો ધર્મ થવાનો હતો ? છતાં એ પરોપકારનું કામ છે. આપણા માથે પરોપકાર કરવાનો કાંઈ ભાર નથી,' આમ એની ઉપેક્ષા કરો, અથવા એમાં દદૂડી મૂતરાવો, તો એમાં દિલના પરિણામ નિષ્ઠુર બને. ભૂલતા નહિ, જે મંદિર-ઉપાશ્રયમાં ધર્મસાધના કરી અઢળક પુણ્ય કમાવવું છે એના સાધારણ ખર્ચનો ભાર તમારા માથે છે, એની પરવા નથી કરવી એ લૂંટારાગીરી છે. બાપની પાસેથી પૈસા અગર દુકાનનું કામ લેવું છે, પણ બાપનાં ભોજન

વગેરેની સગવડ નથી સંભાળવી એ બાપને લૂંટવાનું જ કહેવાય ? કે બીજું કાંઈ ? એમ મંદિર-ઉપાશ્રય પાસેથી પુણ્ય ચૂસવું છે, ને એના સાધારણ ખર્ચની સારી સગવડ નથી સાચવવી એ એને લૂંટવાનું જ કહેવાય કે બીજું કાંઈ ? આમાં મનના પરિણામ નિષ્ઠુર થાય છે, ને એ સ્વોપકારને હણવાનું કહેવાય. વળી ધનનો ખોટો મોહ પોષાય એ પણ સ્વોપકારનો ઘાત છે.

એવું આંગણે આવેલા ભિખારીને કે સીદાતા સાધર્મિકને છતી શક્તિએ ન દો, એમાં પણ નિષ્ઠુરતા અને ધનનો મોહ પોષાય; એ પણ સ્વોપકાર પર ઘા છે. આ એક રીતે પરનો વિચાર ન રાખવામાં સ્વોપકાર હણાવાની વાત થઈ.

(૨) **બીજી રીતે પરનો વિચાર** ન રાખવાનું આમ બને, ને એમાં સ્વોપકાર હણાય. દા.ત. તમે સાથેના માણસની ભૂલ શેઠને કહેવા ગયા, માન્યું કે 'મારે સાચું કહી દેવાનું એ ધર્મ, એમાં એ વિચાર ન કર્યો કે 'પછી શેઠ તરફથી એને સજા મળતાં એ બિચારો દુઃખી થશે તો ?' તો આવી ઉપેક્ષામાં સામાના દુઃખ તરફ તમને કઠોરતા આવી, ને એમાં તમારા ચિત્તપરિણામ બગડ્યા. એ સત્ય બોલવા છતાં સ્વોપકારને હણ્યો કહેવાય.

એમ, તમે મોટો તપ કરવા ગયા પણ એ ન જોયું કે 'હું એમાં ઢીલો પડીશ ને મારી સાસરવાસરમાં બીજાઓને એવું રોકાઈ જવું પડશે કે જેથી એ પોતાનાં બીજાં ધર્મ કર્તવ્યો ચૂકી જશે,' ઊલટું એમ વિચાર્યું કે, 'મારે મારૂ સાધવાનું. બીજાને જ્ઞાનધ્યાનાદિ ઓછાં થાય, પણ એમને સેવા વૈયાવચ્ચનો તો લાભ જ છે ને ?' તો આમાં પરની સાધનાઓની ઉપેક્ષા કરી એથી પોતાના પરિણામ નિષ્ઠુર થયા, બગડ્યા; ને એ તપ કરવા છતાં સ્વોપકારને હણ્યો કહેવાય.

અરે ! પ્રભુનાં મંદિરે ગયા, ત્યાં દર્શન-પૂજન કરતાં એ વિચાર ન રાખ્યો કે, 'હું આડો ઊભો રહીશ તો બીજાને દર્શનાદિમાં અંતરાય પડશે, ને એમને ચિત્ત-ક્લેશ થશે,' અગર ચૈત્યવંદન કરતાં એ વિચાર ન રાખ્યો કે, 'મારા બહુ મોટા અવાજમાં બીજાનાં ચૈત્ય-વંદન-સ્તુતિ-ચિંતન-ભક્તિ બગડશે, ને એમને ચિત્ત-ક્લેશ થશે,' જો આ વિચાર ન રાખ્યો તો એમાં સ્પષ્ટ છે કે પોતાનામાં નિષ્ઠુરતા નિર્દયતા આવી. ને એ પોતાના આંતર પરિણામને બગાડ્યા કહેવાય, અને એમાં સ્વોપકાર હણ્યો ગણાય.

સારાંશ, સ્વોપકાર મુખ્યત્વે પોતાના આંતર ચિત્તપરિણામ પર આધારિત છે.

(૧) એ કલુષિત ન બને, નિષ્ઠુરતા-નિર્દયતાવાળા ન બને, અને (૨) મૈત્રી-કરુણા-પ્રમોદભર્યા તથા પરદોષની ઉપેક્ષાવાળા બન્યા રહે, (૩) વીતરાગની આજ્ઞા-વિરુદ્ધ ન જાય, અને (૪) દાનાદિ ધર્મ તથા વૈરાગ્યવાસિત બન્યા રહે એ ખાસ જોવું જોઈએ. આ હોય એટલે એમાં (૧) સહેજે પરની ઉપેક્ષા ન હોય કે, 'મારા નિમિત્તે કોઈ દુઃખ પામે, ધર્મ ગુમાવે, એમાં મારે શું ? હું ક્યાં બીજાનું

જોવા બેસું ?' વળી (૨) પોતાનાં કર્તવ્યને ચૂકવાનું ન હોય. તેમજ (૩) છતી શક્તિએ શક્તિ મુજબ દુઃખી-પીડિત વગેરેના ઉદ્ધાર કરવા તરફ બેપરવાઈ ન હોય. નહિતર એમાં નિષ્ઠુરતા આવે ને એ પોતાના ચિત્તપરિણામ બગાડે, ને સ્વોપકાર ઘવાય.

આમ, પરનો વિચાર પણ સ્વોપકારમાં જ સમાવિષ્ટ છે. તેથી 'સ્વોપકારની મુખ્યતા કહેશો તો લોકસ્વાર્થિલા બની જશે,' એ ભય રાખવો નિરર્થક છે. એવા સ્વાર્થિલા બને એ સ્વોપકારને સમજ્યા જ નથી, ને સ્વોપકારને હણી રહ્યા છે. જૈન શાસનમાં સ્વોપકારની મુખ્યતા છે. ત્યારે પૂછો,

પ્રભુ સ્વાર્થ સાધીને બેસી કેમ ન રહ્યા ? :-

પ્ર.- તો પછી તીર્થંકર ભગવાન જો સ્વોપકાર કરીને બેસી રહ્યા હોત, શાસન સ્થાપવાનો પરોપકાર ન કર્યો હોત તો આપણે ધર્મ ક્યાંથી પામત ? ને આ બધું સમજત ક્યાંથી ?

ઉ.- પ્રભુએ શાસન સ્થાપ્યું એ પણ અલબત આપણી દૃષ્ટિએ આપણા પર પ્રભુએ મહાન પરોપકાર કર્યો, પરંતુ પ્રભુની પોતાની દૃષ્ટિએ પોતાનું તીર્થંકર નામકર્મ ખપાવવાનું કર્યું, તેથી એ સ્વોપકારનું જ કાર્ય થયું. શાસ્ત્ર કહે છે; તીર્થંકર ભગવાન વાણી પ્રકાશીને પોતાનું જિનનામકર્મ નિર્વિણ્ણપણે ભોગવે છે. પોતે વીતરાગ હોવાથી પોતાને નથી તો કોઈ લાલસા શાસન-સ્થાપનારૂપ પરોપકાર કરવાની, કે નથી કોઈ લાલસા પોતાનાં કર્મ ખપાવવાની. એ તો કાલોચિત બધું કરે છે. તે વીતરાગભાવે નિર્વિણ્ણ અર્થાત્ અનાસક્તભાવે. એટલે એમ ન કહેવાય કે પ્રભુએ પોતાની દૃષ્ટિએ,'મારે હવે પરોપકાર કરવો જોઈએ' એમ માનીને શાસન સ્થાપ્યું. પોતે અનંતજ્ઞાની છે, એટલે જ્ઞાન તે તે સમયનું કાર્ય ચીંધે એમ એ કર્યે જાય.

આવું આપણે પ્રભુનું અનુકરણ કરવાનું ન હોય. આપણે તો આપણું એ અનંતજ્ઞાન પ્રગટે એ માટે પ્રભુએ ફરમાવેલ સ્વોપકારને મુખ્ય રાખવાના માર્ગે પ્રયત્ન કરવાનો હોય. સ્વોપકાર મુખ્ય રહે તો સ્વજીવન શુદ્ધ બનાવવા તરફ મુખ્ય લક્ષ રહે. પણ નહિ કે એની બેપરવાઈ કરીને પરના ઉપકાર અર્થે ભાષણ કરવા નીકળી પડાય.

આપણાં જીવનની સામા પર પહેલી અસર છે.

અમરકુમારમુનિનું જીવન ઉચ્ચ બનેલું છે, એની રાજા અને લોક પર ખૂબ અસર પડી છે. એટલે મુનિનાં દર્શને લોક ઉદ્યાનમાં દોડ્યું જાય છે, ને મુનિ ધ્યાનસ્થ છે. કાંઈ વ્યાખ્યાન-ઉપદેશ કરતા નથી છતાં લોક એમનાં દિવ્ય જીવન પરથી ભવ્ય પ્રેરણા લઈ આવે છે.

હવે જુઓ, બધું સારૂ થયું, પરંતુ

અમરકુમારની માતા બગડે છે.

અમરકુમારની માતાને ભય લાગ્યો કે આ છોકરાનો રાજાને જે અગ્નિકુંડમાં જલાવી દેવાનો ઉપયોગ કરવો હતો તે ઉપયોગ તો થયો નહિ, ને છોકરો તો રાજાના હાથમાંથી ગયો, તેથી હવે રાજા છોકરાને ખરીદી અમને આપેલ ભારોભાર સોનૈયા પાછા લઈ લેશે તો ? આવો માતાને ધન જવાનો ભય લાગ્યો.

જુઓ રાજાના મનમાં એવું કશું નથી. એ તો અમરકુમારે નવકારમંત્રનું અનન્ય આલંબન પકડ્યું એનાથી જે ચમત્કાર થયો, ને વધારામાં અમરકુમારે જે મોટા સામ્રાજ્યને પણ ન સ્વીકાર્યું, એનાથી ખૂબ પ્રભાવિત થયો છે; એ શું પૈસા પાછા લેવાનું કરે ? જેણે સામે મોટા સામ્રાજ્યના લોભને ઠોકરે મારવાનું જોયું, એ એની અપેક્ષાએ મામૂલી પૈસાનો લોભ કરવા જાય ? પરંતુ માતા કેમ ભય પામે છે. કહો, ધનનો એકાંત લોભ ચીજ જ એવી છે કે ન ધારી ને ન છાજતી કલ્પનાઓ કરાવે; કલ્પના જ નહિ, ભયંકર આચરણ પણ કરાવે. જોજો આગળ માતા કેવું ભયાનક કલ્પે છે ને આચરે છે ! માટે

ધનના કે માનના એકાંત લોભમાં પડતા નહિ. નહિતર અમરકુમારની માતાની જેમ ન છાજતી ભયંકર કલ્પનાઓમાં ફસાશો, ને ભયંકર આચરશો.

માણસ છે, ધનનો લોભ હોય, માનનો લોભ હોય, પરંતુ સાથે

(૧) પાપનો ભય હોય, (૨) આત્માનો વિચાર હોય,

(૩) ધર્મની જ્વલંત લાગણી હોય,

(૪) પેલા લોભની પાછળ એવો નહિ તણાય, કે જેથી ભયંકર કલ્પના કે આચરણમાં પડે.

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૨૨,અંક-૧૦,તા.૧૭-૧૧-૧૯૭૩

પાપભય-આત્મવિચાર-ધર્મલાગણી-પરમાત્મકદર લોભમાં બચાવ આપે.

(૧) **પાપનો ભય હોય** તેથી એવી ભયંકર કલ્પના ઊઠતાં જ હાય થાય કે 'હાય ! આમાં ઘોર પાપ ઊભું કરીશ એ ક્યાં છૂટશે ? હજી જુનાં પાપોનો નિકાલ થતો નથી, તો નવાં કાં વધારૂ ?' વળી,

(૨) **આત્માનો વિચાર હોય** તો એમ વિચારાય કે 'આ લોભ કરીને પાપાચરણ સેવી ધન કે માન તો કદાચ મળી જાય, પરંતુ મારા આત્મા પર કર્મકોલટારના નવા કૂચડા લાગ્યે આત્માની ભાવી દશા કઈ ? કેવા પાપિષ્ઠ અવતાર ? કેવાં પાપિષ્ઠ જીવનો ? ધન ને માન અહીં પડી રહેવાના, ને આ પાપવૃત્તિ સાથે લાગવાની. શું હું આસ્તિક છું ? ધન-માનને જોઉં ને મારા આત્માને ને આત્માના જાલિમ ભલા-બૂરાને ન જોઉં, એમાં મારામાં આસ્તિક્ય ક્યાં રહ્યું ? આત્માને

માનવાપણું ક્યાં રહ્યું ? ત્યારે,

(૩) **ધર્મની લાગણી હોય,** તો મનને એમ થાય કે મારે તો જીવનમાં ધર્મ મુખ્ય છે, ધન-માન નહિ. તો ધર્મ ખોઈને ધન-માન મેળવવાની ધિક્કાઈ શી કરવી ? ધન-માનના જે લોભમાં ભયંકર વિચારણા આવતી હોય, ને એમાં પાપનાં પોટલાં ઊભા થતાં હોય, એવો લોભ કરૂ એના કરતાં તો ધર્મનો જ લોભ કાં ન કરૂ ? અહો ! ક્યાં તારણહાર ધર્મ ? ને ક્યાં તિર્યંચ-નરકગતિના કારમા ત્રાસ દેનાર ધન-માન ?

ધર્મ અહીં પણ દિલને સ્વસ્થતા-સ્વચ્છતા-સાત્ત્વિકતા આપે છે; ત્યારે ધન અને માન જીવને અશાંતિ-અજંપો-ઉકળાટ કરાવે છે, મલિન લાગણીઓ કરાવે છે, સાત્ત્વિક નહિ પણ કાયર ગુલામ અને તામસી બનાવે છે.

મારે ધર્મ જ મુબારક હો, પાપિષ્ઠ કલ્પનાઓ ને પાપાચરણ નહિ. એમ,

(૪) **પરમાત્મા મળ્યાની કદર હોય,** તો આ વિચાર વારંવાર મનમાં ચાલ્યા કરે કે, 'કેવાં મારાં અહોભાગ્ય કે મને આવા સર્વશ્રેષ્ઠ પરમાત્મા મળ્યા ! જગતમાં બધું મળે, પણ આ પરમાત્મા ક્યાં મળે ? અને પરમાત્મા મળ્યા વિનાના ધનના ઢગલા ને માનનો રેલમછેલ આત્માને દુર્ગતિપતન સામે બચાવે ય શો આપે ? ત્યારે, આવા અનંત કલ્યાણકારી અને અતિ દુર્લભ પરમાત્મા મળ્યા પછી હું એ પરમાત્માની આજ્ઞા-વિરુદ્ધ શું જાલિમ ધનલોભ-માનલોભમાં પડું ? શું પાપવિચારો કરૂ ? એ કરૂ તો મારા દિલમાંથી પરમાત્મા જ ખોવાઈ જાય. લાખોના માલની કિંમત હોય, કદર હોય, તો એ ઘરમાં ભર્યા પછી ચોરને પેસવાના દરવાજા કોણ ખુલ્લા મૂકે ? આગ લગાડનારૂ દારૂખાનું ઘરમાં કોણ ભરે ? એમ અમૂલ્ય અતુલ અનંત સુખદાયી પરમાત્માને દિલમાં વસાવ્યા પછી એ દિલમાં લોભલૂંટારાને પેસવા દરવાજો ન મૂકું, પાપિષ્ઠ કલ્પનાઓ અને પાપાચરણોરૂપી દારૂખાનું દિલમાં ન ભરૂ. કિંમત પરમાત્મા મળ્યાની છે, ધન-માન મળ્યાની નહિ.

આમ, લોભની સાથે આ પાપભય વગેરે ચોકિયાતો દિલમાં ઊભા હોય, તો તો ભયંકર પાપકલ્પનાઓ ન આવે, ભયંકર આચરણ ન થાય. બાકી એકાંત લોભમાં એ પેસવાને અટકાયત નહિ.

અમરકુમારની માતાની ભયંકર કલ્પના :-

અમરકુમારની માતાને એકાંત ધનનો લોભ લાગ્યો છે એટલે ભયંકર કલ્પનામાં ચડે છે કે, 'છોકરો તો રાજાને ઉપયોગમાં લાગ્યો નહિ, હવે એ જીવતો રહેશે તો રાજા કહેશે, 'લાવ પેલા સોનૈયા પાછા, ને લઈ લે તારો છોકરો.' માટે હવે એને જીવતો ન રખાય. જીવતો રહે તો રાજાને આમ કહેવાનો અવસર આવે ને ? જીવતો જ ન હોય તો રાજા શું માગે ?

કેટલી ભયંકર કલ્પના ? આ કલ્પના આવીને એ જપીને બેસી રહે ?

માણસને ધર્મની કલ્પના આવે તો હજી એને જલદી અમલમાં નહિ મૂકે, પણ પાપની કલ્પના આવતાં એને ઝટ અમલમાં મૂકી દેવા જોઈએ છે. કારણ ? આ જ, કે ધર્મનો પરિચય નવો છે, ને પાપના પરિચય અનંત અનંતકાળના છે, તેથી ધર્મની દૂબળી-પોચી માયા છે, ત્યારે પાપની જોરદાર માયા છે. જેની માયા-મમતા જોરદાર, એનું કાર્ય ઝટપટ થાય છે. એવું વ્યવહારમાં દેખાય છે. પોતાના દીકરાનું કામ ઝટપટ થશે, એવું પાડોશીના છોકરાનું ઝટપટ નહિ.

માટે જ આ કર્તવ્ય છે કે,

ધર્મનો પરિચય ખૂબ અને ગાઢ વધારી ધર્મની માયા જોરદાર કરો; જેથી એની ભાવના થતાં અમલ ઝટપટ થાય.

પૂર્વના મોટા રાજાઓ અને શેઠ શાહુકારો ધર્મની જોરદાર માયામાં એની ભાવના થતાં તરત જ એનો અમલ કરતા, ઝટ સંસારત્યાગ કરી ચારિત્રધર્મ સ્વીકારી લેતા.

'તરત દાન ને મહાપુણ્ય' કહેવાય છે ને ? શાથી ?

એનો શો અર્થ ? આ જ, કે ભાવના થતાં જ ઝટ દાન દઈ દો, તો એ ઊછળતી ભાવનાથી કરેલા દાનનું મહાન પુણ્ય મળે. પણ જો વિલંબ કરીને દાન કરો, તો દાન તો થયું, પણ સાથે પહેલવહેલી ઊછાળા મારતી પેલી ભાવના નહિ હોય. તેથી મહાપુણ્ય ન મળે.

ઇતર શાસ્ત્રો કહે છે **'यदहरेव विरजेत् तदहरेव प्रव्रजेत् ।'** 'જે દિવસે વૈરાગ્યભાવના જાગે, તેજ દિવસે સંસારમાંથી નીકળી જવું જોઈએ, પ્રવજ્યા સ્વીકારી લેવી જોઈએ' આ કેટલું ઝટપટ ? કારણ છે કે વિલંબ કરવા જતાં વૈરાગ્ય ભાવના મોળી પડે. પછી કદાચ મોળી ભાવનાએ દીક્ષા લે, તો પણ એમાં પેલા જેવો સ્વાદ ન આવે, પેલા જેવા ઊછળતા ભાવોલ્લાસ ન રહે. ત્યારે પૂછશો,

પ્ર.- એમ વૈરાગ્ય થતાં જ દીક્ષા લેવામાં તો આંધળિયા ન થાય ? પાછળથી પસ્તાવું ન પડે ?

ઉ.- ના, આંધળિયા શું ? પછીથી ચારિત્ર પાળવું કઠિન લાગે એ ? ઘેર જવાનું મન થાય એ ? દીક્ષા ભાંગે એ ? વૈરાગ્યનો સાચો ભાવ નથી સમજ્યા માટે આવો પ્રશ્ન ઊઠે છે.

વૈરાગ્યનો ભાવ એ છે કે સુખરૂપ સંસાર એને ભયંકર દુઃખરૂપ લાગ્યો.

સંસારની સહેલસપાટી, મોજમજાહ, સગવડ-સામગ્રી, બધું એને, એ જીવને કાયર-કંગાળ તામસી બનાવનારૂ હોવાથી, તદ્દન અસાર તુચ્છ અને દુઃખદાયી લાગ્યું. સંસાર જાલિમ ત્રાસ રિબામણ અને નાલેશી ભરચકભર્યા ઘરવાસે જવાનું મન જ શાનું થાય ?

વૈરાગ્યમાં તત્ત્વદૃષ્ટિ જે જાગી છે એ સુખ-દુઃખના અજ્ઞાન જીવોના હિસાબ

કરતાં જુદા જ હિસાબ મંડાવે છે.

માટે તો જૈન શાસનમાં સમકિતી જીવ આવી વૈરાગ્યપૂર્ણ તત્ત્વદૃષ્ટિવાળો હોઈ એવો છે કે,**'સુરનર સુખ જે દુઃખ કરી લેખવે,' 'નારક-ચારકસમ ભવ ઊભગ્યો.'** દેવતાઈ સુખ એ સુખ નહિ પણ દુઃખ. સુખભર્યો પણ ભવસંસાર એ નરકાગાર અને કારાગાર જેવો; દુઃખ ભર્યો માટે નરકાગાર; અને પાપની પરાધીનતાભર્યો માટે કારાગાર-જેલ.

પ્ર.- તો પછી આવા વૈરાગ્યભર્યા સમકિતવાળો કેમ તરત દીક્ષા નથી લઈ લેતો ?

ઉ.- લઈ જ લે, જો આવો જ્વલંત વૈરાગ્ય હોય. હાં, વૈરાગ્ય કાચો હોય તો ન લે. બાકી તો મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે કહ્યું,

'તાણી આણે રે સમકિત વિરતિને, એહી જ પ્રવચનમર્મ,
શ્રી જિનભાષિત વચન વિચારીએ.'

અર્થાત્ શ્રી જિનેશ્વર ભગવાને ભાખેલાં વચનને વિચારીએ તો સમજાય કે સમકિત વિરતિ-દીક્ષાને ઝટ તાણી લાવે છે. આ જિનપ્રવચનનો મર્મ છે. ત્યારે અહીં એવું પૂછનાર નીકળે,

પ્ર.- તો પછી એવા વૈરાગ્યભર્યા સમકિતવાળા મરીચિ વગેરેએ વૈરાગ્ય પામી ચારિત્રમાર્ગે આંધળિયા કરી ઝટ ઝુકાવ્યું તો પછી પડ્યા કેમ ? એના કરતાં બીજા શ્રાવકોની જેમ વૈરાગ્ય પછી લાંબો કાળ પાકા થયા પછી દીક્ષા લીધી હોત તો પડત નહિ ને ?

ઉ.- આવો પ્રશ્ન કરનારની પાસે મસાણના કાઈટિયાનું જ લિસ્ટ છે ને કે મડદાં કેટલા પડ્યાં ? જનમનું વસ્તિપત્રક જ નથી કે જનમ્યા ને જીવ્યા કેટલા ? વૈરાગ્ય પછી તરત દીક્ષા લઈને પડેલા કેટલા ? ને દીક્ષા પાળી કલ્યાણ સાધી જનારા કેટલા ? જુઓ, શાલિભદ્ર-ધનાજી, મેઘકુમાર-ધન્નો, જંબૂકુમાર, સનત્કુમાર ચક્રવર્તી...વગેરે વગેરે કેટલાય થઈ ગયા કે જેમણે વૈરાગ્ય ઊછળતાં જ ઝટ ચારિત્ર લીધું, અને રૂડું સાધી ગયા. અરે ! દ્રાવિડ-વારિખિલ્લ સાથે એમના ૧૦ ક્રોડના લશ્કરે તરત વૈરાગ્ય અને તરત ચારિત્ર લીધું, અને એ ખાસું પાળી મોક્ષે સિધાવ્યા. એમાં એક પણ બોદો રૂપિયો નહિ. તો હવે પૂછી શકો છો,

પ્ર.- તો પછી શાસ્ત્રે દીક્ષાર્થીની પરીક્ષા કરતાં છ માસ સુધી પણ વિલંબ કરવાનું કેમ કહ્યું ?

ઉ.- તે કહ્યું એ ગુરુ માટે કહ્યું કે જરૂર પડ્યે વિલંબ કરીને પણ વૈરાગ્ય અને યોગ્યતાની પરીક્ષા કરે. પરંતુ વૈરાગી બનેલા માટે શું ? એ તો વૈરાગ્ય ઊછળતાં એમજ ઇચ્છે કે કેમ ઝટ નીકળું !' બાકી ગુરુ માટે પણ શાસ્ત્રે આ નિયમ ન કર્યો કે વિલંબ કરે જ. નહિતર જંબૂકુમાર, પ્રભવ, શય્યંભવ, હરિભદ્ર વગેરેને ઝટ દીક્ષા

આપી દેનાર સુધર્મા ગણધર મહારાજ વગેરે ખોટા ઠરે ! વળી આજે એવા કેટલાય છે કે જે વૈરાગ્ય ઝળહળી ઊઠ્યા પછી ઝટ ચારિત્રમાર્ગે ન ચડી ગયા અને વિલંબ કરવા રહ્યા, તો સંસારમાં જ રહી ગયા છે, ને પાપમાં સડી રહ્યા છે. સમજ્યા વિના એમ કહેતા નહિ કે, 'એ બધા કાચા;' વિલંબ ચીજ જ એવી છે કે વાયદે ચડ્યું તે ચડ્યું; લાઈનમાં ન જોડાઓ, તો ભાવનાનો ઊછાળો મોળો પડતો જાય. લાઈનમાં જોડાઈ જાઓ તો પછી એના વાતાવરણના પ્રતાપે ભાવના વધતી ચાલે.

પતનનું કારણ :- વૈરાગ્ય ન વધારતાં સુખ ગમ્યું :-

આજે કોઈક પડ્યા દેખાય તો એની પાછળ આ કારણ છે કે, 'ચારિત્ર લઈને પણ વૈરાગ્ય તો વધારતા જ રહેવું જોઈએ,' એ નિયમ ન પાળ્યો. સાધુ જીવનમાં સુખ-સગવડ, માન-સન્માન મળ્યાં, એમાં ખુશી થયા, એટલે મન સુંવાળું બન્યું. તે પછી ક્યાંક ધક્કો લાગતાં એ સુંવાળું મન કેમ સંસારમાં ન લપસી પડે ?

વાત આ છે કે ધર્મની ભાવના થાય એને, દિલમાં જો ધર્મની માયા છે, તો ઝટ અમલમાં મૂકાય. પાપની માયા હોય છે તો પાપની ભાવના કેવી ઝટપટ અમલમાં લવાય છે ?

પેલી અમરકુમારની માતાએ જ્યાં વિચાર કર્યો કે 'દીકરો જીવતો રહે તો રાજા કહેશે લ્યો આ તમારો છોકરો, ને પેલા સોનૈયા પાછા લાવો. માટે દીકરાને હવે સવાર ન દેખવા દઉં.' એ જીવતો હોય તો રાજા કહે ને કે લ્યો આ તમારો છોકરો ? માટે જાઉં જંગલમાં, ને એનો ફેંસલો કરી નાખું.'

જૈનકુળની મહત્તા :-

'છોકરો સાધુ બન્યો છે, એને તો રાજ્ય મળતું હતું એ પણ એણે નથી લીધું. હવે એવા ઉત્તમ સાધુ પર આવો ભયંકર વિચાર કેમ કરાય ?' આવું એના મનમાં નથી આવતું. હજી જૈન હોત તો સંભવ હતો કે આવું એના મનમાં આવત. પણ આ તો બ્રાહ્મણી ને ? એને સાધુ પર એવું માન ક્યાં ? ત્યારે વિચારો કે જૈન કુળમાં જન્મ એ કેવું મહાન સદ્‌ભાગ્ય ગણાય ? એવા કુળમાં જનમવા માત્રથી કેવી કેવી સુંદર સંસ્કારોની અને સુંદર શિક્ષણની બક્ષીસ મળે છે ? તમને તમારા જૈનકુળની કદર થાય છે ? એ કદર હોય તો અહોભાગ્ય માનવાનું મન થાય કે અહોભાગ્ય મારાં કે જૈનકુળના પ્રભાવે હું કેટલીય ભયાનક વિચારણાથી બચી જાઉં છું ! એમ કેટલાંય એવા ભયંકર દુષ્કૃત્યોથી બચી જાઉં છું એ પણ જૈનકુળનો પ્રભાવ ! આવું કુળ પામવામાં મોટું મહાન સદ્‌ભાગ્ય છે...' આમ વારંવાર અહોભાગ્યતા માનવાથી મનને એમ થાય કે 'તો પછી મારે થોડી પણ ખરાબ વિચારણાઓ શા માટે કરવી જોઈએ, જ્યારે મને જૈનકુળ મળ્યું છે ? એમ કાળી લેશ્યાઓ અને કષાયો પણ મારે શા સારૂ કરવા જોઈએ ?'

પૈસાની લાલસા શું શું કરાવે ? :-

બ્રાહ્મણી જૈનકુળમાં જન્મેલી નહિ, સાધુના તેવા બહુમાનવાળી નહિ, તેથી પોતાનો છોકરો જ સાધુ છે છતાં એના માટે ક્રૂર વિચાર કરીને આવી જંગલમાં... 'હાય પૈસા !' ની એકમાત્ર લગન, તે આંખ સામે પૈસા જ પૈસા જુએ છે ! પણ નથી જોતી પોતાનું છોકરાને ભોગ માટે વેચવાનું ઘોર પાપ, કે નથી જોતી છોકરાએ સરજેલ ચમત્કાર તથા રાજાથી ભેટ કરાતા મોટા રાજ્યને લેવાનો ઇન્કાર ! ના, આ કશું જોવું નથી; જોવું છે ધન. ત્યારે, ધનની લાલસા માણસને પરના મહાન ગુણો તથા મહાન સુકૃતોની તરફ કેવા આંખમિંચામણાં કરાવે છે ! ને પોતાને કેટકેટલી પાપબુદ્ધિ કરાવે છે ! કેટલી ભયંકર કાર્યવાહી સુધી તાણી જાય છે, એ જો લક્ષમાં લેવાય, તો જીવનમાં એવી ગોઝારી ધનલાલસામાં આંધળિયા કરીને તણાવાનું ન થાય.

માતા પુત્રમુનિને સળગાવે છે :-

બ્રાહ્મણી માતા ઉપડી જંગલમાં, અને અમરકુમાર મુનિને ધ્યાનમાં જોઈ હરખાય છે કે 'હાશ ! આ કશું બોલશે નહિ, ને મારૂ કામ જલદી પતી જશે.' બસ એમ કરીને જંગલમાંથી લાકડાં લાવી મુનિને અડતા રાખીને એને સળગાવ્યાં. રાતનો સમય છે એટલે જંગલમાં કોણ આવે ? લાકડાં ભડભડ સળગવાનું કામ ચાલ્યું. એ સળગવાની સાથે એની ઝાળમાં મુનિનું શરીર પણ જીવતા જીવે સળગી રહ્યું છે.

ત્યારે મુનિને કશી વ્યાકુળતા ખરી ? ના, કારણ મુનિની આત્મદશા ફરી ગઈ છે. પહેલાં વેચાઈને જીવતાં સળગવું ન પડે એ માટે માબાપને ને બીજાને કરગરતા હતા, ત્યારે દશા જુદી હતી; ને અત્યારે દશા જુદી છે. પહેલાં રાગ મોહ વગેરેથી રંગાયેલી કાબર-ચિતરી સંસારીપણાની દશા હતી, અત્યારે એ રંગવિનાની ઉજ્જવળ સાધુપણાની દશા છે. પહેલાં રાગાદિવ્યાધિઓથી મહા બિમાર ગૃહસ્થ અવસ્થા હતી, અત્યારે વ્યાધિઓને ફગાવી મૂકીને સ્વીકારેલી નિરોગી સાધુ-અવસ્થા છે. એટલે હવે શરીર પર પણ રાગ નથી, કર્મે પ્રેરેલી આગની વેદના પર મોહમૂઢતા નથી. પછી શું કામ આકુલવ્યાકુલ થાય ? મનની બિમારી પર જ દુઃખ અને વ્યાકુળતા; મનની તંદુરસ્તી પર પરમ શાંતિ.

જોજો ઉંમર નાની છે, પણ વિવેકનો પ્રકાશ મોટો છે. દુનિયામાં ઘણા માણસોને ઉંમર મોટી છતાં વિવેક-પ્રકાશ નાનો અગર નહિવત્ હોય છે. ત્યારે બહુ થોડા જ માણસોને ઉંમર નાની છતાં વિવેકપ્રકાશ વિશાળ હોય છે. એવા આ નાના અમરકુમાર મુનિને જાગેલા વિશાળ વિવેકપ્રકાશમાં આ દેખાય છે કે,

મુનિને વિવેકભરી વિચારણા :-

(૧) હું જ્ઞાન-દર્શનમય અરૂપી આત્મા, એ સળગે નહિ; ને આ સળગી રહી છે તે તો મારાથી તદ્દન જુદી જડ કાયા છે. એનાં સળગી જવામાં મારૂ શું જાય છે ? અલબત્ત એ મારાં કર્મથી સળગીને મને પીડાનો અનુભવ કરાવે છે,

પરંતુ એના સળગવા સાથે મારાં કર્મ પણ સળગી રહ્યાં છે, ને એટલો મારો આત્મ-કચરો સાફ થઈ રહ્યો છે. મારૂ આત્મ-સુવર્ણ અગ્નિમાં પડીને ચોકખું થઈ રહ્યું છે.'

(૨) 'વળી આમાં મારે સળગાવનાર વ્યક્તિ ઉપર દ્વેષ કરવાની જરૂર નથી કેમકે મૂળ તો મને સળગાવનાર મારાં કર્મ જ છે. એના પર દ્વેષ ન કરતાં છેદનારી કુહાડીનો હાથો બનનાર વ્યક્તિ ઉપર શો દ્વેષ કરવો ? અહીં તો મારે સળગવામાં નિમિત્ત બનનારી વ્યક્તિ બિચારી પોતાનાં કર્મથી પીડાઈ રહી છે. મોહનીય કર્મ એને પીડે છે. માટે તો આવું કામ કરવાની એની વૃત્તિ અને પ્રવૃત્તિ થાય છે. તો પછી એક બાજુ કર્મનો માર ખાતી વ્યક્તિ પર બીજી બાજુ મારે શા ઘા કરવા ? મારે તો દયાળુ માણસ તરીકે એને દયા ઉપશમ સૌમ્યભાવ મૈત્રીભાવથી નવરાવી નાખવી જોઈએ.'

(૩) 'વળી અત્યારે જો કાયાને બચાવી લેવાનું મન થતું હોય તો એ ક્યારે થાય છે ? પૂર્વે અગ્નિના કુંડમાં આ કાયા ન બળી ગઈ ત્યારે ને ? તો પૂર્વે ન બળી જતાં અખંડ રહી, ને હું જીવતો રહ્યો, તે શા માટે જીવતો રહ્યો ? સુકૃત કરવા ? કે દુષ્કૃત કરવા ? જીવતી બચેલી આ કાયાથી મારા આત્માને અક્ષય અજર-અમર બનાવી દેવા ? કે વિવિધ યોનિઓમાં જન્મી-જન્મી દુઃખ અને મોતની પરંપરા ભોગવવા ?'

(૪) 'જો જડ કાયાની માયા કરી છે તો એ દુષ્કૃત થશે ને આત્મા પર નવાં કર્મનાં બંધનો વધી જનમ-મરણની ચક્કીમાં ઘૂમવું પડશે. એટલે આ એક જનમની કાયાની માયામાંથી અનેક જનમની એવી કાયાઓ ઊભી થશે કે જે ભયંકર દુઃખોમાં રિબાતી રહેશે. ત્યારે જો અહીં જ માયા-મમતા ન કરૂ તો સંભવ છે અહીં જ યા નિકટમાં મોક્ષ પામી મારા આત્માને અજર અમર બનાવી દઉં.'

મુનિની વિશેષ વિચારણા :-

મહાત્મા અમરકુમાર મુનિનો વિવેકપ્રકાશ ધ્યાનમાં લેવા જેવો છે.

મૂળમાં ભવનો ભય લાગે તો શરીર-આત્માના વિવેકની આ વિચારણા આવવી સરળ છે. કેમકે ભવનો ભય હોય એટલે કર્મબંધન લાગી જવાનો ભય હોય. ત્યાં મનને એમ થાય કે 'જો કાયાની મોહમાયામાં પડીશ, તો કર્મના બંધન વધશે. બાહ્યની માયાની જેમ કાયાની માયા પણ બંધન વધારનારી છે. માટે રખે એમ કરી કર્મબંધન વધારૂ ! રખે મારા ભવ વધે !'

અમરકુમાર મુનિને આ ભય લાગ્યો છે, એટલે વિચારે છે કે

(૫) 'હું પહેલાં અગ્નિમાં ઝીકાયો ત્યારે જો બળી મર્યો હોત તો ભારે અસમાધિ અને દુર્ધ્યાનમાં મર્યો હોત, ને એમાં મારી ગતિ બગડી જાત. પણ આજે બળવાનું આવ્યું છે એ વખતે મારી પાસે મહા મૂલ્યવતી ધર્મની સમજ છે, તો એ

સમજને કામે લગાડી સમાધિ કાં ન સાધું ? પરાધીનપણે રોતાં રોતાં બળાત્કારે બળવાનું તો આ જગતમાં ક્યાં નથી આવતું ? પણ સ્વાધીનપણે સહર્ષ બળી મરવાનું જ દુર્લભ છે.

(૬) 'અપાર સંસારમાં સમાધિ આપે એવાં જિનવચન મળવાં ક્યાં સહેલા છે ? અહીં જો એ મળી ગયાં છે, તો એને સફળ કરૂ, સફળ કરવા જિનવચને કહેલી સમાધિને સંપૂર્ણપણે જાળવી રાખું.'

(૭) 'બળે છે કાયા, અને દુઃખી થાય છે આત્મા. શા સારૂ આમ દુઃખ કરવું ? એના કરતાં આત્માને જે ઉચ્ચ મનુષ્યભવ, ઉચ્ચ જૈનધર્મ, ને ઉચ્ચ ચારિત્રજીવન મળ્યું છે, એનો આનંદ જ કાં ન માણું ?

બસ, મહાત્મા અમરકુમાર એમ સમતા-સમાધિ-શુભધ્યાનમાં મૃત્યુ પામી સદ્‌ગતિ સાધી ગયા.

ત્યારે પેલી એમની માતા બિચારી, જુઓ કેવી દયાપાત્ર કે, મુનિને બાળી ઘરે ન પહોંચી શકી. કલેજુ કઠોર નિષ્ઠુર ક્રૂર કરી, પુત્રમુનિને બાળી ખુશી તો થઈ કે 'ચાલો, હવે રાજા સોનૈયા પાછા નહિ માગી શકે, ને મારે જિંદગીભરની લહેર થઈ ગઈ;' પરંતુ માણસનું ધાર્યું બધું શું બની શકે છે ? એમાં ય દુષ્ટ માણસોનું દિલમાં ધાર્યું બધું બની આવે તો આ જગતમાં સજ્જનને રહેવા તક જ શાની મળે ?

રોષ-રોફ-લોભથી ધાર્યું કરવા જનારા દંડાય છે :-

માણસ મૂર્ખ છે તે સમજે છે કે 'હું ગુસ્સો ને રોફ, માયા ને પ્રપંચ, લોભ ને લંપટતા કરી લઉં એટલે મારૂ ધાર્યું બની આવે.' જગતમાં અઢળક જીવો એવા છે કે આ રીતે જે ધાર્યું કરવા ગયા, ને પછડાયા. ધાર્યું તો થયું નહિ, પણ ઉપરથી દંડાયા.

ઘરવાળી પર રોફ મારવા જનારાએ ઘર જ બગાડી નાખ્યા.

છોકરા ઉપર રોફ બજાવનારાઓ છોકરાને જ ખોઈ બેઠા.

ભાગીદારીમાં પ્રપંચ કરી સરળ ભાગીદારને ઠગનારાઓને કુદરતે બીજી બાજુ એવી લપડાક ઠોકી કે ઠગી લાવેલા પૈસા ભારે પડી ગયા, ને બીજી ભયંકર આફત આવી. **'દગા કિસીકા સગા નહિ'** એ અમસ્તુ થોડું જ કહેવાય છે ?

અમરકુમારની માતા પર વાઘણ :-

અહીં જ જુઓ કે અમરકુમાર મુનિની માતા મુનિને જંગલમાં મધરાતે સળગાવીને હોંશે હોંશે પાછી ફરતી હતી ત્યાં જંગલમાં જ ફરવા નીકળેલી વાઘણે એના પર તરાપ મારી જીવતી ફાડી ખાધી. દીકરા મુનિ પ્રત્યે કરેલ દગાભરી ક્રૂરતાનું ભાવી ફળ તો અતિ ભયંકર ! પણ અહીં જ ક્રૂરતાએ બિચારીનો ભોગ લીધો. દગો કોનો સગો થાય ? જેની સામે દગો રમાય છે એને નુકસાન થાય

અગર ન પણ થાય, પરંતુ દગાનો આચરનારો આજે નહિ તો કાલે, આ જનમમાં નહિ તો પરલોકે ભયંકર અનર્થ પામે છે.

મનુષ્ય જીવનમાં દિલને પવિત્ર-મહાપવિત્ર સરળભદ્રક-મહાભદ્રક બનાવવાની મળેલી મોંઘેરી તક દિલમાં પ્રપંચને ઘાલનારો વેડફી નાખે છે, અને વાઘ-વરુ શિયાળિયાના ભવમાં કામ લાગે એવા માયા-કપટના સંસ્કાર ઊભા કરે છે.

જીવને માયા રમતાં આ ભાન નથી હોતું કે 'માયા રમીને હું માયાને યોગ્ય નિષ્ઠુર હલકટ ભવની તૈયારી કરી રહ્યો છું.'

અહીં માયા કરીને શું બહુ ખાટી જવાનું ? પણ પરલોકમાં વાઘ-વરુ-બિલાડા થયા ત્યાં જીવન કેવું ? રોજના જીવનમાં કેવી માયાની જ બુદ્ધિને માયાની જ લેશ્યા ? એ ય શા માટે ? જીવતા પંચેન્દ્રિય હરણિયાં સસલા ઉંદર ફાડી ખાવા માટે જ ને ? ગિરોલીનું રોજીંદુ જીવન કેવું ? આખો દિવસ ને રાત માખી વગેરે જીવતા જીવ પકડી ખાવાની ક્રૂર લેશ્યા ! અને એ માટે ભીંત પર સ્થિર ચોંટી રહે, જાણે હું શિકારી નથી એવું મનાવવાની અને લાગ આવ્યે ઝડપવાની માયાવી લેશ્યા ! ક્યાંથી આવી આ ? કોણે શિખવાડી એને ? કહો, મનુષ્ય જીવનમાં માયાવી બુદ્ધિ-લેશ્યા રાખી રાખીને એના ઘેરા કુસંસ્કાર ઊભા કરેલા, એનું આ પરિણામ આવીને ઊભું.

માયામાં શ્રદ્ધા ન થાય; અખતરામાં શ્રદ્ધા ન રહે :-

ત્યારે માયાદિ રોષ રહિત સરળ જીવન જીવવાનું કેવું સુખદ પરિણામ એ અમરકુમારના જીવનમાં જોવા મળે છે. પહેલાં મુનિ મળેલા અને મુનિએ એને નવકારમંત્ર આપેલો તો એ સરળ હૃદયથી શ્રદ્ધા કરીને ગ્રહણ કરેલો. શ્રદ્ધાથી ન સ્વીકાર્યો હોત તો અગ્નિ-પતનના અણીના અવસરે એ શ્રદ્ધા સાથે ન સંભાર્યો હોત. કદાચ યાદ આવ્યો હોત, પણ શ્રદ્ધા હોત નહિ, તો મનને અખતરો કરવાનું સૂઝત કે 'લાવ જોઉં, નવકાર ગણવાથી આ આફતથી બચાય છે ?' આવા અખતરામાં શ્રદ્ધા હોવાનું ન કહેવાય. શ્રદ્ધામાં તો ટંકશાળી માન્યતા હોય, સચોટ વિશ્વાસ હોય કે આનાથી આ લાભ થાય જ છે. અખતરા પાછળ તો મન ડગમગ છે કે 'ફળ આવે ખરૂ યા ન પણ આવે.'

ત્યારે આપણી દેવશ્રદ્ધા-ગુરુશ્રદ્ધા-ધર્મશ્રદ્ધા વિચારવા જેવી છે ચકાસવા જેવી છે કે એની અચિંત્ય તાકાતથી નીપજતા, શાસ્ત્રે બતાવેલા અચિંત્ય લાભ અંગે હૈયામાં સચોટ વિશ્વાસ છે ? કે શંકા છે કે કોને ખબર આ ફળ આવે કે કેમ ?

'અમને દેવ ગુરુ-ધર્મ પર શ્રદ્ધા છે' એવો ઠેકો લઈને ફરતાં પહેલાં આ જોવાનું છે કે દેવગુરુ-ધર્મની અચિંત્ય શક્તિ પર સચોટ વિશ્વાસ છે ખરો ?

જો એ હોય તો શું બહારમાં વધુ ફાંફાં મરાય, કે દેવ-ગુરુ-ધર્મનું આલંબન-શરણ-સ્મરણ વધારે લેવાય ?

અમરકુમારમાં નવકાર પર આ શ્રદ્ધા હતી, એટલે અગ્નિમાં ઝીકાતાં,

'નવકાર ! મારે તારૂ જ શરણ છે. પરમેષ્ઠી ! મારે તમારૂ જ શરણ છે. તમે જ તારણહાર ! કદાચ કઠિન કર્મે બળી પણ જવું પડે તો ય, તમે જો મારા દિલમાં છો તો મને કોઈ દુઃખ નથી. પરભવે મારૂ નિશ્ચિત કલ્યાણ છે. એ તમારાથી જ કલ્યાણ, બીજા કશાથી નહિ.' આ શ્રદ્ધાનો એ પ્રતાપ હતો કે અગ્નિની જગાએ દિવ્ય સિંહાસન ખડું થઈ ગયું. ત્યારે પૂછો ને, કે

પ્ર.- તો પછી હવે મુનિપણે માતાની ક્રૂરતાએ જીવતા બળી મરવાનું આવ્યું, ચારે કોર આગ મૂકાઈ, ત્યાં કેમ બચવા નવકારનું શરણું ન લીધું ?

ઉ.- નવકારનું શરણ તો લીધેલું, પણ તે અગ્નિથી બચવા માટે નહિ. કેમકે હવે મુનિપણે દૃષ્ટિ વિશાળ થઈ ગયેલી. પોતાના અનંત ભવથી દુઃખમાં ડૂબેલા આત્માની સામે કાયા 'કુછ નહિ' લાગેલી. સમાધિપૂર્વક બળી જવામાં આત્માના જનમ જનમના જાલિમ કર્મ-કચરા સાફ થઈ આત્મા સુવર્ણની જેમ શુદ્ધ થતો દેખાયો, ને એના બદલે નાશવંત કાયાને બચાવી લેવામાં એ કચરો તો એમ જ ઊભો, ને વધારામાં શરીરનો રાગ, શરીરે શાતા એટલે વિષયરાગ, વગેરે કચરા વધતા દેખાયા. એ માથે લઈને ય નિસ્તાર ક્યાં ? કેમકે શરીર તો આજે નહિ ને કાલે છોડવું જ પડવાનું દેખાયું. એથી એના પરની મમતા-માયા જ ઊઠાડી મૂકી; પછી શું કામ એને બળી જતું અટકાવવા મહેનત કરે ? નવકારશરણ એના સારૂ કેમ લે ? નવકારનું શરણું તો લીધું પણ કાયાના દુઃખમાં મનને વિકલ્પોથી ને કાયરતાથી બચાવી લેવા માટે. કેમકે કાયાને બચાવી કેટલી ટકે ? ને એ શું લીલું વાળે ? ત્યારે કાયરતા અને વિકલ્પોથી મનને બચાવી લીધું તો પહેલું તો કાયાનું દુઃખ દુઃખ જ નહિ લાગે; તેમજ આત્માની અમર શુદ્ધિ ઊભી થશે. આ મહાન ફળ ખોઈને શું કામ કાયાને બચાવી લેવામાં પડે ?

નવકારની મહાશક્તિનું ફળ વિકલ્પોથી બચી આત્માની અમરશુદ્ધિ ઊભી થાય એ; એ શું કામ ન લે ?

અમરકુમાર ભદ્રક હતો, તેથી નવકારની સચોટ શ્રદ્ધા ઊભી કરેલી; એથી જ એના પ્રભાવે અગ્નિ શાંત થઈ ગયા પછી બાળી નાખનાર, બ્રાહ્મણોને સચેતન કર્યા, બાળવાનો હુકમ દેનાર રાજાને માફ કર્યો, એણે હવે સામેથી રાજ્ય લેવા આગ્રહ કર્યો તો ઘસીને ના પાડી, અને ચારિત્ર લીધું...! આ બધું ભદ્રકતાનું પરિણામ હતું.

જીવન બે રીતે જીવાય, માયાદિ દોષો સેવીને ય જીવાય, ને ભદ્રકતા ગુણો રાખીને ય જીવાય. બેમાથી કેવું જીવવું છે એ માટે આપણે સ્વતંત્ર છીએ. આ સ્વાતંત્ર્યનો લાભ ઉઠાવી ગુણમય જીવન જીવો.

ભરત-પૂણિયો ને બ્રહ્મદત્ત ભિખારી :-

પૌદ્ગલિક બહુ સુખ-સગવડવાળું જીવન જીવવું કે તદ્દન સીધું સાદું જીવન

જીવવું, એમાં આપણે કર્મને પરતંત્ર છીએ, કેમ કે સગવડ કર્મના હિસાબે જ મળે. પરંતુ ગુણ કે દોષનું જીવન જીવવામાં આપણે સ્વતંત્ર છીએ.'

ભરત ચક્રવર્તીને કર્મે ભારે સગવડ આપી હતી, મહાસમૃદ્ધ શ્રીમંત સમ્રાટ 'ભરતજી મનહી મેં વૈરાગી,' વૈરાગ્ય ગુણભર્યું જીવન એ જીવતા હતા. પુણિયો શ્રાવક બાહ્ય ગરીબીમાં પણ ઉત્તમ સમતાભાવ આદિ ગુણભર્યું જીવન જીવતો હતો; કેમકે એમાં એમના આત્માની સ્વતંત્રતા હતી.

ત્યારે, રાજગૃહીનો ભિખારી કર્મે આપી નિર્ધનતામાં, અને બ્રહ્મદત્ત ચક્રવર્તી કર્મના જોરે મળેલ મહાવૈભવમાં, દોષભર્યું જીવન જીવતા હતા. એમાં આત્માની સ્વતંત્રતા હતી; તેથી સ્વેચ્છાએ એવું જીવન બનાવેલું. ભિખારીની નજર સામે રાજગૃહીમાં ગુણસંપન્ન જીવનના ઘણા ય દાખલા હશે, પણ એને એ ધ્યાનમાં લેવા જ નહોતા. બ્રહ્મદત્તને નજર સામે ગુણસંપન્ન ભાઈ મુનિ હતા, ને એ મુનિએ બહુએ ઉપદેશ પણ આપ્યો, પરંતુ એને એના પર ધ્યાન દેવું નહોતું. બંનેને ગુણસંપન્ન જીવન જીવવામાં પોતાની સ્વતંત્રતાનો ઉપયોગ કરવો નહોતો ત્યાં પછી ભિખારીપણું કે અમીરપણું શું કરે ?

ભરત અને બ્રહ્મદત્ત, પૂણિયો અને ભિખારી, આ દૃષ્ટાંતો બતાવે છે કે,

તમારે બાહ્ય સંયોગ કર્મને આધીન છે, પરંતુ એમાં ગુણભર્યું જીવન જીવવું કે દોષભર્યું, એમાં તમે સ્વતંત્ર છો.

માટે બાહ્ય સંયોગો જે કર્મને આધીન છે એનાં રોદણાં રોવાનું કરશો નહિ. પરાધીન વસ્તુનાં રોદણાંથી વળે નહિ કાંઈ, પછી રોદણાં શા સારૂ ? પણ જે તમારા હાથની વાત છે એ ગુણભર્યું જીવન જીવવાનો ખપ કરજો. આજે મોંઘવારી ભયંકર છે. એ કર્મને આધીન છે; તમારા હાથની વાત નહિ. પરંતુ 'મારે આમાં જીવન કેવું જીવવું એમાં હું સ્વતંત્ર છું, તેથી આ મારી સ્વતંત્રતાનો ઉપયોગ કરી હું ગુણભર્યું જ જીવન જીવીશ,' આ વિવેક હોય તો આજના વિષમ કાળે પણ સત્ય-નીતિ-વૈરાગ્ય, મૈત્રી-પ્રમોદ-કારુણ્ય, જિનભક્તિ-સાધુ-સમાગમ-શાસ્ત્રસ્વાધ્યાય, વગેરે ગુણોનો જ ખપ રાખી શકાય છે.

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૨૨,અંક-૧૧,તા.૨૪-૧૧-૧૯૭૩

પ્ર.- ગુણોનો ખપ કરવો જોઈએ એમ સમજવા છતાં કાળ દોષોનો ફોર્સ પાડે છે એવું નહિ ?

ઉ.- ના, મન પર જિનવચન જિનાજ્ઞાનો ભાર રાખો તો કાળનો ભાર મનની ઉપરથી ઊતરી જશે. જેમ બીજા સંયોગો તેમ જિનવચન પણ આ કાળની અંદરની જ વસ્તુ છે ને ? તો બીજા સંયોગોની સામે જોવા કરતાં જિનવચનની જ

સામે ન જોઈ શકાય ? વિચારવું જોઈએ છે કે,

'જે જિનવચન આ જગતમાં પામવા અતિદુર્લભ છે, એ આપણાં અહોભાગ્ય છે કે આપણને અહીં સહેલાઈથી અર્થાત્ જૈનકુળમાં અને જૈનવાતાવરણમાં જનમવા માત્રથી મળી ગયાં છે ! વળી પૂર્વે આ જિનવચનનો આધાર પકડ્યો છે કોણે ? મોટ મોટા રાજા-મહારાજા અને શેઠ-શાહુકારો સનતકુમાર-શ્રેણિક, શાલિભદ્ર-ધનાજી જેવાએ ! તેમ મહા વિદ્વાન ઇન્દ્રભૂતિ ગૌતમ, પુરોહિત હરિભદ્ર બ્રાહ્મણ જેવાએ ! કલિકાલ સર્વજ્ઞ હેમચન્દ્રસૂરિજી જેવાએ ! તો પછી મારે એ જ જિનવચનનો આધાર પકડવામાં શો વિચાર કરવાનો હોય ?

દુઃખદ કાળમાં પ્રાપ્ત સંયોગો કરતાં દુઃખદ કાળમાં પણ પ્રાપ્ત જિનવચનની જ સામે કાં ન જોઉં ?

માથે સંયોગોનો ભાર રાખવા કરતાં જિનવચનનો જ ભાર કેમ ન રાખું ?

શાંતસુધારસ શાસ્ત્ર કહે છે,

'સકલસંસારભય-ભેદકં, જિનવચો મનસિ નિબધાન રે;

વિનય પરિણમય નિઃશ્રેયસં, વિહિતશમરસ-સુધાપાન રે ।'

અર્થાત્ હે આત્મન્ ! મન પર જિનવચનનો ભાર સ્થાપી દે; કેમકે સમસ્ત સંસારના ભયોને હટાવનાર એ છે. એ ભાર રાખીને એ જિનવચને અવશ્ય કર્તવ્ય બતાવેલ શમરસ શાંતસુધારસનું, અર્થાત્ રાગ-દ્વેષ હરખ-ખેદ મદ-માયા વગેરે ઉકળાટને શમાવનાર વૈરાગ્ય-તૃપ્તિ-ઉદાસીનતા-અનાસક્તિ-નિરભિમાન વગેરે પ્રશસ્ત સુંદર ભાવોના અમૃતરસનું મનથી પાન કરીને હે વિનય ! આત્માનો મોક્ષપરિણામ મોક્ષઅવસ્થા પ્રગટ કર.

જિનવચન મળવા પર આ બધું કરવાનું કારણ આ, કે 'કલય સંસારમતિ દારુણમ્' 'સમજી રાખ સંસાર અતિ ભયંકર છે.' એ કા તો જિનવચન મળવા જ ન દે. અગર મળે તો ય એની કિંમત ન સમજવા દે, કિંમત સમજીને જિનવચનના અનુસારે જીવન બનવા દે નહિ. તેથી આત્મામાં અનંત સુખમય મોક્ષ અવસ્થા છૂપી પડેલા છતાં એનો લેશપણ અનુભવ કરવા દે નહિ એવી આ સંસારદશા છે, એવો લલચામણો સંસાર છે. મોક્ષપર્યાયનો તદ્દન બાધક સંસારપર્યાય છે. માટે સંસાર અતિ ભયંકર છે.

સંસાર એટલે સંસરણ સારી રીતે સરકણ. પરિભ્રમણ શેમાં ? એક ગતિમાંથી બીજી ગતિમાં, એક ભવમાંથી બીજા ભવમાં, એક કર્મના ઉદય પરથી બીજા કર્મના ઉદય પર, એક ભાવથી બીજા ભાવમાં, એક પુદ્ગલ પરથી બીજા પુદ્ગલ ઉપર સુખમાંથી દુઃખમાં અને દુઃખમાંથી સુખમાં... આવી ભિન્ન ભિન્ન સ્થાનમાં ભટકતા રહેવું એને સંસરણ કહેવાય, સંસાર કહેવાય. એવા સંસરણ-ભ્રમણથી છૂટવું, મુક્ત થવું, એને મોક્ષ કહેવાય.

આત્માની બે અવસ્થા (૧) સંસરણ અવસ્થા અને (૨) મુક્ત અવસ્થા. એક અનંત દુઃખમય, બીજી અનંત સુખમય, એક પરતંત્ર અને બીજી સ્વતંત્ર અવસ્થા.

સંસરણ યાને ગતિ-ભવ-કષાય-આદિ ભાવોમાં પરિભ્રમણ-પરિવર્તનની અવસ્થા ઊભી રાખવી છે ત્યાં સુધી મુક્ત અવસ્થા આવે નહિ.

ઘડીમાં રાગ, ઘડીમાં દ્વેષ; ઘડીમાં હરખ, ઘડીમાં ખેદ, હમણાં એકનું આકર્ષણ ઘડી પછી ક્ષણ પછી બીજાનું આકર્ષણ, હમણાં એક પુદ્‌ગલની ગુલામી, પછી વળી બીજાની ગુલામી;...આવું પરિવર્તન કરતા રહેવું છે, ત્યાં સ્થિર મુક્ત અવસ્થા શાની ફરકે ? પૂછો,

પ્ર.- દુનિયાના સંયોગો આ પરિવર્તન કરાવ્યા કરે છે ને ? હમણાં રાગની વસ્તુ સામે આવી એટલે રાગ, પછી દ્વેષની વસ્તુ સામે આવતાં દ્વેષ; એમ રાગ પછી દ્વેષ થાય જ ને ?

ઉ.- ના, પૂર્વે કહ્યું તે યાદ કરો. આજે તમારી સામે કાળે બે ચીજ મૂકી છે, (૧) દુન્યવી સંયોગો, અને (૨) જિનવચન. હવે દૃષ્ટિ કોના સામે રાખવી, મન પર ભાર કોનો રાખવો, એ જ જોવાનું છે. શાસ્ત્ર કહે છે,

જિનવચો મનસિ નિબધાન રે ।

મન પર જિનવચનનો ભાર રાખે કે, 'જિનવચને કહ્યું તે વિચારવાનું-બોલવાનું-કરવાનું.' દૃષ્ટિ જિન-વચનની સામે રાખ; ને એ જે વૈરાગ્ય-ઉપશમ-તૃપ્તિ-અનાસક્તિ વગેરે કરવાનું કહે છે તે જ કર.

સંયોગો સામે નજર નહિ રાખવાની. મન પર સંયોગોનો ભાર નહિ રાખવાનો; કેમકે સંયોગો દુઃખદ અને ભ્રામક છે, દુઃખદાયી અને ભ્રમ કરાવનારા છે. જ્યારે, જિનવચન સુખદ અને સાચું જ્ઞાન કરાવનારા છે. રાગની વસ્તુનો સંયોગ આવ્યો એની સામે જુઓ, એનો ભાર મન પર લો, અર્થાત્ એનાથી લહેવાઈ જાઓ, એટલે રાગ થવાનો; ને એ દુઃખની જડ ઊભી કરી.

રાગ એ દુઃખની જડ :-

પૈસા કમાયા, પૈસા પર રાગ થયો, મમતા થઈ, પૈસા સારા લાગ્યા, એટલે દુઃખને નોંતરૂ આપ્યું. કેમકે પછી એ પૈસાની ઉપર એક યા બીજું દાનનું કે ખર્ચનું યા ખોટનું આક્રમણ આવવાનું. પૈસા આઘા પાછા થવાનું, યા લૂંટાવા-ચોરાવાના ભયનું, આવું ગમે તે આક્રમણ આવવાનું અને દુઃખ થવાનું. જો મૂળમાં રાગ જ ન કર્યો હોત, સમજી રાખ્યું હોત કે, 'આ પૈસા તો સ્વપ્નની માયા જેવા છે, પવનની લહેરી જેવા છે, એટલે હમણાં આ સ્વપ્ન ને પછી એ ગૂમ; હમણાં આ પવનની લહેરી, ને પછી બીજી, યા પવનની લહેરી જ બંધ ! એવી રીતે હમણાં આ પૈસાનો સંયોગ ને પછી એનો જ વિયોગ; હમણાં સંયોગનો આનંદ, ને પછી

કોઈ વિયોગનો ભય ! તો એવા પૈસા પર પૈસાનાં સંયોગ પર રાગ શો કરવો ? રાગ કરવા જઈશ તો ભય-સંતાપ-શંકાકુશંકા-સંકલ્પ-વિકલ્પ આવશે જ, ને દુઃખ ઊભું થશે. રાગ ન કરૂ તો કશું દુઃખ નહિ. રાગ એ જ દુઃખની જડ છે.'

પરંતુ રાગની આ દુર્દશા સમજાવે કોણ ? જિનવચન.

જિનવચનનો મન પર ભાર એટલે ? દુર્દશા સમજવાની જાતે પહોંચ નથી, માટે જિનવચનનો આશરો લેવો. ક્યારે લેવાય ? કહો, સામે બે ચીજ છે, પૈસાનો સંયોગ અને જિનવચન. એમાં દૃષ્ટિ મનગમતા ધન-સંયોગ સામે નહિ, પણ જિનવચનની સામે રાખો, તો જિનવચનનો આશ્રય કરાય. મન પર સંયોગનો ભાર, સંયોગની અસર ન લેતાં, જિનવચનનો ભાર લો; અર્થાત્ એ ન જુઓ કે, 'આ પૈસા કેવા સારા !' પણ એ જુઓ કે, 'આ પૈસા અંગે જિનવચન શું કહે છે, એ જ મારે વિચારવાનું, અને એને અનુરૂપ ભાવ રાખવાનો. અર્થાત્ જિનવચન કહે છે કે, (૧) લક્ષ્મી ચંચળ છે. (૨) વળી એ રાગાદિ કરાવી દુર્દશા સરજે છે, (૩) બુદ્ધિને બગાડનાર છે, (૪) અંતે રોવરાવનારી ચીજ છે. તો પછી એ કથનને અનુસરી પૈસા તરફ ગ્લાનિનો ભાવ રાખવાનો.'

પૈસાના સંયોગ પર જ જીવહિંસામય આરંભ સમારંભના કામ થાય છે, સ્વાર્થમાયા વધે છે, બુદ્ધિમાં રાગ-અભિમાન-માયા વગેરે વિકારો-બિગાડા પેસે છે, સગા બાપથી જુદાઈ કરવાનું મન થાય છે, ભાઈ સાથે ઝગડવાનું મન થાય છે. તેમજ અનેક પ્રકારના વિષયવિલાસ ઊભા થાય છે; બધું પૈસા પર...આવી બધી ખરાબીઓ જોઈ અને એથી ભવના ફેરા વધવાનું સમજી પૈસાનો ભય લાગે. પૈસા મળ્યા એટલે નિરાંત ન થાય, કલેજે ટાઢક ન વળે, પણ જેમ ઘરમાં ક્યાંક સાપ ભરાઈ ગયો જાણી ભય ઊભો થાય, ફફડાટ થાય, એમ ભય ને ફફડાટ જાગે.

પૈસાનો ભય શું કરાવે ? :-

પ્ર.- ભય જાગે તો તો પૈસાને ફેંકી જ ન દે ?

ઉ.- ફેંકી દેવાનું જોમ ન હોય તો ન ય ફેંકી દે, પણ દિલમાં તો ફેંકી દેવા જેવી જ ચીજ લાગે, અને અવસર આવી લાગે ત્યારે ફેંકી ય દે, ને ચારિત્ર લઈને નીકળી પડે. તેમજ એવો અવસર ન આવે ત્યાં સુધી પણ પૈસાથી ધર્મના સુકૃતો અને પરોપકાર ભરચક કરતો રહે. સવારે ઊઠ્યો ત્યારથી એ લેશ્યા એ લગન હોય એટલે જાતે અને કુટુંબના દરેક માણસ પાસે શુભની પેટીમાં નખાવે; દેવના દર્શન કરવા જાય તે ખાલી હાથે ન જાય, ભક્તિયોગ્ય અગરબત્તી-વાસક્ષેપ-ઘીનો દીવો ફળ-નૈવેદ્ય વગેરે કાંઈ ને કાંઈ લેતો જાય. આમ રાતે જપે ત્યાં સુધીમાં તક શોધતો જ રહે અને સુકૃત-પરોપકારમાં પૈસા ખરચતો જ રહે. મૂળ પાયામાં પૈસાનો ભય લાગવો જોઈએ, પૈસા પ્રત્યે ગ્લાનિ રહેવી જોઈએ.

મનમાં જગતના સંયોગને બાંધી રાખવાને બદલે જિનવચનને બાંધી રાખવાનું

કરાય. એટલે એ જિનવચન વારેવારે આ સમજાવે કે 'પૈસા ખતરનાક છે, રાગ-દ્વેષ-આર્તધ્યાન-પાપબુદ્ધિ આદિ ખરાબીઓ ઊભી કરનારા છે. એમ પરિવાર એ બંધન છે, કે જે બંધન માથે લીધા પછી અનહદ રાગ-મમતા વગેરે ખરાબીઓ ઊભી કરે છે, કાનપટ્ટી પકડીને હિંસા-જૂઠ-ચોરી વગેરે પાપો આચરાવે છે, બીજા સગા-સ્નેહી વગેરેની સાથે ઝગડા કરાવે છે. માટે એ પરિવારના બંધનથી ફુલાવાને બદલે ગભરાતા રહેવાનું છે કે 'એના યોગે આપણે ખરાબીઓ અને પાપોમાં ન પડીએ.'

કાનપટ્ટી પકડીને રાગાદિ દુર્દશા અને પાપો કરાવે એવા પરિવારના બંધનમાં ફુલાવાનું શું ?

હવે જો જગતના સંયોગોમાં મનને બાંધવાને બદલે જિનવચનમાં મનને બાંધી દીધું હોય, તો તો સંયોગના બહાનાથી પોતાના આત્માને વિષયોમાં અને કષાયોમાં જોડવાનું ન કરાય, પણ જિનવચનને આગળ કરીને વૈરાગ્ય-મૈત્રીભાવ-કરુણાભાવ, જિનભક્તિ, વ્રતનિયમ-ધર્માનુષ્ઠાન વગેરેમાં આત્માને જોડવાનું કરાય.

વાત આ છે મન પર સંયોગોનો ભાર ન રાખતાં જિનવચનનો ભાર રાખો.

અમરમુનિને પહેલાં સંયોગનો, પછી જિન-વચનનો ભાર :-

પેલા અમરકુમારને, જુઓ, પહેલીવાર અગ્નિમાં ઝીકાવાનું આવ્યું ત્યારે જિનવચન એને મળ્યાં નહોતાં, એટલે મન પર સંયોગોનો ભાર હતો; તેથી હાય લાગી હતી કે, 'હાય ! હું જીવતો બળીશ ? મારૂ શરીર આગથી સળગવા લાગશે ? આ પીડા કેમ સહન થશે ?' આવા આર્તધ્યાનના વિકલ્પ થતા હતા; પરંતુ જ્યાં પૂર્વે મુનિએ દીધેલ નમસ્કારમંત્ર યાદ આવતાં અગ્નિ ગૂમ અને સિંહાસન પર પોતાને આરૂઢ થયેલો જોયો, અને જાતિસ્મરણ જ્ઞાન થયું ત્યાં હવે મન પર પૂર્વ ભવે મળેલાં જિનવચનનો ભાર આવી ગયો; તે ભાર એવો કે સામેથી રાજ્યની ભેટ આવવા છતાં એને તરછોડી સંસારત્યાગી મુનિ બન્યા.' હવે મુનિ બન્યા પછી જંગલમાં માતાથી અગ્નિની વચ્ચે મૂકાય છે ત્યાં શું કામ 'હાય' કરે ? શા માટે કાયાને ભાગી જઈને અગ્નિથી બળતી બચાવે ? હવે મન પર આગના સંયોગ અને કાયાને દાહના સંયોગના ભારને બદલે જિનવચનનો ભાર છે.

મન પર જિનવચનનો ભાર જિનવચનને અને જિનવચનની શિક્ષાને મહત્ત્વના ગણાવે છે.

'દુનિયાના પામર માણસોને સંયોગો નચાવે. ફાવે તેવી મલિનવૃત્તિઓ અને પાપી પ્રવૃત્તિઓ કરાવે; પણ જિનવચન પામેલો હું, મને જિનવચન રમાડે, ભરપૂર ઉમદા પવિત્ર વૃત્તિઓ અને ઉમદા પવિત્ર વાણી અને વર્તાવ કરાવે.'

જિનવચન પામેલા આપણને પામર માણસ કરતાં જિનવચનની શિક્ષાનું આ મહત્ત્વ લાગ્યું હોય. અમરકુમાર મુનિને એ લાગેલું હતું તેથી જિનવચનની શિક્ષાએ

કાયાને દાહનો સંયોગ અનુકૂળ લેખાવ્યો, આત્માનો કર્મકચરો સાફ કરનારો દેખાડ્યો. ભવનાં બંધન રાગાદિ તોડવાની આમાં ખરેખરી તક દેખાઈ. 'કાયાનો રાગ કાયાની સુખકારિતાનો રાગ રાખું તો આગ પર દ્વેષ અને કાયાને આગથી બચાવી લેવાનું મન થાય ને ? મારે એ રાગે ય નથી રાખવો અને દ્વેષે ય નથી કરવો. મારાં જિનવચન આ મનુષ્યજીવનની ઉચ્ચ કમાઈ રાગ-દ્વેષનાં ઝેર ઓછા કરવામાં કહે છે.

રાગ-દ્વેષાદિનાં જાલિમ ઝેર

'ઉપદેશરહસ્ય' શાસ્ત્રમાં પૂ. ઉપાધ્યાયજી મહારાજ જિનોપદેશનું અંતિમ રહસ્ય આ બતાવે છે કે,

'तहतहपयट्टियव्वं, जह जह रागद्दोसा विलिज्जंति ।'

જીવનનો સાર :-

તેવો તેવો પ્રયત્ન કરવો કે જેથી જેથી રાગ-દ્વેષ ઓછા થતા જાય.

જિનવચનનો આ સાર છે, રહસ્ય છે. મુખ્ય આ જિનવચન છે, બાકીનાં બધાં જિનવચન આની પુષ્ટિ અર્થે છે. કારણ ? જિનવચન આપણને વીતરાગ સિદ્ધ-બુદ્ધ-મુક્ત બનાવવા માગે છે, એટલે રાગાદિથી છૂટકારો મેળવવાનું જ કહે ને ? રાગાદિથી મુક્ત કરનારી જ પ્રવૃત્તિ કરવાનું બતાવે ને ? જેમ જેમ રાગાદિનાં ઝેર ઓછા કરતાં આવીએ એટલા પ્રમાણમાં આત્મામાં મુક્તિ-મોક્ષનો પરિણામ ઊભો કર્યો કહેવાય. મન પર જિનવચનનો ભાર ધર્યા પછી આ મુખ્ય કાર્ય કરવાનું રહે છે.

માટે જ 'શાંતસુધારસ' શાસ્ત્ર સંસારભાવનામાં અંતે આ કહે છે કે 'જિનવચનને મનમાં બાંધ, અને આત્મામાં મોક્ષનો પરિણામ ઊભો કર.'

સંસારથી અર્થાત્ સર્વથા રાગ-દ્વેષ-કર્મ-શરીર વગેરેથી છૂટકારા સ્વરૂપ મોક્ષનો પરિણામ ઊભો થવાને વાર છે, પણ એ તો જ થશે કે જો અંશે અંશે રાગદ્વેષથી છૂટકારો મેળવતા જઈએ, રાગદ્વેષને તેવી તેવી વિચારણા વાણી અને વર્તાવની પ્રવૃત્તિથી ઓછા કરતા ચાલીએ.

જિનવચને ઉપદેશેલી સત્પ્રવૃત્તિમાત્ર રાગાદિ ઝેર ઓછા કરવા માટે છે.

'સત્પ્રવૃત્તિઓ રાગાદિનાશ માટે છે' એ સમજના લાભ :-

આ જો બરાબર સમજાઈ જાય તો

(૧) દાન-શીલ-તપ-ભાવના જીવદયા-જિનભક્તિ-સાધુસેવા વગેરે ખૂબ આચરવાનું કર્યા કરાય. તેમજ

(૨) એ આચરતાં આચરતાં આ રાગાદિ ઓછા કરતા ચાલવાનું જાગતું લક્ષ રહે; ને

(૩) એ બધી સત્ પ્રવૃત્તિમાં આડાઅવળાં પ્રશ્ન શંકાકુશંકા ન ઊઠે, કે દા.ત. 'બ્રહ્મચર્યની આટલી બધી નવ વાડ શા માટે ?' 'પ્રભુની પત્થરની મૂર્તિ

પૂજવાથી શું વિશેષ ?' 'જિનપૂજામાં પાણી-પુષ્પ વગેરેની હિંસા થવાથી એ પૂજા એ ધર્મ શી રીતે ?'...આવા આવા પ્રશ્ન ન ઊઠે. કેમકે એ બધાનો એક જવાબ આ, કે ઇન્દ્રિયવિષયો ને દુનિયાદારીના રાગ ઓછા થાય. વળી

(૪) સંસારની સમાધિકારક જીવનનિર્વાહની જરૂરી પ્રવૃત્તિ કરી લીધા પછી બિનજરૂરી પ્રવૃત્તિઓ જેવી કે મોજ-શોખની, વાતોચીતો-ટહેલટપ્પાની, નિંદા-કુથલીની, હરવા-ફરવાની, જે ને તે જોવા-સાંભળવા-બોલવાની વગેરે બિનજરૂરી પ્રવૃત્તિઓ કરવાનું મન ન થાય, યા આળસ યા ખોટી ઊંઘ-આરામીમાં કિંમતી માનવસમય વેડફી નાખવાનું ન થાય.

(૫) જરૂરી પણ સાંસારિક પ્રવૃત્તિઓમાં રાગાદિ બહુ ન પોષાઈ જાય, એ ધ્યાનમાં રાખી એથી બચવાની ચીવટ રહે.

આ બધા લાભ શેના ? 'સત્પ્રવૃત્તિઓ રાગાદિના નાશ માટે છે, ને જીવન પણ એ માટે છે,' એવી સમજના.

જુઓ, આ એકેક લાભ પર વિચાર કરવા જેવો છે. પહેલાં મનમાં આટલું નક્કી કરી રાખો કે, **"तहतह पयट्टियव्वं, जह जह रागदोसा विलिज्जंति,** એવી એવી રીતે પ્રવર્તવું વર્તવું કે જેથી રાગ-દ્વેષ ક્ષીણ થતા જાય." આ સૂત્ર ધ્યાનમાં રાખી ખોજમાં રહેવાનું કે મારા રાગ-દ્વેષ-મોહ-મદ-મત્સર વગેરે ઝેર કેમ ઓછા થાય. કેમકે અંતે મોક્ષ જોઈએ છે, જનમ-મરણની જંજાળ અને કર્મની વિટંબણા નથી જોઈતી, તો મોક્ષ તો આ રાગાદિ હટ્યા વિના અને વીતરાગ બન્યા વિના કદાપિ નથી થવાનો. માટે આ ઊંચા જીવનનું ઊંચામાં ઊંચું કાર્ય જ આ રાખું કે (૧) રાગાદિને મોળા પાડતો ચાલું; (૨) રાગાદિ ઊઠવા જાય એને દબાવું, (૩) ઊઠી ગયેલાને અંકુશમાં લઈ લઉં, ને (૪) એ રાગાદિને જગાડનારા નિમિત્તોથી દૂર રહું.

બસ, આ જીવનલક્ષ આ ધૂન આ ચોંટ નક્કી થઈ એટલે હવે એના લાભો તરફ પાકી નજર રહે.

રાગ-દ્વેષાદિ દોષોના નાશ માટે જ આ જીવન છે એવી પાકી સમજનું પહેલું ફળ આ કે સત્પ્રવૃત્તિમાં બહુ રહેવાય. કેમકે

સત્પ્રવૃત્તિમાં રાગ-દ્વેષાદિ ઝેરને ઓછા થવાનો જે અવકાશ છે, એ અવકાશ અસત્ પ્રવૃત્તિમાં નથી.

(૧) તમે ખા-ખા કર્યા કરો એમાં તો રાગ સારી રીતે પોષાય છે. ત્યારે, ખાવાના ટંક કાપો, અંશે ય તપની પ્રવૃત્તિમાં આવો, તો રાગ ઘટવાને અવકાશ છે. એમ તપમાં ભલે પહેલે તબક્કે ખાવાનો રાગ અંતરમાંથી ન ગયો હોય, છતાં તપની સતત પ્રવૃત્તિ કરતા રહેવાથી ધીમે ધીમે એ રાગ પર ઘા પડ્યા કરે, તે નોંધપાત્ર ઘા લાગ્યા પછી દેખાય કે હવે પહેલા જેવો ખાવા પર રાગ નથી. આજે

ય એવા માણસો છે કે જેમને ખાવાના ટંકનો નિયમ કર્યા પછી ખાવાનો રાગ ઓછો થયાનો અનુભવ છે. વર્ષીતપ કરનારને એ તપ પૂરો થયા પછી થોડા દહાડા તો બે દિવસ લાગટ ખાવું ગમતું નથી. તો પૂછો

પ્ર.- તો પછીથી કેમ દિવસોના દિવસ લાગટ ખાવાનું ગમી જાય છે ?

ઉ.- સૌને ગમી જ જાય છે માટે લાગટ ખાય છે. એવો નિયમ બાંધવા જેવો નથી. અંતરમાં એવું ગમતું ન હોય, ખાવાનો એવો રાગ ન હોય, છતાં શરીરનાં કારણે બીજી ધર્મ-આરાધના અસ્ખલિત ચાલે એ કારણે પણ લાગટ ખાવું પડતું હોય છે. ત્યારે જેને ગમી જ જાય છે, એનું કારણ એની સતત અસત્ પ્રવૃત્તિ છે. માટે તો જ્ઞાનીઓ કહે છે કે સત્પ્રવૃત્તિમાં ખૂબ રહો તો રાગાદિ ઓછા થતા આવે. દિવસોના દિવસો લાગટ ખાવાની પ્રવૃત્તિ કરે ત્યાં સ્વાભાવિક છે કે ખાવાનો રાગ પોષાય. ખાવા માટે ખાવું એ અસત્ પ્રવૃત્તિ છે, ને અસત્પ્રવૃત્તિમાં રાગવિષય પોષાય.

તપથી રાગ ઘટે. દાનથી રાગ ઘટે :-

(૨) એવું પૈસા સંઘર્યે જ રાખવાની, કે માત્ર જાત અને કુટુંબ માટે જ ખરચવાની અસત્પ્રવૃત્તિ રાખ્યા કરે, એને સહજ છે કે પૈસાનો રાગ, સ્વાર્થનો રાગ, અને કુટુંબનો રાગ પોષાય કરવાનો. એ તો વારે વારે દેવની ભક્તિમાં, ધર્મના ક્ષેત્રમાં અને પરોપકાર-જીવ-દયાદિમાં ખરચતા રહેવાની સત્પ્રવૃત્તિ રાખ્યા કરે એને પેલા રાગ મોળા પડતા આવે.

ઓછું બોલવામાં રાગ ઘટે :-

(૩) એવું, ઓછું બોલવાની અર્થાત્ વાણી પર સંયમની સત્પ્રવૃત્તિમાં રાગદ્વેષને ઓછા થવાનો અવકાશ છે. બહુ બોલવા પાછળ અભિમાન, અવિશ્વાસ, રાગ-આસક્તિ, નિંદા, પાપવચન, જૂઠવચન વગેરે કેટલું ય પોષાવાને મોકળું મેદાન છે. ત્યારે વાણી પર પાકા સંયમથી એ પોષાવાનું અટકે.

એમ, જિનભક્તિ, સાધુસમાગમ, શાસ્ત્રવાંચન, સામાયિક-જાપ-પ્રતિક્રમણ વગેરે સત્પ્રવૃત્તિ છે. એમાં પણ, એ ન હોય અને વાતોચીતો-પ્રમાદ-દુનિયાની દોડધામ હોય તો એમાં જે રાગાદિ પોષાય, એને અહીં પોષાવાનું અટકી જાય. ઉપરથી સારા સંગથી બીજા અંદરમાં પડેલા રાગાદિ ઝેરને ઓછા થવાને જગા છે.

જૈનધર્મમાં ક્રિયાકાંડ બહુ : ધ્યાન યોગ નહિ : આનો જવાબ :-

કેટલાકો આક્ષેપ કરે છે,

પ્ર.- 'જૈન ધર્મમાં ક્રિયાકાંડ બહુ તેથી લોક કંટાળી આ ધર્મ આદરે જ નહિ; તેમજ ક્રિયા કરનારાને બિચારાને ધ્યાનયોગનો અવસર જ ન મળે, તેથી આગળ વધી શકે નહિ. ઘાંચીનો બેલ આખો દિ' ચાલવાની ક્રિયા કરી કરીને ત્યાંનો ત્યાં જ.

ઉ.- આ આક્ષેપ સમજ વિનાનો છે. કેમકે (૧) મોટી વાત તો આ જ છે

કે ધર્મના ક્રિયાકાંડ બહુ નહિ હોય તો દુન્યવી પ્રવૃત્તિ વધારે રહેવાની; ને એમાં રાગાદિ દોષોનાં ઝેર પીવાનાં; પણ ઓછા થવાની જગા ક્યાં ? નવરો પડ્યો સામાયિક લઈને બેસે તો રાગાદિથી બચે, પણ આરામી હરવું-ફરવું વાતોચીતો એવું કાંઈક કરે તો એથી ક્યાંથી બચે ? સવારે જાગ્યો સામાયિક-પ્રતિક્રમણ-સ્તોત્ર આદિ લઈ બેસે તો રાગાદિથી જે બચે, એવું સવારે ઊઠીને છાપું પકડનારો કે દુનિયાદારીની ઘટમાળમાં લાગ્યો રહેનારો રાગાદિથી શે બચે ? રાગાદિ શે' ઓછા થાય ? ઊલટું, એ વધે.

ત્યારે જૈનધર્મથી કંટાળનારાને ક્રિયા-આચારવિનાનો ધર્મ બતાવો એથી એ પામે શું ? એને રાગાદિ ઓછા કરવાનો અવસર જ ક્યાં ?

તો, ધ્યાનયોગ ન કરી શકવાની વાત પણ સમજણ વિનાની છે. જૈનધર્મના ક્રિયાકાંડ જ એવા છે કે એ ધ્યાનથી મિશ્રિત રહ્યા કરે. એનું કારણ એ છે કે ક્રિયા પ્રણિધાન પૂર્વક જ કરવાની છે. 'પ્રણિધાન' એટલે વિશુદ્ધ ભાવના સાથે મનની એકાગ્રતા-તન્મયતા. ત્યારે, ધ્યાન શું છે ? એકાગ્ર ચિંતન. એ અહીં પ્રણિધાનમાં છે જ, તેથી ક્રિયા ધ્યાનયુક્ત થઈ.

ૐકારના ધ્યાન કરતાં ક્રિયામાં ૩ વિશેષતા :-

પ્ર.- પણ ક્રિયામાં ૐકાર કે એવા વિષયનું ધ્યાન નહિ ને ?

ઉ.- ના, ભલે નહિ, પણ એથી વિશેષ છે. કેમકે,

(૧) ૐકારના ધ્યાનમાં એક જ વિષય હોઈ મનની એટલી એકાગ્રતા સતત ન ટકે; બાળમનનો સ્વભાવ છે કે એને વિવિધતા જોઈએ છે. ત્યારે અહીં પ્રભુપૂજન પ્રતિક્રમણ કે સામાયિક-સ્વાધ્યાયમાં વિવિધ વિષય આવતા રહેવાથી મનને કંટાળો નહિ આવે, અને તેથી એના એકેક વિષયમાં એકાગ્રતા ટકી રહેવાની સરળતા છે.

(૨) વળી એકલા ૐકારના ધ્યાનમાં એવા ભાવોલ્લાસ-ગદ્‌ગદતા-ચડતીલેશ્યા વગેરેનો જે અવકાશ નથી એ અવકાશ પ્રભુપૂજન-પ્રતિક્રમણ-સામાયિક-સ્વાધ્યાયમાં છે.

(૩) મોટી વિશેષતા આ છે, કે આત્મામાં રાગ-મદ-કામ-આરામવૃત્તિ વગેરે અનેકાનેક દોષો છે. એને ક્રિયામાં દબવાનો જે અવકાશ છે એ ૐકારધ્યાનમાં નથી. દા.ત. પ્રભુપૂજનમાં બે પૈસા ખરચી એટલો ધનરાગ ઓછો કરવાનો અવકાશ છે એ એકલા ધ્યાનમાં ક્યાં છે ? એમ પૂજનની અને સેવા-પરોપકારની વિવિધ ક્રિયાની હીલચાલમાં આરામપ્રિયતા અને હરામહાડકાનો દોષ દબાવાનો જે અવકાશ છે એ એકલા ધ્યાનમાં ક્યાં ? અનેક પ્રભુદર્શનો કરી કરી એ વીતરાગ પ્રભુની શાંત ચક્ષુમાંથી જે વૈરાગ્યની પ્રેરણા લઈ લઈ સ્ત્રીમુદ્રા તરફ ઘૃણા થાય, કામ દબાય, એ ૐકારના ધ્યાનમાં એવી પ્રેરણા લેવાનું અને કામ દબાવાનું ક્યાં ?

સારાંશ, ક્રિયાકાંડ અને આચારોની સત્પ્રવૃત્તિમાં રાગાદિ દોષોને ઓછા થવાનો

પૂરો અવકાશ છે. માટે એ ઓછા કરવા હોય તો સત્પ્રવૃત્તિઓ ખૂબ રાખવી જોઈએ.

દુન્યવી અસત્પ્રવૃત્તિઓ જ્યારે ભરચક ચાલી રહી છે, તો એનાં ઝેરરૂપ રાગાદિને ઓકવા માટે શું સત્પ્રવૃત્તિની ભરચકતાની ખૂબ જરૂર નથી ?

આજે એ સત્પ્રવૃત્તિઓ બહુ ઓછી થઈ ગઈ છે તો જુઓ જીવનમાં રાગ-મદ-આસક્તિ ઈર્ષ્યા-દ્વેષ-દીનતા વગેરે કેટલા બધા રમી રહ્યા છે ?

પ્રસન્નચંદ્રરાજર્ષિ ધ્યાનમાં ખડા રહી તત્ત્વચિંતનમાં હતા ત્યાંસુધી સ્વસ્થ હતા, મહાવૈરાગ્યમાં ઝીલતા હતા, પરંતુ દૂતનાં વચન સાંભળીને જ્યાં માત્ર મનથી પણ અસત્પ્રવૃત્તિમાં ચડ્યા, તો કેટલા બધા દ્વેષમાં તણાઈ ગયા ? સાતમી નરકે લઈ જાય એવા રૌદ્રધ્યાનમાં પડ્યા ને ? **અસત્પ્રવૃત્તિની આ ખતરનાકતા છે કે એમાં રાગાદિ જાલિમ ઝેર પોષાયા કરે.**

માટે જ જ્ઞાની જૈન મહર્ષિઓએ શું શ્રાવક કે શું સાધુ, બંનેને માટે ભરચક સત્પ્રવૃત્તિઓ કરવાની બતાવી છે. એ કહે છે કાયાથી સત્પ્રવૃત્તિ ન હોય, નવરા બેઠા હો, એ વખતે પણ મનથી વ્યવસ્થિત સારી વિચારણારૂપી સત્પ્રવૃત્તિ કરતા રહો. જો એ નહિ કરો તો નવરૂ મન નખ્ખોદ વાળશે. નવરા મનમાં પાપ વિચારણાઓ આર્તધ્યાન વગેરે અસત્પ્રવૃત્તિ ચાલુ થઈ જશે, અને એ નકરાં રાગ-દ્વેષનાં જાલિમ ઝેર પીવડાવશે.

સત્પ્રવૃત્તિનો આ રાગાદિનાં જાલિમ ઝેરથી બચાવવાનો ભવ્ય ઉદ્દેશ જો સમજાઈ જાય તો પછી ધર્મના બહુ ક્રિયાકાંડનો કંટાળો તથા મૂર્તિપૂજા-દયાદાન-રાત્રિભોજનત્યાગાદિ વ્રત નિયમો વગેરેમાં વાંધા ન ઊભા કરાય; વાંધા ઊભા કરનારની અજ્ઞાનદશા સમજાય.

રાગાદિ એ જાલિમ ઝેર કેમ ? :-

પહેલું આ તો બરાબર સમજી રાખો કે આ જગતમાં રાગ-દ્વેષ, કામ-ક્રોધ-લોભ, મદ-માયા-ઈર્ષ્યા વગેરે જેવાં બીજાં જાલિમ ઝેર નથી. (૧) હળાહળ ઝેર સારૂ કે જે પરલોક બગાડે એવો નિયમ નહિ. ત્યારે આ રાગાદિનાં ઝેર તો અવશ્ય પરલોક બગાડે એવો નિયમ છે.

(૨) બહારનું ઝેર ખવાઈ ગયું, ત્યાં નવકાર-પરમાત્મા હજી યાદ આવે. ત્યારે, રાગાદિ ઝેર મનમાં ઘાલ્યું ત્યાં એ બધું ભૂલાય.

અનુભવ છે ને કે ભગવાનના મંદિરમાં પણ બેઠા હો, પરંતુ જો મનમાં એ રાગ ઊઠ્યો કે 'મારી ચાંદીની વાટકી તો સલામત છે ને !' તો ત્યાં ભગવાન ભૂલાઈ જશે, વાટકી મનમાં આવ્યા કરશે. જુલ્મ છે ને ? ભગવાનના મંદિરમાં તો ભગવાન સહેજે મનમાં રમ્યા કરે; ત્યાં એના બદલે મનમાં વાટકી રમ્યા કરે !

દુનિયામાં તો જેટલી રંગિલીઓ દૃષ્ટિને અથડાઈ એમાંની એક પણ કલેજે

ટાઢકથી જોયા વિનાની ન જાય, કેમકે એથી વિશેષ સારા જોવા લાયક ભગવાન દૃષ્ટિની સામે છે નહિ. પરંતુ ભગવાનના મંદિરમાં તો ભગવાન દૃષ્ટિની સામે છે ત્યાં પણ નજરે અથડાતી એક પણ રંગિલી રાગથી ટાઢકથી જોયા વિના ન મૂકાય ? રાગનો આ કેટલો જુલ્મ ?

કોણ આ કરાવે છે ? રંગિલીના રૂપરંગ અંગોપાંગ પરનો રાગ. એ રાગનું ઝેર મનમાં ઘાલ્યું, મનને થયું કે આની આંખો નમણી છે, ગરદન ગોરી છે, છાતી ઊઠેલી છે,...આમ રાગ ભરાયો, પછી એ મનમાં ભગવાન રહે ? ભગવાન જો સામે દૃષ્ટિમાં છતાં મનમાં નહિ, તો દૃષ્ટિમાં નહિ હોય ત્યારે તો મનમાં શું આવવાના હતા ?

જે રૂપરંગનો રાગ મંદિરમાં ભગવાન સામે છતાં ભગવાનને ભુલાવે એ રાગ કેટલો જાલિમ ?

જોજો સારૂ વ્યાખ્યાન સાંભળતા હો, છતાં જો કાંઈક યાદ આવ્યું કે જોયું, ને મનમાં રાગ ઊછળ્યો, તો એ વ્યાખ્યાનની દિવ્ય વાતો મનમાં આવ્યા વિના મનને અડ્યા વિના જ ચાલી જશે. કહેનાર અમને કહી જાય છે કે કેટલીક બેનો વ્યાખ્યાનમાં આવે છે તે બીજી બેનોના કપડાં દાગીના શણગાર જ જોયા કરે છે. કેમ ? દિલમાં શણગાર-ટાપટીપનાં રાગનું ઝેર ભર્યું છે. આ રાગભર્યા મનમાં વ્યાખ્યાનના અક્ષર અડે ? વ્યાખ્યાનમાં ઠલવાતો વૈરાગ્ય કે ધર્મની પ્રેરણા ધર્મની મહત્તા મનમાં પેસી શકે ? ત્યારે વ્યાખ્યાન સાંભળતાં પણ જો વૈરાગ્ય નહિ, ધર્મ ઉછરંગ ન ઊછળે, જો પાપઘૃણા મનમાં ન સળવળે, તો તે સિવાયના કાળે શે સળવળે ? આમ ધર્મ ઊછરંગ કમાવવાના સોનેરી અવસરભૂત શ્રવણ વખતે ય એ કમાઈ ભૂલાવે એ રાગનું ઝેર કેટલું જાલિમ ?

બોલો તો ખરા કે દાનના અનન્ય સમયરૂપ મનુષ્યજીવનમાં દાન કેમ રુચતું નથી ? સવારે ઊઠ્યા ત્યારથી લેવાની જ લગન, પણ દેવાની લગન નહિ, એનું શું કારણ ? આ જ કે લક્ષ્મીનો રાગ છે.

રોજ તો ઠીક પણ તિથિએ તપ કરવાનો ઊછરંગ કેમ નહિ ? છૂટથી ખાવાપીવાના રાગના પાપે.

બીજાનું ખમી લેવાનો અવસર મળ્યો, છતાં એ કેમ ખમી લેવાતું નથી ? કેમ ત્યાં ક્ષમા-સંપત્તિ કમાઈ લેવાનું મન પણ થતું નથી ? કહો

હૈયામાં જાતનો-સ્વમાનનો સ્વાર્થનો રાગ બેઠો હોય ત્યાં ખમી ખાવાની અમૂલ્ય કમાઈ ક્યાંથી થાય ?

આ સોનેરી માનવસમયમાં દાન-તપ-ક્ષમા પરોપકારની સદ્ધર સંપત્તિ કમાઈ લેવાનું ભૂલાવે એ ધન-ભોજન-સ્વાર્થના રાગનું ઝેર કેટલું જાલિમ ?

સારા સારા શક્ય એવા વ્રત-નિયમ-બાધાઓ કેમ નથી લેવાતી ? એ

આપનારા દયાળુ ગુરુઓ મળી આવે તો એમનાથી કેમ ભાગતા ફરાય છે ? કેમ આઘા ને આઘા રહેવાય છે ? કહો, વિષયોના રાગનું જાલિમ ઝેર હૈયે ભર્યું છે એ જીવને નિશ્ચેતન જેવો બનાવે છે, વિષયોમાં મૂર્છિત બનાવે છે. ધનમાં મૂર્છિત ને સ્વાર્થમાં મૂર્છિત હોય ત્યારે નિશ્ચેતન મૂર્છિત માણસની જેમ એ સારૂ શું કરી ય શકે ? ને એને સારાનું ભાન પણ ક્યાંથી હોય ? બેભાનને ભાન શું ? બેભાન કરી શું શકે ?

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" **વર્ષ-૨૨,અંક-૧૨,તા.૧-૧૨-૧૯૭૩**

સત્ય સારું છે, ન્યાય-નીતિ સારી છે, પણ જીવન વ્યવહારમાં માણસ એનું ભાન કેમ ભૂલે છે ? કેમ એને આચરવું ભૂલે છે ? કોઈ વિષયના રાગને લીધે.

સત્યવાદી વસુ રાજા ગુરુ-પત્નીના ખોટા રાગ-દાક્ષિણ્યમાં તણાયો, તો ધરાર અસત્ય બોલ્યો. પોતાના ગુરુની પત્નીને માતા કહે છે, એ આવી માગણી કરે છે, કે પરદેશી નારદ અને મારા પુત્ર પર્વતને વિવાદ પડ્યો કે, **'અજૈર્યષ્ટવ્યમ્'** અજથી યજ્ઞ કરવો, એમાં 'અજ' એટલે બકરો ? કે 'અજ' એટલે જૂની ડાંગર ? પર્વત કહે છે ગુરુજીએ બકરો અર્થ કર્યો છે, નારદ કહે છે કે ગુરુજીએ જૂની ડાંગર એવો અર્થ કર્યો છે, બંને જણે નક્કી કર્યું છે કે જેનું ખોટું ઠરે એની જીભ કપાય; ને તું પણ સાથે ભણેલો છે એટલે એ પણ નક્કી કર્યું છે કે સાચા-ખોટાનો નિર્ણય તારા કહેવા પર લેવો. માટે તારે મારા પુત્રને બચાવવાનો છે."

વસુ રાજા કહે, 'ગુરુજીએ તો 'અજ' શબ્દનો અર્થ જૂની ડાંગર કર્યો છે, તેથી મારે તો એ જ અર્થ કહેવો પડશે.'

ગુરુપત્ની કહે 'તો શું પર્વતની જીભ કપાશે ?'

વસુ જવાબમાં બોલે છે, 'પણ મારાથી અસત્ય કેમ કહેવાય ?'

પેલી કહે, 'જો, આજસુધી તારી પાસે મેં કાંઈ માગ્યું નથી. આજ પુત્રના જીવનની ભીખ માગું છું. તારે માતાને આટલી દક્ષિણા આપવી પડશે.'

અહીં રાજા માટે સમસ્યા ઊભી થઈ, 'સત્ય સાચવવું ? કે ગુરુ પત્ની માતાનો બોલ સાચવવો ?' જો રાગમાં ન તણાયો હોત તો 'સારૂ સત્ય,' એટલે સત્ય સાચવત. પરંતુ રાગમાં-દાક્ષિણ્યમાં તણાયો એટલે અસત્ય બોલવાનું નક્કી કર્યું. રાગનું ઝેર આવું છે કે જીવને જડ જેવો બનાવી સારૂ ભુલાવે.

ત્યારે રાગમાં તણાઈ જીવ સારૂ ભૂલે એનાં દુઃખદ પરિણામની એને ખબર હોય છે ?' એમ જોઈ જીવ અકાર્યમાં આંધળિયા કરે છે, ને અંતે મહાદુઃખમાં જઈ પડે છે. વસુ રાજાએ બીજે દિવસે જ્યાં સભામાં જૂઠું કહ્યું ત્યાં દેવતાએ એને પીઠમાં એવી જોરદાર લાત મારીને સિંહાસન પરથી ગબડાવ્યો કે નીચે એ લોહી

વમતો પડી મોતને શરણ થયો, ને લોકમાં અપકીર્તિ થઈ કે 'રાજા અસત્ય બોલ્યો એમાં દૈવી કોપ થયો, જેણે રાજાના પ્રાણ લીધા.' રાગનું ઝેર કેવું જાલિમ ?

રાગનું ઝેર પીવામાં શો સાર કાઢ્યો ? આપણે રાગવશ અસત્ય-અન્યાય કરવા જતા હોઈએ, ને તરતમાં કદાચ કોઈ આવી મોટી સજા જોવા ન ય મળે, તો ય અસત્યના કુસંસ્કાર તો દૃઢ થાય ને ? **અનંતાકાળથી અસત્યાદિનાં સેવન કરી કરીને એના કુસંસ્કાર ઊભા કરતા તો આવ્યા જ છીએ. હવે મનુષ્ય જીવનમાં આવીને ય અનાદિકાળથી સતાવતા આવા અસત્ય વગેરેના કુસંસ્કાર પાછા દૃઢ કરવાના ?** તેમ અસત્યથી ચીકણાં પાપ બંધાય એ ય નહિ જોવાનું ? વળી અસત્ય બોલાવા માટે નિઃસત્ત્વ બનેલું, ઢીલું મુડદાલ બનેલું મન બીજાં સ્થાને પણ આવાં કોઈ બીજાં પાપ આચરવાં જશે એ સ્થિતિ ઊભી કરવાની ?

આ ખૂબ ધ્યાનમાં રાખવા જેવું છે કે, તમે કોઈ ગેરવર્તણુક કરો, દા.ત. જૂઠ બોલો, અનીતિ કરો, પ્રપંચ કરો, પરસ્ત્રી પર કુદૃષ્ટિ કરો, અભક્ષ્ય ખાઓ,...આવું કોઈપણ એક અજુગતું કરો એટલે એમાં સત્ત્વ હણાય છે, મન સત્ત્વહીન બનેલું હોય છે; અને એ સત્ત્વહીન બનેલું મન પછી બીજાં પણ ખોટાં કામ કરાવે છે.

જો અનેક અકાર્યથી બચવું હોય તો પહેલેથી જ, સત્ત્વને સંભાળી રાખી એક પણ અજુગતું નહિ આચરવું જોઈએ.

પ્ર.- અજુગતું આચરવામાં શું આપણું સત્ત્વ હણાય છે ?

ઉ.- હા, અજુગતું આચરનારા દા.ત. ગુસ્સો કરનારા, રોફ મારનારા, અગર મારફાડ કરનારા ઓજસવાળા દેખાય, પણ ખરેખર એ તામસી ભાવવાળા છે. સાત્ત્વિક ભાવવાળા નહિ. એમનામાં સત્ત્વ નથી માટે તો એ પોતાના મલિન મન પર અંકુશ રાખી શકતા નથી, ને તપી ઊઠે છે, ઊકળી ઊઠે છે. એમને પૈસા નચાવે છે, તુચ્છ સુખ નચાવે છે. ગમે તેવા મામૂલી પ્રતિકૂળ પ્રસંગ નચાવે છે. એવા નાચ નાચે એનામાં સત્ત્વ શું ? સમુદ્ર પર વાવંટોળ આવે પણ સમુદ્ર ખળભળતો નથી, શાંત રહે છે. એમ સત્ત્વશીલ માણસને જગતના અનુકૂળ-પ્રતિકૂળ પ્રસંગો આવો પણ એ ખળભળે નહિ; એ શાંત હોય.

ત્યારે, અજુગતા બોલ બોલવા જાય, અજુગતું આચરવા જાય, એ તો બાહ્ય તુચ્છ વસ્તુએ નચાવ્યો-નાચ્યો કે પોતાની અસત્ કલ્પનાએ નચાવ્યો-નાચ્યો. અંતરની મલિન વૃત્તિ અને અસત્કલ્પનાને એ દબાવી શક્યો નહિ. કારણ ? સત્ત્વ નહિ. એને ન દબાવતાં પોતે જ એનાથી દબાયો-દોરવાયો એ એણે પોતાનું સત્ત્વ હણ્યું કહેવાય. પછી બહારમાં અજુગતું આચરવામાં લોખંડી બળ દેખાડ્યું, પરંતુ એમાં સત્ત્વ શું ?

તપસ્વી યોગીનાં સત્ત્વનું દૃષ્ટાંત :-

એક રાજા મંડળી સાથે જંગલમાં ફરવા માટે ગયો. જંગલની વચ્ચે પહોંચી છાવણી નાખી. જાજમ પર નાસ્તા પાણી સાથે અલકમલકની વાતો કરતા બેઠા છે. એમાં ત્યાં થઈને એક તપસ્વી દુર્બલકાય યોગી નીકળ્યો. યોગી તપસ્વી હતો, તપથી કાયા ગાળી નાખી હતી. આવા દૂબળા-પતળા યોગીને જોઈ રાજા તો 'નમસ્તે યોગિરાજ' કહી પ્રણામ કરે છે, પરંતુ સેનાપતિ અભિમાનથી કહે છે, 'કેમ યોગિરાજ ! ખાતા પીતા નથી ? આટલા મુડદાલ રહી શું પરાક્રમ કરતા હશો ?'

ત્યાં સાથે આવેલ પહેલવાન કહે છે, 'સાહેબ ! રહેવા દો, એમને વળી અહીં પરાક્રમ જ શું કરવાનું હોય ? બિચારા નિર્માલ્ય તે રળવા-કમાવવાનાં કે કુટુંબ સંભાળવા કરવાનાં કષ્ટ પડતા મૂકી અહીં આવી એકલા બેસી ગયા છે.'

ત્યારે રાજા કહે, 'ભાઈ ! તમારા જેવા બધા પરાક્રમી ક્યાંથી હોય ?' રાજા સેનાપતિ અને પહેલવાનના બળથી પ્રભાવિત છે, તેથી એમ બોલે છે.

યોગી જુએ છે કે, 'આ બધાને બિચારાને પરાક્રમ શું, સત્ત્વ શું, એની ખબર નથી; ઊલટું ઊંધી સમજ છે, માટે આમ બોલે છે. ખેર, પણ હું જરા એમને એ સમજાવું' એટલે યોગી કહે,

'ભાઈ ! તમારી વાત સાચી છે. પરંતુ એ તો જુઓને, જીવન કેવું જીવવું એ તો પોતપોતાની પસંદગીની વાત છે; અને એ તમારૂ કહેવું સાચું છે કે દુન્યવી નાશવંત સુખમાં ખુશી થનારા તમે, તમારા જેવું સત્ત્વ-પરાક્રમ અમારા લોકોમાં નહિ. ખેર ! પણ આટલે આવ્યા છો તો તમને અહીં નજીકમાં કાંઈક અવનવું દેખાડું. અહીં થોડે આવશો મારી સાથે ? માત્ર બે-ત્રણ જણ ચાલો મારી સાથે.'

રાજા સેનાપતિ અને પહેલવાનને કૌતુક થયું કે અહીં વળી શું જોવાનું હશે ? લાવોને જરાક જોઈ આવીએ.'

ઘેલા જીવને જિંદગી આખી વહી જાય એમાં એક દિવસ પણ પોતાની અંદરમાં પોતાના આત્માનું અને હૈયાનું જોવાનું મન નથી થતું, પણ બહારમાં દિવસમાં દસ વાર શું, ૨૦-૨૫-૫૦ વાર નવું નવું જોવાનું મળે તો જોવાનું મન થાય છે ! કેવી ઘેલછા ! જે બહારનું જોયેલું હૈયામાં રાગ કે દ્વેષનાં ઝેર જ પાનારૂ છે, એ ડગલે ને પગલે, ને ઘડીએ ને પલકે જોવાનું મન થાય ? ને જેનાથી રાગાદિનાં ઝેરથી બચાય, જૂનાં ઝેર ઓછાં થાય, એવું અંદરમાં મન અને આત્માનું રોજ શું, મહિને એકવાર પણ જોવું નથી !

રાજા, સેનાપતિ અને પહેલવાન ઊપડ્યા યોગીની સાથે. યોગી એમને લઈ ગયો ગુફામાં. અંદર જઈ યોગીએ સંકેતસૂચક મૃદુ અવાજ કર્યો એટલે એક મોટો વિકરાળ સિંહ અંદરમાંથી ધીરે પગલે બહાર આવ્યો. સિંહને જોતાં જ ત્રણેયના હાંજા ગગડી ગયા; યોગી અણનમ હસતે ચહેરે ઊભો છે.

કોણ સાત્ત્વિક ? કોણ પરાક્રમી ? યોગી કે પેલા ત્રણ ?

રાજા વગેરે ત્રણે જણાને પરસેવો પરસેવો છૂટી ગયો, થરથર કંપી રહ્યા છે. આમે ય સિંહનો ચહેરો સ્વાભાવિક વિકરાળ અને એમાં વળી મોઢું પહોળું કરી બગાસું ખાઈ રહ્યો છે એટલે તો વિશેષ વિકરાળ લાગે ! એવો એ યોગીની તરફ નજીક આવી રહ્યો છે, પણ આ ત્રણે સમજે છે કે, 'આ આવ્યો અમારી તરફ !' ત્રણેયથી ચીસ પડી ગઈ 'યોગીરાજ !' સિંહ યોગીની પાસે આવી ઊભો. યોગી એને પંપાળે છે. પેલા સ્તબ્ધ થઈ ગયા કે, 'આ શું ?' પરંતુ સિંહનું મોં એમના તરફ હોઈ હજી એ ગભરાઈ રહ્યા છે. યોગી સિંહને ઈસારો કરતાં કહે છે, 'જા ચાલ્યો જા મહેમાન ગભરાય છે, તને ખબર નથી પડતી ?' સિંહ ચાલ્યો ગયો. યોગી ત્રણેયને પાછા લઈ આવે છે.

હવે યોગી કહે છે, 'કેમ સાહેબો ! આપે સત્ત્વ-પરાક્રમ તો સારૂ બતાવ્યું.'

'અરે બાબા ! જવા દો એ વાત. હજી તો ધ્રુજારી નથી છૂટી. ભૂલ્યા અમે અમારામાં શું સત્ત્વ ? ને શું પરાક્રમ ?'

યોગી કહે છે, ત્યારે સમજો,

અંતરની ભયની લાગણી જીતવી એ સત્ત્વ છે. એમ,

આહાર-નિદ્રા-મૈથુન-પરિગ્રહની સંજ્ઞા કચરવી, અને ક્રોધ-માન-માયા-લોભની સંજ્ઞા જીતવી એ સત્ત્વ છે.

નબળા પર જહાંગીરશાહી ચલાવવી એ તો રાક્ષસી તમોવૃત્તિ છે. અમૂલ્ય જીવન તો ચાલી જઈ રહ્યું છે. એમાં આ દારુણ સંજ્ઞાઓને કચરવા સત્ત્વ નહિ વિકસાવાય, તો જીવન એળે જશે. આહારસંજ્ઞાને તાબે થઈ ખૂબ ખાધું-પીધું, ને શરીર તગડું રાખ્યું, એ અંતે લાકડામાં જવાનું છે. એથી આત્મા શું કમાયો ?

રાજાએ મંડળીને હકીકત જણાવીને કહ્યું, 'જુઓ સત્ત્વ આ કહેવાય ! બોલો યોગિરાજકી જય,' કહી ઊઠીને બધા યોગીના ચરણે નમસ્કાર કરે છે. યોગી ત્યાંથી ચાલ્યો જાય છે.

મંડળીવાળા બીજાઓ સેનાપતિ અને પહેલવાનને કહે છે, 'સેનાપતિ સાહેબ ! ને પહેલવાનજી ! તમે તો ભારે બળવાન પરાક્રમી, તમે યાર ! શું ડરી ગયા ?' આ કહે, 'યોગિરાજની આગળ આપણાં શા બળ ને પરાક્રમ ? ભયને જીતી લેનાર યોગીરાજ જ બળવાન ને પરાક્રમી.'

વાત આ હતી કે અંદરની મલિન વૃત્તિઓને દબાવવી એ સત્ત્વ છે; ને વૃત્તિઓને વશ પડવામાં સત્ત્વ હણાય છે. આ વૃત્તિ મલિન કરવાનું કોઈ વિષયના રાગના કે દ્વેષના યા મોહના કારણે બને છે. માટે મૂળમાં રાગ-દ્વેષ-મોહ અમૂલ્ય સત્ત્વને હણનારા કહેવાય. સત્યવાદી વસુ રાજા ગુરુમાતા પર રાગમાં તણાયો, તો સત્ત્વહીન બની અસત્ય બોલનારો થયો, દેવતાથી મરાયો, અને નરકમાં જઈ

પડ્યો. રાગનું ઝેર કેટલું જાલિમ ! કે સત્ત્વને હણી મેલી વૃત્તિ કરાવે ને અસત્પ્રવૃત્તિ કરાવે.

સત્પ્રવૃત્તિનું આ મહત્ત્વ છે કે એ એટલો સમય અસત્ પ્રવૃત્તિને બંધ રખાવી જીવને રાગાદિ ઝેર પોષવાથી બચાવે છે. આ રાગાદિ એ જીવનાં સત્ત્વનો નાશ કરનારા છે.

પ્રભુભક્તિમાં બેઠો એટલો ટાઈમ હરવું-ફરવું, ટહેલટપ્પાં મારવા. ઈત્યાદિથી બચવાનો જ ને ? એનાથી બચે એટલે એનાં નિમિત્તે જે રાગાદિનાં ઝેર પીવાનું થતું હોય છે એ અટકે જ ને ? માટે આ સમજો કે, 'જૈન ધર્મમાં ક્રિયાકાંડ બહુ એમ કરી જે કંટાળે છે, એ ખરેખર સમજ્યા નથી કે, 'આ ક્રિયાકાંડને વળગ્યો રહેશે એ એટલો સમય અસત્પ્રવૃત્તિથી બચી રાગનાં ઝેર ઓછાં પીશે.'

માટે કંટાળશો નહિ; કે બહુ ધર્મપ્રવૃત્તિને નિરર્થક માનશો નહિ; સામાયિક-પ્રતિક્રમણ, શાસ્ત્રસ્વાધ્યાય, સાધુ સમાગમ, જિનભક્તિ વગેરે ધર્મપ્રવૃત્તિ ખૂબ કરતા રહો. ભલે એનો અર્થ નહિ સમજતા હો, તો ય શ્રદ્ધા રાખીને એ કર્યે જશો એથી કમમાં કમ એ વખતે બહારની પ્રવૃત્તિ મનમાં નહિ આવે, તેમ કાયા પણ સાથે સાથે બહારની પ્રવૃત્તિથી બચશે. એટલે એ પ્રવૃત્તિના વિચાર અને આચરણથી પોષાતું રાગ-દ્વેષનું ઝેર અટકશે. આમ,

જિનભક્તિ આદિ બહુ ક્રિયાકાંડનો લાભ અસત્પ્રવૃત્તિ રોકવા દ્વારા આ રાગનાં ઝેરથી બચાવવાનો મહાન લાભ છે.

એ તો સમજાય એવું છે ને કે વિષયોની બહુ પ્રવૃત્તિથી વિષયનો રાગ વધુ પોષાય છે, અને ઓછી પ્રવૃત્તિથી ઓછો પોષાય છે ? માણસ બહુ ખા-ખા કરતો રહે, દહાડામાં દસ ટંક ખાવાનું કરે, તો એટલા પ્રમાણમાં ખાવાનો રાગ પોષાવાનો; ને જે સંયમી હશે, બેસણું-એકાસણું કરતો હશે એનો રાગ ઓછો પોષાશે; આ સમજાય એવું નથી ? બજારમાં દસ બાર કલાક ધંધાની પ્રવૃત્તિ કરે એને ધંધાનો રાગ એટલો; ને જેણે ૫-૬ કલાક જ ધંધાની પ્રવૃત્તિ રાખી છે. એને એટલા જ પ્રમાણમાં ધંધાનો રાગ પોષાવાનો. જે ૪-૫ કલાક જ નકામી વાતોચીતો-ટહેલટપ્પાં કરતો હશે એને એટલો રાગ; ને જેણે માત્ર ૦૧-૦૧ કલાક જ વાતોમાં બેસવાના નિયમવાળો હશે એને વાતોનો રસ-રાગ એટલો જ પોષાશે. આ સમજવું કઠિન છે ?

આ હિસાબે જ જિનભક્તિ આદિ સત્પ્રવૃત્તિ જેટલી રાખી હોય એટલું વિષયવિલાસ અને મહાન આરંભ-સમારંભની અસત્પ્રવૃત્તિથી બચાય; ને એથી જ એ અસત્ પ્રવૃત્તિ દ્વારા પોષાતા રાગાદિના ઝેરથી એટલો સમય બચાય, એ તો સ્વાભાવિક જ છે ને ?

જો આ વસ્તુ બરાબર ધ્યાનમાં રાખો, તો ભગવાનની પૂજાનું-મૂર્તિપૂજાનું

મહત્ત્વ સમજાય; ને પછી 'મૂર્તિપૂજામાં તો પાણી અને ફૂલના જીવની હિંસા થાય છે, તો એ પૂજા ધર્મ શી રીતે ?' એવો પ્રશ્ન ન ઊઠે. કેમકે દેખાય કે ભલે એ થોડી હિંસા હોય, પણ ઘર-દુકાન-ખેતી આદિના મોટા આરંભ-સમારંભોથી ને વિષય-વિલાસથી પૂજાના સમય દરમિયાન બચાય, એટલે એટલો સમય રાગાદિનાં ઝેર પોષાતા અટકે. તેમજ મૂર્તિપૂજા માન્યા પછી પૂજા-યાત્રા-ઉત્સવ વગેરેમાં ધનવ્યય પણ થાય એથી ધનનો રાગ પણ છૂટે. એવા બીજા પણ કેટલાય રાગ પોષવાનું એટલો સમય અટકે.

જીવનમાં આ જ કરવાનું છે કે રાગાદિના ઝેર પોષાતા જેટલા અટકાવાય એટલા અટકાવવા. એથી જ ધર્મના બહુ ક્રિયાકાંડ અને તપસ્યા-વ્રત-નિયમ-બાધાનું મહત્ત્વ આ છે કે એથી રાગાદિનાં ઝેર પોષનારાં તત્ત્વોથી એટલું એટલું બચાય; તો એ રાગાદિનાં ઝેરથી બચાય.

ત્યાગ-વ્રત-નિયમમાં બનાવટી વાંધા :-

કેટલાક કહે છે ને કે (૧) 'બાધાનું શું કામ છે ? મનથી પાળવાનું છે. બાધા લઈને ય મન બગડે, યા બાધા ભાંગે, તો ઊલટું વધારે દોષ લાગે.' બીજાઓ કહે છે, (૨) 'આ મહારાજોએ બાધા જ બાધા દેવાનું રાખ્યું છે, તેથી લોક એમના સંપર્કમાં આવતા બંધ થઈ ગયા.' ત્યારે (૩) કેટલાક વળી યોગ ને ધ્યાનની જ હિમાયત કરનારા, તે એમને એમ કહેવાનું મળે છે. કે, 'ક્રિયા-વ્રત-નિયમ વગેરે ગમે તેટલું કરો પણ મન ઠેકાણે ન હોય ત્યાંસુધી એ બધું નકામું; ને મન ઠેકાણે હોય તો એ બધાની જરૂર નથી.' ત્યારે (૪) નિશ્ચયવાદીઓ બાધા-વ્રત-નિયમ કરવા એને જડની ક્રિયા કહે છે. આમ, બાધા-વ્રત-નિયમમાં અનેક વાંધા અજ્ઞાનીઓ તરફથી ઊભા કરવામાં આવે છે, પણ એ બનાવટી વાંધા છે, સાચા વાંધા નહિ.

બાધામાં વાંધા ખોટા કેમ ? :-

(૧) 'પાળવાનું મનથી છે, બાધાથી શો વિશેષ ?' આ કેમ બોલાય છે ? પાપની બાધાથી આઘા ભાગવાનું મન રહે છે એ જ બતાવે છે કે મન એ પાપની છૂટ રાખવાનું છે. ત્યાં કહો, મનથી શું પાળ્યું ? પાપની છૂટનો ય ત્યાગ ? છૂટનો રાગ ? પાપનો એવો અવસર આવ્યે પાપનું મન કોણ કરશે ? બાધાવાળો કે બાધા વિનાનો ?

(૨) વળી 'મહારાજો બાધા આપે છે માટે લોક એમના સંપર્કમાં નથી આવતું,' એ કહેવું સાચું છે ? કે ખરી રીતે તો લોકો લક્ષ્મીરાગ-વિષયરાગ-વિષય-વિલાસમાં ગળાબૂડ ડૂબ્યું છે માટે સાધુના સંપર્કમાં નથી આવતું ? રેડિયો સાંભળવા મળે છે, યા બહાર ફરવાનું મળે છે માટે વ્યાખ્યાનમાં શું કામ આવે ? સાધુસમાગમ ન સાધવાનાં કારણ તો આજનો ભૌતિકવાદ, રંગરાગ, અર્થપ્રીતિ, અને બાહ્યભાવ છે. ત્યાં બિચારી બાધાને કાં દંડો ?

(૩) ત્યારે, કહે છે, ધ્યાન-યોગથી મન ઠેકાણે હોય, પછી બાધાનું શું કામ છે ? પરંતુ બાધા નથી, ત્યાગ નથી, તેથી વિષયોની બધી છૂટ છે એમાં મન ભળ્યા વિના રહે ? તો મન ઠેકાણે શું ? ધ્યાન-યોગથી મોક્ષ લેવો છે, ને બીજી બાજુ ત્યાગની-પાપની બાધાઓ નથી રાખવી, એમાં શું પોષાવાનું ? યથેચ્છ ખાન-પાન, ધંધાધાપા, આરંભ-સમારંભ અને મોજમજા જ પોષાવાના ને ? બાધા એટલે સંયમ; સંયમ વિનાના ધ્યાન-યોગમાં આત્માનું શું વળવાનું ? રાગાદિ એમ જ ઊભા રહી જશે. 'ના, અમે રાગ વિના ભોગ ભોગવીશું' એમ કહેવું એ તો દંભ જ થવાનો, જાતને જ ઠગવાનું થશે. રાગ નથી તો વિષયોમાં યથેચ્છ દોડે છે શું કામ ?

(૪) બાધાને જડની ક્રિયા કહી નકામી કહેનારો બનાવટી નિશ્ચયવાદી તો બિચારો ભૂલો જ પડી ગયો છે ! બાધા નથી એટલે ત્યાગ નથી, તેથી અઢળક ભોગની પ્રવૃત્તિમાં રાગને પોષી રહ્યો છે. કહો, ક્રિયા એકલું જડ શરીર કરે છે ? કે માંહી ભળેલો આત્મા કરે છે ? આત્મા નીકળી ગયા પછી મડદું કશું કરી શકે ? ત્યારે અંદરનો આત્મા જો કરતો હોય, તો શું એ રાગ વિના કરે છે ? જો રાગ નથી તો પુરીનો કોળિયો પાણીના ગ્લાસમાં ન બોળતાં પાસેના દૂધના કટોરામાં જ કેમ બોળાય છે ? આ ભેદ કોણે પાડ્યો ? પાણી કરતાં દૂધ પર વધુ રાગ છે એણે જ ને ? એમ બાધાને નકામી ગણી કેટલીય પાપપ્રવૃત્તિઓ પોષાય છે, એથી રાગનાં ઝેર જ પીવાશે કે બીજું કાંઈ ?

માટે કહો, બાધા-વ્રત-નિયમ સામે વાંધા ઊભા કરાય છે એ બનાવટી વાંધા છે. સાચા નહિ; કેમકે આ બાધા-વ્રત-નિયમ દ્વારા કેવી રીતે અંતરના રાગ-દ્વેષાદિ ઓછા થતા આવે છે, અને એ ખાસ જરૂરી છે, એમની એમને ગમ નથી.

બાધા-વ્રત-નિયમથી રાગદ્વેષ કેમ ઘટે ? :-

ત્યારે હવે એ જુઓ કે બાધા-વ્રત-નિયમ એ કેવી કેવી રીતે રાગ-દ્વેષ ઘટાડવામાં સહાયક છે. દા.ત. એક માણસ રાત્રિભોજન કરતો નથી, પણ એને કહો, 'તો પછી એની બાધા લઈ લો ને ?' તો એ જો ગલ્લાંતલ્લાં કરતો હોય, કહેતો હોય 'બાધાનું શું કામ છે ? હું પાળું જ છું ને ?' તો એ શાથી એમ કહી રહ્યો છે ? 'અલ્યા ભાઈ ! તું જો પાળે જ છે, તો પછી બાધા લેવામાં ખોટું શું છે ?' આમ કહીએ ત્યારે કદાચ કહી દેશે 'ક્યારેક પ્રસંગ આવે તો બાધા ભાંગે.' આ શું સૂચવે છે ? આ જ કે ભલે અત્યારે રાત્રિભોજન કરતો નથી, પરંતુ એને દિલમાં એવો રાગ બેઠો છે કે પ્રસંગ આવે ત્યારે વિના રોકટોક કરી લેવું. માટે બાધાની રોકટોક ન જોઈએ.'

જેને મનમાં આવો રાગ નથી કે 'મોકો આવ્યે રાત્રિભોજન કરી લેવું,' એને તો નિર્ધાર છે કે 'મારે આ જીવનમાં આ પાપ ન જોઈએ,' એ તો સહર્ષ બાધા

કરી લેશે. મૂળમાં મારનારો રાગ છે, ને એ રાગને મારનારી બાધા છે. બાધા લીધી એટલે મનને નક્કી થઈ ગયું કે મારે હવે આ પાપ ન જ જોઈએ. રાત્રિભોજન-ત્યાગની બાધા કરી પ્રતિજ્ઞા કરી એટલે રાત્રિભોજનનો રાગ ઉતારી નાખ્યો, આકર્ષણ બંધ કરી દીધું.

સમ્યકત્વમાં અંશે રાગ ઘટે :-

રાત્રિભોજન એ પાપ છે, એ પાપ ત્યાજ્ય છે, એ શ્રદ્ધા હોય તો જ સમ્યક્ત્વ આવે. સમ્યક્ત્વ એટલે ? જિનેશ્વર ભગવાનનાં વચન પર શ્રદ્ધા. ભગવાનનું વચન રાત્રિભોજનને પાપ કહે છે, ત્યાજ્ય કહે છે, તો વચનપરની શ્રદ્ધા એને પાપ જ લેખાવે, ત્યાજ્ય જ મનાવે. 'ના, ભગવાનનાં વચનો માન્ય છે, પણ આને હું પાપ નથી માનતો, ત્યાજ્ય જ છે એવું નથી માનતો, આમ જો કહેવું હોય તો આમાં જિનવચનની શ્રદ્ધા ક્યાં રહી ? વચન શું માન્યાં ? માનવું એટલે સાચાં જ છે એવું માનવું. એતો તો જ બને કે વચનનું કહેલું યથાર્થ જ મનાય. જિનવચને જેને પાપ કહ્યું એ પાપ જ, ત્યાજ્ય કહ્યું એ ત્યાજ્ય જ. દિલ જો આ કબૂલ કરે તો એટલા અંશે એ પાપનું આકર્ષણ ઘટ્યું, રાગ ઘટ્યો.

પાપને પાપ જ ન માનવા દે, એવો રાગ એ આંધળો રાગ છે, આંધળું આકર્ષણ છે.

એમાં જિનવચનની શ્રદ્ધા નથી; સમ્યક્ત્વ નથી, મિથ્યાત્વ છે. રાગની અનેક કક્ષાઓ છે. એમાં આ ઉગ્ર ઊંચી કક્ષા છે કે પાપને પાપ ન માનવા દે, ત્યાજ્ય દુઃખદાયી ખતરનાક ન માનવા દે.

બોલો, લક્ષ્મી ત્યાજ્ય લાગે છે ? ત્યાં તો ઝટ સવાલ થાય છે.

પ્ર.- 'લક્ષ્મી વિના તો સંસારમાં કશું કામ ચાલતું નથી, પછી એ ત્યાજ્ય કેમ ?'

ઉ.- પણ અહીં એ જુઓ કે આ સવાલ કોણ કરાવે છે ? કહો, લક્ષ્મીનું આકર્ષણ, સંસારનું આકર્ષણ. મૂળ પાયામાં જો સંસાર જ દુઃખદાયી ખતરનાક લાગતો હોય, તો એને નભાવનારા બધા જ દુઃખદાયી ખતરનાક લાગે, ત્યાજ્ય જ લાગે. પણ સંસાર ત્યાજ્યની વાત આવે ત્યાં મન અકળાઈ જતું હોય, ને કહેવાનું મન થતું હોય કે 'તો શું આજે જ સંસાર છોડી બાવા બની જવું ?' તો એ વ્યાકુળતા કોણ કરાવે છે એ જુઓ. દેખાશે કે ઊંડે ઊંડે સંસારનું આવું આકર્ષણ છે. એ ત્યાજ્યની વાત ઉપર અકળામણ-વ્યાકુળતા કરાવે છે.

બોલો, હુલ્લડ-રમખાણવાળો મહોલ્લો ત્યાજ્ય ખરો ? ભલે હમણાંને હમણાં એવી સહાય ન મળી શકવાથી એ છોડી જવાની હિંમત ન હોય, એમ ને એમ કદાચ ચાર દહાડા ય નીકળી જાય એમ હોય, છતાં મનને સતત શું લાગ્યા કરે ? આ જ ને કે આ મહોલ્લો રમખાણમાં રહેવા લાયક નહિ, બીજી મિનિટે છોડી જવા જેવો. બસ, સમકિતીને સંસાર આવો રમખાણભર્યા મહોલ્લા જેવો

ખતરનાક લાગ્યા કરે

'ચાહે નીકળવું નિર્વેદ તે, એહી જ પ્રવચનમર્મ,'

જૈનઆગમ જૈનશાસનનું આ રહસ્ય, કે નરકાગાર-કારાગાર જેવો આ સંસાર છે, અને એમાંથી હંમેશા નીકળી જવા ચાહે, વહેલામાં વહેલી તકે સંસાર છોડી દેવા ઝંખે, એનું નામ નિર્વેદ, ભવ-વૈરાગ્ય, સંસાર પર ગ્લાનિ કહેવાય. આમાં શું કર્યું ? સંસારનું આંધળું આકર્ષણ અટકાવ્યું, આંધળો રાગ ઉઠાવી લીધો.

સંસાર એટલે વિષયો, પૈસાટકા, માલ-મિલકત, બાયડી-છોકરાં રંગરાગ વગેરે વગેરે. એના પરથી સમકિતીને હજી રાગ ઊઠી ગયો નથી, માટે તો એ લઈને બેઠો છે. પરંતુ એને એવો રાગ નથી કે આ બધાને સર્વેસર્વા સુખરૂપ જ માને. એ તો એ બધાને સરવાળે દુઃખરૂપ જ માને છે; અલબત એ બધું સુખરૂપ લાગે છે ખરૂ, કેમકે સુખનો ભ્રાન્ત અનુભવ થાય છે. પરંતુ તો ય અંતરથી એને સુખરૂપ માનતો નથી. મન કહ્યા કરે છે કે 'આમાં મરી જવાનું છે. આત્માનું સુધરવાનું નથી. આનાથી સદ્‌ગતિ કે મોક્ષ થવાનો નથી.'

સારાંશ સમકિતીને પૈસાટકાદિથી સુખનો અનુભવ કરવો, સુખ લાગવું એ રાગ જરૂર વિદ્યમાન છે, પણ એને સુખરૂપ માનવાનો રાગ નથી.

હવે જો એ બાધા કરે કે દા.ત. 'મારે લાખ રૂપિયાથી અધિક પરિગ્રહ નહિ રાખવો,' તો લાખની ઉપરના પૈસાથી સુખ અનુભવવાનો રાગ છોડ્યો. પછી કદાચ લાખ ઉપર આવી પડશે, તો ય એને એક મિનિટ પોતાના કરીને નહિ રાખે. 'નિયમ છે માટે એ વધારાની રકમનો રાગ-મમત્વ જોઈએ જ નહિ. મારા એ છે જ નહિ,' એમ કહી તરત જ ધર્મમાં આપી દેવાનો.

બાધા આ કામ કરે છે; જેની બાધા કરી, એનો આ રાગ છોડાવી દે છે...બાધા ન હોય અને એમ ને એમ ધાર્યું હોય કે 'લાખ રૂા. ઉપર આપણે રાખવું નથી,' તો એટલી બાધા કરો ને ? 'ના, બાધા નહિ લઉં. બાધા કદાચ ભાંગે તો દોષ લાગે,' આવું કોણ મનાવે છે ? અંદરખાને ઉપરની રકમનો પણ રાગ બેઠો છે એ.

મન કહે છે, 'લાખ ઉપર શું, લાખેય મળે એવું લાગતું નથી. છતાં લાખ મળી જાય તો બસ છે. પણ બાધા નહિ, કેમકે કદાચ લાખ ઉપર મળે તો બાધા ભાંગવાનો અવસર આવે. માટે બાધા નહિ.' આમાં જુઓ ગર્ભિત શું પડ્યું છે ? લાખ રૂપિયા ઉપરની રકમનો પણ રાગ બેઠો છે; 'કદાચ લોટરી લાગવા જેવું થઈ લાખ ઉપર મળે તો ખપે.'

અન્યાયનું ધન ખપે ? ભાઈ-ભાગીદાર-કાકી-મામી-માસીનો દ્રોહ કરીને ધન મળતું હોય એ જોઈએ છે ? ના, તો બાધા કરો, 'આવા અન્યાયનું ધન મારે ન લેવું' હવે જો કહો કે 'ના, બાધા નહિ; બાધા કદાચ ભાંગે તો ?' 'ભાઈ ! શી

રીતે ભાંગે ?' 'અજાણમાં કદાચ આવી જાય તો ?' તો એમ બાધા રાખો' જાણીને અન્યાય કરવો નહિ, જાણીને અન્યાયનું લેવું નહિ. અજાણમાં આવી જાય તો જાણ થતાં પાછું દઈ દેવું. છતાં આગ્રહ છે કે 'લઈશ નહિ, પણ બાધા નહિ,' આનો અર્થ જ એ છે કે હજી એવા ય અન્યાય અને અન્યાયના ધન પર રાગ છે. આજે કદાચ ટેક્ષની અનીતિ ન કરવાની બાધા ન કરી શકતા હો, તો પણ 'બીજાને અન્યાય-વિશ્વાસઘાત-દ્રોહ કરી પૈસા ન લેવા' જો આટલી બાધા ન લઈ શકાતી હોય, તો એનો અર્થ એ જ ને કે ઊંડે ઊંડે એવા અન્યાય પર અને એવાં અન્યાયનાં ધન પર રાગ છે !

બસ, આ સમજો કે,

બાધાની સત્પ્રવૃત્તિ રાગને તોડનારી છે.

'હું રાત્રિભોજન આદિ નહિ કરૂ પણ બાધા નહિ' આવું મન રાખવામાં કોઈ ભાવી પ્રસંગ પર રાત્રિભોજન આદિ કરી લેવાની અંદરખાને વૃત્તિ બેઠી છે. 'બાધા લઉં તો એ કરવાની છૂટ ન રહે' એવું મનમાં છે. એ સૂચવે છે કે એવા કોઈ ભાવી રાત્રિભોજન આદિ પાપ પર રાગ છે. આ રાગ બાધાની સત્પ્રવૃત્તિને અટકાવે છે.

પ્ર.- બાધા ભાંગે તો પાપ લાગે; એ પાપથી બચવા બાધા ન લેવી સારી ને ?

ઉ.- ના, એવું ન બોલાય. બાધા ભાંગી પાપ લાગશે તે નાનું; પણ બાધા ન લઈ દિલમાં રાત્રિભોજનાદિ દુષ્કૃત્યનો રાગ ઊભો રખાશે, અને એ રાગ કાયમ ચાલશે. એ પાપ મોટાં. **શાસ્ત્ર પાપની બાધા ભાંગનારને લઘુ પ્રાયશ્ચિત્ત કહે છે, ત્યારે પાપની બાધા ન લેનારને અર્થાત્ પાપની છૂટ ઊભી રાખનારને ગુરુ-પ્રાયશ્ચિત્ત કહે છે.**

ભલે ને અત્યારે પાપ નથી આચરતો, અને માનો ને બાર વરસ સુધીમાં ય ન આચરે, પરંતુ મનમાં જે બેઠું કે 'બાધા ન હોય તો અવસરે પાપ કરવાની છૂટ રહે,' એ અવસર પરના પાપ ઉપર રાગ રહ્યો, ને તે રાગ બારે વરસ, પાપને ન આચરવા છતાં ઊભો રહ્યો ! આ ઓછું પાપ છે ?

બાધા લેનારે આ પાપની છૂટ બંધ કરી, એનો રાગ રવાના કર્યો. બાધાથી મનમાં નક્કી કર્યું કે 'અવસર આવે તો પણ મારે પાપ નથી કરવું, મારે રાત્રિભોજન નથી કરવું.' આમ બાધા પછીના બારે વરસ પાપની છૂટનો રાગ વિનાના ગયા, પેલાને રાગવાળા ગયા ! બાર વરસ રાત્રિભોજનાદિ પાપ ન આચરવામાં બંને સમાન; પણ બાધા નહિ તેથી છૂટો રહેનારને બારે વરસ રાગ ચાલ્યો.

બાધાવાળાને મનમાં પાપની છૂટ જ નહિ તેથી બાધાના દિવસથી માંડીને સતત રાગ બંધ !

જેવું બાધામાં એવું બીજા વ્રત-નિયમમાં. સામાયિક લઈને બેઠો એટલે બે ઘડીનો નિયમ લઈને બેઠો. ત્યાં મનમાં નક્કી થઈ ગયું કે 'આટલો સમય સંસારનું કશું કામ નહિ કરૂ.' એટલે સામાયિક ઉચ્ચરતાં જ એટલા સમયને માટે સાંસારિક પ્રવૃત્તિની છૂટનો રાગ બંધ કરી દીધો. ત્યારે, જો એમ ને એમ બેઠો હોત, 'ના, સામાયિકમાં નથી બેસવું. ભલે ધર્મનું પુસ્તક વાંચીશ,' એવું રાખ્યું હોત તો પેલો રાગ બંધ ન પડત, પછી ભલે કામ માત્ર ધર્મપુસ્તક વાંચવાનું જ કર્યું; ને વિચાર પણ એ વાચેલા-વંચાતાના જ કર્યા.

અંતરમાં પાપની છૂટનો ભાવ છે એ એના રાગને પોષે છે.

ત્યારે, વિચારો કે

સામાયિકની સત્પ્રવૃત્તિ કેવી સરસ રાગ બંધ કરવાની સ્થિતિ ઊભી કરી આપે ! (રાગ, સાંસારિક પ્રવૃત્તિમાત્રની છૂટનો રાગ એ બંધ.)

શાસ્ત્ર આનો = સામાયિકનો લાભ અપરંપાર કહે છે, લગભગ (૯૨,૫૯,૨૫,૯૨૫) પલ્યોપમનાં સ્વર્ગનાં પુણ્યનો લાભ ! વ્રત નિયમથી આઘો ભાગનારો આ શું કમાય ? ત્યારે, હાલતાં ને ચાલતાં નાના પણ અનેક વ્રતનિયમ કરનારો કેટલું ભરચક કમાઈ જાય ? જોજો પુણ્ય-કમાઈ તો હજી સામાન્ય વસ્તુ છે, પરંતુ એમ વારે ને વારે અને અનેક પ્રકારે પાપની છૂટના બંધ કરવાના સુસંસ્કારની કમાઈ મોટી છે.

આ જીવનમાંથી ખરૂ શું કમાઈ જવાનું ? રાગ-દ્વેષનો હ્રાસ.

ફરીથી યાદ કરો 'તહ તહ પયટ્ટિઅવ્વં...' એવું એવું પ્રવર્તવું અર્થાત્ બોલવું-વિચારવું-વર્તવું કે જેથી રાગ દ્વેષ બંધ થતા આવે.

આ જ્યારે કમાઈ જવાનું હોય તો શું એ સત્પ્રવૃત્તિથી સરળ બને, કે અસત્ પ્રવૃત્તિથી ? બાધા-નિયમ એ સત્પ્રવૃત્તિ છે, અને બાધા નિયમ નહિ ને પાપની રાખેલી છૂટ એ અસત્ પ્રવૃત્તિ છે. મૂર્તિપૂજા એ સત્પ્રવૃત્તિ; અને એ નહિ ને એનો વિરોધ તથા સંસારપૂજા એ અસત્પ્રવૃત્તિ છે. એમ દેવદર્શન-જિનવાણીશ્રવણ-શાસ્ત્રસ્વાધ્યાય-તપ-જપ-શીલ-સદાચાર વગેરે વગેરે એ સત્પ્રવૃત્તિ, ને એથી વિરુદ્ધ દુનિયાદારી વિષયોની સંગતિ પરિગ્રહસંગ્રહ, આરંભ-સમારંભ વગેરે એ અસત્પ્રવૃત્તિ કહેવાય. એમ એના બોલ ને એની વિચારણા પણ સત્ ને અસત્... એવી રીતે મૈત્રી-ક્ષમાદિ ભાવો એ સત્પ્રવૃત્તિ, અને ક્રોધાદિ કષાયો એ અસત્પ્રવૃત્તિ છે.

સત્પ્રવૃત્તિથી રાગ-દ્વેષ ઓછા કરવાનું સુલભ છે, સહેલું છે. અસત્પ્રવૃત્તિમાં એને પોષવાનું સુલભ છે. આવો મોટો ભેદ સમજ્યા પછી મૂર્તિપૂજા, દાનાદિ કે વ્રતનિયમો વગેરેમાં 'આમાં તો હિંસા છે...' વગેરે તુચ્છ વાંધા ઊભા કરી એને અટકાવાય ? અટકાવવા એ મૂર્ખતા નથી ? રાગ-દ્વેષ તો સંસારની મુખ્ય જડ છે. એ ઓછા થતા હોય એવી મૂર્તિપૂજાદિ પ્રવૃત્તિનો વિરોધ કરવાનું પરિણામ આજે

જુઓ છો ને કે એ સત્પ્રવૃત્તિઓ બંધ કરનારાના રોજિંદા હાલ કેવા છે ? કેવા અર્થ-કામ, રંગરાગ અને ભોગવિલાસમાં ડૂબી ગયા છે ? રોજ ભગવાન પર પૈસા ખરચવાના નહિ એટલે એ પૈસા ક્યાં જાય ? ભગવાન પર એવા સક્રિય વિનય-સેવા-બહુમાન કરવાનાં છે નહિ એટલે રોજંદા જીવનમાં એ સેવા વગેરે કોની કરશે ? ભગવાનની પાછળ રોજ સમયભોગ અને તપવાનું નહિ, એ સમય ક્યાં ખરચશે ? ને તપશે કોની પાછળ ? કહે છે,

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" **વર્ષ-૨૨,અંક-૧૩,તા.૮-૧૨-૧૯૭૩**

માળા અને મૂર્તિપૂજામાં તફાવત :-

પ્ર.- રોજ માળા ગણે એમાં સમય સારો ખર્ચાય ને ? વ્રત-નિયમ કરે એમાં તપવાનું થાય ને ?

ઉ.- માળા ગણે એમાં વિનયના-બહુમાનના-સેવાના કેટલાં પ્રકાર આરાધી શકવાનો ? ત્યારે આજે બહુસંખ્યા લોકને રોજ વ્રત-નિયમ સાથે શો સંબંધ છે ? જ્યારે, ભગવાનની મૂર્તિનું આલંબન રાખનાર પ્રમાદી પણ જીવને રોજ એટલું તો થાય કે (૧) 'લાવ પ્રભુનાં દર્શન કરી આવું.' પ્રભુનું એ સક્રિય બહુમાન છે. (૨) મારા બે પૈસા પ્રભુની ભક્તિમાં ખરચું (૩) પ્રભુની આશાતના ટાળું (૪) પ્રભુની મોટા દિવસે પૂજા કરૂ. (૫) પર્વ દિવસે ૪-૫ મંદિરે દર્શન કરી આવું. (૬) વરસે એક વાર પણ કોઈ તીરથની યાત્રા કરૂ. (૭) ક્યાંક જિનેન્દ્રભક્તિ મહોત્સવ છે તો એનો લાભ લઉં. (૮) દીકરા-દીકરીનાં લગન છે તો એવાં મોહના કામની સાથે સાથે પ્રભુની પૂજા-ભક્તિ-ઉત્સવ જેવું પવિત્ર સુકૃત પણ રાખું...પ્રભુ પ્રત્યે સેવા-વિનય-બહુમાનાદિનું આ બધું કોણ વિચારી શકે ? મૂર્તિ માને એ, પણ જેને મૂર્તિ જ માનવાની નથી એને આમાંનું શું ? જે ગામમાં સાધુનો યોગ નથી બનતો, ત્યાંવાળાની દશા જુઓ. હજી દેરાસર હશે અને એને માનનારા હશે એને જે પરમાત્માની ભક્તિ વગેરે વિવિધ સત્પ્રવૃત્તિ રહેશે એવું મૂર્તિનો વિરોધ કરનારને શું ? ત્યારે શું અંતરના રાગ-દ્વેષ એમજ ઓછા થઈ જશે ?

અસત્પ્રવૃત્તિ-મોહાધીન પ્રવૃત્તિઓ ભરચક, અને સત્પ્રવૃત્તિનું નામ નહિ, એમાં રાગનાં પોષણ થવાનાં કે શોષણ ?

રાગનાં પોષણથી ભવના ફેરા વધે કે ઘટે ?

જો અસત્પ્રવૃત્તિ મોહાધીન પ્રવૃત્તિઓ અને એથી પોષાતા રાગ-દ્વેષ દ્વારા જીવનો આ સંસારભ્રમણથી ઉદ્ધાર થતો હોત, તો આજે એક પણ જીવ સંસારમાં ભટકતો ન હોત. એ તો ભટકવાનું ઓછું તો જ થાય કે રાગ-દ્વેષાદિનાં ઝેર ઓછાં પીવાય, અને એ માટે અસત્પ્રવૃત્તિઓ ઓછી કરી સત્ પ્રવૃત્તિઓમાં લાગ્યા રહેવાય.

એમ ઓછું કરતાં કરતાં એક દિવસ એવો આવે કે જીવનમાં લેશ પણ અસત્ પ્રવર્તન હોય નહિ, પૂર્ણ સત્પ્રવર્તન હોય, અને રાગાદિનું નામનિશાન નહિ, ને વીતરાગદશા આવે. પછી બધાં જ બંધન કપાઈ જાય અને જીવ કાયમ માટે સિદ્ધ-બુદ્ધ-મુક્ત-નિરંજન-નિરાકાર બની જાય.

શાંતસુધારસ શાસ્ત્ર ત્રીજી સંસારભાવનામાં આ કહે છે કે,

विनय परिणमय निःश्रेयसम्, विहितशमरससुधापानं रे ।

હે આત્મન્ ! તારા અંતરાત્મામાં નિઃશ્રેયસ-મોક્ષને પરિણમાવ અર્થાત્ મુક્તિને યોગ્ય પરિણામ ઊભા કર; અને તે ય શાંતસુધારસનું પાન કરતો રહીને.

મુક્તિ એટલે રાગ-દ્વેષાદિ અને કર્મ શરીરાદિથી છૂટકારો. આ આત્માનો અંતિમ શુદ્ધ પરિણામ છે, એ પરિણામ તો જ ઊભો થાય કે જો એની પૂર્વે શુદ્ધ શુદ્ધતર-અધિક શુદ્ધતર પરિણામ ઊભા કરવામાં આવે. 'પરિણામ' શબ્દથી કેટલાય મુંઝાય છે.

આત્માનો પરિણામ એટલે શું ?

'પરિણામ' એટલે ઘાટ (Mould), વળાંક, અવસ્થા. માટીમાં ઘડાનો ઘાટ બન્યો એ માટીનો પરિણામ કહેવાય. ઘડામાં કુંભારની માલિકી હતી તે વેચાણ થઈને એમાં બીજાની માલિકીનો વળાંક આવ્યો એ પરિણામ કહેવાય. ઘડો પાણી ભરવાનો હતો, તે હવે રીઢો થઈ જવાથી અનાજ ભરવા રાખ્યો એ જે ઘડાની અવસ્થા પહેલાં પાણી ભરવાની, પછી અનાજ ભરવાની, એ ઘડાનો પરિણામ કહેવાય. ઘાટ-વળાંક-અવસ્થા બધા જ પરિણામ છે.

એમ આત્મામાં હમણાં મનુષ્યપણાનો ઘાટ છે, એ પછી દેવપણાનો ઘાટ થાય એ પરિણામ કહેવાય. એમ ક્રોધમાં લપડાક પડી એટલે તરત માફી માગી એ આત્માનો ક્રોધમાંથી ક્ષમાનો વળાંક થયો એ પરિણામ ગણાય. એવી રીતે અત્યારસુધી સંસાર-અવસ્થા કર્મવશ સંસરણ-ભ્રમણ અવસ્થા છે એ ય આત્માનો સંસાર-પરિણામ, અને પછી કર્મથી સર્વથા છૂટકારારૂપ મોક્ષ-અવસ્થા થાય એ પણ પરિણામ છે. એ મોક્ષપરિણામ છે, રાગાદિ-બંધન અને કર્મ-બંધનથી મુક્તિનો પરિણામ કહેવાય.

આત્મામાં મોક્ષ શી રીતે પરિણમાવાય ? :-

કવિ કહે છે, 'તારા આત્મામાં મોક્ષને પરિણમાવ.' બસ, મોક્ષને પરિણમાવવો છે, એટલે જ અંતિમ સર્વથા રાગાદિમુક્તિ અને કર્મમુક્તિનો પરિણામ ઊભો કરવો છે, એની દિશામાં પ્રગતિ રાખવી.

શી રીતે મોક્ષ દિશામાં પ્રગતિ રખાય ?

ક્રમશઃ રાગાદિનાં બંધન અને કર્મના બંધન કાપતા ચાલીએ.

શી રીતે બંધન કપાય ?

રાગાદિ બંધન કાપવા માટે આહાર-વિષય-પરિગ્રહ-નિદ્રાની પ્રવૃત્તિ ઓછી

ઓછી કરતા રહીએ, અને જે ઓછી ય પ્રવૃત્તિ કરીએ એમાં રાગ-દ્વેષ હરખ-ખેદ વગેરે ન કરીએ, બને તેટલા એ રાગાદિને દબાવતા ચાલીએ.

કર્મનાં બંધન કાપવા માટે તપ તપીએ, જિન-ભક્તિ-સાધુસેવા-શાસ્ત્રસંગ-દયા-દાનશીલ, તપસ્યા આદિમાં તન-મન-ધનને કસીએ, તપાવીએ.

બંધનો કાપવા બે ય જરૂરી છે, (૧) આહારાદિની પ્રવૃત્તિઓ ઓછી કરવાનું, પ્રવૃત્તિમાં રાગાદિને દબાવતા રહેવાનું, અને (૨) જિનભક્તિ આદિ સારા આરાધવાનું, એમાં કાયાદિને તપાવવાનું. કેમકે આહાર-વિષય-પરિગ્રહ-વેપાર-નિદ્રા આદિમાં બહુ પ્રવર્તતા રહેવામાં રાગાદિ ભરચક પોષાય છે, રાગાદિનાં બંધન વધે છે. જીવ જે કાંઈ આ પ્રવૃત્તિ કરે છે, એ લગભગ રાગથી. વળી પ્રવૃત્તિ કરે છે એમ રાગ પુષ્ટ થતો રહે છે. એટલે એ પ્રવૃત્તિઓ ઓછી કર્યા વિના રાગાદિનાં પોષણ શે અટકે ? રાગાદિબંધન શે કપાય ? એમ, સંસારસેવાથી વધારેલાં કર્મબંધન એ કર્મ કાપનારી એથી વિપરીત પ્રભુસેવા-સાધુસેવા આદિમાં તપ્યા વિના, એનાં કષ્ટ ઉપાડ્યા વિના શે કપાય ? શે ઓછા થાય ?

મોક્ષ એટલે અંતિમ સર્વબંધન નાશનો પરિણામ આત્મામાં ઊભો કરવો છે ને ? તો એની દિશામાં પ્રગતિ આ જ હોય કે ક્રમશઃ રાગાદિબંધન અને કર્મબંધન કાપતા ચાલીએ, એ માટે સાંસારિક પ્રવૃત્તિઓ ઓછી કરીએ, અને જિનભક્તિ આદિ ધાર્મિક પ્રવૃત્તિઓ સારી આચરતા રહીએ. પૂર્વ પુરુષોએ મોટા મોટા રાજા-મહારાજા અને શેઠશાહુકારોએ પણ આ જ કર્યું છે. ભગવાન શ્રી ઋષભદેવની પાટ-પરંપરાએ સળંગ અસંખ્ય રાજાઓએ અંતે રાજ્યપાટ છોડી ચારિત્ર સાધનામાં આત્માને તપાવ્યો છે, આનંદ-કામદેવ જેવા મહા ક્રોડોપતિ શ્રીમંતોએ પણ શ્રી મહાવીરપ્રભુ પાસે શ્રાવક-ધર્મ પામ્યા પછી સંસારપ્રવૃત્તિઓ ઓછી કરી રાગાદિને દબાવવાનું કર્યું છે.

શું આ બધા ધનાઢ્ય પણ પૂર્વ પુરુષો મૂરખ હતા તે એમણે પાપપ્રવૃત્તિ ઓછી કરી, ને ધર્મપ્રવૃત્તિમાં ખડાં કરેલ તન-મન-ધનનાં કષ્ટરૂપી આગમાં આત્મસુવર્ણને તપાવ્યે રાખ્યું ?

એ આપણા મહાન પૂર્વજોને નજર સામે રાખ્યા કરો; દુનિયાને નજર સામે રાખ્યા કરી શું ખાટવાના ?

દુનિયાને નજર સામે રાખ્યા કરવાથી, અર્થાત્ 'પેલા પાસે કેટલા પૈસા છે ? આનો વેપાર કેમ ધીકતો ચાલે છે ?...અમુક શું ખાય છે ?...આનો વેશ કેવો છે ?...ફલાણા મારા માટે શું માને છે ?...ચારમાં મને માન કેમ મળે ?... આ કેવી આરામી લહેર કરે છે ?...' બસ, આવું ને આવું જોયા કરવાથી ચિત્ત વિષયોના ઉકળાટમાં, ધનના ઉકળાટમાં, માનપાનના ઉકળાટમાં, રાગ-મદ-દીનતાના ઉકળાટમાં, પૌદ્ગલિક હરખ-ખેદના ઉકળાટમાં રહ્યા કરે છે. એ ઉકળાટના તપારા હોય એટલે પોતાના જ મહાન પૂર્વજો શાના યાદ આવે ? યાદ આવે તો એમની સામે જોઈ

ઉકળાટને શમાવવાનું કરાય ને ? ઉકળાટને શમાવવાના ઉપાય હાથ ધરવાનું કરાય ને ? એ કરીને એમના પગલે ચાલવાનું કરાય ને ? પૂછો,

ઉકળાટ શમાવવાના શા ઉપાય ? :-

ઉકળાટ શમાવવાના ઉપાયમાં,

(૧) એક આ, કે અનિત્યતા-અશરણ-સંસાર આદિની ભાવનાઓ ખૂબ ભાવતા રહી, તે ય હૃદયના ઊંડાણમાં ભાવતા રહી, શાંતસુધારસનું પાન કરતા રહેવું.

(૨) બીજો ઉપાય આ, કે એ કરતા રહેવાય એટલે પેલા ઉકળાટ શમતા આવે, ઓછા થતા આવે, પછી સહેજે એ ઉકળાટથી થતી બહુવિધ સાંસારિક પ્રવૃત્તિ આહાર-વિષય-પરિગ્રહની અને ક્રોધાદિની પ્રવૃત્તિ ઓછી કરાય; તેમજ

(૩) ત્રીજો ઉપાય આ, કે પાપપ્રવૃત્તિ ઓછી કરી જિનભક્તિ આદિનો વ્યવસાય સારો કરતા રહેવાય.

એમ ઉકળાટ શમવાથી ને અસત્પ્રવૃત્તિ ઘટી સત્પ્રવૃત્તિ વધવાથી રાગાદિબંધન તથા કર્મબંધન કપાતા જાય; બંધનમાંથી છૂટકારો મળતો જાય. એનું જ નામ મોક્ષ પરિણમાવવાની પ્રક્રિયા, મોક્ષપરિણામની નિકટ થવાની પ્રક્રિયા.

માટે જ ત્રીજી સંસાર-ભાવનાના અંતે આ કહ્યું કે **'વિનય ! પરિણમય નિઃશ્રેયસં, વિહિત શમરસસુધાપાનં રે'** અર્થાત્ હે આત્મન્ શાંતસુધારસનું પાન કરતો રહી તારા આત્મામાં મોક્ષને પરિણમાવ, મોક્ષપરિણામને અંશે અંશે પ્રગટ કર, વિકસાવતો રહે.'

આ કડી બરાબર યાદ રાખજો, શાંતસુધારસથી ઉકળાટ શાંત થાય, એટલે પછી આહારાદિસંજ્ઞા-પ્રવૃત્તિ અને ક્રોધાદિ કષાય-પ્રવૃત્તિ ઓછી થાય, જિનભક્તિ આદિ પ્રવૃત્તિ વધે, તેથી પછી રાગાદિ અને કર્મનાં બંધન કપાતા આવે, બંધનથી છૂટકારો થતો આવે, એ મોક્ષપરિણામની નિકટ થવાની સ્થિતિ કહેવાય.

તપાસજો દુન્યવી પ્રવૃત્તિ કેમ થાય છે ? અરે ! એક ડાફરિયું મારવાનું પણ કેમ કરાય છે ? બિનજરૂરી એક શબ્દ પણ બોલવાનું કેમ કરાય છે ? કારણમાં આ જ દેખાશે કે અંતરમાં એક યા બીજા પ્રકારનો ઉકળાટ જાગે છે તેથી. મનમાં જિજ્ઞાસા ઊઠી સહેજ જોવાનો રાગ સળગ્યો કે, 'બાજુમાં શું છે ? કોણ છે ?' એ અલ્પ પણ રાગના ઉકળાટને લીધે ડાફરિયું મરાય છે. આને મામૂલી ગણતા નહિ કે,

સહેજ જોયું એમાં શું બગડી ગયું ? જાણો છો ને રુક્મિ સ્ત્રીરાજાએ સભામાં કોણ નવું આવ્યું છે એ સહેજ જોવા ગઈ એમાં પરદેશી રૂપાળા રાજકુમાર પર દૃષ્ટિ પડી, રાગ જાગ્યો, બ્રહ્મચર્યને એટલો ભાંગો લાગ્યો, પછી એ ભૂલ, ચારિત્ર લેવા છતાં ને ઘોર તપ આદરી અંતે અનશનની તૈયારી કરી છતાં, એ ભૂલ છૂપાવી, ઉપરથી ભારે માયામૃષાવાદ કર્યો કે 'એ તો મેં તમારા બ્રહ્મચર્યની પરીક્ષા કરવા એવી

દૃષ્ટિ દેખાડેલી બાકી ખરેખર મને તો રાગ હતો જ નહિ.' એમાં તત્કાલ મરીને એક લાખ ભવ ભટકી ! સહેજ જોવામાં આ કેટલું બધું ભયંકર પરિણામ ? રુક્મિના આત્માનું કેટલું બધું બગડી ગયું ?

આત્માનું બગડી જવામાં મૂળ કારણ રાગાદિનો ઉકળાટ છે.

માટે શાંતસુધારસનું પાન કરતા રહીને આ ઉકળાટ શમાવો. સારો વિષય ગમે, એના પર રાગ થાય એમાં ઉકળાટ ઉકળાટ જેવું નહિ લાગે. પણ ખરેખર એ દિલની શાંતતા-સ્વસ્થતા-શીતલતા નથી, કિન્તુ અશાંતતા-ગરમી છે તેથી તો આયુર્વેદ શાસ્ત્ર કહે છે કે એક પરસ્ત્રીનાં દર્શને રાગ થતાં લોહી ગરમ થાય છે, ને એ વીર્યને ઓગાળી પાતળું કરી પોતાનાં સ્થાનથી ચલિત કરે છે. રાગથી જ આ લોહીમાં ગરમી, એ ઉકળાટ નહિ ? આ તો પૌદ્ગલિક ગરમી, પરંતુ આત્મામાં રાગ થતાં પહેલાં જે શાંતતા હતી, એના બદલે હવે રાગથી ઝણઝણાટી થાય છે, ખેંચાણ થાય છે, એ ગરમી એ ઉકળાટ વળી ઓર ખતરનાક છે !

આજનું જગત આ રાગ-આસક્તિ તૃષ્ણાના ઉકળાટમાં મરી રહ્યું છે.

એણે એટલી બધી બાહ્ય પ્રવૃત્તિ વધારી દીધી છે કે કોઈને જપ નથી, શાંતિ નથી, ધાંધલ ધાંધલ ધાંધલ છે. રસ્તા પર જુઓ તો દેખાશે કે સૌને ઉતાવળ છે, વાહનો દોડતાં જાય છે, માણસ એકદમ ઉતાવળા ચાલે છે કેમ ? બસ, જલ્દી પહોંચી જવું છે, આ શું છે ? હૈયે ઉકળાટ. શાનો ? રાગનો. ચારે કોર કોલાહલ છે, ધાંધલ છે, દોડધામ છે; બધું શાના પર ? રાગના ઉકળાટ પર. નાની કીડી પણ કણના રાગમાં દોડાદોડ કરે છે. તો જંગલમાં મદોન્મત્ત હાથી હાથણીઓની મસ્તીના રાગમાં ઘૂમે છે; ને મોટા વાઘવરુ શિકારના રાગમાં અહીંથી તહીં ને તહીંથી અહીં દોડ્યા કરે છે. રાગના ઉકળાટ વિના દોડ શી ? વિષયોના સળવળાટ શા ?

અફસોસી આટલી જ છે કે ઉત્તમ જૈન માનવ અવતારે પણ એ ક્ષુદ્ર કીડી-કીડા અને મોટા વાઘવરુની માફક જ રાગના ઉકળાટમાં દોડાદોડી-ધાંધલ-ધમાચકડી-કોલાહલ ચાલ્યા કરે છે ! પરિણામ શું ? સંસારભ્રમણ કે બીજું કાંઈ ? શાંતસુધારસ શાસ્ત્ર કહે છે, સંસારભાવના એવી ભાવો કે સંસારભ્રમણનો ભય ન રહે, ભ્રમણ ટળી જ જાય. એ માટે જિનવચનનો જ મન પર ભાર રાખી શમરસ-શાંતસુધારસનું મનથી પાન કરતા રહી રાગાદિના ઉકળાટ ટાળો. જેમ જેમ એ ઉકળાટ શાંત પડશે તેમ તેમ આત્મામાં મોક્ષને યોગ્ય આત્મ-પરિણામ વધતો જશે. આ માટે સંસારનું સ્વરૂપ વિચાર્યા કરો.

સમાપ્ત

ભુવનભાનુ એન્સાઇક્લોપીડિયા ભાગની વિગત

ભાગ - ૧ થી ૧૦, અગ્રલેખામૃત

સુકૃત અનુમોદન : કે.પી. સંઘવી પરિવાર,(સ્વદ્રવ્ય) માલગાંવ, સુરત,અમદાવાદ.
શ્રી ધર્મનાથ પો.હે. જૈનનગર જૈન સંઘ(જ્ઞાનખાતા)અમદાવાદ.
શ્રી મુલુંડ ઘોઘારી વિશાશ્રીમાળી જૈન સમાજ(જ્ઞાનખાતા)મુલુંડ, મુંબઈ.
શ્રી નમિનાથ ગૃહ જિનાલય (જ્ઞાનખાતા) ઘાટકોપર-ઈસ્ટ, મુંબઈ.

ભાગ - ૧૧, અગ્રલેખામૃત + દિવ્યદર્શન + ગણધરવાદ

સુકૃત અનુમોદન : શેઠ શ્રી ઘેલાભાઈ કરમચંદ સેનિટોરિયમ ટ્રસ્ટ (જ્ઞાનખાતા), વિલેપાર્લે, (વેસ્ટ) મુંબઈ.

ભાગ - ૧૨, સાધર્મિક ભક્તિ + જીવનના આદર્શ + અનંતના પ્રવાસે

સુકૃત અનુમોદન : શ્રી ગીતાંજલી શ્વે.મૂ.પૂ.જૈન સંઘ (જ્ઞાનખાતા), બોરીવલી,મુંબઈ.

ભાગ - ૧૩ / ૧૪, શ્રી યોગદૃષ્ટિ સમુચ્ચય

ભાગ - ૧૫, શ્રી યોગદૃષ્ટિ સમુચ્ચય + નિશ્ચય અને વ્યવહાર

સુકૃત અનુમોદન : શ્રી શાંતિ નિકેતન જૈન સંઘ (જ્ઞાનખાતા), સુરત.

ભાગ - ૧૬, અનાથી મુનિ + મદનરેખા + કલ્યાણ મિત્ર + નમિરાજર્ષિ

ભાગ - ૧૭, સંસારની જડ + જીવનમાં દિશાનું પરિમાણ+ સંસારના ત્રિવિધ તાપ

ભાગ-૧૮, ગૃહસ્થ ધર્મ કેમ દીપે ? + દર્શનની ષડ્વિધ કલા + અરિહંત પરમાત્માની ઓળખાણ + જૈનશાસનમાં ભાગવતી દીક્ષાનું સ્થાન + સંસ્કૃતિના સંરક્ષણ

સુકૃત અનુમોદન : શ્રી રિદ્ધિ સિદ્ધિ આદર્શ શ્વે.મૂ. જૈન સંઘ (જ્ઞાનખાતા), માર્વેરોડ, મલાડ (પશ્ચિમ), મુંબઈ-૬૪.

ભાગ - ૧૯, ધ્યાન અને જીવન

ભાગ - ૨૦, ધ્યાન અને જીવન + ચિંતા ચાર પ્રકારની

સુકૃત અનુમોદન : શ્રી લબ્ધિનિધાન સીમંધરસ્વામી જૈન સંઘની આરાધક શ્રાવિકાઓ(જ્ઞાનખાતા) એલ્ફીન્સ્ટન, વરલી, મુંબઈ.

ભાગ - ૨૧/૨૨/૨૩, શ્રી સમરાદિત્ય કથા

સુકૃત અનુમોદન : શ્રી નવજીવન શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ (જ્ઞાનખાતા),મુંબઈ.

ભાગ - ૨૪/૨૫, શ્રી સમરાદિત્ય કથા

ભાગ - ૨૬, શ્રી સમરાદિત્ય કથા + અમીચંદની અમીદૃષ્ટિ + મહાસતી દેવસિકા + રૂપસેન અને સુનંદા

સુકૃત અનુમોદન :શ્રી વિલેપાર્લે શ્વેતાંમ્બર મૂર્તિપૂજક જૈન સંઘ એન્ડ ચેરિટી ટ્રસ્ટ (જ્ઞાનખાતા) પાર્લા- ઈસ્ટ, મુંબઈ.

ભાગ - ૨૭, પર્યુષણ પર્વના પ્રવચનો

ભાગ - ૨૮/૨૯, આત્માનો વિકાસ અને મહાસતી સીતાજી

સુકૃત અનુમોદન : શ્રી જગવલ્લભ પાર્શ્વનાથ જૈન શ્વેતાંમ્બર મંદિર ટ્રસ્ટ શ્રી કુંભોજગિરિ જૈન તીર્થ (જ્ઞાનખાતા)

ભાગ - ૩૦, લલિત વિસ્તરા + સતી દમયંતી

ભાગ - ૩૧, શ્રી શાંતિનાથ ભવ - ૧ થી ૪

ભાગ - ૩૨, શ્રી શાંતિનાથ ભવ - ૪ થી ૬

સુકૃત અનુમોદન :પૂ. સાધ્વીશ્રી રત્નત્રયીશ્રીજી મ.સા.ની દીક્ષામાં થયેલ ઉપજમાંથી

ભાગ - ૩૩, શ્રી શાંતિનાથ ભવ - ૬ થી ૮

ભાગ - ૩૪, શ્રી શાંતિનાથ ભવ - ૮ થી ૧૦

ભાગ - ૩૫, શ્રી શાંતિનાથ ભવ - ૧૦ + પ્રારબ્ધ પર પુરુષાર્થનો વિજય + મા પુણો નિબુડ્ડિજ્જા

સુકૃત અનુમોદન : શ્રી શાંતિસુધા પાર્ક જૈન સંઘ (જ્ઞાનખાતા), ઘાટકોપર(ઈ), મુંબઈ.

ભાગ - ૩૬, શાંતસુધારસ અને ઋષિદત્તા - ૧

ભાગ - ૩૭, શાંતસુધારસ અને ઋષિદત્તા - ૨

ભાગ - ૩૮, વીસસ્થાનક-અરિહંત પદ-દેવપાલની સાધના + તામસભાવના તાંડવ

ભાગ - ૩૯, વીસસ્થાનક-સિદ્ધપદ - હસ્તિપાલની સાધના + રાગદ્વેષ કરાવે કલેશ

ભાગ - ૪૦, રાગદ્વેષ કરાવે કલેશ + નરસિંહની કથા + દાનધર્મ

ભાગ - ૪૧, શ્રી કુવલયમાળા-ચરિત્ર વ્યાખ્યાન -૧

ભાગ - ૪૨, શ્રી કુવલયમાળા-ચરિત્ર વ્યાખ્યાન -૨

સુકૃત અનુમોદન :શ્રી ચિંતામણી પાર્શ્વનાથ જૈન સંઘ (જ્ઞાનખાતા), સાંઘાણી એસ્ટેટ, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ.

ભાગ - ૪૩, શ્રી કુવલયમાળા-ચરિત્ર વ્યાખ્યાન -૩ + કષાય રોકોઃ છૂટવાનો મોકો

સુકૃત અનુમોદન :અમદાવાદ વાસણાની આરાધક બહેનો (જ્ઞાનખાતા),અમદાવાદ.

ભાગ - ૪૪, કષાય રોકોઃ છૂટવાનો મોકો

ભાગ - ૪૫-૪૬, શ્રી પંચસૂત્ર

સુકૃત અનુમોદન :શ્રી વર્ધમાન જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ (જ્ઞાનખાતા), નાસિક.

ભુવનભાનુસૂરિ જન્મ શતાબ્દી
૧૯૬૮
૨૦૬૮
શાંતસુધારસ
અને
ઋષિદત્તા-૨
GANADHARAVADA
પ્રિન્ટીંગ: જય જિનેન્દ્ર અમદાવાદ મો: ૯૮૨૫૦ ૨૪૨૦૪